


વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૫)



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૮૭-૧૦૭ શ્લોક ૫૫-૬૨) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૧૫૧-૧૭૯)

ॐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૫)

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન
(ગાથા-૮૭ થી ૧૦૭, શ્લોક-૫૫ થી ૬૨,
પ્રવચન-૧૫૧ થી ૧૭૯)

પ્રસ્તુતકર્તા :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

| વિક્રમ સંવંત | વીર સંવંત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૭૫ | ૨૫૪૫ | ૨૦૧૮ |


**પ્રકાશન તિથિ**

તા. ૮-૧૦-૨૦૧૯

**પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે આવેલ દાનરાશિ**

| | |
|---|---|
| શ્રીમતી બીનાબેન ચેતનભાઈ મહેતા, રાજકોટ | |
| શ્રી ચેતનભાઈ ચંદુલાલ મહેતા, રાજકોટ | ૧૧,૦૦૦/- |
| સ્વ. શ્રી પ્રદિપભાઈ એમ. દેસાઈ, સોનગઢ | ૧૧,૦૦૦/- |

ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૩૦ પ્રવચનનાં
સંકલનરૂપ આ ‘ભાગવત શાસ્ત્ર’ ભાગ–૫ અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય

થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી 'વિરોધીઓ પણ ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, 'અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.'

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે!

- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું

દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૨૯ થી ૬૮ ગાથા તથા તેના ૨૮ થી ૪૫ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં.૬૯ થી ૧૧૪ આ **''ભાગવત શાસ્ત્ર'' ભાગ-૩માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન-સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી

સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી પ્રશમભાઈ મોદી, સોનગઢ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

લી.

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**

**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૃહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય ‘શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.’ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગપ્રકાશક’

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦00ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાદીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૫૧ | ૦૯-૦૮-૧૯૭૬ | કળશ-૫૫ | ૦૦૧ |
| ૧૫૨ | ૧૦-૦૮-૧૯૭૬ | કળશ-૫૫-૫૬ | ૦૧૪ |
| ૧૫૩ | ૧૧-૦૮-૧૯૭૬ | ગાથા-૮૭ | ૦૨૭ |
| ૧૫૪ | ૧૨-૦૮-૧૯૭૬ | ગાથા-૮૭ | ૦૪૧ |
| ૧૫૫ | ૧૩-૦૮-૧૯૭૬ | ગાથા-૮૮-૮૯ | ૦૫૪ |
| ૧૫૬ | ૧૪-૦૮-૧૯૭૬ | ગાથા-૮૯-૯૦ | ૦૬૭ |
| ૧૫૬-A | ૧૫-૦૮-૧૯૭૬ | ગાથા-૯૦ | ૦૮૧ |
| ૧૫૭ | ૧૬-૦૮-૧૯૭૬ | ગાથા-૯૧-૯૨ | ૦૯૫ |
| ૧૫૮ | ૧૭-૦૮-૧૯૭૬ | ગાથા-૯૨ | ૧૧૦ |
| ૧૫૯ | ૧૮-૦૮-૧૯૭૬ | ગાથા-૯૩ | ૧૨૨ |
| ૧૬૦ | ૧૯-૦૮-૧૯૭૬ | ગાથા-૯૩ | ૧૩૫ |
| ૧૬૧ | ૨૦-૦૮-૧૯૭૬ | ગાથા-૯૩ થી ૯૫ | ૧૪૯ |
| ૧૬૨ | ૨૧-૦૮-૧૯૭૬ | ગાથા-૯૫-૯૬ | ૧૬૨ |
| ૧૬૩ | ૨૨-૦૮-૧૯૭૬ | ગાથા-૯૬-૯૭ | ૧૭૬ |
| ૧૬૪ | ૨૩-૦૮-૧૯૭૬ | ગાથા-૯૭ | ૧૮૮ |
| ૧૬૫ | ૨૪-૦૮-૧૯૭૬ | ગાથા-૯૭, કળશ-૫૭-૫૮ | ૨૦૧ |
| ૧૬૬ | ૨૫-૦૮-૧૯૭૬ | કળશ -૫૮-૫૯ | ૨૧૪ |
| ૧૬૭ | ૨૬-૦૮-૧૯૭૬ | કળશ-૬૦-૬૧ | ૨૨૭ |
| ૧૬૮ | ૨૭-૦૮-૧૯૭૬ | ગાથા-૯૮ થી ૧૦૦, કળશ-૬૨ | ૨૩૯ |
| ૧૬૯ | ૨૮-૦૮-૧૯૭૬ | ગાથા-૧૦૦ | ૨૫૨ |
| ૧૭૦ | ૩૦-૦૮-૧૯૭૬ | ગાથા-૧૦૦ | ૨૬૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૭૧ | ૩૧-૦૮-૧૯૭૬ | ગાથા-૧૦૦-૧૦૧ | ૨૭૮ |
| ૧૭૨ | ૦૧-૦૮-૧૯૭૬ | ગાથા-૧૦૧ | ૨૯૨ |
| ૧૭૩ | ૦૨-૦૯-૧૯૭૬ | ગાથા-૧૦૧ | ૩૦૬ |
| ૧૭૪ | ૦૩-૦૯-૧૯૭૬ | ગાથા-૧૦૧ | ૩૨૦ |
| ૧૭૫ | ૦૪-૦૯-૧૯૭૬ | ગાથા-૧૦૧-૧૦૨ | ૩૩૪ |
| ૧૭૬ | ૦૫-૦૯-૧૯૭૬ | ગાથા-૧૦૨-૧૦૩ | ૩૪૭ |
| ૧૭૭ | ૦૬-૦૯-૧૯૭૬ | ગાથા-૧૦૪ | ૩૬૧ |
| ૧૭૮ | ૦૭-૦૯-૧૯૭૬ | ગાથા-૧૦૫ | ૩૭૬ |
| ૧૭૯ | ૦૮-૦૯-૧૯૭૬ | ગાથા-૧૦૬-૧૦૭ | ૩૮૯ |

ॐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૫)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

**શ્રાવણ સુદ-૧૫, સોમવાર, તા. ૯-૮-૧૯૭૬,**
**કળશ-૫૫,**
**પ્રવચન નં. ૧૫૧**

સમયસાર. શું કહે છે જુઓ, '**આ જગતમેં મોહી...**' એક તો 'જગત છે' એમ સિદ્ધ કર્યું અને એમાં મોહી જીવ '(**અજ્ઞાની**) **જીવોનો...**' '**परं अहम् कुर्वे**' હું પરદ્રવ્યનો કર્તા છું, હું રાગનો કર્તા છું—એવો પરદ્રવ્યનો અહંકાર. પોતે જ્ઞાનસ્વરૂપ હોવા છતાં પરની ક્રિયા થાય છે એમ જણાણી, એવું જ્ઞાન થાઓ પણ 'રાગ અને પરની ક્રિયા હું કરું છું' એવો અજ્ઞાનીનો મોહ, અજ્ઞાન અનાદિનો (છે). છે? '**પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકાર કે જે અત્યંત દુર્નિવાર છે...**' આહા..! રાગને ઘટાડે છે અને શુભભાવ થાય એ તો સહેલી વાત છે. એ તો અનંતવાર એવો શુભભાવ આવ્યો અને કર્યો, એ કોઈ વસ્તુ નથી. એ કોઈ સમ્યગ્દર્શન-ધર્મની પહેલી સીઢી પ્રાપ્ત કરવાની વસ્તુ નથી.

કહે છે, અહો..! '**અનાદિ સંસારથી ચાલ્યો આવે છે.**' અનાદિ સંસારથી દ્રવ્યપરિવર્તન, ક્ષેત્રનું પરિવર્તન, કાળનું પરિવર્તન, ભવનું પરિવર્તન અને ભાવનું પરિવર્તન. શુભ-અશુભભાવના પરિવર્તનનો અહંકાર અનાદિથી ચાલ્યો આવે છે. સમજાય છે કાંઈ? પંચ આવ્યુંને? '**અનાદિ સંસારથી ચાલ્યો આવે છે.**' સંસાર શબ્દે પંચપરાવર્તન. આહા..! તો અનાદિ કાળથી દ્રવ્યસંબંધિત પણ અહંકાર કર્યો, ક્ષેત્રસંબંધિત અહંકાર, કાલસંબંધિત અહંકાર અને ભાવ—

શુભ અને અશુભભાવ સંબંધિત અહંકાર અનાદિથી ચાલ્યો આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મિથ્યાત્વભાવ છે, દુઃખરૂપ છે અને દુઃખનું બીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો અનંત કાળથી ચાલ્યો આવતો... હવે બહુ સરસ વાત છે.

'અહો..!' '**भूतार्थपरिग्रहेण**' એકવાર પણ ભૂતાર્થ નામ ત્રિકાળી દ્રવ્યસ્વભાવને '**परिग्रहेण**' સમસ્ત પ્રકારે તેનો અનુભવ કરીને. આહા..હા..! '**भूतार्थपरिग्रहेण**' શબ્દ પડ્યો છે. ભૂતાર્થ નામ ત્રિકાળ જ્ઞાયકભાવ ધ્રુવ શુદ્ધ ચૈતન્યપ્રભુ, એનું '**परिग्रहेण**' ભૂતાર્થનો અનુભવ કરવાથી એ મિથ્યાત્વનો નાશ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**भूतार्थपरिग्रहेण**' શબ્દ પડ્યો છેને. આહા..હા..! અર્થકાર ત્રણ શબ્દ વાપરશે. વાપરશેને શું કહે છે? વાપરશે શબ્દ નથી હિન્દીમાં? પ્રયોગ કરશે. આહા..!

'**भूतार्थपरिग्रहेण**' મહા શબ્દ છે. જે ૧૧મી ગાથા છે—સમ્યગ્દર્શનની ચીજ, જૈનદર્શનનો પ્રાણ. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ત્યાં એમ કહ્યું, ભૂતાર્થ ત્રિકાળી જ્ઞાયકભાવનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. ત્યાં એમ કહ્યું કે ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, એનો અર્થ ઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક સમયમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, સુખધામ, સ્વયં જ્યોતિ સુખધામ. એવી પર્યાય વિનાની જે વસ્તુ છે... આહા..હા..! પર્યાય એનો આશ્રય કરે અર્થાત્ પર્યાયમાં એનો અનુભવ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એકવાર '**भूतार्थपरिग्रहेण**' '**परिग्रहेण**' આહા..હા..! ત્રિકાળી ચીજને સમસ્ત પ્રકારે પકડીને અનુભવ કરવો. આહા..હા..! સમજાણું કાંઈ? એ ધર્મની પહેલી સીઢી છે. એ સિવાય બધું ફોક છે. આહા..હા..! '**भूतार्थपरिग्रहेण**' અર્થકારે ત્રણ શબ્દ વાપર્યા છે.

'**પરમાર્થનયનું...**' ભૂતાર્થ નામ પરમાર્થનયનું. આહા..હા..! પરા—ઉત્કૃષ્ટ, મા—જે આત્માની આનંદલક્ષ્મી એવો જે અર્થ નામ ભૂતાર્થ પદાર્થ. આહા..હા..! ભૂતાર્થ, ભૂતાર્થ—ભૂત અર્થ. ત્રિકાળી છતો પદાર્થ, ત્રિકાળી મોજૂદ પદાર્થ. આહા..હા..! એક સમયમાં ત્રિકાળી મોજૂદ પદાર્થ ભગવાન આત્મા છે એને અહીંયા પરમાર્થ નય કહ્યું. પરમાર્થ સમજ્યા? પરા એટલે ઉત્કૃષ્ટ, મા એટલે લક્ષ્મી, અર્થ એટલે પદાર્થ. પરમાર્થ પદાર્થ, ઉત્કૃષ્ટ લક્ષ્મીવંત ત્રિકાળી ભગવાન એ પદાર્થ—અર્થ. આહા..હા..! એ પરમાર્થ. આ દુનિયા કહે છેને, અમે પરનો પરમાર્થ કરીએ છીએ. ધૂળેય કરતો નથી પરમાર્થ. કોણ કરી શકે પરનું? એ તો પહેલા આવ્યું, 'હું પરનો કર્તા છું, હું સુખી કરું છું, જીવાડું છું' એવું અભિમાન—અહંકાર અનાદિથી ચાલ્યું આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! મેં પૈસા આપ્યા, મેં દાન દીધા, મેં આહાર આપ્યો, મેં પાણી આપ્યું, દુનિયાને સુખી કરવા માટે કાપડ આપ્યા. એ બધો અહંકાર મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં ગયા હતા હમણાં ઋષભભાઈ? અહીંયા હતા? કે ક્યાંય ગયા હતા? (પાલિતાણા).

એમ! પૂછ્યું હતું, ભાઈને પૂછ્યું હતું. તમને પૂછ્યું હતુંને રાજેન્દ્રભાઈ? કીધું, આ ઋષભભાઈ

ક્યાં ગયા? આહા..હા..! વૃષતિ ગચ્છતિ ઈતિ પરમપદ ઈતિ ઋષભ. ભગવાન આત્મા... એવો અર્થ છે, હોં! ઈ આ પરમાર્થ છે. વૃષતિ ગચ્છતિ ઈતિ પરમપદ ઈતિ ઋષભ. ભગવાન ઋષભદેવનો અર્થ આવો છે અને સર્વ તીર્થંકરોને લાગુ પડે છે. આહા..હા..! વૃષતિ ઈતિ ગચ્છતિ. ભગવાન ત્રિલોકનાથ ભૂતાર્થ પદાર્થ છે. અરે..! પ્રભુ! એ વાત અલૌકિક છે, નાથ! આહા..હા..!

એક સમયમાં ભૂતાર્થ છતી ચીજ જે છે પલટ્યા વિનાની-પર્યાય વિનાની એવી ત્રિકાળ એકરૂપ ચીજ છે તેને ભૂતાર્થ કહે છે. ૧૧મીમાં એમ કહે છે, ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. અહીંયા ઈ કહે છે, '**भूतार्थपरिग्रहेण**'. સર્વ પ્રકારે ત્રિકાળી જ્ઞાયકભાવને પકડીને અનુભવ કરવો. આહા..હા...! સમજાણું કાંઈ? ચાર શબ્દ વાપર્યા છે. ભૂતાર્થ, એક વાત. પરમાર્થ નય, બીજી વાત. પરમાર્થ ત્રિકાળી વસ્તુને-પરમાર્થનયના વિષયને પરમાર્થનય કહે છે. આહા..હા..! ત્રીજી (વાત). શુદ્ધદ્રવ્યાર્થિક એટલે પરમાર્થનય અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક. શુદ્ધ જે ત્રિકાળી દ્રવ્ય જેનું પ્રયોજન છે એવી નય. આહા..હા..! પોતાની જ્ઞાનપર્યાયમાં શુદ્ધ દ્રવ્યનો અનુભવ એ પ્રયોજન છે તેનું નામ શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે.

'**પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિકનય...**' એટલે કે અભેદનય. અર્થાત્ '**અભેદનયનું...**' ભૂતાર્થનો અર્થ અભેદનયનું. આહા..હા..! એકરૂપ ત્રિકાળી સ્વરૂપ નિત્યાનંદ પ્રભુ સદશ્ય સ્વભાવ. પ્રત્યેક પર્યાયમાં અન્વય—સાથે રહેનાર એકરૂપે. આહા..હા..! પર્યાયબુદ્ધિ છોડાવીને કહેવું છેને. સમજાણું કાંઈ? છતા પદાર્થનો અનુભવ કરે છે તો પર્યાય, પણ પર્યાયની દૃષ્ટિમાં લક્ષમાં છે ભૂતાર્થ. આહા..હા..! અને એ પણ કહ્યું કે અનાદિ સંસારમાં શુભભાવ પણ અનાદિથી કરતો આવ્યો છે. પાંચ પરાવર્તન છેને? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ. સંસાર પાંચ. એમાં અહીં આપણે ભાવનું પરાવર્તન લેવું છે. શુભભાવ અને અશુભભાવ બેય અનંતવાર કર્યા અને એમાં અહંકાર કર્યો કે મેં શુભ કર્યું છે, શુભ કર્યું છે. એ તો સંસારનો ભાવ છે. સમજાણું કાંઈ? એ લીધુંને? '**आसंसारतः**' આહા..હા..! અનાદિ સંસારથી પંચપરાવર્તનના ભાવમાં અહંકાર કરીને. આહા..હા..! ભગવાન જ્ઞાયકભાવ તો પંચપરાવર્તનના ભાવથી ભિન્ન છે. સમજાણું કાંઈ? એ પંચ પરાવર્તનના ભાવમાં ભગવાન આવતો નથી. સમજાણું કાંઈ? ભગવાનનો માર્ગ, ભાઈ! સૂક્ષ્મ છે. આ તો પરમસત્ય જ આ છે. લોકોને બાહ્ય શુભભાવની ક્રિયા અને એના અહંપણામાં અનાદિ કાળથી ઘુસી ગયા છે. એટલે અહં જે વસ્તુ ત્રિકાળ એ રહી ગઈ. રહી ગઈ કહે છેને? સમજાણું કાંઈ? ત્રિકાળી વસ્તુ જે ભગવાન અહં—આ, એવો અનુભવ રહી ગયો અને શુભભાવ આદિમાં અહં—આ (ચાલુ રહ્યું). સમજાણું કાંઈ? એમ અહં કરતાં-કરતાં પંચપરાવર્તનમાં અનાદિથી ભાવ ચાલ્યો આવ્યો છે.

અરે પ્રભુ! એકવાર તો હવે જો. એ તો અનંતવાર થયા. શુભભાવ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ અનંતવાર થયા. એ તો મિથ્યાત્વભાવ છે. અજ્ઞાનમાં.. પહેલા આવ્યું હતુંને?

મોહી. 'જગતમેં મોહી (અજ્ઞાની) જીવોનો...' આહા..હા..! પરદ્રવ્યોને હું કરું છું. જ્યાં ત્યાં અહં (કર્યો કે) હું કર્તા, હું કર્તા, મેં કર્યું, આહા..હા..! એવા અભિમાનમાં મિથ્યાદૃષ્ટિ જીવ સંસારના પરિભ્રમણમાં પરિવર્તન કરે છે—ચાર ગતિમાં પર્યટન કરે છે. અરે પ્રભુ! હવે એકવાર તો જો. આહા..હા..! સમજાણું કાંઈ? શુભભાવમાં પરિવર્તન—પરાવર્તન અનેક વાર કર્યા. એ તો સંસાર છે. આહા..હા..! લોકોને આ બહુ કઠણ પડે. પુણ્યભાવ સંસાર (છે). અહીં તો સંસારમાં '**आसंसारतः**'. પંચપરાવર્તનમાં શુભભાવ પણ આવી ગયો.

ભગવાન આત્મા એક સમયમાં પ્રભુ બાળગોપાળને આત્મા અંદર બિરાજે છે. બાળગોપાળ તો દેહની અવસ્થા છે. ઈ આપણે આવ્યું હતુંને? ૧૭મી ગાથા. આહા..હા..! પ્રભુ! ભૂતાર્થ વસ્તુ જે છે... આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી પ્રત્યેક પર્યાયમાં ભૂતાર્થ જ અનુભવમાં આવે છે. આહા..હા..! અહીં તો કહે છે, અનુભવ કર્યો જ નથી. માનતો નથી. એની માન્યતામાં ફેર પડી ગયો છે. આહા..હા..! એક સમયની જ્ઞાનની વર્તમાન પ્રગટ પર્યાય એ પર્યાયનો સ્વભાવ, જ્ઞાનનો સ્વપરપ્રકાશક હોવાથી ભગવાન ભૂતાર્થ ત્રિકાળ વસ્તુ જે આત્મા છે તે જ પર્યાયમાં અનુભવાય છે. કારણ કે સ્વપ્રકાશક સ્વભાવ ક્યારે નાશ થાય છે? પરપ્રકાશકની વાત પછી. આહા..હા..! સમજાણું કાંઈ? મુદ્દાની રકમની વાત છે આ. આહા..હા..!

કહે છે, '**भूतार्थपरिग्रहेण**' અરે..! રાગનું '**परिग्रहेण**' રાગનું ગ્રહણ તો અનંતવાર કર્યું. એ તો અભૂતાર્થ ચીજને ગ્રહણ કરી, અનુભવ કર્યો એમ કહે છે. રાગનો અનુભવ... આવે છેને ૪થી ગાથામાં? '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**' ભગવાન! તેં રાગની કથા તો અનંતવાર સાંભળી છે. રાગ કરવો અને રાગનો અનુભવ તો અનંતવાર થયો છે. રાગની કથા સાંભળી છે, રાગનો પરિચય કર્યો છે અને રાગનો અનુભવ કર્યો છે. એ તો અહીંયા કહે છે, '**आसंसारतः**' આહા..હા..! હવે એકવાર ગુલાંટ તો ખા પ્રભુ! પલટો ખા. આ કહે છે, એને પકડવો. ભૂતાર્થનો અનુભવ કરવો એ ભૂતાર્થનય છે. જ્ઞાનની પર્યાયમાં ભૂતાર્થનો અનુભવ કરવો. હવે એનો અર્થ શું? જેવી વસ્તુ છે તેને અનુસરીને તેનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને ભૂતાર્થનય કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે. અત્યારે તો આમ આપણે આત્માની શ્રદ્ધા છે અને જ્ઞાન છે. હવે આપણે વ્રત લઈ લ્યો, વ્રત લ્યો. થઈ રહ્યું. આહા..હા..!

**શ્રોતા :—** શ્રદ્ધા તો દિગંબરમાત્રને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોને શ્રદ્ધા છે? ભાનેય ન મળે. આહા..! ઈ કહેતા હતા ઈન્દ્રલાલજી. જયપુરને? ઈન્દ્રલાલજી કહેતા હતા, દિગંબર થયા છીએ તો શ્રદ્ધા—સમિકત, ભેદજ્ઞાન તો છે જ. હવે વ્રત કરો તો ચારિત્ર થશે, એમ કહેતા હતા. આહા..! અરે પ્રભુ! સમજાણું કાંઈ? ઈ વાત અમારે સંપ્રદાયમાં ચાલતી હતી. (સંવત) ૧૯૭૯-૮૦. સંપ્રદાયમાં ગુરુભાઈ

હતા ઈ વારંવાર એમ કહેતા હતા, આપણને યથાર્થ સ્થાનકવાસી ધર્મ મળ્યો છે. બસ, ગૌતમને સમકિત હતું એવું આપણને સમકિત છે. એમ કહેતા હતા. હવે આપણે ચારિત્ર લેવું. ચારિત્ર એટલે આ વ્રત. ચારિત્રની ખબરેય કે દી હતી. વ્રત પાળવા અને તપસ્યા કરવાથી નિર્જરા થાય.

**શ્રોતા :—** (વ્રત) ન કરવા, મહારાજ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કરે કોણ? પણ શું કરે છે? ઈ તો શુભરાગ કરે છે. શુભરાગ કરે છે. શું કરે છે? વ્રત અને અપવાસમાં તો શુભરાગ થાય છે અભિમાન ન હોય તો. 'અમે અપવાસ કરીએ છીએ' એવું અભિમાન હોય તો અશુભ છે. સમજાણું કાંઈ? હમણા અમારા ઉપર એક કંકોત્રી આવી હતી. પાલિતાણા બે સાધુ છે, સ્થાનકવાસી. કંકોત્રી આવી હતી. આ શ્રાવણ સુદ-૧૦ની એના અપવાસની હશે. કેટલા હતા? ૨૩ કે ૩૦ કાંઈ ખબર નથી. આપ અમને અહીંયા દર્શન આપજો. ગોંડલ સંઘેડાના. ભાઈ! ગોંડલ સંપ્રદાયના એક દેવરાજજી હતાને? સાધારણ હતા, પણ એ બધા એમાં આચાર્ય હતા. એનો હું શિષ્ય છું. અપવાસ કર્યા છે. અમે આ બાજુ આપના દર્શન કરવા નીકળેલા પણ તમે ત્યાં નહોતા. તો અમે અહીંયા આવ્યા છીએ. અમારે અપવાસનું પારણુ છે. બે સાધુ છે. તો એ વખતે અહીંયા પધારો. મુમુક્ષુઓને લઈને (આવો), અમને દર્શન ઘો. છે સ્થાનકવાસી. આ પાલિતાણા છે ત્યાં ઉતર્યા છે. કાંઈ ઠેકાણા વિનાના. અને માથે લખેલું, '....' ક્રોડો ભવોના સંચય કરેલા (કર્મોની) તપસ્યાથી નિર્જરા થશે. આ તારી તપસ્યા! લાંઘણું છે, લાંઘણ. લંઘન હૈ.

ભગવાન આત્મા પૂર્ણાનંદના નાથની પકડ અનુભવ નથી ત્યાં બધી ક્રિયાકાંડ અજ્ઞાનની દશામાં થાય છે, એ સંસાર છે, સંસાર. આ પંચપરાવર્તન કહ્યુંને. આહા..! આવો સંસાર. આવો શુભભાવ અનંતવાર કર્યો છે. મહિના-મહિનાના અપવાસ, બે-બે માસના સંથારા. સંથારા સમજ્યા? છેલ્લો દેહ છૂટવાનો સમય. બે-બિ મહિના, પણ એ તો મિથ્યાદૃષ્ટિમાં એવી ક્રિયા અનંતવાર કરી. એમાં શું થયું? ભગવાન આત્મા એક સમયમાં છતી ચીજ અસ્તિ મોજૂદ ચીજ પૂર્ણાનંદ પ્રભુને પકડ-એનો અનુભવ કર. પકડનો એમ અર્થ છે. પકડનો અર્થ ઈ છે. '**परिग्रहेण**' રાગની પકડ અનાદિથી કરી છે અને એનો અનુભવ પણ છે.

सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।४।।

પણ રાગથી વિભક્ત અને સ્વભાવથી એકત્વ એ વાત તેં કદી સાંભળી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્ય વાત કેટલી સ્પષ્ટ કરે છે! ગજબ વાત! લોકો આટલી વાતને સમજતા નથી અને અમને સમકિત છે, સમકિત છે અને નિશ્ચયસમકિતની ખબર ન પડે. માટે તત્ત્વાર્થશ્રદ્ધાન વ્યવહારશ્રદ્ધા છે એ શ્રદ્ધાને પરખો. હવે લઈ લ્યો વ્રત. અરે પ્રભુ!

ભાઈ! આ છેતરપિંડી થાય છે. આત્માના ભવની છેતરપિંડી થાય છે. છેતરપિંડી કહે છે? ઠગાઈ. આહા..હા..! પ્રભુ! ત્યાં નહિ ચાલે. કુદરતના નિયમમાં તારુ પાખંડ ન ચાલે. આહા..હા..!

અહીંયા તો પરમાત્માએ કહેલી વાત, સર્વજ્ઞએ કહેલી વાત સંતો કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કહે છે. ખુબી તો ઈ છે કે સંસારના પંચપરાવર્તનમાં તેં અનંત કાળ ગાળ્યો. એમાં શુભભાવ પણ અનંતવાર કર્યા. એમાં પણ તારી દૃષ્ટિ હતી અને એનાથી તેં કામ લીધું, પણ અહો..! આચાર્ય કહે છે, એકવાર. આવશે આગળ. પરમાર્થનય, ભૂતાર્થ—ભૂત પદાર્થ ત્રિકાળ ધ્રુવ સ્વરૂપ, એને અનુભવ કર. રાગનો અનુભવ જે અનાદિથી શુભાશુભનો કર્યો છે એ તો સંસાર છે. આહા..હા..! એકવાર ભગવાન ત્રિકાળી ચીજ છે ત્યાં જા, એનો અનુભવ કર. એનાથી તું વેગળો જ વર્તે છે અનાદિથી. શુભભાવમાં વર્ત્યો એ ભગવાનથી વેગળો થયો. ભગવાન એટલે પોતાનો આત્મા હોં અહીંયા. ધન્નાલાલજી! એવી વાત છે, ભાઈ! શું થાય? અરેરે..! આ માણસપણું મળ્યું. આયુષ્ય ચાલ્યું જાય છે અને આ ચીજ જો અનુભવમાં આવી નહિ કે અનુભવ કરવાલાયક છે એમ પાક્કો નિર્ણય ન કર્યો... આહા..હા..! જિંદગી ચાલી જાય છે, ભાઈ! અનંત ભવ ગયા, એ ભેગી આ ભવ (જાય છે). આહા..હા..!

પઠન, પાઠન, ભક્તિ આદિ બધા ભાવ શુભભાવ છે. સમજાણું કાંઈ? એ કહ્યું હતું ને, નહિ? એમાંથી બતાવ્યું હતું. પ્રજ્ઞાછીણી છેને? પ્રજ્ઞાછીણીમાં ઉપર આવે છે. પઠન, પાઠન પણ અનંતવાર કર્યા. પાઠન બીજાને ભણાવ્યા. એમાં નથી, કળશટીકામાં છે. પઠન, પાઠન, સ્મરણ. ભગવાનનું સ્મરણ, પંચ પરમેષ્ઠીનું સ્મરણ પણ અનંતવાર કર્યું. આહા..હા..! છે? ચિંતન. વિકલ્પ દ્વારા અનંતવાર ચિંતવન કર્યું. આહા..હા..! સ્તુતિ. આ રાજમલની ટીકા છે. આમાંથી બનારસીદાસે સમયસાર નાટક બનાવ્યું છે. લોકોને અભ્યાસ નહિ અને સંસાર, સંસાર, સંસાર. કલાક આવે તો સાધારણ પુણ્ય બંધાય. બાકી ત્રેવીસ કલાક..

**શ્રોતા :—** કેટલા દી રહીએ તો..?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કેટલા દી નહિ, એ તો અંતર્મુહૂર્તમાં પણ ઉગ્ર પ્રયત્ન કરે તો (થઈ જાય). વેપાર માટે કેટલા દી કરે છે? કે આટલા દિવસ હોય તો હું પૈસા પેદા કરી શકું. ત્યાં તો મુદ્દત નાખતો નથી. હેં! અહીંયા તો આત્મા તરફનો પ્રયત્ન કરવો એમાં દિવસો નથી. એ તો એક ક્ષણમાં ગુલાંટ ખાઈ જાય છે. આહા..હા..! બહુ આકરુ લાગે તો અમૃતચંદ્રાચાર્યે કહ્યું કે છ માસ અભ્યાસ કર, ભાઈ! અમૃતચંદ્રાચાર્યે કહ્યું. ઈ કળશમાં છે. છ માસ એકવાર એ જાતની લગની લગાવ. તને થશે, તત્ત્વની ઉપલબ્ધિ થશે. ન થાય એવી અશોભા નહિ રહે. આહા..હા..! સમજાણું કાંઈ? આગળ કળશમાં છે. છ માસં. એકવાર છ માસ સુધી.. આહા..હા..! લાગાતાર ધ્યાનમાં લગાવી દે. સમજાણું કાંઈ? આહા..હા..!

જેમ માતાની આંગળીથી નાની છોકરી કે છોકરો ભીડમાં દૂર થઈ જાય. પછી બા.. બા કર્યા કરે. બા, બા કરે. પૂછે કોઈ કે બેન, દિકરી! તું ક્યાંની? બા. કઈ શેરી? બા કહે.

તારી ગોઠણી કોણ? ગોઠણી કહે છે? સહેલી. સહેલી પણ તમારી ભાષા શું છે? સખી. પણ તું કઈ છોકરીની તુ બહેનપણી છો? બા, બા. આ નજરે જોયું છે. પોરબંદર અપાસરામાં અમે અંદર હતા. એક છોકરી એની માની આંગળીથી છૂટી ગઈ. પછી પોલીસ આવ્યા. દિકરી તું ક્યાંની? બા, બા કરે. અરેરે..! માના વિરહ વખતે બા, બા કરે. પ્રભુ! તારા વિરહે તને આત્મા આત્મા ન થાય. આહા..હા..! ભગવાન આત્મા, હું આત્મા.. આત્મા એવી લગની. તને અનંત કાળનો વિરહ પડ્યો, પ્રભુ! એકવાર લગની લગાવ. બધા કર્તવ્યમાં કર્તવ્ય તો આ કરવાનું છે. સમજાણું કાંઈ?

જુઓ, સ્તુતિ, વંદના ઈત્યાદિ અનેક ક્રિયારૂપ વિકલ્પો વિષ સમાન કહ્યા છે. વિષ— ઝેર છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ? પઠન, પાઠન, ચિંતન, સ્તુતિ, ભક્તિ. કહ્યું છે જુઓ, છે? **'विषम् एव प्रणीतम्' 'विषम् एव प्रणीतम्'** કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કહે છે, ત્રિલોકનાથે એને ઝેર કહ્યા છે. અરે પ્રભુ! આહા..હા..! કેમકે ભગવાન અમૃતસ્વરૂપ આત્માથી વિરૂદ્ધ ભાવ એ તો ઝેર છે. આહા..હા..! ચાહે તો ભગવાનનું સ્મરણ હો, ભક્તિ હો, વ્રતના વિકલ્પ હો, એ બધા ઝેર છે. આહા..હા..! અરે..! તારી ચીજમાં અમૃત ભર્યા છેને, પ્રભુ! આહા..હા..! એ અમૃતની સમીપ જાતો નથી અને રાગના શુભભાવની સમીપ જાય છે. આહા..! આજે સવારે બતાવ્યું હતું. ગાથા જ ઈ આવી હતી. આજે સવારે ઉપર ગયા હતાને. કોઈ હતું સાથે. આ બાજુ, '...' એ ગાથા હતી. એ ગાથા તો શ્વેતાંબરમાં પણ આવતી હતી અનુયોગ દ્વારમાં. ... શું કહે છે? કોઈ છોકરાઓ સાથે હતા સવારે. ઉપર દર્શન કરવા ગયા હતા. આ બાજુ છે.

જેના દર્શન અને જ્ઞાનમાં આત્મા સમીપ છે અને રાગ દૂર છે. આહા..હા..! અજ્ઞાનીને રાગ સમીપમાં છે, આત્મા દૂર છે. એ પરમાત્મપ્રકાશમાં આવ્યું હતું. અજ્ઞાનીને રાગની રુચિમાં આત્મા હેય છે. આહા..હા..! ગજબ વાત કરે છે! પરમાત્મપ્રકાશમાં આવ્યું હતું. ૩૬ ગાથા છે. એમાં આવ્યું હતું. જ્ઞાનીને રાગ હેય છે અને ત્રિકાળી ભૂતાર્થ તે ઉપાદેય છે. અજ્ઞાનીને ઉપાદેય આત્મા તે હેય છે અને રાગ ક્ષણિક છે તે ઉપાદેય છે. સુકૌશલજી! વાત આવી છે, ભગવાન! તારી બહિલારી છે નાથ, પણ તારી તને ખબર નથી. આહા..હા..! આ બહારની વિષય-વાસના, લક્ષ્મી, આબરુ, કીર્તિમાં ફસાઈ ગયો. એ તો પાપ છે.

અહીં તો પઠન, પાઠન શાસ્ત્રનું, ભક્તિ, સ્તુતિ, ભગવાન! ભગવાન એમ કહે છે કે એ ઝેર છે. અર..ર..ર..! આહા..હા..! ઝેરથી આત્માની પ્રાપ્તિ થાય? રાજેન્દ્રજી! આહા..હા..! ભગવાન! માર્ગ તો આ છે. લોકોએ માર્ગને બગાડી નાખ્યો છે. આહા..હા..! અરે..! શું કહે છે જુઓ, **'विषम् प्रणीतम्'** આહા..હા..! નિર્વિકલ્પ દૃષ્ટિ અનુભવમાં ન ભણવું, ન ભણાવવું, ન વંદના, ન નિંદવું. આહા..હા..! અંતર ભગવાન આનંદનો કંદ પ્રભુ, આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શન પામે છે તો અંતર ભૂતાર્થ આત્માનો અનુભવ કરે છે અને પામે

છે. સમજાણું કાંઈ? બાકી બીજો કોઈ ઉપાય નથી, પ્રભુ! આહા..હા..!

મોહક્ષયનો બીજો ઉપાય પ્રવચનસારમાં કહ્યો. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' અરિહંતની પર્યાય—કેવળજ્ઞાનને જાણે પછી પોતાના આત્મા સાથે મિંઢવીને પર્યાયને ગુણમાં અને ગુણ-પર્યાયને દ્રવ્યમાં ભેળવીને અભેદદૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તો એનો દર્શનમોહ ક્ષય થાય છે. પછી આચાર્યે કહ્યું, એક ઉપાય તો કહ્યો, ૮૬ ગાથા છે પ્રવચનસાર, બીજો ઉપાય ઈ છે કે જે તને અનુભવ થયો, આનંદનો, જ્ઞાનનો અનુભવ થયો એ જ્ઞાનને લક્ષે હવે શાસ્ત્રનો અભ્યાસ કર. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં છે. ૮૬ ગાથામાં છે, ઉપાયાંતર. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલા આધાર આપે? બધા આધારનો ખ્યાલ તો છેને.

એ તો કહ્યું, પ્રભુ! તું એકવાર અંતરનો અનુભવ કર. અનુભવ કર્યા પછી પણ તારે અનુભવમાં વિશેષ સ્થિર થવા માટે જ્ઞાનના લક્ષમાં દ્રવ્યની દૃષ્ટિ રાખીને શાસ્ત્રનો અભ્યાસ કર. ધન્નાલાલજી! તમારા રળવા-બળવામાં તો કાંઈ ઠેકાણા ન મળે. ઓળખો છો? ગજરાજજીને. તેમના બેન અહીં રહે છેને. આહા..હા..! સમયસાર, કળશ-૧૮૯. અહીંયા તો કહે છે, અપ્રતિક્રમણ. આહા..હા..! જેમાં ભણવું નથી, ભણાવવું નથી, ભક્તિ નથી, સ્તુતિ નથી, સ્મરણ નથી એવા વિકલ્પરહિત એકવાર '**भूतार्थपरिग्रहेण**' અંતર ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ એનું '**परिग्रहेण**' એકવાર અનુભવ કર. એ અભેદનયના વિષયનો અનુભવ કર એમ કહે છે. આહા..હા..! બાકી બધું છે, હો. સમજાણું કાંઈ? ઈ લીધું, હોં! ન ભણાવવું, ન ભણવું, ન નિંદવું, ન વંદવું. વંદન કરવા એ પણ નહિ. અંદરમાં એકાગ્ર (થાય છે ત્યાં), ભૂતાર્થના પરિગ્રહણમાં પરને વંદન કરવાનો વિકલ્પ ક્યાં છે? આહા..હા..!

**શ્રોતા :—** નિશ્ચયના કથનમાં તો એમ જ કહેશેને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બીજું શું કહે!

**શ્રોતા :—** વ્યવહારનું વર્ણન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વ્યવહારનું વર્ણન છે તો જાણે છે કે ઝેર છે. બતાવ્યુંને. બતાવ્યું, પઠન, પાઠન બધું ઝેર છે. આવે છે, જ્યાં સુધી વીતરાગ ન હો ત્યાં સુધી પઠન, પાઠન આવે છે. પણ છે તો '**विषम् प्रणीतम्**' ત્રણલોકના નાથ તીર્થંકરદેવે દિવ્યધ્વનિમાં ગણધર અને સંતોની વચ્ચે, ગણધર અને ઈન્દ્રની વચ્ચે કહેતા હતા એ વાત, આચાર્ય કહે છે કે અમે કહીએ છીએ. આહા..હા..! એકભવતારી ઈન્દ્ર અને ઈન્દ્રાણી. શક્રેન્દ્ર છે પહેલા દેવલોકનો. સુધર્મ દેવલોક છે. મેરુ પર્વત ઉપર ચાર તસુ જ અંતર છે. સુધર્મ દેવલોકમાં ૩૨ લાખ વિમાન. એક-એક વિમાનમાં અસંખ્ય દેવ. કોઈ વિમાન નાનું હશે, પણ અસંખ્ય દેવ છે. એવા એક-એકમાં અસંખ્ય દેવ એવા ૩૨ લાખ વિમાન. એનો ઈન્દ્ર છે શક્રેન્દ્ર. સિદ્ધાંતમાં કહ્યું છે કે એ વર્તમાન એક ભવતારી છે. ત્યાંથી મનુષ્યદેહ પામીને કેવલજ્ઞાન પામીને મોક્ષમાં જશે. ઈ આ સમ્યગ્દર્શનનો પ્રતાપ છે. સમજાણું કાંઈ? અને એની ઈન્દ્રાણી છે. ઈન્દ્રાણી

છે ઈ ઊપજી ત્યારે તો સ્ત્રી છે એટલે મિથ્યાત્વમાં જ ઊપજી. જેટલા સ્ત્રીના ભવ છે એ તો મિથ્યાત્વમાં જ ઊપજે. સમકિતમાં સ્ત્રીના ભવમાં ઉત્પન્ન ન થાય. શ્વેતાંબરમાં કહે છેને, ૧૯મા તીર્થંકર મલ્લિનાથ સ્ત્રીપણે થયા બિલકુલ જૂઠ છે. ઈ તો વળી ક્યાંય રહી ગયું, આ તો સ્ત્રીને તીર્થંકર ઠરાવ્યા. ગજબ વાત છે! જેને પૂજવાવાળા ઈન્દ્રો પુરુષ, કોઈ દી સ્ત્રી ન હોય અને આ ભગવાન સ્ત્રી! બગાડી માર્યું. જૈનશાસનને કલંક લગાવ્યું. એ ચીમનભાઈ! આહા..હા..! મલ્લિનાથને કપટ થયું હતું તો સ્ત્રીવેદ બંધાઈ ગયું. સ્ત્રીમાં કોઈ દી આવે નહિ. મિથ્યાદષ્ટિ થઈને સ્ત્રીમાં આવે. આ તો ભગવાન ત્રણ જ્ઞાન અને સમકિત લઈને આવ્યા છે. સ્ત્રીમાં કેવી રીતે ઊપજે? સમજાણું કાંઈ? પણ દુનિયાને બધાને—સ્ત્રીઓને સારું લગાડ્યું કે તમારે પણ મોક્ષ છે. સ્ત્રી .. બિચારા ભાન વિનાના.

મેં એકવાર કહ્યું હતું, હોં! (સંવત) ૧૯૯૨-૯૩ની સાલમાં ઈ મકાનમાં ગયા હતા. એક શ્વેતાંબરના અગ્રેસરને કંઈક રોગ હતો. તો છ માસ રહ્યા હતા. વ્યાખ્યાનમાં આવતા હતા ૯૨-૯૩ની સાલમાં. પેલું મકાન છેને. જૂનું પુરાણું. ત્યાં રહેતા હતા. ત્યાં આવ્યા હતા. ઘણો હુશિયાર માણસ હતો. કરોડોપતિનું ચલાવે નહિ એવો દલાલ હતો. નામ ભૂલી ગયા. હરિભાઈ. હરિભાઈ હતા. હરિભાઈએ આ સાંભળ્યું. મેં કીધું, સાંભળો આ વાત. માર્ગ આ છે. સ્ત્રીને મુક્તિ ઠરાવી (એ સિદ્ધાંત વિરુદ્ધ છે). સાચી વાત લાગે છે, મહારાજ! એમ કહ્યું. લોકોને વાળવા અને લોકોને વાડામાં ભેગા કરવા આવી વાત કરી. ઈ બિચારો ઈ કહેતો હતો હોં! હરિભાઈ હતા, બહુ હુશિયાર હતા. મોટા દલાલ હતા. અહીં છ માસ રહ્યા હતા. શ્વેતાંબર હતા. કાયમ સાંભળવા આવતા હતા. ત્યાં સરકારનું એક મકાન છે. અમે જ્યાં ઉતર્યા હતા એ સરકારનું મકાન છે. ત્યાં ઉતર્યા હતા. આવતા હતા. નજીક હતાને. વ્યાખ્યાનમાં કાયમ આવે. પણ આ વાત પાછી... આહા..! એક તો વાડાનો આગ્રહ છોડવો મુશ્કેલ. જેમાં જન્મ્યા હોય, પંડિતજી! એમાં ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ પોષણ કર્યું હોય અને એમાંથી નીકળવું અને એમાંથી નીકળે તો શુભભાવમાંથી નીકળવું કઠણ. સમજાણું કાંઈ?

અહીં ઈ કહે છે કે એકવાર પ્રભુ તું આમ તો કર. '**भूतार्थपरिग्रहेण**' આહા..હા..! એક શબ્દમાં તો ગજબ કર્યો છે! ત્રિકાળી ભગવાનનું પરિગ્રહણ. આહા..હા..! આ શું કહે છે તમારે લગન કરે ત્યારે? પાણી, પાણીગ્રહણ એમ કહે છેને? હાથ, હાથ. પાણી એટલે હાથ. ગ્રહણ એટલે હાથ ગ્રહણ કરે છે. પરણે ત્યારે કહે છેને? અહીં કહે છે, એકવાર પાણીગ્રહણ નામ ભગવાન ત્રિલોકના નાથનો અનુભવ કર. આહા..હા..! ભગવાન! જ્ઞાનમાં નિર્ણય તો કર કે એના અનુભવ વિના સમકિત થતું નથી. લાખ મુનિપણાની ક્રિયાકાંડ કરે ને વ્યવહાર કરે, આ વિના ધર્મ-સમકિત નથી થતું અને સમકિત વિના ધર્મની શરૂઆત કદી ક્યાંય થતી નથી. આહા..હા..! કહો, સુકૌશલજી! આ બધા શેઠિયા બેઠા લ્યો. રાજેન્દ્રભાઈ. માર્ગ આ છે. એમના પિતાજી પૈસા ખર્ચતાને. અમે ગયા હતા તે દી પચાસ હજાર આપ્યા હતા.

યાદ છે? પંડિત હતા? કોણ હતું? એની પાસે આવ્યા હતા. છેલ્લું વ્યાખ્યાન પૂરું થયું પછી. શેઠ લક્ષ્મીચંદ પચાસ હજાર આમાં આપે છે. એક પુસ્તકમાં કે એમાં ક્યાંક હતું. છેલ્લે. ઔષધાલય. એમ હશે. વ્યાખ્યાન આપતા હતાને બહાર. પંડિત હતાને? તમારા ગામના કોણ? એક પંડિત હતાને? વકિલ નંદકિશોર. નંદકિશોરના શેઠ છે. નંદકિશોર ઊભા થયા. વ્યાખ્યાન પૂરું થયુંને. પચાસ હજાર ઔષધાલયમાં શેઠ તરફથી આપવામાં આવે છે. રાગની મંદતા હોય તો શુભ છે, ભગવાન! ધર્મ નહિ. આહા..હા..!

**શ્રોતા :—** એમને તો આપે કહ્યું જ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીં તો કહીએ છીએ, બધાને કહીએ છીએ. પરમ દી અહીંયા બેન પાસે થશે, લ્યો. ચાર હજારના સાચા મોતી ઉલ્લાસીબેન આવ્યા છે તે ચડાવશે બેનને. એક પાંચ હજારના ચડાવશે, એક અગિયાર હજારના ચડાવશે—એમ ત્રણ છે. વીસ હજાર. બેનને તો ક્યાં કંઈ છે, એ તો દેખે. સમજાણું કાંઈ? પૈસાની શું કિંમત છે. ઓહો..! ચક્રવર્તી પદ. સમ્યગ્દૃષ્ટિને એક શુભભાવમાં ચક્રવર્તીપદ પ્રાપ્ત થાય છે. સમ્યગ્દૃષ્ટિને એક શુભભાવમાં તીર્થંકર ગોત્ર પ્રાપ્ત થાય છે. સમ્યગ્દૃષ્ટિને, હોં! અજ્ઞાનીને તીર્થંકર ગોત્ર ન બંધાય.

જેને '**भूतार्थपरिग्रहेण**' આહા..હા..! ત્રણલોકના નાથનો અનુભવ જેણે સમ્યગ્દર્શનમાં કર્યો એને એવો વિકલ્પ આવે છે તો તીર્થંકર ગોત્ર બંધાઈ જાય છે. અજ્ઞાનીને તીર્થંકર ગોત્ર હોતું જ નથી. સમજાણું કાંઈ? એ વાત અમારે સંપ્રદાયમાં બહુ ચાલતી હતી કે ... સંવત ૧૯૭૯ સાલની વાત છે. કેટલા વર્ષ થયા? અમારે એક સાધુ હતા. એ ક્ષયમાં જીર્ણ થઈ ગયું હતું અને શરીરની મમતા બહુ હતી. એની વયાવચ્ચ કરે તો તીર્થંકર ગોત્ર બાંધે એમ કહે. હું કંઈ બહુ ધ્યાન ન આપું. આને શું કહેવું? ન સમજ્યા?

એક સાધુ હતા. અમારા ગુરુભાઈ. એને ક્ષય થયો હતો, તો એની વયાવચ્ચ કરે તો તીર્થંકર ગોત્ર બાંધે એમ કહેતા હતા. કીધું, અમને તો વાત બેસતી નથી. સાધુ જ નથી.

**શ્રોતા :—** શ્વેતાંબર સમ્યગ્દર્શન માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માને છે, પણ ઈ શ્રદ્ધા ઈ સમ્યગ્દર્શન. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. આવે છેને, મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. અરિહંતો દેવો મહા દેવો. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. શ્વેતાંબર આમ કહે છે. ગુરુ નિર્ગ્રંથ, એ નિર્ગ્રંથ એના માનેલા કપડાવાળા. સમજાણું કાંઈ? ... એવું આવે છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. શ્વેતાંબર આમ કહે છે. અમને પણ ખબર છે. આ વાત છે જ નહિ. સમજાણું કાંઈ? પન્નાલાલજી! શ્વેતાંબરમાં આ વાત છે જ નહિ. દિગંબરમાં છે એને ખબર નથી. એના શાસ્ત્રમાં પડ્યું છે, જેના ગુરુ સાચા છે, જેના ત્રણલોકના નાથ દેવ સાચા છે એને ખબર નથી. આહા..હા..!

અહીં કહે છે, અહીં તો અમારે '**भूतार्थपरिग्रहेण**'માંથી બધું આવ્યું. '**भूतार्थपरिग्रहेण**' ભગવાન ત્રિકાળી સ્વરૂપને સર્વથા પ્રકારે અનુભવ કરવો. બધું છોડીને, એમ કહે છે. સમજાણું

કાંઈ? ફૂલચંદજી! મક્ષીના મંત્રી છે, જાંજરી. આ ખબરું વિના. આહા..હા..! અહીંયા તો પરમાત્મા (કહે છે), આટલો તો પહેલાં નિર્ણય કર કે ભગવાન ત્રિકાળી જ્ઞાયક આનંદનો નાથ પ્રભુ આનંદથી ભરેલો છે એનો અનુભવ કરવો એ જ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એ સિવાય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી, નવ તત્ત્વની ભેદથી શ્રદ્ધા કરવી એ (સમ્યગ્દર્શન) નહિ. એમ તો અહીંયા કળશમાં લીધું છે, નવ તત્ત્વની શ્રદ્ધા મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? કળશમાં છે. જુઓ, અનાદિ સંબંધ છોડીને, શું કહે છે? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય-પાપના અનાદિ જીવ સંબંધને છોડ. નવ ભેદ છે તેની દૃષ્ટિ છોડી દે અને સંસાર અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવ પરિણતિ છે. તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે. આહા..! ભેદવાળી દૃષ્ટિ પર્યાયની દૃષ્ટિ છેને.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં જે લીધું છે, '**तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शन**' એ તો અભેદથી છે. એકવચન છે ત્યાં. અભેદ અંદર ભૂતાર્થને ગ્રહણ કરવાથી નવની પર્યાયનું એને યથાર્થ જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? અથવા ભૂતાર્થની શ્રદ્ધા કરવાથી, આ વસ્તુ ભૂતાર્થ છે અને સંવર આદિ પર્યાય એમાં નથી, એમ જ્ઞાનપ્રધાન શ્રદ્ધામાં એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આ કળશટીકા છે.

'**भूतार्थपरिग्रहेण**' અર્થ પણ કેવો કર્યો છે. '**પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક અભેદનયનું ગ્રહણ કરવાથી...**' ગ્રહણ નામ જાણવાથી. ગ્રહણ નામ અનુભવ કરવાથી. પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિકનયનું અર્થાત્ અભેદનયનો અનુભવ કરવાથી, જો.. આહા..! '**तत् एकवारं विलयं व्रजेत्**' આહા..હા..! એકવાર પણ નાશને પ્રાપ્ત થાય. અમૃતચંદ્રાચાર્યદેવની શૈલી જુઓ. પછી અર્થકારે જરી ક્ષાયિકસમકિત લીધું છે. અમૃતચંદ્રાચાર્યનું જોર તો આટલું છે કે એકવાર પણ નાશ થાય તો મિથ્યાત્વ ફરીને આવતું જ નથી. સમજાણું કાંઈ? પછી જરી અર્થકારે ક્ષાયિકસમકિત એમ કરીને લીધું છે. બાકી એનું જોર તો એ છે. એકવાર પણ અંતરની અનુભવદૃષ્ટિ થાય તો પછી એ પર્યાય દ્રવ્યનો નાશ થાય તો પર્યાયનો નાશ થાય છે. એના અનુભવદૃષ્ટિનો કદી નાશ જ નથી થતો. આહા..હા..! સમજાણું કાંઈ? પડી જાય ને ફરી જાય એવી વાત અહીંયા છે જ નહિ. આ તો વીરની વાતું છે. આહા..! જે રસ્તે... આહા..હા..! સમજાણું કાંઈ?

'જે રસ્તે સિંહ સંચર્યા રજણું લાગી તરણા' શું કહે છે? સિંહ, સિંહ—શેર. એના પગની રજ તરણા ઉપર લાગેને. 'જે રસ્તે સિંહ સંચર્યા રજણું લાગી તરણા, એ ઊભા ખડ સૂખશે, એ નહિ ચરે એને હરણા'. આ વીતરાગની વાણી જેને સાંભળવા મળે એ તો મહાપુણ્ય છે એમ કહે છે. અને જે માર્ગે સિંહ—સમકિતી સંચર્યા એની રજુ—એની વાણી નીકળી અને વાણીમાં જેને એકાંત સાંભળવાનું મળ્યું એ ત્યાં નહિ આવી શકે. વ્યવહારની જ્યાં વાત આવે ત્યાં પકડે કે જુઓ, આમ કહ્યું છે. એમ કહ્યું છે તો શું છે? એ તો વ્યવહારને જાણવાની

વાત કરી છે. કહેતા હતાને? કાલે કહેતાને? કુંદકુંદાચાર્યદને જો માનશો તો બીજા આચાર્યોનું બલિદાન દેવું પડશે, એમ કહેતા હતા. શેઠે સાંભળ્યું હતું કે નહિ? બધા આચાર્ય એક જ વાત કરે છે. કોઈએ વ્યવહારની વ્રતાદિની વાત કરી હોય તો સમજાવે. સમજાવે નહિ કે આમ હોય છે, આમ હોય છે? પણ એ મોક્ષનું કારણ છે એમ કોઈ આચાર્ય કહેતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે.

એકવાર જો એ... આહા..હા..! એકવાર '**विलयं व्रजेत्**' '**એકવાર પણ નાશ પામે...**' ભ્રમણા અને '**भूतार्थपरिग्रहेण**' છતા પદાર્થનો અનુભવ થવાથી એકવાર પણ મિથ્યાત્વનો નાશ થાય, '**तत्**' '**તો જ્ઞાનઘન આત્માને...**' '**भूयः**' '**બંધન કેમ થાય?**' આહા..હા..! જે ભગવાન પૂર્ણાનંદના નાથની પ્રતીતિ અનુભવમાં કરી, અનુભવમાં હોં! એમ ને એમ પ્રતીતિ એમ નહિ. એ અનુભવમાં જે મિથ્યાત્વનો નાશ થયો એ મિથ્યાત્વ હવે ફરીને નહિ થાય. એવા અપ્રતિહત સમ્યગ્દર્શનની વાત કરે છે. સમજાણું કાંઈ? આચાર્ય છદ્મસ્થ પણ આવું જોર કરે છે. છદ્મસ્થ પંચમઆરાના. અમૃતચંદ્રાચાર્યને હજી તો હજાર વર્ષ થયા છે. આત્મા ક્યાં પંચમઆરાનો છે? આત્મા તો છે ઈ છે. આહા..હા..! બહુ ઊંચી ચીજ છે.

એક તો '**भूतार्थपरिग्रहेण**' અને એકવાર મિથ્યાત્વનો નાશ થાય તો ફરીને ઉત્પન્ન થતું નથી. બંધન થતું નથી. અજ્ઞાનીને થાય છે એવું નથી થતું, એમ વાત છે. થોડો ચારિત્રદોષનું બંધન છે એ મુખ્ય નથી. એ સ્થિતિ, રસ અલ્પ પડે છે એને બંધનમાં ગણવામાં આવ્યું નથી. એ અહીં કહ્યું, જુઓ, '**एकवारं विलयं व्रजेत्**' '**તે એકવાર પણ નાશ પામે...**' '**ज्ञानघनस्य आत्मनः**' ભગવાન તો જ્ઞાનઘન આત્મા છે. એ જ્ઞાનઘનમાં બંધન ક્યાંથી આવે? આહા..હા..! જ્ઞાનઘન આત્મા. એનો સ્વભાવ જ્ઞાનઘન સ્વભાવ જેમાં વિકલ્પનો પ્રવેશ નથી, સંસારનો જેમાં પ્રવેશ નથી, ઉદયભાવનો જેમાં પ્રવેશ નથી એવા ભગવાન જ્ઞાનઘન આત્માનો અનુભવ થયો પછી બંધન કેવું? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો તમારી હિન્દી આવે છે. થોડી થોડી આવે છે, થોડીઘણી ગુજરાતી આવી જાય.

'**ज्ञानघनस्य आत्मनः भूयः बन्धनम् किं भवेत्**' '**(જીવ જ્ઞાનઘન છે માટે યથાર્થ જ્ઞાન થયા પછી જ્ઞાન ક્યાં જતું રહે?**' આહા..હા..! અપ્રતિહત. ક્ષયોપશમસમકિત છે તોપણ અપ્રતિહત ક્ષાયિકસમકિત સાથે જોડાઈ જશે, એ વાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પડવાની વાત શું? ચડ્યો ઈ પડે કેવી રીતે? ભગવાન ચિદાનંદ ઉપર આરૂઢ થયો એ હવે કેવી રીતે પડે? અરે..! વીરોના વીરના પંથ કોઈ અલૌકિક છે, ભાઈ! એ કાયરના ત્યાં કામ નથી. આહા..હા..! પહેલેથી એમ કહે, સમકિત પામ્યા પછી પડી જાય તો? હવે મૂક, પહેલી પડી જવાની ક્યાં માંડી તે. પરણશે તો રાંડશે તો? પણ પહેલી ક્યાં માંડી તેં? આહા..હા..!

ઈ આવે છેને મીરાબાઈનું. મીરાબાઈ નહિ, મીરાબાઈ. અમે ત્યાં ભરૂચમાં નાટક જોયું

હતું. અમે તો સ્થાનકવાસી ગૃહસ્થ હતાને. સ્થાનકવાસી સાધુ આવે એટલે અમે જતા હતા તપાસ કરવા. અમારું ઘર ત્યાં મુખ્ય ઘર હતું ત્રીસ માણસનું. બરવાળાના સાધુ આવ્યા હતા. તપાસ કરતાં કરતાં મળી ગયા. પછી વખત હતો તો મીરાબાઈનું નાટક હતું ત્યાં ગયા. તે વખતે તો આવા તમારા ફિલ્મ-બિલમ શું કહેવાય? સિનેમા ને એક બાઈ આમ કરે ને હાથ નાખે ને.. અરે..! આ સજ્જનતા! એવા તો ફોટા. ફોટા કહે છે? ચિત્રો. એક સ્ત્રી આમ જોવે છે. આવો બહાર દેખાવ અનીતિનો. અરર..! લોકોના મનને બગાડે એવા બધા છે. એ વખતે તો નાટક વૈરાગ્યના, હોં!

મીરાબાઈ ઈશ્વરની માનનારી હતી ભલે પણ જ્યારે ઈ પરણી, અને પરણ્યા પછી એને સંતોનો સમાગમ થયો અને પછી એને ઈશ્વરની ભક્તિ ઉપર પ્રેમ લાગ્યો. એનો રાણો કહે છે, એનો પતિ. હે મીરા! મારા રાજમાં ચાલ. તને હું પટરાણી બનાવું. આહા..હા..! મીરા કહે છે, 'પરણી મારા પિયુજીની સાથ, બીજાના મિંઢોળ નહિ રે બાંધું'. મિંઢોળ નથી હોતો? હું તો મારા પરમેશ્વર સાથે પરણી છું. બીજાના મિંઢોળ હવે ન હોય. 'પરણી મારા પિયુજીની સાથ રે, બીજાના મિંઢોળ...' નાની ઉંમરમાં હોં! આ તો (સંવત) ૧૯૬૪-૬૫ની વાત છે. પણ એ વાત સાંભળીને આમ ધુન ચડી જાય, હોં! ઊંઘ ન આવે, વૈરાગ્ય ચડી જાય. એવા નાટક. 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ, હું સાધુડાની સંગે રાણા ઘેલી થઈ'. મને ગાંડી કહે, ઘેલી કહે, પણ હું તો ઘેલી થઈ ગઈ છું. હવે હું બીજો પતિ ન આદરું. આહા..હા..!

એમ જેને આત્મા... આહા..હા..! ભગવાન તરીકે જ્યાં આત્માને પતિ કર્યો, હવે એનો બીજો પતિ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સીતાજી જાય છેને ત્યાં લંકા. રાવણ મનાવવા આવે છે. હે રાવણ! મારા પતિ રામચંદ્રજી છ માસ પહેલાં ન આવે તો પછી તું બોલજે કાંઈક. હમણા રહેવા દે. મારા પતિ રામચંદ્રજી છે. હું તો સતિ પતિવ્રતા છું. આહા..! રામચંદ્રજી સિવાય બીજા કોઈ પતિ સ્વપ્નમાં પણ આવતો નથી. સમજાણું કાંઈ? છેટે રહેજે દૂર. છેટે સમજ્યા? દૂર રહેજે. નહિતર અમે સતિ છીએ. જો વચન નીકળી ગયા તો ભસ્મ થઈ જઈશ. અમને ડગાવવા સમર્થ નથી.

અહીં કહે છે કે જેને એકવાર યથાર્થ ભેદજ્ઞાન થયું... આહા..હા..! ફરીને હવે પડશે નહિ. ફરીને બંધન નથી થતું. કેટલું જોર તો જુઓ, અમૃતચંદ્રાચાર્ય જગતને ઉપદેશ આપે દેતા કેટલી વાત કરે છે. આહા..હા..! '**(અને જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી બંધ ક્યાંથી થાય?**' આહા..! એકવાર યથાર્થ સમ્યક્‌જ્ઞાન થયું, પછી અજ્ઞાન ક્યાં રહ્યું? પછી બંધન કેમ થાય? નિર્બંધ દશા પ્રગટ થશે, એમ કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૧, મંગળવાર, તા. ૧૦-૮-૧૯૭૬,**
**કળશ-૫૫, ૫૬**
**પ્રવચન નં. ૧૫૨**

સમયસાર, ૫૫ કળશનો ભાવાર્થ છે. '**અહીં તાત્પર્ય એમ છે કે અજ્ઞાન તો અનાદિનું જ છે...**' શું કહે છે? પોતાના ત્રિકાળી સ્વભાવને ભૂલીને 'રાગ અને પરચીજ મારી છે' એવું મોહરૂપી અજ્ઞાન તો અનાદિનું છે. '**દર્શનમોહનો નાશ થઈને, એકવાર યથાર્થ જ્ઞાન થઈને...**' પરમાર્થનયથી. અર્થાત્ પાઠમાં તો એમ છે, '**भूतार्थपरिग्रहेण**'. વસ્તુ જે જ્ઞાયક ચૈતન્યસ્વભાવ ભૂતાર્થ નામ અસ્તિ પદાર્થ મહાપ્રભુનું '**परिग्रहेण**' સમસ્ત પ્રકારે અનુભવ કરીને. સમજાણું કાંઈ? '**भूतार्थपरिग्रहेण**' એક સમયમાં ટંકોત્કીર્ણ જ્ઞાયક આનંદકંદ પરમાત્મા પોતે પરમાત્મા, એને ભૂતાર્થ કહે છે. છતી ચીજ મોજૂદગી મહાપ્રભુની. એનું '**परिग्रहेण**' સમસ્ત પ્રકારે અનુભવ કરીને. પરિ નામ સમસ્ત પ્રકારે ગ્રહણ કરીને.. ગ્રહણનો અર્થ જેવી ચીજ છે એવી શ્રદ્ધામાં, જ્ઞાનમાં લઈને.. આહા..હા..! સમજાણું કાંઈ?

'**भूतार्थपरिग्रहेण**' કહ્યું ને? અર્થમાં તો બે-ત્રણ અર્થ લીધા છે. પરમાર્થનય, શુદ્ધદ્રવ્યાર્થિક અને અભેદનય. એને ગ્રહણ કરીને. ગ્રહણ કરીને અર્થાત્ જે વસ્તુ એક સમયમાં ચિદાનંદ નિત્ય ધ્રુવ પ્રભુ છે તેને પર્યાયમાં જાણીને. ગ્રહણ કરીને નામ એ વસ્તુને ગ્રહણ કરવી એટલે? પર્યાયમાં એ વસ્તુ આવી નથી જતી. સમજાણું કાંઈ? પણ એક સમયની પર્યાયમાં અનુભવમાં એ આત્મા આવે છે. એક સમયની પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય છે એ અનુભવમાં થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભૂલ છે ઈ એક સમયની છે. અનાદિ ભલે અજ્ઞાન હો, પણ એક સમયનું અજ્ઞાન છે. બીજા સમયે બીજું, ત્રીજા સમયે ત્રીજું, પણ અજ્ઞાન તો એક સમયનું જ છે. આહા..હા..! એને પર્યાયબુદ્ધિ કહે છે. અને એ દૃષ્ટિ છોડીને ત્રિકાળીને ગ્રહણ કરવો. લ્યો, આ જૈનધર્મ. કોઈ પૂછે છે કે જૈનધર્મ કઈ રીતે થાય? આમ થાય છે. સમજાણું કાંઈ? જે ભગવાન આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે એને ગ્રહણ કરવો અર્થાત્ એનો અનુભવ કરવો અર્થાત્ એની સન્મુખ દૃષ્ટિ કરીને આત્માના આનંદનું વેદન કરવું. આહા..હા..! સમજાણું કાંઈ?

આમ થવાથી '**પરમાર્થનયના ગ્રહણથી...**' આ એક જ શબ્દ લીધો છે. મૂળ તો ભૂતાર્થ ગ્રહણ. આહા..હા..! કદી ત્રિકાળી સ્વભાવ સન્મુખ થયો નથી. એનો સ્વીકાર કર્યો નથી. આહા..હા..! એ તો કહ્યું હતુંને કાલે અને પહેલાં પણ. ૧૭-૧૮ ગાથા. ચંદુભાઈ! જ્ઞાનની પ્રત્યેક પર્યાયમાં વસ્તુ ત્રિકાળીનો જ અનુભવ થાય છે, ત્રિકાળી જ જણાય છે. આહા..હા..! ભગવાન આત્મા, એની એક સમયની ચાહે તો અજ્ઞાનની પર્યાય હો, પણ એ પર્યાય જ્ઞાનની

છેને? તો એને અજ્ઞાન કેમ કહ્યું? જ્ઞાનની પર્યાયમાં આખી ચીજ જ અનુભવમાં આવે છે, એમ દૃષ્ટિ નહિ કરીને પર્યાયને જાણનાર રહે છે, રાગને જાણનાર રહે છે એ જ મિથ્યાદૃષ્ટિ છે. નવરંગભાઈ! આવો નવો રંગ છે. આહા..હા..! પ્રભુ! તારી પ્રભુતાની મહત્તા, પર્યાયમાં મહત્તા તો આવે છે અનાદિથી, એમ કહે છે. આહા..હા..! કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક પર્યાય છે તો એમાં સ્વ તો આવે જ છે, છતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર નહિ હોવાથી દ્રવ્યનો અનુભવ એની દૃષ્ટિમાં આવતો નથી. પર્યાય ઉપર દૃષ્ટિ છે. એક સમયની અવસ્થા ને રાગ—વિકલ્પ ઉપર દૃષ્ટિ હોવાથી એ વસ્તુ જ્ઞાનમાં આખી આવે છે એ દૃષ્ટિ નથી એની પાસે. આહા..હા..! કહો. ભગવાન આત્મા પરિગ્રહેણ કહ્યુંને? તો એનો અર્થ કે એક સમયમાં આખી ચીજનું જ્ઞાન થાય છે. અ ચીજ પર્યાયમાં નથી આવતી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. બાપુ! આ તો વીતરાગના માર્ગ. આહા..હા..! દરબારમાં પ્રવેશ કરવો હોય તોપણ કેટલી તૈયારી હોય તો દરબારમાં જાય. હેં! ચક્રવર્તીના રાજમાં જવું હોય એના દિવાનખંડમાં સભા હોય ત્યાં કેટલી તૈયારી જોઈએ. આહા..હા..! આ તો ત્રણલોકનો નાથ અનંતગુણના દરબારથી ભરેલો પ્રભુ. થોડી ગુજરાતી આવી ગઈ. અનંતગુણ. સમજાણું કાંઈ? અનંતગુણનો સમાજ પ્રભુ આત્મા તરફ ઢળવું. એનું જ્ઞાન તો પર્યાયમાં થાય છે, છતાં એને દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી, પર્યાય ઉપર છે તો પર્યાયમાં જણાય છે એનો ખ્યાલ નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ આવી વાત છે. આહા..! મુદ્દાની રકમની વાત છે.

ખરેખર તો જ્ઞાનની પર્યાયમાં કે સમકિતની—શ્રદ્ધાની પર્યાયમાં શ્રદ્ધા જાણતી નથી. શ્રદ્ધાની પર્યાય સ્વ તરફ ઢળવાથી દ્રવ્યની શ્રદ્ધા થાય છે. શ્રદ્ધા થાય છે, એ જાણતી નથી. જાણે છે જ્ઞાનની પર્યાય; પણ શ્રદ્ધા પર તરફ જે અનાદિથી ઢળી છે પર્યાયમાં-રાગમાં-નિમિત્તમાં, એ શ્રદ્ધાને ત્રિકાળી તરફ ઢાળવી. એનો અર્થ ઈ થયો કે વર્તમાન શ્રદ્ધા અંદરમાં આમ જાય છે તો દ્રવ્ય જ એની શ્રદ્ધામાં આવે છે. 'આ દ્રવ્ય છે' એમ પણ નથી ત્યાં તો. શ્રદ્ધામાં ક્યાં છે? શું કહ્યું સમજાણું? 'આ પદાર્થ છે' એમ શ્રદ્ધામાં જ્ઞાન ક્યાં છે? શ્રદ્ધાની પર્યાય અંતર્મુખ વળી તો એનો અર્થ જ ઈ થયો કે એને દ્રવ્યની શ્રદ્ધા થઈ. પૂર્ણાનંદના નાથનો શ્રદ્ધાએ સત્કાર કર્યો, બસ. ખ્યાલ નથી કે આ દ્રવ્ય છે અને હું શ્રદ્ધા કરું છું. સમજાણું કાંઈ? આહા..હા..! ખ્યાલ તો સાથે અનુભૂતિ છે એમાં ખ્યાલ આવે છે. સમજાણું કાંઈ? આહા..હા...! આ વસ્તુ તો જુઓ, લોકોને આવી વાત એકાંત લાગે છે. આહા..હા..! તપ ને વ્રત ને ક્રિયાકાંડ કરો, એનાથી થાય છે. સોનગઢવાળા એનો નિષેધ કરે છે એમ કરીને (આનો) નિષેધ કરે છે. પ્રભુ! સાંભળ તો ખરો, પ્રભુ! આહા..!

એ તો સવારે આવ્યું નહિ? ભાવપરિવર્તન. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ—પાંચનું પરિવર્તન. એમાં ભાવપરિવર્તનમાં અશુદ્ધભાવ આવી ગયો. અશુદ્ધભાવનું પરિવર્તન અનંતવાર થયું છે તો એમાં શુભભાવ આવ્યો. અશુદ્ધનો પેટા ભેદ—શુભ અને અશુભ. તો અનંત પરાવર્તન

ભાવનું કર્યું તો શુભભાવમાં અનંતવાર આવી ગયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! આમ તો શુભભાવ તો નિગોદમાં પણ થાય છે. અભવિને પણ નિગોદમાં થાય છે અને અહીંયા પણ થાય છે. ભવિને પણ અંદર ક્ષણે-ક્ષણે શુભભાવ (થાય છે). ઈ ચીજ શું છે? એ તો કર્મના સંગે ઉત્પન્ન થયેલો વિકાર છે. તો એવો ભાવ તો નિગોદ એકેન્દ્રિય જીવમાં (પણ થાય છે).

લસણની એક કણી લે. એમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ છે. પ્રત્યેક જીવને ક્ષણે શુભ ને અશુભ, શુભ ને અશુભ થયા જ કરે છે. એક ક્ષણે શુભ અને બીજી ક્ષણે અશુભ, ત્રીજી ક્ષણે શુભ, ચોથે અશુભ. ઓ..હો..હો..! સમજાણું કાંઈ? એ કોઈ ચીજ નવી નથી, એ ચીજ કોઈ અપૂર્વ નથી. સમજાણું કાંઈ? નિમયસારમાં તો એક કળશમાં એમ કહે છે, કથનમાત્ર એવો જે વ્યવહારરત્નત્રય એ પણ અનંતવાર કર્યો. નામમાત્ર વ્યવહાર છેને. સમજાણું કાંઈ? એમ અનંતવાર વ્યવહારરત્નત્રય (કર્યા). કથનમાત્ર. વ્યવહાર છેને તો કથનમાત્ર ત્યાં કહ્યું. એવો વ્યવહારરત્નત્રય પણ અનંતવાર ભવમાં કર્યા, પ્રભુ!

પણ એ ભવની પર્યાયમાં જે દૃષ્ટિ છે ભાવ ઉપર એ દૃષ્ટિ ગુલાંટ ખાઈ છે, પલટો ખાય છે. એ પર્યાય અંદરમાં જાય છે તો એનો અર્થ એ થયો કે શ્રદ્ધાની પર્યાયનું ધ્યેય સામાન્ય છે. આ સામાન્ય છે અને હું શ્રદ્ધા કરું છું એમ ન આવ્યું, પણ શ્રદ્ધા એ બાજુ ઢળી તો સામાન્ય તરફ જ ઢળી ગઈ છે. સમજાણું કાંઈ? આ વાત. આહા..હા..! આ પલટો ખાવો એ ચીજ અલૌકિક છે. બાકી તો બધું ઠીક છે. જાણપણું હો, રાગની મંદતા હો. હો, એ તો અનાદિથી છે.

ઈ કહે છે, '**પરમાર્થનયના ગ્રહણથી...**' આહા..હા..! એ દર્શનમોહનો નામ મિથ્યાત્વનો નાશ કઈ રીતે થાય છે? કે ભગવાન પૂર્ણાનંદ તરફ ઢળવાથી જે ભૂતાર્થનો અનુભવ થયો એ અનુભવથી મિથ્યાત્વનો નાશ થાય છે. સમજાણું કાંઈ? કોઈ કષાયની મંદતાથી મિથ્યાત્વનો નાશ થાય એવી વસ્તુ નથી. કષાયની મંદતા થાય તો મિથ્યાત્વમાં અને અનંતાનુબંધીમાં રસ થોડો હોય છે, એવો તો સિદ્ધાંત છે. શું કહ્યું? જ્યારે મંદ કષાય હોય ત્યારે અનંતાનુબંધી અને મિથ્યાત્વ—દર્શનમોહનો રસ થોડો છે. થોડો રસ એ કોઈ ચીજ નથી. અભવિને પણ શુભભાવ વખતે અનંતાનુબંધી અને મિથ્યાત્વમાં રસ મંદ હોય છે. મંદ અને તીવ્ર કોઈ ચીજ નથી, એ તો પર છે. સમજાણું કાંઈ? તો શુભ વખતે મિથ્યાત્વમાં રસ મંદ થાય, પણ મિથ્યાત્વનો નાશ એનાથી નથી થતો. એ તો પોતે જ મંદ રસનું કારણ છે. બંધનમાં મંદ રસની મંદ સ્થિતિ-થોડી સ્થિતિનું કારણ એ શુભભાવ છે. આહા..હા..! એ શુભભાવ આત્માના સ્વરૂપ સન્મુખ થવામાં મદદ કરે, આ મોટી ગડબડ અત્યારે (ચાલે છે), ભાઈ! ભાઈ! અનંત તીર્થંકરોનો માર્ગ આવો છે. અરે..! એ તો વસ્તુની મર્યાદા જ એવી છે. તીર્થંકરે કહ્યું એ કંઈ ઘરનું કહ્યું નથી. જેવી વસ્તુની સ્થિતિ છે એવી જાણી, એવું કહ્યું. આહા..હા..!

એ કહ્યું, 'परिग्रहेण' **'દર્શનમોહનો નાશ થઈને એકવાર યથાર્થ જ્ઞાન થઈને...'** આહા..હા..! આચાર્યની શૈલી એવી છે કે જો એકવાર અનુભવ થયો પછી બંધન કઈ રીતે થાય? આહા..હા..! અહીંયા તો દિગંબર સંતોની આવી શૈલી છે. પડી જશે ને આમ ને તેમ ઈ વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સ્વરૂપની સાવધાનીમાં અનુભવના કાળમાં દર્શનનો—મિથ્યાત્વનો નાશ થાય છે તો દર્શનમોહનીય પણ એને કારણે નાશ થવાની લાયકાતથી (નાશ) પામે છે. પણ એકવાર જો આમ થયું... આહા..હા..! પછી પંડિતજીએ એનો અર્થ કરવો પડ્યો, ક્ષાયિકસમકિત. બાકી આચાર્યનું જોર તો આ છે. સમજાણું કાંઈ? આચાર્યનું જોર તો આમ છે કે એકવાર સ્વરૂપ તરફની દૃષ્ટિ થઈ એ દૃષ્ટિ હવે કદી નહિ પડે. એવી વાત છે. સમજાણું કાંઈ? ભલે પહેલા ઉપશમ હો અને પછી ક્ષયોપશમ થાય, પણ એ ક્ષયોપશમ સમકિત કદી પડશે નહિ. આહા..હા..! દ્રવ્યનો અભાવ થાય તો ક્ષયોપશમસમકિતનો અભાવ થાય એમ કહે છે. એટલું જોર છે. શૈલી તો જુઓ સંતોની! આહા..હા..!

અબંધસ્વરૂપ ભગવાન આત્મા દૃષ્ટિમાં આવ્યો ત્યાં તો મિથ્યાત્વનો—દર્શનમોહનો નાશ થયો. મિથ્યાત્વનો ભાવ, દર્શનમોહ કર્મ. તો અહીં તો આચાર્ય ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે, આહા..હા..! અમૃતના નાથનો અનુભવ થયો એ અમૃતના નાથને હવે બંધન કેમ થાય? આહા..હા..! મિથ્યાત્વ ગયું પછી સમ્યક્ત્વ થયું એને બંધન કેવું? અલ્પ બંધન રાગથી થાય છે તેને અહીં ગણતા નથી. જે બંધનમાં અનંત સંસાર વધે કે અનંત સંસાર થાય એના બંધનને બંધન કહે છે. મિથ્યાત્વ ગયું, સમ્યગ્દર્શન થયું પછી અલ્પ રાગાદિનો અનુભાગ અને રસ, સ્થિતિ થોડી પડે તેને ગણવામાં નથી આવતા. એ આવ્યા એ પણ ઝરવા માટે-ટળવા માટે આવ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા પોતાના સ્વરૂપનો અનુભવ કરવાથી મિથ્યાત્વનો—દર્શનમોહનો, દર્શનમોહ કર્મ અને મિથ્યાત્વ ભાવ, બેયનો નાશ થાય છે. કર્મનો નાશ એનાથી થાય છે એમ કહેવું એ વ્યવહાર છે. કેમકે કર્મની પ્રકૃતિમાં અકર્મરૂપ થવાની એની પર્યાયનો કાળ જ હતો. સમજાણું કાંઈ? અહીંયા સમ્યગ્દર્શન થયું માટે કર્મની પ્રકૃતિના પરિણમનને બદલાવું પડે એમ નથી. એ કર્મની પ્રકૃતિ બદલવાની લાયકાતવાળી થઈ તો બદલાઈ ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવો માર્ગ ક્યાં પ્રભુ? જો તો ખરો. કહે છે, એકવાર જાગ્યો, ઓહો..! એ જાગ્યને હવે અંધકાર કેમ થાય? આહા..હા..! આચાર્યનું એટલું જોર છે, હોં! જુઓ,

**'એકવાર યથાર્થ જ્ઞાન થઈને... ફરી મિથ્યાત્વ ન આવે.'** પછી ક્ષાયિકસમકિત નામ નાખવું પડ્યું. ક્ષાયિકસમકિત અત્યારે તો મુનિને છે નહિ. આચાર્ય તો એમ કહે છે. જોડણી ક્ષાયિક. પછી બહુ ન લીધું. લોકોને બેસવું કઠણ, બાપુ! સમજાણું કાંઈ? વ્યક્તિગતની વાત બેસવી કઠણ અને તત્ત્વની વાત બેસવી કઠણ. અહીંયા કહે છે કે એકવાર યથાર્થ જ્ઞાન (થયું), જ્ઞાનની દૃષ્ટિ ખીલી ગઈ... આહા..હા..! કમળ જે સંકોચાયેલું હતું ઈ ખીલી ગયું પછી એનો

સંકોચ કઈ રીતે થાય? આહા..હા..! થાય? કમળ ખીલી ગયું પછી સંકોચ થાય? સમજાણું કાંઈ? કળી હોયને કળી? ફૂલની કળી. શું કહે છે? કળી સંકોચાયેલી હોયને. હવે એ ક્યારેય સંકોચાય? આહા..! એવું અહીંયા જોર આપ્યું છે. રાજેન્દ્રજી! આહા..હા..! પ્રભુ! તું એકવાર ખીલી ગયો, મિથ્યાત્વમાં સંકોચ હતો. પરિણમનની સંકોચ દશા હતી એ જ્યાં સમ્યગ્દર્શન થયું... આહા..હા..! એ સંકોચમાંથી વિકાસ થયો. અરે..! કમળનો વિકાસ થયા પછી એ ક્યારેય સંકોચાય? પ્રભુ! એમ જ્યાં તારી ચીજ—કમળ ખીલી ગયું... આહા..હા..! ચંદુભાઈ! જોર તો જુઓ, એ નવરંગભાઈ! હજી બીજા આવવાના છે પછી. આ બે તો વહેલા આવ્યા રાજકોટથી. શું કહે છે? પછી ટીકાકારને ખુલાસો કરવો પડ્યો કે ક્ષાયિકસમકિત. સમજ્યા? ભાઈ! વસ્તુ આમ છે. આચાર્યના અભિપ્રાયમાં આ વાત છે. આહા..હા...!

પ્રભુ! સંકોચ થતા-થતા અક્ષરના અનંતમા ભાગે પર્યાય રહી જાય છે. વસ્તુ તો વસ્તુ છે. વસ્તુમાં સંકોચ વિકાસ થતો નથી. એ તો પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ ટંકોત્કીર્ણ આનંદકંદ અને જ્ઞાનરસ, જ્ઞાનરસ, આનંદરસ સ્વરૂપી ધ્રુવ છે એ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? પણ અક્ષરના અનંતમા ભાગે જે વિકાસ હતો એ પણ અજ્ઞાન હતું. આહા..હા..! અને અહીંયા મનુષ્યપણે આવ્યો અને નવ પૂર્વની લબ્ધિ થઈ, અગિયાર અંગનું મિથ્યાત્વમાં જ્ઞાન થયું તો પણ એ તો અજ્ઞાન હતું. એ વસ્તુ ખીલી નહિ. સમજાણું કાંઈ? વસ્તુ ખીલી નહિ. ખીલી સમજ્યા? વિકાસ ન થયો. આહા..હા..! પ્રભુ! તું એવી વસ્તુ છો... આહા..હા..! કે એકવાર પણ સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદના નાથની શ્રદ્ધા થઈ અને સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં પૂર્ણાનંદનો અનુભવ થયો, હવે એ વિકાસ થયો એ સંકોચ ન પામે, પ્રભુ! કળી ખીલે અને સંકોચ ન પામે અને તું ત્રણલોકનો નાથ...! આહા..હા..! સમજાણું કાંઈ? એ વળી દાખલો મગજમાં આવી ગયો. આ ફેરી જ કળીનો દાખલો આવ્યો. ઈ દૃષ્ટાંત કોઈ દી નથી આપ્યો, આટલા વર્ષોમાં નથી આપ્યો. આ તો એમનો અભિપ્રાય આ હતો એમાં કળીનો દૃષ્ટાંત આવી ગયો. હિંમતભાઈ! આહા..હા..! કોણ કરે? આવે છે અંદરથી. જુઓ તો ખરા પ્રભુની વાત. આહા..હા..! કળી જેવી ચીજ એકેન્દ્રિય જીવ અભવિ પણ એમાં હો, અને એ ખીલે છે તો જિંદગીમાં ખીલેલી સંકોચ થઈ જાય (એમ નથી બનતું). સમજાણું કાંઈ?

એ મોટી ચર્ચા થઈને? ઓલા સાથે. કોણ નહિ? ભિંડ.. ભિંડ. નંદલાલ. નંદલાલ બ્રહ્મચારી અહીંયા (સંવત) ૧૯૯૯ની સાલમાં, આઠ દિવસ રહ્યા હતા. નંદલાલ બ્રહ્મચારી નહિ? તમારા ગામના છે ને? ભિંડના. અહીં રહ્યા હતા તો એમ ચર્ચા થયેલી કે સમ્યગ્દર્શન થયા પછી પડે તોપણ એના જ્ઞાનનું અજ્ઞાન નથી થતું. એની માટે ચર્ચા થયેલી. ખબર છે? ખુબ ચર્ચા થયેલી. એમ ન બોલો, પ્રભુ! એમ ન કરો. એમ કે સમ્યગ્દર્શન થયા પછી અજ્ઞાન થઈ જાય તોપણ એ સમ્યગ્દર્શનની દશા હિણી નથી પડતી. અહીં આ કહે છે ઈ નહિ. એ તો વસ્તુ સ્વરૂપ (એવું છે). સમ્યગ્દર્શન (થયા પછી) અજ્ઞાનમાં જાય તો સંસાર પરિત થઈ

ગયો છે. આહા..હા..! નિગોદમાં જાય તોપણ સંસાર પરિત થઈ ગયો છે, છે અજ્ઞાન. પરિત સંસાર થઈ ગયો માટે ત્યાં જ્ઞાન છે એમ નહિ.

અહીંયા તો બીજી રીતે કહ્યું છે. આહા..હા..! વાહ પ્રભુ વાહ! શું કહે છે આ? ત્રણલોકનો નાથ જ્યાં અનુભવમાં આવ્યો અને પર્યાયમાં જે સંકોચ હતો એ સંકોચ પર્યાયમાં વિકાસ થયો. એ સ્વભાવનો વિકાસ થયો, હોં! નવ પૂર્વ અને અગિયાર અંગના જ્ઞાનમાં સ્વભાવનો વિકાસ નહોતો. સમજાણું કાંઈ? આહા..હા..! સ્વસંવેદનમાં જ્યાં જ્ઞાન પ્રગટ થયું, સ્વ— પોતાનું પોતાથી પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન થયું તો એ જ્ઞાન વિજ્ઞાન થઈ ગયું. એ તો આવે છે કે નહિ? ચૌદમી ગાથા. થોડું પણ જ્ઞાન એ વિજ્ઞાન છે. એ વિજ્ઞાન છે અને નવ પૂર્વ અને અગિયાર અંગનું જ્ઞાન પણ અજ્ઞાન છે. આહા..હા..! ભગવાન ત્રણલોકનો નાથ જ્યાં પરની અપેક્ષા રાખ્યા વિના રાગની નિમિત્તતાની અપેક્ષા રાખ્યા વિના ત્રણલોકના નાથની વાણી સાંભળી છતાં એની અપેક્ષા રાખ્યા વિના,... આહા..હા..! દિવ્યધ્વનિથી પણ જ્ઞાન નથી થતું. એ તો પહેલાં આવી ગયું છે, પરમાત્મ પ્રકાશ. દિવ્યધ્વનિથી સમ્યક્જ્ઞાન નથી થતું. એ જ્ઞાન જે સમ્યક્ ચીજ છે એનો વિકાસ નથી થતો. દિવ્યધ્વનિના જ્ઞાન વખતે જ્ઞાનનો વિકાસ થાય છે, પણ એ તો પરલક્ષીજ્ઞાન છે, એ જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓ..હો..હો..! શું સંતોની વાણી! આવી વાણી ક્યાંય વાણી નથી દિગંબર સિવાય. આહા..હા..! એનો આત્મા કબુલે. ઓ..હો..હો..! નાથ! તારી વાણી તો જો!

'ચિદાનંદ ભૂપાલકી રાજધાની'. જિનવાણી અને જિનવાણીનો ભાવ. 'ચિદાનંદ ભૂપાલકી રાજધાની'. ચિદાનંદ એવો ભૂપાલ નામ આત્મરાજા. આહા..! એની રાજધાની ભગવાનની પર્યાય. આહા..હા..! વીતરાગની વાણી રાજધાની કહી પણ એની વાણીમાં કહેલું વાચ્ય એ રાજધાની છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'એકવાર યથાર્થ જ્ઞાન થઈને...'** આહા..હા..! પ્રભુ! તને એની પ્રતીત આવતી નથી. મારી ચીજ આવી છે કે હું એકવાર પરની અપેક્ષા છોડીને અનુભવ કર્યો, બસ! વિકાસ થયો તે થયો. એ વિકાસ કદી સંકોચ પામતો નથી. સંકોચ નથી પામતો અર્થાત્ અજ્ઞાન નથી થઈ જતું એમ કહે છે. એ અજ્ઞાન કહે છે એ બીજી વાત કે સમ્યગ્દૃષ્ટિ અજ્ઞાન થઈને ત્યાં જ્ઞાન રહે છે એ વાત નથી અહીંયા. અહીંયા તો સમ્યગ્દૃષ્ટિને અજ્ઞાન થતું જ નથી એમ વાત છે. આહા..હા..! પ્રભુ! તારી કળા તેં ખીલવી, એ ખીલેલી કળા હવે ક્યાં જાય? આહા..હા..! આમ વાત છે. તીર્થંકરનું સમકિત અપડિવાહી હોય છે. ભલે ક્ષયોપશમસમકિત હોય. કેટલાક તીર્થંકર તો ક્ષયોપશમ લઈને આવે છેને. બધા કંઈ ક્ષાયિક લઈને નથી આવતા. પણ એ ક્ષયોપશમ સમકિત ક્ષાયિક પ્રાપ્ત થયે છૂટકો. અને એના ક્ષયોપશમમાં ક્ષાયિક પામવું, બીજાને તો કેવળી અને તીર્થંકરની સમીપ હોય તે કાળે ક્ષાયિકસમકિત પામે છે, આ તીર્થંકરને એની જરૂર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના ક્ષયોપશમમાંથી ક્ષાયિક પોતાના આત્માની સમીપમાં થાય છે. આહા..હા..! એ તો જેને

ક્ષયોપશમસમકિત છે અને ભગવાનના ચરણમૂળમાં, કેવળીના ચરણમૂળમાં ક્ષાયિક થાય છે, એને પણ એના આશ્રયે થાય છે, પણ ત્યાં નિમિત્તની ઉપસ્થિતિ છે એમાં પોતાનો પુરુષાર્થ સ્વભાવસન્મુખ કરે છે તો એને ક્ષાયિક થાય છે. નિમિત્તથી થાતું હોય તો ક્ષયોપશમસમકિતી સભામાં હજારો હોય છે, બધાને ક્ષાયિક નથી થતું. સમજાણું કાંઈ? આહા...હા..!

એ પ્રશ્ન આવ્યો છે, ૪૭માં—ઉપાદાન-નિમિત્તમાં. ઉપાદાન-નિમિત્તના (દોહરા) નથી? ભાઈ! ભગવાનની સમીપ સમકિત થાય છે. તમે કેમ નિમિત્તનો નિષેધ કરો છો? અરે..! ભગવાનની સમીપે થાય તો ક્ષયોપશમસમકિતી ઘણા પડ્યા છે. બધાને કેમ ન થયું? જે પોતા સન્મુખ પુરુષાર્થ કરે છે તેને થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! આ જુઓને વાત! એ વળી કળીના દૃષ્ટાંતે (વાત કરી). એ આજ જ અંદરથી આવ્યું છે.

**શ્રોતા :—** સ્વાધ્યાય મંદિરની પાટમાં કમળ છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બેનને આપ્યું છેને. બેનને ભેટ આપ્યું છે. આહા..હા..! એ ખીલેલા.. કમળ ખીલ્યા ઈ હવે સંકોચ પામે? સંકોચાઈને સંકોચાઈને ભલે સૂકાઈ જાય. આ તો સૂકાય નહિ એવી વસ્તુ છે.

ત્રણલોકનો નાથ જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ ભગવાન આત્મા.. આહા..હા..! એનો પર્યાયમાં અનુભવ કર્યો. અનુભવ તો પર્યાયમાં થાય છેને? કંઈ દ્રવ્યમાં અનુભવ નથી થતો. દ્રવ્યનો અનુભવ નથી થતો. પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય છે, પણ દ્રવ્યનો અનુભવ નથી થતો. ધ્રુવનો અનુભવ કદી નથી થતો. આહા..હા..! સમજાણું કાંઈ? એ અનુભવની પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થયું, દ્રવ્યની શ્રદ્ધા થઈ તો કહે છે કે દ્રવ્યનો નાશ થાય તો ક્ષયોપશમસમકિતનો નાશ થાય. આહા..હા..! જોર ત્યાં આપ્યું છે. ઓહો..હો..! વસ્તુ ત્રિકાળી ચૈતન્ય ભગવાન એનો અનુભવ એકવાર પણ થયો.. ઓલું અનંતવાર થયું એની સાથે મેળવે છે. ઓલું ભાઈએ કીધુંને અનંતવાર એની સામે એક કહે છે. શુભભાવ અને અશુભભાવના કર્તાપણે અજ્ઞાનથી અનંતવાર થયું. આહા..હા..! સમજાણું કાંઈ? આ એકવાર થાય તો ખલાસ થઈ જાય. શૈલી એમ લીધી. સમજાણું કાંઈ?

અજ્ઞાનમાં રાગનું અભિમાન 'રાગ હું છું, હું કરું છું' એ તો પર્યાયમાં અનાદિથી અનંતવાર થયું. પર્યાયદીઠ પર્યાયમાં અહંકાર કરતાં-કરતાં એમ અનંતવાર થયું. આહા..હા..! પણ ભગવાન આત્માનો જ્યાં અનુભવ થયો.. આહા..હા..! એને ઓલું અનંતવાર કર્યું તો આ થતાં એકવારમાં ખલાસ થઈ ગયું. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! આ તો વીરાના માર્ગ છે, બાપા! આ કાયરના કામ નથી. આહા..હા..! 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ' શ્રીમદ્ રાજચંદ્ર કહે છે. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ' વીતરાગભાવ પર્યાયમાં. આહા..હા..! 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસમૂળ, ઔષધ જે ભવરોગના...' ભવના રોગના ઔષધ છે. આહા..હા..! એ આવે છે. જિનવાણી વિષયને રેચ લગાવી દે છે-વિષય પ્રત્યેનો પ્રેમ

ઊડાડી દે છે. જિનવાણીમાં આવે છે નિયમસારમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

વીતરાગની વાણી, વાણી એટલે કે એમાં કહેલો ભાવ એ ઔષધ છે. આહા..હા..! વિષયનો રેચ થઈ જાય, વિષયનો પ્રેમ છે એ બધો ઊડાડી દે છે. ભલે પછી લાખો-કરોડ વર્ષ સુધી સ્ત્રીના સંગમાં હોય. ઋષભદેવ ભગવાનને ત્રણ જ્ઞાન અને ક્ષાયિકસમકિત હતું. ૮૩ લાખ પૂર્વ રહ્યા. છેલ્લે પછી એક લાખમાં.. આમ (સીમંધર પ્રભુને) તો કરોડ પૂર્વ કહે છે. આ ૮૪ લાખ છે. ભગવાનને તો કરોડ પૂર્વ છે. હા. એ શ્વેતાંબર લોકો ૮૪ લાખ કહે છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે.

એ જ્યારે મુનિ થયા ત્યારે ૮૩ લાખ પૂર્વમાં એક લાખ પૂર્વ બાકી રહ્યા ત્યારે સાધુ થયા. તે પહેલા તો સમકિતી રહ્યા. આહા..હા..! ત્રણ જ્ઞાન. પણ એનો અર્થ ઈ છે કે એ સમકિત પડતું નથી અને એને જ્યારે જાતિસ્મરણ થાય છે.. ત્રણ જ્ઞાન અને સમકિત લઈને તો પ્રભુ પધારે છે માતાના પેટમાં. આહા..હા..! પણ જ્યારે તેમને દીક્ષિત થવાનો કાળ આવે છે ત્યારે જાતિસ્મરણ થાય છે પ્રત્યેક તીર્થંકરને. એ જાતિસ્મરણ થતાં એકદમ.. અવધિજ્ઞાનમાં તો ઉપયોગ દેવો પડે. જાતિસ્મરણમાં તો પ્રત્યક્ષ દેખાય, ઉપયોગ દેવો પડે જ નહિ. આહા..હા..!

**શ્રોતા :—** જાતિસ્મરણનું શાસ્ત્રમાં આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આવે છેને, શાસ્ત્રમાં છે, હરિવંશપુરાણમાં. બધાને જાતિસ્મરણ થાય છે. હરિવંશપુરાણમાં તો વિશેષ લીધું છે કે દરેકને આઠ વર્ષે પંચમ ગુણસ્થાન થાય છે. એવી વાત આવે છે. અત્યારે તો આ વિષય છે. સમજાણું કાંઈ? એ બધા તીર્થંકરોને જાતિસ્મરણ મુનિ થયા પહેલાં થાય છે. ત્યારે એમને વૈરાગ્ય વધી જાય છે અહીંયા મારે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઋષભદેવ ભગવાન જુઓને! સિંહાસન ઉપર બેઠા હતા. ઈન્દ્ર (દેવી) લઈને આવ્યા. એવી એક દેવી લાવ્યા કે જેની સ્થિતિ ત્યાં પૂરી થવાની હતી. આહા..હા..! એ બધી દેવીઓ નાચતી હતી એમાં એક દેવી ઊડી ગઈ, ખલાસ થઈ ગઈ. આયુષ્ય પૂરું થઈ ગયું. જોનાર તો ઘણા હતા. ભગવાનને તો એકદમ વૈરાગ્ય. આહા..હા..! સમકિત તો હતું પણ એકદમ વૈરાગ્ય થઈ ગયો. વૈરાગ્ય થઈને એકદમ જાતિસ્મરણ થઈ ગયું અને એકદમ દીક્ષા લેવાનો ભાવ થયો. પછી કાંઈક વર્ષીતપ કહે છેને શ્વેતાંબરમાં? દીક્ષાનો ભાવ થયો પછી એક વર્ષ વર્ષીદાન દે છે અને પછી દીક્ષા. અરે..! એ વૈરાગ્ય આવ્યો એ વર્ષીદાન દેવા રોકાય કેમ? સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં એમ છે. અનંત તીર્થંકરોને વૈરાગ્ય થાય છે દીક્ષા લેવાનો, પછી એક વર્ષ દાન દે છે. દાન દે છે, પછી દીક્ષા લે છે. એ બધી કલ્પીત વાતું છે. આ તો ત્રણલોકના નાથની વાણી છે, બાપા! આકરું લાગે દુનિયાને. શું થાય? હવે એવા જીવો જેને ભાન નથી, એવા ટીકા કરે. એની ટીકાની મહત્તા કેટલી? જેને વસ્તુની જ ખબર

નથી હજી, એ ટીકા કરે અહીંની એની કિંમત કેટલી? આહા..હા..!

કહે છે, કેટલું ભર્યું છે, જુઓ, ઓહો..હો..! '**યથાર્થ જ્ઞાન થઈને... ઊપજે તો ફરી મિથ્યાત્વ ન આવે.**' એમ લેવું. પછી આણે જરી ક્ષાયિકસમકિત લીધું. બાકી તો એ ક્ષાયિકને પહોંચી વળે એવી ચીજ છે ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો ૯૨ ગાથામાં, ૩૮ ગાથામાં નથી આવ્યું? બે વાર. ૩૮ ગાથા સમયસાર, ૯૨ ગાથા પ્રવચનસાર. અમારા અંદરમાં અનુભવથી જે આગમજ્ઞાનથી અને અનુભવથી એકવાર અનુભવ થયો એ ફરી અમે પડશું નહિ. વમી નાખ્યું અમે મિથ્યાત્વને. વમન કૂતરા ખાય, મનુષ્ય ન ખાય. આહા..હા..! અમે આત્મા છીએ. '**ज्ञायते इति मनुष्यः**'. ગોમ્મટસારમાં આવે છે. મનુષ્ય કોને કહીએ? જ્ઞાયતે-જાણે તેને મનુષ્ય કહીએ. આહા..હા..! '**ज्ञायते इति मनुष्यः**'. આહા..હા..! કહે છે કે એકવાર અમને જ્ઞાનભાવ થયો.. આહા..હા..! અને મિથ્યાત્વને વમી નાખ્યું એ વમન મનુષ્ય ન લે. એમ અમને એકવાર ભાન થયું, હવે પડશું નહિ. આહા..હા..! કેટલું જોર કઈ શૈલીએ આપે છે! સમજાણું કાંઈ?

'**ક્ષાયિકસમ્યક્ત્વ ઊપજે તો ફરી મિથ્યાત્વ ન આવે. મિથ્યાત્વ નહિ આવતાં મિથ્યાત્વનો બંધ પણ ન થાય અને મિથ્યાત્વ ગયા પછી સંસારનું બંધન કઈ રીતે રહે?**' દેખો, મિથ્યાત્વ એ જ બંધન છે. મિથ્યાત્વ એ જ મહા આસ્રવ છે. પ્રમાદ આદિ તો પછી અલ્પ છે. સમયસાર નાટક. સમયસાર નાટક હિન્દીનું ગુજરાતી થયું છે ભાઈ ક્યાંય? કે પહેલા આ જ આવ્યું છે? સમયસાર નાટકનું ગુજરાતી. ખેતાણીએ કર્યું છે?

**શ્રોતા :—** આ બીજી આવૃત્તિ છે. પહેલી આપણે બહાર પાડી હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આપણે પાડી હતી? ગુજરાતી એમ ને. કોના તરફથી? ઠીક હા. આજે આવી છે ગુજરાતી બીજી ભાઈ તરફથી. સમયસાર નાટક આવ્યા છે. ગુજરાતી. ગૌતમલાલ, જેઠાલાલ એમના તરફથી સવિતાબેન લાવ્યા. પહેલું ગુજરાતી થઈ ગયું છે એમ ને? એ થઈ ગયું છે. સમયસાર નાટક. હિન્દી તો છેને. હવે ગુજરાતી થઈ ગયું. ગુજરાતી શબ્દ બધા. પહેલા થયું અને અત્યારે પણ આવ્યું છે. આહા..હા..!

અહીં કહે છે, '**બંધ પણ ન થાય અને મિથ્યાત્વ ગયા પછી સંસારનું બંધન કઈ રીતે રહે? ન જ રહે અર્થાત્ મોક્ષ જ થાય...**' આહા..હા..! શક્તિરૂપ સ્વભાવનો-મોક્ષનો અનુભવ થયો એને વ્યક્તિરૂપ મોક્ષ થશે જ. પડવા-ફડવાની ક્યાં વાત કરે છે? સમજાણું કાંઈ? '**એમ જાણવું.**'

'**ફરીને વિશેષતાથી કહે છે :—**' શ્લો. ૫૬.

आत्मभावान्करोत्यात्मा परभावान्सदा परः।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते।।५६।।

'**શ્લોકાર્થ :— આત્મા તો સદા પોતાના ભાવોને કરે છે...**' કાં શુદ્ધ ચૈતન્યના

પરિણામ કરે કાં અશુદ્ધ ચૈતન્યના પરિણામ કરે, પણ પોતાના ભાવને કરે. સમજાણું કાંઈ? કાં શુદ્ધચેતના સમ્યગ્દર્શન-જ્ઞાનને કરે અને કાં મિથ્યાત્વ આદિ રાગ-દ્વેષનો કર્તા થાય, પણ પોતાના ભાવને કરે. '**પરદ્રવ્ય પરના ભાવોને કરે છે;...**' આહા..હા..! અને કર્મ જે પરદ્રવ્ય છે એ પોતાના ભાવ—બંધનના ભાવને પરદ્રવ્ય કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છ કારણ જે છે જ્ઞાનાવરણીય બંધનનું કારણ.. પંડિતજી! છ કારણ. એ તત્ત્વાર્થસૂત્ર. સંસ્કૃતના પ્રોફેસર છેને. નિહ્નવ આદિ છ બોલ છે જ્ઞાનાવરણીય બાંધવાના. છ કારણથી જ્ઞાનાવરણીય બંધાય છે. પણ કહે છે કે એ છ કારણના પરિણામનો કર્તા આત્મા હો. સમજાણું કાંઈ? પણ છ કારણે જ્ઞાનાવરણીય બંધાય એ બંધનો કર્તા આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બીજી વાત. શોડશકારણ ભાવના ભાવનો કર્તા પરિણમન આત્માનું હો, પણ તીર્થંકરપદ બંધાય એ બંધની પર્યાયનો કર્તા આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શોડશકારણ ભાવના ભાય... આવતું નથી?

**શ્રોતા :—** દર્શવિશુદ્ધિ ભાવના ભાય સોલહ તીર્થંકરપદ પાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** તીર્થંકર પદ પાય. એ તો શુભભાવ છે. ષોડશકારણ ભાવના એ તો શુભભાવ છે. જ્ઞાનીને કર્તાબુદ્ધિથી શુભભાવ નથી થતો, પણ પરિણમનથી કર્તા થાય છે. શું કહ્યું એ? કે શુભભાવ કરવાલાયક છે એવી બુદ્ધિ તો સમકિતીને ઊડી જાય છે, પણ પરિણમન રહે છે એ અપેક્ષાએ કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તો એ શુભભાવના પરિણમનથી કર્તા જ્ઞાની પણ હોય, પણ એનાથી તીર્થંકર પ્રકૃતિ બંધાય એનો કર્તા આત્મા નથી. આહા..હા..! તીર્થંકર પ્રકૃતિ તો કર્મરૂપી પર્યાયમાં અકર્મરૂપ હતી, એમાં કર્મરૂપ પર્યાય થવાની પર્યાય તીર્થંકરપણે બંધાય છે. આત્મા એને બાંધે, એ ભાવને આત્મા કરે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે દયાભાવરૂપી ભાવનું જ્ઞાનીને પરિણમન હો. દયાભાવ છે તો હિંસા રાગ છે એટલે. જ્ઞાનીને એ રાગભાવનું પરિણમન હો, પણ એ રાગથી પરની દયા પાળી શકે કે પરના પરિણામ આત્મા કરી શકે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પોતાના ભાવોને...**' ત્યાં બેય લીધા છે કળશમાં. શુદ્ધ-અશુદ્ધભાવની પર્યાયને કરે. '**પોતાના ભાવો છે તે તો પોતે જ છે અને પરના ભાવો છે તે પર જ છે (એ નિયમ છે.).**' આહા..હા..! ભાષા બોલવાની જે પર્યાય છે એ પરનો ભાવ છે. એ પરમાણુ ઈ ભાવનો કર્તા છે. આત્મામાં બોલવાનો રાગ થાય, રાગરૂપ પરિણમન હોય, પરિણમનની અપેક્ષાએ કર્તા જ્ઞાનીને પણ કહેવામાં આવે છે. કરવાલાયક છે એ અપેક્ષાએ નહિ, પણ પરિણમનનો કર્તા એ અપેક્ષાએ કહેવામાં આવે છે; પણ એ પરિણમન થયું માટે ત્યાં આગળ કર્મપ્રકૃતિ બંધાણી, પરભાવની પ્રકૃતિ આત્મા ભાવથી બાંધે એમ છે નહિ. આહા..હા..! જુઓ, આવો વિવેક છે. પર તો પર જ છે. લ્યો.

'(**પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને એમ કહ્યું...**' કૌંસ. ખુબી જુઓ, અહીં પ્રશ્નકાર પૂછે છે. '(**પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને...**' કર્મબંધની પર્યાય હું કરું છું, પરની દયા હું પાળું છું, ભાષાની પર્યાય હું કરું છું એને '**અજ્ઞાન કહીને એમ કહ્યું કે જે એવું માને તે મિથ્યાદષ્ટિ છે;...**' આહા..હા..! સવારમાં આવ્યું હતું. સાધુ હોય, વ્રતધારી હોય પણ એ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? હું દેશસેવા કરું છું, પરનું દુઃખ ટાળવા માટે હું આહાર-પાણી દઈ શકું છું, કપડા દઈ શકું છું, ઔષધિ દઈ શકું છું, પરચીજને હું દઈ શકું છું એવા ભાવને કરનાર મિથ્યાદષ્ટિ છે. ધન્નાલાલજી! માર્ગ એવો છે. જન્મ-મરણ મટાડવાનો માર્ગ બહુ કઠણ છે. બહારમાં મઝા થઈ જાય માટે ત્યાં જન્મ-મરણ મટી જશે, કોઈ દયા, દાન કર્યા અને ભક્તિ-પૂજા કરી માટે (એમ નથી). જૈનદર્શન અલૌકિક વાત છે.

**શ્રોતા :—** કાંઈક કરવું તો પડશેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કરવો પડે વીતરાગભાવ. સાથે રાગ આવે છે, પણ એ કરવાલાયક છે એ અપેક્ષાએ નહિ. પરિણમનની અપેક્ષાએ રાગ થાય છે. ક્ષાયિકસમકિતી મુનિને પણ રાગ તો આવે છે. પરિણમનની અપેક્ષાએ કર્તા કહે છે, કરવાલાયકની અપેક્ષાએ કર્તા નથી. આહા..હા..!

**શ્રોતા :—** ધર્મના નામે કાંઈક કરવું તો પડશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું કરવું પડે? જ્ઞાતા-દૃષ્ટા થઈને રાગનું (જ્ઞાન) કરવું. એમાં રહી ન શકે તો રાગનું પરિણમન થાય છે. પરિણમન થાય છે એ અપેક્ષાએ કર્તા. ૪૭ નયમાં આવ્યુંને. પરિણમનની અપેક્ષાએ કર્તા કહે છે. ક્ષાયિકસમકિત મુનિને પણ. પણ એ કરવા લાયક છે એવી બુદ્ધિ નથી; અને રાગના પરિણમનનું ફળ બંધ છે. બંધનો કર્તા નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** જ્યાં સુધી વીતરાગ જ્ઞાતા-દૃષ્ટા નથી ત્યાં સુધી પ્રશસ્ત રાગનું પ્રવર્તન કરો એમ લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોણ કરે? જ્ઞાતા-દૃષ્ટા થયા પછીની વાત. એ વિના અજ્ઞાનીને શી વાત છે? અજ્ઞાની રાગ કરે છે એનો અહીં પ્રશ્ન છે જ નહિ. રાગનો કર્તા થાય એ તો મિથ્યાદષ્ટિ છે; પણ જ્ઞાનીને સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો પણ રાગ આવ્યા વિના રહેતો નથી, પૂર્ણ વીતરાગ ન થાય તો શુભભાવ આવે છે. એની રુચિ છૂટી ગઈ પણ અસ્થિરતા રહી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ તો તેજસ સમુદઘાત મગજમાં આવી ગયું. તેજસ સમુદઘાત કરે છેને સાધુ? કોઈ દુઃખી હોય, કોઈ દુકાળ હોય, તેજસ શરીર બનાવીને ત્યાં જાય છે તો એને એ વખતે નિમિત્ત કહેવામાં આવે છે. દ્રવ્યસંગ્રહમાં આવે છે. દ્રવ્યસંગ્રહમાં સમુદઘાત વખતે. સમજાણું

કાંઈ? અને સમુદઘાત પછી સંકલ્પ પણ લે છે. પણ બીજાને મારવા જાય એ તો તેજસલેશ્યા એને જ મારે છે. પરને મારી શકે નહિ, મરે કદાચ એનું આયુષ્ય પૂરું થયું હોય તો, પણ એ પછી એને મારે છે તેજસલેશ્યા. તેજસ.. આવે છેને? આહા..હા..! અંદર ભસ્મ કરી દે છે. આહા..હા..! અને એ જે કહ્યું દુકાળમાં જાય એ ભસ્મ ન કરે. દયાનો ભાવ છે ત્યાં. એમ પાઠ છે. સમજાણું કાંઈ? મારવાનો અને નુકસાન કરવાનો (ભાવ) એ તો પોતાને નુકસાન કરે છે. પણ પરની દયા.. એવો પાઠ છે. દયા આદિનો ભાવ આવી જાય, મુનિને પણ રાગાદિ આવી જાય બહુ દુઃખી જોઈને. સમજાણું કાંઈ?

આ જુઓને વિષ્ણુકુમારની કાલે વાત આવીને? પણ ત્યાં તો મુનિપણું છૂટી ગયું. કારણ કે વેષ પલટો કર્યો, વામન શરીર એવું બનાવ્યું અને ખોટું બોલ્યા, ત્રણ પગલા મને આપો. ત્રણ પગલા પૃથ્વી આપો. ત્રણ પગલા આપ્યા તો આમ માપી લીધું. કહે છે, એ તો ચારિત્રદોષ છે. સમકિતનો દોષ નહોતો એમને. આહા..હા..! સમજાણું કાંઈ? એવું હોય છે. સમકિત હોય. એમાં શું છે? ચારિત્રદોષ (છે). ચારિત્ર ન રહ્યું. સમજાણું કાંઈ? ત્યાં સુધી કહ્યું મંત્રીને પાપીષ્ટ! આવું કરે છે તું? આવ્યું છે એમાં. રાગ છેને જરી. દ્વેષ છે. એવું મુનિને, સંતોને એવી હલકી ચીજ .. સળગાવીને મનુષ્ય યજ્ઞ કરવો છે તારે? મહામુનિ શાંત અંતર આનંદમાં પડ્યા છે. આહા..હા..! ચારેકોર તેં અગ્નિ લગાડી. મુનિ તો અંદર ધ્યાનમાં, આનંદમાં છે. આહા..હા..! પાપીષ્ટ! આ શું કર્યું? છોડ નહિતર લાવ ત્રીજા પગલાની જમીન. ત્રણ પગલા છેને. બે પગલા માપ્યા તો આખો અઢી દ્વીપ આવી ગયો. ઓહો..હો..! બચાવો.. બચાવો... બચાવો... એવો વિકલ્પ તો આવે છે. સમકિતને હરકત નથી, એ ચારિત્રનો દોષ છે. સમજાણું કાંઈ? મુનિને એ કરવા લાયક નથી. મોક્ષમાર્ગમાં લીધું છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. એ મુનિને કરવાલાયક નથી, પણ એને મુનિની આવી દશા જોઈને વાત્સલ્ય થયું ગયું, તો એ અપેક્ષાએ વાત્સલ્યની પ્રશંસા કરે છે. નહિતર એ મુનિને યોગ્ય નથી. સમજાણું કાંઈ? અહીં તો કણ-કણનો ન્યાય થાય છે. આહા..હા..! એક પણ ન્યાય ફરે તો તત્ત્વ ફરી જાય છે. આહા..હા..!

અહીં કહે છે કે '**(પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને એમ કહ્યું કે જે એવું માને તે મિથ્યાદષ્ટિ છે; ત્યાં આશંકા ઊપજે છે કે—**' આશંકા હોં! શંકા નહિ. આપ કહો છો એ જૂઠું છે એમ નહિ, પણ મને સમજાણું નહિ. આશંકા એને કહે છે. મને સમજાણું નહિ, મહારાજ! તમારે શું કહેવું છે? શંકા—તમારી વાત જૂઠી છે એમ નહિ. આશંકા છેને? '**આશંકા ઊપજે છે કે આ મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે?**' મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષ વસ્તુ છે શું?

'**જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે તો પહેલાં રાગાદિ ભાવોને પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા...**' જો જીવના પરિણામ કહો તો તમે તો રાગાદિ પરિણામ જડના

છે એમ કહે છો, આત્માના નથી એમ કહ્યું છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! **'જીવના પરિણામ કહેવામાં આવે તો પહેલાં રાગાદિ ભાવોને પુદ્ગલના પરિણામ કહ્યા હતા...'** જીવ-અજીવ અધિકારમાં કહ્યું, કર્તા-કર્મમાં પણ આવ્યું. ૭૫ ગાથામાં આવ્યું. અંતરંગ રાગ છે એ આત્માનો નથી, જડ છે એ તો. આહા..હા..!

**'અને જો પુદ્ગલના પરિણામ કહેવામાં આવે...'** હવે આ એની સાથે પ્રશ્ન **'તો જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી તેમનું ફળ જીવ કેમ પામે?'** જો રાગ પુદ્ગલના પરિણામ કહેવામાં આવે તો એની સાથે સંબંધ નથી. તો એ રાગનું ફળ આત્માને દુઃખરૂપ કેમ આવે? સમજાણું કાંઈ? પોતાના કહો તો આપે પુદ્ગલના કહ્યા હતા અને પુદ્ગલના કહો તો આત્માને પુદ્ગલના પરિણામની સાથે સંબંધ છે નહિ, તો આત્માને કર્મનું ફળ રાગનું ભોગવવું પડે એ કેમ બને? સમજાણું કાંઈ? પ્રશ્નકારની પ્રશ્નસ્થિતિ આ છે કે આપ વિકારભાવને તો જીવના કહો આપ તો વિકારભાવને પુદ્ગલના કહેતા આવ્યા છો. અને જો પુદ્ગલના કહો તો જીવના નહિ તો પુદ્ગલના ભાવનો અનુભવ આત્માને વેદન કેમ થાય? પુદ્ગલનું કર્મ રાગ હોય અને એનું ફળ આત્માએ ભોગવવું પડે એમ કેમ બને? સમજાણું કાંઈ?

**'જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી...'** પુદ્ગલની સાથે શું પ્રયોજન છે? એમ કહે છે. **'તેમનું ફળ જીવ કેમ પામે? આ આશંકા દૂર કરવાને હવે ગાથા કહે છે :)'**

मिच्छत्तं पुण दुविहं जीवमजीवं तहेव अण्णाणं।
अविरदि जोगो मोहो कोहादीया इमे भावा।।८७।।

**મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને**
**અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભયપ્રકાર છે. ૮૭.**

મિથ્યાત્વના બે પ્રકાર. અવિરતિના પ્રકાર બે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ૭૫-૭૬માં ઈ કહ્યું, જ્ઞાનીને સ્વભાવનું ભાન થયું છે તો સ્વભાવ વ્યાપક થઈને સ્વભાવની પરિણતિનું કાર્ય એનું છે. કર્તાકર્મ એ છે. જ્ઞાનીને રાગ કર્તા અને રાગ એનું કર્મ એમ છે નહિ. ત્યારે એને રાગ થાય છેને? કે કર્મ વ્યાપક થઈને રાગ વ્યાપ્ય થાય છે. અરે..! કર્મ કર્તા થઈને વિકારના પરિણામરૂપી કર્મ કર્મ કરે છે, આત્મા નહિ. જ્ઞાનીની દૃષ્ટિથી વાત ત્યાં કરી છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીની દૃષ્ટિએ તો વિકાર આત્મા કરે અને એનું ફળ વેદન ભોગવે છે. ત્યારે એનો અહીં પ્રશ્ન છે કે જો ભાઈ! મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ બે-બે પ્રકારના હોય છે. એક જીવનો ભાવ, એક પુદ્ગલનો ભાવ. આહા..હા..! છે?

**'ટીકા :- મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક,...'** આહા..હા..! **'મયૂર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી...'** આહા..હા..! **'અજીવ પણ છે અને જીવ પણ છે.'** પહેલાં કહ્યું હતું કે

રાગ પુદ્ગલના પરિણામ, પછી કહ્યું કે રાગ આત્માની પર્યાય. એ તો નીકળી જાય છે. એ જ્ઞાનીની અપેક્ષાએ પુદ્ગલના પરિણામ કહ્યા. સમજાણું કાંઈ? પણ છે તો પરિણામ જીવના. મિથ્યાત્વ અને રાગાદિ પરિણામ તો જીવના છે અને જે બંધન થાય છે એ જડની પર્યાય છે. મયૂરનું દૃષ્ટાંત આપીને સિદ્ધ કરશે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૨, બુધવાર, તા. ૧૧-૮-૧૯૭૬,**
**ગાથા-૮૭,**
**પ્રવચન નં. ૧૫૩**

સમયસાર, ગાથા-૮૭, ટીકા. શિષ્યનો પ્રશ્ન હતો કે આપ તો વિકારને જીવના કહો છો. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, અવ્રત, પ્રમાદ, કષાયના ભાવને તમે જીવના કહો છો, પણ તમે તો પહેલેથી પુદ્ગલના કહેતા આવ્યા છો. સમજાણું કાંઈ? અને પુદ્ગલના કહો તો આત્માને એની સાથે કોઈ સંબંધ નથી, તો એનું ફળ આત્માને કેમ ભોગવવું પડે? સમજાણું કાંઈ? આવ્યોને માથે પ્રશ્ન. જીવના પરિણામ કહેવામાં આવે તો '**પહેલાં રાગાદિ ભાવને પુદ્ગલના પરિણામ કહ્યા હતા તે કથન સાથે વિરોધ આવે છે; અને જો પુદ્ગલના પરિણામ કહેવામાં આવે તો જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી તેમનું ફળ જીવ કેમ પામે?**' એવો પ્રશ્ન છે. આમાં મોટો ગોટો છે. એ ખુલાસો કરે છે જુઓ. અત્યારે એમ કહે છે કે મિથ્યાદર્શનના પરિણામ પોતાથી પણ થાય છે અને કર્મના નિમિત્તથી પણ થાય છે.

**શ્રોતા :—** પોતાથી થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ વાત ખોટી છે (એમ કહે છે). અનેકાંત કરો એમ કહે છે. રાગ-દ્વેષ અને મિથ્યાત્વ પરિણામ પોતાથી પણ થાય અને કર્મના ઉદયથી પણ થાય, એમ છે નહિ. મોટી ગડબડ અત્યારે આ છે, નિમિત્તથી થાય. અહીં તો કહે છે કે કુંભારથી ઘડો કદી બનતો નથી. માટીથી ઘડો થયો એમ તમે જુઓ. કુંદકુંદાચાર્ય કહે છે, અમે તો એમ જોઈએ છીએ કે માટીથી ઘડો થયો છે. કુંભારથી—નિમિત્તથી નહિ, એમ કહે છે. એમ અહીંયાં વીતરાગ કહે છે કે તારામાં જે મિથ્યાદર્શન, રાગ-દ્વેષના પરિણામ થાય છે એ તારાથી થાય છે, કર્મથી નહિ. અમે તો એમ જોઈએ છીએ, એમ કહે છે. એ નિમિત્તથી થયા એમ તો આવ્યું નહિ. કુંભારથી ઘડો થાય એમ ના પાડે છે. નિમિત્ત હો, પણ એનાથી થતું નથી.

સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત કહે છે. જુઓ.

'ટીકા :- **મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક, મયૂર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ છે. તે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :— જેમ ઘેરો વાદળી, લીલો, પીળો આદિ (વર્ણરૂપ) ભાવો કે જેઓ મોરના પોતાના સ્વભાવથી મોર વડે ભાવવામાં આવે છે...**' મોર વડે ભાવવામાં આવે છે. મોરમાં જ છે. વાદળી, પીળો, લીલો એ તો મોરમાં છે. મોરનો રંગ હોય છેને. એ મોર જ છે. મોરના ભાવો છે તે મોર જ છે. સમજાણું કાંઈ? વાદળી, લીલો જે રંગ મોરમાં દેખાય છે એ મોરના છે તો મોર જ છે. '**તેઓ મોર જ છે અને (દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા)...**' શું દૃષ્ટાંત આપે છે? દર્પણમાં જે મોર દેખાય છે એ મોરની પર્યાય નથી, એ તો અરીસાની પર્યાય છે. સમજાણું કાંઈ? અંદર મોર દેખાય છેને, બહાર મોર છે તો. મોર તો બહાર છે એ તો જીવ છે અને અંદરમાં છે એ તો અરીસાની સ્વચ્છ અવસ્થા છે. સ્વચ્છ અવસ્થાને લઈને એ દેખાય છે, એ અરીસાની જ અવસ્થા છે. મોરની અવસ્થા એ અરીસાની છે. એમ પ્રતિબિંબરૂપે દેખાતા '**ઘેરો વાદળી, લીલો, પીળો ઈત્યાદિ ભાવો કે જેઓ (દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી...**' જુઓ, '**(દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે...**' દર્પણ વડે '**ભાવવામાં આવે છે...**' એટલે કે દર્પણ દ્વારા દર્પણમાં થાય છે. આહા..હા..! આ તો દૃષ્ટાંત થયું.

'**તેઓ દર્પણ જ છે;...**' દર્પણમાં રહે છે એ દર્પણ જ છે. આહા..હા..! મોટી આ ગડબડ અત્યારે છે જુઓ, એ મોર છે તો ત્યાં અરીસામાં એવી અવસ્થા થઈને? મોર કાઢી નાખો તો (મોરની) અવસ્થા નહિ રહે ત્યાં. તો મોરથી એ અવસ્થા થઈને અરીસામાં? નહિ. આહા..હા..! મોટી ગડબડ આ. મૂળમાં ભૂલ. અરીસામાં જે મોરની અવસ્થા દેખાય છે એ, મોર છે એનાથી નથી થઈ, અરીસાની સ્વચ્છતાને કારણે દેખાય છે. '**સ્વચ્છતાના વિકારમાત્રથી...**' પાછું એમ લીધું છે. સ્વચ્છતાની વિકૃત અવસ્થાથી. એ અવસ્થા અરીસાની છે. અરીસામાં છે, અરીસાની છે, અરીસો જ છે. મોરમાં જે લીલો, વાદળી રંગ દેખાય છે એ મોરમાં છે, મોર જ છે. આહા..હા..! મોર જ એના ભાવપણે થયો છે. ઓલી છાયાને કારણે નહિ અને અંદર જે છાયા છે એ મોરને કારણે નહિ. હવે આ માનવું! આહા..હા..! કહો, ધન્નાલાલજી! મોર છે તો ત્યાં દેખાય છે કે નહિ?

**શ્રોતા :—** બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું બરાબર છે? એ પણ પ્રશ્ન ક્યાં છે અહીંયાં? અહીં તો છે તો મોર મોરમાં છે. અરીસામાં જે અવસ્થા છે એ અરીસાની સ્વચ્છતાનો વિકાર છે, મોરને કારણે થઈ નથી.

**શ્રોતા :—** નિમિત્ત એને મળી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે કે એનાથી ન થાય ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી થાય તો ઉપાદાન થઈ જાય. સમજાણું કાંઈ? મોટી તકરાર આ વિકારની. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** આવી ભૂલ તો ઘણી સ્થૂળ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મોટી સ્થૂળ પણ છતાં એ બનારસ, કાશીમાં ભણ્યા છેને એ લોકો બધા અને કાશીના ભણાવનારા ઈશ્વરકર્તા માને એવા બ્રાહ્મણ, એની પાસે ભણ્યા. તો ઈશ્વર નિમિત્ત છે આ જગતમાં, નિમિત્તથી થયું છે આ. એમ છે નહિ. ઈશ્વર છે જ નહિ. નિમિત્ત હોય તો નિમિત્તથી લોકાલોક બનતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અરીસો, અહીંયાં મોર. મોરનું દૃષ્ટાંત આપ્યું. કેમકે એવો જ રંગ ત્યાં દેખાય. સર્પનું દૃષ્ટાંત આપે તો સાધારણ સર્પનું, કોલસા કે બરફ કે અગ્નિ. એ અંદરમાં દેખાય એ તો અરીસાની સ્વચ્છતાની વિકારની અવસ્થા છે, સામે મોર છે માટે આ થયું એમ નથી. આ ગળે ઊતારવું. સમજાણું કાંઈ? મોર ન હોય તો એવી અવસ્થા ત્યાં થાય છે? પણ એ પ્રશ્ન ક્યાં છે? એ થવાની ત્યાં હતી અને મોર ત્યાં રહેવાનો હતો, પણ મોરથી અંદરમાં મોરની પર્યાય દેખાય છે એ અંદરથી મોરથી થઈ છે, એમ છે નહિ. સમજાણું કાંઈ?

'તેવી જ રીતે...' એ દૃષ્ટાંત થયું. '**મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ ભાવો કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે...**' જ્ઞાનાવરણીય પર્યાય જે છે એ તો જડની પર્યાય છે. એ જડની પર્યાયનો ભાવ જડમાં છે. જડમાં છે તો જડરૂપ છે. આહા..હા..! મોટી આ તકરાર બધા વચ્ચે આ ઉપાદાન અને નિમિત્તની. આજે પણ આવ્યું છે મોટું. લલિતપુરનું થયું છેને... વીરવાણીમાં આપ્યું હશે. આવા તકરારવાળી વાત અમે નહિ નાખીએ. તકરાર શી?

**શ્રોતા :—** આપ ફરમાવો છો એ સમજમાં આવતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ગુજરાતી એટલા શબ્દ નથી સમજતા? અહીં આટલા દી રહ્યા છતાં. બહુ સાદી ભાષા છે. સમજાણું કાંઈ? લલિતપુરમાં એમ થયું, એ હમણાં આવ્યું કે આવા તોફાન ન કરવા જોઈએ. લલિતપુરનો કોઈ લેખ ગયો હશે તે નહિ છપાય. આવો તકરારી પ્રશ્ન. મારફાડ કરીને ત્યાં તો. શાસ્ત્ર પરિષદે. પહેલાં તો લખ્યું છે સોલાપુરવાળાએ. આ શાસ્ત્રપરિષદ નથી, આ તો શસ્ત્રપરિષદ છે. મારવું આદિ. એને માર્યા હતા. રમેશને બહુ માર્યો. મંદિરમાં વેદી સામે. આ કાંઈ માર્ગ છે, બાપા? ભલે દૃષ્ટિ વિપરીત તમે માનો તમારી દૃષ્ટિથી, સમજ્યા? પણ મારવું એ કાંઈ જૈનદર્શન છે?

**શ્રોતા :—** મારે ત્યારે સરખા ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું મારે ત્યારે સરખા ચાલે? આહા..હા..! મારવાથી શું એની

શ્રદ્ધાપર્યાય બદલી જાય? શાંતિથી સમજાવવું કે ભાઈ, તું એકાંત કરે છે. વ્યવહારથી ધર્મ નથી થતો ઈ એકાંત કહે છે. તો અહીં એ કીધું કે નિમિત્તથી નથી થતું તો તું એકાંત કરે છો. એ તો એક જ વાત થઈ. સમજાણું કાંઈ? બહારમાં નિમિત્તથી કાંઈ થતું નથી. એ મોર બહારમાં છે તો એમાં જે લીલા, પીળા રંગ દેખાય છે એનાથી બિલકુલ થઈ નથી. મોરથી બિલકુલ થઈ નથી. આહા..હા..!

**શ્રોતા :—** કેવળી અને શ્રુતકેવળી સામે ક્ષાયિકસમકિ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો વાત થઈ ગઈને. એની પાસે ઘણા ક્ષયોપશમ હતા, બધાને કેમ ન થયું? ઉપાદાન-નિમિત્તના ૪૭ દોહરામાં લખ્યું છે. ભૈયા ભગવતીદાસ. ઘણા વર્ષ પહેલાં. ૨૦૦૨ની સાલ. ૩૦ વર્ષ થયા. અહીં વ્યાખ્યાન થયા છે. એનું પુસ્તક છપાયું છેને. 'મૂળમાં ભૂલ'.

અરે..! જે મિથ્યાત્વ આદિ ભાવ, અજ્ઞાન, અવિરતિ એ જડની અવસ્થા કર્મમાં છે. એ કહ્યુંને? જુઓ, '**દ્રવ્યસ્વભાવથી અજીવ...**' દ્રવ્યસ્વભાવથી. ભાષા શું છે? એ મિથ્યાદર્શન જે દર્શનમોહની પર્યાય, અજ્ઞાન જે જ્ઞાનાવરણીયની પર્યાય, અવિરતિ નામ ચારિત્રમોહની પર્યાય, ક્રોધ, માન, માયા આદિ ચારિત્રમોહની પર્યાય 'ઈત્યાદિ...' લીધું છેને? પાઠમાં છેને બધા? મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગ, મોહ, ક્રોધાદિ એ જડની પર્યાય છે એ જડમાં છે. કર્મનો ઉદય આવ્યો એ જડની પર્યાય જડમાં છે અને ઉદયથી અહીંયાં વિકાર થયો એમ છે નહિ. આ માન્યતા ગજબ કરે છે. સમજાણું કાંઈ?

જુઓ, '**ભાવો કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી...**' ભાષા શું છે? એ દર્શનમોહની પર્યાય એના દ્રવ્યસ્વભાવથી એ પર્યાય થઈ છે. જીવે મિથ્યાત્વ કર્યું તો ત્યાં દર્શનમોહનીયની પર્યાય થઈ એમ છે નહિ; અને દર્શનમોહની પર્યાય ત્યાં ઉદય થઈ, તો અહીં મિથ્યાત્વ થયું એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ અજીવ છે. '**અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી...**' ભાષા દેખો. એ પરમાણુની પર્યાય પોતાના દ્રવ્યસ્વભાવથી ત્યાં થઈ છે. એ અજીવ દ્વારા થાય તો અજીવપણું છે. '**તેઓ અજીવ જ છે...**'

'**અને મિથ્યાદર્શન,...**' આહા..હા..! જીવમાં મિથ્યાશ્રદ્ધાના પરિણામ થવા એ જીવમાં છે તો જીવથી છે તો જીવ જ છે. સમજાણું કાંઈ? નીચે લેશે, ઉપયોગસ્વરૂપ છેને જીવ? કર્મનો ઉદય છે તો ઉપયોગમાં એનો સ્વાદ ભાસે છે, પણ અજ્ઞાનીને ભેદજ્ઞાન નથી (તેથી) એમ માની લે છે કે રાગ એ કર્મનો છે. સમજાણું કાંઈ? એ રાગ આવ્યો એ મારી ચીજ છે. આહા..હા..! ભારે કઠણ વાત. ભાઈ! અહીંયાં તો ચોખ્ખી વાત છે. પાણી ગરમ થાય છે એ અગ્નિ વિના ગરમ થાય છે? અગ્નિની પર્યાય અગ્નિમાં છે તો અગ્નિમય છે અને ઉષ્ણની પર્યાય જળની છે તો જળમાં છે. એ અગ્નિથી પાણી ગરમ થયું એમ તો કદી બનતું નથી. આચાર્ય તો કહે છે, અમે તો એમ જોતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચોખા ચડે

છે ચોખા. પાણી ગરમ થાય છેને? ચોખા નાખે છેને? ગરમ ફદિયા પડે એવા. ફદિયા સમજ્યા? ફદીયા એટલે પૈસા. ઉકળતું પાણી હોય એ ઉછળે આમ. એમાં ચોખા નાખે. એકદમ ચડી જાય. અહીંયાં આચાર્ય કહે છે, સાંભળ ભગવાન! એ પાણીથી ચોખા ચડ્યા જ નથી– પાક્યા જ નથી. પાણી તો નિમિત્ત છે. આહા..હા..!

**શ્રોતા :–** ઠંડા પાણીમાં નાખો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નાખે કોણ? રજકણને નાખે કોણ? લે કોણ? ઉપાડે કોણ? તોડે કોણ? આહા..હા..! ઝીણી વાત, ભાઈ! આ તો ૭૧ની સાલથી આ તો અમારી ચર્ચા અંદરથી આવી હતી. બહારમાં આવી ને ઝઘડા ઉઠ્યા. સ્થાનકવાસીમાં પહેલા ઝઘડા, પછી શ્વેતાંબરમાં અને હવે દિગંબરમાં ઝઘડા આવ્યા. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :–** આપે નિવેડો લાવી દીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિવેડો આ છે. અંદરથી આવ્યું છે. નિવેડો તો આ છે.

એ તો ત્યાં કહ્યું હતુંને ૧૩ની સાલમાં? બનારસ-કાશી. વ્યાખ્યાન થયું હતું. ઘણા માણસો હતા. તો કીધું, ઉપાદાનથી થાય છે, નિમિત્તથી નહિ. ત્યારે કૈલાસચંદજી બોલ્યા કે એ વિચારકોટીમાં છે. એ તો વિચારકોટી (નહિ), નક્કી થઈ ગઈ છે. ૧૩ની સાલ. ૧૯ વર્ષ થયા. કાશી-બનારસમાં. બધા હતા. ફૂલચંદજી હતા. અરે ભગવાન! આ તકરાર. અનેકાંત નથી થતું એમ. કર્મથી વિકાર થાય અને પોતાથી થાય તો અનેકાંત થાય એમ કહે છે. ભગવાન એમ કહે છે, કર્મથી વિકાર ન થાય અને પોતાથી થાય એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? એમ દયા, દાન, વ્યવહારરત્નત્રયથી, એ પણ અંદરનું નિમિત્ત છે, નિશ્ચયરત્નત્રય થતા જ નથી. નિશ્ચયરત્નત્રય વ્યવહારરત્નત્રયની અપેક્ષા રાખ્યા વિના પોતાથી થાય છે સમ્યગ્દર્શન-જ્ઞાન. આહા..હા..!

જેમ કુંભારથી ઘડો થયો નથી, અગ્નિથી પાણી ગરમ થયું નથી એમ નિમિત્તથી વિકાર અંદર થયો નથી, એમ વ્યવહારથી નિશ્ચય થયો નથી. ચંદુભાઈ! આવી વાત છે, ભાઈ! આહા..હા..! અનેકાંત કરો. ભગવાનનો માર્ગ અનેકાંત છે; પણ અનેકાંત સત્ય હોય એની સાથે અનેકાંત કે અસત્યની સાથે? સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિ ભગવાન એમ બોલે છે આચાર્યો કે પોતાના સ્વભાવના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય પોતાના દ્રવ્યના આશ્રયે. નિયમસાર, બીજી ગાથા. પરમ નિરપેક્ષ. આહા..હા..! એવો પાઠ છે. પરમ નિરપેક્ષ. વ્યવહાર છે તો નિશ્ચયસમ્યક્ થયું, વ્યવહારસમકિત દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે તો નિશ્ચય આત્માનો આશ્રય થયો એમ છે નહિ. અરે..! મૂળમાં ભૂલ. આહા..હા..! સાધારણ જનતાને એવું લાગે કે આ તો સાધારણ (વાત છે). અરે..! મૂળમાં ભૂલ છે. સમજાણું કાંઈ?

એ મિથ્યાત્વ હોય કે અવિરતિ હોય. ચારિત્રમોહનો ઉદય છે તો અહીંયા અવિરત પરિણામ થયા એમ છે નહિ. પણ ચારિત્રમોહનો ઉદય ન હોય ને અવિરતિ થાય? પોતાથી થાય

છે અવિરતિભાવ, પરથી નહિ. આહા..હા..! બધું નાખ્યું છે, જુઓને! દર્શનમોહ નાખ્યો છે અને ચારિત્રમોહ નાખ્યો છે—અવિરતિ અને અજ્ઞાન—ત્રણેય નાખ્યા છે. કર્મથી આત્મામાં અજ્ઞાન થાય એમ છે નહિ, કર્મથી મિથ્યાશ્રદ્ધા થાય છે એમ નહિ, અવિરતિ ચારિત્રમોહના ઉદયથી અહીંયાં વિષય-વાસનાના પરિણામ અવિરતિના થાય એમ છે નહિ. એવી વાત છે આ. આહા..હા..! જુઓને, શું કહ્યું?

'**મિથ્યાદર્શન,...**' પહેલાં જે મિથ્યાદર્શન હતું એ કર્મની પર્યાયમાં દર્શનમોહની પર્યાય એ અજીવનો ભાવ. અજીવનો ભાવ હોવાથી અજીવ જ છે. એમ અવિરતિનો ભાવ ચારિત્રમોહનો જે ઉદય છે અવિરતભાવ એ જડનો સ્વભાવ હોવાથી જડ છે. એમ અજ્ઞાનભાવ-જ્ઞાનાવરણીય કર્મની પર્યાય જે છે એ અજીવભાવ છે અને પોતામાં જે અજ્ઞાન થયું એ પોતાથી અજ્ઞાનભાવ છે એ જીવ છે. આટલું તો સ્પષ્ટ છે, પણ શું કરે! કહેતા હતા દેવકીનંદન. બિચારા દેવકીનંદન. બધા પંડિતોનું તમે કહો છો એવું અમે ભણ્યા જ નથી. અમારા બધાનું ભણતર નિમિત્તાધીન છે. દેવકીનંદન હતાને. ગુજરી ગયા બિચારા. આ તો હજી પહેલી શરૂઆતમાં ભૂલ જ્યાં.. એવી ભૂલ ટાળે. કર્મથી જો ભૂલ હોય તો કર્મ ટળે તો ભૂલ ટળે. પોતાના પુરુષાર્થથી ભૂલ ટાળવાનો અવસર રહેતો નથી. ચંદુભાઈ! આહા..હા..!

તારી મિથ્યાશ્રદ્ધા એ જીવની પર્યાયમાં છે તો જીવ જ છે અને દર્શનમોહની કર્મની પર્યાય અજીમાં છે અને અજીવ ભાવસ્વભાવથી થઈ તો અજીવ જ છે. એમ અજ્ઞાનભાવ પોતાના જ્ઞાનની પર્યાયની ઊલટીદશા, હીણીદશા, વિપરીતદશા એ અજ્ઞાનભાવ જીવના છે, જીવની પર્યાયમાં છે, તો એ અજ્ઞાન જીવ છે. અજ્ઞાન જીવ જ છે. આહા..હા..! એક બાજુ કહે કે રાગ-દ્વેષના પરિણામ પુદ્‌ગલ છે. એ બીજી ચીજ છે ત્યાં. ત્યાં તો પોતાના સ્વભાવમાં રાગ થવાની કોઈ શક્તિ નથી. એનાથી ભેદજ્ઞાન થયું કે રાગથી ભગવાન આત્મા ભિન્ન છે, એવું સમ્યગ્દર્શન થયું, એના સ્વભાવમાં વ્યાપ્ય-વ્યાપક—સ્વભાવ વ્યાપક અને સ્વભાવ નિર્મળ પર્યાય વ્યાપ્ય છે, તો નીકળી જાય એ ચીજમાં વ્યાપક કર્મ છે અને વિકાર એનું વ્યાપ્ય છે—કાર્ય છે. એ કર્મનું કાર્ય છે એમ ત્યાં કહ્યું.

અહીં તો કહે છે કે અજ્ઞાન અને રાગ-દ્વેષ પોતાનું કાર્ય છે. એય..! કઈ અપેક્ષાએ કહ્યું? આ તો અસ્તિ પોતામાં છે તો પોતાથી થયા, નિમિત્તથી નહિ એમ બતાવવું છે અને પછી ભેદજ્ઞાન થયું ત્યારે રાગથી પણ ભિન્ન પોતાનો સ્વભાવ કર્યો, તો સ્વભાવ નામ શક્તિઓ જે અનંત છે એ અનંતશક્તિમાં કોઈ શક્તિ એવી નથી કે વિકાર કરે. પર્યાયમાં વિકાર થાય છે પણ એ શક્તિથી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે કે દ્રવ્યસ્વભાવનું જેને ભાન થયું. રાગથી, વ્યવહારથી ભિન્ન મારી ચીજ છે. એને જે વ્યવહાર-રાગ છે એ પોતાનું કાર્ય નથી, એ કર્મનું કાર્ય કહીને દૂર કર્યું. આહા..! અને અહીં કહે છે કે થાય છે તારામાં. સમજાણું કાંઈ? જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે તો મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ, રાગભાવ

તારી પર્યાય છે. તો તું જ છે એ. પરથી બિલકુલ થયું નથી. કર્મના કારણે, નિમિત્તથી બિલકુલ ત્યાં અજ્ઞાન થયું નથી. આહા..હા..! કુંભારથી ઘડો બિલકુલ થયો નથી. ... આવ્યું નહિ? ૩૭૨ ગાથા. આહા..હા..! બતાવ્યું હતું. બધું આવ્યું છે. આ હિન્દી છેને. ઓલું ગુજરાતીમાં હોયને થોડું.

જુઓ, **'અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યને ગુણની ઉત્પત્તિ કરી શકાતી નથી;...'** ગુણ એટલે પર્યાય. પાઠ ગુણ છે. **'અન્ય દ્રવ્યથી...'** ટીકા પહેલી. **'અન્ય દ્રવ્યને ગુણની ઉત્પત્તિ કરી શકાતી નથી; તેથી (એ સિદ્ધાંત છે કે) સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી ઊપજે છે.'** પોતપોતાની પર્યાયરૂપી સ્વભાવથી બધા ઊપજે છે. આહા..હા..! મિથ્યાદર્શનની પર્યાય પણ આત્મા એ સ્વભાવ પર્યાયનો છે તો ઉત્પન્ન થાય છે. પરથી બિલકુલ નહિ, કર્મથી બિલકુલ એક ટકો પણ નહિ. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન અમારે સંપ્રદાયમાં ચાલ્યો હતો. શેઠ હતા. એ કહે કે મહારાજ! તમે એમ કરો પચાસ ટકા પુરુષાર્થના પોતાના રાખો અને પચાસ ટકા કર્મના. એમ વિકારમાં બે ભાગ પાડી દ્યો. દામોદર શેઠ. પછી (સંવત) ૨૦૦૫ની સાલમાં શેઠ હુકમીચંદ (આવ્યા), એની સાથે જીવનધર આવ્યા. એણે પણ એમ કહ્યું, પચાસ ટકા ઉપાદાનના રાખો અને પચાસ ટકા નિમિત્તના રાખો. અમરચંદભાઈ! ટકા સમજો છો? પ્રતિશત. પ્રતિશત કહે? ભાગ ને? પ્રતિશત કહે છેને. પચાસ પ્રતિશત એના રાખો. સોએ સો ટકા વિકાર કરવામાં પોતાનો અધિકાર છે અને સોએ સો ટકા નિમિત્ત નિમિત્તની પરિણતિમાં એનો અધિકાર છે. એ પણ ઉપાદાન છે. આ અપેક્ષાએ નિમિત્ત પણ એનું તો ઉપાદાન છેને? એય..! આ તો મોટી ચર્ચા ૮૩ની સાલ.

**શ્રોતા :—** ૯૯ ટકા તમને આપ્યા, એક ટકો તો અમારો રાખો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, એમ કહે છે. ત્યારે ૫૦-૫૦ ટકા કહેતા હતા. અહીં તો ના પાડે છે કે મિથ્યાદર્શનનો ઉદય એ નિમિત્ત અને આત્મામાં મિથ્યાદર્શન થયું તો એનાથી થયું નથી. એકેય ટકો એનાથી થયું નથી. સમજાણું કાંઈ? શું કહે છે? છેને એમાં. આ તો પહેલેથી ચર્ચા છે. મૂળમાં ભૂલ. ધર્મ તો પછી રહ્યો. હજી તો અધર્મની પર્યાયમાં મારા ટકા થોડા અને થોડા કર્મના એમ લો તો અનેકાંત થાય છે. એકાંત થાય છે. સમજાણું કાંઈ? ધન્નાલાલાજી! ક્યાં દરકાર છે પણ. આ રળવું, ખાવું ને મરવું પછી કાંઈક. શેઠિયા લોકોને નિર્ણય કરવાનો અવસર ક્યાં મળે છે? આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણેય સંપ્રદાયમાં આ વાત ભૂલવાળી છે. સમજાણું કાંઈ?

કીધુંને, શ્વેતાંબરમાં સ્થાનકવાસીમાં પહેલાં એ વાત કરી. ગુરુ તો સાંભળતા હતા. ગુરુ ભદ્રિક હતા. મૂળચંદજી વિરોધી હતા. પ્રકૃતિ એવી, પણ બોલે નહિ. ન્યાયથી સાંભળતા. ભલે આપણે .. નહિ એને. શિષ્ય છે. એને સંભળાવ્યું નથી. પણ કાઢ્યું છે. વાત તો કાંઈ વિરોધ કરવાલાયક નથી. અને હીરાજીમહારાજ ગુરુ હતા એ તો બહુ ભદ્રિક. બેસે. અમે

વ્યાખ્યાન આપતા હતા પ્રવચન. ૭૧ની સાલ હોં! ૭૧ની સાલની વાત છે. ... એ લોકો ચૌદશને ન માને. પૂનમ અને અમાસ માને. આઠમનો અપવાસ અને પૂનમ અમાસનો. આપણે આઠમ અને ચૌદશ હોય. એમાં આઠમ ને અમાસ અને પૂનમ. અપવાસ કરે. બપોરે પૌષધ કર્યો હોય ૨૫-૫૦ માણસ. તો લોકો કહે, કાનજીસ્વામી વાંચે, કાનજીમુનિ વાંચે. એમ લોકોને પ્રેમ પહેલેથીને. તો એક કલાક અમે બપોરે કરતાં હતા. ૭૧ની સાલ. .. વર્ષ થયા. એ વખતે આ કહ્યું હતું. સમજાણું કાંઈ? ભગવતી સૂત્રનું દૃષ્ટાંત આપીને કહ્યું હતું. પહેલા શતકના ત્રીજા ઉપદેશમાં ભગવાન આચાર્ય એમ કહે છે. તે દિ' તો ભગવાન માનતા હતાને કે આ ભગવાનનું શાસ્ત્ર છે. પંડિતજી! તે દિ' તો ભગવાનનું શાસ્ત્ર માનતા હતા. શાસ્ત્ર તો શ્વેતાંબરના છે. ઈ ભગવાનનું છે જ નહિ. તે વખતે એમાંથી એમ કહ્યું. શું કહે છે જુઓ, આત્મામાં સંશય થાય, મિથ્યાત્વ થાય એ પોતાથી થાય છે એમ કહે છે અહીંયા તો. પોતાના ઉત્થાન, બળ, વીર્ય, પુરુષાર્થના પરાક્રમથી. એમ અમને અંદરથી આવ્યું. પાંચ બોલ છે એમાં. ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાર્થ પરાક્રમ. પોતાના પુરુષાર્થથી મિથ્યાત્વ થાય છે અને પોતાના પુરુષાર્થથી મિથ્યાત્વનો નાશ થાય છે. આહા..હા..! પરની શું અપેક્ષા? પરદ્રવ્ય પરદ્રવ્યમાં રહ્યું. શું આત્મામાં આવી જાય છે? અને પરદ્રવ્યની સત્તા પોતામાં આવી જાય તો એ એની અસત્તા થઈ જાય. સમજાણું કાંઈ?

એ કળશટીકામાં લીધું છે કે આત્મા પરદ્રવ્યની પર્યાય કરે તો પોતાની સત્તાનો ત્યાં પ્રવેશ થઈ જાય, તો પોતાની સત્તાનો અભાવ થઈ જાય. પોતાની સત્તાનો કદી અભાવ થતો નથી. પર્યાય પણ પોતાની સત્તા જે સમયની છે એ પોતામાં રહે છે. એ પરનું કાંઈ કરે કે પરથી પોતામાં કરે તો સત્તાનો અભાવ થઈ જાય. એ આપણે આવી ગયું છે. આવી ગયું છેને? પલટો થાય છે. ૩૭૨માં આવી ગયું છે કે કાંઈ કરતાં નથી. છેને?

'**સર્વ દ્રવ્યો**...' જુઓ, સર્વ દ્રવ્ય. પરમાણુ આદિ, આત્મા આદિ, અનંત નિગોદના જીવ. એ '**સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી ઊપજે છે.**' પોતાની પર્યાયની યોગ્યતાથી વિકાર આદિ થાય છે, પરથી બિલકુલ નહિ. આહા..હા..! 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ,...' ભજનમાં આવે છે, પણ ક્યાં ખબર છે. 'કર્મ બિચારે કૌન?' એ તો જડની પર્યાય છે. મારી ભૂલ તો મારાથી, મારા કારણે, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ કારણથી થઈ છે. સમજાણું કાંઈ? આ અત્યારે વાંધા બહુ છે. વર્ણીજી સાથે પણ આ ચર્ચા કરવી પડી. ફૂલચંદજીએ કબુલ કર્યું. સ્વામીજી કહે છે કે નિશ્ચયથી પર કારકની અપેક્ષા વિના વિકાર પોતાથી થાય છે. નિશ્ચય રાખીને. પણ એને ન બેઠું. એ લોકો શીખ્યા નથીને. ઈશ્વર કર્તા. ઉપાદાન જગતનું જગત છે, ઈશ્વર નિમિત્ત છે. તો નિમિત્તથી કર્તા થયો એમ. નિમિત્ત કર્તા છે આ જગતનો. એવું બ્રાહ્મણ પાસે શીખ્યો. જૈનદર્શનની શૈલી એમ છે નહિ.

અહીંયાં કહે છે, જુઓ, '**એમ શંકા ન કરવી;**...' ૩૭૨. '**જીવને પરદ્રવ્ય રાગાદિક**

**ઉપજાવે છે એમ શંકા ન કરવી;...'** ૩૭૨. છે? ટીકા. ટીકા-ટીકા ગુજરાતી. હિન્દી તમારી લ્યો. છેને? ટીકા નથી? '**જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી;...'** આવ્યું નહિ? ટીકા એટલું આવ્યું નહિ? ટીકા-ટીકાની પહેલી લીટી. હા, એ. '**વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી; કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો...'** એટલે પર્યાય. '**ઉત્પાદ કરવાની અયોગ્યતા છે;...'** દેખો ભાષા. કર્મથી વિકાર ઉત્પન્ન કરવાની કર્મમાં અયોગ્યતા છે. આહા..હા..! આત્માની વિકારી પર્યાયથી કર્મબંધન કરે એ અયોગ્યતા છે. આહા..હા..! કુંભારથી ઘડો થાય છે એ કુંભારની અયોગ્યતા છે. ઘડાની પર્યાય માટીથી થાય છે એ એની યોગ્યતા છે. આહા..હા..!

**શ્રોતા :—** દુકાનમાં વેપારી વેપાર તો કરેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂળેય કરે નહિ દુકાનનો. એય મનસુખ! ગયો? અમારે મનસુખ આવ્યો છેને. પાલેજ. ગયો લાગે છે. .. સવારમાં હતો? પાલેજ-પાલેજ. દામનગર ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણ દીકરા છે. ત્રણે દીકરા સાથે હતા ત્યારે ત્રણ લાખની આમદાની—પેદાશ હતી. એ દુકાન અમારી હતી. હું એ દુકાનમાં નવ વર્ષ રહ્યો હતો. પિતાજીની દુકાન હતીને. સંવત્ ૧૯૫૯ થી ૬૮. ૧૩ની ઉંમરથી ૨૨ વર્ષ. પિતાજી ૬૩માં ગુજરી ગયા. તો ૬૩થી ૬૮ પાંચ વર્ષ દુકાન અમે ચલાવી ભાગીદારમાં. ફઈના દીકરા હતા. સાધારણ બુદ્ધિ હતી. પાંચ વર્ષ રહ્યા. પછી હું તો નીકળી ગયો, પિતાજી ગુજરી ગયા. મોટા ભાઈ .. દુકાન છોડીને. એના દીકરા છે. પછી ત્રણે ભાઈ દૂર થઈ ગયા. .. ભિન્ન થઈ ગયા. આહા..હા..! આ મહેનત. મેં કીધું કેટલા? કે ત્રણ ભેગા હતા તો એમાં ... આ મનસુખ કહે. દુકાન મોટી ચાલે છે. એટલા ઘરાક આવે કે દિવસમાં નવરાશ ન હોય. નવરાશ સમજ્યા? ફૂરસદ. ફૂરસદ નહિ. આહા..હા..! ત્યાં દુનિયાની પેદાશમાં રોકાણો. પોતાને કેટલી ખોટ જાય છે એની ખબર નથી. ખોટ કહે છેને? નુકસાન. આ ઈ કહે છે. જુઓ, આહા..હા..!

'**અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે; કેમ કે સર્વ દ્રવ્યોના સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.'** જુઓ, ઉત્પાદની વાત છે હોં! પર્યાયના ઉત્પાદની વાત છે. '**આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :-'** દૃષ્ટાંત કહ્યુંને? નથી થતું. માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી. માટી સ્વભાવથી ઊપજે છે. '**પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.'** જુઓ, '**પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.'** અમે તો કુંભારથી ઘડો થયો છે એમ જોતા નથી. માટીથી ઘડાની પર્યાય ઊપજી એમ જોવામાં આવે છે, કુંદકુંદાચાર્ય એમ કહે છે. સમજાણું કાંઈ?

'**આમ હોવાથી માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** છે? જુઓ, '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'**

કુંભાર નિમિત્ત છે તો ઘડાનો ઉત્પાદક છે જ નહિ. નિમિત્તથી પરમાં ઉત્પાદ થાય એમ છે જ નહિ. એમ કર્મના નિમિત્તથી આત્મામાં વિકાર થાય છે એમ છે જ નહિ. કાંઈ ખબર ન મળે શું ચીજ છે. છેને? તેથી કુંભાર... કુંભાર નિમિત્ત છે. ઘડાની પર્યાય માટીથી થઈ એ ઉપાદાન. '**ઉત્પાદક છે જ નહિ; માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...**' માટી ઘડારૂપ થાય તો કુંભારના સ્વભાવને સ્પર્શ્યા વિના '**પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.**' માટી પોતાના સ્વભાવથી ઘડારૂપે ઉપજે છે. કુંભ એટલો ઘડો. આહા..હા..! જડને ખબર પડે કે આમ ઘડો થવું? ખબરની ક્યાં વાત છે અહીંયાં? એની પર્યાયનો સ્વભાવ જ એવો છે. આહા..હા..!

એમ અહીંયા લેવું. સમજ્યા? '**મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ ભાવો કે જેઓ ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં આવે છે...**' જીવ વડે વિકાર ઊપજે છે. આહા..હા..! કર્મ વડે ઊપજે છે એમ અમે માનતા નથી, જાણતા નથી. દૃષ્ટાંત આવ્યુંને મોરનું. અરીસામાં મોર જેવી છાંય દેખાય છે એ મોરથી થઈ નથી. લ્યો, આવું ભારે પ્રત્યક્ષ. એય દરબાર. પણ આવું આ પ્રત્યક્ષ, મોરથી ... પર્યાય થાય છે. મોર ઊડી જાય તો એ પર્યાય નથી રહેતી. છે ત્યારે પણ એનાથી ઊપજી નથી. અરીસામાં સ્વચ્છતાના વિકારથી એ રંગ દેખાય છે, મોરના કારણે નહિ. આહા..હા..! આવું તો દૃષ્ટાંત સત્ય છે. હજી તો બે દ્રવ્યમાં ભિન્નતા કરવાની તાકાત નથી, આવી માન્યતાની તાકાત નહિ, એને રાગથી ભિન્ન સ્વભાવ કરવો એવી તાકાત નહિ આવે. આહા..હા..!

નિમિત્તથી થાય છે એમ માનનારને રાગથી ભિન્ન થવાની શક્તિ નહિ જાગે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે રાગ પણ અંદર નિમિત્ત છે નિશ્ચયમાં. રાગનું લક્ષ છોડીને ચૈતન્ય ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ છે, એનો આશ્રય કરવાથી આનંદની દશા, ધર્મની દશા ઉત્પન્ન થાય છે. વ્યવહાર રાગથી ધર્મની દશા ઉત્પન્ન થાય છે એમ અમે નથી જોતાં, એમ આચાર્ય કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ લાકડું ગરી ગયું છે અંદર જૈનમાં. અન્યને ઈશ્વર કરે અને આને કર્મ કરે, બસ. કર્મ જડ. અહીં પણ વિચાર કરવાનો વખત પણ ક્યાં છે? અમરચંદભાઈ! માથે દીધે રાખે. હા, જી હા.

'**મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ...**' અવ્રતભાવ જીવનો. એટલે કહે છેને કે સમ્યગ્દૃષ્ટિ થયો, પછી અવિરતિભાવ રહે છે એ ચારિત્રમોહને કારણે રહે છે. એમ છે નહિ, એમ કહે છે. આહા..હા..! એમ કે જુઓને, વાસુદેવને બળદેવ ઉપાડે છે છ માસ. .. ઉપાડે છેને છ માસ. તો ચારિત્રમોહનો ઉદય હતો ત્યાં સુધી એવો ભાવ રહ્યો, ચારિત્રમોહ ટળી ગયો તો એ ભાવ નીકળી ગયો. મડદું છોડી દીધું, એમ કહે છે. નહિ? બધું શું અત્યાર સુધી માનતા હતા તમે બધા? આહા..હા..! પાટે બેસનારા કહે એમ માનવું. જય નારાયણ.

સર્વ દ્રવ્યની... ૩૭૨માં એમ પાઠ છે. એક સમયનો પરમાણુ જે છે એ પરમાણુમાં

જે સૂક્ષ્મતા છે એ સ્થૂળમાં જ્યારે પરમાણુ આવે છે, અત્યારે સ્થૂળ થયો છે, પણ એ સ્થૂળમાં આવ્યો તો નિમિત્તથી સ્થૂળ થયો છે એમ નથી. આ વાત તે કાંઈ! પરમાણુ છેને. આ પરમાણુ સ્થૂળ થયો છે. છૂટા થઈ જાય તો સૂક્ષ્મ રહે. સ્થૂળમાં આવ્યો તો સ્થૂળ થયો. એ સ્થૂળનું નિમિત્ત છે તો થયુંને? એ પ્રશ્ન બહુ ચર્ચાયો.

એ .. હતાને શાંતિલાલ .. નથી? ત્યાં જેતપુરવાળા મૂળશંકરના ભાઈ. એ લાવ્યા હતા પ્રશ્ન વર્ણજી પાસેથી. ...ની વાત કરતાં હતા. કે જુઓ, સ્થૂળમાં પરમાણુ આવે તો પરમાણુ સૂક્ષ્મ રહે છે? તો સ્થૂળનું નિમિત્ત થયું તો સ્થૂળ થયો કે નહિ? ઘણા વર્ષ પહેલાં. અમે ઓરડીમાં બેસીએ છીએને ત્યાં આવ્યા હતા. વર્ણીજીની પાસેથી. ભગવાન! એમ છે નહિ, ભાઈ! એ સ્થૂળ પોતાની પર્યાયની યોગ્યતાથી પોતાથી થાય છે. પરમાં કે આત્મામાં સ્થૂળ કરવાની અયોગ્યતા છે. બીજા પુદ્ગલ સ્કંધમાં આ પરમાણુને સ્થૂળ કરવાની અયોગ્યતા છે. એ સ્થૂળ થવાની પોતાની યોગ્યતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. હજી તો કર્મ અને આત્મા વચ્ચેના ગોટા. એમાં વળી રાગથી આત્માને લાભ થાય. વ્યવહાર કરતાં-કરતાં કોઈ નિશ્ચય પામે. એમાં નિયમ તો રહ્યો નહિ.

ભગવાન તો એમ કહે છે કે વ્યવહારથી નિશ્ચય થતો જ નથી ત્રણકાળમાં. સમજાણું કાંઈ? એ પંચાસ્તિકામાં કહ્યુંને ભિન્નસાધ્યસાધનભાવ. સાધન રાગ છે, ભિન્ન નિશ્ચય. એ તો ઉપચારથી કહ્યું, ભાઈ! મોક્ષમાર્ગમાં આવી ગયું છે કે સમ્યગ્દૃષ્ટિ જે નિશ્ચય છે એની જે વ્યવહારશ્રદ્ધા છે એને સમકિત કહે છે એ ઉપચારથી કહીએ છીએ, છે તો રાગ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો રાગ છે. મિથ્યાત્વ નહિ હોં! રાગને ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. આહા..હા..! ભારે ઝીણી વાતું, બાપુ! વીતરાગ માર્ગને મૂળમાંથી સમજવો એ બહુ કઠણ છે. આહા..હા..!

ચશ્માથી જણાય છે. લ્યો, એમ કહે છે. ત્યારે નિમિત્તથી અંદરમાં જણાય છે? તો કહે, ચશ્મા કાઢી નાખો, લ્યો. એમ કહ્યું. એ બધા કહેતા હતા. એક ચંદ્રશેખર છે. જીવાભાઈ છેને કરોડપતિ શ્વેતાંબર? તમે હતા, હાજર હતા. લીંબડી-લીંબડી. અમારી પાસે આવ્યા. ચંદ્રશેખર અને સાથે ચાર-પાંચ સાધુ. એના ગૃહસ્થ લઈને આવ્યા. બીજા ગૃહસ્થ તો સાંભળતા હતા. ચર્ચા કરીએ. મેં કીધું, ભાઈ અમે ચર્ચા નથી કરતાં. આપની કિંમત શું રહેશે? આપની કિંમત હીણી થઈ જશે. કીધું, હીણી થાય એમાં અમારે શું? આપ આવી વાતની ચર્ચા ન કરો તો આપની.. સમજ્યાને? આબરુ કઆબરુ થઈ જશે. મેં કીધું, આબરુ હોય કે ન હોય એ અમારી નહિ. પછી એ બોલ્યા. આ ભાઈ હતા. લીંબડી. પછી બોલ્યા. જુઓ, ચશ્મા વિના દેખાય? કીધું, ચર્ચા થઈ ગઈ. આહા..હા..! આ જડથી જણાય છે આ જડ? આંખથી દેખાય છે એ પણ ... જ્ઞાનની પર્યાયમાં પોતાથી જ્ઞાનપર્યાય અને પરને જાણે છે. આહા..હા..! આમ પ્રત્યક્ષ દેખાય છે. શું પ્રત્યક્ષ દેખાય છે? એ વખતનું જ્ઞાનનું પરિણામ જ પોતાથી થયા છે, ચશ્માથી નહિ. આહા..હા..! આ વાત કેમ બેસે? ભારે ગડબડ, મોટી ગડબડ. એવી

સૂક્ષ્મ વાત છે, ભગવાન! ૭૧ની સાલથી અમે તો કહેતા હતા. માર્ગ તો પ્રભુનો આ છે, ભાઈ! તમે દોષ પોતે કરો અને કર્મને માથે નાખો. અન્યાય થાય છે, કીધું.

શ્રીમદ્દ્ કહ્યું છેને? તારા અપરાધથી તારો સંસાર છે. તારો અપરાધ એટલો કે પરને પોતાના માનવા અને પોતાને ભૂલી જવું. એવો છે શબ્દ. સમજાણું કાંઈ? શ્રીમદ્ રાજચંદ્ર. સમ્યગ્દૃષ્ટિ હતા, અનુભવી હતા. એકાવતારી થઈ ગયા. એક ભવ કરીને મોક્ષ જશે. ઘણી શક્તિ હતી. એવું લખ્યું છે. થોડા શબ્દ છે. બોટાદમાં છે મેડી ઉપર. જ્યાં અમે ઉતરીએ છીએને ત્યાં ઉપર છે. પોતાના અપરાધથી આત્મા સંસારમાં રખડે છે. પોતાનો અપરાધ એ કે પરને પોતાના માનવા અને પોતાને ભૂલી જવું. બહુ ટૂંકું. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મના કારણે અપરાધ થાય અને કર્મને કારણે આત્મા રખડે છે એમ વાત છે નહિ. એ તો નાની ઉંમરમાં ગુજરી ગયા. ૩૩ વર્ષ અને ૪ મહિના. ગુજરી ગયા. શક્તિ ઘણી હતી. ક્ષયોપશમ એટલો હતો. એ શ્વેતાંબર-દિગંબરની ભિન્નતા.. એ રહી ગઈ પણ પછી છોડી દીધું અંદરમાં. પછી ૨૦ સૂત્રના નામ દીધા છે. એમાં ૧૯ દિગંબરના. ૨૦મું (શ્વેતાંબરનું) પણ શ્વેતાંબરનું સૂત્ર નહિ. યોગદૃષ્ટિ સમ્મુચય બનાવ્યું છે. હરિભદ્રનો ગ્રંથ છે. એને નાખ્યો છે. શ્વેતાંબરનું એકેય શાસ્ત્ર (નથી લીધું). પછી વાત ખ્યાલમાં આવી ગઈ. પણ પહેલા જરી.. કેવળી વિનય કરે. એ શ્વેતાંબરનું છે. કેવળજ્ઞાની ગુરુનો વિનય કરે. અરે..! કેવળજ્ઞાની કોના વિનય કરે? એ આત્મસિદ્ધિમાં આવ્યું છે. માણેકચંદભાઈ! આત્મસિદ્ધિ.

'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન,' એવું પદ આવ્યું છે. કેવળી વિનય કોનો કરે? ભાઈ! અમે તો એનો ખુલાસો ૯૫ની સાલમાં ઘણો કર્યો છે. આત્મસિદ્ધિ. કે ભાઈ કેવળી વિનય-બિનય કોઈનો કરે નહિ. હા, પૂર્વે વિનય કર્યો હતો એ ખ્યાલ આવ્યો એ અપેક્ષાએ કહેવામાં આવે છે. પણ કેવળજ્ઞાની થયો એ ગુરુનો વિનય કરે છદ્મસ્થનો. રાગ છે એને? વંદ્યવંદકભાવ તો છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે. વિકલ્પ હોય ત્યાં સુધી. વંદ્યવંદક. કેવળી પછી કોને વંદે? આહા..હા..! પૂર્ણાનંદનો નાથ વિકલ્પરહિત નિર્વિકલ્પ પૂર્ણ દશા થઈ ગઈ, કોને વંદે? ગુરુ છદ્મસ્થને વંદે?

**શ્રોતા :—** શ્વેતાંબરમાં ગુણસ્થાન છે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, છેને, એ તો વાત તો હોયને. ભલે શબ્દ તો હોયને બધા. ગુણસ્થાન, છ કાય જીવ બધું છે. પણ દૃષ્ટિ વિપરીતના કથન. દુઃખ લાગે બિચારાને. અત્યારે સમન્વય (કરવાનું કહે છે). કોની સાથે સમન્વય કરે? સમજાણું કાંઈ? ગુણસ્થાન, છ કાયના જીવ, છ દ્રવ્યમાં એક દ્રવ્યની એની ભૂલ છે. એ કાળદ્રવ્યને નથી માનતા. કાળને ઔપચારિક માને છે. મૂળમાં ઘણી ભૂલ. બાકી નામ તો હોયને. જૈનમાં છેને, પહેલા જૈનમાં શીખ્યા હતા. પછી મિથ્યાદૃષ્ટિ થયા. પણ ઓલી વાત તો રહી ગઈ હોયને.

ગુણસ્થાનની સ્થિતિ શું? છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ એમ માને છે કે વસ્ત્ર, પાત્ર હોય

તોપણ છઠ્ઠું ગુણસ્થાન આવે. એ જૂઠું છે. સમજાણું કાંઈ? નામ માને પણ ઠેકાણા ક્યાં છે એકેય. વાત એવી છે. અત્યારે તો એ બધું ચાલ્યું. ..ન્હાટા છેને? શ્વેતાંબરના છે. .. ન્હાટા. મોટા ઈતિહાસિક હતા. બેય સમન્વય કરો. કોઈનો વિરોધ કોઈ ન કરો. વિરોધનો અર્થ દૃષ્ટિ વિપરીત છે એમ જાણો. કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિ. સ્વભાવ ભગવાન આત્મા છે. વ્યક્તિ પ્રત્યે વેર નહિ, વિરોધ નહિ, દ્વેષ ન થવો જોઈએ. ચાહે તો જૈનશાસનનો વિરોધી હો, પણ દ્વેષ ન કરવો. સમજાણું કાંઈ? પણ દૃષ્ટિ વિપરીત છે એનો તો ખુલાસો કરવો જોઈએને? સમજાણું કાંઈ?

એ તો શ્રીમદ્દે પણ કહ્યું છે. સમભાવ આવે છેને એમાં? સમભાવની વ્યાખ્યા આવે છે. 'આત્મજ્ઞાન સમદર્શિતા વિચરે ઉદય પ્રયોગ,...' એ સમદર્શિતાની વ્યાખ્યા કરી છે એમણે પોતે. કુગુરુને જ્ઞાની કુગુરુને કુગુરુ સમજાવે, સુશાસ્ત્રને સુશાસ્ત્ર કહે, કુદેવને કુદેવ કહે, એ વિષમભાવ નથી, સમભાવ છે. મોટું પુસ્તક છેને આવું. બધું જોયું છે. કુદેવ ને કુગુરુ ને કુશાસ્ત્ર સરખા માને તો મૂર્ખાઈ છે. કુગુરુ અને સુગુરુને સરખા માને તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એને કયાંથી સમ્યગ્જ્ઞાન હોય! આહા..હા..! એ તો વિષમભાવ છે. સમભાવી આત્માઓ કુગુરુને કુગુરુ તરીકે કહે, એથી એને સમભાવ જતો નથી. સુદેવને સુગુરુ તરીકે સમજાવે, સુદેવને સુદેવ તરીકે સમજાવે, કુદેવને કુદેવ તરીકે સમજાવે, કુધર્મને કુધર્મ તરીકે સમજાવે, સુધર્મને સુધર્મ તરીકે સમજાવે એમાં વિષમતા નથી, સમજાણું કાંઈ? સમભાવ છે એ. સત્ય વાતને સત્ય તરીકે સ્વીકારે એ સમભાવ છે. આહા..હા..! આપણે સરખા કરો.. સરખા કરો... સમન્વય કરો. ભગવાન! કોઈ સાથે વિરોધ નહિ, પણ વસ્તુ તો આ દિગંબર ધર્મ સંતો જે કહે છે એમાં કોઈપણ ફેરફાર કરવો એ માર્ગ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં શું કહ્યું? જુઓ, એ કહ્યુંને? '**મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ, ઈત્યાદિ ભાવો કે જેઓ ચૈતન્યના વિકારમાત્રથી...**' જોયું! કર્મથી નહિ. ચૈતન્યના વિકારમાત્રથી છે. વિકારમાત્ર કેમ કહ્યું? પરના નિમિત્તથી નહિ એ સિદ્ધાંત. પોતાની વિકૃત અવસ્થાથી વિકાર થાય છે. આહા..હા..! નિમિત્તનો એક અંશ પણ એમાં છે, નિમિત્તની અસર છે અંદર એમ વાત નથી. કુંભારનો એક દોકડો પણ ઘડો કરવામાં છે, બિલકુલ નહિ. આહા..હા..! એમ આત્મામાં વિકાર થવામાં કર્મનો એક દોકડો પણ હોય (એમ નથી). આહા..હા..! હવે એ વાત જ ગુમ થઈ ગઈ બધી. ખબર છેને. શું કરે? આહા..હા..!

'**ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં આવે છે...**' જુઓ, મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, અવિરિતભાવ, કષાયભાવ ક્રોધાદિ એ જીવ વડે ભાવવામાં આવે છે. જીવ વડે ભાવવાથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! ઓલામાં કહ્યું હતું ભાવવાનો અર્થ. થાય છે. એમ જીવ વડે ભાવવામાં આવે એટલે જીવમાં થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઈશ્વર કર્તા માને એની સામે માથાકૂટ ન મળે આ. આહા..હા..! પ્રભુ! પણ તું ઈશ્વરસ્વરૂપ જ છેને

ભગવાન! તને કરે કોણ? કરે એ તો પર્યાય છે. એ તો દ્રવ્ય કરે. દ્રવ્યને કરે કોઈ? તો દ્રવ્ય છે નહિ? છે એને કરે? ન હોય એને કરે? કરે તો દ્રવ્ય પોતાની પર્યાયને કરે. અજ્ઞાન અવસ્થામાં વિકારની ક્રિયાનો કરનારો જીવ જ છે. સમજાણું કાંઈ? એમ કે અમને કર્મનું જોર છે તો અમે ધર્મ નથી કરી શકતા.

વળી એક જણો એમ કહેતો હતો. અમારે શેઠ હતા. કેવા આપણે? મોહનભાઈ. મોહનલાલ કાળીદાસ. એના મગજ ઉપર.. એકવાર એમ કહ્યું, મહારાજ! ભવિષ્યનું કોઈ આયુષ્ય બંધાઈ ગયેલું હશે કે અમારા પરિણામ સુધરતા નથી? મોહનલાલ કાળીદાસ. આવ્યા હતાને. આણંદભાઈ ને ઈ આવ્યા હતા. એમ વાત ચાલતી હતી. લ્યો. સમજ્યા? .. સાથે બેઠા હતા. મોટરમાં સાથે હતા. એકવાર એમ બોલ્યા, મહારાજ! કોઈ આયુષ્ય બંધાઈ ગયું હશે? જેમ શ્રેણિકને નરકનું આયુષ્ય બંધાઈ ગયું, તો એને પચ્ચખાણ કાર્યકારી નથી થતું. આયુષ્ય બંધાઈ ગયું હશે? ભાઈ! એ રહેવા દે વાત. મોહનલાલ કાળીદાસ હતા. એમના દીકરા પણ ત્યાં પ્રમુખ હતાને દાદરમાં. ગુજરી ગયા. કાંતિભાઈ. એણે એ પ્રશ્ન કર્યો હતો એકવાર, મહારાજ! આપ કહો છો પણ પરિણામ સુધરતા નથી. શું આયુષ્ય બંધાઈ ગયું હશે કોઈ ગતિનું? સમજાણું કાંઈ? અહીં તો ઘણા માણસો આવે. અરે..! એમ છે નહિ, કીધું.

સમ્યગ્દૃષ્ટિને નારકીનું આયુષ્ય બંધાણું હોય તોપણ સમકિત હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! પહેલાં બંધાઈ ગયું હોય. પછી .. નારકીમાં ચાલ્યા જાય સમકિત લઈને. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રેણિક રાજાને સાતમી નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. જ્યાં સમ્યગ્દર્શન પામ્યા તો સ્થિતિ તૂટી ગઈ. ચોર્યાસી હજારની રહી. ગતિ ન ફરે, પણ સમ્યગ્દર્શન પામ્યા, ક્ષાયિક પામ્યા. આહા..હા..! એમાં શું છે? અને ક્ષણે-ક્ષણે તીર્થંકરગોત્ર બાંધે છે. નારકીના આયુષ્યનો અહીં બંધ પડ્યો હતો તો ક્ષાયિકસમકિત પામ્યા અને ક્ષણે-ક્ષણે તીર્થંકરગોત્ર બાંધતા હતા. ચારિત્ર ન આવ્યું. કારણ કે એટલું તીવ્ર આયુષ્ય બંધાઈ ગયું તીવ્ર પાપમાં. ચારિત્ર ન આવ્યું. એટલું પોતાના પુરુષાર્થને કારણે, બંધ થયો માટે એમ નહિ.

કહે છે, **'તેઓ જીવ જ છે.'** **'ચૈતન્યના વિકારમાત્રથી...'** વિષય-વાસના... આહા..હા..! જ્ઞાનીને પણ આવે છે, પણ એ પોતાના ભાવથી આવે છે. કર્મનો ઉદય આવ્યો તો વિષય-વાસના થઈ એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કહે છે કે જુઓ, શ્રેણિક રાજા ક્ષાયિકસમકિતી હતા. એને નરક જવાની ભાવના છે? કર્મ બંધાણું હતું તો કર્મ લઈ ગયા અહીંથી. એમ છે નહિ. પોતાની પર્યાયની યોગ્યતા જ નરકમાં જવાની વર્તમાન સમયમાં છે. નરકનું આયુષ્ય બંધાણું માટે છે એમ નહિ. સમજાણું કાંઈ? ઘણા પ્રશ્નો થાય છેને અમારે તો. જુઓ, સમકિતી છે, તીર્થંકરગોત્ર બાંધે છે, પણ નરકનું આયુષ્ય બંધાણું તો એને નરકમાં જવું પડ્યું. અહીંથી ક્ષેત્રાંતર નરકની ગતિ કરાવે છે. બિલકુલ નહિ. પોતાની પર્યાય અહીંથી ક્ષેત્રાંતર થાય છે એ પોતાથી થાય છે, કર્મને કારણે નહિ. આહા..હા..! લ્યો, ભાવાર્થ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રાવણ વદ-૩, ગુરુવાર, તા. ૧૨-૮-૧૯૭૬, ગાથા-૮૭, પ્રવચન નં. ૧૫૪

'**તે મિથ્યાત્વાદિ અજીવ છે;...**' શું કહે છે? આહા..હા..! જેમ મરચાથી મુખ તીખું થઈ જાય છેને? ચરપરા, તો જ્ઞાનમાં તીખાશ ભાસે છે. પણ 'એ તીખાશ મારી ચીજ છે અને તીખાશનો સ્વાદ મારામાં આવે છે' એવી ભ્રાંતિ અજ્ઞાનીને થઈ જાય છે. હું તીખો થઈ ગયો. સમજાણું કાંઈ? સાકર લ્યો. સાકરની મીઠાશ જે છે એ તો જડ છે. સાકરની મીઠાશ જ્ઞાનમાં જણાય છે, પણ એ સાકરની મીઠાશ જડ છે એમ જ્ઞાનમાં જણાય છે. એમ નહિ માનીને સાકરની મીઠાશનો સ્વાદ મને આવે છે, એ ભ્રમ છે. સમજાણું કાંઈ?

એમ અહીંયાં કહે છે કે કર્મનો ઉદય.. આવ્યું? '**તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે...**' સ્વાદનો અર્થ ઈ કે કર્મના ઉદયનો રસ છે એ જણાય છે. જેમ મરચાની તીખાશ, સાકરનું ગળપણ. ગળપણ કહે છે? મીઠાસ. સમજ્યા? લીંબુની ખટાશ એ તો જડ છે. જ્ઞાનમાં આ ખટાશ છે એમ જણાય છે, પણ એ ખટાશનો સ્વાદ મને આવે છે એ ભ્રમ છે. સમજાણું કાંઈ? ખટાશ તો જડ છે. જડનો સ્વાદ કેમ આત્મામાં આવે? એમ અહીંયાં કહે છે. સમજાણું કાંઈ? તીખાશ, મીઠાશ અને ખટાશ ત્રણના દૃષ્ટાંત (આપ્યા).

એમ '**કર્મનો વિપાક (ઉદય) થતાં તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે...**' ખ્યાલ આવે છે કે આ બ્રહ્મરસ છે, અજ્ઞાન છે, રાગ છે. એ રાગના રસનું જ્ઞાન ખ્યાલમાં આવે છે, પણ એમ નહિ માનીને રાગના રસનું જ મને વેદન છે... સમજાણું કાંઈ? ઝીણી વાત લીધી છે હોં! સુકૌશલજી! જાણ્યું નથી. વાત તો એવી છે, ભગવાન! આહા..હા..!

એ પત્ર આવ્યો છેને આજે માણેકચંદજીનો. ભવ્યસાગરનો મોટો લાંબો પત્ર આવ્યો છે. ભવ્યસાગર સાધુ છેને દિગંબર .. કવિ છે. ૧૭ વર્ષની દીક્ષા છે. ... બહુ મોટો કાગળ આવ્યો છે. રાત્રે વાંચ્યો. હિન્દી ભાષા છે અને એ વખતે માણેકચંદજી લાવ્યા હતા, સાંભળવાનો વખત નહોતો અમારી પાસે. અમે બપોરે વાંચન (કરીએ છીએને). પત્ર આવ્યો છે. મોટો પત્ર છે. એમાં છે. બેય બાજુ લખ્યું છે, હોં! એમ લખ્યું છે કે ઓહો..હો..! સાધુ છે દિગંબર. ૧૭ વર્ષની દીક્ષા અને કવિ છે. માણેકચંદજી આવ્યા હતાને? એક ફેરી કહેતા હતા. એમાં લખ્યું છે, સ્વામીજી! આ વાત અમને ૫૦૦ વર્ષમાં મળી નથી. આમાં શું કહે છે? આહા..હા..! ધન્ય પ્રાણી! જે વાત આપની સભામાં સાંભળે છે. હું ક્યારે તમારી સભામાં ધર્મકથા સાંભળું? એમ લખ્યું છે. મધ્યસ્થ માણસ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** કોનો પત્ર આવ્યો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ભવ્યસાગર, કર્ણાટકના સંત સાધુ દિગંબર છે. ૧૭ વર્ષની દીક્ષા. ૧૭ કહે છેને? ૧૦ ને ૭. અને કવિ છે. એ માણેકચંદજી આવ્યા છે. એની પાસે સાંભળતા હતા. તો સાંભળીને એને અંદરથી એમ લાગ્યું, અહો..! મારી .... એના વિરહમાં સાંભળવામાં મને ખળભળાટ અંદર થાય છે. આમ હરખ થાય છે કે હું ક્યારે સાંભળું? ધન્ય તમારા નગરમાં, સોનગઢમાં. કવિ મોટો. .... શું કહેવાય એ? ગાથા છે. આવી વાત તો અમે પાંચસો વર્ષમાં નજર કરીએ છીએ તો આવી વાત અમને સાંભળવા મળી નથી. સમજાણું કાંઈ? એટલે પહેલાં તો હતી પણ બહુ વિસ્તાર નહોતોને. બનારસીદાસ ને ટોડરમલ વખતે બધું હતું, પણ એનો વિસ્તાર નહોતો અને એ વખતે પુસ્તક બહાર લાવવાનું સાધન નહોતું. પુસ્તક છાપવાના સાધન નહોતા. અત્યારે તો એક લાખ પુસ્તક, બે લાખ પુસ્તક છાપવા હોય તો દસ-પંદર દિવસમાં છપાઈ જાય અને એક પુસ્તક અહીંથી આફ્રિકા મોકલવું હોય તો ત્યાં પહોંચી જાય. એ વખતે સાધન નહોતા. સમજાણું કાંઈ? અત્યારે તો સાધન એવા થઈ ગયા. હિન્દુસ્તાન આ છેડે તો ઓલા છેડે પુસ્તક પહોંચી જાય. અરે..! આફ્રિકામાં પણ પુસ્તક છેને પણ આ. આફ્રિકામાં મંદિર બન્યું છે, દિગંબર મંદિર. પ્રતિમાના પંચકલ્યાણ કરીને ઉપર શું કહેવાય એ? પ્લેન-પ્લેન. પ્લેનમાં લઈ ગયા. કરોડોપતિ છે ત્યાં શ્વેતાંબર. બધા દિગંબર થઈ ગયા. વાંચનારા એક ઝવેરચંદ છે. કરોડપતિ છે. કરોડપતિ છે. એ વાંચે છે ત્યાં. અને બીજા ત્યાં પાંચ-પચ્ચીસ લાખના આસામી ઘણા છે. મહાજન લોકો છે મહાજન. એ ત્યાં વાંચતા હતા તો... આહા..હા..! ત્યાં આત્મધર્મના ગ્રાહક ઘણા વધી ગયા. પહેલા ધર્મચંદભાઈ ગયા હતાને, ધરમશીભાઈ? આ કહે કે આ તો રેલનો રસ્તો, પુસ્તક છાપવાના સાધન એટલા થયા કે એક કાંઠેથી બીજે કાંઠે લઈ જાય. એવા સાધન એ વખતે નહોતા. ટોડરમલજી... લીધું છે એમાં બનારસીદાસે. 'ઘર ઘર સમયસાર નાટક બખાના...' એવું આવે છે, પણ એ વખતે બહુ દૂર જવાના સાધન નહોતાને. અહીં તો પુસ્તક છપાય તો લાખ. કેટલા? ૨૦ લાખ છપાઈ ગયા. અત્યારે આટલા વર્ષમાં ૧૪ લાખ અહીંયા, ૬ લાખ જયપુરથી. આપણા હુકમચંદજી. બહુ હુકમચંદજીનો ક્ષયોપશમ. ૨૦ લાખ પુસ્તક છપાઈ ગયા અને છપાય છે. એમાં લખ્યું છે, સાચા પુસ્તક હોય તો અમારી પાસે લાવજો. એવું લખ્યું છે. રાત્રે વાંચ્યો હતો. આ વાત ક્યાં છે, બાપુ? શું થઈ ગયું? આહા..હા..! નિમિત્ત-નૈમિત્તિકના સંબંધમાં કર્તા-કર્મ ખોસે છે. એ અહીં કહે છે.

પોતાના ઉપયોગમાં મિથ્યાત્વાદિનો રસ ખ્યાલમાં આવે છે. જેમ તીખાશ, ખટાશ જ્ઞાનમાં જણાય છે, પણ એ ખ્યાલમાં જ્ઞાન આવે છે, એ જ્ઞાનમાં ખટાશ નથી આવતી; એમ કર્મના ઉદયનો જ્ઞાનમાં ખ્યાલ આવે છે, પણ એ પોતાનો સ્વાદ નથી, એ પરનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત. આહા..હા..!

એ કહે છે જુઓ, '**મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે...**' સ્વાદનો અર્થ જેમ ખટાશ ખ્યાલમાં આવે છે, એમ કર્મનો ઉદય રસ જડનો ખ્યાલમાં આવે છે. સમજાણું કાંઈ? '**તે મિથ્યાત્વાદિ અજીવ છે;...**' એ તો જડ છે. જેમ તીખાશ, ખટાશ અને મીઠાશ છે તો જડ, એમ કર્મનો ઉદય છે તો જડ. આ ઝીણી વાત આવી. આ તો મૂળ વાત છે.

**શ્રોતા :—** વાત તો મહારાજ બહુ મોટી છે પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ.. રસ અને રુચિ કરવી કઠણ છે એમ શેઠ કહેતા હતા એકવાર. ... હુકમચંદજી. સમજાય તો છે, પણ રુચવી જરી મુશ્કેલ છે. આ કર્મથી રાગ થતો નથી એ રુચે ક્યાંથી? એ ખટાશનું જ્ઞાન થયું, તો એ ખટાશનું ત્યાં જ્ઞાન થયું. ખટાશ અહીંયા આવી નથી. ખટાશનો સ્વાદ અહીંયા જ્ઞાનમાં આવ્યો નથી. ખટાશ તો જડ છે. ખટાશ કહે છેને? લીંબુ. તેમ ચરપરાઈ. આ ઢોકળા કરે છેને? ઢોકળા કહે છે? મરચું નાખીને. બહુ તીખા મરચા ચરપરાઈ. તો તીખાશની અવસ્થા જડની મોઢામાં આવી છે. એ જડનો સ્વાદ આત્મામાં આવતો નથી. તીખાશનો સ્વાદ જ્ઞાનમાં આવતો નથી. આતા નહિનો અર્થ જ્ઞાન એને જાણે છે, પણ એ જડનો સ્વાદ જ્ઞાનમાં આવતો નથી. પરનો સ્વાદ આત્મામાં ક્યાંથી આવે? સમજાણું કાંઈ?

**શ્રોતા :—** વેદન કોનું થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કહે છેને હમણાં. પોતાના મિથ્યાભાવનું વેદન થાય છે, એ જડના મિથ્યાત્વનું નહિ. ખટાશમાં ખટાશ સમયે પોતાના જ્ઞાનની પર્યાયમાં ખટાશનું જ્ઞાન એનું વેદન છે, ખટાશનું નહિ, ખટાશ તો જડ છે. આહા..હા..!

આજે સુકૌશલજી બહુ કહેતા હતા. નિમિત્ત-નૈમિત્તિકસંબંધની આટલી સ્પષ્ટ વાત... વસ્તુ તો એવી છે, ભાઈ! શું કહીએ? નાને મોઢે થોડી શક્તિ... આહા..હા..! ભાઈ આવ્યા છે? શું કહેવાય? ચંદ્રન, ઉદયપુર. ચંદ્રસ્વામીજી આવ્યા છેને? આજે અમારી ઉપર મોટો પત્ર આવ્યો છે, ઉદયપુરથી. ગાયુના મરણ. સેંકડો ગાયું મરી ગઈ ઉદયપુરમાં. કોઈએ ઝેર દીધું કે શું કર્યું. ત્રાસ-ત્રાસ થઈ ગયો. પત્ર છે. .. પડ્યા હતા. ગાય નહિ? તો ... રાત્રે કોઈએ ગાયોને ઝેર આપ્યું. કેટલાકે તો ઝેર ચાખીને જોયું. ગાય ચક્કર ખાઈને પડી ગઈ. શું થયું કાંઈ ખબર પડતી નથી. ષડયંત્ર છે કોઈનું. અરેરે..! સેંકડો ગાયું.. શું કહેવાય? નામેય તમારું ભૂલી ગયા. મોટર-મોટર, ખટારા. ખટારા .. બહાર. કાંઈક અંદર હશે ગડબડ. એના જે જિલ્લાધીશ છે એણે વાત કરી. કર્મચારીએ એને કહી દીધું હતું કે રાત્રે તમારી ગાયને બહાર ન કાઢશો. કર્મચારી હોયને સાથે રહેનાર? એનો અર્થ કે બીજી ગાયોને ઝેર દેવું છે. સમજાણું કાંઈ? બહુ વિસ્તારથી આવ્યો છે. ચંદ્રસેનજી! ઈ ફરીથી વાંચજો. કીધું, અહીંયાં અમારે ચંદ્રસેન છેને. એને ખબર છે કે નહિ? જુલાઈની ૧૮ તારીખ. ગલીએ-ગલીએ મડદા.

એનું કારણ તો એમ લખે છે કે ઓલા વિનોબાજી છેને. આ આવતા મહિને .. અનશન

કરવાના છે ગૌવધ બંધ કરવા માટે. ગૌવધ છે, બંધ કરો. નહિતર અમે અનશન કરીશું. એવું છે. એ કારણે સરકારમાં કોઈ ષડયંત્ર કર્યું છે. આહા..હા..! ગજબ કર્યો! ઝેર દઈને કેટલી ગાયું તો મડદા. આખું ગામ કકળાટ... કકળાટ... બાયું રોવે, આદમી રોવે. અરર..ર..! જુઓને આ જગતમાં શું કરે? કેવા પરિણામ એના! આયુષ્ય તો એની સ્થિતિ એટલી જ હતી, પણ મારનારનો ભાવ ક્રૂર કેટલો! અરર..ર..! એક પંચેન્દ્રિય પ્રાણી ગાય જેવું અને હિન્દુમાં તો એને માતા કહે છે, લખ્યું છે. એને ઝેર દઈને મારી નાખી. અરર..ર..! સેંકડો ગાયું તો પડી છે હજી. કાઢે છે. આહા..હા..! આવી દશા હિન્દુસ્તાનમાં.

એમ અહીં આત્મામાં કહે છે કે કાળો કેર થાય છે જ્યારે જ્ઞાનમાં રસ દેખાય છે તો રસનો સ્વાદ હું લઉં છું એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? આહા..હા..! મોઢું બહુ તીખું થઈ ગયું, બહુ ખાટું થઈ ગયું; પણ એ તો જડની પર્યાય થઈ, એમાં તને શું થયું? જ્ઞાનમાં અરૂપીમાં શું આવ્યું? અરૂપી તો જાણે છે કે આ ખાટું છે, આ તીખું છે, આ મીઠું છે. મીઠાઈ તો જડ છે. એમ જ્ઞાનમાં આત્મામાં ઉપયોગમાં જડની અવસ્થા ખ્યાલમાં આવે છે કે આ જડ છે, પણ એમ નહિ માનીને એ જડનો સ્વાદ મારામાં આવ્યો એમ માનીને મિથ્યાત્વનું સેવન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ લાડવા ખાય છે લાડવા, લ્યોને. શું જ્ઞાનમાં લાડવાનો સ્વાદ આવે છે? સ્વાદ તો જડ છે.

**શ્રોતા :—** લાડુનો સ્વાદ તો આવેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બિલકુલ સ્વાદ નહિ. એ તો જડનો સ્વાદ છે. ભગવાન તો અરૂપી આત્મા છે. અરૂપીને રૂપીનો સ્વાદ આવે? ધન્નાલાલજી! મૈસુબ ખાય છે. મૈસુબ સમજો છો? મૈસુબપાક. શું એનો સ્વાદ છે? એ તો જડની અવસ્થા છે, રૂપી છે, ભગવાન તો અરૂપી આત્મા છે. અરૂપીને રૂપીનો સ્વાદ આવે? એમ કર્મનો ઉદય જડ છે. એ જડનો સ્વાદ જ્ઞાન જાણે છે, પણ ભિન્ન ભેદજ્ઞાનનું ભાન નથી તો મિથ્યાત્વનો જે સ્વાદ આવ્યો એ પોતાની પરિણતિમાં આવ્યો, પણ એનો સ્વાદ આવ્યો એમ માનીને મિથ્યાત્વનું સેવન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે તે...**' શેમાં? કર્મનો વિપાક ઉદય થવાથી તેમાં. શેમાં? જડમાં. '**મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વાદિ અજીવ છે; અને કર્મના નિમિત્તથી જીવ વિભાવરૂપ પરિણમે છે...**' એ વખતે મિથ્યાભ્રાંતિપણે પરિણમન થાય છે એ મિથ્યાત્વ પર્યાય જીવની છે. એ કર્મનો ઉદય જીવનો નથી, એ તો અજીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! હજી તો જડ અને આત્મા વચ્ચે ભેદજ્ઞાન કરાવે છે. પછી મિથ્યાત્વનું અને રાગ-દ્વેષનું ભેદજ્ઞાન તો સ્વને આશ્રયે થાય છે. આ તો હજી પરથી ભિન્નની પ્રતીતિ કરાવે છે. સમજાણું કાંઈ? આટલી વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી એને આત્માનું જ્ઞાન થઈ જાય, કર્મથી અમને વિકાર થાય, અમે વિકાર કર્યો તો એનાથી

કર્મ બંધાય છે એમ માને છે. લ્યો, સવારે આવ્યું હતું. મિથ્યાત્વાદિથી આત્મા કર્મ ઉપાર્જે છે એમ સવારે આવ્યું હતું અને કર્મના કારણે આત્મામાં જ્ઞાનાદિ આચ્છાદન થાય છે એમ આવ્યું હતું. પોતાના મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામથી નવા કર્મ બંધાય એ તો એને કારણે છે; પણ નિમિત્ત એમાં થયું એમ દેખીને, નિમિત્ત છે એમ જોઈને કર્મ ઉત્પન્ન કર્યા એણે અને એ જ કર્મ પોતાને હેરાન કરે છે એ પણ નિમિત્ત છે. સમજાણું કાંઈ?

ભારે કર્મની વાત. ઠેઠ ઠેઠ મુશ્કેલી હતી. ૧૩ની સાલમાં મોટી ચર્ચા થઈ. પત્ર આવ્યો ત્યાં. એના પિતાજીના ઘરે ભોજન કરવા ગયા હતા. ગજરાજજીને ત્યાં શેઠ આવ્યા. તે દી. ૧૩ની સાલ. ૧૯ વર્ષ. મેડી ઉપર રહેતા હતા. ગજરાજજી. એ મકાનમાં મેડી ઉપર આહાર કર્યો. ત્યાં આવ્યા ભાઈ. મહારાજ! આ પત્ર આવ્યો છે કે વિકાર કેમ થાય? વિકાર કર્મથી નથી થતો તો વિકાર સ્વભાવ થઈ જાય. કીધું, એનો જવાબ અપાઈ ગયો છે. વિકાર પોતાની પર્યાયથી થાય છે, કર્મથી નહિ, પરકારકથી નહિ. જુઓ, ૬૨ ગાથા કીધું. પંચાસ્તિકાય. સમજાણું કાંઈ? ૬૨ ગાથા છે. પોતાના વિકારની પર્યાય મિથ્યાત્વ અને રાગ-દ્વેષની પર્યાય એક સમયની પર્યાયમાં ષટ્કારક પરિણમનથી (થાય છે), દ્રવ્ય-ગુણથી નહિ, પરના કારકથી નહિ, એવો પાઠ છે. એમ કહ્યું, ખળભળાટ થઈ ગયો. પણ શું છે, જુઓને! ફૂલચંદજી.

ફૂલચંદજી એમ કહે છે, સ્વામીજી એમ કહે છે કે નિશ્ચયથી પોતામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ પોતાથી થાય છે, કર્મના કારકની ત્યાં અપેક્ષા છે નહિ. આહા..હા..! આવી વાત. ઝઘડા કરે હમણા ત્યાં લલિતપુરમાં. આ ભાઈ બેઠા. અને એક કોર ભવ્યસાગર આવા વખાણ કરે. સાધુ એના. ઓહો..હો..! માર્ગ તો તમે કહો છો એ જ છે. એ માર્ગ તો અમે હજી સુધી સાંભળ્યો નથી, એમ કહે છે. સોનગઢ નગરમાં આવનારા ધન્ય છે કે એ માર્ગ બધા સાંભળે છે. રાત્રે. હિન્દી-હિન્દી છેને. અમારા શેઠ હિન્દી બોલશે. ધન્નાલાલજી વાંચશે. સમજાણું કાંઈ? અરે પ્રભુ! આ તો અંતરના સત્યની ઘરની વાત છે. આ કોઈ કલ્પનાની કે ઉપરથી આવી છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે?

‘**સ્વાદ ઉત્પન્ન થાય છે...**’ જડમાં હોં! ‘**તે મિથ્યાત્વાદિ અજીવ છે; અને કર્મના નિમિત્તથી જીવ વિભાવરૂપ પરિણમે છે તે...**’ નિમિત્ત તો જડ છે. અહીંયાં પોતાના પરિણામ મિથ્યાત્વરૂપે થાય છે એ પોતાથી થાય છે. સમજાણું કાંઈ? એ જડના ઉદયનું પરિણમન જડમાં છે અને પોતાના મિથ્યાત્વનું પરિણમન જીવમાં પોતામાં છે. બેને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, પણ નિમિત્ત કર્તા છે અને વિકાર કાર્ય છે એમ ત્રણકાળમાં નથી. એમ વિકાર કર્તા છે અને કર્મબંધની પર્યાય એનું કાર્ય છે એમ છે નહિ. આહા..હા..! ઉપાદાન-નિમિત્તના દોહા છેને ૪૭. ભૈયા ભગવતીદાસના. બહુ ચર્ચા થઈ છે. એમાંથી આ ‘મૂળમાં ભૂલ’ નીકળ્યુંને. (સંવત) ૨૦૦૨ની સાલમાં. મૂળમાં ભૂલ! હજી પર્યાય વિકારી કર્મથી થાય છે, મૂળમાં ભૂલ. આહા..હા..! વિકાર કર્મ કરાવે છે તો ભૂલ ટાળવામાં પોતાનો અધિકાર

તો રહ્યો નહિ. કેમકે એનાથી થયો તો એ ટળે તો આ ટળે. સમજાણું કાંઈ? પોતાથી વિકાર પોતાને કારણે, પરની અપેક્ષા રાખ્યા વિના (જીવ કરે છે). આહા..હા..!

જેમ વિકારની પર્યાય સમય-સમયની પર કર્મ આદિ કારકની અપેક્ષા રાખ્યા વિના થાય છે, એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાના સ્વભાવના આશ્રયે થાય છે એમાં વ્યવહાર અને નિમિત્તની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? જેમ વિકારની પર્યાય પોતાના ષટ્કારકથી... ષટ્કારક સમજ્યા? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ પર્યાયમાં ષટ્કારક હોં! કેમકે કર્તા, કર્મ આદિ છ શક્તિ આત્મામાં છે. તો છ શક્તિ ગુણરૂપ છે, દ્રવ્યરૂપ છે, તો પર્યાયમાં પણ ષટ્કારક આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં... આહા..હા..! વિકારની પર્યાય મિથ્યાત્વ હોય, મિથ્યાત્વની પર્યાયનો કર્તા મિથ્યાત્વ, મિથ્યાત્વનું કર્મ મિથ્યાત્વ, મિથ્યાત્વનું સાધન મિથ્યાત્વ, સાધન એટલે કરણ, મિથ્યાત્વનું અપાદાન એટલે મિથ્યાત્વથી મિથ્યાત્વ થયું છે, મિથ્યાત્વ થઈને પોતામાં રાખ્યું અને મિથ્યાત્વનો આધાર મિથ્યાત્વ છે, કર્મ અને દ્રવ્ય-ગુણ નથી. આહા..હા..! આ વાંધા નિમિત્ત અને વ્યવહાર-નિશ્ચયના. એનો આ ખુલાસો છે. એમ પોતામાં દ્રવ્યનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મપર્યાય થાય છે એ પણ નિરપેક્ષ છે. વ્યવહાર અને નિમિત્તની અપેક્ષા વિના નિશ્ચય અપેક્ષા.. નિયમસાર છે. સમજાણું કાંઈ? આમ સ્પષ્ટ ષટ્કારક પંચાસ્તિકાય ૬૨ ગાથા અને નિરપેક્ષ, નિયમસાર છેને. પરમનિરપેક્ષ. આહા..હા..! આચાર્યોએ તો ઘણું સ્પષ્ટ કર્યું છે. જુઓ, પહેલી ગાથા. આ બીજી આવી.

'પૂર્વ આચાર્યોએ પરમ વીતરાગ સર્વજ્ઞના શાસનમાં કથન કર્યું છે કે નિજ પરમાત્મતત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન, અનુષ્ઠાન-આચરણ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમનિરપેક્ષ હોવાથી...' વ્યવહાર અને નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના મોક્ષમાર્ગની પર્યાયમાં ખરેખર તો.. મોક્ષમાર્ગની પર્યાયમાં ષટ્કારક પરિણમન છે. અહીં તો દ્રવ્યના આશ્રયે કહેવું છે, પણ દ્રવ્યનો આશ્રય. આશ્રયનો અર્થ એ સન્મુખ થયો, પણ સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિ એક સમયની ષટ્કારકથી પોતાથી પરિણતિ થઈ છે, દ્રવ્યથી પણ નહિ. સમજાણું કાંઈ? દ્રવ્યસન્મુખ થયો એટલું બસ, પણ સન્મુખ થવાની કર્તા, કર્મની ક્રિયા પર્યાયમાં થાય છે. આહા..હા..!

એમ જ્ઞાનાવરણીય પર્યાય બંધાય. જ્ઞાનાવરણીય છ કારણથી બંધાય છે. એ છ કારણની પર્યાયનું ષટ્કારક પરિણમન પોતાથી છે અને કર્મબંધની પર્યાય જે થાય છે એ પર્યાયમાં ષટ્કારકની વિકાર પર્યાયનો કર્તા ઈ પર્યાય. આહા..હા..! દ્રવ્ય પણ નહિ અને આત્માની વિકારી પર્યાય નિમિત્ત એ પણ એની કર્તા નહિ. સમજાણું કાંઈ? આ મોટી ચીજ છે અત્યારે ગંભીર. મોટા-મોટા મહંત નામ ધરાવનારા મોટી ગડબડ કરે છે. આહા..હા..! એ કહ્યું જુઓ. છે? 'નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન...' એટલે નિજ કહ્યું. પોતાનો આત્મા શુદ્ધ આનંદકંદની શ્રદ્ધા. પણ એ આનંદકંદની શ્રદ્ધા સ્વસન્મુખ થઈ એટલી અપેક્ષાથી એની શ્રદ્ધા એમ કહેવામાં

આવે છે. બાકી શ્રદ્ધાની પર્યાય પોતાથી નિજ આત્માના દ્રવ્યની પર્યાય સમ્યગ્દર્શનની ષટ્કારક પરિણતિથી પોતાથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! લલિતપુર. એ તો અગ્રેસર છે. આ વાત તો સમજવાની ચીજ છે, ભાઈ! શું કરે?

અરે..! પ્રભુના વિરહ પડ્યા, કેવળીનું જ્ઞાન રહ્યું, કેવળજ્ઞાન રહ્યું નહિ, ચાર જ્ઞાનને ધરનારના વિરહ પડ્યા અને જગત ઊંધો અર્થ કરીને દ્રવ્યનો ઊંધો અર્થ કરે છે. આહા..હા..! અરે..! એ ફરિયાદ ક્યાં કરવી? ભગવાનની હાજરી નથી. સમજાણું કાંઈ? જેમ લક્ષ્મી ખૂટે અને પિતાજીનું મરણ થાય પછી દીકરા તકરાર કરે-ઝઘડા કરે. આ મકાન અમારું, એ મકાનમાં અમે રહેતા હતા. મોટો કહે, મકાન પાંચ લાખનું છે, બીજાનું બે લાખનું છે. હો, પિતાજી અહીં અમારી પાસે રહેતા હતા. માટે એ પાંચ લાખનું મકાન અમારું. બીજો કહે, તને બે લાખ મળે એ .... એ ઝઘડા. એમ સર્વજ્ઞ પરમાત્માના વિરહ અને કેવળજ્ઞાનની પર્યાયની ઉત્પત્તિનો કાળ નથી, સમજાણું કાંઈ? અને ઝઘડા ઉત્પન્ન કરે, પ્રભુ! એ માર્ગ તમે કહો છો એમ નથી. આમ છે.

વિકારી પર્યાય કર્મની અપેક્ષા રાખ્યા વિના પોતાની પર્યાય એ દ્રવ્ય-ગુણની અપેક્ષા રાખ્યા વિના (થાય છે). કેમકે દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે અને વિકારપણે પરિણમે છે, તો દ્રવ્ય-ગુણ શુદ્ધની અપેક્ષા કેવી રીતે આવે? આહા..હા..! અમરચંદભાઈ! આહા..હા..! દ્રવ્ય-ગુણ તો શુદ્ધ-શુદ્ધ ધ્રુવ છે, તો વિકારી પર્યાય શુદ્ધને આશ્રયે કેવી રીતે થાય? આહા..હા..! એ તો પર્યાયને આશ્રયે પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! એ જ પર્યાય આશ્રય અને એ જ પર્યાય કર્તા અને એ જ પર્યાય કર્મ અને એ જ પર્યાય કરણ. આહા..હા..! એમ છે. સમજાણું કાંઈ? અહીં સમ્યગ્દર્શન પણ એમ કહ્યું, કે વ્યવહાર હોય તો સમ્યગ્દર્શન થાય છે. પહેલા વ્યવહાર હોય. અહીં તો ના પાડે છે. એ સમ્યગ્દર્શનની ખરેખર પર્યાય તો શુદ્ધને આશ્રયે થઈ, પણ શુદ્ધથી પર્યાય નથી થઈ. શુદ્ધના આશ્રયે-સન્મુખ થઈને થઈ એટલું, પણ એનાથી નહિ, પર્યાય પર્યાયથી થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! એવું જ તત્ત્વ છે. ભગવાન કહે છે, પોકાર કરીને કહે છે. પણ તને ખ્યાલમાં આવે એવી તો વાત છે. સમજાણું કાંઈ?

નહિ, વિકારને નહિ, નિર્મળ પર્યાયને ખરેખર નહિ. એ તો આવી ગયું. દ્રવ્યસ્વભાવ છે એ પર્યાયનો કર્તા નથી. મોક્ષમાર્ગની પર્યાયનો દ્રવ્ય કર્તા નથી. પરમાત્મપ્રકાશમાં આવી ગયું, ૬૮ ગાથા અને ૩૨૦ ગાથા. જયસેનાચાર્યની ૩૨૦ ગાથા. મુંબઈમાં બહુ ચાલ્યું. હમણાં મુંબઈમાં ૫૧ વ્યાખ્યાન થયા. ઘણું ચાલ્યું. ૧૧ વ્યાખ્યાન ઘણી સૂક્ષ્મ ગાથા ચાલી. પણ બધા સાંભળતા હતા. દસ-દસ હજાર માણસ. તેર હજાર રવિવાર હોય તો તેર અને બીજનો દિવસ હતો જન્મ દિવસે પંદર હજાર. આખો પંડાળ ખીચોખીચ ભરેલો. આ તો નાનું છે. કેમ માણેકચંદભાઈ! એ બધા મુંબઈના છે. આહા..હા..! સાંભળે. બાપુ! સાંભળો તો ખરા,

ભાઈ! હઠ છોડીને, પૂર્વની માન્યતા છે એને છોડીને. પૂર્વની માન્યતા છે એ અમને ખબર નથી? સમજાણું કાંઈ? આહા..! અમે પણ એમ માનતા હતા, ૭૦મા દીક્ષા લીધી ત્યારે ગુરુ કહેતા તે માનતા હતા. પણ જ્યારે અમને અંતરથી આવ્યું, ૭૧ની સાલ, વિકાર પોતાથી થાય છે, કર્મથી નહિ અને વિકારનો પુરુષાર્થ પોતાનો છે અને વિકારને ટાળવાનો પુરુષાર્થ પણ પોતાનો છે. કરવામાં પુરુષાર્થ પોતાનો છે. આહા..હા..!

પ્રવચનસારમાં તો કહ્યું છે, ૧૮૯ ગાથા. આહા..હા..! ત્યાં તો એમ કહ્યું છે, શુદ્ધનયથી વિકાર થાય છે, એમ કહ્યું છે. શું કહ્યું? શુદ્ધનયથી વિકાર થાય છે, એમ કહ્યું છે પ્રવચનસારમાં. કારણ કે પર્યાય શુદ્ધનય નામ પોતાથી થઈ છે તેથી શુદ્ધનય અને કર્મથી થઈ એનું નામ અશુદ્ધનય. પ્રવચનસાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! છેને? ૧૮૯. ૧૮૯ને? '**જીવોના બંધનો સંક્ષેપ નિશ્ચયથી અર્હંતદેવોએ યતિઓને કહ્યો છે; વ્યવહાર અન્ય રીતે કહ્યો છે.**' શું? '**રાગપરિણામ જ આત્માનું કાર્ય છે....**' રાગ-દ્વેષ, મિથ્યાત્વ, વાસના વિકારી એ કર્મ છે. '**તે જ પુણ્યપાપરૂપ દ્વૈત છે, રાગપરિણામનો જ આત્મા કર્તા છે, તેનો જ ગ્રહનાર અને છોડનાર છે;...**' આહા..હા..! મિથ્યાત્વ અને રાગનો કર્તા આત્મા છે, કર્મ નહિ. આહા..હા..! '**રાગપરિણામનો જ આત્મા કર્તા છે, તેનો જ ગ્રહનાર અને છોડનાર છે; આ શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય છે.**' આ શુદ્ધનયનું નિરૂપણ વિકાર આત્મા કરે અને વિકાર આત્મા છોડે એ શુદ્ધનનયું કથન છે. કેમકે પોતાના દ્રવ્યથી છે તો એનું નામ શુદ્ધનય કહ્યું છે.

**શ્રોતા :—** પરની અપેક્ષા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બસ, એટલા માટે કહ્યું. નહિતર શુદ્ધનય તો દ્રવ્યનો વિષય છે.

**શ્રોતા :—** પરની અપેક્ષા વિના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ માટે. નિમિત્તની અપેક્ષા વિના થાય છે માટે શુદ્ધનય કહ્યું.

'**નિશ્ચયનય કેવળ સ્વદ્રવ્યના પરિણામને દર્શાવતો હોવાથી તેને શુદ્ધદ્રવ્યનું કથન કરનાર કહ્યો છે અને વ્યવહારનય પરદ્રવ્યના પરિણામને આત્મપરિણામ દર્શાવતો હોવાથી તેને અશુદ્ધદ્રવ્યનું કથન કરનાર કહ્યો છે.**' કર્મના નિમિત્તથી થયા એ અશુદ્ધનયનું કથન છે અને પોતાથી વિકાર થયો એ શુદ્ધનયનું કથન છે. આહા..હા..! નવરંગભાઈ! આવી વાત છે. આહા..હા..! '**પુણ્યપાપરૂપ દ્વૈત છે, પુદ્‌ગલપરિણામનો આત્મા કર્તા છે, તેનો ગ્રહનાર અને છોડનાર છે;—આવો જે નય તે અશુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ વ્યવહારનય છે.**' આહા..હા..! '**કારણ કે શુદ્ધપણે તથા અશુદ્ધપણે બન્ને પ્રકારે દ્રવ્ય પ્રતીત કરાય છે.**' પોતાની શુદ્ધ પર્યાય... વિકારી પર્યાયને અહીં શુદ્ધ કહે છે. હોં! પોતામાં થઈ અને પોતાથી થઈ માટે શુદ્ધ છે, એમ. છે તો વિકાર. પણ શુદ્ધનયથી વિકાર પોતાથી થાય, અશુદ્ધનયથી કર્મથી થાય છે એવું વ્યવહારનયનું કથન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કેટલું લીધું છે! ઘણું. શું કહ્યું જુઓ,

'**પરંતુ અહીં નિશ્ચયનય સાધકતમ...**' ઓલો વ્યવહાર અશુદ્ધનયથી કહેવામાં આવ્યો. હવે બે નયને સાધકતમ વસ્તુ કઈ? કે '**સાધકતમ (ઉત્કૃષ્ટ સાધક) હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે;...**' આહા..હા..! '**સાધ્ય શુદ્ધ છે તેથી દ્રવ્યના શુદ્ધત્વનો દ્યોતક હોવાને લીધે નિશ્ચયનય જ સાધકતમ છે,...**' શુદ્ધનયથી વિકાર થયો એ જ સાધકતમ છે. કેમકે પર્યાયની નિશ્ચયતા પોતાથી થઈ છે એમ સિદ્ધ કરે છે. એ નિશ્ચયનય છે અને એ જ શુદ્ધતમ છે. આહા..હા..! જ્ઞેય અધિકાર છેને? આ જ્ઞેય અધિકાર છે. જ્ઞેયમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાન અથવા મિથ્યાત્વભાવ પોતાની પર્યાયમાં પોતાથી થાય એ શુદ્ધનયનું કથન છે.

**શ્રોતા :—** ... એ શુદ્ધનયનું કથન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અશુદ્ધ પરથી કથન છે, પણ એમાં શુદ્ધનય સાધકતમ હોવાથી એમ પાછું લીધુ છે. અશુદ્ધનય લક્ષમાંથી છોડી દે. આહા..હા..! જુઓ,

'**સાધ્ય શુદ્ધ છે તેથી દ્રવ્યના શુદ્ધત્વનો દ્યોતક હોવાને લીધે નિશ્ચયનય જ સાધકતમ છે, પણ અશુદ્ધત્વનો દ્યોતક વ્યવહારનય સાધકતમ નથી.**' આહા..હા..! ખુલાસો કર્યો છે. '**પ્રશ્ન :- દ્રવ્યસામાન્યનું આલંબન જ ઉપાદેય હોવા છતાં, અહીં રાગપરિણામના ગ્રહણત્યાગરૂપ પર્યાયોનો સ્વીકાર કરનાર નિશ્ચયનયને ઉપાદેય કેમ કહ્યો છે?**' '**ઉત્તર :- રાગપરિણામનો કરનાર પણ આત્મા જ છે અને વીતરાગપરિણામનો કરનાર પણ આત્મા જ છે, અજ્ઞાનદશા પણ આત્મા સ્વતંત્રપણે કરે છે અને જ્ઞાનદશા પણ આત્મા સ્વતંત્રપણે કરે છે—**' શું કહે છે? મિથ્યાત્વનો ભાવ આત્મા કરે એ સ્વતંત્રપણે કરે. સ્વતંત્રનો અર્થ કર્તાપણા નામ કર્તા સ્વતંત્રપણે કરે એનું નામ કર્તા કહેવામાં આવે છે. પરની અપેક્ષા નહિ રાખીને સ્વતંત્ર પોતાથી કરે એનું નામ કર્તા. તો વિકાર-મિથ્યાત્વનો કર્તા જીવ સ્વતંત્રપણે પોતાથી છે માટે એને કર્તા કહેવામાં આવે છે, કર્મ કર્તા નહિ. આહા..હા..! મોટો ઝઘડો અત્યારે. આ રતનચંદજી તો હજી એ જ નાખ્યા કરે છે. જુઓ, કર્મથી થાય છે, કર્મથી થાય છે. શું કર્મથી? કર્મથી થાય એનો અર્થ—કર્મ છે, થાય છે પોતાથી.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોણ કરે? પરનું કોણ કરે? પરનું તો નહિ પણ આ કર્મનું પણ કોણ કરે? અને કર્મ પર એ આત્માનું શું કરે? સમજાણું કાંઈ? મૂળમાં ભૂલ છે. જેને સ્વતંત્ર પર્યાયનું ભાન નથી, સમજાણું કાંઈ? એને તો દ્રવ્યની સ્વતંત્રતાની દૃષ્ટિ પણ થવાની નથી. કેમકે દ્રવ્ય છે એ તો અવ્યક્ત છે, પર્યાયમાં આવતું નથી, પ્રગટ નથી અને દૃષ્ટિ પર્યાય ઉપર છે. આહા..હા..! તો પર્યાયની સ્વતંત્રતા જેને ન બેસે એને પર્યાયમાં નહિ આવનાર દ્રવ્યની સ્વતંત્રતા નહિ બેસી શકે. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મથી થાય છે એમ માનવાવાળા કહે કે આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. જ્ઞાતા-દૃષ્ટા ક્યાં રહ્યો? સમજાણું કાંઈ? આત્મા તો જ્ઞાતા-

દૃષ્ટા છે, કર્મથી વિકાર થાય છે. પણ કર્મથી વિકાર થાય છે, પર્યાયમાં પરાધીન માન્યો એને દ્રવ્ય સ્વતંત્ર છે એમ કેમ બેસેશે? જ્ઞાતા-દૃષ્ટા ક્યાંથી લાવ્યો? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે. જુઓ, **'અહીં એમ જાણવું કે :— મિથ્યાત્વાદિ કર્મની પ્રકૃતિઓ છે તે પુદ્ગલદ્રવ્યના પરમાણુ છે. જીવ ઉપયોગસ્વરૂપ છે. તેના ઉપયોગમાં એવી સ્વચ્છતા છે કે પુદ્ગલકર્મનો ઉદય થતાં તેના ઉદયનો જે સ્વાદ આવે...'** સ્વાદ નામ જ્ઞાન આવે. જડ છે એની ખબર નહિ ભલે. પણ.. ખબર નહિ ભલે એટલે શું? ખબર ન હો, પણ જ્ઞાનમાં જડના સ્વાદનો ખ્યાલ આવે છે. ખ્યાલ હોં, સ્વાદ નથી આવતો. આહા..હા..! કહ્યુંને, ખટાશનું જ્ઞાન થાય છે અહીંયા, પણ ખટાશની પર્યાય જ્ઞાનમાં આવતી નથી. ખટાશની પર્યાય જ્ઞાનમાં આવે તો (જ્ઞાન) જડ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઉદયનો જે સ્વાદ આવે એના આકારે ઉપયોગ થઈ જાય છે.'** આહા..હા..! જ્ઞાનના ઉપયોગમાં જડની પર્યાયનો ખ્યાલ આવે છે. જેમ તીખાશનો ખ્યાલ અહીં આવ્યો તો એમ થયું કે મને તીખાશનું જ્ઞાન થયું—તીખાશનો અનુભવ મને થયો. ખરેખર તો તીખાશ સંબંધી પોતાનું જે જ્ઞાન છે એ જ્ઞાનને જાણે છે, તીખાશને નહિ. આહા..હા..! એમ પોતામાં વિકાર થાય છે તેને જ્ઞાન જાણે છે, કર્મના ઉદયને નહિ. આહા..હા..! બહુ સૂક્ષ્મ ભાઈ! ફૂલચંદજીને બહુ અભ્યાસ નહોતોને તો એ વાત બેસી ગઈ.

કાશીમાં ગયા હતાને અમે, બનારસ. ગામમાં મોટા ઝવેરી છે. પ્રતિમા ઘણી ઊંચી છે. ગુપ્ત થઈ ગયેલી પછી મળી. મોટા ગૃહસ્થ. એના ઘરે ભોજન કરવા ગયા હતા. સાથે ફૂલચંદજી અને કૈલાસચંદજી હતા. રસ્તામાં કહ્યું કે ભાઈ! દરેક પર્યાય ક્રમસર થાય છે. પોતાથી થાય છે અને ક્રમસર થાય છે. કૈલાસચંદ્રજી સાંભળતા હતા, પણ ફૂલચંદજી બોલ્યા, એમ ન હોય તો વૈશેષિકમત થઈ જાય. આપ કહો છો એમ ન હોય તો વૈશેષિકમત થઈ જાય છે, (તેઓ એમ માને છે કે) પરથી વિશેષ થાય છે. પોતાથી વિશેષ પર્યાય થાય છે. સમજાણું કાંઈ? એમ બોલ્યા ફૂલચંદજી. ફૂલચંદજીનું મગજ સારું .. એ વખતે કહ્યું હતું, ઈસરીમાં. ત્યાં સુધી કહ્યું હતું કે નિશ્ચયથી વિકાર પોતાથી, પર કારકની અપેક્ષા વિના થાય છે. ત્યાં કહ્યું હતું, બનારસમાં પણ એ કહ્યું, ક્રમબદ્ધ ન હોય તો વૈશેષિક મત થઈ જાય છે. આગળપાછળ પરના કારણે થાય છે એ વૈશેષિકમત થાય છે. પોતાથી જ પર્યાય ક્રમબદ્ધ એક પછી એક જે થવાની છે એ જ થશે. એ સામાન્યનું વિશેષ છે. એમ ક્રમબદ્ધ ન માને તો વૈશેષિકમત મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને ભ્રમ કેમ પડે છે? ઈ શ્લોક આવે છે કે વસ્તુની સ્થિતિ એકરૂપ નથી રહેતી. એથી અજ્ઞાનીને નિમિત્ત જોઈને સ્થિતિ ફરી ગઈ એવું લાગે છે, જેમ પાણી. પાણીની ઠંડી અવસ્થા છે તે એકરૂપ નથી રહેતી. પછી ઉષ્ણતારૂપ થઈ ગઈ તો એને એમ લાગે કે પલટી ગઈને? અગ્નિ આવી તો ગરમ થયું. એવી દૃષ્ટિ સંયોગી જીવની માન્યતા છે. એ શ્લોક છે. સમજાણું કાંઈ? પાછળ સમયસારમાં

છેને? કેટલામો? કળશને? ૨૧૧ લો.

‘**ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે,...**’ પોતાના વિકારી પરિણામ કે અવિકારી પરિણામ એ જ કાર્ય છે. ‘**અન્યનું નહિ..**’ આહા..હા..! ‘**પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે,...**’ જુઓ, એ પરિણામ જે થાય છે એ પરિણામીના આશ્રયભૂત હોવાથી તેનાથી થાય છે, પરથી થતા નથી. એક વાત. ‘(કારણ કે **પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે, અન્યના પરિણામનો અન્ય આશ્રય નથી હોતો) વળી કર્મ કર્તા વિના હોતું નથી, તેમ જ વસ્તુની એકરૂપે સ્થિતિ હોતી નથી...**’ આ વાત. ફૂટસ્થ નથી, બદલતી અવસ્થા છે, તો એને એમ લાગે છે, જુઓ બદલીને. અગ્નિ આવી તો પાણી ગરમ થયુંને. પણ એની પર્યાયમાં ક્રમબદ્ધ એ પોતાથી થઈ છે, અગ્નિથી થઈ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રત્યક્ષ દેખાય. લ્યો, આ શરીર છે જુઓ. અહીંયા આંગળી લાગે અને ખાડો થઈ જાય. તો આંગળી આવી એટલે ખાડો થયોને? એમ નથી. ખાડો થવાની પર્યાયના કાળથી પોતાથી થઈ છે, નિમિત્તની અપેક્ષા નથી ત્યાં. નિમિત્તકર્તા, આંગળી નિમિત્ત છે તો ત્યાં ખાડો થયો, આ આંગળી આમ છે જુઓ, આમ થાય છે. તો અંદર આત્મા નિમિત્ત થયો તો એમ થયુંને? એમ નથી. આ પર્યાય આમ થાય છે એ નિમિત્તની અપેક્ષા વિના પોતાથી થાય છે, નિમિત્તકર્તા નહિ. આહા..હા..! આ ગજબ વાત છે.

આત્મા .. થાય છે? એક વળી ક્ષુલ્લક કહેતો હતો. આ મોરપીછી પડી. એને કારણે ઉઠે છે? પોતાનો હાથ એડે એટલે ઉપડે છે. અરે..! સાંભળ તો ખરો. જ્યારે ઉપર ઉઠવાની પર્યાયની એની યોગ્યતા છે એ કારણે નિમિત્ત હો, પણ નિમિત્તથી ઉપર ઉઠી એમ છે નહિ. આહા..હા..! ભારે ગડબડ, ભાઈ! છે અહીંયાં? ‘**વસ્તુની એકરૂપે સ્થિતિ હોતી નથી...**’ એમ કેમ કહ્યું? કે પ્રત્યેક પદાર્થની પ્રથમ અવસ્થાથી બીજી થાય છે અને બીજી જતી. પહેલાં અલ્પજ્ઞ રાગ હતો અને પછી વિશેષ રાગ હતો, તો વિશેષ રાગ થયો ક્યાંથી? કર્મ એવા આવ્યા માટે વિશેષ રાગ થયો; પણ સ્થિતિ એકરૂપ રહેતી નથી એવો વસ્તુનો સ્વભાવ છે, કર્મને કારણે એ સ્થિતિ રહે એમ છે નહિ. સ્થિતિ પલટવી એ કર્મથી અને પરથી થાય છે સ્થિતિ પલટી માટે (એમ નથી). એ સ્થિતિ એકરૂપ ન રહેવી એ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! રોટલીનો ટૂકડો આવ્યો. રોટલીના ટૂકડાની અવસ્થા એકરૂપ નથી રહેતી. તે જ્યારે અહીં આવ્યો ત્યારે ટૂકડો થયો. ઈ દાંતથી થયો નથી. કેમકે એની એકરૂપ સ્થિતિ નથી. આહા..હા..! એય..! કોઈ દિ' સાંભળ્યું જ નથી. શેઠ!

**શ્રોતા :—** આ લીટી બધી જગ્યાએ લગાડવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બધે લગાડી દીધી છે આચાર્યે. વસ્તુની સ્થિતિ એકરૂપ નથી રહેતી. તેથી લોકોને ભ્રમ થઈ જાય છે કે જો સ્થિતિ પલટી તો નિમિત્ત થયું તો પલટી. સમજાણું કાંઈ? મહાસિદ્ધાંત છે આ.

**શ્રોતા :—** રોટલીમાં આ સિદ્ધાંત ન લગાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અરે..! રોટલી શું? રોટલીનો એક પરમાણુ. આહા..હા..! એ રોટલીનો ટૂકડો થયો અને ટૂકડો થઈને પછી રસ થયો રસ. તો એ પર્યાય એકરૂપ ન રહી તો એ એને કારણે નથી. રસ થયો એ જીભ એને અડી અને થૂંક એને અડ્યું માટે રસ થયો એમ નથી. આહા..હા..!

જુઓ, '**સ્થિતિ હોતી નથી** (કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે); **માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે...**' દરેક પર્યાયના પરિણામનો કર્તા તે વસ્તુ છે. પરથી થયું અને પરનો કર્તા આત્મા છે નહિ. ભારે! ક્ષણે-ક્ષણે પલટતી દશા હોય. આ હોઠ હલે, એકરૂપ નથી રહેતી. પરમાણુની અવસ્થા એકરૂપ નથી રહેતી માટે હલે છે, આત્માની પ્રેરણાથી હલે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં પણ અવસ્થા બદલે છે કે નહિ પરમાણુની? પરમાણુની અવસ્થા બદલે છે એમાં પણ.

કહ્યુંને અમારે. નજરે જોયું છે. અમારા મોટા ભાઈ ગુજરી ગયા હતા ત્યારે. મોટા ભાઈ ગુજરી ગયા હતા. (સંવત) ૨૦૫૭ની સાલ. સમજાણું કાંઈ? ૫૭ની સાલ. મોટા ભાઈ હતા, નાની ઉંમર હતી. મુંબઈમાં નોકરી સારી હતી, પણ મુંબઈનું પાણી લાગ્યું તો ગુજરી ગયા સાંજે. અમારી તો નાની ઉંમર. ૧૧ વર્ષની ઉંમર હતી. ૫૭ની સાલ. કોશને શું કહે? લોઢાની કોશ હોય છેને. એ મૂકે. આમ (ઊંચુ) ન થઈ જાય માટે. પણ એમ નહિ થવાની પર્યાયનો કાળ હતો માટે ન થયું. કોશ પડી એટલે એમાં આમ ન થયું એમ છે નહિ. મોટી વાત સૂક્ષ્મ છે. અમારી નાની ઉંમર હતીને ૧૧ વર્ષની. મોટા ભાઈ ગુજરી ગયા તો એકદમ કકળાટ થઈ ગયો. અમને તો રજા આપી દીધી કે જાઓ મામાને ઘરે. મામાને ઘરે જાવ, અહીં નહિ. નાની ઉંમર ને ખળભળાટ. એની વહુ રોતી હતી. એવી રોવે. આહા..હા..! બાયું રોવે છેને (પતિ) મરે ત્યારે? એમ કે અમને કૂવામાં ઉતારીને દોર કાપ્યા. દોર સમજ્યાને? રસ્સી કાપી નાખી. એ બાઈ રોવે (પતિ) મરી જાય પછી. કૂવામાં નાખીને દોર કાપી નાખ્યા. અમારી તો ૧૧ વર્ષની ઉંમર. આ શું કહે છે આપણને તો ભાન પણ ન પડે. સમજાણું કાંઈ? કૂવામાં ઉપરથી દોર-રસ્સી કાપી નાખી. અરેરે..! હાય હાય. એમ હવે આપ ગુજરી ગયા, અમને ઊંડા કૂવામાં નાખીને તમે ગુજરી ગયા. અમારે આધાર કોઈ રહ્યો નહિ. આહા..હા..!

૨૧૧. '(**-એ નિશ્ચય-સિદ્ધાંત** છે).' એમાં કૌંસમાં છે. આહા..હા..! સમયસારમાં સ્વતંત્રતાની એટલી સ્પષ્ટતા છે કે એવી સ્વતંત્રતા ક્યાંય છે નહિ. બીજા કહે છે કે ઈશ્વર કર્તા, આ કહે કે કર્મ કર્તા. મારી નાખ્યા, જડ કર્તા. ઓલો ઈશ્વર ચૈતન્યકર્તા. અહીંયાં કહે છે, '**ઉપયોગની એવી સ્વચ્છતા છે કે પૌદ્‌ગલિક કર્મનો ઉદય થતાં તેના ઉદયનો જે સ્વાદ આવે તેના આકારે ઉપયોગ થઈ જાય છે.**' જ્ઞાનમાં એ જાતનો ખ્યાલ આવે

છે. સમજાણું કાંઈ? પણ એ સ્વાદને જ પોતાનો ભાવ સમજે છે. એ જાણવામાં જે આવ્યું એ જે મારો ભાવ છે, એમ કહે છે. જેમ તીખાશનો ખ્યાલ આવ્યો તો તીખાશ જ મારામાં આવી ગઈ. સમજાણું કાંઈ? અને જ્ઞાનનો તો સ્વભાવ એવો છેને કે જેમ હોય તેમ જાણેને. તીખાશને કાળે જ્ઞાન તીખાશને જાણે. તીખાશને જાણે તો એટલી તીખાશની એટલી મદદ જ્ઞાનને મળી કે નહિ? કે એમ છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

જ્ઞાનની પર્યાય એકરૂપ નથી રહેતી. તીખાશને જાણવાના કાળમાં જ્ઞાનની પર્યાય તીખાશને જાણે છે. તીખાશ ન હોય ત્યારે પોતાની પર્યાય પોતાથી જાણે છે અને બીજા સમયે ખટાશ આવી તો ખટાશને જાણવામાં પોતાની પર્યાય પોતાથી જાણે. ખટાશને જાણતી નથી, ખરેખર તો ખટાશનું જ્ઞાન પોતાથી થયું છે એને જાણે છે. એ આવ્યું છે પહેલાં અધિકારમાં, ૭૫. એ આવી ગયું છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં, પોતાના જ્ઞાનમાં રાગનું જ્ઞાન થાય છે. એ તો જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી રાગનું જ્ઞાન થાય છે. રાગ છે તો જ્ઞાન જ્ઞાન થાય એમ છે નહિ. પોતાની પર્યાયમાં જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. તેથી જ્ઞાનની પર્યાયમાં સ્વ પણ જણાય, રાગ પણ (જણાય છે). રાગ છે તો જાણે છે એમ પણ નથી. આહા..હા..! તો પછી કહ્યું કે રાગને જાણે છે એમ અમે વ્યવહારથી કહ્યું. ખરેખર આત્મા પોતાના જ્ઞાનને જાણે છે. રાગનું જ્ઞાન એ જ્ઞાનને આત્મા જાણે છે. ૭૫ ગાથામાં આવી ગયું. આહા..હા..! માર્ગ બાપુ ઝીણો, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :—** રાગસંબંધી પોતાના જ્ઞાનને જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રાગસંબંધીનું પોતાનું જ્ઞાન એને જાણે છે. રાગ તો દૂર રહ્યો. રાગરૂપ જ્ઞાન થયું છે? રાગસંબંધી જ્ઞાનરૂપ જ્ઞાન રહ્યું છે. આહા..હા..!

**શ્રોતા :—** ... જાણતો થકો આત્માને જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આત્માને જાણે છે. આહા..હા..!

'**અજ્ઞાનીને અજ્ઞાનને લીધે તે સ્વાદનું અને ઉપયોગનું ભેદજ્ઞાન નથી...**' શું કહે છે એ? જડનો ઉદય જ્ઞાનમાં જણાયો, તો અજ્ઞાનીને ખબર નથી કે આ સ્વાદ જણાયો એ તો પરચીજ છે અને મારામાં મિથ્યાત્વ થયું એ મારી ચીજ છે, એમ જણાયું નહિ. ભ્રમ થઈ જાય છે. લીંબુની ખટાશ બહુ હોય, પણ એ ખટાશનું જ્ઞાન આત્મામાં આવ્યું, ખટાશસંબંધી પોતાનું જ્ઞાન પોતાથી થયું છે. તો ખટાશ અંદર નથી આવી અને ખટાશનું જ્ઞાન પણ નથી. ખરેખર તો જ્ઞાન પોતાનું સ્વપરપ્રકાશક છે. આહા..હા..! એવી વાત છે. એ ૭૫માં એમ કહ્યું. આવી ગયું છે. '**પોતાનો ભાવ જાણે છે. જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય અર્થાત્ જીવભાવને જીવ જાણે અને અજીવભાવને અજીવ જાણે ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે.**' આહા..હા..! ત્યારે જ્ઞાનની પર્યાય પોતાને જાણે અને રાગને પણ જાણે, પોતામાં રહીને જાણે ત્યારે ભેદજ્ઞાન છે. સમજાણું કાંઈ? ત્યારે એને

ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..!

**શ્રોતા :—** પોતામાં રહીને જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પોતામાં રહીને રાગને જાણે છે. રાગને સ્પર્શીને રાગને જાણે છે એમ નહિ. શું કહ્યું? એને જાણે છે. જ્ઞાન એને સ્પર્શ્યા વિના જાણે છે. પોતામાં રહીને જાણે છે. એમાં જઈને જાણે છે એમ છે નહિ. ફેર છે ઘણો. પૂર્વ-પશ્ચિમનો ફેર છે. આહા..હા..! શું કહ્યું? અગ્નિ છે અગ્નિ એ જ્ઞાન જાણે છે, તો જ્ઞાન જ્ઞાનમાં રહીને અગ્નિને જાણે છે કે જ્ઞાન અગ્નિમાં જઈને અગ્નિને જાણે છે? આહા..હા..! સૂક્ષ્મ ભાવ છે.

**શ્રોતા :—** પોતામાં રહીને જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, અને પોતાનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે એ કારણે. સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે. એ પોતાના સ્વપરપ્રકાશમાં રહીને પરને જાણે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! એ કહ્યું. '**અજીવભાવને અજીવ જાણે ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે.**' લ્યો.

'હવે પૂછે છે કે **મિથ્યાત્વાદિકને** જીવ અને અજીવ કહ્યા તે જીવ **મિથ્યાત્વાદિ** અને અજીવ **મિથ્યાત્વાદિ** કોણ છે?' શું કહ્યું તમે? '**તેનો** ઉત્તર કહે છે :-' એનો ખુલાસો ૮૮માં આવશે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૪, શુક્રવાર, તા. ૧૩-૮-૧૯૭૬,**
**ગાથા-૮૮-૮૯,**
**પ્રવચન નં. ૧૫૫**

૮૮ ગાથા, સમયસાર.

पोग्गलकम्मं मिच्छं जोगो अविरदि अणाणमज्जीवं।
उवओगो अण्णाणं अविरदि मिच्छं च जीवो दु।।८८।।

મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્ગલકર્મ છે;
અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે.૮૮.

'ટીકા :- **નિશ્ચયથી** જે **મિથ્યાદર્શન**, **અજ્ઞાન**, **અવિરતિ** ઈત્યાદિ **અજીવ** છે...' જડ કર્મની પર્યાય. 'તે તો, **અમૂર્તિક ચૈતન્યપરિણામથી અન્ય એવું મૂર્તિક પુદ્ગલકર્મ** છે;...'

કેટલી સ્પષ્ટતા કરી છે! મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ જડની કર્મની પર્યાય છે એ ચૈતન્ય પરિણામથી અન્ય મૂર્તિક પૌદ્‌ગલિક કર્મની દશા છે. સમજાણું કાંઈ? **'અને જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ જીવ છે તે, મૂર્તિક પુદ્‌ગલકર્મથી અન્ય એવો ચૈતન્યપરિણામનો વિકાર છે.'** સમજાણું કાંઈ? મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા અવિરતિભાવ એ જીવની પર્યાય તે અમૂર્તિક ચૈતન્યના પરિણામ છે અને દર્શનમોહની પર્યાય, ચારિત્રમોહની પર્યાય એ બધી કર્મની પર્યાય જડ મૂર્તિક છે. બેય ચીજ ભિન્ન છે. આહા..હા..!

હવે આ જે ખુલાસો કરવાનો છે. આમાં આવ્યું છે આજે 'જૈન ગેજેટ'માં બહુ આકરું. બ્રહ્મચારી ધર્મદાસ ક્ષુલ્લક થયા એણે... આપણે છપાણુંને હમણા ભાવનગરમાં? સમ્યગ્જ્ઞાન દિપીકા. એ ગ્રંથ તો દિગંબરનો ગ્રંથ છે. અહીંથી દિગંબરના ગ્રંથ છપાય છે તો એ પણ અહીં છપાણો. એણે ત્યાં પણ કહ્યું હતું લલિતપુરમાં અને અત્યારે આજે છાપામાં આવ્યું છે 'જૈન ગેજેટ'માં કે આ લોકો તો સ્ત્રીના વિષયના સેવે તોપણ દોષ નથી એમ કહે છે તો એને તો જંજીરથી કાપી નાખવા જોઈએ. એવો ભ્રષ્ટ પંથ અમે ચાલવા નહિ દઈએ. અરે પ્રભુ! તું શું કરે છે, ભાઈ? સમજાણું કાંઈ? આજે આવ્યું છે. એ તો ક્ષુલ્લક બ્રહ્મચારીના શબ્દ છે. અહીંથી તો છપાણું છે. અહીં તો સમયસાર, પ્રવચનસાર આદિ હજારો, લાખો ૨૦ લાખ (શાસ્ત્ર) છપાણા છે. સમજાણું કાંઈ? આ સંબંધી ભોપાલમાં કાંઈક કેસ ચાલે છે એમ કહે છે. હશે, આપણને તો કાંઈ ખબર નહિ.

આ શબ્દ તો દિગંબરના છે. ધર્મદાસ ક્ષુલ્લકનું સમ્યગ્જ્ઞાન દિપીકા છે. અહીં તો ઘણા પુસ્તકો છપાય છે તો એ પણ છપાણું. એ શબ્દ તો એના છે, અહીંના એ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ તો દૃષ્ટાંત આપ્યું છે, સિદ્ધાંત મૂક્યો નથી. એ તો એણે દૃષ્ટાંત આપ્યું એનું, પણ સિદ્ધાંત મૂક્યો નથી. એ તો જેને માથે સમ્યગ્દર્શન આત્મા સ્વામી છે એમ કહેવું છે. જેમ જેને માથે પતિ છે એને કોઈ દોષ લાગી જાય તોપણ બહાર આવતો નથી. કેમકે પતિ—સ્વામી છે. એમ જેનો સ્વામી શુદ્ધ ચૈતન્ય સ્વામી છે એવી દૃષ્ટિવંતને કોઈ રાગાદિનો દોષ થઈ જાય તોપણ એ બહાર આવતો નથી. એમ વાત છે ત્યાં. હવે અહીંયાં લગાવી દે સોનગઢ ઉપર. ત્યાં લલિતપુરમાં એમ કહ્યું. અહીં તો આજે આવ્યું છે. વર્ધમાન શાસ્ત્રીએ લખ્યું છેને? બહુ આવ્યું છે. કડક આવ્યું છે. આવો વ્યભિચારીપંથ, ભ્રષ્ટપંથ અમે નહિ ચાલવા દઈએ. અરે પ્રભુ! તું શું કરે છે, ભાઈ! શું કરે છે? કોના નામથી? આહા..હા..!

જૈનશાસનમાં પરસ્ત્રીનો ત્યાગ તો સમકિત પહેલા જ એની પાત્રતામાં હોવો જોઈએ. એ પ્રશ્ન જ ક્યાં છે? સુકૌશલજી! આહા..હા..! અને મુનિ આદિને તો નવ વાડે બ્રહ્મચર્ય હોય છે. સ્ત્રીનો સંગ નહિ, સ્ત્રી જ્યાં બેઠી હોય ત્યાં મુનિ બેસે નહિ એવું વસ્તુ સ્વરૂપ છે, ભગવાન! ક્ષુલ્લકે તો એ કારણ બતાવ્યું કે જેને આત્મજ્ઞાનનો ધણી અંદર સ્વરૂપ આનંદનો

સ્વામી થયો છે તો એ નાખ્યું નહિ. દૃષ્ટાંત નાખ્યું એકલું. અને એ સોનગઢવાળાએ છપાવ્યું છે ભાવનગરથી. પણ છપાણું ભાવનગરથી પણ પુસ્તક કોનું? સમજાણું કાંઈ? એમાં છે. તો ખુલાસો કેમ કરતા નથી? એમ કહે છે. પણ કોની પાસે ખુલાસો કરે? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ખુલાસો માગવાનો એને હક શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હક શું છે તને, ભાઈ? આહા..હા..!

અહીં રાગનો શુભભાવ પણ જ્યાં નુકસાન કરનાર છે એમ સિદ્ધ કરે છે, ત્યાં અશુભભાવમાં વ્યભિચારમાં ઠીક છે, એમ છે? અરે પ્રભુ! આ શું છે? સમજાણું કાંઈ?

'સોનગઢ કા ભ્રમપૂર્ણ પરચા.' પરચા અહીંથી વિરુદ્ધ લખ્યું હશે કોઈએ. આ લલિતપુરનું. કોઈએ લખ્યું હશે કોઈએ અહીંના વિરુદ્ધનું. 'હમારે ભાષણ પર જો ટીકા કી હૈ, હમને જો નહિ કહા વહ ભી હમારે મુંહમેં ડાલા ગયા. મુમુક્ષુ મંડળ ભાવનગર કે દ્વારા પ્રકાશિત પુસ્તકમેં લિખા ગયા હૈ કિ જિસ સ્ત્રીકે મસ્તક પર અપના પતિ હૈ, કદાચ યહ સ્ત્રી પરપુરુષકે નિમિત્તસે ગર્ભ ધારણ કરે તો ભી ઉસે દોષ નહિ.' એ તો એક દૃષ્ટાંત આપ્યું છે ધર્મદાસ ક્ષુલ્લકે. સમજાણું કાંઈ? એ તો ધર્મદાસ ક્ષુલ્લકનું છે. હવે સોનગઢ ઉપર લગાવે છે. જુઓ, 'યદિ સોનગઢકા યહ વિચાર હો તો ભ્રષ્ટપન સમાજમેં ચલેગા નહીં. ઈસ પ્રસંગ પર યહ કહા જાયે કિ માતા ઔર બહેનોં કે શીલ પર હાથ ડાલને કી ધર્મદ્રોહી ચેષ્ટા કરતે હૈં ઉસ ચેષ્ટા કો ખંજર સે કાટ દિયા જાય.' અરે પ્રભુ! કોની માથે ભાઈ! તું શું કરે છે? આહા..હા..! સમજાણું કાંઈ? શિખરચંદજી! આહા..હા..! અરે પ્રભુ! આ તો શાસ્ત્રના શબ્દ છે. દિગંબર ક્ષુલ્લકના છે. શેઠ! આવું કરે, પ્રભુ! એમ કહે કે એકાંત છે, નિશ્ચય કહે છે એમ કહે તો હજી સમજ્યા. નિમિત્તથી થતું નથી એમ કહે છે, પોતાથી થાય છે, નિમિત્ત તો હાજર રહે છે. વ્યવહારથી નિશ્ચય થતું નથી, વ્યવહાર હોય છે પણ નિશ્ચય કારણ (છે), એમ કહે તો એકાંત, એ કહે તો એની દૃષ્ટિનો વિષય, પણ આવું કહે. આહા..હા..! અરે..! આવા સજ્જનને શોભે બાપા, પ્રભુ! આહા..હા..! પરસ્ત્રીનો સંગ કરવો તો સમકિતી શું લૌકિક નીતિમાં સજ્જન નથી. લૌકિક નીતિમાં પણ વ્યભિચાર પરસ્ત્રીનો એ તો હેય છે. સમજાણું કાંઈ? કહો, ધન્નાલાલજી! આજે છાપામાં આવ્યું છે. આહા..હા..! ભ્રષ્ટ પંથ છે એવું. અરે..! ભગવાન! તું સાંભળ તો ખરો પ્રભુ, એકવાર. આહા..હા..! (શ્રોતા :- એવો જીવ સાંભળવાને લાયક નથી). અને એમ કહે તો કોને ખુલાસો કરીએ અમે? દુનિયા તો અનેક પ્રકારે કહે. વાણી તો એની છે. ભાવનગરથી છપાણી એટલે સોનગઢની થઈ ગઈ? આહા..હા..!

**શ્રોતા :—** એમ કરાવો કે એ ઉદાહરણ શાસ્ત્રમાંથી કઢાવી નાખો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોણ હટાવે? વાણી એની છે એને હટાવે કોણ? લખાણ એનું છે એને હટાવવાનું અમારું કામ છે? આહા..હા..! એનો અર્થ શું? આહા..હા..!

ભોગીનો ભોગ નિર્જરાનો હેતુ એવું સિદ્ધાંતમાં કહ્યું. શું કરવું? હટાવી દેવું? સિદ્ધાંતમાં એમ છે. અમૃતચંદ્રાચાર્ય એમ કહે છે. ભોગીનો ભોગ નિર્જરાનો હેતુ. જ્ઞાનીનો હોં! ઈ વાત એમ છે? કઈ અપેક્ષાએ કહ્યું? પોતાના આનંદનો અનુભવ જેને થયો છે એમાં ભોગની વાસના જ્યાં આવી થોડી, પણ એનો સ્વામી નથી થતો. આહા..હા..! પોતાના આનંદથી દૂર નથી થતો. એ અપેક્ષાએ દૃષ્ટિના જોરની અપેક્ષાએ ભોગને નિર્જરા કહી. ભોગ નિર્જરાનો હેતુ હોય તો પછી ત્યાગી થવું કોને? એ તો કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કહે છે. ભોગથી નિર્જરા થાય છે, ત્યાં આચાર્ય એમ કહે છે કે ભોગ ભોગવ જ્ઞાનીને. વાંધો નહિ. એમ છે? આહા..હા..! અરે પ્રભુ! માંડ-માંડ આવી ચીજ બહાર આવી સત્ય. ત્યાં આવું કહે. ભ્રષ્ટ પંથ ચાલવા નહિ દઈએ, એમ કહે. આહા..હા..! પ્રભુ! ભ્રષ્ટ કોને કહીએ, નાથ! ભૂલ છે મોટી.

**શ્રોતા :—** પંથ જ ક્યાં હતો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પંથ ક્યાં. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે એ વાત અહીં તો છે. સંતો દિગંબર કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદ સ્વામી, સિદ્ધાંત ચક્રવર્તી નેમિચંદ્ર બધા એક જ વાત કરે છે. સમજાણું કાંઈ? જ્યાં શુભરાગને પણ પોતાનો માનવો એ મિથ્યાત્વ છે, આહા..હા..! ત્યાં અશુભભાવ કરવો અને એમાં પાપ નથી એમ હોય, પ્રભુ? સમજાણું કાંઈ?

આ વાત તો હમણાં લલિતપુરથી સાંભળી. નહિતર આવું કંઈ સંભળાતુ નહોતું. ભોપાલમાં કાંઈક થયું હતું એમ કહેતું હતું કો'ક. પણ એ તો દિગંબરનું શાસ્ત્ર છે.

**શ્રોતા :—** ૪૦ વર્ષ પહેલાં અમરાવતીથી પ્રકાશિત થયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો પ્રકાશિત પહેલાથી થઈ છે. અત્યારનું ક્યાં છે? ખલાસ થઈ ગયા તો નવા છપાવ્યા છે. એ તો અહીં પુસ્તક છેને પહેલેથી. અમે તો ૭૮માં એ જોયું છે, સમ્યગ્જ્ઞાન દિપીકા. આખું જોયું છે. અમારી તો આખી જિંદગી એમાં જ છેને. ૭૮માં જંગલમાં જઈને બોટાદ સમ્યગ્જ્ઞાન દિપીકા (વાંચ્યું હતું). એક ખાલી નદી જાતી હતી, વેળુ-વેળુ. વેળુ કહે છેને? વાલુ. અને એ વખતે વ્યાખ્યાન નહોતા વાંચતા. અમે એકાંતમાં ત્યાં જંગલમાં જઈને વાંચતા હતા. સમ્યગ્જ્ઞાન દિપીકા. ૭૮. કેટલા વર્ષ થયા? ૫૪. આહા..હા..! હવે ૫૪ વર્ષથી તો એમાં કથન છે. એણે તો લખ્યું છે જ્યારે લખ્યું ત્યારે લખ્યું. ધર્મદાસ ક્ષુલ્લક ૪૮ની સાલમાં થયા. એણે બનાવ્યું છે ત્યાં. અમે તો બધા દિગંબર શાસ્ત્રો જોઈએ છીએને સંપ્રદાયમાં. તત્ત્વાર્થ રાજવાર્તિક, આદિપુરાણ, સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, સમયસાર નાટક, બધા જોયા છે. સમજાણું કાંઈ? અમારી દૃષ્ટિમાં વિરુદ્ધતા થઈ ગઈ કે આ તો બધું વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? આ શ્વેતાંબરમાં કથન છે એ બધું વિરૂદ્ધ છે એમ ખ્યાલ આવ્યો. પછી અમે આ શાસ્ત્ર વાંચતા હતા. એ શાસ્ત્ર તો પહેલેથી છે. ૪૮ની સાલમાં છપાણું છે. સમજાણું કાંઈ? એનો લેખ છે. એકલું નામ આપ્યું પણ સિદ્ધાંત ન કહ્યો. દૃષ્ટાંત દીધું

એમાં, પણ સિદ્ધાંત શું કહે છે? એ તો દૃષ્ટાંત કહીને (એમ કહેવું છે), જેને આત્મજ્ઞાન સમ્યગ્દર્શનનો આનંદ આવ્યો, ઓહો..! જેને આનંદનો સ્વામી હાથમાં આવ્યો અને એ વખતે કદાચિત-રાગની દશા થાય તોપણ એને નિર્જરા (કહી છે), સ્વભાવની દૃષ્ટિનું જોર છે તો એને અલ્પ બંધન થાય છે, બહાર દેખાતું નથી, એમ વાત કહે છે. અરે ભગવાન! આહા..હા..! સમજાણું કાંઈ? શેઠ! આ શું તમે આ બધા શેઠ આમ કરો છો?

**શ્રોતા :—** શેઠનું માનતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માનતા નથી. અરે પ્રભુ! એવી વાત ન હોય, નાથ! આ બધું બહુ ભૂલ થાય. જૈનશાસનને કલંક લાગે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ત્યાં પણ બોલ્યા હતા. હમણા આવ્યું લ્યો. આવા ભ્રષ્ટ પંથને... પણ કોને ભ્રષ્ટ કહે છે? પ્રભુ! તું શું કહે છે? અમે નહિ ચાલવા દઈએ. આવા ભ્રષ્ટ પંથને તો ખંજરથી કાપી નાખવો. અર..ર..ર..! આહા..હા..! ખળભળાટ! પ્રભુ-પ્રભુ. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે મિથ્યાદર્શન, અવ્રતભાવ પોતાનો દોષ છે, એ કર્મથી થયો છે અને કર્મમાં છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! સજ્જનની નીતિ સમ્યગ્દર્શન વિના એને પણ પરસ્ત્રીનો ત્યાગ હોય છે. ભાઈ! એ ન હોય. આહા..હા..! સજ્જન કોને કહીએ? પરસ્ત્રી મા સમાન, બહેન સમાન, દીકરી સમાન, એને આવું હોય નહિ, ભાઈ! આહા..હા..! ભલે મિથ્યાદૃષ્ટિ હોય, પણ પોતાની સજ્જનતામાં સત્ જન, પોતાના સત્ સ્વભાવમાં વ્યભિચાર એને શોભે નહિ, નાથ! એ તો દુર્ગતિનું કારણ છે. છે? આહા..હા..! વ્યભિચાર, પરસ્ત્રીનું સેવન તો દુર્ગતિનું કારણ છે. નરકમાં જવાનો એ પાપભાવ છે. આહા..હા..! એ ભાવ ઠીક છે અને કરવું એમ કોણ કહે, પ્રભુ? કોણ કહે, નાથ? એ બહુ વિપરીત થઈ ગયું. આ બહુ આવ્યું છેને એટલે જરી ખુલાસો કરે છે. ભાઈ, આ લખ્યું છે એમાં, અમારું નથી. જેમ ભોગ નિર્જરાનો હેતુ એ અમારું નથી, એ અમૃતચંદ્રાચાર્ય અને કુંદકુંદાચાર્યનું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પહેલાં કાંઈક ચર્ચા હતી ખરી ૭૫માં. અમારે નારણભાઈની. એ ધર્મદાસ ક્ષુલ્લકમાંથી. કાંઈક હતું, ભૂલી ગયા. એવી કોઈ ચીજ હતી. એ તો જ્યાં પોતાના સ્વભાવનું જોર છે સમ્યગ્દર્શનમાં, ત્યાં રાગનો સ્વામી નહિ થતા રાગ આવે છે એનો ખેદ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્ર એક ભવતારી એ પણ આવે છેને નંદીશ્વર દ્વીપ, અષ્ટાહ્નિકા, ત્યાં જાય છે, નાચે છે, અંદરમાં શુભભાવ છે, જાણે છે કે આ દુઃખ છે, પણ આવ્યા વિના રહે નહિ. અશુભ ટાળવા એ આવે છે. સમજે છતાં એ બાહ્યમાં હરખ દેખાય છે, અંદરમાં ખેદ છે. અરેરે..! આ રાગ છે. શેઠ! એવી ચીજ છે. આહા..હા..! અરે..! ભગવાન! આત્મા શું કરે છે ઊંધો થઈને? આહા..હા..!

કયા અભિપ્રાયથી લખી છે? તે કોણે લખી છે? કોની છે? અરે..! આહા..હા..! ક્ષુલ્લકના

અભિપ્રાયમાં કંઈ દોષ કરવાની વાત નથી. સમજ્યા? પણ એ સમ્યગ્દર્શનમાં પોતાના આનંદનો ધણી થઈ ગયો આત્મા. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો જ્યાં સ્વાદ આવ્યો એને કોઈ રાગાદિ દોષ થઈ જાય તોપણ એને અલ્પ બંધન છે અને એ દોષ બહારમાં દેખાતો નથી- બહાર આવતો નથી. એ વાત સિદ્ધ કરવી છે એટલું. સમજાણું કાંઈ? જ્ઞાનીને રાગ થયો એ પણ દોષ અને દુઃખરૂપ છે, બંધનનું કારણ છે. મુનિને પણ વ્રતનો વિકલ્પ આવે છે એ જગપંથ છે, સંસારપંથ છે, એટલો રાગ એ ઉદયભાવ છે. આહા..હા..! પંચમહાવ્રતનો ભાવ દુઃખરૂપ જગપંથ (છે). પ્રભુ! તો અશુભભાવની વાત શું કરવી? આહા..હા..! અરેરે..! અશુભભાવ કરવો અને એનાથી નુકસાન નહિ, કોણ કહે પ્રભુ, આ તે? સમજાણું કાંઈ? ધન્નાલાલજી! આ તો ઘણા ગામથી આવ્યા છેને તો જરી ખુલાસો ખ્યાલમાં આવે. દુનિયા તો બહુ કહે છે. આહા..હા..! શું કરે? અહીં કહે છે કે જે કોઈ અજીવના પરિણામ ક્રમમાં છે એ તો મૂર્ત છે અને જીવના પરિણામ મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ એ તો અમૂર્ત છે. મૂર્તથી ભિન્ન છે અને મૂર્તની પર્યાય જડમાં જે દર્શન-ચારિત્રની પર્યાય છે એ અમૂર્ત ચૈતન્ય પરિણામથી ભિન્ન મૂર્ત છે. એટલું સ્પષ્ટ કર્યું છે. સમજાણું કાંઈ?

‘**હવે ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો?**’ તો વિકાર થયો ક્યાંથી આ? સમજાણું કાંઈ? એ તો નિર્મળ નિર્દોષ ભગવાન તો શુદ્ધ ચૈતન્ય છે, તો પર્યાયમાં વિકાર આવ્યો ક્યાંથી? મોટો પ્રશ્ન હતો અહીંયા. ઓલા ચિદાનંદજી છેને? ચિદાનંદજી નહિ, ક્ષુલ્લક. પગ આમ, હાથ આમ હતા. બે વર્ષ રહ્યાને અહીં. ચોમાસુ રહ્યા હતા. એ વાત ચાલતી નહોતી એટલે બિચારે છ દિવસ ખુબ કર્યા પ્રશ્ન. બે હતા. એક એ હતા અને એક બીજા હતા. નહિ ક્ષુલ્લક? અત્યારે સાધુ થઈ ગયા છે. ત્યાં ગયા હતાને અંતરિક્ષ, ત્યાં આવ્યા હતા. હા, નેમિસાગર. બે ચોમાસા. એક ચોમાસામાં બેય સાથે અહીં હતા અને એક ચોમાસામાં એક ચાલ્યા ગયા હતા. એકલા ચિદાનંદ. અમને તો ખાનગી કહેતા હતા બિચારા અંદર આવીને, મહારાજ! આપ કહો છો એ હિસાબે તો અમે ક્ષુલ્લક પણ નથી, કાંઈ નથી. અમને ગુરુએ આપી દીધું. અંદર આવીને કહેતા હતા. પછી સાધુ થઈ ગયા. ત્યાં અંતરિક્ષ અમે ગયા હતા જ્યારે પંચકલ્યાણક હતા. પંચકલ્યાણક નહિ. પંચકલ્યાણક હતા? પંચકલ્યાણક નહિ. ત્યાં એ આવ્યા હતા બિચારા બહુ દૂરથી. વ્યાખ્યાન સાંભળવા, હોં! નેમિસાગર. પછી શાહુજીએ સાંભળ્યું. બધા સાંભળતા હતા. સભા મોટી હતી. પાંચ-સાત હજાર માણસ. શાહુજીને એવું લાગ્યું કે આ સ્વામીજી કહે છે એ સાધુને માન્ય નહિ થાય. સાધુ છેને એ તો. એને કાંઈક વિશેષ નિર્મળ સારું જ્ઞાન હશે. એટલે શાહુજીએ ત્યાં જઈને પૂછ્યું, વ્યાખ્યાન પૂરું થયા પછી, મહારાજ! આ સ્વામીજીએ કહ્યું એમાં તમારે શું કહેવું છે? માણસ સો-બસ્સો એકઠા થઈ ગયા સાંભળવા. વ્યાખ્યાન પૂરું થયા પછી. એમ બોલ્યા, શાહુજી! સ્વામીજી કહે છે એ અક્ષરે-અક્ષર પરમસત્ય છે. ઓલા શાહુજીને કહેવરાવવું

હતું કાંઈક અને થઈ ગયું કાંઈક. એને એમ કે આ સાધુ છે. બુદ્ધિ તો બહુ થોડી બિચારાની, પણ એ ત્યાગી દેખાયને મુનિ દેખાય એટલે. એ કાંઈક વાત બહુ ઊંચી કહે, એનાથી સત્ય બીજું છે. સ્વામીજી કહે છે એ અક્ષરે અક્ષર સત્ય છે. અમને એમાં વિરોધ નથી. સમજાણું કાંઈ?

ભવ્યસાગરનો કાલે પત્ર આવ્યોને. રાત્રે જોયોને? ભવ્યસાગર કર્ણાટકના. મોટી કવિતા (મોકલી છે). આપણે અહીં કાંઈ આત્મધર્મમાં છાપતા નથી. મોટી આવી છે. રાત્રે ન વાંચ્યું? ધન્નાલાલજીએ. એને અહીં આવવાનો ભાવ ઘણો છે. હરખ હરખ. હું ક્યારે જાઉં? સોનગઢની સભામાં આત્મજ્ઞાનની વાત ક્યારે સાંભળું? ઓહોહો..! મારા ભાગ્ય ક્યાંથી આવા હોય? મને હરખ થાય છે અને નહિ આવવામાં કાળ જાય છે એનો ખેદ થાય છે. આ તો વસ્તુ ભગવાનના ઘરની છે. આમાં ક્યાં.. અરે પ્રભુ! આહા..હા..!

**શ્રોતા :—** બેય મુનિ સાચું માનતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે પ્રભુ! જો આપ મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગ-દ્વેષને દોષ કહો છો, તો આત્માનું સ્વરૂપ તો નિર્દોષ છે. એ છ દિવસ ચર્ચા થઈ હતી. પછી કહ્યું કે તમે સાંભળો થોડા દિવસ, પછી તમને (ખ્યાલ આવશે). સાંભળ્યું. ઓહોહો..! આમ કહ્યું. ચિદાનંદજી છે? ગુજરી ગયા, નહિ? ગુજરી ગયા. ખાનગીમાં આવીને એમ કહ્યું, સ્વામી! અમે ક્ષુલ્લક નથી. અમારે શું કરવું આપ કહો. ભાઈ! અમે કોઈને એમ નથી કહેતા કે તમે ક્ષુલ્લકપણું છોડી દ્યો. અમે કોઈને નથી કહેતા. અમે તો તત્ત્વની વાત કરીએ છીએ. જેને રુચે એને રુચો. બે વાર અંદર આવ્યા હોં! વાત તો આપની પરમસત્ય છે. એ અપેક્ષાએ તો અમે ક્ષુલ્લક પણ નથી. અમારો તો ક્ષુલ્લકનો વેશ છે એકલો. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** વાત સમજાઈ ગઈ તો પછી કહેવામાં શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમાં શું? વસ્તુ સત્ય એમાં ક્યાં... અને કોના ઘરની છે? એ તો તારા ઘરની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં છ દિવસ સાંભળ્યું તો એને વાત બેસી ગઈ. ઓહો..! આ વાત ચાલતી નથી. કાલે આવ્યું નહિ? ભવ્યસાગરનો મોટો પત્ર. એમાં એમ લખ્યું છે, અમે તો આ વાતને એમ જાણીએ છીએ કે પાંચસો વર્ષમાં આવી વાત બહાર આવી નથી. બહાર આવી નથી. કેમકે એ વખતે રેલ પણ નહોતીને. પંડિતજી! રેલ અને શું કહેવાય? પુસ્તકનું છાપખાનું. એ વખતે બનારસીદાસ, ટોડરમલ વખતે પ્રચાર હતો પણ એક દેશથી બીજા દેશમાં એક દિવસમાં ચોવીસ કલાકમાં પહોંચી જાય એવી રેલ નહોતી, એવા તાર નહોતા; અને આ શું કહેવાય? છાપખાના. અહીં તો છાપખાના એટલા કે ૨૦ લાખ પુસ્તક છપાઈ ગયા. એ વખતે હાથે કેટલા છપાય? એ માટે લખ્યું છે બિચારાએ હોં કાલે. કાલે પત્રમાં આવ્યું

છે. પાંચસો વર્ષમાં આવો પ્રચાર, સમ્યગ્જ્ઞાનનો પ્રચાર અમે તો જોયો નથી. શેઠ! સાંભળ્યુંને? રાત્રે હતા. પંડિતજી હતા તમે રાત્રે? રાત્રે. મોટો પત્ર આવ્યો. માણેકચંદજી છેને એક એના ઉપર મોટો પત્ર આવ્યો છે. ભવ્યસાગર કર્ણાટકના દિગંબર સાધુ છે. ૧૭ વર્ષની દીક્ષા. કવિ છે. ઘણી કવિતા લખી છે. મોટી કવિતા છે, એક જણા કહેતા હતા કાલે કે છપાવો આત્મધર્મમાં. આપણે અહીંયાં પ્રશંસાની વાત નહિ. કોઈ નિંદા કરે તો લખવું નહિ, કોઈ પ્રશંસા કરે તોપણ લખવું નહિ. આપણે તો આ તત્ત્વની વાત લખવાની. આહા..હા..!

**શ્રોતા :—** નિંદા-પ્રશંસા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીં કોણ કરે છે? નિંદા લખે તોપણ અમે લખતા નથી અને પ્રશંસા કરે તોપણ લખતા નથી. અહીં તો તત્ત્વની વાત સમજો... સમજો... રુચિ કરો, દૃષ્ટિ કરો, બસ એ વાત છે. આહા..હા..!

સમ્યગ્દર્શન પ્રભુ દુર્લભ છે, ભાઈ! એમ ઉપરથી માની લે એવી ચીજ નથી. પોતાનો ચૈતન્ય ભગવાન અનાકુળ શાંતરસનો ધ્રુવ કંદ છે. આહા..હા..! એની દૃષ્ટિ જામવી, એની રુચિ થવી, તો રાગની રુચિ ત્યાંથી ખસી જાય છે. રાગ આવે છે, શુભ વ્યવહારરત્નત્રય હોય છે, પણ રુચિ ખસી જાય છે, પોષાણ નથી. જેમ વેપારીને પોસાણ હોય તે ચીજ લાવેને? કે અઢી રૂપિયે આવે અને અહીં ત્રણ મળે તો લાવે, પણ અઢી રૂપિયે લાવે અને બે રૂપિયા મળતા હોય એવો માલ લાવે? એમ અહીંયાં આત્મામાં આનંદસ્વરૂપ ભગવાન એની જ્યાં અંતર રુચિ ને દૃષ્ટિ થઈ તો જે પ્રકારે તીર્થંકરગોત્ર બાંધે જે ભાવથી એ ભાવની પણ રુચિ ઊડી ગઈ. સમજાણું કાંઈ?

એ અહીંયાં કહે છે. અરુચિ થઈ કેમ? ભગવાન તો દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે. એ પ્રશ્ન બહુ ચાલ્યો હતો છ દિવસ. પર્યાયમાં અશુદ્ધતા આવી ક્યાંથી? દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે તો પર્યાયમાં અશુદ્ધતા આવી ક્યાંથી? કર્મથી આવી, એ સિવાય બીજો કોઈ ઉપાય છે નહિ એમ કહેતા હતા. એમ છે નહિ. એ કહે છે, જુઓ,

'**હવે ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો? તેનો ઉત્તર કહે છે :-**' આહા..હા..!

उवओगस्स अणाई परिणामा तिण्णि मोहजुत्तस्स।
मिच्छत्तं अण्णाणं अविरदिभावो य णादव्वो।।८९।।

**છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,**
**મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.**

'ટીકા :—જોકે...' યદ્યપિ એટલે જોકે. જોકે કહે છે? શું કહે છે? '**જોકે નિશ્ચયથી પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં**

**સમર્થપણું છે,...'** શું કહે છે? આત્મા અને પરમાણુ આદિ પદાર્થમાં પોતાના નિજરસથી, પોતાના સ્વભાવના રસથી **'સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત...'** આત્માનો આનંદસ્વભાવ છે, આનંદરસ છે તો આનંદભૂત સ્વભાવભૂતસ્વરૂપ પરિણમવાનું એમાં સામર્થ્ય છે. સમજાણું કાંઈ? શું કહ્યું? આત્મામાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન એ સ્વભાવ (છે). અને સ્વભાવરૂપ પરિણમવું એવું એનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા અનાકુળ આનંદ અને અનાકુળ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સ્વચ્છતા એવા શુદ્ધ સ્વભાવથી પરિણમવું એવું આત્માનું સામર્થ્ય છે, છતાં વિકાર કેમ થાય છે ઈ વાત કરે છે. સમજાણું કાંઈ? છતાંને શું કહે છે? હોને પર ભી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... જુઓ, **'નિશ્ચયથી પોતાના નિજરસથી...'** જ્ઞાનરસથી, આનંદરસથી, શાંતરસથી, અવિકારીરસથી **'સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ પરિણમનમાં સમર્થપણું છે,...'** આહા..હા..! **'તોપણ...'** એમ હોવા છતાં. છે? **'અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી,...'** લ્યો! મોહનો સંયોગ હોવાથી, સંયોગને આશ્રયે વિકાર ઉત્પન્ન થાય છે. સંયોગથી નહિ, સંયોગ આશ્રિત. **'મોહ સાથે સંયુક્તપણું હોવાથી,...'** જુઓ, સંયોગ હોવાથી. પરની સાથે સંબંધ હોવાથી. આહા..હા..! કહે છે કે આત્મામાં તો નિજરસથી અનુભવ, સ્વભાવથી પરિણમન થવું એ જ એનું સામર્થ્ય છે. આહા..હા..! દ્રવ્ય-ગુણનું સામર્થ્ય તો એ જ છે કે પોતાનો નિજરસ નામ શાંતરસ અકષાયરસ, વિકારરહિત નિર્મળરસ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિરૂપ પરિણમવું એ જ એનું સામર્થ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'તોપણ (આત્માને) અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ...'** કર્મ. અન્ય વસ્તુભૂત મોહ, સ્વ-વસ્તુભૂત સ્વભાવ, શુદ્ધ પરિણમવાનું સ્વભાવનું સામર્થ્ય તો છે, પણ અન્ય-વસ્તુભૂત મોહ જડ, એની **'સાથે સંયુક્તપણું હોવાથી,...'** આહા..હા..! **'આત્માના ઉપયોગનો,...'** આત્માના ઉપયોગનો **'મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે,...'** લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના રસનો સ્વામી અને અતીન્દ્રિય આનંદનો સ્વામી થઈને અતીન્દ્રિય આનંદનું પરિણમન થવાનું સામર્થ્ય છે. **'તોપણ...'** તથાપિ છેને? **'અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી,...'** પરનો સંયોગ કર્યો એ કારણે. આહા..હા..! સંયોગથી નહિ પણ સંયોગ હોવાથી, એમ. પરનો સંયોગ હોવાથી. આહા..હા..! **'આત્માના ઉપયોગનો,...'** ભગવાન આત્માનો ઉપયોગ, જાણવા-દેખવાનો વેપાર એમાં મોહકર્મના સંગથી.. એ આવે છે પહેલાં સંગથી. **'सङ्गः एव'**, સંગથી, પરથી એમ નહિ. એક કડી આવે છે. હા, એ **'परसङ्गः एव'**. ભાઈ સાથે બહુ ચર્ચા થઈ હતી. બંસીધર. ઈંદોરવાળા રહેતા હતાને પહેલાં? ઈંદોરવાળા અહીંયાં પંદર દિવસ રહ્યા હતા. એની સાથે ખુબ ચર્ચા થઈ. સંગથી નહિ, **'सङ्गः एव'**. સંગ કર્યો તો થયો

છે. સમજાણું કાંઈ? છેને? કેટલામો છે? કળશ-૧૭૫. ૧૭૫.

'यथा अर्ककान्तः' **'સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ) આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી,...'** 'तस्मिन् निमित्तं परसङ्गः एव' **'તેમાં નિમિત્ત પરસંગ જ (-પરદ્રવ્યનો સંગ જ) છે.'** પરદ્રવ્યના સંગથી નહિ, પણ પરદ્રવ્યનો સંગ કર્યો માટે થાય છે. બંસીધરજીએ પછી કબુલ કર્યું હતું. પહેલાં તો કબુલ નહોતું કર્યું ત્યાં તો. મેં કીધું, જુઓ, પંચાસ્તિકાયમાં એમ આવ્યું છે કે મિથ્યાત્વ હોય, અજ્ઞાન હોય, રાગ-દ્વેષ હોય એ પરિણતિ પોતાના ષટ્કારકથી પોતાથી થાય છે, પરકારકની અપેક્ષા નથી. સંસ્કૃતમાં છે. સંસ્કૃત છે પંચાસ્તિકાયમાં. સમજાણું કાંઈ? એ વખતે તો જરી.. એ વાત ચાલતી નહોતી. વર્ણીજી અને એ બેય. એ અભિન્નની વાત છે; પણ અભિન્નનો અર્થ શું? પોતાથી થાય છે, પરથી નહિ. પછી અહીંયાં કબુલ કર્યું. આ શ્લોક આવ્યો હતો એ વખતે. પરસંગ છેને? **'परसङ्गः एव'** પરસંગ કર્યો તો એને કારણે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. એ ક્યાં, **'परसङ्गः एव'** પરસંગ કર્યો. પરસંગથી થયો એમ નહિ.

**શ્રોતા :—** કર્મે અમારો સંગ કર્યો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કર્મનો સંગ કરે છે. અહીંનો સંગ છોડીને ત્યાં કરે છે. ખબર નથી સામે કર્મ છે, પણ અહીં સંગ છોડીને બીજી ચીજનો સંગ કરે છે એ કર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો મહાસિદ્ધાંત છે. મોટી ચર્ચા થઈ હતી પંડિતો વચ્ચે. ભાઈ ચર્ચા કરો, ન કરો સત્ય તો આ છે. પોતાનો વિકાર સંયોગના લક્ષથી થાય છે, પોતાના આશ્રયે-નિમિત્તથી નહિ. ના પાડીને જુઓને.

**'તેમાં નિમિત્ત પરસંગ જ છે.' 'પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી.'** રાગનો સ્વભાવ એનો નથી કે રાગનું કારણ, વિકારનું કારણ થઈ જાય આત્મા. **'परसङ्गः एव'** પર્યાયમાં. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. આહા..હા..! પર્યાય નામ અવસ્થા, ભાઈ! આ તો વીતરાગ માર્ગ, બાપુ! ગણધરોએ માન્યા, એકાવતારી ઈન્દ્રોએ કબુલ કર્યા એવી આ ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અસંખ્ય તિર્યંચ પંચમ ગુણસ્થાનવાળા સ્વયંભુરમણ સમુદ્રમાં છે. સ્વયંભુરમણ સમુદ્રમાં અસંખ્ય તિર્યંચ હજાર-હજાર યોજનના લાંબા પંચમ ગુણસ્થાનવાળા છે. આહા..હા..! આત્મા છેને. સમજાણું કાંઈ? અંદરમાં જ્યાં ઘુસી ગયો અંદર એકદમ.. આહા..હા..! ચૈતન્ય જ્યોત ઝળહળ જ્યોતિ બળે છે. શાંતિનો સાગર પ્રભુ એમાં રાગ ક્યાંથી આવ્યો? એ તો પર્યાયમાં પરનો સંગ કર્યો તો રાગ આવ્યો. સમજાણું કાંઈ? પોતાના સંગથી રાગ થતો નથી. કેમકે પોતાનો સ્વભાવ તો શુદ્ધ છે. સ્વભાવનો સંગ કરે તો તો શુદ્ધતા ઉત્પન્ન થાય છે. આ શ્લોક છે. બંધનો અધિકાર છેને? બંધ અધિકાર છે. એ બહુ ચર્ચા થઈ હતી ત્યાં, પણ એ જૂની વાત બેઠી હોયને ૫૦-૬૦ વર્ષની, પછી અહીં હા પાડે.

ગંગા કાંઠે ગંગાદાસ અને જમના કાંઠે પાછા જમનાદાસ થઈ જાય. ત્યાં જાય તો પછી વળી જરી આમ તો હોય છે.. આમ તો હોય છે. શું થાય?

**શ્રોતા :—** બધાનું મન રાખવું પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ છે? બધાનું મન રાખવું પડે? આહા..હા..! સભામાં લોકોનું રંજન કરવા માટે થોડી-થોડી કથા કહેવી, આમ કહેવું, આમ કરવું પડે છે, એમ કહે છે. જગનમોહનલાલજીએ લખ્યું છે. અરે ભાઈ! એવી કથા અનંતવાર સાંભળી છે, ભાઈ! પણ સાંભળવાનો અર્થ શું? રાગથી ભિન્ન ભગવાન પરિપૂર્ણ પ્રભુ, એની પ્રતીતિ કરવી એ એનું તાત્પર્ય સાંભળવાનું છે. આહા..હા..!

શું કહ્યું? કે આત્મા નિશ્ચયથી... અહીં તો સર્વ પદાર્થની વાત કરી છે. '**નિજરસથી જ સર્વ વસ્તુઓનું...**' જુઓ, '**પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે,...**' પરમાણુમાં પણ શુદ્ધ પરિણમનનું સામર્થ્ય છે, પણ પરમાણુ નિમિત્તના સંગમાં જાય છે તો વિભાવ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે પરમાણુથી અનંત પરમાણુ સ્કંધ (થાય) એ વિભાવપર્યાય છે. એક પરમાણુની શુદ્ધ પર્યાય છે. એક પરમાણુ છે એટલી શુદ્ધ પર્યાય છે અને બે, ચાર, અનંતમાં આવ્યો તો વિભાવ છે. વિભાવ પોતાથી થયો છે. પણ પરસંગથી... આહા..હા..! સર્વ વસ્તુ કહ્યુંને? આત્મા, પરમાણુ. ચાર તો શુદ્ધ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ અને આકાશ એ તો શુદ્ધ છે, એની પર્યાય પણ શુદ્ધ છે, દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, એમાં તો વિભાવ છે નહિ. વિભાવ બેમાં છે—પરમાણુ અને આત્મામાં. એ કેમ થાય છે? એ અહીં કહ્યું.

સર્વ '**પોતાના નિજરસથી જ...**' ભાષા જુઓ, એકાંત કર્યું છે. '**સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે, તોપણ (આત્માને) અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ...**' અન્ય વસ્તુ એટલે મોહકર્મ. એની '**સાથે સંયુક્તપણું હોવાથી, આત્માના ઉપયોગનો,...**' પર ઉપર લક્ષ હોવાથી પોતાના ઉપયોગમાં મિથ્યાશ્રદ્ધા '**અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.**' પરના સંગથી ઉપયોગમાં ત્રણ પ્રકારનો વિકાર થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરથી નહિ, પરનો સંગ કરવાથી ત્રણ પ્રકારનો વિકાર થયો છે. આહા..હા..! એટલી પણ સ્વતંત્રતા ન બેસે... આહા..હા..! એ અંતરમાં કેમ જઈ શકે? સમજાણું કાંઈ?

પર્યાયમાં વિકાર પણ પોતાથી.. પોતાના પરિણમનની યોગ્યતાથી દેખાય છે. કાળુ, પીળુ કરે તો કાળુ, પીળુ અહીં થાય છે? એની યોગ્યતા છે. સમજાણું કાંઈ? સ્ફટિકમાં પોતાની પર્યાયની યોગ્યતાથી કાળી, પીળી આદિ ઝાંય જે દેખાય છે એ પરના સંગથી, સંયોગથી પોતામાં પોતાને કારણે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોઢાનો એક સરિયો હોય. સરિયો કહે છેને? ચાર હાથ લાંબો. ચાર તસુ અગ્નિમાં હોય, ચાર તસુ અગ્નિ. છેલ્લો ખૂણો

પણ ગરમ થઈ જાય છે. શું કહ્યું? ચાર હાથ લાંબો લોઢાનો સરિયો છેને? ચાર તસુ અગ્નિમાં હોય તો આખો ગરમ થઈ જાય છે. એની યોગ્યતા છે. અને દિવાસળી લ્યો, અહીં સળગતી હોય અને અહીં ઊનું ન હોય. આ બીડી પીવે છેને, તો આ બાજુ ઊની નથી થતી. કેમકે એની યોગ્યતા નથી.

**શ્રોતા :—** ... ગરમ નથી થતું. લોઢાનો સરિયો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નથી થતું. .. એની યોગ્યતા છે. અગ્નિને કારણે છે? અગ્નિ તો દિવાસળીમાં પણ છે. સમજાણું કાંઈ? લોઢાનો સરિયો છેને? અહીં અગ્નિ ચાર તસુ છે. અહીંયાં ન પકડી શકે. એ એની યોગ્યતા છે. અને દિવાસળી આટલી હોય.. ઊની નથી થતી. લાકડીનો એવો સ્વભાવ છે. શેઠ! સમજો છો? આ તમારી બીડીની વાત ચાલે છે. દિવાસળી અહીં બળતી હોય, અહીં કાંઈ નથી હોતું. ત્યાં ઠંડુ છે. એ લાકડીનો સ્વભાવ છે, પેલો લોઢાનો સ્વભાવ છે. અગ્નિથી એમ થયું છે એમ નથી. સમજાણું કાંઈ? એમ સ્ફટિકમણિમાં કાળા-લીલાની ઝાંય પોતાની યોગ્યતાથી પરિણમનમાં એમ દેખાય છે. લાકડાની નીચે મૂકો કાળી, .. નહિ ઝાંય પડે. એનો સ્વભાવ નથી. એની પર્યાયનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સંતોની કેટલી કરુણા! કેટલી વાત સ્પષ્ટ કરે છે. નહિતર એને ક્યાં પડી છે કે દુનિયા સમજે તો મને લાભ થશે. ન સમજે તો મને કાંઈ છે નહિ. એવો વિકલ્પ આવે છે કરુણાનો... દૃષ્ટાંત દઈને સંતો જાહેર કરે છે. સમજાણું કાંઈ?

પરસ્ત્રીનું સેવન કરવું અને એમાં દોષ નહિ, અરે પ્રભુ! કલ્પના. સમજાણું કાંઈ? આહા..હા..! સ્વસ્ત્રીનું સેવન એ દોષ છે, તો પરસ્ત્રીનું સેવન તો મહાદોષ છે. સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં શ્રાવક સમકિતી પરસ્ત્રીનો ત્યાગ કરે છે. સ્વસ્ત્રીનો ત્યાગ નહિ, એનું પરિમાણ કરે છે. સમજાણું કાંઈ? પણ એ પરસ્ત્રીનું સેવન તો વ્યભિચાર મહાપાપ છે, દુર્ગતિનું કારણ છે. આમ કરવું અને એ ઠીક છે એમ કોણ કહે, પ્રભુ? આહા..હા..! એ તો દૃષ્ટાંત દઈને સિદ્ધાંત સિદ્ધ કરવો છે. આહા..હા..! એમની દૃષ્ટિ વિપરીત નહોતી. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**કદાચિત્ (સ્ફટિકને) કાળા, લીલા અને પીળા એવા તમાલ,...**’ હરા-.. પીળા- .. સમજ્યા? પીળા-સોનું. સોનું એ પીળું. તમાલ હરા, પીળું... ‘**પાત્રરૂપી આધારનો...**’ શું કહ્યું? તમાલનું પત્ર જે હોય એ વાસણમાં સ્ફટિક મૂકે. સમજાણું કાંઈ? લીલું દેખાય છે અને પીળાના ઓલામાં મૂકે તો પીળું જ દેખાય અને તમાલમાં જોવે તો .. જેવું દેખાય. આહા..હા..! ‘**આધારનો સંયોગ હવાથી, સ્ફટિકની સ્વચ્છતાનો, કાળો, લીલો અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે,...**’ આહા..હા..! છે તો સ્ફટિક સ્વચ્છ સ્વભાવરૂપે પરિણમન કરવાની તાકાત, પણ પરનો સંગે એની પર્યાયમાં કાળા, લીલો અને પીળો થવાની શક્તિથી થાય છે. આહા..હા..! નિશ્ચયથી તો કાળી ઝાંય દેખાય છે એ પણ ષટ્કારકના પરિણમનથી કાળાપણે દેખાય છે, દ્રવ્ય-ગુણથી નહિ, પરથી નહિ.

આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ માર્ગ ભાઈ, પ્રભુનો! સંતો પોકાર કરે છે, પ્રભુ! તારા અપરાધથી તને દુઃખ ખાય છે, પરને કારણે નહિ. સમજાણું કાંઈ? કોઈ કહે કે અમને મોટી ગાળ આપી તો ક્રોધ આવ્યો. ખોટી વાત છે. ક્રોધ તો તેં કર્યો એટલે થયો. ગાળ શું કરે? એ તો પરચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્યાં પ્રવચનસારમાં તો એમ લીધું છે, વિષય અકિંચિત્કર છે. તારા રાગ-દ્વેષની ઉત્પત્તિમાં વિષય અકિંચિત્કર છે. વિષય શું કરે? વિષય તો પર જડ છે, એ અકિંચિત્કર છે. રાગ ઉત્પન્ન કરવામાં વિષય જે સ્ત્રી છે એ રાગ ઉત્પન્ન કરવામાં શું કરે? રાગ તો તારાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાળક માટે પ્રેમ આવે અને બચ્ચી ભરે છે તો એ રાગમાં એ વિષય અકિંચિત્કર છે, એ બાળક એનું બિલકુલ કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વિષય અકિંચિત્કર લીધું છે. પરપદાર્થ તને રાગ કરે એ અકિંચિત્કર છે. ભઈ! કથંચિત્ કરે અને કથંચિત્ ન કરે એમ કરોને સ્વાદ્વાદ. અકિંચિત્કર કહ્યું ત્યાં તો. આહા..હા..! સમજાણું કાંઈ?

વિષય, પાંચ ઈન્દ્રિયના વિષયો. શબ્દ કાને પડ્યા ગાળ, તો એનાથી અહીંયા દ્વેષ ઉત્પન્ન થાય છે એ અકિંચિત્કર છે, બિલકુલ નહિ; અને પ્રશંસા સાંભળીને રાગ થયો તો પ્રશંસા કિંચિંત્ કારણ નથી એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! મેસુબ ખાધો, રસગુલ્લા. દૂધના હોય છેને રસગુલ્લા. એમાં રાગ થયો એ અકિંચિત્કર છે. રસગુલ્લા એમાં રાગ કરવામાં કિંચિત્ કારણ નથી. આહા..હા..! તો નિમિત્ત છે કે નહિ? નિમિત્ત અકિંચિત્કર છે. સમજાણું કાંઈ? રાગમાં અને દ્વેષમાં પરવિષય અકિંચિત્કર છે એમ કહ્યું. અકિંચિત્કરનો અર્થ નિમિત્ત તો છે, પણ નિમિત્ત છે એ અકિંચિત્કર છે. રાગ કરાવવામાં અકિંચિત્કર છે, તેથી નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ભાષા તો જુઓ, ઓહો..હો..! સમજાણું કાંઈ?

શબ્દ, સ્ત્રીનો વિષય એ વિષય જે છે એ આત્માને રાગ કરાવવામાં અકિંચિત્કર છે. આહા..હા..! સાક્ષાત્ દેખાય છે સ્ત્રીની સાથે માંસ, હાડકા, શરીર કુણું જોઈને રાગ થાય છે, પણ એ રાગમાં એ સ્ત્રી તો અકિંચિત્કર છે. નિમિત્તને અકિંચિત્કર કહ્યું છે. ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અકિંચિત્કર કહ્યું, નિમિત્તને અકિંચિત્કર કહ્યું. ન કરી શકે. નિમિત્તથી થાય એમ માનનારા મોહની નદી પાર નહિ કરી શકે. પાઠ છેને. કળશ છે. આહા..હા..! ... એમ પાઠ છે. નિમિત્તથી વિકાર થાય એમ માનનાર મોહની નદી પાર નહિ કરી શકે. ... મારાથી રાગ થાય છે, મારા કારણે, પર ચીજ અકિંચિત્કર છે. ઓહો..હો..! ગાળનો શબ્દ સાંભળ્યો તેથી અહીંયા દ્વેષ થયો. અકિંચિત્કર છે. આહા..હા..! સ્ત્રીનો અનુકૂળ શબ્દ સાંભળ્યો, 'પતિદેવ આમ છે' એમ કહ્યું ને એને રાગ થયો તો એ શબ્દ છે એ અકિંચિત્કર છે. આહા..હા..! પ્રભુ! તારી બલિહારી તો જો. સમજાણું કાંઈ? એમ સાકર. સાઠા હોય

છેને, સાઠા. મોળા સાઠા. સાકર ને... સાઠા કહે છેને? શેરડી નહિ, સાકરના સાઠા. શું કહે છે? ગન્ના તો શેરડીના રસને કહે. સાઠા. સાઠાને શું કહે છે? ગન્ના તો શેરડીના રસને કહે છે. એની ભાષા આવડતી નથી. .. સાટા આવ્યા હતા. એક .. આવ્યા હતા વેરાવળથી. બહેનનો ૬૩મો (જન્મ મહોત્સવ) હતો ને? .. સાકરના. ઘીમાં તળે. ખાજા. હમણાં બીજને દિવસે આવ્યા હતા. ૬૩ ખાજા. એક કંદોઈ છેને. બહુ પ્રેમ છે. બહુ પ્રેમ છે. બહુ રુચિ છે એને. આહા..હા..! આ માર્ગ નિહાલ થઈ ગયો એમ કહે છે. કંદોઈ-કંદોઈ છેને? હલવાઈ. ૬૩ સાઠા લઈને. છોકરાઓને આપી દીધા. અમે તો કાંઈ ખાતા નથી. બોર્ડિંગમાં. બીજા પણ લાવ્યા હતા. એ લોકો .. ખાજા કહે છેને. મીઠા ખાજા. આ મોળા ખાજા. એમ કહે છે કે મીઠા ખાજા ખાવાથી રાગ ઉત્પન્ન થાય છે, અકિંચિત્કર છે. આહા..હા..! અને શેરડીનો રસ પીવે તો રાગ થાય છે. એ શેરડીનો રસ અકિંચિત્કર છે. સમજાણું કાંઈ? આહા..હા..! પોતાથી થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૫, શનિવાર, તા. ૧૪-૮-૧૯૭૬, ગાથા-૮૯-૯૦ પ્રવચન નં. ૧૫૬

સમયસાર, ૮૯ ગાથા. દૃષ્ટાંત. દૃષ્ટાંત ફરીને. '**જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં (અર્થાત્ પોતાના ઉજ્જ્વળતારૂપ સ્વરૂપે પરિણમવામાં) સમર્થપણું હોવા છતાં,...**' શેમાં? સ્ફટિકમાં. એમાં કાંઈક છે. '**છતાં, કદાચિત્ (સ્ફટિકને) કાળા, લીલા અને પીળા એવા તમાલ, કેળ અને કાંચનના પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી,...**' એ પાત્રમાં મૂક્યુંને? એ પાત્રનો સંયોગ હોવાથી '**સ્ફટિકની સ્વચ્છતાનો કાળો, લીલો અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે,...**' એમાં એમ કહ્યું કે જે વાસણ છે એમાં સ્ફટિક મૂકે તો એમાં એની ઝાંય દેખાય છે, પણ એ વાસણ છે એ ઝાંયની કર્તા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! નિમિત્ત હોવા છતાં જે અંદરમાં સ્ફટિકમાં લાલ, કાળું દેખાય છે એ પર્યાયનો એ નિમિત્ત કર્તા નથી, નિમિત્ત છે. નિમિત્ત બીજી ચીજ છે, નિમિત્ત કર્તા બીજી ચીજ છે. મોટા ઝઘડા આ છે. લાલ, પીળું એમા થયું તો એ તમાલને કારણે થયુંને?—એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ પહેલાં તો એ દૃષ્ટાંતમાં એમ સિદ્ધ કર્યું. આહા..હા..!

‘**તેવી રીતે (આત્માને) અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે...**’ કોનો? મોહનો. જડ મોહ. આહા..હા..! ‘**એવા અન્યવસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી,...**’ સંયોગ હોવાથી અર્થાત્ નિમિત્ત હોવાથી આત્મામાં મિથ્યાદર્શન આદિ પરિણમન થાય છે એ સંયોગનું કર્તવ્ય નથી.

**શ્રોતા :—** અહીંયાં તો સંયોગ હોવાથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ સંયોગ હોવાથીનો અર્થ નિમિત્ત હોવાથી. નિમિત્ત છે. સંયોગ છે, પણ સંયોગથી ત્યાં વિકાર થયો છે, સંયોગી ચીજથી વિકાર થયો છે (એમ નથી). જેમ કાળા, પીળા, તમાલનું પાત્ર હોય અને એમાં સ્ફટિક પડ્યું હોય તો સ્ફટિકમાં લાલ આદિ દેખાય છે એ વાસણને કારણે નહિ, વાસણ તો નિમિત્ત છે. નિમિત્ત કર્તા એ રંગનો.. સ્ફટિકની યોગ્યતા છે. કાલે દૃષ્ટાંત નહોતું આપ્યું? કાલે દૃષ્ટાંત આપ્યું હતું દિવાસળીનું, લોઢાનું. લોઢાનો સરીયો હોય છેને બે હાથ, ત્રણ હાથ. તો ચાર તસુ અગ્નિમાં હોય તો અહીંયાં અગ્નિ આવી જાય છે. એ એનો સ્વભાવ છે. અગ્નિ તો નિમિત્ત છે, પણ એ લોઢાનો સ્વભાવ છે કે તેમાં ઉષ્ણતા આવી જાય છે. એ ઉષ્ણતાની કર્તા અગ્નિ નથી. અગ્નિથી જો ઉષ્ણતા આવી હોય તો દિવાસળી અને બીડી... એય શેઠ! આખી દિવાસળી નથી સળગતી. આટલી દિવાસળી છે. દિવાસળી કહે છેને? આ બાજુ ઠંડી છે. એ પોતાની યોગ્યતાથી છે. અગ્નિથી લોઢું ગરમ થાય છે એ અગ્નિ એની કર્તા નથી. લોઢુ એ ઉષ્ણ થવાનો કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? જો અગ્નિથી થાય તો દિવાસળીમાં પણ એક ખૂણામાં પણ અગ્નિ તો છે. લોઢામાં તો એક બે તસુ અગ્નિ હોય અને ચાર-પાંચ, આઠ, દસ, બાર તસુ બહાર હોય તોપણ ત્યાં ગરમ થઈ જાય છે, પકડી ન શકે છેડો, એ લોઢાનો સ્વભાવ છે. ઉષ્ણતાની કર્તા લોઢાની પર્યાય એની કર્તા છે, અગ્નિ કર્તા નહિ. આહા..હા..!

એમ અહીંયાં સ્ફટિકમાં લાલ, પીળી ઝાંય જે દેખાય છે એ એનો કર્તા કાળું, પીળું વાસણ નહિ. નિમિત્ત એ તો સંયોગ છે, પણ સંયોગના સંગમાં પોતાની પર્યાયનો કર્તા કાળી, લીલી (થવામાં) સ્ફટિક છે. સમજાણું કાંઈ? મોટી ચીજ છે. આ મોટી ચીજ નિમિત્ત અને નિમિત્તકર્તાનો ખુલાસો સ્પષ્ટ છે. સવારે આવ્યું હતુંને? વિષયો—શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સુખ-દુઃખ થવામાં નિમિત્ત છે, પણ નિમિત્ત એમાં કાંઈ કરતું નથી.

પહેલી ગાથામાં તો એમ લીધું છે કે સ્વર્ગમાં સુખ છે તો જીવનો દેહ છે એ સુખનો કર્તા નથી, એમાં નિમિત્ત છે. સુખની પરિણતિ જે કર્તા છે એ તો પોતામાં સુખની કલ્પના કરે છે. એ ગાથા છે, ભાઈ. પહેલી ગાથા. આજે જોયું. મેં કીધું આ ઘણી જ વસ્તુસ્થિતિ છે. ઓહો..હો..! પ્રવચનસાર આવ્યું છેને હમણા પ્રવચનસાર. નવું આવ્યું છે. પંદર રૂપિયાની કિંમત છે. એના સાત રૂપિયા.

**શ્રોતા :—** આપે છપાવ્યું છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો લોકો (કહે). કોણ છપાવે છે? અને એ તો સિદ્ધાંત દિગંબર શાસ્ત્ર છે. એ તો બીજે છપાય કે અહીંયા છપાય, એ તો દિગંબરશાસ્ત્ર છે. શ્વેતાંબરના શાસ્ત્ર એ શાસ્ત્ર જ ક્યાં છે, એ તો કુશાસ્ત્ર છે. બિલકુલ. ત્યાં ક્યાં છે? ત્યાં વસ્તુ (નથી). એ તો કલ્પિત શાસ્ત્ર બનાવેલા છે. એ તો બીજી ચીજ. આ ચીજ નહિ. એ તો નામ દીધું. એ તો બધું જોયું છે. આ ચીજ જુદી છે. છતાં આ ચીજ છે એ સુશાસ્ત્ર છે. આહા..હા..! સર્વજ્ઞની વાણી છે, સંતોની વાણી એટલે સર્વજ્ઞની વાણી.

અહીં તો બીજું કહેવું છે કે એ વાણી બને છે એમાં જે નિમિત્ત છે એ નિમિત્ત કર્તા વાણીનો નથી. વાણીની પર્યાય વાણીની કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં લીધુંને સ્ફટિકમાં કાળી, લીલી છાંય છે એ સંયોગી ચીજથી એને કારણે ત્યાં નથી. સંયોગ છે, પણ એને કારણે લાલ નથી. એ તો પોતાની પર્યાયમાં લાલ, પીળી થવાની કર્તાપણાથી પરિણમન થયું છે. પરિણમન કરે તે કર્તા. તો સ્ફટિક પોતે કાળી, લીલીપણે પરિણમન કર્યું છે. સંયોગી ચીજ છે એણે પરિણમન કરાવ્યું છે એમ નથી. આહા..હા..! વિષયો શું કરે? મોટી ગજબ વાત કરી છે! આહા..હા..! નિમિત્ત હો, પણ નિમિત્ત કરે શું પરમાં? અકિંચિત્કર છે. સ્વર્ગના સુખમાં સ્વર્ગના દેહ પણ અકિંચિત્કર છે. આહા..હા..! કોઈ વૈક્રિયક શરીર છે અને સુંદર છે તો સુખબુદ્ધિ ઉત્પન્ન કરાવવામાં શરીર કર્તા છે એમ છે નહિ. આહા..હા..! અજ્ઞાની ત્યાં કલ્પનાથી મને સુખ છે એમ કર્તાબુદ્ધિથી સુખનો કર્તા થાય છે. આહા..હા..! દેહ નહિ. દેહ નિમિત્ત હોવા છતાં દેહ કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આ સ્ફટિકમાં કાળું, લીલું વાસણ નિમિત્ત હોવા છતાં કાળી, લાલ ઝાંયનો એ કર્તા નથી.

એમ હવે '**તેવી રીતે (આત્માને) અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્યવસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી,...**' એ કર્મ જડ. મિથ્યાદર્શન નામ દર્શનમોહ, અજ્ઞાન નામ જ્ઞાનાવરણીય, અવિરતિ નામ ચારિત્રમોહ. જડ હોં! '**જેનો સ્વભાવ છે એવા અન્યવસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી, આત્માના ઉપયોગનો મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.**' એ વિકાર પોતાથી કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિશેષ ખુલાસો ૯૦માં કરશે. મોટી ચીજ છે. આહા..હા..! જુઓ, કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. છે? સિદ્ધાંત છે. લોકાલોક નિમિત્ત છે તો લોકાલોક કર્તા છે કેવળજ્ઞાનનો? અને કેવળજ્ઞાન લોકાલોકમાં નિમિત્ત છે. શું લોકાલોકનો કર્તા કેવળજ્ઞાન પર્યાય છે? નિમિત્તનો અર્થ શું? આહા..હા..! અમરચંદભાઈ! મોટી ગડબડ છે આમાં. આહા..હા..! એમ ત્યાં પણ કહ્યુંને મોક્ષમાર્ગ પ્રકાશકમાં કે નિશ્ચયમોક્ષમાર્ગ પોતાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિશ્ચય થાય છે એ જ મોક્ષમાર્ગ છે, પણ સાથે સહચર નિમિત્ત દેખીને, જુઓ, નિમિત્ત દેખીને, વ્યવહારરત્નત્રયને નિમિત્ત દેખીને ઉપચારથી એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. કેટલી સ્પષ્ટતા! આહા..હા..! એ નિમિત્ત કર્તા નથી. ઉપચાર

છે, એનો અર્થ એમ થયોને ભાઈ! આહા..હા..! નિમિત્ત શબ્દ છે. ૨૫૩માં શબ્દ છે. નિમિત્ત દેખીને આરોપથી એને વ્યવહાર કહેવામાં આવ્યો. એમ વ્યવહારરત્નત્રયને નિમિત્ત દેખીને મોક્ષમાર્ગ કહેવામાં આવ્યું, પણ એ નિમિત્ત છે, એ નિમિત્ત નિશ્ચયમોક્ષમાર્ગનો કર્તા છે એમ છે નહિ. આહા..હા..! કહો, હીરાભાઈ! આવી વાત છે, ભગવાન! નિમિત્ત અને ઉપાદાનના ઝઘડા ભારે, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :—** બધું મટાડી દેજો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અરે..! છે જ ક્યાં? ઝઘડા જ ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? આ શેઠિયાઓને તો કાંઈ દરકાર નહિ. જે બેઠા હોય એ સાંભળે અને જય નારાયણ. એ તો શેઠ આપણે કહે છે શોભાલાલજી કે એ પંડિત કહે એમ અમે માનતા હતા. પણ સત્ય શું છે અને કેમ છે એવો સ્વતંત્ર નિર્ણય કરવાની લાયકાત નથી. આહા..હા..! ગજબ વાત છે. નિમિત્ત અને ઉપાદાનના ઝઘડાનો ખુલાસો અહીંયા બહુ થયો. સમજાણું કાંઈ? આહા..હા...! આ લાકડી ઊંચી થવામાં આંગળી નિમિત્ત છે, પણ નિમિત્ત એ ઊંચી કરવામાં કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ભાષા થવામાં આત્માનો રાગ અથવા જ્ઞાન નિમિત્ત છે, પણ એ રાગ અને નિમિત્ત ભાષાની પર્યાયના કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

સ્વર્ગનું દૃષ્ટાંત આપ્યુંને. ભાઈ, ચંદુભાઈ! ચંદુભાઈ ગયા? એમાં પહેલા દૃષ્ટાંત છે. દેવનો દેહ સુખનું કિંચિત્ કારણ નથી. દેવનો દેહ. ત્યાં સ્વર્ગનું સુખ છેને. એ સુખની કલ્પના કરનાર કર્તા છે, દેહ એના સુખનો કર્તા નથી. સુખમાં એ નિમિત્ત છે, સુંદર શરીર વૈક્રિયક આદિ, પણ એ નિમિત્ત સુખનો કર્તા નથી. સુખનો કર્તા તો અજ્ઞાની પોતે સુખ માને છે એ કર્તા છે. આહા..હા..! એમ વ્યવહારમોક્ષમાર્ગ નિમિત્ત છે, પણ એ નિમિત્ત નિશ્ચયમોક્ષમાર્ગનો કર્તા નથી. એમ વ્યવહારસાધકપણું છે. વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય આવે છે કે નહિ પંચાસ્તિકાયમાં? તો વ્યવહારસાધક નિમિત્ત તરીકે છે પણ એ સાધક નિશ્ચય સાધકનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, સુકૌશલજી! આહા..હા..! આવી વાત છે, ભગવાન! આ તો પંદર દિવસ થઈ ગયા આજે શિક્ષણ શિબિરને. શનિવારથી શરૂ થઈને? શનિવાર થયો આજે. પાંચ દિવસ રહ્યા. એ તો ઠીક. એક દિ હોય તો પણ ક્યાં આ વાત... ભાઈ! આહા..હા..!

અહીંયા કહે છે કે '**અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન...**'ના સંયોગ, સંયોગ, નિમિત્ત હોવાથી. નિમિત્ત હોવાથી કહો ભલે. '**આત્માના ઉપયોગનો મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.**' આહા..હા..! એ ખુલાસો કરશે. ભાવાર્થ. સાધક જે કહ્યું છે એ પણ સાધક છે એ તો ઉપચારથી કથન છે. એ સાધક નિશ્ચય સાધકનો કર્તા છે એમ છે નહિ. અર્થાત્ બે કારણે કાર્ય કહેવામાં આવ્યું. એમાં એક કારણ

જે છે એ યથાર્થ છે, બીજું કારણ ઉપચારથી—વ્યવહારથી કહેવામાં આવ્યું છે. એ વ્યવહાર કારણ નિશ્ચયકારણને કરે છે એમ નથી. આહા..હા..! બાબુભાઈ! આવી વાત છે. આહા..હા..! કહો, ઋષભજી! સમજાય છે કે નહિ? આહા..હા..! કેવી વાત છે!

અહીંયાં કાળુ વાસણ હોય એમાં સ્ફટિક મૂકે તો કાળી ઝાંય દેખાય છે. પ્રત્યક્ષ દેખાય છે કે એનાથી કાળી થાય છે. કહે છે કે ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! એ કાળીમાં નિમિત્ત છે, પણ કાળી પર્યાયનો કર્તા એ નથી. આહા..હા..! એમ મિથ્યાદર્શનની પર્યાયમાં મિથ્યાદર્શન નિમિત્ત છે દર્શનમોહ, પણ દર્શનમોહ મિથ્યાદર્શનનો કર્તા નથી. આહા..હા..! જુઓ તો વાણી સંતોની! સ્વતંત્રતાના ઢંઢેરા છે!! એકલી વીતરાગતા! આહા..હા..! આવી ક્યાંય વાત નથી, બાપુ! આહા..હા..! ઝઘડા ટાળવાની ચીજ છે ત્યાં ઝઘડા ઊભા કર્યા. વિમલચંદજી! રુચિવાળા માણસ છે. આહા..હા..!

જુઓ, બેયને સિદ્ધ કર્યા. સ્ફટિકમાં લાલ ઝાંય દેખાય છે એમાં લાલ વાસણ નિમિત્ત છે, પણ લાલનો કર્તા નિમિત્ત નથી. લાલની અવસ્થાનો કર્તા સ્ફટિકમણિ પોતે છે. આહા..હા..! એમ ભગવાન આત્મા મિથ્યાદર્શનના પરિણામ કરે એમાં દર્શનમોહ નિમિત્ત છે. જડ કીધાને સંયોગ? પણ નિમિત્ત દર્શનમોહનો કર્તા નથી. આહા..હા..!

**શ્રોતા** :— તો મિથ્યાત્વનો કર્તા કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— મિથ્યાત્વનો કર્તા જીવ. આહા..હા..!

**શ્રોતા** :— સોનગઢવાળા એમ માને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— સોનગઢવાળા નહિ, વસ્તુનું સ્વરૂપ એમ છે. સોનગઢવાળાની શું ચીજ? આ સોગનઢનું છે? આ શું કહેવાય? આ સમયસાર, આ પ્રવચનસાર હમણાં આવ્યુંને. જુઓને! એમાં છે કે નહિ? ૬૬ ગાથામાં છે. સવારે ચંદુભાઈએ ગાથા બતાવી હતી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :— પંચાસ્તિકાયમાં કહે છે કે નિલમણિથી દૂધ પણ લીલું થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ તો નિમિત્તનું કથન છે. લીલી ઝાંય રત્નની છે એમ કહે છે, એ પણ વ્યવહાર છે. રત્ન રત્નમાં છે અને ઝાંય તો બીજા પુદ્ગલ એમ પરિણમ્યા છે. દૂધ તો લીલું નથી થયું, પણ લીલી ઝાંય જે એટલી પ્રસરી છે એમાં પણ રત્નનું તો નિમિત્ત છે. આહા..હા..! રત્નને કારણે એવું થઈ ગયું છે? એવી વાત છે, ભગવાન! આહા..હા..! લીલી ઝાંય જે દેખાય છે.. એ તો ખુલાસો કર્યો છેને ભાઈએ. એમાં કીધું છે. આ લીલું છે માટે રત્ન એવું પહોળું થઈ ગયું એમ નથી. રત્ન તો નિમિત્ત છે અને ઝાંયનું એ સમયે પરિણમન છે એ પોતાથી પરિણમન થયું છે. રત્ન એવું થઈ ગયું એમ ત્યાં પાઠ છે. સમજાણું કાંઈ? અરે..! શું કરે?

ભગવાન! દોષ તો જ્ઞાનીને પણ થાય છે પણ એ દોષનો કર્તા પરિણતિ પોતાની છે.

એ ચારિત્રમોહનો ઉદય આવ્યો તો દોષ થયો, રાગ થયો, વાસના થઈ એમ નથી, ભાઈ! એમાં ન્યાયનો નાશ થાય છે, ન્યાયનું ખંડન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ..ચંદભાઈ આવ્યા? ક્યારે આવ્યા? આજે? ઠીક! બ્રહ્મચારી છે. ભોપાલના છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! જેને હજી શ્રદ્ધા કરવામાં પણ વાંધા, જ્ઞાનમાં નિર્ણય કરવામાં પણ જ્યાં વાંધા. આહા..હા..! નિમિત્તથી થાય છે, નિમિત્તથી થાય છે. ભગવાન! નિમિત્તથી થાય તો નિમિત્તકર્તા થાય. નિમિત્ત કર્તાનો તો નિષેધ છે અહીંયાં. સમજાણું કાંઈ? એ તો કહ્યું અહીંયા. **'ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.'** પોતાથી છે. એ ખુલાસો કરશે. સાધકપણે જે કહ્યું એ પણ એમ લેવું. બે કારણ કહ્યું એમાં પણ બીજાનું નિમિત્ત દેખીને કારણનો આરોપ કર્યો. યથાર્થમાં એ કારણ નિશ્ચયની પર્યાયનો કર્તા છે નહિ. આહા..હા..! ગજબ વાત છે. કાર્યના બે કારણ. એમાં એક કારણ યથાર્થ છે, બીજું કારણ વાસ્તવિક નથી. ઉપચારથી નિશ્ચયનો આરોપ દઈને એને વ્યવહાર કારણ કહ્યું. એ વ્યવહાર કારણ કાર્યનો કર્તા નથી. નિશ્ચયકારણ એ કાર્યનો કર્તા છે. આહા..હા..! આ વાત.

તત્ત્વાર્થ રાજવાર્તિકમાં એમ આવે છે. બધા એ મૂકે છે, લ્યો. હમણાં આ મૂકતા હતા. જુઓ, સમંતભદ્રાચાર્ય એમ કહે છે કે અભ્યંતર અને બાહ્ય બે સામગ્રીથી કામ થાય છે. કૈલાસચંદજીએ મૂક્યુંને. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ! આહા..હા..! બે કારણ લીધા છે ત્યાં બે સામગ્રી (કહી છે). પણ નિમિત્ત બાહ્ય છે એ તો ઉપસ્થિત છે એટલી વાત છે, પણ એનાથી કાર્ય થાય છે (એમ નથી). આહા..હા..! નિશ્ચયપર્યાયથી પણ કાર્ય થાય અને વ્યવહારપર્યાયથી પણ કાર્ય એમ વાત છે? ધન્નાલાલજી! આહા..હા..! ભાઈ! એમ નથી. વસ્તુની સ્થિતિ એમ નથી. વસ્તુસ્થિતિ ભગવાને આમ કહી. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈએ એક ગાળ દીધી અને ક્રોધ આવ્યો તો ગાળ નિમિત્ત છે, પણ ગાળ ક્રોધનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પાણી ઊનું થવામાં અગ્નિ નિમિત્ત છે, પણ એ ઊનાનો અગ્નિ કર્તા નથી. આરે..! વાત તે. સમજાણું કાંઈ? જુઓને, સ્ફટિકનું દૃષ્ટાંત આપીને. દૃષ્ટાંતમાં એ સિદ્ધ કર્યું અને પછી સિદ્ધાંતમાં એ સિદ્ધ કર્યું. પોતામાં... કહે છને કે જ્ઞાનાવરણીય કરે છે. તો નિમિત્ત છે એ કરતું નથી, એમ વાત છે. પોતાના જ્ઞાનની ઓછપમાં જ્ઞાનાવરણીય નિમિત્ત છે, પણ ઓછપ કરનાર નિમિત્ત નથી. આહા..હા..! મોટા પંડિત વચ્ચે આ વાંધા હતા. (સંવત) ૨૦૧૩ની સાલ. સમજાણું કાંઈ? એ અહીંયાં કહે છે.

**'ભાવાર્થ :- આત્માના ઉપયોગમાં આ ત્રણ પ્રકારનો પરિણામવિકાર અનાદિ કર્મના નિમિત્તથી છે.'** જુઓ, નિમિત્તથી અર્થાત્ નિમિત્ત છે, પણ એનું અજ્ઞાન મિથ્યાત્વનો કર્તા એ નિમિત્ત નથી. એ હમણાં ૯૦માં ખુલાસો કરશે. **'એમ નથી કે પહેલાં એ શુદ્ધ જ હતો અને હવે તેમાં નવો પરિણામવિકાર થયો છે.'** અનાદિનો વિકાર છે પર્યાયમાં. આહા..હા..! અને નિમિત્ત પણ અનાદિનું છે, તો નિમિત્ત એનો કર્તા નથી. આહા..હા..!

ભારે વાત, ભાઈ! 'વિષયો કિંચિત્કર' એમાંથી ઘણો ખુલાસો નીકળ્યો. આહા..હા..!

'**જો એમ હોય તો સિદ્ધોને પણ નવો પરિણામવિકાર થવો જોઈએ.**' તો સિદ્ધને પણ વિકાર થવો જોઈએ. અનાદિનો વિકાર છે અને અનાદિના વિકારમાં કર્મ નિમિત્ત છે, બસ. પણ નિમિત્ત એનો કર્તા છે એમ નથી. આહા..હા..! '**પણ એમ તો થતું નથી. માટે તે અનાદિથી છે એમ જાણવું.**' વિકાર. એટલું લેવું છે.

'**હવે આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું દર્શાવે છે :—**' જુઓ ભાષા, હવે કર્તૃત્વ બતાવે છે. ત્યાં જે સાધારણ વાત કરી હતી એનો હવે ખુલાસો કરે છે. આહા..હા..!

एदेसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो।
जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता।।९०।।

**એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;**
**જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.**

આહા..હા..! જુઓ, ૯૦.

'**ટીકા :— એ પ્રમાણે અનાદિથી અન્યવસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણાને લીધે...**' નિમિત્તતાને કારણે '**પોતાનામાં ઉત્પન્ન થતા...**' નિમિત્તતાને કારણે પણ '**પોતાનામાં ઉત્પન્ન થતા જે આ ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિભાવરૂપ પરિણામવિકારો તેમના નિમિત્તે (-કારણથી)—જોકે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ,...**' છે. ભગવાન આત્મા તો ત્રિકાળી શુદ્ધ છે. '**ઉપયોગ શુદ્ધ, નિરંજન, અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે એક પ્રકારનો છે...**' જુઓ, વસ્તુનું સ્વરૂપ. આહા..હા..!

ભગવાન આત્મા શુદ્ધ નિરંજન ઉપયોગ ત્રિકાળી, જ્ઞાનદર્શનનો જે ત્રિકાળી ઉપયોગ શુદ્ધ છે, નિરંજન-અંજન નહિ-મેલ નહિ. અનાદિઅનંત છે. અનાદિનિધન નામ અનાદિઅનંત. '**વસ્તુના સર્વસ્વભૂત...**' આત્માના સર્વસ્વભૂત એ જ્ઞાનદર્શન ઉપયોગ છે. આખો દર્શન ઉપયોગ. દર્શન ઉપયોગ ત્રિકાળી હોં. એ વસ્તુના સર્વસ્વભૂત છે, વસ્તુના સર્વસ્વભૂત, સ્વભૂત છે. ચૈતન્યમાત્રભાવ છે. '**તોપણ—અશુદ્ધ, સાંજન અનેકભાવપણાને પામતો થકો...**' ભાષા અંદર છાપવામાં ફેર છે થોડો. અશુદ્ધ વિકારી ભાવ, સાંજન-મેલ '**અનેકભાવપણાને પામતો થકો ત્રણ પ્રકારનો થઈને, પોતે અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામતો,...**' ભાષા દેખો. એ મિથ્યાદર્શન, અજ્ઞાનના પરિણામનો કર્તા આત્મા છે, અજ્ઞાનીનો આત્મા કર્તા છે. આહા..હા..! કર્મે કરાવ્યું છે અને કર્મ કર્તા છે એમ છે નહિ. મોટો ઝઘડો આ વાતનો. કર્મની વાત તો ઓહો..હો..! સમજાણું કાંઈ?

વર્ણીજી પાસે આ ચર્ચા થઈ હતી. મોટો ઝઘડો થયો. કદી સાંભળ્યું નહોતું એમણે.

શું કહો છો? વિકાર કર્મના નિમિત્ત વિના થાય છે? હા, કીધું. એ નિમિત્ત-પરકારકની અપેક્ષા વિના થાય છે. નિશ્ચય પોતાથી થાય છે. નિમિત્ત હો, તો શું નિમિત્ત એનો કર્તા છે? મોટી ગડબડ થઈ ગઈ. બંસીધરજી અંદર સાથે બેઠા હતા. રામજીભાઈ હતા, બધા બેઠા હતા. શેઠ પણ હશે પણ શેઠને ભાન ક્યાં હતું ત્યાં. શેઠ હતા કે નહિ? બીડીના ધંધા આડે નવરાશ ક્યાં અંદર ... આહા..હા..! એ પ્રશ્ન ત્યાં આવ્યો પછી કલકત્તા. શેઠ પાસે, શાહુજી પાસે. આ લોકો કહે છે કે વિકાર નિમિત્તથી થતો નથી, પર વિના થાય છે. નક્કી કરો. જો પર વિના થાય તો સ્વભાવ થઈ જાય છે. આહા..હા..! શેઠ લાવ્યા. ગજરાજજીના ઘરે આહાર હતો. ઉલ્લાસીબહેન છેને. આવ્યા હતાને કાલે. નહિ? પન્નાલાલજીના પિતા. એના ઘરે આહાર હતો. આહાર કરીને બેઠા. ખુરશી ઉપર બેઠા હતા ત્યાં શેઠ આવ્યા. ઈસરીથી આવ્યું છે, વિકાર શું છે? કીધું, ખુલાસો થઈ ગયો છે ત્યાં. શેઠ હોય કે ન હોય અમારે શું? .. વિકાર પોતાથી થાય છે, કર્મથી કિંચિત્ નહિ. અકિંચિત્ કર્મ છે. એ વખતે અકિંચિત્ શબ્દ નહોતો ત્યાં. વિકાર પોતાથી થાય છે, કર્મથી નહિ. આહા..હા..! ઝઘડા... ઝઘડા... ઝઘડા... એકાંત છે રે એકાંત છે. એ તો આવ્યું છેને. ચિઠ્ઠીમાં આવ્યું છેને કે કાનજીસ્વામી કહે છે કે જ્ઞાનમાં કમી-બેસી થાય છે એ પોતાની યોગ્યતાથી થાય છે, જ્ઞાનાવરણીય કાંઈ કરતું નથી. કેમ મહારાજ! એ ઠીક છે? શું ઠીક છે? અગિયાર અંગનો ભણવાવાળો હોય તોપણ ઠીક નથી. ચિઠ્ઠીમાં આવ્યું છે. છે કે નહિ ચિઠ્ઠી તો આવી ગઈ છે. તમારી પાસે પણ છે. એને ક્યાં ભાન હતું ત્યાં. શેઠ! એ ચિઠ્ઠી ત્યાં છપાણી હતીને. છેને અહીંયાં.

'શ્રી રતનચંદજી મુખ્યત્યાર સહરાનપુર, પ્રશ્ન. વર્ણીજીને પ્રશ્ન કરે છે. કાનજીસ્વામી યહ કહતે હૈં, મહારાજ! જ્ઞાનાવરણાદિ કર્મ કુછ નહીં કરતે. અપની યોગ્યતાસે જ્ઞાનમેં કમી-બેસી હોતી હૈ. મહારાજ! જ્ઞાન મેં કમી હોતી હૈ વહ અપની વજહ સે હોતી હૈ-અપની યોગ્યતા સે હોતી હૈ. કાનજીસ્વામી યહ કહતે હૈં. જ્ઞાનાવરણાદિ કર્મ કુછ નહિ કરતાં.' નિમિત્ત છે, પણ કર્તા નથી. આહા..હા..! 'મહારાજ! ક્યા યહ ઠીક હૈ?' હજારો પુસ્તક છપાઈ ગયા છે.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ, બનાવી દીધું એમ નથી. એનો પ્રશ્ન છે અને એનો જવાબ છે. એને એમ કે પંડિતોએ એમ કહ્યું છે. એમ કરીને બચાવ કરવો છે શેઠનો. ઘણા પક્ષમાં હતાને. કુસંગ બહુ કર્યો છે એણે. એટલે (કહે છે), પંડિતોએ એમ કહ્યું. પણ શબ્દ કોના છે? ... પોતે જવાબ દે છે જુઓ,

'વર્ણીજી મહારાજ ઉત્તર :- યહ ઠીક હૈ? આપ હી સમજો કૈસે ઠીક હૈ? યહ ઠીક નહીં. કોઈ ભી કહે, ચાહે હમ તો કહતે હૈં કિ અંગધારી ભી કહે તો ભી ઠીક નહીં. જ્ઞાનાવરણીય કર્મ સે જ્ઞાન મેં હીનતા હોતી હૈ. વહ ના કહે તો અંગધારી ભી જૂઠ હૈ.' અહીં કહે છે કે જ્ઞાનમાં કમી કરનાર ભગવાન આત્મા છે, જ્ઞાનાવરણીય કાંઈ કરતું નથી. સમજાણું કાંઈ?

એવી વાત છે, ભગવાન! આહા..હા..! મૂળ પહેલેથી ઈશ્વરના કર્તા મળ્યાને બનારસમાં-કાશીમાં. ત્યાં ભણ્યા છે. ઈશ્વરકર્તા મળ્યા તો નિમિત્તથી ઈશ્વરથી સૃષ્ટિ થઈ, એમ નિમિત્તનું લાકડું ઘૂસી ગયું. અને શાસ્ત્રમાં પણ એવું મળે કે જ્ઞાનાવરણીય કર્મ, જ્ઞાનાવરણીય કર્મ, જ્ઞાનને આવરે એ કર્મ. પણ એ તો નિમિત્તનું કથન છે. જડ આવરે છે આત્માને? સમજાણું કાંઈ? આહા..હા..! પંડિતજી! એવી વાત છે. જુઓ, વિશેષ .. પુસ્તક છે. પંડિતજીએ છપાવ્યું છે. લાલબહાદુર. લાલબહાદુર. જુઓ, વર્ણીજી એમ કહે છે કે તમે અહીંના માનનારા અહીંયા સોનગઢનું કેમ માનો છો? ભગવાન! લાલબહાદુર છેને. જબલપુર જવાના છે. આપણે આ જ્ઞાનચંદજી જવાના છે. હરિચંદ શેઠ છેને. આહા..હા..! ભગવાન! આ ઝઘડાની વાત નથી, નાથ! સ્વતંત્ર છે. વિકારની પર્યાય ઉત્પન્ન થવામાં જન્મક્ષણ—ઉત્પત્તિની એ ક્ષણ છે. એવો પાઠ છે. ૧૦૨ પ્રવચનસાર. ૧૦૨ ગાથામાં પ્રવચનસાર આવ્યુંને નવું આજે આવ્યું. સમજાણું કાંઈ? જન્મક્ષણ છે. દરેક પર્યાય દ્રવ્યમાં, છએ દ્રવ્યમાં જે સમયે પર્યાય થાય છે તે એની ઉત્પત્તિનો કાળ છે. પરથી ઉત્પન્ન થઈ છે એમ વાત નથી. હો નિમિત્ત, ઉચિત નિમિત્ત તો છે જ. એવો પાઠ છે પ્રવચનસારમાં. પંડિતજી! ઉચિત નિમિત્ત .. હો. હો તો શું થયું? તો શું નિમિત્ત કરે છે એમાં? આહા..હા..! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા નિમિત્ત છે એમ બતાવ્યું, પણ નિમિત્ત કર્તા છે એમ કહેવા બતાવ્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

સાધક ને કારણ ને મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગ એ કારણ છે. કારણ એક જ કહ્યું છે. બીજું કારણ તો આરોપથી કહ્યું. આહા..હા..! તત્ત્વાર્થ-રાજવાર્તિકમાં સમંતભદ્રાચાર્યે (કહ્યું) એ તો પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. અંદર ચીજ છે. એ નિમિત્તથી ત્યાં થયું છે એવી દૃષ્ટિથી નિમિત્તનું જ્ઞાન નથી કરાવ્યું. પોતાની પર્યાય વિકારી પોતાથી થઈ છે એવું નિશ્ચયનું લક્ષ રાખીને, નિમિત્તનું સાથે જોડાણ કરીને જ્ઞાન કરાવ્યું, પણ એ પોતાથી થાય છે એનો નિષેધ કરીને નિમિત્ત કરાવે છે એમ વાત નથી. આહા..હા..! એ પ્રમાણજ્ઞાન જ ન રહ્યું. પ્રમાણજ્ઞાનમાં તો નિશ્ચયથી પરિણતિ પોતાથી છે એમ સિદ્ધ રાખીને નિમિત્તનું જ્ઞાન કરાવવું—વ્યવહારનું એ પ્રમાણનો વિષય છે. એ પ્રમાણમાં 'એ નિશ્ચયથી પોતાથી છે' એનો નિષેધ કરીને પ્રમાણે કહ્યું નથી. તો તો પ્રમાણ નથી. નિશ્ચય સાથે હોય, સાથે નિમિત્તનું જ્ઞાન કરાવવા પ્રમાણ બતાવ્યું છે. આહા..હા..! આવી વાત છે. અરે..રે..! શું કરે? અનાદિથી એમ લૂંટાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મનું જોર છે તો પોતાને વિકાર કરવો જ પડે. એક તો વળી એમ કહેતા હતા કે નિમિત્ત કર્મનું નિમિત્ત થઈને જ આવે છે. નિમિત્ત વખતે વિકાર કરવો જ પડે. અને બહારના નોકર્મ છે એ તો (વિકાર) પોતામાં થાય છે તો નિમિત્ત કહેવામાં આવે છે. પણ કર્મ તો આવો વિકાર કરવામાં નિમિત્ત થઈને જ આવે છે. સમજાણું કાંઈ? એમ છે નહિ. તદ્દન મિથ્યાદૃષ્ટિ જૂઠ જૂઠ (છે). આહા..હા..! નિમિત્ત નિમિત્તપણે પોતાની ઉપસ્થિતિમાં છે, પણ પોતાનો વિકાર કરવામાં નિમિત્ત કર્તા છે એ બિલકુલ જૂઠ વાત અને મિથ્યાદર્શનનું

શલ્ય છે. આહા..હા..!

**'અનાદિથી અન્યવસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણાને લીધે પોતાનામાં ઉત્પન્ન થતા જે આ ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિભાવરૂપ પરિણામવિકારો તેમના નિમિત્તે (-કારણથી)—જોકે...'** નિમિત્તથી એટલું રાખીને. ત્યાં ઊભા રહેવું. **'પરમાર્થથી તો ઉપયોગ...'** જ્ઞાન-દર્શનનો ત્રિકાળી ઉપયોગ **'શુદ્ધ, નિરંજન, અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત...'** છે. સર્વસ્વસ્વરૂપ છે. અને **'ચૈતન્યમાત્રભાવપણે એક પ્રકારનો છે, તોપણ- અશુદ્ધ સાંજન અનેકભાવપણાને પામતો થકો ત્રણ પ્રકારનો થઈને,...'** ત્રણ પ્રકારનો થઈને, વિકારી પરિણતિ અજ્ઞાની પોતામાં ત્રણ પ્રકારનો વિકાર થઈને **'પોતે અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામતો,...'** વિકારનો કર્તા થાય છે, કર્મનું નિમિત્ત કર્તા કરાવે છે એમ નથી. આહા..હા..! **'વિકારરૂપ પરિણમીને જે જે ભાવને પોતાનો કરે છે...'** જુઓ, જે જે ભાવના મિથ્યાદર્શન, જ્ઞાનની હીનતા (કે) રાગાદિ કરે છે **'તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.'** એ ઉપયોગ કર્તા થાય છે, કર્મ કર્તા થાય છે એમ નહિ. આવ્યું? સ્પષ્ટ કર્યું. ઉપયોગ જ ત્રિકાળી શુદ્ધ છે, એ પોતાની પરિણતિમાં ઉપયોગ જ વિકારનો કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મ હો, નિમિત્ત હો, નિમિત્ત કોણે ના પાડી? નિમિત્ત નથી? વસ્તુ છે. તો શું વિકાર એને કારણે છે? આહા..હા..!

**'પોતે અજ્ઞાની થયો થકો...'** એમ લીધું છે જુઓ, **'ત્રણ પ્રકારનો થઈને,...'** છે? **'પોતે અજ્ઞાની થયો થકો...'** પોતાને કારણે અજ્ઞાની કર્તા થયો થકો **'પોતે અજ્ઞાની થયો થકો...'** કર્મનું નિમિત્ત અજ્ઞાનને કરાવે એમ છે નહિ. આહા..હા..! કહો, આ શિક્ષણ શિબિર તો તમારે પંદર દિવસ તો ચાલ્યું અહીં. જરી સાર આ છે. આહા..હા..! કોઈપણ ઠેકાણે વ્યવહાર અને નિશ્ચયનું કથન હોય, વ્યવહાર હો. .. એ તો જ્ઞાન કરાવવા વ્યવહાર છે. વ્યવહાર નિશ્ચયનો કર્તા છે? નિશ્ચયમાં વ્યવહાર નિમિત્ત છે, પણ વ્યવહાર નિશ્ચયનો કર્તા છે (નહિ). આહા..હા..! ગજબ વાત છે, જ્ઞાનચંદજી! બહુ ગડબ અત્યારે ચાલે છે. કર્મના વિકાર માટે તો બહુ ગડબડ. બસ, કર્મથી થાય. ઓલા કહે કે ઈશ્વર કર્તા છે. આ કહે, અમારા સંસાર વિકારનો કર્મ કર્તા છે. આહા..હા..! એ તો ચૈતન્યથી જડ ચડી ગયો. આહા..હા..!

કહે છે, જુઓ, **'પોતે અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામતો,...'** જુઓ, પોતાના વિકારી પરિણામ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિનો વિકારનો કર્તા પોતે અજ્ઞાની થઈને કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ સાહિત્ય તો આટલું બહાર પડ્યું છે. તો કહે છે, ફેંકી દો. અરે પ્રભુ! કોણ ફેંકે નાથ! પ્રભુ! આ શું કરકે છે?

**શ્રોતા :—** અહીંથી પ્રસિદ્ધ થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીંથી પ્રસિદ્ધ થયું, પણ છે કોનું? છે તો દિગંબર શાસ્ત્ર. અમૃતચંદ્રાચાર્ય, નેમિચંદ સિદ્ધાંતચક્રવર્તી, દ્રવ્યસંગ્રહ કર્તા, ઈષ્ટોપદેશ, સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા,

સમયસારના કર્તા કુંદકુંદાચાર્ય, ટીકા કર્તા અમૃતચંદ્રાચાર્ય અને નિયમસારના કર્તા કુંદકુંદાચાર્ય, ટીકા કર્તા પદ્મપ્રભમલધારી દિગંબર મુનિ સંત છે. અમારા મુખથી પરમાગમ ઝરે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હોય એમાં શું કરે? સત્ય તો આ છે. ન રુચે અને અનાદિનો ભ્રમમાં માને કે નિમિત્તથી થાય, આનાથી થાય, નિમિત્તથી થયુંને? પણ નિમિત્ત થયું એનો અર્થ શું? નિમિત્ત છે. એના લક્ષથી પોતાની પરિણતિ પરવશ થઈને ઉપાધિ કરે છે. સમજાણું કાંઈ? આ વાત બહુ સમજવા જેવી છે. નિશ્ચય-વ્યવહાર અને ઉપાદાન-નિમિત્ત બેયમાં ગડબડ છે અને ક્રમબદ્ધ—આ પાંચ બોલ છે અહીંના. ક્રમબદ્ધ. ક્રમસર થાય છે. તો કહે, નહિ. એકલું નિશ્ચય થઈ જાય છે. નિશ્ચય જ છે. સાંભળ તો ખરો.

જે સમયે જે પર્યાય થવાની છે એ ક્રમસર થાય છે. મોતીની માળામાં જ્યાં મોતીનો દાણો છે ત્યાં જ છે, એમ પર્યાયનો કાળ છે ત્યાં જ એ પર્યાય છે, આગળ-પાછળ થતી નથી. આહા..હા..! એ પાંચેય સમવાય એમાં છે. જે સમયે થવાની છે એવો નિર્ણય કરે એમાં કાળ આવી ગયો, ભવિતવ્ય આવી ગયું, સ્વભાવ આવી ગયો, પુરુષાર્થ આવી ગયો, નિમિત્તનો અભાવ આવી ગયો. એવી વાત છે, લાંબી વાત છે, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે ક્રમના નિર્ણય કરનારની જ્ઞાયકની દૃષ્ટિ હોય છે એ ક્રમનો નિર્ણય કરી શકે છે. કેમકે ક્રમબદ્ધ છે એ તો પર્યાયમાં છે. તો પર્યાયને આશ્રયે પર્યાયનો નિર્ણય નથી થતો, દ્રવ્યના આશ્રયે પર્યાયનું જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્જ્ઞાન થાય એ જ્ઞાન પર્યાયનું જ્ઞાન કરે છે. પણ પર્યાયના આશ્રયે પર્યાય તો અજ્ઞાન છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! પંડિતજી! આવી વાતું છે, ભાઈ! ભગવાનનો માર્ગ તો આ છે. ભલે સંપ્રદાય ન માને અને વિદ્વતા વિદ્વાનોમાં ખેંચાતાણ કરે. અરે..! એમાં ખેંચાતાણ નથી કરવાની. માર્ગ આ છે, પ્રભુ! શું કરે? આ વાત છે, ભાઈ! આહા..હા..!

જુઓ, પહેલા નિમિત્ત કહ્યું, સંયોગ કહ્યું, પણ અહીં કહ્યું કે સ્વયં ત્રણ પ્રકારનો વિકાર થઈને **'પોતે અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામતો,...'** જુઓ, આહા..હા..! એ વિકાર મિથ્યાદર્શન, અજ્ઞાન રાગનો કર્તા અજ્ઞાની પોતે થઈને કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્તના કર્તાપણાની અપેક્ષા એમાં છે નહિ. આહા..હા..! **'વિકારરૂપ પરિણમીને...'** ભાષા પાછી દેખો. **'જે જે ભાવને પોતાનો કરે છે...'** લ્યો! જે જે ભાવ મિથ્યાદર્શન, અજ્ઞાન અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો વિકલ્પ **'જે જે ભાવને પોતાનો કરે છે તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.'** ઉપયોગ કર્તા થાય છે. પર્યાયનો ઉપયોગ એ કર્તા થાય. ત્રિકાળ ઉપયોગ તો ભિન્ન છે, પણ પર્યાયનો જે ઉપયોગ છે, તે તે કાળે વિકારનો કર્તા તે ઉપયોગ છે, કર્મ નહિ. નિમિત્ત થતાં કર્તા નહિ. આહા..હા..! એ.. શેઠ! ક્યારે નિર્ણય કર્યો છે? હજી તો નિવૃત્તિ લેવામાં વાર લાગતી હતી. આહા..હા..!

અહીં તો કહે છે કે નિમિત્તથી પણ આત્મા તો નિવૃત્ત છે. આહા..હા..! સંયોગ એમ

કહ્યુંને? સંયોગ કહ્યુંને? સ્વભાવ નહિ. આહા..હા..! કર્મના નિમિત્તથી પણ આત્મા નિવૃત્ત છે. આહા..હા..! કર્મના નિમિત્તથી વિકારી પરિણામ થાય છે એમ છે નહિ. આહા..હા..! જુઓ ભાષા. છેલ્લી બહુ...

**'શુદ્ધ, નિરંજન...'** હોવા છતાં. શુદ્ધ નિરંજન હોવા છતા. સાંજન નહિ, **'શુદ્ધ નિરંજન, અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે એક પ્રકારનો છે...'** એ તો ત્રિકાળ. હવે વર્તમાન પર્યાયમાં શું થાય છે? **'અશુદ્ધ, સાંજન...'** એટલે મેલ. **'અનેકભાવપણાને પામતો થકો...'** અજ્ઞાની આત્મા વિકારની પર્યાય અનેક પ્રકારની મિથ્યાત્વ, અજ્ઞાન આદિ એને **'પામતો થકો...'** વિકારને પામતો થકો. આહા..હા..! સમજાણું કાંઈ? **'ત્રણ પ્રકારનો થઈને,...'** ઉપયોગ વર્તમાન છે એ મિથ્યાદર્શન, અજ્ઞાન ત્રણ પ્રકારનો થઈને **'પોતે અજ્ઞાની થયો થકો...'** આહા..હા..! **'કર્તાપણાને પામતો,...'** જ્ઞાની તો રાગનો કર્તા છે નહિ એમ બતાવવું છે. સમજાણું કાંઈ? નિમિત્તકર્તા તો છે નહિ, જ્ઞાની રાગનો નિમિત્તકર્તા તો છે નહિ, પણ જ્ઞાની રાગનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કર્મ જે નિમિત્ત છે એ પુણ્ય અને પાપ, વાસના, દયા, દાન, વિષય-વાસના, વેદનું કર્મ જે છે વેદ કર્મ જડ એ વાસનામાં નિમિત્ત છે, પણ વિષય-વાસનાનું એ નિમિત્ત વિષયવાસનાનો કર્તા નથી. આહા..હા..! વિષયવાસનાનું પરિણમન થઈને સ્વયં અજ્ઞાની કર્તા થાય છે. આહા..હા..! જ્ઞાનીને રાગ થાય છે એમ પણ અહીં તો કહેવું નથી. અહીં તો જ્ઞાની તો જ્ઞાતા છે. રાગ છે તો એનો કર્મ પણ કર્તા નથી અને આત્મા પણ કર્તા નથી. સમજાણું કાંઈ? થોડું ન સમજાય તો રાત્રે પૂછવું. આ શેઠ તો ચાલ્યા જાય છે. રાત્રે જવું છે? કેટલા વાગે? કાલે જવું છે. ઠીક, આજે તો છે હજી. કહો, સમજાણું કાંઈ? પ્રશ્ન તો એ કરે છેને રાત્રે, ઠીક કરે છે. આહા..હા..!

ભગવાનની દિવ્યધ્વનિ તો આમ કહે છે. સમયસાર, પ્રવચનસાર દિવ્યધ્વનિનો સાર એ તો આ કહે છે. હવે દુનિયા અલ્પજ્ઞ પ્રાણી પોતાની કલ્પનાથી અર્થ કરે એ કંઈ ન ચાલે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્માએ કહેલો, ગણધરો ચાર જ્ઞાનના ધણી, ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરનારે આ સ્વીકાર્યું છે. એ વાણીમાં થોડો પણ ફેરફાર થઈ જાય તો મોટું મિથ્યાત્વ લાગશે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓહો..હો..! કેટલો ખુલાસો કર્યો છે! એક સ્ફટિકનું દૃષ્ટાંત આપ્યું ત્યાં પણ સ્વતંત્ર કાળી, લાલ પર્યાય થઈ છે. એ કંઈ પરથી (નથી થઈ). પરથી થાય તો અગ્નિથી લોઢું આખું ગરમ થાય છે. લાકડીમાં નથી થતું, જો પરથી થતું હોય તો. પોતાની યોગ્યતાથી થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સિદ્ધાંત જ આ છે. આહા..હા..! ઘણી વખત અમે દૃષ્ટાંત આપીએ છીએ લોઢાનો અને લાકડીનો. જો અગ્નિથી થાય તો લોઢામાં તો ચાર તસુ સુધી ચાલી જાય ચાર હાથ અને દિવાસળીમાં તો ત્રણ તસુની લાકડી હોય. આ બાજુ ગરમ બિલકુલ નહિ. સાવ ઠંડી હોય.

જો ગરમ થઈ જાય તો પડી જાય. દિવાસળી. ઈ એની પોતાની યોગ્યતા છે એમ ઊનું થવાની. લોઢામાં પોતાની યોગ્યતા છે ઊનું થવાની, અગ્નિથી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઉષ્ણનો કર્તા અગ્નિ નહિ. અગ્નિના નિમિત્તે પાણી ગરમ થયું તો અગ્નિ નિમિત્ત છે, પણ ગરમ થવામાં અગ્નિ નિમિત્તકર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

સ્ત્રીનું સુંદર રૂપ જોઈને વાસના થઈ તો એ નિમિત્ત છે, પણ એણે વાસના કરી એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વાસનાનો કર્તા તો તારા પરિણામ સ્વતંત્ર છે. આહા..હા..! આ મોટી ગડબડ છે જૈનમાં. ત્રણે સંપ્રદાયમાં—સ્થાનકવાસી, શ્વેતાંબર. શ્વેતાંબર તો ત્યાં સુધી કહે છે રામવિજય. આપણે એક આવે છે. જેઠાલાલભાઈ, ખેડાના. જેઠાલાલ નહિ? પાઘડી લાલ (પહેરીને) આવે છે. એના પાકા શિષ્ય હતા. અહીંનું વાંચન મળ્યું. વાંચન કરતાં-કરતાં. પહેલા તો અહીં આવ્યા તો ન બેઠું. આ તો મોટી મોટી વાતું ભરતની વાત કરે.. ફલાણું કરે છે. પછી વાંચન કરતાં... કરતાં... કરતાં... ઓહો..! આ વાત તો કાંઈક જુદી જ લાગે છે. પાકા ભગત હતા રામવિજયના. પછી પચાસ પ્રશ્ન કાઢ્યા એણે. પચાસ પ્રશ્ન કાઢ્યા. વિકારના, કર્તા-કર્મના, નિમિત્તના. કોઈએ જવાબ ન આપ્યો. એક જણે જવાબ આપ્યો ગડબડ કરીને ખોટા. પછી રામવિજયજી સાથે ચર્ચા કરવાનું થયું. રામવિજય કહે, ચર્ચા કરીએ આપણે. એના ગુરુ હતાને પહેલાં.

પહેલી એ શું કહેવાય? પહેલી શરત. પહેલી એ શરત. એના માટે જે શબ્દ હોય એ બરાબર લાગે ઈ. પહેલી શરત ઈ.. રામવિજય કહે, કર્મથી વિકાર થાય છે જો પહેલી શરત (માન્ય) હોય તો ચર્ચા કરીએ. ક્યાં ચર્ચા (કરવાની) રહી? કર્મથી વિકાર થાય છે, કર્મથી રખડે છે. રામવિજય મોટા નહિ? ચર્ચા થઈ ગઈ. ઓલામાં થઈને આપણે લીંબડીમાં. જુઓ, ચશ્માથી દેખાય, ચશ્મા વિના ન દેખાય. ચર્ચા થઈ ગઈ કીધું. અરે ભગવાન! સત્ય છે એ સત્યનો પણ તને સ્વીકાર નથી. પ્રભુ! તારે ક્યાં જાવું છે, ભાઈ? દુનિયા માનશે, દુનિયા પ્રશંસા કરશે. આહા..હા..! આ તો બેય માનનારા છે. એક જ માનનારા ઉપાદાનથી થાય છે. આ તો ઉપાદાન-નિમિત્તથી બેય માનનારા (છે). આહા..હા..! સમજાણું કાંઈ? દુનિયા પ્રશંસા કરશે. દુનિયાને અક્કલ ક્યાં છે? એટલી નવરાશ પણ ક્યાં છે? આહા..હા..! શુકલચંદજી! આહા..હા..! અરે..! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર.. ધન્નાલાલજી! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ, ભાઈ! ત્યાં કલ્પના કામ ન કરે. વસ્તુની સ્થિતિ કામ કરે. આહા..હા..!

જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાનમાં ઓછપ થાય છે, એ વાત ખોટી છે. જ્ઞાનાવરણીય તો નિમિત્ત છે. જ્ઞાનની ઓછપ થાય છે એ તો પોતાથી થાય છે. આહા..હા..! આ કહ્યુંને, પોતે અજ્ઞાનપણે. એમ પોતે અજ્ઞાનપણે (પરિણમે છે). ભાવઘાતિ તો પોતાની પર્યાય છે, દ્રવ્યઘાતિ નિમિત્ત છે. દ્રવ્યઘાતિ શું અહીંનો કર્તા છે? આહા..હા..! 'ઘાતિકર્મ' એમ બોલવામાં આવે છે કે નહિ? ઘાતિકર્મ. શું છે ઘાતિકર્મ? એ તો નિમિત્તનું કથન છે. જડ ઘાતિકર્મ

આત્માની પર્યાયનો ઘાત કરે છે? પણ ભાવઘાતિકર્મ પોતાની પરિણતિ હીણી કરે છે તો દ્રવ્યઘાતિને નિમિત્ત કહેવામાં આવે છે, પણ દ્રવ્ય નિમિત્ત છે એ ભાવઘાતિનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! ભગવાનના ઘરની આ વાત છે.

જુઓ, શું કહ્યું? '**પોતે અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામતો, વિકારરૂપ પરિણમીને જે જે ભાવને પોતાનો કરે છે...**' તે તે સમયે. એમ. જે જે સમયે જે જે ભાવનો કર્તા થાય છે '**તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.**' આહા..હા..!

'**ભાવાર્થ :- પહેલાં કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા છે.**' ભાષા જુઓ, '**જે પરિણમે તે કર્તા છે.**' તો વિકારનું પરિણમન થાય છે એ નિમિત્તમાં થાય છે કે પોતામાં થાય છે? આહા..હા..! જે પરિણમે તે કર્તા. તો વિકારરૂપી પરિણમન તો આત્માથી છે, એ કર્તા છે. આહા..હા..! નિમિત્તકર્તા છે નહિ. જ્ઞાનાવરણી કર્મ શું કરે? પદ્રવ્ય છે એ આત્માની પર્યાયને અડતું પણ નથી. આહા..હા..! કર્મનો ઉદય અને આત્માની પર્યાય બે વચ્ચે તો અત્યંત અભાવ છે. આહા..હા..!

**શ્રોતા :—** અશાતાના ઉદયથી થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અશાતાના ઉદયથી થતું નથી. એ તો નિમિત્તનું કથન છે.

શ્રોતા :— પગમાં દુઃખાવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પગમાં દુઃખાવો-બુખાવો છે નહિ. એ તો પર્યાય થવાની લાયકાતથી થયું છે. નિરોગતાની અપેક્ષાએ દર્દ કહે. દર્દ શું પણ? એ તો જડની પર્યાય છે એ સમયે થવાવાળી. નિજક્ષણમાં. તે જ ક્ષણે તે જ પર્યાય ઉત્પન્ન થવાના કાળે ઉત્પન્ન થઈ છે, કર્મથી પણ નહિ. કર્મ તો નિમિત્ત છે. નિમિત્ત લાવ્યું છે ત્યાં? આ પૈસા મળે છે એ શાતા વેદનીયના ઉદયથી મળે છે. શાતાવેદનીયનો ઉદય તો નિમિત્ત છે. પૈસા તો પોતાથી આવે છે, પોતાના ઉપાદાનથી આવે છે, પણ એને નિમિત્ત કહેવામાં આવે છે, પણ એ નિમિત્ત પૈસાને લાવવાનો કર્તા નથી. આહા..હા..! એય કનૈયાલાલજી! ભગવાન! માર્ગ તો આવો છે, હોં! અરે..! ભલે હાસ્ય કરે, કોઈ મશ્કરી કરે. કરે ભાઈ, શું થાય? આહા..હા..!

'**પહેલાં કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા છે.**' જુઓ, તો વિકારપણે પરિણમે છે કોણ? ઉપયોગ પરિણમે છે કે જડ પરિણમે છે? આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના ઉપયોગનું પરિણમન રાગ-દ્વેષ, મિથ્યાત્વ આદિથી અજ્ઞાની કર્તા થાય છે. '**અહીં અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો તેથી જે ભાવરૂપ તે પરિણમ્યો તે ભાવનો તેને કર્તા કહ્યો. આ રીતે ઉપયોગને કર્તા જાણવો.**' અહીં તો ત્રિકાળી ઉપયોગ કહ્યોને? ખરેખર તો વર્તમાન પર્યાય કર્તા છે.

'**જોકે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી આત્મા કર્તા છે નહિ,...**' રાગનો શુદ્ધદ્રવ્યાર્થિકનયથી તો કર્તા છે નહિ. સમજાણું કાંઈ? નિમિત્તકર્તા તો નથી, પણ નિશ્ચયદૃષ્ટિથી—દ્રવ્યદૃષ્ટિથી રાગનો

કર્તા આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ? દ્રવ્યસ્વભાવ રાગને ક્યાંથી કરે? એમ દ્રવ્યસ્વભાવને જાણનાર સમ્યગ્દૃષ્ટિ રાગનો કર્તા કેમ થાય? આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત! **'આ રીતે ઉપયોગને કર્તા જાણવો. જોકે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી આત્મા કર્તા છે નહિ, તોપણ ઉપયોગ અને આત્મા એક વસ્તુ હોવાથી...'** પરિણતિ છેને એની? અશુદ્ધદ્રવ્યાર્થિકનયથી. અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહો, અશુદ્ધનિશ્ચયનય કહો કે વ્યવહારનય કહો **'આત્માને પણ કર્તા કહેવામાં આવે છે.'** વિશેષ કહેવાશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૫, રવિવાર, તા. ૧૫-૮-૧૯૭૬,**
**ગાથા-૯૧,**
**પ્રવચન નં. ૧૫૬ A**

નિમિત્ત થાય છે. જે નિમિત્તને નિમિત્ત સંબંધે સ્પષ્ટ કરે છે. ગાથા.

जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स भावस्स।
कम्मत्तं परिणमदे तम्हि सयं पोग्गलं दव्वं।।९१।।

જે ભાવ જીવ કરે અરે! જીવ તેહનો કર્તા બને;
કર્તા થતાં, પુદ્‌ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.

ટીકા. જુઓ, નિમિત્ત-નૈમિત્તિકના સંબંધને નિમિત્તકર્તા કહે છે. કર્મનો ઉદય છે તો આત્મામાં વિકાર થાય છે. નિમિત્ત...

**'આત્મા પોતે જ તે પ્રકારે (તે-રૂપે) પરિણમવાથી જે ભાવને ખરેખર કરે છે...'** કર્મનું નિમિત્ત છે માટે વિકાર થાય એમ નથી. સમજાણું કાંઈ? **'આત્મા પોતે જ...'** પોતે જ **'(તે-રૂપે) પરિણમવાથી...'** મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર અવ્રતભાવ તે પોતે જ તે-રૂપે પરિણમાવાથી. કર્મનો ઉદય છે માટે પરિણમ્યો એમ નથી. ઘણી ગબડબડ છે અત્યારે. સમજાણું કાંઈ? **'જે ભાવને ખરેખર કરે છે...'** જુઓ, આહા..હા..! જે મિથ્યાશ્રદ્ધા, પુણ્ય અને ધર્મ છે, વ્યવહારથી નિશ્ચય થાય છે, નિમિત્તથી પરનો કર્તા થાય છે એવી જે મિથ્યા શ્રદ્ધા, એ મિથ્યાશ્રદ્ધારૂપ આત્મા પોતે જ પરિણમે છે, કર્મ એને પરિણમાવે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? કેટલી સ્પષ્ટતા છે! **'પોતે જ...'** આહા..હા..! **'(તે-રૂપે) પરિણમવાથી જે ભાવને ખરેખર કરે છે...'** ભગવાન આત્મા પોતાની ચીજને

ભૂલીને જે મિથ્યાભાવ અને રાગ-દ્વેષને કરે છે. દયા, દાન, વ્રત, ભાવના પરિણામનો કર્તા થાય છે એ અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સાધકની (અર્થાત્ મંત્ર સાધનારની) જેમ; તે (આત્માનો ભાવ)...**' શું કહે છે? મંત્ર સાધનાર છે તે પોતાનો મંત્ર સાધે છે, મંત્રનો કર્તા થાય છે, મંત્રથી બીજામાં કાંઈ થાય એનો કર્તા થતો નથી. એ દૃષ્ટાંત બહુ સરસ કર્યું છે. .. '**(આત્માનો ભાવ) નિમિત્તભૂત થતાં, પુદ્ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ (પોતાની મેળે જ) પરિણમે છે.**' આહા..હા..! જ્યારે આત્મા પોતાની મેળે મિથ્યાત્વ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવરૂપે પરિણમન થઈને કર્તા થાય એ સ્વયમેવ પોતાથી થાય છે. વિકારનો ભાવ કર્તા, વિકાર પોતાનું કાર્ય, વિકારભાવ પોતાનું સાધન, વિકારભાવ જ પોતાનું સાધન છે, નિમિત્ત-બિમિત્તથી થાય એ વાત છે નહિ. આમાં તો એ મોટી તકરાર છે. કર્મથી થાય છે.. કર્મથી થાય છે... ભાઈ! જુઓ, ચાર ગતિમાં રખડે છે કર્મથી. અરે! કર્મ શું કરે? કર્મ તો બિચારા જડ છે અને એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય શું પોતાની પરિણતિમાં હેરાન કરે છે? સમજાણું કાંઈ?

કહે છે કે જ્યારે આત્મા પોતાની મિથ્યાશ્રદ્ધા, આત્માના આનંદનો અનુભવ જ્યાં નથી ત્યાં રાગનો કર્તા અને મિથ્યાત્વનો કર્તા એ થાય જ છે. સમજાણું કાંઈ? જ્યાં પોતાનો જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ એવું દૃષ્ટિ અને અનુભવમાં નથી આવ્યું, ત્યાં સુધી તો એ રાગ અને મિથ્યાત્વ અને વિકારનો કર્તા અજ્ઞાની સ્વયમેવ પોતાથી થાય છે. સમજાણું કાંઈ? તે કાળે '**નિમિત્તભૂત થતાં,...**' ભાષા જુઓ, આત્માનો રાગ-દ્વેષ, મિથ્યાત્વભાવ, કર્મ નવા બંધાય છે એમાં નિમિત્તભૂત થતાં, નિમિત્તભૂત થતાં પરિણમનનો એ કર્તા નથી. જડની પર્યાય જડથી થાય છે, આત્માનો વિકાર કરતો નથી. શેઠ! આ બધું નક્કી કરવું પડશે. એ વિના કલ્યાણ ક્યાંથી થશે? દાન-ફાન કરીને. સમજાણું કાંઈ?

'**નિમિત્તભૂત થતાં,...**' ભાષા જુઓ, ઓહોહો..! જીવનો પોતાનો અપરાધ મિથ્યા રાગ-દ્વેષનું પરિણમન કરે છે એ તો નવા કર્મમાં નિમિત્તમાત્ર છે. તો '**નિમિત્તભૂત થતાં, પુદ્ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ (પોતાની મેળે જ) પરિણમે છે.**' જ્ઞાનાવરણી આદિ કર્મની પર્યાય સ્વયમેવ પોતાથી વિકારરૂપે પરિણમે છે, ત્યાં રાગ-દ્વેષ કર્યો તો પુદ્ગલને પરિણમવું પડ્યું એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ મોટી ભૂલ છે. મોટી ભૂલ અંદરમાં છે. વ્રત, તપ આદિ શુભભાવ એ કર્તા થઈને પરિણમે છે, ત્યાં સુધી તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્માનો સ્વભાવ તો જ્ઞાતા-દૃષ્ટા છે. એ પરમાત્મપ્રકાશમાં આવ્યું છે. શુદ્ધ નિરંજર સદા આનંદરૂપ પરમાનંદરૂપ ભગવાન આત્મા તો છે. આહા..હા..! એની દૃષ્ટિનો વિષય છોડીને ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એની દૃષ્ટિનો વિષય તો પૂર્ણાનંદસ્વરૂપ છે. તો એ દૃષ્ટિને વિષયમાં ન લેતાં, દૃષ્ટિ પર્યાય ઉપર જાય છે તો રાગ અને પુણ્ય-પાપનો અને મિથ્યાત્વનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? ભેદજ્ઞાન નથી ત્યાં સુધી વિકારનો કર્તા

પોતે જ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ વિકારનો પોતે કર્તા હોવાથી નવા કર્મમાં નિમિત્ત હોવા છતાં, નવા કર્મ પોતાથી પરિણમે છે અને કર્મ થાય છે. રાગ થયો તો પરમાણુને કર્મરૂપે પરિણમવું પડ્યું એમ નથી. આહા..હા..! જુઓ તો ખરા સ્વતંત્રતા.

કર્મને શું ખબર પડે કે એટલો રાગ કર્યો, મિથ્યાત્વ કર્યું માટે મારે દર્શનમોહ કર્મરૂપે પરિણમવું પડે! ખબરની ક્યાં વાત છે? એ સ્વભાવ જ એવો છે. જે પરમાણુએ રાગ કર્યો અને ચારિત્રમોહપણે પરિણમનારા પરમાણુ છે, એ પરમાણુ ચારિત્રમોહપણે પરિણમશે પોતાને કારણે. ખબરની વાત નથી કે રાગ થયો માટે મારે પરિણમવું પડ્યું, મિથ્યાત્વ કર્યો તો દર્શનમોહપણે કર્મની પર્યાય થઈ. એમ નથી. એની ખબર પણ નથી. ફક્ત નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, કર્તા નથી. નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ અર્થ એ નથી કે નિમિત્ત થયું તો પરિણમન થયું. એ તો કર્તા થઈ ગયો. ઘણી સૂક્ષ્મ વાત છે. સમજાણું કાંઈ? અમારે તો ઘણા સાથે ચર્ચા થતી હતીને ૭૬ની સાલથી. આમ તો ૭૧ની સાલથી ઘણી ચર્ચા. ૭૬થી સ્પષ્ટ થાય છે. માર્ગ એમ નથી. વિકાર પોતાથી થાય છે. અને જ્યાં સુધી વિકારનો કર્તા થાય છે તો પુદ્ગલ કર્મ પોતાથી ત્યાં બંધે છે. આત્મા નિમિત્ત થયું માટે પુદ્ગલ પરિણમ્યું એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ!

**'પુદ્ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ (પોતાની મેળે જ) પરિણમે છે. આ વાત સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે :— જેમ સાધક તે પ્રકારના ધ્યાનભાવે પોતે જ પરિણમતો થકો...'** મંત્ર સાધે. છેને? પોતાના ભાવથી .. પરિણમે છે. સાધકભાવ જેને સાધવો છે એ પોતાના પરિણામથી સાધે છે. ધ્યાનનો કર્તા થાય છે. પોતાની પર્યાયનો કર્તા છે મંત્રવાળો. **'અને તે ધ્યાનભાવ સર્વ સાધ્યભાવોને અનુકૂળ હોવાથી...'** ભાષા જુઓ, ઓલામાં નિમિત્તભૂત હોવાથી હતું, અહીં અનુકૂળ હોવાથી. એનો એ શબ્દ ફેરવીને સ્પષ્ટ કર્યો છે. શું કહ્યું?

મંત્ર સાધ્યો મંત્રવાળાએ. .. કહ્યું. .. એને .. મંત્ર સાધનનારો પોતાના મંત્રની પર્યાયનો કર્તા છે, પણ એ ધુણવાની પર્યાયનો કર્તા આ નથી. નિમિત્ત કર્તા વિના પણ મંત્ર સાધકને અનુકૂળ એ ધૂણનારો મંત્રને અનુકૂળ છે, એટલું. અનુકૂળ નિમિત્ત છે. એ ધૂણે છે પોતાની પર્યાયથી ત્યાં ધૂણવામાં મંત્ર એનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? .. નિમિત્ત. .. કરે છેને? .. એ તો મંત્ર-બંત્ર.. ... પણ વાત એ છે કે હાથથી ફરે એ તો હાથ તો નિમિત્ત છે, એનાથી એમાં ફેરફાર નથી થયો. આહા..હા..! એના પરમાણુનો જથ્થો હતો. .. એની પર્યાયથી થયું છે, હાથથી નહિ. આહા..હા..! કેમ માને?

**શ્રોતા :-** એ વખતે નિશ્ચિત થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચિત થાય છે. જંગલ છેને? જંગલમાં મકાન છેને. જંગલમાં પહેલું બન્યું હતું. ૬ ને ૩૨ = ૩૮ વર્ષ થયા. પહેલું મકાન જંગલમાં એ બન્યું હતું સ્વાધ્યાય

મંદિર. ત્યારે વીંછી બહુ હતા. જંગલ હતુંને. મોટા-મોટા વીંછી નીકળતા હતા. વાડ બાંધતા હતા ત્યાં પણ ઝીણા-ઝીણા વીંછી નીકળતા. આ તો જંગલ છેને. જંગલમાં તો કોઈ આવતું નહોતું. જંગલ જતા હતા ત્યાં ...

**શ્રોતા :-** જંગલમાં મંગલ થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો આવવાની ચીજ છે તે આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે?

મંત્રને સાધનાર પોતાના મંત્રના ભાવનો કર્તા થઈને પરિણમે છે. એ મંત્રસાધક જે સામે ચીજ છે એમાં અનુકૂળ છે, પણ એ મંત્રસાધકથી ત્યાં પરમાં પરિણતિ થઈ એમ નથી. જુઓ, '**તે ધ્યાનભાવ સર્વ સાધ્યભાવોને અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, સાધક કર્તા થયા સિવાય...**' આહા..હા..! ભાષા તો જુઓ. સાધકના મંત્રનો કર્તા થયા સિવાય. કોનો? પરનો. મંત્રને કરે છે એ, પણ મંત્રને કરનાર પરની ક્રિયાનો કર્તા ન હોવા છતાં પરમાં પરિણમે છે. આ વાત કોણ? મોટી ગડબડ જૈનમાં. કર્મથી થાય છે. જ્ઞાનાવરણીય છે તો જ્ઞાનને રોકે છે, અંતરાયકર્મ છે તો ..ને રોકે છે, દર્શનમોહ છે તો મિથ્યાત્વને કરે છે, ચારિત્રમોહનો ઉદય જ્યાં સુધી હોય ત્યાં સુધી રાગ થાય છે. એય..! શેઠ! આ બધું શેઠે પણ એવું સાંભળ્યું હતું પણ ક્યાં એને ભાન હતું ત્યાં? જય નારાયણ... જય નારાયણ.. કરતાં હતા. એ .. આ તો મોટા શેઠને કહેવાયને. એમ કે આ સીધું ચાલતું હતું. ગડબડી કરી. વાત તો સાચી છે.

એક માણસ કહેતો હતો. અમે તો બરાબર ધર્મ કરતા હતા, જાત્રા કરતા હતા. તમે વચ્ચે લાકડા ખોસ્યા કે જાત્રા કરવી એ ભાવ ધર્મ નથી. એક આવ્યા હતા. ઈન્કમટેક્સવાળા. ઈન્કમટેક્સના હોયને? એના માલિક હતા. એ આવ્યા હતા. અહીં તો ઘણા આવતા હતા. આવ્યા હતા વીરમગામના. મહારાજ! અમે તો બરાબર ચાલતા હતા. ત્યાં વચ્ચે તમે લાકડી ખોસી. એ ધર્મ નહિ, જાત્રા કરવી એ ધર્મ નહિ, એ તો પુણ્ય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પુણ્યને જ ધર્મ માની લે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્યને જ ધર્મ માને છે. વાત તો એવી છે.

અહીં નિમિત્ત છે તો ત્યાં પરિણમે એમ માને છે. કર્મથી થાય છે, કર્મથી થાય છે, બધાની વાત એવી હતી. એ ભાઈ કહેતા હતાને દેવકીનંદન. દેવકીનંદને સાંભળ્યું ક્રમનિયમિતની વાત, સર્વવિશુદ્ધ અધિકાર. એના આત્માને સ્પર્શી. ક્રમનિમિત્ત. પ્રત્યેક પદાર્થમાં ક્રમસર જે સમયની જે પર્યાય પોતાથી થવાની છે તે થાય છે, પરથી નહિ, આગળ-પાછળ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** એ રહસ્ય તો આપે ખોલ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ભગવાને ખોલ્યું છે અહીંયાં. કુંદકુંદાચાર્યે ખુલાસો કર્યો. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે.

મંત્રને સાધનાર પોતાની પર્યાયનો કર્તા છે, પણ એની પર્યાયનો કર્તા પરમાં મંત્રથી કાંઈ થાય છે એનો કર્તા એ નથી. સ્ત્રી ધુણે, આમ થાય એ મંત્રસાધકની પર્યાય એનો કર્તા નથી, એ પર્યાય તો એનાથી થાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભૂતને કાઢે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કાઢતો હતો? તારું ભૂત છે એ કાઢને તારું. મિથ્યાત્વનું ભૂત છે એ કાઢ. ડીંગેડીંગ મારે.

**શ્રોતા :-** આપ કહો છો, મિથ્યાત્વનું ભૂત નીકળે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ વાત અંતરથી નીકળેલી ચીજ આ છે. ઓલા તો . સાધે .. વ્યંતરને. દેહની સ્થિતિ પૂરી કરે. વ્યંતર હોય કે ગમે તે દેવ હોય. .. ન હોય તો એની શક્તિ અંદરમાં આવી શકે નહિ. લોકો મૂઢ જીવ એની ... ...

**શ્રોતા :-** પદ્માવતી આવી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પદ્માવતી. આહા..હા..! ધૂળેધૂળ છે. પદ્માવતી આવી તે એણે આ કર્યું ને આ કર્યું... પદ્માવતીનું મંદિર બનાવે છેને ત્યાં? .. મોટું મંદિર બનાવ્યું નવું. પહેલા ગયા હતા ત્યારે મંદિર નહોતું. બીજીવાર ગયા ત્યારે મોટું મંદિર. ત્યાં વ્યાખ્યાન રાખ્યું મંદિરમાં. આ ભટ્ટારક બધા ભ્રમણા. દેવી કોણ? મોક્ષમાર્ગપ્રકાશમાં તો ઘણું લીધું છે. પદ્માવતી દેવીને માને મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એ કારણે વીશપંથીને મોક્ષમાર્ગ (પ્રકાશક) પસંદ નથી. આહા..હા..!

ભાઈ! આ તો ... છે. ત્રણલોકનો નાથ પણ પોતાની સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા નથી. આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા આત્મા સ્વયં સિદ્ધ પોતાથી છે. આહા..હા..! સ્વભાવ ઉપર દૃષ્ટિ દેતાં ભગવાન ત્રિલોકનાથ ચિદાનંદ પ્રભુ, સહજાત્મ સ્વરૂપ એના ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા આત્મા છે. જોકે સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા પર્યાય છે, પણ પર્યાય આત્માના સંબંધવાળી છે તો આત્મા કર્તા છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનની પર્યાયમાં વ્યવહારરત્નત્રય કર્તા કારણ છે એમ નથી, પણ વ્યવહારથી નિમિત્ત છે એ નિમિત્ત હોય, પણ એ કર્તા છે એ છે, તો સમ્યગ્દર્શન થાય છે તો કર્તા થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! મોટી ગડબડ અત્યારે. શાસ્ત્રમાં લખ્યું છે એ.. અત્યારે આવ્યું. જુઓ, વ્યવહારરત્નત્રય પરંપરા મોક્ષનું કારણ લખ્યું છે, પણ કોને? કઈ અપેક્ષાએ?

**શ્રોતા :-** વ્યવહાર હોય તો સમ્યગ્દર્શન થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે! વ્યવહાર તો સમ્યગ્દૃષ્ટિ પછી થાય છે. વ્યવહાર અજ્ઞાનીને કેવો? સમજાણું કાંઈ? અનુભવ સમ્યગ્દર્શનમાં થયો, આત્મા આનંદનો નાથ એનું વેદન થયું ત્યારે જે રાગ છે ત્યારે એને વ્યવહાર કહેવામાં આવે છે. અજ્ઞાનીને વ્યવહાર કેવો? એ તો વ્યવહારમૂઢ છે. ૪૧૩ ગાથામાં આવ્યું છે. વ્યવહારમૂઢ અનાદિરૂઢ નિશ્ચય અનારૂઢ એ ત્રણ

શબ્દ છે ૪૧૩. સમયસાર. સમયસાર છેને? ૪૧૩ જુઓ, '**ટીકા :- જેઓ ખરેખર હું શ્રમણ છું,...**' હું સાધુ છું. પંચમહાવ્રત ધારે છેને. ક્રિયા કરે છે હું સાધુ છું. અને '**હું શ્રમણોપાસક (-શ્રાવક) છું**' બાર પડિમા ધારણકરનારો. '**એમ દ્રવ્યયલિંગમાં મમકાર વડે...**' એ વિકલ્પ અને બહારની ક્રિયા તો દ્રવ્યલિંગ છે. આહા..હા..! એ '**વડે મિથ્યા અહંકાર કરે છે,...**' અમે શ્રાવક છીએ, પડિમાધારી છીએ. શું છે? હજી સમ્યગ્દર્શનના અનુભવ વિના રાગ ક્યાંથી થયો અને રાગને વ્યવહાર ક્યારે કહે છે? સમજાણું કાંઈ? ૪૧૩ છે શેઠ! ૪૧૩ ગાથા. ૪૧૩. સમયસાર છેને? અહીં નિશ્ચય કરવું પડશે તમારે બધા શેઠિયાઓને. ૪૧૩. છે? નીકળ્યું? હિન્દી ૫૬૩ પાનું છે. ૫૬૩.

'**ખરેખર હું શ્રમણ છું, હું શ્રમણોપાસક છું, એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે,...**' આહા..હા..! પડિમાનો વિકલ્પ છે અને દ્રવ્યલિંગ ધારણ કર્યું ક્ષુલ્લકનું કે મુનિપણાનું, મિથ્યા અંહકાર કરે છે. '**તેઓ અનાદિરૂઢ...**' જુઓ, ભાષા! '**(અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ વર્તતા થકા,...**' એવા રાગની મંદતાની ક્રિયા તો અનાદિથી થઈ છે, એ કોઈ નવી નથી. એકેન્દ્રિયમાં પણ વ્યવહાર-રાગની મંદતાનો શુભભાવ થાય છે. એકેન્દ્રિયમાં નિરંતર થાય છે. ક્ષણમાં શુભ... ક્ષણમાં અશુભ... ક્ષણમાં શુભ... એમ નિરંતર શુભ-અશુભ... શુભ-અશુભ.. તો નિગોદમાં ચાલે છે. વ્યવહારકાળે રાગની મંદતા કોઈ નવીન અપૂર્વ ચીજ નથી. એ કહે છે જુઓ.

'**હું શ્રમણોપાસક છું—એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ...**' વ્યવહાર એને નથી તો મૂઢ છે વ્યવહારમાં. રાગની ક્રિયા કરે છે 'હું શ્રમણ છું અને હું શ્રમણોપાસક છું' તો અનાદિરૂઢ મૂઢ છે. આહા..હા..! જુઓ, વ્યવહારમાં મોહી '**વર્તતા થકા, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચયપર અનારૂઢ વર્તતા થકા,...**' એ રાગની ક્રિયાથી ભિન્ન ભગવાન આનંદનો નાથ એવું ભેદજ્ઞાન નથી કરતો, નિશ્ચયમાં આરૂઢ થતો નથી. આહા..હા..! આત્મા તો સ્પષ્ટ છે. સમજાણું કાંઈ? .. એમ કહેતા હતા .. આહા..હા..!

'**વ્યવહારમાં મૂઢ વર્તતા થકા, પ્રૌઢ વિવેકવાળા...**' ભેદજ્ઞાન. એ રાગથી પણ ભેદ એવો હું નિશ્ચય અનાકુળ આનંદકંદ છું એવો નિશ્ચય પણ અનારૂઢ, વ્યવહારમાં આરૂઢ, મૂઢ, નિશ્ચયમાં અનારૂઢ અનાદિરૂઢ એ ભાવ છે. રાગની મંદતા એ કોઈ નવી ચીજ નથી, આહા..હા..! અનાદિથી એ તો કરતાં આવ્યા છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય સમ્યગ્દર્શન વિના એ તો અનંતવાર કર્યું છે. નિયમસારમાં છે, કથનમાત્ર જે છે વ્યવહારરત્નત્રય એ તો કથનમાત્ર, વ્યવહાર છે જ નહિ. એવો વ્યવહારરત્નત્રય કથનમાત્ર એ તો અનંતવાર ગયો. આહા..હા..! એ કોઈ ચીજ નથી. એનાથી ભિન્ન પડીને. છે? '**પ્રૌઢ વિવેકવાળા...**' ઘણું ભેદજ્ઞાન. રાગથી ભિન્ન મારી ચીજ આનંદનો નાથ છે, એવી દૃષ્ટિ વિના અને નિશ્ચયમાં અનારૂઢ વિના, આરૂઢ

વ્યવહાર એમાં માને છે, એમ કહે છે.

'**અનારૂઢ વર્તતા થકા, પરમાર્થસત્ય...**' આહા..હા..! રાગથી ભિન્ન ભગવાન આનંદનો નાથ નિર્વિકલ્પ આનંદસ્વરૂપ સહજાનંદ પરમાત્મા, એમાં '**(-જે પરમાર્થે સત્યાર્થ છે એવા) ભગવાન સમયસારને દેખતા-અનુભવતા નથી.**' આહા..હા..! રાગની મંદક્રિયાની પ્રતિમાની, વ્યવહારની .. બોલવાની, પંચમહાવ્રતાદિ વિકલ્પ એ તો વ્યવહાર છે અને જેને એનાથી ભિન્ન થઈને સમ્યગ્દર્શન નથી એ તો વ્યવહારમૂઢ છે. જ્યારે સમ્યગ્દર્શન થાય છે, ત્યારે વ્યવહારનો જ્ઞાતા થાય છે. ત્યારે મૂઢ નથી, જ્ઞાતા થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે..! પરમાત્માના વિરહ. બધી ગડબડ ઊભી થઈ. ભગવાનનો અહીં અવતાર નહિ. ભગવાન રહ્યા ત્યાં મહાવિદેહમાં. સાક્ષાત્ બિરાજે છે. ત્યાં રહ્યા. અહીંયાં .. મહાવીર આદિ ૨૫૦૦ વર્ષ પહેલાં મોક્ષ પધાર્યા. સાક્ષાત્ બિરાજે છે એ તો મહાવિદેહમાં છે. ભરતમાં તો વિરહ પડ્યા અને આ બધી ગડબડ ઊભી થઈ. વ્યવહારથી થાય છે. વ્યવહારથી. પરંપરા થાય એમ કહો, પણ કોને પરંપરા? જેને રાગથી ભિન્ન સમ્યગ્દર્શનનો અનુભવ થયો હોય એ કારણે મુનિ આદિ ચારિત્રદશા થઈ એના રાગમાં શુભમાં અશુભ હજી ટળ્યું છે અને પછી શુભ ટાળશે એ અપેક્ષાએ પરંપરા વ્યવહારનયથી કહેવામાં આવે છે. એ તો વ્યવહારનયનું કથન છે. ત્યાં નિશ્ચયમાં લગાવે. આહા..હા..! સમજાણું કાંઈ? અને તે પણ સમ્યગ્દર્શન વિનાનો વ્યવહાર અમને પરંપરા મોક્ષનું કારણ થાય છે, એમ કહે છે. એય..!

ભગવાન! એ તો વ્યવહાર પરંપરા નિશ્ચય અનુભવ છે. નિર્વિકલ્પ આનંદનો અનુભવ છે. આહા..હા..! એવું સમ્યગ્દષ્ટિને, એવા પંચમગુણસ્થાનવાળાને, એવા છઠ્ઠા ગુણસ્થાનવાળાને. જેને આત્મજ્ઞાનની પ્રગટદશા અનુભવમાં આવી છે, એના શુભભાવને અત્યારે શુભને કાળે અશુભ ગયું. કોને? અજ્ઞાનીને તો શુભભાવમાં અશુભ ગયું નહિ અને મિથ્યાત્વ પડ્યું ત્યાં જાય ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગમાં કહ્યું, ભાઈ! શુભમાં અશુભ ટળે છે એટલું તો તમે કહો? કોને કહે? મિથ્યાદષ્ટિને અશુભ ટળ્યું છે ક્યાં? સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ પ્રકાશ છેને? હા, તત્ત્વજ્ઞાનથી જે કહે તો શુભમાં અશુભ ટળે એ વાત બરાબર છે. એવું લખ્યું છે એમાં. તત્ત્વજ્ઞાન સમ્યગ્દર્શન થયું હોય. આહા..હા..! નિર્વિકલ્પ આનંદનો અનુભવ થયો એ નિશ્ચયસમ્યગ્દર્શન છે. આહા..હા..! કેમકે અતીન્દ્રિય આનંદમય પ્રભુ છે. તો એમાં એકાગ્ર થાય છે તો અનંતગુણની શક્તિ છે તેની વ્યક્તતા અંશે બધી થઈ જાય છે. ચોથા ગુણસ્થાનમાં અનંતગુણ જેટલી સંખ્યામાં છે બધાનો એક અંશ વ્યક્ત પર્યાય અનુભવાય છે એને સમ્યગ્દર્શન કહે છે. સર્વગુણાંશ તે સમકિત. એની તો ખબર ન મળે. આ કર્યા ને આ કર્યા ને આ લીધા ને દીધા. આહા..હા..! સમજાણું કાંઈ? આ પાંચ પડિમા લીધી ને સાત પડિમા લીધી. પડિમા ક્યાંથી આવી? ક્યાંથી આવે? હતાને એક .. .. થાય. સાત પડિમાવાળા. કુરાવલી ગામના.. ગયા છેને કુરાવલી. એ એમ

કહતા હતા. .. સાત પછી પડિમા લીધી. મારી પાસે પડિમા આવી નહિ. તમે આપી પડિમા સાત પણ મારી પાસે આવી નથી.

પડિમા તો ક્યારે આવે? આહા..હા..! નિશ્ચયસમ્યગ્દર્શન આનંદનું વેદન થાય ત્યારે પડિમાનો વિકલ્પ એને ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? એ પણ પંચમગુણસ્થાનમાં આનંદની ધારા વિશેષ વધી હોય, એના વિકલ્પમાં પડિમા એને વ્યવહારપડિમા કહેવાય છે. ચોથે ગુણસ્થાને જે આનંદ છે એને પંચમગુણસ્થાનમાં અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ થાય છે, એ કારણે જે વિકલ્પ આવ્યો પડિમા આદિનો એને વ્યવહાર કહેવામાં આવે છે. એ વ્યવહારને અહીંયાં પરંપરા મોક્ષનું કારણ આરૂઢથી, વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. હજી તો રાગની ક્રિયા મારી છે અને મિથ્યાદૃષ્ટિ ત્યાં તારો વ્યવહાર કેવો? એ તો અહીંયાં કહે છે.

'**(-જે પરમાર્થે સત્યાર્થ છે એવા) ભગવાન સમયસારને...**' રાગથી ભિન્ન આનંદનો નાથ સમયસાર ભગવાન સમયસાર છે. છે? '**દેખતા-અનુભવતા નથી.**' આહા..હા..! '**અનાદિ કાળનો પરદ્રવ્યના સંયોગથી થયેલો જે વ્યવહાર...**' જુઓ, '**અનાદિ કાળનો...**' ભાવાર્થમાં છે. '**અનાદિ કાળથી પરદ્રવ્યના સંયોગથી થયેલો જે વ્યવહાર તેમાં જ જે પરુષો મૂઢ અર્થાત્ મોહિત છે, તેઓ એમ માને છે કે આ બાહ્ય મહાવ્રતાદિરૂપ ભેખ છે તે જ અમને મોક્ષ પ્રાપ્ત કરાવશે.**' મહાવ્રતના પરિણામ અને નગ્નપણું, .. પડિમા કે.. છે? '**પરંતુ જેનાથી ભેદજ્ઞાન થાય છે એવા નિશ્ચયને તેઓ જાણતા નથી.**' રાગના વિકલ્પથી ભિન્ન ભગવાન આનંદનો કંદ પ્રભુ નિષ્ક્રિય રાગની ક્રિયા વિના. અરે..! એક સમયની પર્યાય વિનાનો. આહા..હા..! પર્યાય તો દૃષ્ટિ કરે છે. દૃષ્ટિ પર્યાય છે એ દ્રવ્યમાં નથી. પર્યાયમાં દ્રવ્ય નથી, દ્રવ્યમાં પર્યાય નથી. દૃષ્ટિ પર્યાય છે, તો દૃષ્ટિ દ્રવ્યને વિષય કરે છે. આનંદના કંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ, આહા..હા..! સમજાણું કાંઈ?

અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે ત્યારે એને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે, ચોથે ગુણસ્થાને હોં. કેટલાક વળી એમ કહે કે ચોથે ગુણસ્થાને વ્યવહારસમકિતી અને સાતમે-આઠમે નિશ્ચયવીતરાગ સમકિત. સમકિત સરાગ-વીતરાગ બે ભેદ છે જ નહિ. એ તો સરાગ તો ચારિત્રના દોષના સંબંધવાળા સમકિતને સરાગ કહે છે, સમકિત સરાગ નથી. આહા..હા..! ક્યાં ખબર પણ ન મળે કાંઈ. સમજાણું કાંઈ?

અહીં કહ્યુંને? '**આ બાહ્ય મહાવ્રતાદિરૂપ ભેખ છે તે જ અમને મોક્ષ પ્રાપ્ત કરાવશે, પરંતુ જેનાથી ભેદજ્ઞાન થાય છે એવા નિશ્ચયને તેઓ જાણતા નથી. એવા પુરુષો સત્યાર્થ, પરમાત્મરૂપ, શુદ્ધજ્ઞાનમય સમયસારને દેખતા નથી.**' અનુભવતા નથી. ઝીણી વાત, બાપુ! ભગવાન .. વીતરાગ... આહા..હા..! શાંતિસાગર. જાણો છો આપ?

**શ્રોતા :-** બહુ વૈરાગી હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વૈરાગી હતા. નગ્ન દિગંબર થઈ ગયા. ... .. .. ક્યાંથી આવ્યું?

સમજાણું કાંઈ? આહા..હા..!

અરે! ભાઈ! હજી ચારિત્ર તો ક્યાં રહ્યું! હજી સમ્યગ્દર્શન કોને કહીએ એની ખબર નથી. આહા..હા..! પોતાનો ભગવાન ત્રિલોકનાથના વિકલ્પથી ભિન્ન થઈને નિર્વિકલ્પ આનંદનું વેદન અને અનુભવ થાય. આહા..હા..! ત્યારે તેને સાચું નિશ્ચયસમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એવા જીવને રાગ આવે છે, એને વ્યવહાર કહે છે. શુભરાગ હોં. અશુભરાગ નિશ્ચય.. ભાઈ સમ્યગ્દષ્ટિ છે, શુભરાગ છે .. એને વ્યવહાર કહીએ. પણ અશુભ વખતે શું કહેવું? વિષયની વાસના .. થાય છે. સમજાણું કાંઈ? એને વ્યવહાર કહીએ? કહે ના. સમજાણું કાંઈ? જ્યારે વ્યવહાર થાય છે ત્યારે નિશ્ચય સળંગ છે એમ કહેવાય છે. પણ નિશ્ચય છે ત્યાં વ્યવહાર સળંગ છે એમ નથી. શું કહ્યું? અશુભભાવ તેને વ્યવહાર.. સમકિતીને રૌદ્રધ્યાન પણ હોય છે, આર્તધ્યાન પણ હોય છે. છે સમકિત. અનુભવ છે, આનંદનું ભાન છે. નબળાઈને કારણે .. રૌદ્રધ્યાન પંચમગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન હોય, છઠ્ઠે ગુણસ્થાને આર્તધ્યાન હોય, ત્યાં રૌદ્ર ધ્યાન નહિ. તો રૌદ્રધ્યાન થવાને કાળે શુભ તો નથી. નિશ્ચય છે. વ્યવહાર નથી ત્યાં. બહુ વર્ષ પહેલાં પ્રશ્ન કર્યો હતો અમે. ભગવાન પાસે બેઠા હતા. ... શું કહેવું? એવું આવ્યું હતું. સમજાણું કાંઈ? .. શુભભાવ હોય ત્યાં તો નિશ્ચયસમકિત સળંગ હોય તો શુભભાવને વ્યવહાર કહેવામાં આવે છે, પણ એકલો અશુભભાવ છે તો વ્યવહાર નથી... એકલો વ્યવહાર.. તો મૂઢ છે. આહા..હા..!

માટે .. છે. માટે ચારિત્ર એટલે સમ્યગ્દર્શન વિના વ્રત લીધા એ ચારિત્ર થઈ ગયા? ... ચારિત્ર મુનિપણામાં હોય કે મનુષ્યપણામાં હોય માટે લઈ લ્યો ચારિત્ર. ક્યું ચારિત્ર? પાંચ મહાવ્રતના પણ ઠેકાણા નથી અત્યારે તો. આહા..હા..! એના માટે બનાવેલું ભોજન લે છે અને નિંદ્રા પણ ચાર-ચાર, આઠ-આઠ કલાક કરે છે. સાચા મુનિને તો એક પોણી સેકન્ડની નિંદ્રા હોય છે. અરે..! ભાઈ! તને ખબર નથી.

**શ્રોતા :-** ચોથા કાળમાં થાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોથા કાળમાં શીરો થાય છે તો ઘી, લોટ અને સાકર. પાંચમા આરામાં બીજી રીતે થાય છે? ઘીને ઠેકાણે પેશાબ નાખે છે એમાં અને સાકરને ઠેકાણે ગારો. ગારાને શું કહે છે? કાદવ. શેઠ! એમ છે? એ ત્રણ ચીજ તો એમ જ હોવી જોઈએ. લોટ, સાકર અને ઘી, એમ ત્રણ ચીજ દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ચોથે આરે એમ પંચમઆરો છે. નહિ, નહિ, કોઈ ફેર નથી. ચારિત્રની પર્યાયમાં ... નહિ.

**શ્રોતા :—** દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા એ જ સમ્યગ્દર્શન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ, સમ્યગ્દર્શન ક્યાંથી લાવે? એ તો અનંતવાર.. પંડિતજી કહે છે એમ માને છે. એવી વિવિક્ષાથી માને તો અનંતવાર કર્યું. એ તો અભવિએ પણ કર્યું. એમાં નવમી ગ્રૈવેયકે .. જાય છે? બહુ કઠણ, ભાઈ! વસ્તુ અલૌકિક વાત છે. એના

પક્ષમાં આવવું એ પણ અલૌકિક છે. આહા..હા..! વસ્તુ આ છે. આહા..હા..!

નિર્મળાનંદનો નાથ પ્રભુ, અંદર અનુભવમાં આવવાથી સમ્યગ્દર્શન થાય છે અને શુભરાગની ક્રિયા જે થાય છે એ તો વ્યવહાર છે. તો એ વ્યવહારમાં મૂઢ છે એ નિશ્ચયસમયસારને પામતા નથી. એમ કહ્યું ૪૧૩માં. ત્રણ બોલ તો લીધા. અનાદિરૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ. આહા..હા..! વ્યવહારમાં આરૂઢ છે એ નિશ્ચય અનારૂઢ છે અને વ્યવહારમાં મૂઢ છે એ. આહા..હા..! જ્ઞાની નિશ્ચયમાં આરૂઢ છે, વ્યવહારમાં મૂઢ નથી. વ્યવહારના તે જ્ઞાતા-દૃષ્ટા, જાણનાર છે. આહા..હા..!

૧૨મી ગાથામાં કહ્યુંને તે કાળે તે જાણવાલાયક છે. વિષય છેને. વ્યવહારનયનો વિષય નથી? વસ્તુ છે. રાગની મંદતા શ્રદ્ધા અપૂર્ણ એ વ્યવહાર પક્ષ છે, વિષય છે પણ વ્યવહાર નિશ્ચયનું સાધન છે એમ નથી. સમજાણું કાંઈ? અને જ્યાં સાધન કહ્યું હોય તે ઉપચારનયથી.. મોક્ષમાર્ગમાં કહ્યુંને, કે સમ્યગ્દર્શન નિશ્ચય જ્યાં છે તો વ્યવહાર શ્રદ્ધાને.. એ તો વ્યવહાર શ્રદ્ધાનો રાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો રાગ છે. રાગને સમકિત કહેવું એ ઉપચારથી કથન છે, યથાર્થ છે નહિ, અયથાર્થ છે. આહા..હા..! એમ જ્યાં જ્યાં નિશ્ચય કારણ છે ત્યાં ત્યાં વ્યવહારને કારણ કહ્યું એ ઉપચારથી કથન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગમાં લખ્યું છે ત્યાં સ્પષ્ટ. સર્વસ્વ નિશ્ચય-વ્યવહારનું આ લક્ષણ છે, એમ લખ્યું છે. ૨૫૩ પાનું છે. સર્વત્ર નિશ્ચય-વ્યવહારનું આ લક્ષણ છે. સાચું નિરૂપણ એ નિશ્ચય, ઉપચાર નિરૂપણ એ વ્યવહાર. બહુ સ્પષ્ટ કર્યું છે. ટોડરમલે તો.. ગૃહસ્થાશ્રમમાં હતા. સમકિત .. છે. તિર્યંચનું સમકિત હોય કે સિદ્ધનું હોય, એ આવ્યું છે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં, બેય સમકિત સરખા છે, સમકિતમાં ફેર નથી, ચારિત્રની રમણતામાં ફેર છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે '**નિમિત્તભૂત થતાં,...**' આહા..હા..! '**સાધક કર્તા થયા સિવાય (સર્પાદિકનું) વ્યાપેલું ઝેર...**' લ્યો, સર્પનું ઝેર ઉતરી જાયને આ? એ સર્પનું ઝેર ઉતરે છે એ મંત્રથી નથી ઉતરતું. મંત્ર કર્તા નથી એનો એમ કહે છે. મંત્રને કરનાર મંત્રના પરિણામનો કર્તા છે, પણ એ મંત્રના પરિણામ કરે એ એનો કર્તા નથી. આહા..હા..!

**શ્રોતા :-** સર્પનું ઝેર કોણે ઉતાર્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણે ઉતાર્યું? એને કારણે ઉતર્યું છે. આ તો નિમિત્ત છે, કર્તા નથી. મોટો ફેર એમાં છે. નિમિત્ત અને નિમિત્તકર્તામાં ઘણો ફેર છે. સમજાણું કાંઈ?

એક તો એ પ્રશ્ન આવ્યો હતો કે ભાઈ નિમિત્તકર્તા. સામે જડની, ચૈતન્યની પર્યાય થાય છે, ત્યારે જ્ઞાનીની ઉપસ્થિતિ હોય તો એ જ્ઞાની એમાં નિમિત્ત કહેવાય છે, કર્તા નથી. નિમિત્ત-કર્તા તે સમયની પર્યાય જે થઈ એમાં અજ્ઞાની જે રાગ અને યોગનો કર્તા થાય છે મિથ્યાદૃષ્ટિ, એ યોગ અને રાગનો એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! મિથ્યાદૃષ્ટિને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અને જ્ઞાનીને પોતાના જ્ઞાનસ્વભાવનું ભાન છે, આનંદમય છું, તો એને જે રાગ અને પરની ક્રિયા છે એ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આહા..હા..! નિમિત્ત થાય એનો અર્થ? એ નિમિત્ત જ્ઞાનની પર્યાયનો કર્તા નથી. નિમિત્ત બીજી ચીજ છે અને કર્તા બીજી ચીજ છે. સમજાણું? એ બધી વાત આમાં આવશે આગળ. જ્ઞાની સમ્યગ્દષ્ટિને પોતાનો આત્મા સાક્ષી જ્ઞાતા-દૃષ્ટા છે એવો અનુભવ થયો તો એને પણ રાગ છે એ રાગ જ્ઞાનમાં જાણવામાં, જાણવાની પર્યાયની ઉપાદાનતા તો પોતાની છે, પણ એમાં રાગ નિમિત્ત છે. નિમિત્તનો અર્થ? જે જાણવાની પર્યાય જ્ઞાનીને સ્વપરપ્રકાશકની હોય છે એમાં રાગ નિમિત્ત થયો તો જ્ઞાનની પર્યાય એનાથી થઈ એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું?

કે ભગવાન આત્મા પોતાના શુદ્ધ ચિદાનંદ પ્રભુનું ભાન થયું, સમ્યગ્દર્શન નિશ્ચય આનંદનો સ્વાદ આવ્યો, એને જે રાગ આવે એ રાગનો જ્ઞાની કર્તા નથી, જ્ઞાનીનું એ કર્તવ્ય નથી, કરવાલાયક એવું કર્તવ્ય નથી. પરિણમન થાય છે તો જ્ઞાનની અપેક્ષાએ પરિણમન એ કર્તા એટલું જ્ઞાન કરે છે. એવી વાત છે. રાગ કરવાલાયક છે એવી કર્તાબુદ્ધિ જ્ઞાનીની નથી હોતી, પણ રાગનું જેટલું પરિણમન છે એ જ્ઞાન જાણે છે કે પરિણમન એ કર્તા એ મારું છે એમ જાણે છે. ૪૭ નયમાં આવે છે. પ્રવચનસાર. રંગારો રંગનો કર્તા છે, એમ જ્ઞાની પોતામાં રાગનું પરિણમન કરે છે તો એ અપેક્ષાએ કર્તા કહેવાય છે. આહા..હા..! વાત તો જુઓ. કરવાલાયક છે એમ નથી. પરિણમે છેને? પરિણમે છે એ કોઈ પરને લઈને નહિ. જ્ઞાનીને પણ રાગ થાય છે તો એ પરના કારણે નથી. પોતાની નબળાઈને કારણે ધર્મીને રાગ આવે છે. સમજાણું કાંઈ? તો એ રાગ પોતાનું સ્વપરપ્રકાશ એ રાગના કાળે જે પર્યાય થાય સ્વપરપ્રકાશક એ રાગથી પરપ્રકાશક થયો (એમ નથી). આહા..હા..! ગજબ વાતું છે. એમ પર્યાય સ્વપરપ્રકાશક થઈ તો દ્રવ્ય એમાં આવ્યું, માટે સ્વપ્રકાશક થયું એમ નથી. પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય છે એ સ્વપ્રકાશક. અને પર્યાયમાં પરસંબંધી પોતાનું જ્ઞાન આવે છે એ પરપ્રકાશક. પોતાનું જ્ઞાન છે. એ રાગથી થયું છે સ્વપરપ્રકાશક એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવું સ્વપરપ્રકાશક જ્ઞાનમાં જ્ઞાનીને રાગ નિમિત્ત આવે છે. એટલે? કે પોતાના સ્વપરપ્રકાશની પરિણતિનો કર્તા પોતાનો આત્મા છે, એમાં રાગ નિમિત્ત થયો, આહા..હા..! નિમિત્ત કર્તા નથી. ભારે ઝીણી વાતું ભાઈ! વીતરાગમાર્ગ ઝીણો બહુ, ભાઈ! એનું ફળ પણ અનંત આનંદ. ... થઈ. ..ના ફળ અનંતઆનંદ. અનંતજ્ઞાન ચતુષ્ટય .. કેવળી. એ .. પ્રભુ છે. સમજાણું કાંઈ?

માર્ગનો વ્યય થાય છે તો પર્યાયમાં મોક્ષ થાય છે. ઉત્પન્ન થાય છે. પણ પૂર્વે પર્યાય હતી એ અપેક્ષાએ ઉત્પન્ન થઈ એમ કહેવામાં આવે છે. ખરેખર તો મોક્ષની પર્યાય દ્રવ્યને આશ્રયે થઈ છે. મોક્ષનો માર્ગ છે એમાંથી મોક્ષની પર્યાય નથી થઈ. સમજાણું કાંઈ? આહાહા..! વાત તે પણ! અને ખરેખર તો દ્રવ્યને આશ્રયે પણ મોક્ષ નથી. મોક્ષની પર્યાય પોતાનો

કર્તા થઈને મોક્ષની પર્યાય ઉત્પન્ન થઈ છે. આવો માર્ગ વીતરાગનો ભારે! ત્રિલોકનાથ સર્વજ્ઞનું .. ભગવાનનું કથન તો આ છે પ્રભુ! પછી એને નિશ્ચય કહે, નિશ્ચયાભાસ કહે, એકાંત કહો. આહા..હા..! એકાંત આવે છે ત્યાં હોં.

એ પ્રવચનસાર ભાઈ નહિ ઓલું સ્વર્ગનું સુખ નથી લીધું? ત્યાં એકાંત આવે છે. એકાંત સ્વર્ગના સુખને દેહ સુખ કરતું નથી. એકાંત આવે છે. એકાંત શબ્દ છે. દેહી જીવને દેહ સ્વર્ગને એકાંત સુખ કરતું નથી. એકાંત.. સમ્યક્ એકાંત. કેટલામી ગાથા છે. ૬૬. .. અકિંચિત્કર ને? શબ્દ મૂળમાં છે.

**એકાંતથી સ્વર્ગેય દેહ કરે નહીં સુખ દેહીને,**
**પણ વિષયવશ સ્વયમેવ આત્મા સુખ વા દુઃખ થાય છે. ૬૬.**

એકાંત છે કહે છે.

**શ્રોતા :-** એકાંતમાંથી નિયમ કીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યુંને એકાંતે એક જ નિયમ છે. એકાંતે અર્થાત્ નિયમથી. એ તો પછી અર્થ. આ તો મારે જોર દેવું છે એકાંતથી. ..ભાઈ! શું કહ્યું? એકાંત છે કહે છે. નિયમ કહો, સિદ્ધાંત સિદ્ધ કહો, સ્વર્ગનો દેહ પણ સુખનું કારણ નથી. આહા..હા..! સ્વર્ગનો દેહ, ઈન્દ્રનો દેહ એનું લૌકિક સુખ. એ સુખની કલ્પના. એ સુખ ઈન્દ્રનો દેહ પણ બિલકુલ કરી શકતું નથી. એકાંતે અમે કહીએ છીએ. નિયમ છે એનો. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! દેહ કથંચિત્ સુખનું કારણ છે અને કથંચિત્ .. એવું અનેકાંત કરે. એ અનેકાંત પણ નથી, એ તો ફુદડીવાદ થયો. એકાંતે સ્વર્ગનો દેહ લૌકિક સુખની કલ્પનામાં પણ એ કારણ નથી. લોકોત્તર સુખ તો ક્યાં છે? સમજાણું કાંઈ?

બહારમાં એમ કહે સાધન ઠીક છે. સગવડતા સુખનું નિમિત્ત છે. ના પાડે છે. સમજાણું કાંઈ? એમ કે આ પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, પર સુખનું નિમિત્ત છે કે નહિ? નિમિત્તનો અર્થ શું? એનું છે નહિ. આકુળતા એ સુખની કલ્પના પણ આકુળતામાં નિમિત્તથી આકુળતા થઈ નથી, એમ કહેવું છે. પરનો દેહ અને સામગ્રી એ દુઃખના નિમિત્ત છે, પણ દુઃખના નિમિત્તમાં દુઃખનો એ કર્તા નથી. કહો, સમજાણું કાંઈ? એકાંતે દુઃખનો કર્તા જીવ પોતાથી છે. આહા..હા..! પછી ... વિષયો શું કરે? ૬૭માં.

**'विसया किं तत्थ कुव्वंति'** આહા..હા..! અજ્ઞાની પોતે સ્વયમેવ સ્વર્ગમાં સુખ છે એવી કલ્પનાથી પરિણમન કરે છે, એમાં દેહ અને વિષય શું કરે? આહા..હા..! ગજબ વાત છે. ઈન્દ્રિયના સુખ, સ્ત્રીનું શરીર સુંદર માખણ જેવું રૂપાળું સુંદર, એને કહે છે કે તું કલ્પના કરે છે કે મને ઠીક છે આમાં એ કલ્પનામાં એ ઠીક શું કરે? આહા..હા..! સમજાણું કાંઈ? એ ચીજ તો અંદર કલ્પનામાં અકિંચિત્કર છે. આહા..હા..! એમ ભગવાન આત્માને દેવ-

ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે, પણ નિમિત્ત અંદર પરિણતિને શું કરે? આહા..હા..! નિમિત્ત અકિંચિત્કર છે, આત્માનું સમ્યગ્દર્શન નથી, એમ કહે છે. દેવ-ગુરુ અકિંચિત્કર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એ તો અકિંચિત્કર છે, પણ વ્યવહાર વિકલ્પ એ સમ્યગ્દર્શનમાં અકિંચિત્કર છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. એની અંતરમાં એની રુચિ પેસે ત્યારે એને અનુભવ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! રુચિના ઠેકાણા ન મળે, બાહ્ય આચરણ લઈને બેસે કે આ પડિમા છે, .. છે ને ધૂળ છે. કાંઈ ન મળે. એકડા વિનાના મીંડા છે. આહા..હા..! ભાઈ! માર્ગ તો આવો છે.

અહીંયાં તો કહે છે કે જેમ સાધક પોતાના પરિણામને કરે છે એ '**અનુકૂળ હોવાથી નિમત્તમાત્ર થતાં, સાધક કર્તા થયા સિવાય...**' ભાષા જુઓ, મંત્રના પરિણામ સાધક કરે છે, પણ એ સાધકના પરિણામ પરમાં કર્તા થયા વિના, નિમિત્ત કહ્યું પણ કર્તા થયા વિના. આહા..હા..! કેટલું સ્પષ્ટ છે! સાપનું ઝેર ઉતરે છે એ સાધકના નિમિત્તના કર્તા થયા વિના. સર્પ ઉતરે. નિમિત્ત થયું માટે સર્પનું ઝેર ઉતર્યું એ કાંઈ કરતું નથી. એ તો એની યોગ્યતાથી .. આવ્યું. સમજાણું કાંઈ? ગજબ વાત છે. .. પરમાં ..માં .. હોય. મંત્ર સાધે અને ત્યાં ઝેર ઉતરે. સર્પાદિ કહ્યુંને? સર્પ આદિ હોય, સ્ત્રી ધૂણતી હોય, એને મંત્ર બોલે એ ધૂણે. સમજાણું કાંઈ? ધૂણે સમજ્યા? એ કહે છે કે મંત્રના પરિણામ કર્તા વિના એનું ધૂણવું હોય છે એ એના કારણે થાય છે. આહા..હા..! નિમિત્ત શું કરે? આહા..હા..! હવે સર્પનો મંત્ર સાધે અને ત્યાં ઝેર ઉતરે તો પછી આ આના કર્તા વિના થયું. સમજાણું કાંઈ?

રોટલી પાકે છે તો કહે છે કે અગ્નિ અને તવાનું નિમિત્ત હોય, પણ એનાથી પાકે છે એ એનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચોખા ગરમ પાણીમાં પાકે છે તો પાણી એ ચોખામાં નિમિત્ત છે, પણ ગરમ પાણીથી ચોખા પાક્યા એમ છે નહિ. આહા..હા..! આ તે વાત તે.

**શ્રોતા :-** ચોખા પોતાથી ચડ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોખા તો પોતાની પર્યાયથી. સમજાણું કાંઈ? એક જણા કહી ગયા .. ચોખા છે, પણ પાણી વિના થશે? આહા..હા..! અરે! ભગવાન! પાણીથી ચડતા જ નથી. પાણી ચડવાનો કર્તા છે. અરે! ભગવાન! આ માર્ગ ક્યાંથી આવ્યો? મોટી વિપરીતતા. સમજાણું કાંઈ? આહા..હા..! પેટ્રોલ વિના મોટર ચાલે છે. પેટ્રોલ તો નિમિત્ત છે, ભગવાન! નિમિત્ત કર્તા નથી, પેટ્રોલ કર્તા નથી. આહા..હા..!

એક બ્રહ્મચારીએ તો મશ્કરી કરી હતી. મોટરમાં બેઠા રહ્યા. સોનગઢવાળા કહે કે પોતે મોટરથી ચાલતા નથી. આપણે અંદર બેઠા છીએ, મોટર પોતાથી ચાલે છે. મોટરથી ચાલે છેને? અરે! નહિ, નહિ, સાંભળતો ખરા. તારી ક્ષેત્રાંતર થવાની ક્રિયા તો તારાથી તારામાં થાય છે. ઓલી બાઈની વાત કરી હતી પછી જુઓને. .. નહિ બપોરે? .. લાવ્યા હતા.

ભાઈ સુરેશ. શું નામ? .. થોડા વર્ષ પહેલાંની વાત છે. ૪૦-૫૦ વર્ષ પહેલાં. .. છે કોક. એ બાઈ હતી. હતી એના દેશની, પણ આ દેશની સેવા કરતી હતી. .. દેશની રહેતી. .. પણ લોકો એમ માન્યું કે પરદેશની છે તો અમારા દેશથી વિરૂદ્ધ છે. .. ...

અરે! ભગવાન! એ શું કરે છે એની એને ખબર નથી. ... એને ખબર નથી કે આ શું કરે છે? કોણ .. શું છે? એ શું માને છે .. એની ખબર નથી, પ્રભુ! એને વિચારને, પ્રભુ! આહા..હા..! એને પણ દુઃખ હોય. સમજાણું કાંઈ? કોઈ પ્રાણીને દુઃખ થાય તો .. કેમ થાય? સમજાણું કાંઈ? મિથ્યાત્વ .. તો .. ઠીક થાય છે. સમજાણું કાંઈ? ધર્મીને તો કરૂણા થાય છે. સત્ત્વેષુ મૈત્રી. ચાહે તો માથા કાપનારા હોય પણ એની મૈત્રી સત્વેષુ.. આહા..હા..! વિરોધ કોનો? સમજાણું કાંઈ? લ્યો, એ મંત્ર સાધવાનું વિશેષ આવ્યું.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**શ્રાવણ વદ-૬, સોમવાર, તા. ૧૬-૮-૧૯૭૬,**
**ગાથા-૯૧-૯૨,**
**પ્રવચન નં. ૧૫૭**

સમયસાર, ગાથા-૯૧. થોડી વાત ચાલી છે. થોડું ફરીને.

‘**આત્મા પોતે જ તે પ્રકારે પરિણમવાથી...**’ એટલે મિથ્યા ભ્રાંતિ અને રાગ-દ્વેષપણે આત્મા સ્વંય કર્મની અપેક્ષા વિના પોતાથી પરિણમે છે. એ ‘**પોતે જ...**’ કહ્યુંને? ‘**પોતે જ...**’ કર્મનું નિમિત્ત છે તો એ કર્તા નથી. અહીંયાં પરિણમે છે તો એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ‘**પોતે જ તે પ્રકારે (તે-રૂપે)...**’ મિથ્યાત્વ-રાગ-દ્વેષપણે ‘**પરિણમવાથી...**’ નામ અવસ્થા થવાથી ‘**જે ભાવને ખરેખર કરે છે...**’ જે ભાવે જે સમયે કર્તા પરિણમે છે તે સાધકની જેમ ‘**તેનો તે કર્તા થાય છે—**’ એ વિકારના પરિણામનો કર્તા જીવ સ્વંયસિદ્ધ કર્મની અપેક્ષા વિના છે. આહા..હા..! કર્મની અપેક્ષા સિદ્ધને .. સિદ્ધને ક્યાં છે? એ તો નિર્મળ પર્યાય છે. નિર્મળ પર્યાય પોતાથી પરિણમે છે. નિમિત્ત છે, પણ નિમિત્ત કર્તા નથી. એમ સિદ્ધ કરવું છે. એ મોટી ભૂલ છેને અત્યારે કે પર જીવને બચાવવામાં

અમે નિમિત્ત તો છીએને. નિમિત્તનો અર્થ શું? એ બચે છે એ તારે કારણે નહિ. પરજીવને હું બચાવી શકું છું, જીવાડી શકું છું, સુખી કરી શકું છું—એ બધો મિથ્યાત્વભાવ છે. નિમિત્ત હોય પણ નિમિત્ત પરનો કર્તા થઈને કામ કરી શકે છે? આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત, ભાઈ! તત્ત્વની વાત બહુ સૂક્ષ્મ છે, ભાઈ! એને મળી નથી અને એણે કદી કરી નથી. એમને એમ અનાદિ સંપ્રદાયમાં જન્મ્યા એમાં રૂઢિમાં પડ્યા એવા કામ કરે છે. જન્મ-મરણ ગુમાવે છે. આહા..હા..!

કહે છે કે એ '**સાધકની જેમ;...**' શું કહે છે? '**તે (આત્માનો ભાવ) નિમિત્તભૂત થતાં, પુદ્‌ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ પરિણમે છે.**' આહા..હા..! એ સમયે કર્મ જે પરિણમે છે એનો આત્મા વિકાર એનો કર્તા નથી. આહા..હા..! કર્મ પોતે પોતાની પર્યાયથી પરિણમે છે. અહીંયાં વિકાર થયો માટે કર્તા થઈને પરિણમે છે એમ છે નહિ. આહા..હા..! કહો, શેઠ! આહા..હા..! બીડી વાળે છેને બીડી, તો કહે છે કે આંગળી છે એ તો નિમિત્તમાત્ર છે. બીડીના પાન જે આમ વળે છે એ પોતાનો કર્તા થઈને વળે છે, આંગળીથી નહિ.

**શ્રોતા :—** નોકરોને પગાર ન દેવો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પગાર કોણ દે-લે છે? એય શેઠ! ત્યાં બીડી વળાવે. કાનપુર જાય છે તો લાખો રૂપિયા લે છે ત્યાંથી. આ ... અમરચંદભાઈને.

**શ્રોતા :—** બધા પોતપોતાના સ્વરૂપમાં લાગેલા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વાત તો એવી છે. લોકોને કાંઈ ભાન નહિ. હું શું કરું છું અને કોનું કામ મારાથી થાય? અહીંયા તો કહે છે કે બીડી (વાળવામાં) જે આમ આંગળી થાય છે એ બીડી વળવામાં નિમિત્ત છે, પણ બીડી આમ થાય છે તો આંગળી એની કર્તા છે માટે થાય છે એમ નથી. સમજાણું કાંઈ? એમ વિકાર જીવ કરે છે, તો એ નિમિત્તમાત્ર કર્મનો છે. નિમિત્ત પોતાથી સ્વયં કર્મરૂપ પરિણમે છે. દાખલો જુઓને દૃષ્ટાંત.

'**જેમ સાધક તે પ્રકારના ધ્યાનભાવે પોતે જ પરિણમતો થકો...**' હવે ધ્યાનનું દૃષ્ટાંત આવ્યું. સાધક-સાધક. સર્પનો, વીંછીનો ડંખ ઉતારવામાં જે સાધકમંત્ર છે એ મંત્રની પર્યાયનો કર્તા એ છે, પણ મંત્રથી વીંછીનું ઝેર ઉતરે એનો કર્તા આ મંત્ર નથી. આહા..હા..! આ તે વાત. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** મંત્ર ફોગટ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મંત્ર ફોગટ ફોગટ એમાં રહ્યું, મંત્રમાં મંત્ર રહ્યો. આહા..હા..! નિમિત્ત-નૈમિત્તિકસંબંધ, પણ કર્તા નહિ. એ આવ્યું માટે અહીંયા થયું એમ નથી. એમ પણ નથી. તો તો કર્તા થઈ ગયો એ. આહા..હા..! નિમિત્ત-નૈમિત્તિકસંબંધનો અર્થ પૃથક્-પૃથક્ પોતાની ક્રિયા નિમિત્તની અને નૈમિત્તિકની થાય છે. નૈમિત્તિક ક્રિયાનો કર્તા નિમિત્ત નથી. સમજાણું કાંઈ? અને નૈમિત્તિક્રિયાવાળા નિમિત્ત મેળવે છે એમ પણ નથી. આહા..હા..! એ

નિમિત્ત મેળવવાનો કર્તા થઈ ગયો. એમ છે નહિ.

**શ્રોતા :—** નિમિત્ત મેળવવા માટે અહીં આવ્યા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નિમિત્ત શું મેળવે? પોતાની યોગ્યતાથી છે. આવી વાત ઝીણી વાત, ભાઈ! અને ભાષા સાંભળવામાં આવે છે એ તો નિમિત્ત છે. અહીંયા જ્ઞાનની પરિણતિ થાય છે તો વાણી નિમિત્ત છે તો જ્ઞાનમાં પરિણતિ થાય છે એમ છે નહિ, એમ કહે છે. ઝીણી વાત, ભાઈ! તત્ત્વની દૃષ્ટિની ખબર નથી અને ઓઘે-ઓઘે અમે ધર્મ કરીએ છીએ... અમે ધર્મ કરીએ છીએ. મૂઢ છે. અનાદિ કાળથી ચોર્યાસીના અવતારમાં રખડે છે. સમજાણું કાંઈ? કહે છે કે વાણી કાનમાં પડે છે એ વાણીની પર્યાય વાણીને કારણે પરિણમે છે. આત્માએ ઈચ્છા કરી વાણીની તો ઈચ્છા નિમિત્ત હો, પણ ઈચ્છાથી વાણી ભાષારૂપે પરિણમે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ વિકારનો કર્તા અજ્ઞાની જીવ છે. અહીંયા તો અજ્ઞાનીની વાત ચાલે છેને? જ્ઞાની છે એ વિકારનો કર્તા નથી. સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવ છે એને વિકાર થાય પણ એનો એ જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! વાત સૂક્ષ્મ ભાઈ, બહુ.

**શ્રોતા :—** .. સમ્યગ્દૃષ્ટિ કરે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ કરે છે એ તો પરિણમનની અપેક્ષાએ કરે છે એમ કહ્યું હતું. ૪૭ નય છેને પ્રવચનસારમાં. તો ત્યાં કર્તા, ભોક્તા નય એક છે. એ તો જ્ઞાનથી જોવામાં કરવાલાયક છે એવી બુદ્ધિ ઊડી ગઈ છે સમકિતીની, પણ પરિણનમાં જ્ઞાન જાણે છે કે મારું પરિણમન છે એનો હું કર્તા છું, જેટલા રાગાદિ થાય છે એનો કર્તા હું છું. એ કઈ અપેક્ષાએ? જ્ઞાન જાણે છે. દૃષ્ટિની અપેક્ષાએ તો કરવાલાયક છે એ વાત છે જ નહિ. આહા..હા..! ભારે ઝીણી વાત, ભાઈ! તત્ત્વદૃષ્ટિ અનંત કાળમાં એને સમકિત થયું જ નથી અને સમ્યક્ વિના એના જન્મ-મરણનો અંત આવશે નહિ ત્રણકાળમાં. મરીને પછી શેઠ થાય કે દેવ થાય એ બિચારા બધા દુઃખી છે. એ શેઠ! બિચારા છે ઈ. ભિખારા છે. પોતાની લક્ષ્મીની ખબર નથી. આહા..હા..! બહારની લક્ષ્મી ઉપર લક્ષ જાય છે તો એ દુઃખી છે એમ કહે છે. લક્ષ્મી દુઃખમાં નિમિત્ત છે, લક્ષ્મી દુઃખની કર્તા નથી. દુઃખનો કર્તા તો એ આત્મા પોતાના પરિણામથી છે. આહા..હા..! જગતથી વીતરાગની વાત જ નિરાળી છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવનો માર્ગ (નિરાળો છે).

અનંત દ્રવ્ય છે એ પ્રત્યેક દ્રવ્યની પર્યાયનો કર્તા તે તે દ્રવ્ય છે. નહિતર અનંત રહેતા નથી. અનંત ખીચડો થઈ જાય. લોપ થઈ જાય છે એમ આવ્યું હતુંને પહેલાં? આહા..હા..! નિમિત્ત જો પરને કરે, પોતાની પર્યાયને કરે અને પરને કરે તો વસ્તુનો લોપ થઈ જાય છે, બે દ્રવ્ય એક થઈ જાય છે. આહા..હા..! 'હું પરને જીવાડી શકું છું' એવી દૃષ્ટિ પણ મિથ્યાત્વ છે. કેમકે પોતાની પર્યાય કરે અને પરને જીવાડવાની ક્રિયા કરે, બે દ્રવ્યની ક્રિયા એક કરે એ તો મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે, જૈન છે જ નહિ. એને જૈનની ખબર નથી કે જૈન

શું છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, જુઓ, **'સાધક તે પ્રકારના ધ્યાનભાવે...' '(સાધકને સાધવાયોગ્ય ભાવોને) અનુકૂળ હોવાથી...'** ધ્યાનનો કર્તા છે મંત્રવાળો. પોતાના પરિણામમાં ધ્યાનના પરિણામ જે મંત્ર (સાધે છે) એનો કર્તા છે. એ ભાવ **'અનુકૂળ નિમિત્તમાત્ર થતાં, સાધક કર્તા થયા સિવાય...'** ભાષા જુઓ, સાધકનો કર્તા થયા વિના, મંત્રને સાધવાના પરિણામનો કર્તા તો એ છે અને મંત્રસાધક કર્તા થયા વિના **'(સર્પાદિકનું) વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે,...'** આહા..હા..! સર્પનું ઝેર જે છે એ એને કારણે ઊતરી જાય છે, મંત્રને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સર્પાદિમાં વીંછી પણ લેવું.

**'(સર્પાદિકનું) વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે,...'** સ્વયમેવ ઊતરી જાય. એની પર્યાયથી એમાં કામ થાય છે. નિમિત્તની પર્યાયથી એમાં કામ થતું નથી. આહા..હા..! **'સ્ત્રીઓ...'** છેને? **'સ્વયમેવ વિડંબના પામે છે...'** મંત્ર આમ બોલે તો સ્ત્રી એને કારણે ધ્રુજે.. શું કહે છે? ધુણે. એ ધુણવાની ક્રિયાનો કર્તા તો એ છે. એ ધુણવાની ક્રિયાનો મંત્ર કર્તા એમ છે નહિ. આહા..હા..! છે? **'સાધક કર્તા થયા સિવાય...'** આહા..હા..! ભારે સૂક્ષ્મ વાત, ભગવાન! ચીજ ભિન્ન છે એ બીજામાં શું કરે? આહા..હા..! પૈસા લેવા-દેવાની ક્રિયા આત્મા ત્રણકાળમાં કરી શકે નહિ, એમ કહે છે. નિમિત્ત હો, પણ જડ પૈસા ગણીને બીજાને દેવા, એમાંથી લેવા એ રાગ થયો માટે એવી ક્રિયા થઈ એમ છે નહિ. આહા..હા..! જડની ક્રિયા જડથી પોતાના ઉપાદાનથી ત્યાં થાય છે. આહા..હા..! એ પૈસા મેં બીજાને દીધા એ ભાવ મિથ્યાત્વ છે. શેઠ! તમારા બધા દાનના પૈસા-પૈસા... નહિ? ત્રણ લાખની બનાવી છેને તમે ધર્મશાળા? અમે હતા ત્યારે ઉદ્‌ઘાટન કર્યું નહિ? કોણ કરે? સાંભળ તો ખરો, અહીંયા કહે છે. એ ત્રણ લાખ આપ્યા એ આત્માએ આપ્યા એમ વાત છે? એ તો પોતાની ક્રિયાવર્તી શક્તિથી ત્યાં જવાની ચીજ હતી અને મકાન પણ પોતાની ક્રિયાવર્તી શક્તિને કારણે ત્યાં બન્યું છે. કોઈ કડિયાએ બનાવ્યું છે... કડિયા કહે છેને? શું કહે છે? કારીગર કહે મેં બનાવ્યું. મૂઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો સાધક વિના, સાધક પોતાના મંત્રના પરિણામનો કર્તા થાઓ, પણ એ સાધકના કર્તા થયા વિના સર્પનું ઝેર ઊતરી જાય છે. એની પરિણતિનો કાળ છે નીકળવાનો, જન્મક્ષણ એની છે. એને કારણે ઊતરી જાય છે.

**'સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના પામે છે...'** ધુણે છેને આમ-આમ. મંત્ર તો નિમિત્ત છે. ધુણવાની ક્રિયાનો નિમિત્ત કર્તા નથી. **'અને બંધનો સ્વયમેવ તૂટી જાય છે;...'** એવા મંત્ર હોય. એ તો નિમિત્તમાત્ર છે એમ કહે છે. આહા..હા..! બંધન હોય ને છૂટી જાય, બેડી છૂટી જાય. આહા..હા..! આવ્યુંને એ ભક્તામરમાં. ૪૮ (કડી). **'भक्तामरम प्रणित मौलि प्रभाणां'** આમ ફટ-ફટ તાળા તૂટ્યા. કેમ? એ ભક્તામરના પરિણામથી ત્યાં તાળા

તૂટ્યા એમ છે નહિ. આહા..હા..! આ વાત... જગતની ભ્રમણા ભારે. સમજાણું કાંઈ? એ **'બંધનો સ્વયમેવ...'** સ્વયમેવ. સ્વયમેવ બધે શબ્દ પડ્યો છે. જુઓ, સ્વયં-એવ. સ્વયં જ, એમ. આહા..હા..! **'તૂટી જાય છે; તેવી રીતે...'** એ તો દૃષ્ટાંત થયું.

**'આત્મા અજ્ઞાનને લીધે...'** દેખો અજ્ઞાનને કારણે, હોં! **'મિથ્યાદર્શનાદિભાવે પોતે જ પરિણમતો થકો...'** આહા..હા..! 'રાગનો કર્તા હું છું' એવો મિથ્યાત્વભાવ અને રાગભાવથી પોતાથી પરિણમતો થકો સ્વયમેવ. આહા..હા..! **'પોતે જ પરિણમતો થકો મિથ્યાદર્શનાદિભાવનો કર્તા થાય છે...'** પોતાની પર્યાયનો કર્તા થાઓ. આહા..હા..! રાગનો અજ્ઞાની કર્તા થાય છે. મેં મહાવ્રત પાળ્યા, હું મહાવ્રતના પરિણામનો કર્તા—એ અજ્ઞાની રાગનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આમ મેં હાથ ઊંચો કર્યો સ્વાહા. પૂજામાં નથી કરતાં? એ તો કહે છે કે એવો શુભભાવ આવ્યો, પણ એ શુભભાવનો કર્તા અજ્ઞાની થાઓ. આહા..હા..! ભક્તિના શુભભાવનો કર્તા અજ્ઞાની થાઓ, જ્ઞાની ભક્તિનો કર્તા નથી, ભાવનો કર્તા નથી. આહા..હા..! આ તે વાત કાંઈ? સમજાણું કાંઈ? એ ભક્તિનો કર્તા થાઓ. એનાથી સ્વાહા કરે અને આંગળીથી પુષ્પ (મૂકે એમ નથી). શુભભાવ આવ્યો માટે એવી ક્રિયા થાય છે, એ ક્રિયાનો કર્તા ભાવ છે એમ નથી. આવી વાતું છે ભાઈ, ઝીણી. આહા..! નવ તત્ત્વ ભિન્ન-ભિન્ન છે. એમાં ક્યુ તત્ત્વ કોનું કરે!

**'મિથ્યાદર્શનાદિભાવે પોતે જ પરિણમતો થકો મિથ્યાદર્શનાદિભાવનો કર્તા થાય છે...'** અજ્ઞાની **'અને તે મિથ્યાદર્શનાદિભાવ પુદ્ગલદ્રવ્યને અનુકૂળ હોવાથી...'** બસ એટલું. નવા જે કર્મ બંધાય છે એ **'નિમિત્તમાત્ર થતાં, આત્મા કર્તા થયા સિવાય...'** આહા..હા..! જ્ઞાનાવરણીય કર્મ આત્મા કર્તા થયા વિના પરિણમે છે. સમજાણું કાંઈ? કેમકે એ તો પરમાણુ ભિન્ન ચીજ છે. પરમાણુમાં કર્મરૂપ થવાની પર્યાય થઈ એનો આત્મા કર્તા નથી. આહા..હા..! જ્ઞાનાવરણીય છ પ્રકારે બંધાય. તો એ છ પ્રકાર નિમિત્ત થયા, પણ એ બંધનમાં કર્તા નથી. એ ભાવ થયો માટે કર્તા થયો એમ છે નહિ. ઝીણી વાતું, ભાઈ! નિમિત્ત કોણ અને નિમિત્તકર્તામાં મોટો ઉગમણો-આથમણો ફેર છે. ઉગમણો-આથમણો સમજ્યા? પૂર્વ-પશ્ચિમ. આહા..હા..! જુઓ, આ ચશ્મા છે એ આંગળીથી ઊંચા થયા એ વાત જૂઠી છે.

**શ્રોતા :—** નાકની દાંડીની પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દાંડી ઉપર રહ્યા કે ન રહ્યા એ તો પોતાની પર્યાયનો કર્તા એ છે. એવી વાત છે. પરમાણુમાં એ જન્મક્ષણ ત્યાં રહેવાની યોગ્યતાથી ત્યાં ઉત્પન્ન થઈ છે. નાકને આધારે ચશ્મા રહ્યા છે એ પણ જૂઠ છે. એ પરમાણુમાં આધાર નામની શક્તિ છે, અધિકરણ નામની શક્તિ છે. ૪૭માં આવે છે. ૪૭ શક્તિ. પોતાને આધારે ત્યાં રહ્યા છે, નાકને આધારે નહિ. આ તે વાત. ગજબ વાત! કોણ કરે પણ? પાગલની સાથે પાગલ

કોણ સમજે એને? વાતેય કરવાનું કામ શું છે? દુનિયા પાગલ છે. મોટા શેઠિયા હોય કે દેવ હોય બધા પાગલ છે. સમજાણું કાંઈ? આ મેં કર્યું.. મેં કર્યું... નરસિંહ મહેતા કહે છે. સમજાણું કાંઈ? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે,...' એ તો વૈષ્ણવ છે એ કહે છે. 'શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડું ચાલતું હોય અને નીચે કૂતરું ચાલતું હોય એ જાણે કે મારાથી ગાડું ચાલે છે, એમ દુકાન ઉપર બેઠો હોય તો માલ લેવા-દેવાની ક્રિયા મારાથી થાય છે, મૂઢ છે, કૂતરા જેવો કૂતરો છો તું. સમજાણું કાંઈ? એય ચીમનભાઈ!

**શ્રોતા :—** મિથ્યાદર્શનના ઝેર ઊતારી નાખવાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઝેર ઊતારી નાખવાની વાત અહીં તો છે. મિથ્યાશ્રદ્ધા 'હું કરું છું', 'હું કરું છું'. આહા..હા..! સમજાણું કાંઈ? મુશ્કેલ વાત, ભાઈ!

હાથમાં લાકડી રહે છેને આમ. ચાલે છેને. તો આંગળી નિમિત્ત છે. આંગળીએ ચલાવી એમ નથી, એમ કહે છે. પોતાની યોગ્યતાથી ચાલે છે. પગ બરાબર આમ ચાલે છે તો આત્માનો વિકલ્પ એનો કર્તા નથી. વિકલ્પ નિમિત્ત હો, પણ ચાલવાની ક્રિયાનો કર્તા એ પરમાણુની પર્યાય છે, આત્મા નહિ. શાંતિભાઈ! આહા..હા..! ક્યાં તત્ત્વ, વીતરાગ શું કહે છે એની ખબરેય નહિ. આમ ને આમ મૂઢપણે જિંદગી ચાલી જાય. ઢોરની જેમ, પશુની જેમ. પશુને ભાન નથી. સમજાણું કાંઈ? દૃષ્ટાંત આવશે આગળ. હાથીને ઘાસ અને ચૂરમું બેય સાથે આપે. તો ઘાસ અને ચૂરમું એકસાથે ખાય. ઘાસ જુદું છે અને ચૂરમું જુદું છે એની ખબર નથી. ચૂરમું સમજો છો? લાડુ. આહા..હા..! એ દાખલો આવશે હમણાં ૯૭માં. આહા..હા..! કળશમાં આવશે. સમજાણું કાંઈ?

અહીં તો નજીકમાં નજીક જે આત્મા રાગનો કર્તા થાય છે એ જ સમયે કર્મપણે જે કર્મ બંધાય છે એનો રાગ કર્તા નથી. આહા..હા..! તો નજીકમાં નજીક જે એકક્ષેત્રાવગાહમાં આમ થાય છે તો કર્તા નથી, તો પરનો કર્તા આત્મા થાય, મકાનનો કર્તા (થાય એમ તો છે જ નહિ). આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પરમાણુઓમાં પણ ષટ્ ગુણ છે. પરમાણુમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ—છ શક્તિઓ છે, છએ દ્રવ્યમાં. ભગવાને છ દ્રવ્ય જોયા છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, જીવ અને પુદ્ગલ. તો પ્રત્યેક દ્રવ્યમાં પરમાત્મા કહે છે કે ષટ્કારકની શક્તિ પડી છે. એ ષટ્કારકની શક્તિ પોતાથી કામ કરે છે, પરથી નહિ. આહા..હા..! આ તે કાંઈ વાત. એકાંત છે રે એકાંત. અરે..! સાંભળ તો ખરો અનેકાંત. સમજાણું કાંઈ? એકાંત સમ્યક્ એકાંત જ છે. પોતાની પર્યાયનો કર્તા જડ છે, જડની પર્યાયનો કર્તા આત્મા નથી. આહા..હા..! કર્મની વાત કરીને કે જેટલો રાગ-દ્વેષ કર્યો એટલા પ્રમાણમાં ત્યાં ચારિત્રમોહ બંધાય છે, છતાં એ રાગ-દ્વેષ ચારિત્રમોહના બંધનનો કર્તા નથી. સમજાણું કાંઈ?

**'મિથ્યાદર્શનાદિભાવ પુદ્ગલદ્રવ્યને અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, આત્મા**

**કર્તા થયા સિવાય પુદ્‌ગલદ્રવ્ય મોહનીયાદિ કર્મપણે સ્વયમેવ પરિણમે છે.'** આહા..હા..! મોહનીયરૂપ કર્મની પર્યાય થાય એનો આત્મા કર્તા નથી. '**अप्पा कत्ताय विकत्ताय**' એવું બહુ આવે છે શ્વેતાંબરમાં. એ ગાથા છે. ઉત્તરાધ્યનની ૨૦મી ગાથા. અનાથી મુનિમાં. આત્મા કર્મનો કર્તા અને આત્મા કર્મનો ભોક્તા. વાત ખોટી છે. એય..! કર્મની પર્યાય જડ પોતાના કર્તાગુણથી પોતામાં કર્મ નામ પરિણતિનો કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આત્મા તો અજ્ઞાનરૂપ પરિણમે છે,...**' અહીં કર્મ કર્તા છેને, તો કર્તા તો અજ્ઞાની થાય છે. સમ્યગ્દૃષ્ટિ રાગનો કર્તા નથી. 'કરે કર્મ સો હી કરતારા, જો જાને સો જાણનહારા, જાણે સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાણે નહિ કોઈ.' આહા..હા..! દયા, દાન, વ્રતના શુભભાવનો પણ કર્તા થાય છે એ મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની તો જાણનહારા છે. બસ, થાય છે ઈ જાણે છે. કેમકે આત્માનો સ્વભાવ જ્ઞાન છે, એ તો જ્ઞાનમૂર્તિ પ્રભુ છે, જ્ઞાનનો કંદ છે તો એ તો જાણવાનું કામ કરે. રાગનું કામ જ્ઞાની કરતો નથી. ગજબ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'કરે કર્મ સોહી કરતારા,..' રાગનું કરે એ કર્તા છે અજ્ઞાની. 'જો જાણે સો જાણનહારા.' સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથે ગુણસ્થાને રાગ થાય છે એનો જાણનાર છે, કર્તા નથી. આહા..હા..! આ વાત અંદરમાં દૃષ્ટિમાં બેસવી (જોઈએ).

સહજ સ્વભાવ મારો તો જ્ઞાનસ્વરૂપ છે. હું તો જ્ઞાનસ્વરૂપ છું. રાગનો કર્તા કોઈ એવી શક્તિ મારામાં નથી. શક્તિ તો શુદ્ધ છે અને સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ શક્તિ ઉપર છે. શક્તિ ઉપર કહો કે શક્તિવાન ઉપર કહો. ત્રિકાળ ગુણી ઉપર સમકિતીની દૃષ્ટિ છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિનો વિષય તો પૂર્ણ આનંદકંદ પ્રભુ દ્રવ્યસ્વભાવ છે. એમાં આ રાગાદિ થાય છે એનો તો એ જાણનાર રહે છે, રાગનો કર્તા નથી થતો. પરિણમન છે તો કર્તા કહેવામાં આવે છે, પણ રાગ કરવાલાયક છે એમ કર્તા થતો નથી. આહા..હા..! બહુ ફેર, ભાઈ! આવો વીતરાગમાર્ગ! અને આવું સત્ય તો દિગંબર જૈનધર્મમાં જ છે. બીજે ક્યાંય છે નહિ. વાત એવી છે. આવી ચોખ્ખી સ્પષ્ટ વાત શ્વેતાંબરમાં પણ નથી, તો બીજે તો ક્યાં હોય? વેદાંત નિશ્ચયની વાત કરે છે. સર્વવ્યાપક આત્મા છે. માયાજાળ છે. જૂઠ છે. માયાજાળ એ વસ્તુ છે. પણ એ વસ્તુને પોતાની માને છે એ મૂઢ છે. આહા..હા..! જાણે છે, વસ્તુ છે બીજી. જાણનાર સ્વપરપ્રકાશક છે તો જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મા તો અજ્ઞાનરૂપ પરિણમે છે,...**' જુઓ, લીધુંને? રાગરૂપે પરિણમવું એ તો અજ્ઞાનભાવ છે, એમ કહે છે. '**કોઈ સાથે મમત્વ કરે છે, કોઈ સાથે રાગ કરે છે,...**' મમત્વ એટલે મિથ્યાત્વ. '**કોઈ સાથે દ્વેષ કરે છે; તે ભાવોનો પોતે કર્તા થાય છે.**' એ સવારમાં વાત ચાલી હતીને કે આ મારો દીકરો, આ મારી સ્ત્રી, મારી લક્ષ્મી, મારા મકાન, મારી આબરુ બધું મમતા છે, મિથ્યાત્વભાવ છે. આહા..હા..! અને અનુકૂળ જોઈને

પ્રીતિ કરે છે અને પ્રતિકૂળ જોઈને દ્વેષ કરે છે, એ ચીજ કાંઈ રાગ-દ્વેષનું કારણ નથી. એ તો જ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગમાર્ગ સર્વજ્ઞપંથ ભાઈ, સૂક્ષ્મ છે, ભગવાન! આહા..હા..!

સમ્યગ્દર્શન એને કહીએ કે જે આત્મા આનંદનો નાથ, એના આનંદનો અનુભવ થયો હોય અને આનંદનો અનુભવ થયો તો આકુળતાવાળો રાગ થાય એનો એ કર્તા નથી થતો. કેમ? કે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ નિત્યાનંદ પ્રભુ સહજાનંદ પરમાનંદ સદાનંદ (છે). આહા..હા..! આવી ગયું છે પરમાત્મપ્રકાશમાં. ત્રણ ગાથામાં ત્રણ આવ્યા. નિત્યાનંદ, સદાનંદ, સહજાનંદ, પરમાનંદ. આહા..હા..! એવી આનંદ ચીજ છે એવી દૃષ્ટિ થઈ, અનુભવમાં ભગવાન આત્મા આનંદ આવ્યો અને સમ્યગ્દૃષ્ટિના અનુભવની મહોરછાપ, મહોરછાપ સમજ્યા? ટ્રેડ માર્ક આનંદનો છે. પોસ્ટ માસ્તર મારે છેને ઈ? સીલ કરે છે. એમ આ અનુભવની મહોરછાપ આનંદ છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ આનંદની દશાને વેદે છે, રાગ આવે છે એને જાણે છે. આહા..હા..! જ્ઞાનની અપેક્ષાએ વેદે છે એમ જાણવામાં કહેવામાં આવે છે. દૃષ્ટિની અપેક્ષાએ રાગનો કર્તા અને ભોક્તા આત્મા છે નહિ. આહા..હા..! ભારે વાતું, ભાઈ! કાંઈ ખબર ન મળે અને ભક્તિ કરે ભગવાનની, વ્રત પાળવા, પૂજા કરવી, જાત્રા કરવી એ ધર્મ. ધૂળેય ધર્મ નથી, સાંભળને. એવી જાત્રાઓ અનંતવાર કરી.

શ્રોતા :— ભવિષ્યમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ભવિષ્યમાં ધૂળેય થાય નહિ. રાગ ખાતા ખાતા.. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવે? લસણ-લસણ. પ્યાજ-ડુંગળી. ડુંગળી ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે? આહા..હા..! એ તો રાગ છે. પૂજા, ભક્તિ, જાત્રા એ બધો તો રાગ છે. શુભરાગ છે. આહા..હા..! ધર્મીને પણ રાગ તો આવે છે, પણ રાગ દુઃખરૂપ દેખે છે અને અજ્ઞાની રાગને પોતાનું કર્તવ્ય માને છે અને મને સુખરૂપ છે એમ માને છે. માન્યતામાં મોટો ફેર. મોટી વાત ત્યાં. આહા..હા..! દંસણ ભ્રષ્ટ તે ચારિત્રથી, જ્ઞાનથી ભ્રષ્ટ છે. ચારિત્ર ભ્રષ્ટ હો પણ દર્શન ભ્રષ્ટ નથી તો એ ક્ષાયિકસમકિતી અલ્પ કાળમાં તીર્થંકરાદિ થશે. શ્રેણિક રાજા. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ સમ્યગ્દર્શન બાપુ, એ ચીજ તો કોઈ અલૌકિક વાતું છે. પોતાની કલ્પનાએ માની લે એ જુદી વાત છે. આહા..હા..!

અહીં શું કહેવું છે? કે અજ્ઞાની વિકારપણે પરિણમે છે, એમ કહે છે. જ્ઞાની વિકારપણે પરિણમે એમ નહિ. દર્શનની અપેક્ષાએ વાત છેને. પર્યાયમાં જેટલો રાગ છે એટલું દુઃખ છે જ્ઞાનીને પણ. આહા..હા..! જેટલો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ તો આવે છે સમકિતીને પણ એ બંધનું કારણ છે; પણ અહીં તો કહ્યુંને કે મંત્રનો સાધક મંત્રનો કર્તા છે, પણ એ સ્ત્રીને વિડંબના કરે કે સર્પ ઊતરી જાય એનો એ કર્તા નથી. આહા..હા..! એમ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન એ બધા નિમિત્ત હોય, વિકલ્પ

છે એ નિમિત્ત છે, પણ એ નિમિત્ત આત્માની નિશ્ચયસમ્યગ્દષ્ટિનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ નિમિત્ત હોવા છતાં પરનો કર્તા નથી, એમ વ્યવહારરત્નત્રય હોવા છતાં પણ નિશ્ચયનો કર્તા નથી. આહા..હા..! શું કરે? જગતને ક્યાંક ને ક્યાંક મિથ્યાશલ્યમાં પડ્યા હોય અને માને કે અમે ધર્મી છીએ ને સમકિતી છીએ. કોણ ના પાડે? આહા..હા..! સમજાણું કાંઈ? અહીં કહે છે કે **'કોઈ સાથે મમત્વ કરે છે,...'** **'તે ભાવો નિમિત્તમાત્ર થતાં,...'** નિમિત્તમાત્ર બસ. **'પુદ્ગલદ્રવ્ય પોતે પોતાના ભાવથી જ કર્મરૂપે પરિણમે છે. પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ માત્ર છે. કર્તા તો બન્ને પોતપોતાના ભાવના છે, એ નિશ્ચય છે.'** આહા..હા..!

હવે ૯૨. **'તાત્પર્ય કહે છે :-'** હવે સરવાળો. અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થાય છે એ.

परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो।
अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि।।९२।।

**પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,**
**અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.**

હવે એ કર્મ ક્યુ? વિકાર પરિણામનું કારણ. સમજાણું કાંઈ? હવે કહેશે, જુઓ,

**'ટીકા :— અજ્ઞાનથી આ આત્મા...'** શું કહે છે? આ આત્મા. આ આત્મા એમ. સમજાણું કાંઈ? **'અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો હોય...'** રાગની અને પોતાના જ્ઞાનસ્વભાવની જુદાઈ ન જાણતો હોય, ભેદરત્નત્રયના વ્યવહારના વિકલ્પ અને પોતાનો સ્વભાવ ભિન્ન છે એમ ન જાણતો હોય. આહા..હા..! **'ત્યારે પરને પોતારૂપ...'** એ રાગ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ વિકલ્પ, એને પોતાના માને છે.

**'પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો,...'** આહા..હા..! ઝીણી વાત છે હોં. ૯૨-૯૩ની. **'પોતે અજ્ઞાનમય થયો થકો,...'** એ વિકારપણે કરવાવાળો પોતે અજ્ઞાનમય થયો થકો **'કર્મોનો કર્તા પ્રતિભાસે છે.'** કર્મ નામ વિકારી પરિણામનો કર્તા પ્રતિભાસે છે. જડનો નહિ અહીંયાં. આહા..હા..! **'તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે :—'** ઝીણું છે થોડું. ધ્યાન રાખવું. **'જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરવાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્ગલપરિણામની અવસ્થા...'** ઠંડુ અને ગરમ એ પુદ્ગલ જડની અવસ્થા છે ઠંડી આદિ. **'પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે...'** ઠંડી અને ગરમ અવસ્થા પુદ્ગલથી અભિન્ન છે. આહા..હા..! **'આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...'** ઠંડી અને ગરમ અવસ્થા ભગવાન આત્માથી તો અત્યંત ભિન્ન છે. આત્મા ઠંડો નથી થતો, આત્મા ગરમ નથી થતો. આહા..હા..! મરચા ખાય છેને મરચા, તીખુ થઈ જાય તીખુ. તો એ તીખો આત્મા થઈ જાય છે? એ તો જડની પર્યાય છે. આત્મા તો એને જાણે

છે. તીખાશ મારામાં છે અને હું તીખો થઈ ગયો એમ છે નહિ.

**'જેમ શીત-ઉષ્ણ અનુભવ કરાવવામાં સમર્થ એવી શીત-ઉષ્ણ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...'** શું કહે છે? ઠંડા-ગરમનું જે જ્ઞાન અહીં થાય છે એ **'અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે...'** એ જ્ઞાનથી તો આત્મા અભિન્ન છે. શું કહ્યું? ઠંડી અને ગરમ અવસ્થા પુદ્ગલથી અભિન્ન છે, આત્માથી ભિન્ન છે, પણ ઠંડી-ગરમ અવસ્થાનું જ્ઞાન પોતામાં થાય છે એ જ્ઞાનથી આત્મા અભિન્ન છે. સમજાણું કાંઈ? જે ઠંડુ-ગરમ છે એવું જે જ્ઞાન થયું, તો જ્ઞાનથી આત્મા અભિન્ન છે, પણ ઠંડી અવસ્થાથી તો ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે,...'** આહા..હા..! ઠંડી-ગરમ અવસ્થાથી, ઠંડી-ગરમ અવસ્થાનું જ્ઞાન પોતાથી અભિન્ન છે, પુદ્ગલથી ભિન્ન છે. ઠંડી-ગરમ જે અવસ્થા છે એ પોતાને ઠંડા-ગરમનું જ્ઞાન થયું એ જ્ઞાનથી ઠંડી-ગરમ અવસ્થા ભિન્ન છે. સમજાણું કાંઈ? આ તો દૃષ્ટાંત છે. અંદર કઠણ છે સિદ્ધાંતમાં.

**'તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...'** હવે જરી સૂક્ષ્મ વાત છે, ભગવાન! **'રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની...'** એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુદ્ગલના પરિણામ. આહા..હા..! જેમ શીત અને ઉષ્ણ પુદ્ગલના પરિણામ, એમ પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધભાવ એ પુદ્ગલપરિણામ. આહા..હા..!

**શ્રોતા :—** પર્યાયમાં હોવા છતાં પણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પર્યાય પુદ્ગલના નિમિત્તથી થઈ છેને. પોતાના સ્વભાવમાં ક્યાં છે. આહા..હા..! સૂક્ષ્મ છે, ભાઈ! જુઓ,

શીત-ઉષ્ણ જે છે એ પુદ્ગલના પરિણામ છે કે જે પુદ્ગલથી અભિન્ન છે, પણ શીત-ઉષ્ણનું જે જ્ઞાન થયું એ જ્ઞાન આત્માથી અભિન્ન છે અને એ જ્ઞાનથી શીત-ઉષ્ણ અવસ્થા ભિન્ન છે. **'તેવી રીતે...'** એ તો દૃષ્ટાંત થયું. ભગવાન આત્મામાં.. આહા..હા..! **'અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની...'** એવો અનુભવ કરાવવામાં સમર્થ. એટલે શું કહે છે? રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પનાનું જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ જે છે એ અહીંયા જ્ઞાન આત્મા પોતાનું કરે છે અને એનું કરે છે, તો સ્વપરપ્રકાશક જ્ઞાન કરનાર જીવ છે. એ જ્ઞાનમાં રાગ-દ્વેષાદિ નિમિત્ત છે. સમજાણું કાંઈ? પણ એ રાગ-દ્વેષ આત્માનું કાર્ય નથી, તેમ એ જ્ઞાનની અવસ્થા રાગ-દ્વેષે કરી એમ પણ નહિ, તેમ રાગ-દ્વેષની અવસ્થા આત્માનું કાર્ય છે એમ પણ નથી. આહા..હા..! ઝીણી વાત, ભગવાન! આહા..હા..! અમરચંદભાઈ! આ બધા

વૃદ્ધો છે જૂના માણસો. એય પોપટભાઈ! તમે તો નવા આમાં આવ્યા, પણ આ તો જૂના માણસ છેને. તમે તો સ્થાનકવાસી છેને આમાં આવ્યા. આ તો બધા દિગંબર જૂના. આહા..હા..!

શું કહે છે? જુઓ, શાંતિથી સાંભળવું હોં! શીત અને ઉષ્ણ પુદ્ગલની અવસ્થા પુદ્ગલથી અભિન્ન અને શીત-ઉષ્ણ અવસ્થાનું જ્ઞાન જે પોતામાં થાય છે એ જ્ઞાનમાં શીત-ઉષ્ણ અવસ્થા નિમિત્ત. સમજાણું કાંઈ? પણ એ શીત-ઉષ્ણ અવસ્થા જ્ઞાનની પર્યાયનો કર્તા નથી, તેમ જ્ઞાનની પર્યાય શીત-ઉષ્ણની અવસ્થાની કર્તા નથી. આ દૃષ્ટાંત.

'તેવી રીતે...' ભગવાન આત્મામાં પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિના પરિણામ, હિંસા, જૂઠ આદિના ભાવ અને અંદર સુખ-દુઃખની કલ્પના થવી એ પુદ્ગલના પરિણામ છે, આત્માની જાત નહિ. જેમ શીત અને ઉષ્ણ પુદ્ગલના પરિણામ એ પુદ્ગલથી અભિન્ન છે, એમ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ—પુદ્ગલપરિણામ પુદ્ગલથી અભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, **'તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...'** કોણ અનુભવ કરાવવામાં સમર્થ? પુણ્ય અને પાપ અને હરખ-શોક જે પર્યાયમાં થયા એ ખરેખર પુદ્ગલના પરિણામ છે. એ પુદ્ગલના પરિણામ અહીં જ્ઞાન કરાવવામાં, અનુભવ એટલે જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? **'પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...' 'તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...'** તેવી રીતે નામ જેવા રાગ-દ્વેષ અને પુણ્ય-પાપભાવ છે એ જ પ્રકારનું જ્ઞાન પોતાથી થાય છે તો એ જ્ઞાન કરાવવામાં નિમિત્ત નામ સમર્થ છે. આહા..હા..! શાંતિથી (સમજવું). આ અધિકાર ઘણો સૂક્ષ્મ છે. આહા..હા..! અહીં ભૂલ પડી છે. ભગવાન! ત્યાં છે.

જુઓ, **'તેવી રીતે...'** કોની રીતે? શીત-ઉષ્ણની રીતે. શીત અને ઠંડા અને ગરમ અવસ્થા પુદ્ગલની, શીત-ઉષ્ણ પોતાનું જ્ઞાન કરાવવામાં નિમિત્ત. સમજ્યા? પણ શીત-ઉષ્ણ અવસ્થાનો જ્ઞાન કર્તા નથી. એ જ્ઞાન કર્તા આત્મા, એમાં શીત-ઉષ્ણ જ્ઞાનમાં નિમિત્ત. નિમિત્ત હોવા છતાં પણ જ્ઞાનની અનુભવદશાનો કર્તા નથી અને અનુભવદશા છે એ શીત-ઉષ્ણને જાણે છે તો શીત-ઉષ્ણ એનું કાર્ય નથી; એમ આત્મામાં રાગ અને દ્વેષ અને સુખ-દુઃખના પરિણામ અહીંયા પુદ્ગલના કહી દીધા. વસ્તુ ભગવાન આનંદનો નાથ એમાં ક્યાં આ વસ્તુ છે? પર્યાયમાં ઉત્પન્ન થયા, વસ્તુમાં દ્રવ્ય-ગુણમાં તો છે નહિ. આહા..હા..! નિમિત્તાધીન થઈને જે રાગ, દયા, દાન, કામ, ક્રોધ, શુભ-અશુભભાવ (થાય) એ **'પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે...'** આહા..હા..! જડથી એકમેક એ દશા છે. આત્માથી ભિન્ન છે. સમજાણું કાંઈ? **'અત્યંત ભિન્ન છે...' 'પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી અત્યંત ભિન્ન છે...'** શું કહ્યું? પહેલેથી ફરીને લઈએ.

**'તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...'** એટલે? અર્થાત્ રાગ-દ્વેષ

અને સુખ-દુઃખના પરિણામ પુદ્‌ગલના. એ આત્માને જ્ઞાન કરાવવામાં નિમિત્ત, અનુભવ કરાવવામાં નિમિત્ત. છે? **'એવી રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...'** એ રાગ અને દ્વેષ, દયા ને દાન, વ્રત અને ભક્તિના પરિણામ આત્માથી અત્યંત ભિન્ન છે. આહા..હા..! કર્તાકર્મ અધિકાર છેને? સમજાણું કાંઈ? જેમ શીત અને ઉષ્ણ એ પુદ્‌ગલપરિણામ એ પુદ્‌ગલથી અભિન્ન, એમ પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધના ભાવ એ પુદ્‌ગલપરિણામ પુદ્‌ગલથી અભિન્ન. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ બધું સમજવું પડશે હોં જુવાનિયાને. ત્યાં ધૂળમાંય નથી જુવાન આ તો બધા વૃદ્ધ થઈ જશે.. એં.. થઈ જશે. આ તો માટી-જડ છે. જુવાન અને વૃદ્ધ આત્મા ક્યાં છે? આહા..હા..!

**શ્રોતા :—** ઓલી ગાથામાં આપે કર્તા કીધો, આ ગાથામાં આપ કર્તા કહો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અજ્ઞાની કર્તા કહ્યોને. અજ્ઞાનીને કર્તા કહ્યો ત્યાં. અજ્ઞાનીને કર્તા કહ્યો ત્યાં. અહીં જ્ઞાની કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

અજ્ઞાની પુણ્ય ને પાપ ને દયા ને દાન ને વ્રત ને ભક્તિના પરિણામનો કર્તા છે, જ્ઞાની એનો કર્તા નથી. કેમકે શીત-ઉષ્ણ અવસ્થા એ પુદ્‌ગલથી અભિન્ન છે, એમ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે. આહા..હા..! એ શીત-ઉષ્ણ અવસ્થા આત્માને જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે—જ્ઞાન કરાવવામાં સમર્થ છે, પણ આત્માને શીત-ઉષ્ણ કરાવવામાં એ શીત-ઉષ્ણ સમર્થ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ રાગ ને દ્વેષ અને પુણ્ય-પાપના ભાવ, સુખ-દુઃખના ભાવ એ પુદ્‌ગલપરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે, એ આત્માનો અનુભવ કરાવવામાં નિમિત્ત સમર્થ છે, જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? પણ રાગ-દ્વેષ પોતાનું કાર્ય છે એમ કરવાની એ રાગ-દ્વેષની તાકાત નથી. તેમ આત્મા રાગ-દ્વેષનો કર્તા થાય એ પણ તાકાત આત્મામાં નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! સંસારના ડાહ્યા બધા. એય.. શેઠ! સંસારની વાતું કરવા બેસે તો મોટી તમાકુની ને ઢીંકણાની, ફીકણાની, કરોડપતિ ને ધૂળપતિની. એમાં છે શું ધૂળમાં?

**શ્રોતા :—** ત્યાં તો સસ્તી ધૂળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ત્યાં ધૂળ છે, ત્યાં ઠીક છે એમ કહે છે. સાગરમાં ઠીક છે એમ કહે છે, અહીંયા ધૂળ છે એમ કહે છે. એય..! ધૂળેય નથી સાગરમાં. એ દરિયો છે સંસારનો. આહા..હા..! રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ સંસારસમુદ્ર છે એમ કહે છે. રાગ-દ્વેષ, દયા-દાન, વ્રત, ભક્તિના પરિણામ પુદ્‌ગલપરિણામ કહ્યા, જીવની જાત નહિ, અચેતન કહ્યો. ૭૨ ગાથામાં જડ કહ્યા. શુભ-અશુભ પરિણામ.. ૭૨ ગાથામાં આવી ગયું. શુભ-અશુભ પરિણામ બેય અશુચિ છે. ભગવાન આત્મા નિર્મળાનંદ છે એમ કહ્યું. પુણ્ય-પાપના ભાવ જડ છે. ભગવાન વિજ્ઞાનઘન છે. બે ભિન્ન ચીજ છે. પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે. ભગવાન સદા

આનંદરૂપ છે. ૭૨ ગાથામાં આવી ગયું છે. સમજાણું કાંઈ? ભગવાન કોણ? આ ભગવાન હોં! બીજા ભગવાન એની પાસે રહ્યા. આહા..હા..! અરેરે..! ખબર ન મળે. પોતાનો ભગવાન વિજ્ઞાનઘન. ભગવાન તરીકે બોલાવ્યો છે આચાર્યોએ. સમજાણું કાંઈ?

જેમ માતા બાળકને જુલાવવામાં ઘોડિયામાં સૂવાડે છે તો એના વખાણ કરે છેને. 'મારો દીકરો ડાહ્યો છે ને આમ છે ને તેમ છે' એમ વખાણ કરે તો સૂઈ જાય. ગાળ દેશો તો નહિ સુવે હોં. એ જોઈ જોવું તમારે કોઈવાર. બાળકને ગાળ દે ગાળ.. મારા રોયા સૂઈ જા. નહિ સૂવે. સૂતો નથી? નહિ સૂવે. એના વખાણ કરશે તો સૂઈ જશે. અહીં ત્રણલોકના નાથ તીર્થંકર અને સંતો જગતને જગાડવા ભગવાન તરીકે બોલાવે છે. એની મા સૂવાડવા માટે ડાહ્યો કહે, આ જગાડવા માટે ત્રણલોકના નાથ ભગવાન તું છે ને આ શું છે? એ પુદ્‌ગલના પરિણામનો કર્તા તું નહિ, નાથ! એવી તું ચીજ છો.

વ્યવહારરત્નત્રયના પરિણામ પુદ્‌ગલના પરિણામ અચેતન જડ છે. જેમ શીત અને ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલ જડની સાથે અભેદ છે, એમ વ્યવહારરત્નત્રયનો શુભ-અશુભભાવ એ પુદ્‌ગલ સાથે અભેદ અને પુદ્‌ગલના પરિણામ છે. રાડ નાખી જાયને. હવે એ વ્યવહારરત્નત્રયને સાધન કહેવું છે એને. સમજાણું કાંઈ? જે પુદ્‌ગલના પરિણામ અચેતન-જડ છે, એ ચૈતન્યને મોક્ષમાર્ગમાં સાધન અને સાધક છે. ધૂળેય નથી, સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ કામ કર્યા છેને! અમૃતચંદ્રાચાર્ય. મારો રામ આતમરામ કહે છે રાગમાં રમે નહિ એ અને રાગમાં રમે એ આત્મા નહિ અને આત્મામાં રમે એ આત્મા. આહા..હા..! 'નિજપદ રમે સો રામ કહીએ.' આનંદમાં રમે તેને આત્મરામ કહીએ, રાગમાં રમે તેને હરામી-અણાત્મા કહીએ. આવી વાત છે. અનાત્મા કહ્યો છેને. અનાત્મા જડ કહ્યો પછી પ્રશ્ન ક્યાં? ૭૨માં કહ્યુંને પહેલું. જડ કહ્યો છે, અચેતન છે, અજીવ છે. આહા..હા..! જીવ-અજીવ અધિકારમાં દયા, દાન, વ્રતના પરિણામને અજીવ કહ્યા છે.

અહીં કહે છે, '**અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે...**' શું કહે છે? કે અવસ્થા સુખ-દુઃખ અને રાગ-દ્વેષની '**પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...**' એ દયા, દાન, વ્રતના—વ્યવહારરત્નત્રયના પરિણામ આત્માથી ભિન્ન છે અને પુદ્‌ગલથી અભિન્ન છે. રાડ નાખી જાય. અમરચંદભાઈ! બિચારાએ કદી સાંભળ્યું નથી. જિંદગી એમાં રળવામાં અને કરવામાં (જાય). એમાં પાચ-પચાસ લાખ ભેગા થાય ધૂળ, છોકરા કાંઈક ઠીક થાય તો કહે અમે ફાવ્યા. મરી જવાના છો. ફાવે શું ધૂળ? સાંભળને. સમજાણું કાંઈ? એય ચીમનભાઈ! કારખાના મોટા દસ-દસ લાખના કારખાના, પચાસ લાખના કારખાના. આહા..હા..! ઓલું મોટું કારખાનું નથી અહીં ઉજ્જૈનમાં? જાંજરી! વિનોદ મીલ ને શું છે તમારે? નહિ? મોટી શેઠીને. લાલચંદ શેઠ હતાને. મમતા... મમતા... મમતા.. અને બ્રાહ્મણ પાસે જાપ જપાવતા. આ જૈન. જાપ જપાવતા એમ કહે. મોટી મીલ

છેને અઢી કરોડની. ફલાણા ઢીકણા (બનાવવાની). લઈ ગયા હતા એક ફેરી પગલા કરાવવા. પોતે શેઠ હતા ત્યારે ગયા હતા. ધૂળેય નથી. કોણ કારખાના કોણ હલવે? કોણ હલાવે? ભાઈ! તને ખબર નથી. આહા..હા..!

અહીંયાં તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને પુદ્ગલપરિણામ કહીને પોકાર કર્યો છે અને એ પુદ્ગલથી અભિન્ન છે, તારાથી ભિન્ન છે. એ **'અનુભવ કરાવવામાં સમર્થ...'** ભાષા જુઓ, આત્માના આનંદનો અનુભવ જે થાય છે એમાં એ નિમિત્ત છે. નિમિત્ત છે. પણ એ તારા છે? આહા..હા..! આસ્રવતત્ત્વ, જીવતત્ત્વ તો ભિન્ન છે. નહિતર નવ તત્ત્વ ક્યાંથી રહે? પુણ્યતત્ત્વ, જીવતત્ત્વ તો નવ છે. નવ તત્ત્વમાં ભિન્ન છે. પુણ્યતત્ત્વ જીવનું થઈ જાય તો તો બે એક થઈ જાય છે, તો નવ તત્ત્વ રહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તો જ્ઞાયક તત્ત્વ છે. એ પુણ્યપરિણામ જ્ઞાયકમાં જાણવામાં ઉપાદાન પોતાનું છે. પોતાથી જ્ઞાની જાણે છે, સ્વને-પરને, પણ એ જાણવામાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...'** શું કહે છે એ? રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના જે છે એનું જે અહીં આત્મામાં જ્ઞાન થયું, જ્ઞાન હોં. **'તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે...'** એ પુણ્ય અને પાપનું જ્ઞાન થયું એ પોતાથી થયું, એ જ્ઞાન આત્માથી અભિન્ન છે અને પુણ્ય-પાપના ભાવ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. લોકોને બિચારાને એમ થઈ જાય. અમે આ બધું ભક્તિ, જાત્રા, સમ્મેદશિખરની કરીએ. જુઓ, 'એકવાર વંદે જો કોઈ, નરક (પશુ ન હોઈ)...' એમાં દાળિયા શું થયા? ધૂળ? એકવાર વંદે એવો શુભભાવ હોય તો કદાચ નરક-પશુમાં ન જાય. પછી જશે. પણ જવાનો. સમજાણું કાંઈ? આહા..હા..!

એ ભાવ જે છે જાત્રાનો ભાવ એ પુદ્ગલના પરિણામ છે એમ કહે છે અને પુદ્ગલના પરિણામ પુદ્ગલથી એકમેક છે, ભગવાનથી ભિન્ન છે. એ પરિણામ પુદ્ગલના પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન આત્મા કરે છે એમાં નિમિત્ત છે. નિમિત્તનો અર્થ ઉપસ્થિતિ છે એટલું. એનાથી અહીંયા જ્ઞાન થયું એમ પણ નહિ. જ્ઞાન તો પોતાથી થયું છે. એનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન પોતાથી પોતામાં થયું છે. આહા..હા..! ભારે કઠણ. હવે આ સાધારણ માણસને બિચારાને દયા પાળવી, વ્રત કરવા ને બસ થઈ ગયો ધર્મ. ધૂળેય નથી. મરી જઈશ, સાંભળને. અનંતકાળમાં એવું અનંતવાર કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય...'** શું કહે છે? આત્મા જ્યારે પુણ્ય-પાપના, દયા-દાન આદિના ભાવ અને પોતાના આત્માનો ભાવ. છે? **'તેના અનુભવનો...'** અનુભવ નામ

જ્ઞાન. રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવનું જે અહીં જ્ઞાન અને પુણ્ય-પાપભાવ એ ભિન્ન. એમ **'અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય...'** જ્ઞાન એ મારી ચીજ છે અને રાગ-દ્વેષ મારી ચીજ નથી—એમ પરસ્પર ભિન્ન જાણતો નથી. આહા..હા..! રાગ-દ્વેષ મારા અને જ્ઞાનની પર્યાય એની—એમ બેને એક કરે છે. આહા..હા..!

**'અજ્ઞાનને લીધે...'** મિથ્યાદષ્ટિને કારણે. **'રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે,...'** એ દયા, દાન, વ્રતના પરિણાથી આત્મા એકત્વબુદ્ધિને કારણે ભિન્નતાનું ભાન નથી. એ પુણ્ય અને પાપ મારાથી ભિન્ન છે અને એનું જ્ઞાન હું કરું એ મારા જ્ઞાનથી હું અભિન્ન છું, તેનાથી તો હું ભિન્ન છું. આહા..હા..! દરબાર! આ થોડા વખતમાં નથી સમજાય એવું. જાડું જાડું સમજી જાય અને દીક્ષા દઈ દયો. શું દીક્ષા દે ધૂળ? દીક્ષા કેવી? હજી તો સમ્યગ્દર્શન કેમ થાય એના ઠેકાણા નથી ને દીક્ષા કેવી? સમજાણું કાંઈ? દીક્ષા કોને કહેવી હજી? મુનિપણાની તો વાત જ જુદી છે, પણ જૈનપણું થવું એ પણ અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! બહુ સરસ ગાથા. ઓ..હો..હો..!

**'જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિનો...'** અને એનું જ્ઞાન **'પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ)...'** શું કહે છે? આહા..હા..! ઠંડી અને ગરમ અવસ્થાપણે આત્મા થાય એ અશક્ય છે. છેને? તેવી રીતે **'આત્મા વડે પરિણમવું અશક્ય છે...'** આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામપણે આત્માનું પરિણમવું અશક્ય છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! આહા..હા..! શીત-ઉષ્ણપણે થવાને જ્ઞાન અશક્ય છે, એમ દયા, દાનના પરિણામપણે આત્માનું થવું અશક્ય છે. આહા..હા..! ન થઈ શકે.

**'એવાં રાગ-દ્વેષ,સુખ-દુઃખાદિરૂપે અજ્ઞાનત્મા વડે પરિણમતો થકો...'** લ્યો! જ્ઞાનપણે પરિણમતો નથી અને રાગપણે પરિણમન થયું એ અજ્ઞાન આત્મા છે. સમજાણું કાંઈ? **'અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો (અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો),...'** હું જાણે રાગ-દ્વેષરૂપે પરિણમી ગયો એમ માને છે, કાંઈ રાગ-દ્વેષરૂપે આત્મા થતો નથી. પછી શું? આત્મા તો જ્ઞાયક છે, પણ માન્યતામાં એમ છે કે હું રાગ-દ્વેષપણે થઈ ગયો, હું રાગ-દ્વેષપણે પરિણમ્યો. એમ માનતો થકો.. પ્રવિણભાઈ! ગાથા એવી આવી છે. **'(અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો), જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...'** જ્ઞાનમય દશા પ્રગટ થવી જોઈએ એને ઠેકાણે જ્ઞાનનું અજ્ઞાન રાગ-દ્વેષરૂપે પરિણમે છે એ અજ્ઞાનપણે પરિણમે છે. આહા..હા..! સૂક્ષ્મ છે ઘણું, હોં! શીત-ઉષ્ણપણે પરિણમવું, ઠંડી-ગરમ અવસ્થાપણે

પરિણમવું જેમ આત્મામાં અશક્ય છે. આહા..હા..! એમ રાગ-દ્વેષપણે પરિણમવું આત્મામાં અશક્ય છે, આત્મામાં એ સામર્થ્ય છે નહિ, પણ અજ્ઞાનપણે હું રાગ-દ્વેષપણે પરિણમું છું એમ અજ્ઞાની માને છે. આહા..હા..! એ '**પોતે અજ્ઞાનમય થયો થકો, આ હું રાગી છું...**' બસ! હું પુણ્ય કરનારો, શુભરાગને કરનારો, એ શુભરાગ હું છું. આહા..હા..! છે? '**(અર્થાત્ આ હું રાગ કરું છું)...**' આ ગજબ વાત કરી છેને! આહા..હા..! બંડીજી! તમારે બંડી એક હશે બધા એ? ઉદયપુરવાળા. ના ના, એ તો છેને. બંડી એક છે. નાત એક છે કે નહિ? આહા..હા..! વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૭, મંગળવાર, તા. ૧૭-૮-૧૯૭૬,**
**ગાથા-૯૨,**
**પ્રવચન નં. ૧૫૮**

સમયસાર, ૯૨-ગાથા. અહીંયા આવ્યું છે. જેમ શીત-ઉષ્ણ પર્યાય પુદ્ગલની છે તો શીત-ઉષ્ણપણે ચૈતન્યનું પરિણમન થવું અશક્ય છે. કેમકે શીત અને ઉષ્ણ ભાવ એ તો જડની દશા છે. જડની દશા પોતાના જ્ઞાનસ્વભાવના અનુભવમાં નિમિત્ત હો, સમજાણું કાંઈ? પણ એ જડની દશાનો અનુભવ, આત્મા એ-રૂપે થઈને ઠંડો-ગરમ થઈને પરિણમે એ તો અશક્ય છે. સૂક્ષ્મ વાત છે. તેવી રીતે... અહીં આવ્યુંને?

'**જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે...**' આહા..હા..! ગજબ વાત, પ્રભુ! પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ એવા જે રાગ-દ્વેષના પરિણામ છે, એ રૂપે '**આત્મા વડે પરિણમવું અશક્ય છે...**' આહા..હા..! કેમકે આત્મા તો જ્ઞાનાનંદ સ્વભાવ છે. એવી દૃષ્ટિ જ્યાં થઈ તો એનું પરિણમન તો શુદ્ધ આનંદકંદની દશા એની થાય છે. આહા..હા..! એ કારણે આત્મા રાગ અને દ્વેષ અને સુખ-દુઃખ આદિ '**અજ્ઞાનાત્મા વડે...**' આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, આનંદ છે એવી દૃષ્ટિનો અભાવ છે એ મિથ્યાદૃષ્ટિ રાગ અને દ્વેષપણે, પુણ્ય-પાપપણે, અજ્ઞાનપણે પરિણમતો એને ભાસે છે. અજ્ઞાનીને એમ

ભાસે છે. આહા..હા..! સૂક્ષ્મ વાત. ક્યાં ઠંડી-ગરમ અવસ્થા જડ, ક્યાં પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામ એ જડ. આહા..હા..! જેમ ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ પ્રભુ એનું શીત-ઉષ્ણપણે પરિણમવું અશક્ય છે, એમ શુભ-અશુભભાવ એ પણે થવું અશક્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે એ તો જ્ઞાયકભાવ છે. જ્ઞાયકભાવ એ રાગ અને દ્વેષપણે જે અચેતન છે, આહા..હા..! એ આસ્રવભાવ છે. પુણ્ય અને પાપ અને મિથ્યાત્વભાવ એ મલિનભાવ, આસ્રવભાવ, જડભાવ, દુઃખરૂપ છે. આહા..હા..! એ વિકારપણે પરિણમવું એ અશક્ય છે.

કહ્યું હતુંને છઠ્ઠી ગાથામાં કે જે શુભ-અશુભભાવપણે જ્ઞાયક આત્મા પરિણમે તો એ જડ થઈ જાય. આહા..હા..! છઠ્ઠી ગાથામાં કહ્યું હતું. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' ભગવાન આત્મા એ તો જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યબિંબ પ્રભુ એ પુણ્ય અને પાપના ભાવ જે અચેતન-જડ છે. આહા..હા..! ગજબ વાત! ભાઈ! એ વ્રત-અવ્રતના પરિણામ ઉઠે છે એ બધા અચેતન છે. કેમકે રાગમાં જાણવાની તાકાત નથી. આહા..હા..! એ રાગ બીજા વડે જણાય છે તેથી રાગને અચેતન જડ કહેવામાં આવ્યા છે. આહા..હા..! શેઠ! આવી વાત અલૌકિક બીજી છે. આહા..હા..! ભગવાન આત્મા જેમ ઠંડા અને ગરમ અવસ્થાપણે થવું અશક્ય છે, આહા..હા..! એમ ભગવાન જ્ઞાયકસ્વરૂપ પ્રભુ એ મિથ્યાત્વ અને પુણ્ય ને પાપપણે પરિણમવું અશક્ય છે. વસ્તુ કઈ રીતે વિકારપણે પરિણમે? આહા..હા..! સમજાણું કાંઈ? એમ '**અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો...**' પણ પોતાના સ્વરૂપનું ભાન નથી તો જ્ઞાનનું જ્ઞાનપણે પરિણમન થવું જોઈએ એને છોડીને '**અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો...**' આહા..હા..! એ રાગ અને પુણ્ય-પાપપણે પરિણમિત એ અજ્ઞાનપણે પરિણમે છે. એ અજ્ઞાનભાવ છે. ઝીણી વાત, ભાઈ! બહુ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ?

પરનો કર્તા અને પરનું કાર્ય એ તો ક્યાંય રહી ગયું. શરીર, વાણી, મન, જગતની વ્યવસ્થા કરવી.. કહો, શેઠ! તમાકુ લાવવા, તમાકુને આમ કરવું ને તેમ કરવું એ ક્રિયાની તો અહીં વાતેય નથી. ભગવાન આત્મા દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ જે રાગ ઉઠે છે, આહા..હા..! એ રાગપણે જ્ઞાયકભાવ પરિણમવો અશક્ય છે. આહા..હા..! છતાં અજ્ઞાની અજ્ઞાનભાવ જે પુણ્ય-પાપના ભાવ એ અજ્ઞાનભાવ છે. અજ્ઞાનભાવનો અર્થ એ પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાનનો અંશ નથી. આહા..હા..! વિજાતીય, જડ, અચેતન છે. આહા..હા..! રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અને શુભાશુભ આદિ એ પોતાને તો જાણતા નથી, એ બીજા દ્વારા જણાય છે તેથી એ પુણ્ય અને પાપના ભાવને અચેતન-જડ કહેવામાં આવે છે. આહા..હા..! છતાં અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવપણે પરિણમવું છોડીને, પોતાની દૃષ્ટિ જ્ઞાયકસ્વભાવથી હટીને પુણ્ય અને પાપપણે અજ્ઞાનપણે પરિણમતો ભાસે છે. આહા..હા..!

'**અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો (અર્થાત્...**' '**અજ્ઞાનપણે, રાગપણે પરિણમું છું**'

એમ માનતો થકો. આહા..હા..! 'શુભરાગપણે હું પરિણમું છું' એ અજ્ઞાનભાવે પરિણમતો માનો, પણ જ્ઞાયકભાવ કોઈ દિ' રાગરૂપે થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..! એ ચૈતન્ય ભગવાન જ્ઞાનનો દરિયો, પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન આત્મા જ્ઞાનસમુદ્ર પ્રભુ! એ જ્ઞાનનો સ્વભાવ રાગરૂપે કેવી રીતે પરિણમે? પણ અજ્ઞાની 'રાગરૂપે પરિણમું છું' એમ ભાસતા 'હું રાગી છું, હું રાગરૂપે પરિણમું છું' એમ અજ્ઞાની માને છે. આહા..હા..! જ્ઞાતાની દૃષ્ટિ છોડીને, સમ્યગ્દર્શન છોડીને... આહા..હા..! ઝીણી વાત ભારે આકરી. કહો, પંડિતજી! માર્ગ આવો છે, ભાઈ!

ભગવાન તો જ્ઞાયકસ્વરૂપ છેને. એ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યરસ, ચૈતન્યરસ એ રાગપણે કેમ થાય? પણ અજ્ઞાનીને જ્ઞાયકભાવ તરફ દૃષ્ટિ નહિ હોવાથી એ પુણ્ય-પાપના રાગના ભાવ મારા છે એમ માનીને અજ્ઞાનપણે પરિણમે છે. અજ્ઞાન નામ રાગ-દ્વેષપણે પરિણમવું એ અજ્ઞાનપણે પરિણમવું છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! વ્યવહારના રસિયા તો ક્યાંય ઊડી ગયા આમાં. આહા..હા..! સમજાણું કાંઈ? અમે વ્યવહાર તો કરીએ છીએ ને. પડિમા પાળીએ છીએ, વ્રત પાળીએ છીએ, બ્રહ્મચર્ય પાળીએ છીએ, દયા પાળીએ છીએ. અરે ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એ બધો વિકલ્પ-રાગ છે. 'રાગરૂપે હું પરિણમું છું' એવું અજ્ઞાનીને અજ્ઞાનપણે ભાસે છે. આહા..હા..! ક્યાં વાત લઈ ગયા! ઠંડું એ જડની દશા, એમ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ એ પુદ્ગલના પરિણામ, ચૈતન્ય જ્ઞાયકભાવ, ચૈતન્ય જ્ઞાયકભાવ એના એ પરિણામ નથી. આહા..હા..! અહીં તો વ્યવહાર થોડો કરે ને આમ કરે ને દયા પાળે, વ્રત કરે, પડિમા લ્યે (એટલે) થઈ ગયા ધર્મી. સમજાણું કાંઈ?

અહીંયા તો પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિમાં આવ્યું એવું કુંદકુંદાચાર્યે શાસ્ત્ર રચ્યું, એવી અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી. આહા..હા..! આ ટીકા અમૃતચંદ્રાચાર્યની છે. પ્રભુ! તારું સ્વરૂપ જ્ઞાન અને આનંદ છેને, તો જ્ઞાન અને આનંદપણે થવું એ તો તારી ચીજ છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિના રાગપણે પરિણમવું એ તારી ચીજ નહિ. આહા..હા..! અમરચંદભાઈ! આવી વાત છે, ભાઈ! કહે એકાંત કહે, નિશ્ચયાભાસી કહે. કહો, પ્રભુ! તારી પ્રભુતાની તને ખબર નથી. સમજાણું કાંઈ? તારી પ્રભુતા તો આનંદ અને જ્ઞાનમાં તારી પ્રભુતા છે. શું રાગરૂપ થવું એ તારી પ્રભુતા છે? આહા..હા..!

જુઓ, કેટલી વાત કરે છે! આ..હા..હા..! જ્ઞાયકભાવ, જ્ઞાનરસસ્વરૂપ પ્રભુ એ તો જ્ઞાનપણે પરિણમે એવી શક્તિ છે એની, પણ વ્યવહારરત્નત્રયનો રાગ છે... આહા..હા..! એવો વ્યવહારરત્નત્રયનો રાગ પણ અનંતવાર કર્યો. વ્યવહારરત્નત્રય અનંતવાર કર્યો છે, એ કોઈ નવી ચીજ નથી. આહા..હા..! કહે છે કે વ્યવહારરત્નત્રયરૂપ જે રાગ છે એ-રૂપે જ્ઞાયક આત્માથી પરિણમવું તો અશક્ય છે, છતાં અજ્ઞાની જ્ઞાયકભાવની દૃષ્ટિ છોડીને રાગ ઉપર જેની રુચિ છે એ રાગરૂપે અજ્ઞાનપણે એ પરિણમે છે. આહા..હા..! રાગરૂપે પરિણમવું એ અજ્ઞાનપણે

પરિણમવું કહેવામાં આવે છે. અને જ્ઞાનપણે પરિણમવું એને જ્ઞાનપરિણામ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ! વીતરાગમાર્ગ તો આવો છે. આહા..હા..! નવમી ગ્રૈવેયક અનંતવાર (ગયો). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.'

આહા..હા..! એ પંચમહાવ્રતના પરિણામ, સાધુના અઠ્યાવીશ મૂળગુણના પરિણામ એ તો રાગ છે, વિકાર છે, વિભાવ છે. એ અમૃતસ્વરૂપ ભગવાન વિભાવ નામ ઝેરપણે કેમ પરિણમે? આહા..હા..! એમ કહે છે. જ્ઞાનનો અમૃતસ્વરૂપ પ્રભુ એ રાગના ઝેરપણે કેમ પરિણમે? પણ અજ્ઞાની જ્ઞાયકભાવની દૃષ્ટિનો અભાવ કરીને એકલી પર્યાયબુદ્ધિમાં 'પુણ્ય અને પાપ હું કરું છું, પુણ્ય-પાપ એ હું છું'... 'હું ત્રિકાળી જ્ઞાયક છું' તો તારું પુણ્ય-પાપરૂપે પરિણમવું અશક્ય થઈ ગયું. સમજાણું કાંઈ? 'હું ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છું' એવી જે દૃષ્ટિ સમ્યક્ થઈ તો તો રાગપણે હું રાગ છું અને રાગપણે પરિણમું છું એ દૃષ્ટિ રહેતી નથી. આહા..હા..! ત્યારે તો જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિ થઈ જાય છે. સમકિતીની જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિ થઈ જાય છે. હજી મૂળની ખબર ન મળે અને આ વ્રત લઈને બેસે, ચારિત્ર થયા, વ્રતધારી થયા. અરે..! મરી જઈશ, બાપુ! ચોર્યાસીના અવતારમાં ઘોદા ખાઈ ખાઈને દુઃખી થયો છો. આહા..હા..! ઝીણી વાત છે, દરબાર! ન્યાં આવું ક્યાંય સમજાય એવું નથી. હજી તો સમજવાના ઠેકાણા ન મળે.

જ્ઞાનમાં એવી દૃષ્ટિ નથી કે જ્ઞાનપણે પરિણમવું એ જ આત્મા. જ્ઞાનપણે પરિણમવું છોડીને રાગપણે પરિણમવું એ અણાત્મા અને અજ્ઞાની છે. આહા..હા..! કેમકે રાગભાવ વ્રતાદિનો એ તો અચેતન છે. કેમકે રાગમાં પોતાથી જાણવાની શક્તિ નથી. રાગ પોતાને જાણતો નથી, રાગ જ્ઞાયકસ્વરૂપ ભગવાન સમીપમાં પડ્યો છે એને પણ જાણતો નથી. એ રાગ પરથી જ્ઞાનથી જણાય છે, માટે રાગ એ અચેતન છે. એ અચેતનપણે જ્ઞાયકભાવ પરિણમે એ અજ્ઞાનપણે પરિણમે છે. અથવા અજ્ઞાનપણે પરિણમતો માને છે. એમ લીધુંને? છે? '**અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો (અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો),...**' આહા..હા..! 'હું રાગરૂપે પરિણમું છું' એમ અજ્ઞાની માનતો થકો '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' આહા..હા..! ટીકા તે ટીકા. ભરતક્ષેત્રમાં આવી ટીકા ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? અન્યમતમાં તો છે જ નહિ, પણ જૈનમતમાં દિગંબરમાં આ સિવાય આવી વાત સ્પષ્ટ ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન! માર્ગ ગંભીર છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' અર્થાત્ ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ હોવા છતાં જ્ઞાનનું પ્રગટપણું નહિ કરીને જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરે છે. આહા..હા..! દયા, દાનના ભાવ અજ્ઞાન છે એ અજ્ઞાનપણે પ્રગટ કરતો થકો. આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! એવી વાત છે. કહો, શાંતિભાઈ! સમજ્યા વિના થઈ ગયા સાધુ, લ્યો. વ્યવહારના

પણ ક્યાં ઠેકાણા? નિશ્ચયદૃષ્ટિ તો નહિ, પણ વ્યવહારશ્રદ્ધામાં (ઠેકાણા નથી). જ્ઞાનપણે પરિણમવું એ વસ્તુસ્થિતિ. જ્ઞાનમાં અજ્ઞાનપણે પરિણમવું એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનસ્વભાવનું રાગપણે થવું એ તો અજ્ઞાનભાવ છે. જ્ઞાનનું.. છે? '**અજ્ઞાનત્વ...**' અજ્ઞાનપણું, રાગપણું, અજ્ઞાનપણું, પુણ્ય-પાપભાવ તે અજ્ઞાનપણું એ અજ્ઞાનત્વપણે પરિણમતો થકો. આહા..હા..! ભાષા તે ટીકા તે ગજબ છેને! આહા..હા..! સમજાણું કાંઈ? એ દિગંબર સંતો સિવાય આ વાત બીજે (ક્યાંય નથી). આહા..હા..! સમજાણું કાંઈ?

'વ્યવહારરત્નત્રનયનો જે વિકલ્પ છે એ પણે હું પરિણમું છું' એ જ્ઞાનના અજ્ઞાનપણે પરિણમે છે. આહા..હા..! આ તે વાત! સમજાણું કાંઈ? ચૈતન્યજ્યોત ભગવાન અવિકારી અતીન્દ્રિય જેનો સ્વભાવ (છે) એવી દૃષ્ટિ છોડીને અજ્ઞાની જ્ઞાનમાંથી 'અજ્ઞાનપણે પરિણમું છું, હું રાગપણે પરિણમું છું, હું રાગી છું અને રાગપણે હું પરિણમું છું. કેમકે રાગી છું તો રાગપણે પરિણમું છું.' 'હું જ્ઞાતા છું તો જ્ઞાનપણે પરિણમું છું' એ વસ્તુ તો રહી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! પોપટભાઈ! આ ઝીણું છે હોં! ઓલા પૈસા-બૈસામાં થોથામાં કાંઈ ન મળે. હેરાન થઈ ગયા છે બધા ત્યાં. વાત સાચી. રુચિ કરે, એ બાજુ વલણ કરે. પકડાય તો ખરુંને પહેલું, શું કહે છે અને કઈ રીત છે? પદ્ધતિ કઈ છે? ઈ કહેશે હમણાં. ઈ કહેશે. વિધિ આ છે. પાઠ જ લેશે. આહા..હા..! આ બે લીટીમાં તો આખા જૈનદર્શનનો સાર ભરી દીધો છે. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યબિંબ જ્ઞાયકભાવથી ભરપુર પડેલો પ્રભુ, એ તો જ્ઞાનપણે પરિણમવું, વિકારપણે નહિ અને અવિકારપણે પરિણમવું એ એની શક્યતા અને સામર્થ્યતા છે, પણ એ દૃષ્ટિનો અભાવ હોવાથી પુણ્યના પરિણામ જે શુભરાગ છે એ જ્ઞાનનો ભાવ પ્રગટ નહિ કરીને પુણ્યનો ભાવ અજ્ઞાનત્વ પ્રગટ કરતો થકો (પરિણમે છે). આહા..હા..! વાત આવી છે. આહા..હા..!

પુરુષ છે એ સ્ત્રીનો વેષ પહેરે છે તો જાણે સ્ત્રીનો ચાળો કરે અને સ્ત્રીપણે જાણે થઈ ગયો એમ માને. લોકો હોં! એ તો ન માને. એ તો જાણે કે હું તો પુરુષ છું. આ તો પોતે માને—સ્વયં માને કે હું રાગપણે થયો અને રાગી હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? શરીરપણે હું અને શરીરનો કર્તા એ વાત તો ક્યાંય રહી ગઈ, એ તો પરચીજ. પરપણે તો કદી થઈ શકતો નથી, પણ પોતાની પર્યાયમાં જે શુભરાગનો વિકાર થાય છે (તે પણે પણ થતો નથી). મૂળ તો શુભરાગમાં રોકાણો છે. સમજાણું કાંઈ?

એ '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' એટલા શબ્દમાં ઘણી ગંભીરતા છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એને અજ્ઞાનત્વપણે, રાગપણે પરિણમતો થકો, અજ્ઞાનત્વપણે પરિણમતો થકો. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! જૈનમાં જન્મ્યા હોય એણે સાંભળ્યું પણ નથી તત્ત્વ. દિગંબર અમે જૈન છીએ. શું જૈન છે? શું ચીજ છે એ સાંભળવા ન મળે એને શું લાભ થાય? સમજાણું કાંઈ? આહા..હા..! શું વાત! રાગ-દ્વેષ, સુખ-દુઃખ કલ્પના સુખ-દુઃખની.

સંસારના વિષય સંબંધીમાં સુખ છે અને વીંછીએ ડંખ માર્યો, સર્પ કરડ્યો એમાં દુઃખ છે. એ ચીજ દુઃખ નથી, એના લક્ષમાં દુઃખ છે એ દુઃખરૂપે પરિણમતો આત્મા, આહા..હા..! અજ્ઞાની છે. ઝેરના ડંખપણે તો આત્મા પરિણમતો જ નથી. સમજાણું કાંઈ? એમ શરીરમાં ક્રૂર રોગ થયો, તો આત્મા રોગપણે તો પરિણમતો જ નથી. પણ એ તરફનો દ્વેષ થતાં 'દ્વેષપણે હું પરિણમું છું. હું રાગી છું, હું દ્વેષી છું, હું વિકારી છું.' એટલે વિકારપણે પરિણમતો. હું તો વિકારપણે પરિણમું છું. વિકારપણે પરિણમું છું તો હું વિકારી છું 'એમ અજ્ઞાની માને છે.' આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! માર્ગ આવો છે, ભાઈ! એને સાંભળવા ન મળે એ ક્યારે સ્વસન્મુખ થાય? આહા..હા..! શું હું કરું છું અને શું થાય છે એની ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ઓહો..હો..! શું કહે છે?

'**શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે...**' આહા..હા..! શુભરાગપણે પરિણમવું જીવને અશક્ય છે, સમર્થાઈ નથી. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભરાગ એ પણે આત્મા પરિણમે એ અશક્ય છે. કેમકે આત્મામાં કોઈ શક્તિ વિકારી નથી. આહા..હા..! એટલે દ્રવ્યદૃષ્ટિથી તો વિકારપણે પરિણમવું એ છે જ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? પણ પર્યાયદૃષ્ટિમાં રાગને માને છે અને ત્રિકાળી સ્વરૂપ છે એને દૃષ્ટિમાંથી છોડી દીધું. આહા..હા..! ભગવાન આત્મા એકલો આનંદ અને જ્ઞાયકનો રસ છે, એની દૃષ્ટિ તો છોડી દીધી, એ જ્ઞાનસ્વભાવરૂપે પરિણમવું છોડી દીધું અને જ્ઞાનને અજ્ઞાનપણે પ્રગટ કરતો થકો, આહા..હા..! અર્થાત્ ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ જ્ઞાતા-દૃષ્ટા એને જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિ નહિ હોવાથી એ જ્ઞાનનું અજ્ઞાનત્વ, અજ્ઞાનત્વ—અજ્ઞાનપણું. રાગપણે પરિણમવું એ અજ્ઞાનપણે પરિણમવું છે. આહા..હા..! કેમકે રાગમાં જ્ઞાન નથી. જ્ઞાનમાં રાગ નથી અને રાગમાં જ્ઞાન નથી. આહા..હા..! આવી વાત તો આવી ગાથા આવે ત્યારે કહેવાયને. આહા..હા..! બરાબર ગાથા આવી છે. સાંભળવા જિજ્ઞાસુ આવ્યા છેને. ત્યાંથી છોડી-છોડીને ક્યાં દહેરાદુન ને ક્યાં... શું કહેવાય? સહરાનપુર ને ક્યાં દિલ્હી. બહુ દૂરથી આવ્યા છે બધા. આ ફેરી ૬૦૦ માણસ થઈ ગયા અને ૨૦૦-૩૦૦ બાયું છે. એ તો અહીંયાં.. ક્લાસમાં નહિ.

સુખની વ્યાખ્યા શું? .. ઘણા વર્ષ થઈ ગયા. ... વેવાઈ હતા. ચુડગર હતા. નહિ? થાન. એ તો માણેકચંદભાઈ. એ તો એમ કે આ દ્રવ્યદૃષ્ટિ (એટલે) પૈસાવાળાની દ્રવ્યદૃષ્ટિ? દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ એમ લખીને.. એ થાનવાળા. અને આ વઢવાણવાળા ચુડગર. આવ્યા હતાને. ઘણા વર્ષ થઈ ગયા, હોં. એ તો કહે, અમારા વેવાઈ સુખી છે. સુખની વ્યાખ્યા શું? પૈસા છે એ સુખની વ્યાખ્યા છે? અનુકૂળ પરિવાર છે, આબરુ ઘણી સારી છે, પૈસા ઠીક છે, શરીર નિરોગ છે અને દીકરો પણ સારો થયો અને પેદાશ કરે છે એ સુખની વ્યાખ્યા છે? સુખની વ્યાખ્યા તો ભગવાન આત્મા આનંદમાં જઈને આનંદની દશા પ્રગટ કરે એ

સુખી છે. જ્યાં ખાણ પડી છે. ખાણમાં ખોદવાથી, જેમ સોનાની ખાણ હોય એને ખોદે તો સોનું નીકળે, એમ ભગવાન આનંદની ખાણ છે ત્યાં એકાગ્રતા કર તો એમાંથી આનંદ નીકળશે. રાગમાં એકાગ્ર થઈશ તો દુઃખ ઉત્પન્ન થશે. સમજાણું કાંઈ? કહો, માણેકચંદભાઈ! આ બધા પૈસાવાળાને કોરડા પડે છે અહીં તો. આહા..હા..!

અહીં તો આ બે લીટીમાં તો કેટલું સમાડ્યું. ઓહો..હો...! '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' આહા..હા..! પ્રગટ કરતો થકો. ભગવાન જ્ઞાનસ્વરૂપી જ્ઞાતા-દ્રષ્ટા, એને છોડીને રાગરૂપે (પરિણમતો) એ અજ્ઞાનત્વભાવ છે. કેમકે રાગમાં જ્ઞાનનો અભાવ (છે). એવા અજ્ઞાનત્વપણે પરિણતો થકો... આહા..હા..! '**પોતે અજ્ઞાનમય થતો થકો,...**' હવે વિશેષ કહ્યું. '**પોતે અજ્ઞાનમય થતો થકો,...**' કોઈ કર્મને કારણે—દર્શનમોહ (ને કારણે), એમ પણ નહિ. આહા..હા..! લોકો તો આવી વાત આવે એટલે કહે, જ્યાં સુધી કર્મનું જોર છે તો અમારે અજ્ઞાનપણે પરિણમવું પડે. પણ વાત કોણ કહે છે? પોતાની ભૂલ પોતે કરે છે અને કર્મ ઉપર નાખી દે છે? સમજાણું કાંઈ? એવી અનીતિ સંભવે નહિ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું છે. તે દિ' ત્યાં કહ્યું હતું. ઈસરી. ૧૯ વર્ષ પહેલાં. ટોડરમલજીએ કહ્યું છે. અપરાધ તું કર અને કર્મ ઉપર નાખી દે એવી અનીતિ જૈનદર્શનમાં સંભવે નહિ. ટોડરમલજી કહે છે. એવી અનીતિ, અજ્ઞાનપણે વિકાર કરે અને તું કહે કે કર્મને લઈને થાય છે, એવી અનીતિ કર્મ ઉપર નાખવી એ અનીતિ જૈનમાં સંભવે નહિ. છેને? તે દિ' કહ્યું હતું ત્યાં. ૨૦૧૩ની સાલ. વર્ણીજી બધા બેઠા હતા. ભાઈ હતાને બંસીધરજી. એ તો ઊભા થઈ ગયા. એ વખતે તો બિચારા નવા.. આહા..હા..! પછી ઠરી જાય. એ વખતે તો આહા..હા..!

આ તો કુંદકુંદાચાર્યના વચન છે. એમાં દોષ કાઢવો એ તો કુંદકુંદચાર્યનો દોષ કાઢે છે. ભાષણ કર્યું હતું. સ્વામીજી કહે છે એ કુંદકુંદાચાર્યના વચન છે. એમાં દોષ કાઢવો એ કુંદકુંદાચાર્યનો દોષ કાઢવા બરાબર છે. એકાંત છેને. એકાંત માની લે. અરે..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ભાવ એ પોતાનો નહિ? ના. પોતાના ક્યાંથી? વિકાર પોતાનો ક્યાંથી હોય? આત્મા તો અવિકારી સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અવિકારી ધન અને સંપદા એની છે. એ અવિકારી ધન અને પોતાની સંપદાની દૃષ્ટિ છોડીને અજ્ઞાની અજ્ઞાનપણું પ્રગટ કરતો થકો, આત્માને જ્ઞાનસ્વભાવમાં અજ્ઞાનપણું પ્રગટ કરતો થકો હું અજ્ઞાની છું. '**પોતે અજ્ઞાનમય થતો થકો,...**' આહા..હા..! કેટલું સ્પષ્ટ છે! કર્મથી અજ્ઞાની થયો અને પૂર્વે દોષ કર્યો માટે અજ્ઞાની થાય છે એમ નથી. વર્તમાન '**પોતે અજ્ઞાનમય થતો થકો,...**' સમજાણું કાંઈ? શેઠ! આવી વાત છે, ભગવાન! આ મોટા શેઠ છે, આ નાના શેઠ છે. બે ભાઈઓ છે. રામ અને લક્ષ્મણ. આહા..હા..! રામ અને લક્ષ્મણને બહુ પ્રેમ હતો. રામ અને લક્ષ્મણ હતાને.

જુઓ, પછી શું કહે છે? '**પોતે અજ્ઞાનમય થયો થકો,...**' ઓહો..હો..! ગજબ ટીકા છે! એ સંતો વિના દિગંબર સંતો વિના કહી શકે નહિ કોઈ. સમજાણું કાંઈ? જેને દુનિયાની

પરવા નથી કે આ વાત દુનિયા જીલશે કે નહિ? સમાજ સમતોલ રહેશે કે નહિ? સમાજમાં વિષમતા થશે કે નહિ? તું તારી જાણ. પંડિતજી! આહા..હા..! નાગા બાદશાહથી આઘા. નગ્ન મુનિ તો બાદશાહથી આઘા. એને દરકાર સમાજની નહિ. આવી વાત સમાજમાં મૂકવાથી સમાજ સમતોલ નહિ રહે કે અનાદર કરશે અરેરે..! જૈનદર્શન આવું ન હોય. તારી મરજી. અમે તો આમ કહીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? હેમચંદજી! બ્રહ્મચારી છે. બાળ બ્રહ્મચારી. સાડા આઠસોનો પગાર છે. એમાં પગાર-ફગારમાં શું? આઠ હજારનો પગાર છે ભાઈને. રામજીભાઈના દીકરા છેને સુમનભાઈ. ૪૯ વર્ષ થયા હજી. આઠ હજાર માસિક. હવે કોઈને પાંચ લાખ માસિક હોય. એમાં ધૂળમાં છે શું?

**શ્રોતા :—** તો પછી પહેલું કહેવું શું કરવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ કહેવું છે કે બીજી પાસે એવું ન હોય અને એની પાસે આવું હોય તો બીજાએ જરી અભિમાન છોડી દેવું. સમજાણું કાંઈ?

અહીંયાં (કહે છે), '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' છે? '**પોતે અજ્ઞાનમય થતો થકો,..**' રાગરૂપે જ એકલું પરિણમન કર્યું, બસ. આહા..હા..! નવમી ગ્રૈવેયક ગયો અનંતવાર, પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, નગ્ન દશા (લીધી) પણ રાગના અજ્ઞાનમય ભાવપણે પરિણમતો હતો. સમજાણું કાંઈ? આહા..હા...! '**પોતે અજ્ઞાનમય થતો થકો, આ હું રાગી છું...**' જુઓ, ઈ શું કહે છે? 'હું જ્ઞાયક છું' એ દૃષ્ટિ છૂટી ગઈ છે એની, છે જ નહિ. સમજાણું કાંઈ? હું રાગી છું. રાગ કરું છું અને રાગ મારું કર્તવ્ય છે માટે હું રાગી છું. આહા..હા..! સમજાણું કાંઈ? ગજબ ટીકા છે. આહા..હા..! એમાં છે એવો ભાવ ભર્યો છે. શું કહે છે?

'**આ હું રાગી છું...**' આહા..હા..! શુભરાગપણે પરિણમતો થકો અજ્ઞાની હું રાગી છું. આ રાગ છે એ હું રાગી છું. રાગપણે પરિણમું છું. હું રાગી છું તો રાગ થાય છે. આહા..હા..! ભગવાન રાગી ક્યાં? ભગવાન આત્મા તો જ્ઞાયકસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ ગાથા હોય ત્યારે નીકળેને વાત. આઘી-પાછી જાય ત્યારે તો એટલું સ્પષ્ટીકરણ ન (આવે). આ તો સામે ચીજ છે. ધર્મલાલજી! આ માર્ગ આવો છે. આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આહા..હા..! તારી ગતિ ક્યાં ગઈ? તારી ગતિ ક્યાં જવી જોઈએ અને ક્યાં ગઈ? તું પ્રભુ જ્ઞાયક છોને. એ જ્ઞાયક ઉપર ગતિ જવી જોઈએ. એમાંથી તો જ્ઞાન અને આનંદની પર્યાયનું પરિણમન થવું એવી તારી ચીજ છે. આહા..હા..! પણ આ તો રાગરૂપ થયો થકો અજ્ઞાનમય સ્વયં થયો થકો હું રાગી છું એમ માને છે. 'હું જ્ઞાયક છું' એમ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાયક છું એવી દૃષ્ટિ છૂટી ગઈ. વસ્તુ તો જ્ઞાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? કંઈ પણ વિકલ્પ ઉઠાવ્યો કોઈ કામનો 'એ રાગી હું છું' એ રાગ મારી ચીજ છે, એ રાગનો કર્તા હું છું' દૃષ્ટિ ત્યાં રહી એકલી. સમજાણું કાંઈ? આહા..હા..!

'આ હું રાગી છું...' ભાષા તો જુઓ, દૃષ્ટિ ત્યાં છેને એમ કહે છે. શુભરાગપણે પરિણમે છે, એ હું રાગી છું. આ રાગ તે મારી ચીજ છે. આહા..હા..! '(અર્થાત્ આ હું રાગ કરું છું)...' પછી અર્થ કર્યો. એ રાગનો કર્તા હું છું. 'રાગને જાણનાર જ્ઞાયક છું' એ દૃષ્ટિ રહી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ. પરમસત્ય વીતરાગના અમૃત વરસે છે. આહા..હા..! આ આત્મખ્યાતિ. ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આત્મખ્યાતિ, આત્મપ્રસિદ્ધિ. અહીં અજ્ઞાનપ્રસિદ્ધિ કરી અજ્ઞાનીએ. આત્માની પ્રસિદ્ધિ છોડીને, ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એવી દૃષ્ટિ છોડીને આત્મખ્યાતિ પ્રગટ ન કરી (અને) અજ્ઞાનત્વ પ્રગટ કર્યું. આહા..હા..! રાગરૂપે પરિણમતો થકો હું રાગી છું એ કારણે હું રાગ કરું છું, એમ. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! દિગંબર સંતોના કથનો અંદર સમજવા, એ અંદર બેસવા, બાપુ! આહા..હા..! અમરચંદભાઈ! એવી વાત છે, ભાઈ! બહારથી ભલે ત્યાગ કરે, હજારો રાણી છોડે. સમજાય છે? કરોડો-અબજો રૂપિયા હોય ને છોડે એમાં શું થયું? ગ્રહણ-ત્યાગ છે જ નહિ.

અહીંયાં તો આત્મામાં રાગ નથી અને જ્ઞાયકભાવ રાગરૂપે થયો નથી એવા જ્ઞાયકભાવને દૃષ્ટિમાંથી છોડીને... આહા..હા..! આ રાગી હું છું તો રાગ કરું છું, એમ. હું રાગી છું તો રાગ કરું છું, હું જ્ઞાયક છું તો જ્ઞાયક ચૈતન્ય કરું છું, તો જ્ઞાનની દશા કરું છું. એવી વાત છે. પણ એ તો દૃષ્ટિ છે નહિ. સમજાણું કાંઈ? પંડિતજી! પંડિતજી ઠીક આવ્યા. બેંગ્લોરથી આવ્યા છે. ત્યાં (અમે) હિન્દીમાં પ્રવચન કરતાં હતાને તો એ લોકો મરાઠીને.. કેવા કહેવાય? કન્નડી. એ પંડિતજી પા કલાક અર્થ કરતાં હતા. માણસ ઠંડા છે. પા કલાક કન્નડીને? કન્નડી કરતાં હતા. અમે કાંઈ સમજીએ નહિ. પણ એ અને બીજા એક પંડિત હતા. બે પંડિત છે. બીજા. એ પણ નરમ પંડિત છે. સ્વામીજી આમ કહે છે. એની ભાષામાં કહેતા હતા. એ લોકો કન્નડી ભાષા સમજેને? અહીં તો કન્નડ-બન્નડ આવડે નહિ. અહીં તો હિન્દી માંડ માંડ. પછી પા કલાક સ્પષ્ટીકરણ કરતાં હતા. બેંગ્લોર પંચકલ્યાણક હતાને? આહા..હા..! બાર લાખનું મકાન થયું છે—મંદિર. આપણા દિગંબરનું. બાર લાખ. એક કરોડપતિ છે જુગરાજજી સ્થાનકવાસી. એણે ચાર લાખ નાખ્યા. માન્યતા આ છે. અને એક શ્વેતાંબર છે ભભુતમલ. બે કરોડ રૂપિયા એની પાસે. ભભુતમલ. એણે આઠ લાખ નાખ્યા. અને બન્યું એવું કુદરતી. સોળ દિવસ અમે રહ્યા. સોળ દિવસને? નહિ? કોટામાં આઠ દિ'. કોટામાં સોળ દિવસનું હતું. ત્યાં આઠ દિવસ રહ્યા. અહીં સોળ દિવસ. તો સોળ દિવસ અમે રહ્યા. એની પાસે બે કરોડનું સ્ટીલ પડ્યું હતું. સોળ દિવસ અમારી પાસે રહ્યા તો એનું સ્ટીલ એમને એમ પડી રહ્યું. ચાલીસ લાખ વધી ગયા. ચાલીસ લાખની પેદાશ વધી ગઈ. આઠ લાખ ખર્ચ્યા ને ચાલીસ લાખ (કમાણા). લોકો એમ કહે, આહા..હા..! જુઓ, આ સ્વામીજી ત્યાં અંદર... અમારી તો ભાઈ આ વસ્તુ છે. પૈસા મળવા એ અમે કહેતા નથી. છેને દલીલ છેને? કે

સ્વામીજી કોઈ ઉપર આમ જાદુની લાકડી ફેરવે તો પૈસા થઈ જાય. ધૂળેય નહિ. આ તો લાકડી પરસેવો હાથમાં ન થાય અને પરસેવો શાસ્ત્રને અડે તો અશાતના થાય છે પરસેવાથી. માટે લાકડી હાથમાં રાખવાનું એ કારણ છે. એ લાકડી પણ એક ખોવાઈ ગઈ. એક લઈ ગયા. ભાઈ! લાકડીમાં કાંઈ છે નહિ. આ તો લાકડી જડ છે. લોકો માને છે. એ ખુલાસો કર્યો. આપણે છાપામાં આવ્યું છે. મુંબઈમાં હુકમચંદજીએ ખુલાસો કર્યો કે આપને માટે ઘણા લોકો આમ કહે છે. ભાઈ! અમે તો કોઈને કહેતા નથી કે પૈસા મળશે, લાકડી-બાકડી ફેરવે તો. અમે તો કદી કહ્યું નથી. પણ હા, એટલું છે કીધું કે આ વાત પરમસત્ય દિવ્યધ્વનિ સર્વજ્ઞની વાણી જે કોઈ બે-ચાર મહિના સાંભળે અને એનું પુણ્ય બંધાઈ જાય. એને કદાચિત પૂર્વના પુણ્ય હોય તો લક્ષ્મી મળી જાય. સમજાણું કાંઈ? વાત તો એવી છે, બાપુ! અમારી પાસે બીજી નથી.

**શ્રોતા :—** આપની નજર ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ નજરમાં પણ કાંઈ નથી. એ તો વસ્તુમાં છે. આહા..હા..! એવું લોકોને થઈ ગયું છે. અમારે પાલેજમાં દુકાન હતીને, તો એ લોકો પણ પૈસાદાર છે. આ ભાઈ આવ્યા હતાને. એ લોકો ત્રણ છોકરા આવ્યા હતા. ત્રણ ભેગા હતા. ૩૦ લાખ. ત્રણ લાખની આમદાની-પેદાશ છે. એને પૈસા થયા. અમારે એક ભાઈનો દીકરો છે ત્યાં મુંબઈ. એને તો વિરોધ છે, પણ છોકરા છે એની પાસે પૈસા ચાર ભાઈ વચ્ચે ૬૦ લાખ. તો સગા પૈસાવાળા, અહીં આવનારા શેઠ જેવા આવે એ પૈસાવાળા. તો લોકોને એમ થઈ જાય કે બધા પૈસાવાળા થાય છે તો એમની લાકડીથી થાય છે. ધૂળેય નથી ભાઈ. અને અમારા હીરાભાઈના બાપ તો એમ જ કહેતા હતા. એ વાંચનાર હુશિયાર છે ત્યાં મુંબઈમાં. ૩૦ રૂપિયાનો પગાર હતો માસિક. અત્યારે લાખો થઈ ગયા. એ તો કહે, ગમે તે મહારાજ કહે પણ અમને તો મહારાજના ઓલાથી પૈસા પછી થયા છે. હીરાભાઈના બાપ નહોતા કહેતા? ભાઈ! પૈસાની ક્યાં વાત?

**શ્રોતા :—** વિરોધી લોકો કહે છે કે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીં ક્યાં પૈસા અમારી પાસે છે તો દઈએ. લોકો એમ માને છે. સત્યની રુચિ જામતી નથી તો એમ કે દુનિયાને પૈસા દઈને એની તરફ કરે છે. અહીં ક્યાં પૈસા? અમારા રામજીભાઈ પાસે પૈસા પડ્યા છે? ગરીબ બાઈ ઘણી છે. અહીં રહે છે. બધાને પૈસા કેમ ન થયા? આહા..હા..! અને પૈસા હોય તો એ કોઈ પૂર્વનું કોઈ પુણ્ય હોય અને એનો ઉદય આવે તો આવી જાય તો આવી જાય. એમાં આત્માને તો નુકસાન છે. મારા પૈસા, મને પૈસામાં મજા, એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! જડ મારા છે, અજીવને જીવ માને. આહા..હા..! ભગવાન જીવ ચૈતન્યસ્વરૂપી અજીવ મારી ચીજ માને, મોટો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં કહે છે કે હું રાગ કરું છું. આહા..હા..! '**ઈત્યાદિ વિધિથી...**' જુઓ, '**ઈત્યાદિ વિધિથી...**' લીધું છે. આ વિધિ છે. આહા..હા..! '**રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.**' આ વિધિથી કર્તા અજ્ઞાની રાગનો કર્તા પ્રતિભાસે છે. વિધિ આ કહી. જેમ ઠંડી અને ગરમી એ જડની દશારૂપે આત્મા થઈ શકે નહિ, એમ રાગની દશારૂપે આત્મા થઈ શકે નહિ. એ તો ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે, પણ પોતાના સ્વભાવની દૃષ્ટિ છોડીને '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો,...**' રાગનો કર્તા પ્રતિભાસે છે. 'હું રાગી છું તો રાગ કરું છું' એવું અજ્ઞાનીને ભાસે છે. ચાહે તો જૈન દિગંબર સાધુ હોય અને અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, પણ જ્યાં સુધી એની રાગ ઉપર દૃષ્ટિ છે અને રાગનો કર્તા માને છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમે પડિમા પાળીએ છીએ ચોથી, પાંચમી ને છઠ્ઠી. ધૂળેય નથી. સાંભળને હવે. વ્યવહારસમકિતના પણ ઠેકાણા નથી ત્યાં નિશ્ચય ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

અહીંયાં તો પ્રભુનો માર્ગ આવો છે, ભાઈ! આહા..હા..! ' હરિનો માર્ગ છે શુરાનો, એ કાયરના નહિ કામ જો ને, એ વીરનો રે માર્ગ છે વીરાનો, વીરનો રે માર્ગ છે વીરાનો, એ કાયરના નહિ કામ જો ને.' કાયરના કામ ત્યાં નથી. સમજાણું કાંઈ? બાયલા જેવા એં... એં... એં... રાગથી ધર્મ થાય. અરે..! નપુંસક છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ (અધિકારમાં) લીધું છે. પુણ્ય-પાપમાં લીધું છે. રાગને કર્તા માને એ પ્રાણી નપુંસક છે. કેમકે આત્મામાં વીર્ય નામનો જે ગુણ છે એ વીર્યગુણથી તો નિર્મળ પરિણતિ ઉત્પન્ન થાય છે, એનાથી રાગ ઉત્પન્ન નથી થતો. રાગને ઉત્પન્ન કરનારી પર્યાયને નપુંસક કહેવામાં આવે છે. આહા..હા..! પાવૈયા છે, હીજડા છે, ચૈતન્યની શક્તિનું સામર્થ્ય ન જોયું તેં અને રાગની શક્તિમાં સામર્થ્ય છે વ્યવહારમાં કાંઈક લાભ થવાનો. હીજડો છો. માણેકચંદભાઈ! અહીં તો એ વાત છે ભગવાન! આહા..હા..!

કહ્યુંને ત્યાં. ૪૪ ગાથામાં આવ્યું છે સમયસારમાં. પહેલાં ૪૪માં આવ્યું છે અને પછી પુણ્ય-પાપના અધિકારમાં આવ્યું છે. નપુંસક કહ્યું છે. જોવું છે? ૪૪ ને? પહેલી એની શરૂઆત. હિન્દીમાં પાનું-૮૨. '**આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે...**' છે ટીકા? ૩૯ થી ૪૪ ગાથાની ટીકા. આ તો સિદ્ધાંત બતાવીએ છીએ કે આ શાસ્ત્ર કહે છે. આત્માનું અસાધારણ લક્ષણ આનંદનું જ્ઞાન લક્ષણ છે એને '**નહિ જાણવાને લીધે નપુંસકપણે...**' છે? નપુસંકતાથી. પાઠમાં '**क्लीव**' છે. સંસ્કૃતમાં '**क्लीव**' છે. અર્થમાં નપુંસક છે. એની કડક ભાષા કરીને અમે એને હીજડા કહીએ છીએ. પાવૈયા છે. જુઓ, આચાર્ય કહે છે હોં! મૂળ પાઠ છે. '**तदसाधारणलक्षणाकलनात्कलीवत्वेना**' '**कलीवत्वेना**' '**क्लीव**' '**क्लीव**' '**क्लीव**' એટલે નપુંસક. આચાર્ય કહે છે કે નપુંસક! રાગની રુચિ કરીને રાગનું પરિણમન કરે છે તો નપુંસક છે તું. શુભરાગની રચના કરવી એ પણ નપુંસક છે એમ કહે

છે. શુદ્ધનું પરિણમન કરવું એ આત્મા પુરુષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નપુંસકને વીર્ય હોતું નથી તો પુત્ર નથી થતો. એમ શુભભાવની તાકાતમાં કોઈ ધર્મ નથી થતો. સમજાણું કાંઈ? એ નપુંસક છે. આહા..હા..! છેને? નપુસંક. પછી પુણ્ય-પાપમાં એક છે. પુણ્ય-પાપ અધિકાર છેને? કેટલામું પાનું છે? ટીકા.

'**દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે...**' કહે છે કે શુભભાવથી ખસવું નપુંસક છે તો નીકળી નથી શકતો. આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્યને ક્યાં પૈસા લેવા હતા કે દુનિયાને રાજી કરવી છે? ચોથી લીટી છે. '**સમયસારસ્વરૂપ છે તેની પ્રતિજ્ઞા લઈને પણ,...**' પ્રતિજ્ઞા લે છે કે અમારે સમયસાર પ્રગટ કરવો છે, આનંદ પ્રગટ કરવો છે. '**દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે (અસમર્થતાને લીધે) પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર જે સામાયિક તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા, જેમને અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે અને અત્યંત સ્થૂળ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે...**' સામાયિકની પ્રતિજ્ઞા સમયસારની લે છે કે અમારે આનંદ પ્રગટ કરવો છે. પ્રતિજ્ઞા લીધી પણ અશુભથી છૂટ્યો, પણ સ્થૂળ જે શુભભાવ છે એ નપુંસકતાને કારણે એને છૂટતા નથી. આહા..હા..! કેમ પોપટભાઈ! છે? બે ઠેકાણે કહ્યું. ૩૯ ગાથા અને ૧૫૪. આહા..હા..! '**ઈત્યાદિ વિધિથી...**' ભાષા તો જુઓ, ઓ..હો..હો..! આ બધી વિધિ છે અજ્ઞાન પ્રગટ કરવાની. આ એની રીત છે. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વભાવ, જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિ છોડીને રાગપણે પરિણમું છું, જ્ઞાનમાં અજ્ઞાનપણું પ્રગટ કરતો થકો એ આત્મામાં હું રાગી છું અને હું રાગને કરું છું એ વિધિથી અજ્ઞાની રાગનો કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે;...**' ખરેખર એ વિકાર પરિણામ પુદ્ગલનો સ્વાદ છે, આત્માનો આનંદસ્વાદ એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગાથા બહુ સારી આવી ગઈ છે. આ તમારા બધા ક્યાંયથી બિચારા આવ્યા છે આઘેથી. ગાથા આ આવી ગઈ. ૯૩ ગાથા પણ સારી આવશે. આહા..હા..! રાગ એટલે પુણ્ય પરિણામ કે પાપ પરિણામ. દ્વેષ એ પણ પુણ્ય અને પાપ બેય આવે છે. '**સુખ-દુઃખાદિ અવસ્થા પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે; તેથી તે, શીત-ઉષ્ણતાની માફક, પુદ્ગલકર્મથી અભિન્ન છે...**' આહા..હા...! અને ભગવાન જ્ઞાયકથી ભિન્ન છે. '**આત્માથી અત્યંત ભિન્ન છે.**' જુઓ, અત્યંત ભિન્ન છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આત્માથી અત્યંત ભિન્ન છે, પુદ્ગલથી અભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને આત્માથી અત્યંત ભિન્ન છે.**'

'**અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી...**' રાગથી મારી ચીજ ભિન્ન છે એવું ભેદજ્ઞાન નહિ હોવાથી '**તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે;...**'

રાગ ચીજ મારી જ છે. આહા..હા..! રાગ મારો? તો તારી ચીજ તો જ્ઞાયક છે. 'જ્ઞાયક એ મારો છે' એમ હોવું જોઈએ, એને ઠેકાણે 'રાગ મારો છે' એ મિથ્યાદષ્ટિ છે. '**કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગ-દ્વેષાદિનો સ્વાદ, શીત-ઉષ્ણપણાની માફક, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં,...**' જેવો રાગ આવ્યો એ જ્ઞાનમાં જણાય છે, પ્રતિબિંબિત થાય છે. પણ એમ પ્રતિભાસે છે કે હું રાગ-દ્વેષરૂપ થઈ ગયો. આહા..હા..! '**પ્રતિબિંબિત થતાં, જાણે કે જ્ઞાન જ રાગ-દ્વેષ થઈ ગયું હોય...**' હું આત્મા રાગ-દ્વેષરૂપ થઈ ગયો. આહા..હા..! એ તો તારો જ્ઞાતાનો વિષય છે, પરજ્ઞેય છે. આહા..હા..! એમ નહિ માનતા '**રાગદ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે.**' મિથ્યાદષ્ટિને 'રાગરૂપ હું પરિણમું છું' એમ ભાસે છે. '**તેથી તે એમ માને છે કે હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું ઈત્યાદિ. આ રીતે અજ્ઞાની જીવ રાગ-દ્વેષાદિનો કર્તા થાય છે.**' પણ પોતાના જ્ઞાતા-દષ્ટાનું ભાન કરતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**શ્રાવણ વદ-૮, બુધવાર, તા. ૧૮-૮-૧૯૭૬,**
**ગાથા-૯૩,**
**પ્રવચન નં. ૧૫૯**

ભગવાન આત્મા રાગથી ભિન્ન પોતાની દશાને જાણી, વિકલ્પથી ભિન્ન પોતાનું સ્વરૂપ સમ્યગ્દર્શનમાં પ્રતીતમાં આવ્યું, જ્ઞાનમાં ભેદજ્ઞાન થયું તો જ્ઞાનીને રાગ ઉત્પન્ન થતો નથી. 'રાગ મારો છે' એમ ઉત્પન્ન નથી થતું. સમજાણું કાંઈ? એ કહે છે.

परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो।
सो णाणमओ जीवो कम्माणमकारगो होदि।।९३।।
પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,
એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.

'ટીકા :- જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો

હોય...' હું તો જ્ઞાનાનંદસ્વરૂપ છું, રાગાદિ છે એ અચેતન જડ છે, ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જડ-ચૈતન્ય ભિન્નનું ભાન સમ્યગ્દર્શનમાં થયું. રાગ—વિકલ્પ ચાહે તો મહાવ્રતનો હોય કે દયા-દાનનો, ભક્તિનો હોય પણ એ રાગ છે. રાગ એ આસ્રવ છે, રાગ એ દુઃખદાયક છે. મારી ચીજ આનંદદાયક ભિન્ન છે. આહા..હા..! એમ આત્મામાં પોતાનું અને પરનું અંતર જાણે છે. પોતાનું આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને રાગનું દુઃખ અને આકુળતાસ્વરૂપ એ બેનું પરસ્પર અંતર, રાગથી હું ભિન્ન અને મારાથી રાગ ભિન્ન... આહા..હા..! ભેદજ્ઞાન સમ્યગ્દર્શનમાં. સમજાણું કાંઈ? **'જાણતો હોય ત્યારે પરને પોતારૂપ નહિ...'** રાગને પોતારૂપ **'અને પોતાને પર નહિ કરતો,...'** આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેને રાગરૂપ નથી કરતો. રાગને પોતારૂપ નથી કરતો, પોતાને રાગરૂપ નથી કરતો. આહા..હા..! જુઓ, આ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન. ભેદજ્ઞાનની ભૂમિકા. આહા..હા..!

**'પોતે જ્ઞાનમય થયો થકો,...'** ભગવાન આત્મા તો જ્ઞાન ચૈતન્યસ્વભાવ, જાણનસ્વભાવમય થયો થકો એમ કહ્યુંને? 'રાગમય હું છું' એવું જે અજ્ઞાન હતું એનો નાશ કરીને 'હું તો જ્ઞાનમય છું, રાગમય નહિ.' આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો જે રાગ છે એ પણ હું નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનીને વ્યવહાર આવે છે, પણ 'આ મારો છે' એમ નથી માનતા. એનો હું જાણનાર છું. રાગ આવ્યો તો જ્ઞાનીને તે સમયે જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! આવો માર્ગ છે. સમજાણું કાંઈ? આ વાણી કુંદકુંદાચાર્યની છે. વાણી ઉપરથી દેખે તો એને ખબર પડે કે આ કાંઈક અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? અને એમ કહી દેવું કે કપોળ કલ્પિત છે. પ્રભુ! આ દુનિયામાં ચાલે ભાઈ હોં. અરેરે..! વાંચતા તો એવું અંદરમાં થઈ ગયું. આંસુ આવી ગયા પહેલા. અરેરે..! આ શું કરે છે? પ્રભુ! આ શું કરે છે? આહા..હા..! અંદર મેં આ વાંચ્યું. આહા..હા..! સાક્ષાત્ સીમંધર ભગવાન પાસે ગયા હતા. શાસ્ત્રમાં છે કે નહિ? એ તો જોવે પહેલાં. ભલે અહીંની વાત ન માને. સમજાણું કાંઈ? આહા..હા..! પણ સિદ્ધાંતશાસ્ત્રમાં આચાર્ય કહે છે એ તો એણે માનવું કે નહિ? સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં આ વાણી તો જુઓ. આહા..હા..!

જેણે પોતાનો જ્ઞાનાનંદસ્વભાવ રાગમય સ્વભાવથી ભિન્ન કર્યો એ જ્ઞાનમય થયો થકો હું તો જાણનાર છું. આહા..હા..! રાગ હો, દ્વેષ હો, વિષયવાસના હો, હું તો જાણનાર છું. મારા જ્ઞાનમાં રાગ નથી અને રાગમાં હું નથી. આહા..હા..! અર્થાત્ હું જ્ઞાનમય સ્વરૂપ છું અને રાગ અચેતન છે, તો ચેતન અચેતનમાં કેમ હોય? આહા..હા..! અને અચેતન એ ચેતનમાં ક્યાંથી હોય? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ કહે છે. જુઓ,

**'પોતાને પર નહિ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો,...'** પોતે જ્ઞાનમય થયો થકો એનો અર્થ કે કોઈ કર્મ ખસ્યા અને આમ થયું એમ પણ નહિ. હું સ્વયં જ્ઞાનમય આત્મા

શુદ્ધ ચૈતન્યઘન છું. વિજ્ઞાનઘન મારી ચીજ છે. આહા..હા..! સવારે નહોતું આવ્યું? ભાવલિંગી મુનિપણાની દશા જે મોક્ષની સાધક એ પણ દ્રવ્યમાં નથી. ઈ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. સમજાણું કાંઈ? હું.. નિર્વિકલ્પ સાચો નિશ્ચયમોક્ષમાર્ગ. મોક્ષમાર્ગની અપેક્ષાએ નિશ્ચય, પણ દ્રવ્યની અપેક્ષાએ વ્યવહાર. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ બહુ અલૌકિક છે. જૈનદર્શન એટલે તો ઓહો..હો..! વિશ્વદર્શન. જગતનું શરણ છે ઈ. સમજાણું કાંઈ? એ વિશ્વદર્શન. વિશ્વ નામ બધા કહે છે એ પણ ધર્મ છે એવું વિશ્વદર્શન નથી. આહા..હા..!

કહે છે કે હું તો જ્ઞાનમય સ્વયં થયો થકો. આહા..હા..! અર્થાત્ રાગ છે તો રાગનું જ્ઞાન પણ રાગ છે તો થયું એમ નથી. હું '**પોતે જ્ઞાનમય થયો થકો,...**' આહા..હા..! શું કહ્યું સમજાણું? એમાં મર્મ છે. '**પોતે જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે.**' અર્થાત્ રાગ છે એનું જ્ઞાન થયું એ હું સ્વયં જ્ઞાનમય થયો છું. રાગ છે માટે એનું જ્ઞાન થયું એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગતાની છાપ પડે છે અંદર. હું તો આત્મા છું. 'હું રાગને જાણું છું' એમ પણ નહિ. હું તો સ્વયં જ્ઞાનમય થાઉં છું. પોતાનું જ્ઞાન અને પરનું જ્ઞાન એ હું પોતે કરું છું. રાગ છે તો જ્ઞાન કરું છું એમ પણ નથી. આહા..હા..! અરે..! પ્રભુ! માર્ગ તો જો તારો. આહા..હા..!

'**પોતે જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા...**' રાગ જે છે કર્મ એ કર્મ હોં! જડ કર્મની અહીં વાત નથી. પુણ્યનો ભાવ છે નિશ્ચયથી તો અટક્યો છે એમાં. દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો શુભભાવ છે, જ્ઞાની એનો અકર્તા પ્રતિભાસે છે. 'મારું કર્તવ્ય છે અને મારું કાર્ય છે' એમ ભાસતું નથી. આહા..હા..! '**તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે :- જેમ...**' સ્પષ્ટ પ્રત્યક્ષ થાય એમ બતાવે છે. આહા..હા..! ભગવાન! તું શું છે? ચૈતન્યમૂર્તિ છેને નાથ! તારી રક્ષા કરનાર તું છે. સમજાણું કાંઈ? રાગ આવ્યો માટે આત્મામાં જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

દૃષ્ટાંત કહે છે. '**જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ...**' શું કહે છે? શીત અને ઉષ્ણ એનું આત્મામાં જ્ઞાન થાય છે એને કરાવવામાં નિમિત્ત છે, આત્મામાં જ્ઞાનમાં નિમિત્ત છે, જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. આહા..હા..! આ તો અલૌકિક માર્ગ છે, ભાઈ! શાંતિથી આ તો સમજવાનું છે.

**શ્રોતા :—** એ કરાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ કરાવેનો અર્થ એ. જ્ઞાન પોતાથી થાય તો રાગ જ્ઞાન કરાવે છે એવો વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોકાલોકનું જ્ઞાન થાય છે તો લોકાલોક કરાવે છે એમ કહેવામાં આવે છે. એનો અર્થ કે જ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. આહા..હા..! પોતાનો ભગવાન આત્મા, જેમ ઠંડી અને ગરમ અવસ્થાનો અનુભવ કરવામાં સમર્થ છે. અનુભવનો અર્થ એનું જ્ઞાન કરવામાં સમર્થ છે, પણ શીત-ઉષ્ણપણે અનુભવ કરવો

એ અશક્ય છે. જડની અવસ્થા કેમ આત્મા અનુભવે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ...'** કોણ? ઠંડી-ગરમ અવસ્થા. જ્ઞાનમાં ઠંડી-ગરમ અવસ્થાનું જ્ઞાન થાય છે તો એ કરાવવામાં સમર્થ છે એમ કહેવામાં આવ્યું. આહા..હા..! **'એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા...'** ઠંડી અને ગરમ તો પુદ્‌ગલની-જડની અવસ્થા. **'પુદ્‌ગલથી અભિન્ન...'** છે. પુદ્‌ગલથી એ ઠંડી-ગરમ અવસ્થા અભિન્ન છે-એકમેક છે. એ કારણે **'આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...'** આહા..હા..! **'અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...'** એ શું કહે છે? શીત-ઉષ્ણનું જે અહીં જ્ઞાન થયું એ અનુભવ, અનુભવનો અર્થ. એ અનુભવમાં શીત-ઉષ્ણપણાનું જે નિમિત્ત છે એ પુદ્‌ગલથી અભિન્ન છે શીત-ઉષ્ણ અને આત્મા સદાય અત્યંત ભિન્ન છે. **'અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...'** શીત-ઉષ્ણનું જે જ્ઞાન થયું એ અનુભવ નામ અર્થ જ્ઞાન. શીત-ઉષ્ણનું જ્ઞાન થયું એ જ્ઞાન આત્માથી અભિન્ન છે. શીત-ઉષ્ણ એ આત્માથી ભિન્ન છે, પુદ્‌ગલથી અભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો આ દૃષ્ટાંત છે હોં!

**'આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે,...'** શું કહ્યું? શીત-ઉષ્ણ છે એનું અહીંયા જ્ઞાન થયું. એ પણ જ્ઞાન સમ્યગ્જ્ઞાનીને થાય છે. સ્વરૂપગ્રાહી જ્ઞાન તો શીત-ઉષ્ણનું જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ લીધું છે કળશમાં. કળશ (ટીકામાં) લીધું છે. શાક હોયને? તરકારી. એ શાક મીઠે મોળું છે, ખાટું છે અને અંદર મીઠું પડ્યું છે-લવણ એ ખારું છે એનું જ્ઞાન કોને થાય છે? જેને સ્વરૂપગ્રાહી જ્ઞાન થયું હોય એને જ એવું જ્ઞાન થાય છે. પરનું જ્ઞાન પણ સ્વરૂપગ્રાહી જ્ઞાનમાં પરપ્રકાશનું જ્ઞાન થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કળશમાં છે. આહા..હા..! આ તીખું છે અને ખાટું છે કે ખારું છે. ખારું કહે છેને? અને શાક મોળું છે. એ બેનું જ્ઞાન, પરનું જ્ઞાન સ્વપરગ્રાહી જેને સ્વરૂપનું ગ્રહણ થયું છે એને પરનું જ્ઞાન યથાર્થ થાય છે. સમજાણું કાંઈ? મારગડા બાપુ તારા જુદા, ભાઈ! આહા..હા..! ધર્મનો માર્ગ કોઈ અલૌકિક છે. લોકોએ સાધારણ કલ્પી નાખ્યો છે. પ્રભુ! એ માર્ગ નહિ. આહા..હા..! જેનાથી જન્મ-મરણનો અંત આવે અને સંસારનો કાંઠો નજીક થઈ જાય. આહા..હા..! એ ધર્મની ચીજ એવી છે, ભગવાન! આહા..હા..! **'તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે, તેવી રીતે...'** એ શીત-ઉષ્ણનું દૃષ્ટાંત આપ્યું.

**'તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા...'** આહા..હા..! શુભરાગ કે અશુભરાગ અને હરખ-શોકની અવસ્થા એ પુદ્‌ગલની અચેતન છે. જેમ શીત-ઉષ્ણ અચેતન છે, એમ આ રાગની સુખ-દુઃખની કલ્પના એ જ્ઞાનના અભાવથી અચેતન છે. આહા..હા..! પોતાના પરિણામ હોં!

આહા..હા..! એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની અવસ્થા પુદ્‌ગલજન્ય છે એ પોતાનું જ્ઞાન કરાવવામાં સમર્થ છે. છે? '**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...**' છે. એ કેમ લીધું? જેવા રાગ અને દ્વેષ છે અને જેવી સુખદુઃખની કલ્પના છે તેવું જ્ઞાન. જ્ઞાનનો સ્વભાવ તો એવો છેને, જે હોય એનું જ્ઞાન થાય. એ કેમ લીધું? '**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...**' સમજાણું કાંઈ? એમાં આવ્યું હતું. તે પ્રકારનો અનુભવ. આહા..હા..! અહીંયા એવો અનુભવ કરાવવામાં. એટલે? જેવો દયા-દાનનો વિકલ્પ આવ્યો કે હરખ-શોકના પરિણામ થયા, કર્મચેતનાના પરિણામ થયા કે કર્મફળચેતનાના થયા એમ કહે છે. કર્મ એટલે જડની અહીં વાત નથી. પુણ્ય-પાપના ભાવ એ કર્મચેતના અને એના ભોક્તા થવું હરખ-શોક એ કર્મફળચેતના. જડની વાત અહીંયા નથી. આહા..હા..!

શુભ-અશુભભાવ એ કર્મચેતના અને એનું ફળ સુખ-દુઃખ વેદવું એ પણ કર્મફળચેતના, પુદ્‌ગલની અચેતન અવસ્થા છે. અચેતનની અપેક્ષાએ ત્યાં પુદ્‌ગલ પરિણામ કહ્યા. અને એ પુદ્‌ગલ પરિણામ '**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે...**' આહા..હા..! બે વાત. એક કોર આત્મા અને એક કોર પુદ્‌ગલ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ પુદ્‌ગલ અહીં તો કીધા છે. ભગવાન આત્મામાં ઈ ક્યાં છે? '**પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે...**' આહા..હા..! પંચમહાવ્રતના પરિણામ, દયા, દાન, ભક્તિના પરિણામ એમાં જ્ઞાન નથી. અહીં તો જ્ઞાનમય આત્માની સાથે ભેદજ્ઞાન છેને? તો જ્ઞાનમય આત્મા છે એ રાગમય નથી. રાગમય તો અચેતનમાં જાય છે. આહા..હા..! આવો માર્ગ, ભાઈ! આહા..હા..! એ થાય છે ચૈતન્યની પર્યાયમાં. પણ નિમિત્તની ઉપાધિથી થયા તો એ અચેતન પુદ્‌ગલમાં નાખી દીધા. આહા..હા..! ભગવાન આત્માના અંતર આનંદથી એ પર્યાય ઉત્પન્ન નથી થઈ. એમાં ઉત્પન્ન થાય તો જ્ઞાન અને આનંદ ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ?

'**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...**' જેવા રાગ-દ્વેષ અને કર્મફળ છે એમાં જ્ઞાનચેતનામાં એ અનુભવ કરાવવામાં સમર્થ, એમ કહે છે. જ્ઞાનચેતના જે જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર થાય છે એમાં રાગ-દ્વેષ, સુખ-દુઃખ જ્ઞાનચેતનાના અનુભવમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આકરી વાત. '**પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...**' આહા..હા..! જો આત્માની ચીજ હોય તો નીકળી કેમ જાય? તો નીકળી જાય એ ચીજ પોતાની નથી, એ પુદ્‌ગલની છે, આહા..હા..! આગંતુક છે. પંચાધ્યાયીમાં એમ કહ્યું છે, પુણ્ય અને પાપ આગંતુક (ભાવ છે). જેમ મહેમાન આવેને? એમ આગંતુક છે. ત્રિકાળી ચીજમાં એ તો આગંતુકભાવ છે. અહીંયાં તો એને અચેતન કહીને પોતાના જ્ઞાનસ્વભાવમાં અનુભવ કરાવવામાં એ જ્ઞાનમાં સમર્થ છે નિમિત્ત. જ્ઞાનનો અનુભવ પોતાથી થાય છે. એ તો પહેલાં કહ્યું સ્વયં. એમાં રાગ-દ્વેષનું જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. જ્ઞાન

રાગને કરે એવી એ ચીજ નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ, આવી. ક્યાં શીત-ઉષ્ણ પુદ્ગલની પર્યાય એમ રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પના પુદ્ગલની પર્યાય.

ભગવાન આત્મા જ્યાં રાગથી ભિન્ન થઈને જ્ઞાનમય થયો, જ્ઞાનમય તો છે જ પણ ભિન્ન પાડીને રાગથી જ્ઞાનમય ભિન્ન થયો એ જ્ઞાનમાં હરખ-શોક રાગાદિ ભાવ કર્મચેતના અને કર્મફળચેતના એ જ્ઞાનચેતનામાં અનુભવ કરાવવામાં નિમિત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાનું જ્ઞાન સ્વપરપ્રકાશક જ્ઞાન જે છે એ સ્વપરપ્રકાશમાં રાગ-દ્વેષાદિ પરિણામ જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન કરાવવામાં એ સમર્થ છે, પણ હીણી દશા કરાવવામાં એ સમર્થ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...'** રાગ અને દ્વેષ દયા, દાન ભાવ થયા અને એમાં હરખ-શોક થયો એનું જે અહીંયા જ્ઞાન થયું એ જ્ઞાનથી એ ભિન્ન છે અને પુદ્ગલથી અભિન્ન છે. આહા..હા..! કેટલું ચીરી નાખ્યું છે. રાગ અને આત્માને ચીરી નાખીને બે કટકા કરી નાખ્યા છે. કરવત હોય છેને કરવત? આમ કરે તો બે ટૂકડા થઈ જાય. એમ ભેદજ્ઞાનરૂપી કરવત અંદર પડી... આહા..હા..! પ્રજ્ઞાછીણી જેને કહી. આહા..હા..! જ્ઞાન જ્ઞાન તરફ વળ્યું, રાગથી ભિન્ન થઈ ગયું. તો એ જ્ઞાનની પર્યાયમાં રાગાદિ-દ્વેષાદિ જે પરિણામ થયા એ તો નિમિત્ત થયા, જ્ઞાનમાં નિમિત્ત છે. આહા..હા..! અને તે પણ જ્ઞાનમાં નિમિત્ત છે એનો અર્થ? જ્ઞાન તો પોતાથી સ્વપરપ્રકાશરૂપ પરિણમે છે એમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરપ્રકાશક પરિણમે છે તો એ રાગ છે માટે પરપ્રકાશકપણે પરિણમે છે એમ નથી. આહા..હા..! કેટલી ધીરજ જોઈએ. આહા..હા..!

આ બહાર ધમાધમ છેને. બિચારાએ કોઈકે લખ્યું છે હમણા. ૨૫ વર્ષ બધાએ ઉજવ્યા ધમાધમમાં એમાં આત્મામાં કેટલી દૃષ્ટિ થઈ અને એકાગ્રતા થઈ એની તો કાંઈ ખબર નથી. આ ધમાધમ પૈસા થયા અને આમ દસ લાખ થયા, ધર્મચક્ર ફર્યા. બસ, માણસ દેખાવ થયા, ઘણા અન્યમતિ પણ આવ્યા. પણ એમાં તારા આત્મામાં શું આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..! એ લેખ લખ્યો છે કોઈએ. આમાં આવ્યો છે. ધમાધમ ચારે કોર. આહા..હા..! આટલા પૈસા આપ્યા અને આટલા પૈસા ઊપજ્યા. આહા..હા..! એય શેઠ! આ તમારા વહુ યાદ આવ્યા. ડાલચંદજીની. એમાં આવ્યું હતું એકવાર ધર્મચક્રમાં. ૨૫ હજારની બોલી બોલી હતી. એ તો આવ્યું હતું. તમને તો ખબર હોય ને. એનો મોટો દીકરો છેને. એની સ્ત્રી. ધર્મચક્ર તમારું હતું કે એનું? ઓલાનું. એમાં આવ્યું હતું, છાપામાં આવ્યું હતું. કાંઈક નામ આપ્યું હતું. આપણને નામ ખબર નહિ. એ નામ હતું. ડાલચંદજીની સ્ત્રી એટલું. ડાલચંદજીને જાણીએ એટલે પછી બૈરાને કોણ ઓળખે છે. એણે પહેલા વધાવ્યા. ધર્મચક્ર ૨૫ હજાર. બાયું પણ સ્વતંત્ર છે કે નહિ રાગ ઘટાડવામાં. પછી તો એ પૂછવું પડ્યું. પહેલા હું બોલું? એમ પૂછવું પડે ઘરના ધણીને. આ દશા જુઓ. માસિક પાંચસોના પગારવાળો એક નોકર

રાખે તો બાર મહિને છ હજાર થાય. ૨૫ વર્ષમાં કેટલા થયા? એક લાખ? દોઢ લાખ. તો એ દોઢ લાખ નોકરને ચડે તો એ સ્ત્રીને દોઢ લાખ નહિ? એણે ધણીને પૂછવું પડે કે સાસરાને પૂછવું પડે. ડાલચંદજી એના બાપને પૂછે અને ડાલચંદજીને એની વહુ પૂછે. આ તો એક જાણવાની ચીજ. ઘરે ઘરે એમ બનતું હોયને. એક નોકરને પણ સોનો પગાર હોય તો બાર મહિને કેટલો થાય? ૧૨૦૦. પચાસ વર્ષમાં ૫૦ હજાર, ૬૦ હજાર થાય. તો આની ૨૫ વર્ષ તારે ઘરે રહી તો એને કાંઈ ખરચવાનો કાંઈ સ્વતંત્ર મોખ જ નહિ? એય પોપટભાઈ! નામ આપે એ પછી રંભાબેન.. પોતે પણ. પણ એની સ્વતંત્રતા છે કે નહિ? આ તો દાખલો. એમ બને છેને. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે આત્મા સ્વતંત્ર જ્ઞાન કરવામાં સમર્થ છે. રાગ થયો તો જ્ઞાન થયું એમ પણ નહિ. આહા..હા..! ગજબ તો જુઓ, '**નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે...**' શું કહ્યું? રાગ-દ્વેષ, દયા, દાન, વ્રતના પરિણામ અને હરખ, શોકના ભાવ એ પોતાના જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન છે એ આત્માથી અભિન્ન છે, વસ્તુ છે એ આત્માથી ભિન્ન છે અને પુદ્ગલથી અભિન્ન છે. આહા..હા..! ગજબ વાત છે! દયા, દાન, વ્રતના પરિણામ પુદ્ગલથી અભિન્ન છે. છગનલાલજી! આવી વાત છે. આહા..હા..! જુઓ તો ખરા પરમાત્માની વાણી. સંતોની વાણી એ પરમાત્માની છે. પરમેષ્ઠી છેને. આચાર્ય, સાધુ પરમેષ્ઠી છેને. પાંચેય પરમેષ્ઠી છેને. આહા..હા..! પરમેષ્ઠી પરમેશ્વર છે. પંચપરમેશ્વર છે. અને એમાં જ્યારે નમસ્કાર કરે છે ત્યારે તો આહા..હા..! પહેલા કહ્યું હતું એકવાર, નહિ?

'નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં.' એવો શબ્દ આવે છે શાસ્ત્રમાં. નમો લોએ ત્રિકાળવર્તી સર્વ અરિહંતાણં. પછી ટૂંકા શબ્દો કરી નાખ્યા છે, નહિતર પાઠ તો આવો છે ધવલમાં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. ઓહો..હો..! અને ત્રિકાળવર્તી અને સર્વ. નમો લોએ ત્રિકાળવર્તી સર્વ અરિહંતાણં. પ્રભુ! નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. એવા પાંચ નવકાર છે. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. ત્રિકાળ ભવિષ્યમાં થશે એ હજી નરકમાં હશે. ભવિષ્યમાં તીર્થંકર થશે, સિદ્ધ થશે એને હું અત્યારે નમસ્કાર કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. એવો વિકલ્પ આવ્યો, અહીં તો હજી એમ કહેવું છે, એ વિકલ્પનું પણ અહીં જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંચપરમેષ્ઠીની ત્રિકાળવર્તીના અસ્તિત્વનો સ્વીકાર. આહા..હા..!

અનંત અરિહંત થયા, વર્તમાન છે અને ભવિષ્યમાં થશે; એમ અનંત સિદ્ધ થયા, વર્તમાન છે અને ભવિષ્યમાં થશે; એમ સંખ્યાત આચાર્ય છે, અનંત થઈ ગયા, સંખ્યાત છે અને ભવિષ્યમાં થશે. બધાના અસ્તિત્વનો સ્વીકાર કરીને, આહા..હા..! ત્રિકાળી આનંદના નાથનું અસ્તિત્વ જ્યાં દૃષ્ટિમાં આવ્યું ત્યારે વિકલ્પ ઉઠ્યો તો આવા ત્રિકાળ પંચપરમેષ્ઠીના અસ્તિત્વને

નમસ્કાર કર્યા. એ રાગ પણ પુદ્ગલનો ભાવ છે એમ કહે છે. આહા..હા..! ગજબ વાત છે. આવી વાત છે. અને એ પુદ્ગલના પરિણામ પોતાનું જ્ઞાન કરાવવામાં નિમિત્તરૂપે સમર્થ છે, પણ છે તો એ પુદ્ગલપરિણામ પુદ્ગલથી અભિન્ન છે અને ભગવાને એનું જ્ઞાન કર્યું એ જ્ઞાનથી ભિન્ન છે અને જ્ઞાન કર્યું એ જ્ઞાન આત્માથી અભિન્ન છે. આહા..હા..! આવો નવકાર ગણ્યો એ વિકલ્પ છેને? પરદ્રવ્યને નમસ્કાર એ તો વિકલ્પ રાગ છે. સ્વમાં અનુભવમાં અંદરમાં લીન થવું એ નિશ્ચયનમસ્કાર છે. નિર્વિકલ્પદશાથી પોતામાં રહેવું એ નિર્વિકલ્પ નમસ્કાર છે. આહા..હા..! અહીં તો કહે છે કે પંચપરમેષ્ઠીને વંદન કરવાનો જે વિકલ્પ ઉઠ્યો, આહા..હા..! એ તો પરદ્રવ્ય છે તો નમસ્કાર કરવાનો વિકલ્પ આવ્યો. આહા..હા..! એ વિકલ્પ કર્મચેતના છે અને એમાં હરખ થવો એ કર્મફળચેતના છે. આહા..હા..! એ પર્યાય પુદ્ગલથી અભિન્ન છે. ગજબ વાત નાથ! તારી ઋદ્ધિ તો જો. તું તો એનું જ્ઞાન કરવામાં સમર્થ છે. રાગ કરવો આ તારી શક્તિ નથી. આહા..! સમજાણું કાંઈ? અરે..! આ વસ્તુ સાંભળવા મળે નહિ એ પંથમાં કેમ જાય? આહા..હા..!

આ તો એક વિચાર આવ્યો હતો. ભાઈ! આ લીંબડા બહુ થયા છે હમણા. આ વરસાદ ઘણોને. એક પાંદડામાં અસંખ્ય શરીર, એક એક શરીરમાં એક એક જીવ આમ ઠસોઠસ ભર્યા છે. નીમ નીમ. આહા..હા..! એક પાંદડું. પત્ર સમજો છો? પત્તા. એક પાંદડામાં અસંખ્ય ઔદારિક શરીર છે. આ તો ઠસોઠસ ભર્યા છે. ઓલો પાણીનો વિચાર આવ્યો હતોને. ત્યાં બેસીએને, લીંબડો દેખાય છે મોટો. આમ આમ ઊંચો. આહા..હા..! એક એક પાંદડામાં અસંખ્ય શરીર, એક એક શરીરમાં જીવ અને એક એક જીવનું કાર્મણ અને તૈજસ શરીર બધાનું જુદું. આહા..હા..! એવા અસ્તિત્વને જ્ઞાની સ્વીકારી શકે.

મને તો એવો વિચાર આવ્યો હતો કે આહા..હા..! એ અસંખ્ય શરીર આમ ભીડમાં એકસાથે પડ્યા છે. આંતરો નથીને વચ્ચે. એક એક શરીરમાં અનંત જીવ નિગોદવાળા. આમાં એક શરીરે એક જીવ. લીલ-ફૂગ એટલી લીલ-ફૂગ. આહા..હા..! કાયમાં એક રાય જેટલી કાય લ્યો તો એમાં અસંખ્ય શરીર છે, શરીર અનંત નહિ, ઔદારિક હોં! એમાં તેજસ-કાર્મણ અનંત. સમજાણું કાંઈ? આહા..હા..! આ વસ્તુ અસ્તિનો સ્વભાવ વ્યવહાર કેવો છે વીતરાગનો! આહા..હા..! એ વાત વીતરાગ સિવાય ક્યાં છે? એક આત્મા નિશ્ચય વ્યાપક છે ને આમ છે ને તેમ છે. ધૂળેય નથી. આહા..હા..! પાખંડની પ્રતીતિ છે એ તો. ભગવાન આત્મા. આ તો એટલામાં રહે છે અને બધાના પરિણામ ભિન્ન ભિન્ન છે. આહા..હા..! પોતાના પરિણામ પર આત્મા સાથે છે એને સ્પર્શતા નથી, પર આત્માના પરિણામ એને પરના પરિણામ સ્પર્શતા નથી. ઓહોહો..! પ્રભુ! તારી ગંભીરતા તો જો જ્ઞાનના વિષયની! આહા..હા..! એને જ્ઞાન કબુલ કરે છે. એ વસ્તુ મારા જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન તો હું મારું મારાથી કરું છું. સમજાણું કાંઈ? આહા..હા..! એ કહ્યું.

‘**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ,સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા...**’ ગજબ વાત છે, ભાઈ! જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ પુદ્ગલની દશા છે. આહા..હા..! કેમકે એનાથી પુદ્ગલ બંધાય છે અને એનાથી પુદ્ગલનો સંયોગ થાય છે. એ આત્મભાવ નહિ. આહા..હા..! જ્ઞાનીને તો એ તીર્થંકરગોત્રનો જે ભાવ આવ્યો, ઈ પોતાના જ્ઞાનમાં ભાવ નિમિત્ત છે જ્ઞાન કરાવવામાં. સમજાણું કાંઈ? અને એ ભાવ પુદ્ગલની સાથે અભિન્ન છે અને આત્માથી ભિન્ન છે અને એ સંબંધી જે જ્ઞાન પોતામાં થયું એ જ્ઞાન આત્માથી અભિન્ન છે અને એ જ્ઞાન પુદ્ગલથી ભિન્ન છે, રાગથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :— ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ અસ્તિત્વ એના વિષયનું જ્ઞાન એટલું છે. જેની જ્ઞાનની પર્યાયમાં અનંત અસ્તિત્વ જાણે એવો એનો વિષય છે. આહા..હા..! એ છે એટલે જાણે છે એમ નહિ. આહા..હા..! શાસ્ત્રમાં આવે તો એને ખ્યાલ તો આવેને, પણ એ તો વિકલ્પ છે. પણ એ વિકલ્પ છે એ જ્ઞાનથી ભિન્ન છે. આ વાત! હવે આ સમન્વય કરવો છે બધાએ. સમન્વય કરો, એમ અત્યારે સમન્વય કરો એવી હવા ચાલી છે. બધા ધર્મ સાથે સમન્વય કરો. અરે પ્રભુ! કોઈ ધર્મ સાથે વિરોધ ન કરવો, દ્વેષ ન કરવો, પણ કોઈ સાથે સમન્વય આ ચીજ સાથે થતો જ નથી. અરે..! તીર્થંકરગોત્રનો રાગ આવ્યો એની સાથે જ્ઞાનમાં એકતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય.. લોકોને એમ થઈ જાય કે આહા..હા..! અને એ તીર્થંકરગોત્ર બાંધ્યું માટે તીર્થંકર થશે; એ એને કારણે થશે? એ તો રાગનો ભાવ આવ્યો તો બંધ થઈ ગયો. પછી સ્વનો આશ્રય લઈને રાગ તૂટશે ત્યારે તીર્થંકરગોત્રનો ઉદય થશે. કેવળજ્ઞાનમાં ઉદય થશે. એમાં એણે શું કર્યું? સમજાણું કાંઈ? આવી વાત છે આ. અરેરે..! એ દુઃખી થઈને રાગ મારો અને હું એનો એવી કર્તાબુદ્ધિમાં દુઃખી છે, દુઃખી છે. કેમકે રાગ એ દુઃખ છે અને આત્મા આનંદમૂર્તિ પ્રભુ છે. એ આનંદનો નાથ પ્રભુ ‘દુઃખ મારું છે’ એમ માનીને દુઃખી છે.

અહીં તો ભેદજ્ઞાન જ્યાં કર્યું તો દુઃખના પરિણામ પુદ્ગલની સાથે અભિન્ન છે અને દુઃખ જે પરિણામ છે પોતાને જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. તો જ્ઞાન જે થયું એ આત્માથી અભિન્ન છે અને રાગ આ જ્ઞાનની પર્યાયથી ભિન્ન છે અને રાગ એ પુદ્ગલથી અભિન્ન છે અને અનુભવથી ભિન્ન છે. આહા..હા..! ક્યાં દુનિયાને ક્યાં જોવું તારે શું કામ છે? અરે..! આહા..હા..!

**શ્રોતા** :— ભેદજ્ઞાન થાય નહિ ત્યાં સુધી તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ત્યાં સુધી રખડવાનો. એ સરવાળામાં રખડે. ત્યાંથી સરવાળો આવશે ઊંધો પાછો. આખી જિંદગી પાપ ને આ ને આ. આહા..હા..! ખેતી કરી. ખેતીમાં

આટલા પૈસા આવ્યા અને મોલ આમ પાકે ઈ જોવા જાય તો આમ રાજી-રાજી થઈ જાય. મોલ સમજો છો? બાજરો, જુવાર, કપાસ. અમારે પાલેજમાં તો કપાસ આટલા આટલા. કપાસ હોય છેને. એ લોકોને કપાસનું કહેવાય છેને. કાલા. કાલાનું ત્યાં બહુ પાલેજમાં. વોરા મુસલમાન. બહુ પાકે. દસ-દસ હજાર, વીસ-વીસ હજાર, પચ્ચીસ-પચ્ચીસ હજાર, લાખ-લાખની પેદાશ. કાલા. કાલા એટલે કપાસ થાય છેને. એ કાંઈક કહે છે. કાચુ સોનું કહે છે. ગુજરાતનું કપાસ કાચુ સોનું. પૈસા એટલા આવે. એક એક ગાડુ આવે હજાર-હજારની ઊપજ જેની. આહા..હા..!

અહીં તો એમ કહેવું છે એ ચીજ પણ પર છે. અમે આમ કપાસ જોવા જઈએને આટલા-આટલા મોટા. એ લોકો કાનમમાં માણસ ન દેખાય આવડા મોટા ઊંચા છોડ હોય. જોવે તો ખુશ થાય. આહા..હા..! ઓણ બહુ પાકશે. કોનો પાક? એનો વિકલ્પ આવ્યો એ દુઃખરૂપ છે. એ દુઃખરૂપ પર્યાય નિશ્ચયથી તો પરમાત્માથી ભિન્ન છે અને એનું જ્ઞાન થયું એ આત્માથી અભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

૯૨-૯૩ ગાથા. શીત-ઉષ્ણની જેમ પુણ્ય-પાપના ભાવને પુદ્ગલમાં નાખ્યા છે. કેમકે અચેતન છેને. શીત-ઉષ્ણ પરમાણુની પર્યાય છે અને આ રાગ-દ્વેષ પર્યાય છે જીવની, પણ એ અચેતન છે. એ પરમાણુ નથી, એમાં રંગ, ગંધ, રસ નહિ. સમજાણું કાંઈ? કર્મની પર્યાય જે છે એ તો રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી. સમજાણું કાંઈ? અને રાગની પર્યાય રંગ, ગંધ, રસ, સ્પર્શ નહિ, પણ એમાં જ્ઞાનનો અભાવ માટે અચેતન કહીને રંગ, ગંધ, રસવાળી પર્યાય સાથે જોડી દીધી. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આહા..હા..!

'**તે પ્રકારનો અનુભવ...**' '**અભિન્નપણાને લીધે આત્માથી...**' આહા..હા..! '**તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...**' જુઓ, અહીં નિમિત્ત લીધું પાછું. એમાં એમ કહ્યું હતું, એ પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ છે. એમ કીધુંને? '**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...**' એમ કહ્યું હતું. રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પના પોતામાં જ્ઞાન કરાવવામાં સમર્થ. એ જે સમર્થ લીધું તે અહીં નિમિત્ત લઈ લીધું. નિમિત્ત તરીકે સમર્થ એમ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સમયસાર અજોડચક્ષુ, અદ્વૈતચક્ષુ. આહા..હા..! ભરતક્ષેત્રના ભગવાન છે એ તો. શું કીધું?

**શ્રોતા :—** ઉપર સમર્થ કીધું હતું એને અહીં નિમિત્ત કહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જે સમર્થ કીધું હતું એને નિમિત્ત કહ્યું. કોઈ કહે કે પછી આ સમર્થ આનું કરાવવામાં સમર્થ (એમ નહિ) પણ નિમિત્તરૂપે સમર્થ. આહા..હા..!

જેમ શીત-ઉષ્ણનું જ્ઞાન પોતામાં થાય છેને. તો એ શીત-ઉષ્ણ જ્ઞાન કરાવવામાં સમર્થ એમ કહ્યું હતું, પણ એનો અર્થ નિમિત્ત. એમ રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પના પોતામાં જ્ઞાન કરાવવામાં સમર્થ, અનુભવ કરાવવામાં સમર્થ. એનો અર્થ? અનુભવ તો પોતાથી ઉપાદાનથી

પોતામાં થાય છે, પણ એમાં નિમિત્ત છે તો જ્ઞાન કરાવવામાં સમર્થ છે, વિકાર કરાવવામાં સમર્થ નથી એમ કહે છે. આહા..હા..! એ કરાવવાનો અર્થ ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! આ શરીર ને પૈસા ને આબરુ ને બધી ધૂળ. આહા..હા..! કહ્યું હતુંને એકવાર? નહિ? આવ્યા હતા ને ભાઈ આ? ચીમનભાઈના બનેવી નહિ? ચીમન ઠાકરશી. ના, ચીમન ઠાકરશી નહિ. ભાઈના બનેવી. શાંતાબેનના બનેવી. એટલે આ રસીકભાઈ નહિ? રાજકોટવાળા. એના બનેવી. એની પાસે પાંચ કરોડ રૂપિયા ... મખમલ પાથરેલા. સાડા પાંચ લાખનું તો મખમલની ઓલી શું કહેવાય તમારા? ગાલિચા અને ફર્નિચર. સાડા પાંચ લાખનું તો ફર્નિચર. અરેરે..! આમાંથી નીકળવું ભારે પડશે કીધું. ગાલિચામાં બધે પગલા કરાવ્યા.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મહારાજના પગલા થાય તો એમ.. આહા..હા..! આત્માની લક્ષ્મીની જરૂર છે કે તારે ધૂળની જરૂર છે? એવી તો અનંતવાર મળી છે, ભાઈ! આહા..હા..!

અહીં તો કહે છે... આ..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવમાં જ્ઞાનસ્વભાવનો અભાવ છે. તેથી તેને અચેતન કહીને પુદ્‌ગલની પર્યાય કહી દીધી છે. આહા..હા..! પંડિતજી! સમજાય છેને? આહા..હા..! હવે એ અચેતન છે એ નિશ્ચયમાં ચેતનને કારણ થાય? અચેતન ચેતનની નિર્મળ પર્યાયમાં કારણ થાય, નિમિત્ત હો, પણ એનાથી નિશ્ચય ઉત્પન્ન થાય (એમ ત્રણકાળમાં નથી). આહા..હા..! અચેતન કારણ અને ચેતનની પર્યાય કાર્ય એમ બને? આહા..!

અહીંયાં તો સ્વપરપ્રકાશક રાગથી ભિન્ન થઈને જે જ્ઞાનની પરિણતિ થઈ એમાં રાગાદિ પરિણામ છે તેને નિમિત્ત કહેવામાં આવ્યા છે. તો એ જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય પણ પોતાથી થઈ છે, એ રાગ છે માટે થઈ છે એમ પણ નથી. આહા..હા..! હવે એને અહીંયાં અચેતન રાગ નિશ્ચયસમ્યગ્દર્શનાદિમાં કારણ થાય.. અરે..! પ્રભુ એ ન હોય. એનો અભાવ કારણ છે. સમજાણું કાંઈ? સવારે આવ્યુંને? નિર્વિકલ્પ અનુભવદશા એ જીવ નહિ. જીવનો એ તો ઉપચારભાવ છે, પર્યાયભાવ છે. આહા..હા..! હવે જે પર્યાયભાવ છે એ પણ દ્રવ્યમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય છે એ દ્રવ્ય છે. એ મોક્ષના માર્ગની પર્યાય સમ્યગ્દષ્ટિની પર્યાય સમ્યગ્દષ્ટિને વિષય નથી કરતી. પોતાની પર્યાય પોતાનો વિષય નહિ. આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાયનો વિષય દ્રવ્ય છે. મોક્ષમાર્ગની પર્યાયનો વિષય મોક્ષમાર્ગ નથી, એ તો પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમજાય એવી વાત છે. આમાં કોઈ એવું વ્યાકરણ ને (એવું નથી). સમજાણું કાંઈ? ઓહો..હો..!

સમ્યગ્દર્શનની પર્યાય એ પોતાની પર્યાયને વિષય નથી કરતી. એ પર્યાય ત્રિકાળી દ્રવ્યને વિષય કરે છે કે જે દ્રવ્યમાં મોક્ષનો માર્ગ નિર્વિકલ્પ આનંદની દશાનો પણ જેમાં અભાવ છે. આહા..હા..! કેટલું કહ્યું એમાં! આહા..હા..! અહીં તો રાગ છે, વ્યવહારરત્નત્રય છે એ નિશ્ચયનું કારણ છે એમ કહો, અથવા અજ્ઞાનીને.. અજ્ઞાનીને એને વ્યવહારત્નત્રય પરંપરા મોક્ષનું

કારણ છે એમ કહો. અરે પ્રભુ! આજે લેખ આવ્યો છે. આહા..હા..! ભાઈ! એમ નથી.

રાગ મોક્ષના કારણમાં પરંપરા કારણ રાગ. આહા..હા..! એ તો આસ્રવ છે. બાર ભાવનામાં તો ત્યાં લીધું છે કુંદકુંદાચાર્યે કે આસ્રવ છે એ તો નિંદ્ય છે, પરંપરા અનર્થનું કારણ છે. શબ્દ નિંદ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ આસ્રવ મોક્ષને માટે પરંપરા કારણ! બાપુ! એ તો સમ્યગ્દૃષ્ટિને રાગથી ભિન્ન પડ્યો પ્રભુ, એના ભાનવાળા અનુભવીને રાગ છે એમાં અશુભ ટળ્યો છે અને ક્રમે-ક્રમે શુભ ટાળીને શુદ્ધમાં જાશે એ અપેક્ષાએ પરંપરા કહેવામાં આવ્યું છે. હવે એની વ્યાખ્યા જ એ. વ્યવહારનયનું વચન છે એ તો. સમજાણું કાંઈ? એમાં આમ ખુશી-ખુશી. લોકોને પણ ખુશી કરે. જુઓ ભાઈ વ્યવહાર કરતાં-કરતાં (થાય છે). પાછું એમાં વળી થોડું બીજું કહે, બધાને હોય નહિ પણ કોઈને હોય. પણ કોઈને હોય તો નિયમ ક્યાં રહ્યો? નિયમ સિદ્ધાંત ક્યાં રહ્યો? કોઈને એમ કે વ્યવહારથી નિશ્ચય પામે જ એમ નહિ, પણ કોઈ પામે. તો સિદ્ધાંત તો રહ્યો નહિ. આહા..હા..! વ્યવહારથી ત્રણકાળમાં કોઈ નિશ્ચય પામે નહિ, એ નિયમ અને એ સિદ્ધાંત છે. કેમકે વ્યવહાર અચેતન છે. એ ચૈતન્ય ભગવાન આત્માની શાંતિને માટે કારણ છે? આહા..હા..! એ તો અચેતન છે એ જ્ઞાનમાં નિમિત્તરૂપે છે. જ્ઞાન એને જાણનાર છે એવું જ્ઞાનમાં સામર્થ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે...'** કોણ? રાગ-દ્વેષ સુખ-દુઃખની કલ્પના. **'અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...'** એ પ્રકારનું જ્ઞાન. એ પ્રકારનું જ હોયને. જે કાળે યથાર્થ જે સમયે જાણેલો પ્રયોજનવાન, જેવો રાગ છે, જેવી કલ્પના સુખ-દુઃખની છે એ પ્રકારનું જ્ઞાન કરાવવામાં જીવ સમર્થ છે. **'અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્યારે જ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય...'** દેખો. જ્યારે ભગવાન આત્માનું જ્ઞાન અને રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના. આહા..હા..! શરીરની યુવાન અવસ્થા હોય અને આમ અલમસ્ત શરીર હોય, ૨૦ વર્ષની જુવાન સ્ત્રી હોય અને એની સુંદરતા અને એની નમણાઈ દેખીને. આહા..હા..! પ્રભુ! એમાં મજા પડે છે એમ માને. અરે મૂઢ! શું કરે છે આ તું? સમજાણું કાંઈ? મજા પડે છેને કહે છેને. અરે પ્રભુ! શું થાય છે? ભાઈ! એ તરફનો જે રાગ થયો એ તો દુઃખરૂપ છે. આહા..હા..! ખરેખર તો જ્ઞાનીને એ રાગ જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાની જાણે છે કે આ તો દુઃખ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઇન્દ્રિયના વિષયથી નિવૃત્તિ ન હોય હજી ચારિત્ર નથી એટલે, તો રાગ આવે. આહા..હા..!

પંચમ ગુણસ્થાન સુધી તો રૌદ્રધ્યાન હોય છે, પણ એ રૌદ્રધ્યાન અહીં જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે, એમ કહે છે જ્ઞાનીને. રૌદ્રધ્યાનના પરિણામ પુદ્‌ગલ સાથે અભિન્ન છે. આહા..હા..!

આવી વ્યાખ્યા અને આવું આ. લોકોને મળ્યું નથીને એટલે આ નવું લાગે એને કે આવું ક્યાં કાઢ્યું? એ કરતા અમે કરીએ છીએ એ કરવા દ્યોને. કોણ પણ ના પાડે છે? તું કરને જે કરે છે એ, પણ માર્ગ આ છે. કહો, શેઠ! એ ત્યાં અગ્રેસર હોય જ્યાં ત્યાં એ શેઠ તો લ્યો. અન્યમતિમાં પણ અગ્રેસર થવા જાય. મોઢા આગળ દેખાય, માન મળે, મોટા માણસ આવે તો આપણી સારી શોભા તો થાય સભાની. ત્યાં પણ જાય. એવું સાંભળ્યું હતું એક ફેરી. રામજીભાઈ બચાવ કરે છે. આહા..હા..! ત્યાં ભલે પૈસા ન આપે પણ બેઠા હોય એક શેઠ ભગવાનદાસ શોભાલાલની કંપની. એક શેઠ આવ્યા તો બધા આવે. બધા ગામના. અરે ભાઈ! શું છે? બાપા! શેઠ—શ્રેષ્ઠ તો પ્રભુ ચૈતન્ય આનંદનો નાથ છેને. એને પર્યાયમાં પધરાવને. આહા..હા..! એને ગાદીએ બેસાડ. સમજાણું કાંઈ? એમાં તારી શોભા છે. તને આનંદ આવશે. આહા..હા..! પણ અવ્યક્ત ચીજ એનું એને માહાત્મ્ય આવતું નથી. કેમકે એક સમયની પર્યાયમાં એ આવતી નથી અને અનાદિની પર્યાયમાં રુચિ, પર્યાય મૂઢા. આહા..હા..! અનાદિ સંસ્કાર. આહા..હા..! ગજબ વાત છે ૯૨-૯૩ ગાથા. શીત-ઉષ્ણની પેઠે રાગ-દ્વેષને નાખી દીધા. શીત-ઉષ્ણમાં તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે, પણ આ રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પનામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. પણ અચેતન છે તો આ પણ અચેતન છે એમ કરીને પુદ્ગલના પરિણામ (કહી દીધા).

**શ્રોતા :—** અચેતનની અપેક્ષાએ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બસ અચેતન. આહા..હા..!

ભગવાન તો ચૈતન્યસ્વરૂપ છેને, પ્રભુ! એ તો જ્ઞાનનો સાગર છેને. એમાં ઊછળે તો જ્ઞાનની પર્યાય ઉછળે. આહા..હા..! નદીમાં તરંગ ઉઠે તો એ પાણીના તરંગ પાણીના ઉઠે. એમાં ખારા અને કાળા અફીણના તરંગ ઉઠે? એમ ભગવાન આત્મા નિર્મળ જ્ઞાનથી ભરેલો પ્રભુ, એ ઊછળે કલ્લોલ કહો તો એમાં જ્ઞાનની પર્યાય ઉઠે છે. રાગની પર્યાય એમાંથી ઉઠે? આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ તો છે, પ્રભુ! શું કરે? માર્ગ તો આ છે, ભાઈ! માર્ગનું સ્વરૂપ એવું છે. અનંત તીર્થંકરોએ આમ કહ્યું છે, દિગંબર સંતોએ આડતિયા થઈને જગતને જાહેર કર્યું. એ માલના આડતિયા છે. આડતિયા કહે છેને? આહા..હા..! આવો માર્ગ પ્રભુ તારો. તારી મહત્તા તો જો તારી જ્ઞાનની પર્યાયમાં.

આજે તો ઓલા લીંબડા દેખીને (થયું) કે આહા..હા..! અનંતા રજકણો, અનંતા એટલામાં એક જીવ. એક પાંદડામાં અસંખ્ય શરીર, એક શરીરમાં એક જીવ, એક જીવને તેજસ અને કાર્મણ (શરીર) બધાથી ભિન્ન. આટલામાં તો અનંતા તેજસ અને અનંતા કાર્મણ (શરીર) છે.. આહા..હા..! એ સ્વભાવિક વસ્તુ છે, ભાઈ! આ પરમાણુ આવડો નાનો એમ ન લેવું. એ સ્વભાવિક જડ વસ્તુ છે. ચૈતન્ય એક સ્વભાવિક ચૈતન્યવસ્તુ છે. આહા..હા..! આટલી આંગળીના અસંખ્યમા ભાગમાં અનંતા તેજસ-કાર્મણ અને નિગોદના શરીર હોય તો ત્યાં

તો એક આટલા શરીરમાં અનંત જીવ (રહે છે). આહા..હા..!

અહીંયાં તો એમ કહેવું છે કે પોતાની જ્ઞાનની પર્યાય જે જ્ઞેય છે, દયા પાળવી કે એ પ્રશ્ન અહીં નથી, પણ જ્ઞાનની પર્યાયનો વિષય કેટલો છે? અનંત. એ અનંતનું આત્મા જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? અનંતની દયા પાળે છે એમ નહિ. અનંતને મારે અને દયા (પાળે) એ નહિ, એ તો એના અધિકારમાં છે નહિ. સમજાણું કાંઈ? એ જ્ઞાન વસ્તુ ભગવાન ચૈતન્યપ્રકાશ એની પર્યાયની મહત્તા કેટલી? કે જે અનંત નિગોદ અને અનંત સિદ્ધોને જ્ઞાનમાં લે! આહા..હા..! એ જ્ઞાનની મહત્તા અનંત-અનંત જ્ઞેય છે એમ નહિ, પણ જ્ઞાનની મહત્તા એટલી છે. સમજાણું કાંઈ? નિગોદના જીવની દયા પાળવી એમ નથી. પાળે કોણ કોની? પણ એ અનંતા જીવ છે જ્ઞાનમાં વિષય છે એટલી તો જ્ઞાનની પર્યાયની અધિકતા છે. આહા..હા..! તો એવી એવી પર્યાયનો પિંડ ભગવાન આત્મા, જેમાં પર્યાય નહિ, પણ એકલો દ્રવ્ય પરમપારિણામિક ભાવસ્વભાવ. આહા..હા..! પરિણમે સો પારિણામિકભાવ આવ્યુંને, ભાઈ! પંચાસ્તિકાયમાં ભાઈ પાંચ ભાવનું વર્ણન આવ્યુંને. ૫૬, ૫૭, ૫૮ ત્યાં એમ લીધું. ચાર ભાવ ઉદયભાવ આદિ છે એ કર્મના નિમિત્તની અપેક્ષાથી થયા છે. છે ઉપાદાન એનું, પણ કર્મની અપેક્ષા છે ચાર ભાવમાં—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. પરમપારિણામિકભાવમાં નિમિત્ત અને નિમિત્તના અભાવની અપેક્ષા નથી. એવો નિરપેક્ષ ભગવાન પરમસ્વભાવ. ક્ષેત્ર મોટું એની કોઈ જરૂર નથી એને. સમજાણું કાંઈ? આહા..હા..!

એવું ભેદજ્ઞાન જ્યારે રાગથી થયું તો એ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય સ્વપરપ્રકાશકમાં રાગ નિમિત્ત છે, પણ એ રાગ તો પુદ્‌ગલની સાથે અભિન્ન છે. ભગવાનનું જ્ઞાન જે થયું એનું પોતા સંબંધીનું એનું એ જ્ઞાનથી આત્મા અભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવો માર્ગ. માણેકચંદભાઈ! ઓલા પૈસાવાળાને એમ હોય કે જાણે દાન કરીને ધર્મ થઈ જશે. ભાવ હોય, આવે છે. આ તીર્થ ફંડની રક્ષા કરીએ તો ધર્મ થઈ જશે. એમ હશે? કહો, જાંજરીજી! લ્યો, એ ત્યાં મક્ષીના મંત્રી છે. આહા..હા..! એ તો એક વિકલ્પ હો, એ કોઈ ધર્મ છે એમ નથી. આહા..હા..!

**શ્રોતા :—** ધર્મનો અનુરાગ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અનુરાગ છે એ પણ જાણવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેઓ એક નથી...'** આહા..હા..! **'રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, તેઓ એક નથી પણ ભિન્ન છે એવા...'** ભેદજ્ઞાનને કારણ.. વિશેષ કહેશે હવે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૯, ગુરુવાર, તા. ૧૯-૮-૧૯૭૬, ગાથા-૯૩, પ્રવચન નં. ૧૬૦

સમયસાર, ગાથા-૯૩. અહીં સુધી આવ્યું છે. 'જ્યારે જ્ઞાનને લીધે...' નીચેથી આઠમી લીટી—પંક્તિ. આઠમી છેને? પહેલેથી શું કીધું? થોડું ફરીને લઈએ. જેમ શીત અને ઉષ્ણ એ પુદ્ગલની અવસ્થા છે, તો પોતાના જ્ઞાનમાં એ નિમિત્ત થાય. શીત-ઉષ્ણ જ્ઞાનમાં નિમિત્ત થાય, પણ શીત-ઉષ્ણપણે આત્મા થાય એ અશક્ય છે. સમજાણું કાંઈ? ઠંડી અને ગરમ.. સૂક્ષ્મ વાત. તદ્દ્ન સમ્યગ્દૃષ્ટિની વાત છે. પહેલી મિથ્યાદૃષ્ટિની વાત આવી ગઈ ૯૨માં. આ સમ્યગ્દૃષ્ટિની વાત છે. આહા..હા..!

ધર્મીજીવ થાય છે તો કેવી રીતે થાય છે એમ કહે છે. જેમ ઠંડી અને ગરમ અવસ્થા પુદ્ગલથી અભિન્ન છે અને આત્માથી ભિન્ન છે, તો આત્માનું ઠંડી અને ગરમ અવસ્થાપણે થવું—પરિણમવું એ અશક્ય છે. ચૈતન્યસ્વરૂપી અજીવ—શીત-ઉષ્ણપણે કેમ થાય? સમજાણું કાંઈ? પોતાના જ્ઞાનમાં શીત-ઉષ્ણ એ નિમિત્ત છે. જાણવામાં જાણવું પોતાથી થાય છે. સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાથી છે, એમાં શીત-ઉષ્ણ નિમિત્ત છે. એમ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના પુણ્ય અને પાપનું કરવું એ રાગ એ કર્મચેતના અને એના હરખ-શોકનું વેદન રાજીપો ખુશી થવું એ કર્મફળચેતના. એ કર્મ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની પર્યાય નિશ્ચયથી પુદ્ગલની છે. કેમકે ભગવાન આત્મામાં અનંત શક્તિ છે, પણ એ બધી નિર્મળ શુદ્ધ છે. તો નિર્મળ સ્વભાવ છે એ વિકારપણે કેમ થાય? સમજાણું કાંઈ? રાગ-દ્વેષ અને દયા, દાન (ભાવ થાય એ).. આહા..હા..! પોતામાં જ્ઞાનમાં નિમિત્ત છે, પણ એ જ્ઞાનમાં નિમિત્ત હોવા છતાં પણ એ રાગ-દ્વેષ, સુખ-દુઃખ આત્માના જ્ઞાનથી ભિન્ન છે અને પુદ્ગલથી અભિન્ન છે. આહા..હા..! આ ભેદજ્ઞાન લોકોને કઠણ પડે. વ્યવહારથી થાય છે. અહીં તો વ્યવહારના રાગનો ભાવ એને તો પુદ્ગલપરિણામ કહ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? ચુનિભાઈ ગયા? ... ગયા? બેઠા છે? પાછળ બેઠા છે? ઠીક. એ તો અહીં ન જોયા એટલે. ઓ બેઠા. તમારા ચિરંજીવીને જોયા અને તમને ન જોયા એટલે. શું કહ્યું સમજાણું? આહા..હા..!

ભગવાન આત્મા.. કેટલી વાત ઓહો..હો..! જે વ્યવહારરત્નત્રયનો જે રાગ છે એ રાગ છે એ પુદ્ગલની પર્યાય છે, એમ કહે છે, સમજાણું કાંઈ? એ પુદ્ગલની પર્યાય રાગ, સુખ-દુઃખની કલ્પના એ પોતાના જ્ઞાનથી ભિન્ન છે અને પુદ્ગલથી અભિન્ન છે. આહા..હા..! અને રાગપણે પરિણમવું, વિકારપણે પરિણમવું અથવા પુદ્ગલની અવસ્થાપણે થવું એ આત્માથી

અશક્ય છે. આહા..હા..! ઝીણી વાત બહુ, ભગવાન! માર્ગ એવો. લોકો પછી બિચારા શું કરે? ખ્યાલમાં ન આવે એટલે પછી. એકાંત છેને આમ છે. કરો ભાઈ! વસ્તુસ્થિતિ તો આમ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો કહે છે કે વ્યવહારરત્નત્રય છે એ શુભરાગ છે. નિશ્ચયથી પોતાનો જ્ઞાયકસ્વભાવ અનંત શક્તિએ પવિત્ર શુદ્ધ છે. તો એના પવિત્રપણે પરિણમવું શક્ય છે. સમજાણું કાંઈ? પણ રાગના વિકારપણે પરિણમવું એ પુદ્ગલની પર્યાયપણે અશક્ય છે. આહા..હા..! એવી વાત છે, ભાઈ! ભગવાન આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા એ અતીન્દ્રિય આનંદપણે પરિણમવું એ શક્ય છે, પણ રાગપણે પરિણમવું ઈ, જેમ ઠંડી-ગરમ અવસ્થાપણે પરિણમવું અશક્ય છે, (તેમ અશક્ય છે). આહા..હા..! આવી વાત છે. ક્યાં ગયા વિમલચંદજી? ક્યાં ગયા? પિતાજી ગયા? બેઠા છે. એ વિમલચંદજી કહે, કાલે ઓલું લેવું. સવારે વાત આવી હતી. કાલે ઓલી નહિ ભાવલિંગની ભાઈ. પરમાત્મપ્રકાશમાં આવી હતી. એ કહે, સવારે લેવું. અત્યારે તો આ લઈએ. આહા..હા..!

અહીંયાં તો દ્રવ્યલિંગ જે રાગાદિ છે એ દ્રવ્યલિંગ છે. જેમ નગ્નદશા જડની દ્રવ્યલિંગ છે એમ રાગ પણ દ્રવ્યલિંગ છે. કેમકે આત્માની પર્યાય નથી એ. આહા..હા..! ઘણી ધીરજ જોઈએ, ભગવાન! અંતર્મુખ થવાનો પ્રયાસ અનંત ગુણો છે. સમજાણું કાંઈ? રાગથી પણ ભિન્ન થઈને, રાગથી પણ ભિન્ન થઈને પોતાના સ્વભાવસન્મુખ થવું અને સ્વભાવને અધિક જાણવો. આહા..હા..! વિભાવથી સ્વભાવને અધિક—ભિન્ન જાણવો. સમજાણું કાંઈ?

આ તો આત્માનો માર્ગ છે. બાળ-ગોપાળ.. આહા..હા..! ૧૭-૧૮મી ગાથામાં કહ્યુંને? પ્રભુ! આચાર્યનું કથન તે કથન. ગજબ વાત! પ્રભુ! તારી જ્ઞાનની એક સમયની પર્યાય છેને, એ પર્યાયનો સ્વભાવ, જ્ઞાનનો તો સ્વપરપ્રકાશક છે. ખરેખર તો અમે કહીએ છીએ, એમ કહે છે પરમાત્મા કુંદકુંદાચાર્ય. આહા...! કે જ્ઞાનની પર્યાયમાં દ્રવ્યસ્વભાવ જ અનુભવમાં આવે છે. આહા..હા..! ચેતનની પર્યાયમાં ચેતન અનુભવમાં આવે છે સદા સર્વદા બાળગોપાળ જીવને. આહા..હા..! બાળક હો કે વૃદ્ધ હો. ઓલા ગોપાળની વ્યાખ્યા વળી ભાઈ કહે ગાયની એ જરી કરી હતી. અહીં તો વૃદ્ધ અને બાળકથી માંડીને બધા ભગવાન આત્મા એની પર્યાય જ્ઞાનની છે તો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક છે તો એ સ્વપ્રકાશક એમાં આવે જ છે; પણ અજ્ઞાનીની દૃષ્ટિ એના ઉપર નથી. અને ઓલો વ્યવહાર અને રાગ ઉપર દૃષ્ટિ છે, તેથી 'રાગને જાણું છું' એમ એ અજ્ઞાનમાં ભ્રાંતિમાં ભાળે છે. આહા..હા..!

જ્ઞાની.. અહીં જ્ઞાનીની વાત ચાલે છેને. ધર્મીજીવ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવરૂપ પરિણમનાર અને રાગની પરિણતિથી ભિન્ન પરિણમનારો. આહા..હા..! શેઠ! આ મોંઘી છે આ વાત. ઓલા પૈસા મળી ગયા ઝટ દઈને એટલે... આ મોંઘુ બહુ છે. એ વાત એવી છે. આહા..હા..! પ્રભુ ચૈતન્યમૂર્તિ. આ તો બધું જડ માટી ધૂળ. આહા..હા..! મસાણના

હાડકા છે આ તો.

અંદરમાં રાગ અને પુણ્યના ભાવ થાય છે એને પરમાત્મા એમ કહે છે, પ્રભુ! એ તો પુદ્ગલની પર્યાય અમે કહીએ છીએને. તને બેસે, ન બેસે તું જાણ. અમે તો એમ કહીએ છીએ. અને એ પુદ્ગલની પર્યાયની સાથે જ્ઞાન તન્મય નથી, ભિન્ન છે. તો જ્ઞાનની પર્યાય જ્યારે જાગી તો એમાં.. પર્યાયમાં દ્રવ્ય તો આવે છે, પણ દૃષ્ટિ વિષય નથી કરતી. દૃષ્ટિ એના વિષય ઉપર નથી અજ્ઞાનીની અનાદિની. પર્યાય ઉપર અને રાગ ઉપર દૃષ્ટિ. આ સામાયિક કરી, મેં પુણ્ય કર્યા, મેં દયા પાળી, મેં વ્રત કર્યા, મેં ભક્તિ કરી, પૂજા કરી એમ વિકારી પર્યાય ઉપર દૃષ્ટિ હોવાથી પરપ્રકાશક આત્માને એકલો જાણે છે. એ તો એકાંત મિથ્યાત્વ થઈ ગયું. એ સ્વપરપ્રકાશકને એકલો પરપ્રકાશક માને છે એ તો મિથ્યાભ્રાંતિ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં તો કહે છે કે રાગને જાણવો અને સ્વભાવને ન જાણવો એ એકાંત મિથ્યાત્વ છે. સૂક્ષ્મ છે. અમરચંદભાઈ! ક્યાં ગયા તમારી સાથે હતાને? ગયા? તમારી પાસે બેસતા હતા. આહા..હા..!

કહે છે, સાંભળ પ્રભુ! તું કોણ છો? તું તો અવિનાભાવી જ્ઞાન સાથે અનંતગુણ રહેનાર એવો આત્મા છો. અનંતગુણથી અવિનાભાવી જ્ઞાન. જ્ઞાન છે ત્યાં અનંતગુણ છે અને અનંતગુણ છે ત્યાં જ્ઞાન છે. એવા અવિનાભાવી જ્ઞાનની સાથે અનંતગુણ (રહે છે) એવો તું આત્મા છોને પ્રભુ! આહા..હા..! એ આત્મામાં રાગનું જ્ઞાન થાય, એ પણ રાગનું જ્ઞાન કહે છે એ પણ વ્યવહાર છે. ખરેખર તો પોતાનું જ્ઞાન થાય છે ત્યારે એ પર્યાયમાં સ્વપરપ્રકાશકની સામર્થ્યતા આવી, તો રાગને જાણે છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. ખરેખર તો સ્વપરપ્રકાશક પર્યાયને જ જાણે છે. આહા..હા..! વાત ઝીણી ભારે, ભાઈ! માર્ગ એવા તે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં એ કહે છે હવે. એ '**અત્યંત ભિન્ન છે.**' અહીં સુધી આવ્યું છે. સમજ્યા? ક્યાં? '**પુદ્ગલપરિણામની અવસ્થા...**' છેને? '**તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે.**' આહા..હા..! '**જ્યારે જ્ઞાનને લીધે...**' આહા..હા..! જ્યારે રાગથી ભિન્ન થયું એવા ભેદજ્ઞાનને કારણે. સમજાણું કાંઈ? જે સમયે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે તે જ કાળે રાગ ઉત્પન્ન થાય છે. કાળ એક. ખરેખર તો દ્રવ્યની અપેક્ષાએ, એ તો ક્ષેત્ર એક. આમ પર્યાયનું ક્ષેત્ર ભિન્ન છે, પણ આ દ્રવ્યની અપેક્ષાએ. સમજાણું કાંઈ? પ્રદેશ એક, કાળ એક, ભાવ ભિન્ન. એક જ સમયે જ્ઞાન ઉત્પન્ન થાય અને રાગ એક કાળે જ ઉત્પન્ન થાય છે, પણ એકસાથે ઉત્પન્ન થતાં જોઈને 'હું રાગ છું' એમ અજ્ઞાની માની લે છે. આહા..હા..! એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે આ શબ્દ. ભાઈ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં આ શબ્દ લીધો છે કે ભાઈ! આ બે કઈ રીતે છે? કે જે સમયે જ્ઞાન ઉત્પન્ન થાય એ સમયે રાગ સાથે જ છે, એક કાળે જ છે. તેથી એને એમ ભાસે છે કે આ

રાગ મારી ચીજ છે. ભાવ ભિન્ન છે એનું ભાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શું સંતોએ કથન કરીને જગતને ન્યાલ કરી નાખ્યું છે! ભેદજ્ઞાન અંદરમાં પડ્યું છે ને પ્રગટ કરી કહે છે. આહા..હા..!

કહે છે, **'જ્યારે જ્ઞાનને લીધે...'** એટલે? રાગથી ભિન્ન થયો એવા ભેદજ્ઞાનને લીધે **'આત્મા તે રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય...'** એ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ અને હરખ-શોકના પરિણામ એને પોતાના આત્માથી.. છે? **'પરસ્પર વિશેષ જાણતો હોય...'** પરસ્પર વિશેષ જાણે છે. આહા..હા..! રાગ અને રાગમાં પ્રેમ અને હરખ થયો એમાં અને ભગવાન આત્મા જ્ઞાન એ બેમાં ફેર અને અંતર જ્ઞાની જાણે છે. એક સમયે ઉત્પન્ન થવા છતાં પોતાનો સ્વભાવ જ્ઞાન છે અને રાગસ્વભાવ દુઃખ છે એવો પરસ્પર અનુભવમાં અંતર જોવે છે. આહા..હા..! આવી વાત હવે. લોકો બિચારા શું કરે? બેસે નહિ તો કાંઈક કાંઈક (માની લે). આહા..હા..!

હવે સમ્યગ્જ્ઞાનની વાત કાલે ભાઈએ કરી હતી. આપણે રતનલાલજી છેને? ગયા કે છે? ઈંદોર. ગંગવાલ. છે? ત્યાં ફૂલચંદજી છે ભાઈ ત્યાં. આપણે જવાના છેને ભાઈ હવે. ફૂલચંદજી ત્યાં છે. એટલે ભાઈ ગંગવાલજી એમ કહે કે ત્યાં જઈને આ 'સમ્યગ્જ્ઞાન દિપીકા' બહાર પાડશું અને ફૂલચંદજી દ્વારા બહાર પાડશું. આ તો ધર્મદાસ ક્ષુલ્લકનો ગ્રંથ છે અને તું સોનગઢ માથે ઢોળી દે છો! હજી ગ્રંથ કોનો છે એની ખબર નથી. સમજાણું કાંઈ? એમાં વિદ્યાનંદજીને એટલી ખબર નથી. દિગંબર શાસ્ત્રમાં લખ્યું છે. પંચાસ્તિકાય અહીં નથી. બે ટીકાવાળું. બે ટીકાવાળું નહિ? શ્રીમદ્‌વાળું છે એમાં છે જયસેનાચાર્યની ટીકા. આણે નાખ્યું છે આ બેય હોં. જયસેનાચાર્યની ટીકાનું નાખ્યું, ષટ્ પાહુડ છેને? કળિકાળ સર્વજ્ઞ કહ્યા છે એને. મહાવિદેહમાં ગયા છે એ નાખ્યું છે અને આ દેવસેનાચાર્ય એનું નાખ્યું છે કે જો પદ્મનંદીનાથ મહાવિદેહમાં ન ગયા હોત તો અમે મુનિપણું કેમ પાળત? આહા..હા..! બધું નાખ્યું છે. ત્યાં ઓલી વાત ચાલી હશેને એટલે (આ નાખ્યું). આ તો ૭-૭ હજાર પુસ્તક છે. કોઈ કહે છે કે પેમ્પલેટ કરવા. આપણે પેમ્પલેટ નહિ. આ પેમ્પલેટ થઈ ગયા આમાં. ભાઈ કોઈ કહેતા હતા. અહીં કોણ ઉપાધિ કરે. એમાં છે. જવાબ ઘણો સારો આપ્યો છે. હિતેષી છે. ત્યાં દિલ્હીમાં રહે છેને. આહા..હા..! અરે..! શાસ્ત્રમાં, દિગંબર શાસ્ત્રમાં શું છે એની ખબર નથી. પરના શાસ્ત્ર રામાયણ ને અઢાર ને આ ધૂળ ને એમાં.. સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં, ષટ્‌પાહુડમાં, દર્શનસારમાં ત્રણ શાસ્ત્રમાં મહાવિદેહમાં ભગવાન પાસે ગયા, દર્શન કર્યા, ત્યાંથી આવીને શાસ્ત્ર રચ્યા. શાસ્ત્રમાં એમના ભાવ છે એમ લખ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અમે તો પહેલા કહ્યું હતુંને. (સંવત) ૧૯૭૮ની સાલમાં. એક સમયસાર નાટક છે. નાગનું. નાગ. નાગ-નાગ. નાગ સમજ્યા? એ શું કહેવાય તમારું મહારાષ્ટ્ર. મહારાષ્ટ્રમાં એક નાગ છે કોઈ. હતા. ધનાઢ્ય ગૃહસ્થ. એમાં ચાર-પાંચ છેને? અર્થ છે, ટીકા છે, પાછો ભાવાર્થ છે.

તો એણે ટૂંકું કરીને લખ્યું છે. સમયસાર નાટક છે. એ ૭૮ની સાલમાં અમને મળ્યું. ૫૪ વર્ષ પહેલાં. એની ચોથી પંક્તિ નહિ પણ ચોથું પાનું. ચોથા પાનામાં નીચે એમ લખ્યું હતું નોટમાં. બતાવ્યું હતુંને એક ફેરી. એક પુસ્તક છે અમારી પાસે. ત્યાં નોટ કરી લીધું લાલ શીશપેનથી. એમાં એક લીટી એમ લખી છે કે આ શાસ્ત્ર માન્ય કેમ? પ્રમાણ કેમ? કે કુંદકુંદાચાર્ય મહાવિદેહમાં ગયા હતા ત્યાંથી આવીને શાસ્ત્ર બનાવ્યું છે માટે પ્રમાણિક છે. તો એ ૭૮માં (જોયું હતું). શેઠ! લાલ લીટી કરી છે. પુસ્તક ત્યાં પડ્યું છે. અંદરથી એકદમ (આવ્યું). નહિતર તો એમાં હતા, સ્થાનકવાસી હતા અમે તો. આહા..હા..! વાત તો સાચી લાગે છે કીધું આ. સમજાણું કાંઈ? હવે ત્યાં સંપ્રદાયમાં ઢુંઢિયામાં હતા. અમારું માન બહુ હતું સંપ્રદાયમાં તો. બહુ માનતા લોકો. પ્રભુ તરીકે માનતાને. એ જ્યાં જોયું અંદરથી કે ઓ..હો..! આ વસ્તુ છે.

**શ્રોતા :—** .. માને છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નથી માનતા, બિલકુલ નહિ. અમને તો ઓલા પૂર્વના સંસ્કાર હતાને તો એ વાંચ્યું એટલે બેસી ગયું. ઓહો..! વાત આ છે. મહાવિદેહમાં ગયા હતા, ત્યાંથી આવીને બનાવ્યું માટે પ્રમાણ છે. ત્યાં છે આપણે સમયસાર નાટક. સ્વાધ્યાય મંદિરમાં છે નીચે. આહા..હા..! હવે આવી વાત હજી ક્યા ગ્રંથમાં કઈ વાત છે એની ખબર નથી અને અન્યમતિની વાતું મોટી-મોટી કરે અને રામાયણમાં આમ છે ને આમાં આમ છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે **'જ્યારે જ્ઞાનને લીધે...'** આહા..હા..! રાગથી ભિન્ન થયો એવું ભેદજ્ઞાન. રાગ હોવા છતાં ભગવાન પૂર્ણાનંદના નાથની હયાતી છે એવું રાગથી ભેદજ્ઞાન થયું. આહા..હા..! સમજાણું કાંઈ? રાગની ઉત્પત્તિ અને હયાતી એક ક્ષણની છે અને ભગવાન આત્મા તો ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ છે. આહા..હા..! એવા વ્યવહારનો જે રાગ જે પર્યાયમાં છે એનું ભેદજ્ઞાન કર્યું. આત્મા ઉપર દૃષ્ટિ લઈ ગયા. આત્મા **'णाणसहावाधियं मुणदि आदं'** ૩૧ ગાથામાં છે, સમયસાર. એ રાગથી વ્યવહારના વિકલ્પથી **'णाणसहावाधियं मुणदि आदं'** એ રાગથી અધિક ભિન્ન ભગવાનને જ્યાં જાણ્યો અને માન્યો તો એ જ્ઞાનમાં રાગથી ભિન્ન જ્ઞાન થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્યારે જ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર...'** જુઓ, હું તો આનંદ અને જ્ઞાન છું, રાગ એ દુઃખ અને આકુળતા છે. આહા..હા..! ભાષા કેવી છે? **'પરસ્પર વિશેષ જાણતો...'** પરસ્પર. મારાથી એ ભિન્ન અને એનાથી હું ભિન્ન. આહા..હા..! એ સમ્યગ્દર્શનની સાથે ભેદજ્ઞાન થાય છે ઈ આ ભેદજ્ઞાન. સમજાણું કાંઈ? **'સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો...'** અનુભવ નામ જ્ઞાન હોં! પાછું એનું વેદન નહિ. અનુભવ શબ્દે રાગ આવ્યો એનું અહીં જ્ઞાન થાય છે. જ્ઞાન તો પોતાનું છે, પણ એનું જ્ઞાન—અનુભવ કહેવામાં આવ્યું છે. **'પરસ્પર વિશેષ જાણતો...'** આહા..હા..!

જેમ કાંકરા અને અનાજ. કાંકરા કહે છેને? કંકર. કોઈ બાઈ ઘઉં વીણતી હોય તો પૂછે કે શું કરો છો, બહેન? તો કહે, ઘઉં વીણું છું. ઘઉં વીણે છે? વીણે છે તો કાંકરા. ઘઉં તો મોટી સંખ્યામાં છે. એ એક એક વીણે તો કે દિ' પાર આવે? એમાં કાંકરી છે (એને વીણે છે). સમજાણું કાંઈ? અને એટલું એમાં કે ભઈ, ચોખા કે દાળ એવું નથી વીણતી એટલું બતાવવા ઘઉં વીણે છે એમ કહ્યું. સમજાણું કાંઈ? એમ આત્મામાં રાગથી ભગવાન ભિન્ન વીણી લીધો અંદરથી અને રાગના કાંકરા ભિન્ન કરી નાખ્યા. આવી વાત છે, બાપુ!

અરે..! વાત આવી ભગવાનની સમીપેથી આ વાત છે, ભાઈ! અને આ વાતના ઝઘડા ઉઠાવે. પ્રભુ! નુકસાન છે, ભાઈ! એ પરિણામનું ફળ બાપા, તને દુઃખરૂપ થશે, ભાઈ! આહા..હા..! સત્યને અસત્ય કરીને સ્થાપે, અસત્યને સત્ય કરીને સ્થાપે. બાપુ! એના પરિણામનું ફળ તો કરનારને છેને? એ જવાબદારી નાથ! તને દુઃખ થશે, બાપુ! એ દુઃખના સંયોગો તને કઠણ પડશે. આહા..હા..! ભાઈ! અહીંયાં દુનિયા રાજી થાશે અને તું પણ રાજી થઈશ કે અમે જુઓ, નિશ્ચયનો પંથ ચલાવે છે એનો અમે છેદી નાખ્યો કે એની વાત ખોટી છે. પ્રભુ! એમ નહિ કર. આહા..હા..! અહીં તો શું કહે છે? **'પરસ્પર...'** પરસ્પર કહ્યુંને? આત્મા જ્ઞાનને લીધે. આહા..હા..! **'તે રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો...'** એના જ્ઞાનનું **'પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, તેઓ એક નથી...'** રાગ અને ભગવાન એક નથી. આહા..હા..! ઘઉં અને કાંકરા બે એક નથી. આહા..હા..! ફોતરા હોય છેને ફોતરા? અડદની દાળ, મગની દાળને પલળે તો જુદા થઈ જાય છેને, તો એ દાળ અને ફોતરા એક નથી; એમ ભગવાન દળ જે આનંદનું જ્ઞાનસ્વભાવી દળ અને રાગ-ફોતરા બે એક નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

શિવભૂતિમાં આવે છેને એ? શિવભૂતિને બહુ શબ્દ યાદ નહોતા રહેતા. ગુરુજીએ કહ્યું કે ભાઈ! મારુષ-માતુષ. કોઈ પ્રત્યે રોષ નહિ, કોઈ પ્રત્યે રાગ નહિ. એનો અર્થ જ્ઞાતા-દૃષ્ટા રહો. પણ માતુષ અને મારુષ શબ્દ યાદ ન રહ્યા. આહા..હા..! એમાં એક બાઈ અડદની દાળ ધોતી હતી. તો એક બાઈએ પૂછ્યું કે બેન! શું કરો છો? કે અડદની દાળના ફોતરા કાઢું છું. ઉપરના ફોતરા. એણે એ સાંભળ્યું. આહા..હા..! અનુભવ તો હતો. ઓહો..! પુણ્ય અને વિકલ્પ એ ફોતરા છે અને મારી ચીજ અડદની દાળ જેવો સફેદ—ધોળો આનંદ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ફડાક અંદર એકાગ્ર થયો તો કેવળજ્ઞાન થઈ ગયું. એ કાંઈ ભણ્યા પણ નહોતા અને કાંઈ યાદ પણ નહોતુ રહેતું. વસ્તુ હતીને. આહા..હા..! રાગનો વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ છિલકા—ફોતરા છે. અમારે ફોતરા કહે છે કાઠિયાવાડમાં. તમારે છિલકા કહે છેને. આહા..હા..! આ શરીરની તો વાત શું કરવી? એ તો તદ્દન જડ અને પર. આ તો પોતાની પર્યાયમાં સાથે ઉત્પન્ન થયો. આ કાંઈ આત્માની પર્યાય ઉત્પન્ન થાય તો શરીરની પર્યાય ઉત્પન્ન થાય છે એમ નથી, એ તો ભિન્ન-ભિન્ન છે. આત્માની જ્ઞાનપર્યાય ઉત્પન્ન

થાય અને એના કાળે જ રાગ ઉત્પન્ન થાય છે, પણ રાગ અને આત્માને ભિન્ન પરસ્પર વિશેષ જાણવાથી પરને પોતાનું જાણતો નથી. આહા..હા..! પોતાને રાગ નથી માનતા અને રાગને પોતાનો નથી માનતા. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એક નથી પણ ભિન્ન છે...'** ભાષા જુઓ, **'એવા વિવેકને લીધે,...'** વિવેક નામ ભેદ. ભેદજ્ઞાનને લીધે. આહા..હા..! દૃષ્ટિ રાગથી ઉઠાવી લીધી છે અને ભગવાન જ્ઞાયકસ્વભાવમાં દૃષ્ટિ ફેલાવી છે ધર્મીએ. આહા..હા..! સમજાણું કાંઈ? એ **'વિવેકને લીધે,...'** ભાષા જુઓ, ભેદજ્ઞાન વિવેકનો અર્થ. 'ધર્મ વિવેકે નીપજે જો કરીએ તો થાય.' એવું આવે છે. વિવેક એટલે આ ભેદજ્ઞાન એ. આહા..હા..! સમજાણું કાંઈ? 'ધર્મ ધર્મ સૌ કો કહે, ધર્મનો જાણે ન મર્મ'. 'ધર્મ વિવેકે નીપજે જો કરીએ તો થાય' એ બીજું પદ છે. આહા..હા..! આ વિવેક એટલે ભેદજ્ઞાન.

**'વિવેકને લીધે, શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ),...'** આહા..હા..! ગજબ વાત છેને! આત્મા વડે રાગરૂપે પરિણમવું એ અશક્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૭૩ ગાથામાં કહ્યુંને? રાગનો સ્વામી તો પુદ્‌ગલ છે. ૭૩ ગાથા. પહેલાં ટીકામાં આવી ગયું છે. આહા..હા..! રાગનો સ્વામી પુદ્‌ગલ છે. હું સદા.. વિકલ્પથી નિર્ણય કરે છે. વિકલ્પથી નિર્ણય કરે કે રાગનો સ્વામી તો પુદ્‌ગલ છે, હું સદા રાગના સ્વામીપણે નહિ પરિણમનારો હું આત્મા છું. આહા..હા..! સ્વામીપણે નહિ પરિણમનારો. (રાગ) પરિણમશે (ખરો). સમજાણું? ૭૩માં આવ્યું છે. સમજાણું કાંઈ? રાગથી ભિન્ન થયેલું જ્ઞાન વિકલ્પમાં એવો નિર્ણય કરે છે. હજી અનુભવ થયો નથી. એવો પાઠ છે ત્યાં. રાગમિશ્રિત વિચારથી નિર્ણય કરે છે. આ આત્મા એનો સ્વામી રાગનો આત્મા નથી. રાગનો સ્વામી તો પુદ્‌ગલ છે. અહીં કહ્યુંને? રાગ પુદ્‌ગલની પર્યાય. હું અત્યારથી કહું છું કે ભવિષ્યમાં હું સદા રાગના વ્યવહારના સ્વામીપણે નહિ પરિણમનારો હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? રાગના ધણીપતે પરિણમું—સ્વામીપણે એ હું નહિ. આહા..હા..!

**શ્રોતા :—** વિકલ્પથી નિર્ણય કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, હજી તો વિકલ્પથી નિર્ણય કરે છે, ભાઈ! જોવું છે? ૭૩ જુઓ ૭૩ ગાથા. અમારા શેઠ એટલું પૂછે એટલું સારુંને. ૭૦ ને ૩. જુઓ, **'પુદ્‌ગલદ્રવ્ય...'** ચોથી લીટી છે. ૭૩ ગાથા. ૭૦ અને ૩. ચોથી લીટી ટીકાની. 'પુદ્‌ગલદ્રવ્ય...' શેઠ, આવ્યું? ભગવાનદાસજી! મળ્યું? શું છે વાંચો જોઈ. હા એ. **'પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે...'** રાગનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે, હું નહિ. **'એવું જે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું;...'** આહા..હા..! નિર્મમની વ્યાખ્યા કરી. આત્મા નિર્મમ છે અર્થાત્ રાગપણે સદા સ્વામીપણે નહિ પરિણમનારો હું છું એનું નામ નિર્મમત્વ કહેવામાં આવે છે. આહા..હા..! આવો તો

હજી રાગમિશ્રિત વિચારમાં નિર્ણય કરે છે. સમજાણું કાંઈ જેમ વહાણ હોય છેને, જહાજ-જહાજ. ભમ્મરમાં આવે તો ત્યાં અટકી જાય, ભમ્મર છોડે તો ચાલ્યું જાય, એમ વિકલ્પની જાળમાં નિર્ણય એવો કર્યો, પણ વિકલ્પમાં આત્મા અટકી ગયો હતો, તો જેમ વમળ છોડે તો છૂટી જાય એમ વિકલ્પ છોડવાથી આત્મા છૂટી જાય છે. આહા..હા..! પોપટભાઈ! આવી વાત છે. આ બધું કરવું પડશે હોં! આહા..હા..! બહારમાં કોઈ સાલ નાખે એવું નથી. એં.. એં... એં... મરશે ત્યારે. આહા..હા..! વળી પાછું પૂછે ત્યારે થોડો ભાવ થયો હોય બે-બે લાખ ખરચવા, બે લાખ ખરચવા. બાપા! અત્યારે ન સંભારીએ. મરવાને ટાણે સંભારીએ નહિ. યાદ ન કરીએ. શું કરવા? બે લાખ કહેને એને ભરવા પડે. બાપા! અત્યારે ઈશ્વર, ભગવાન-ભગવાન કરો. પણ એલા હું કહું છું કે આ બે કરોડ પાપ કરીને (ભેગા) કર્યા હવે પાંચ લાખ (દાન) કરવાનું કહું છું એ તો સાંભળ.

**શ્રોતા :—** ડાહ્યા છોકરા હોય એ સાંભળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ડાહ્યા બધા સ્વાર્થના પૂતળા છે. આજીવિકા (માટે) ધૂતારાની ટોળી છે. બાયડીને આદમી ધૂતારાના ટોળા અને આદમીને બાયડી ધૂતારાના ટોળા છે બધા. આહા..હા..! એય..! નિયમસારમાં છે. ઘેરાઈ ગયો છે. મૂઢ થઈ ગયો છે. ભાન કે દિ' હતું? આ મારો દીકરો, આ મારી બાયડી, આ મારા ખેતર ને આ મારા મકાન, આ મારા જરજવેર શું કહેવાય? દાગીના—ઝેવર. ધૂળેય નથી હવે. તારા ઝેવર-બેવર જડના ક્યાંથી આવ્યા? આહા..હા..!

**શ્રોતા :—** આવું હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આવું જ છે, ભગવાન! જુઓને. પ્રભુ! તું મોટો ભાઈ. તારી મોટપની તને ખબર નહિ. આહા..હા..! '**णाणसहावाधियं**' એમ શબ્દ પડ્યો છે ૩૧ ગાથામાં. હું તો જ્ઞાનસ્વભાવથી અધિક, મોટો, જુદો છું. મારી મોટપ રાગમાં આવતી નથી અને રાગથી હું મોટપ માનતો નથી. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ ભાઈ ઝીણો છે, ભાઈ! આહા..હા..! સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન સૂક્ષ્મ વાત છે, પ્રભુ! અને ભેદજ્ઞાન થયા વિના ધર્મની શરૂઆત કદી થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં આવ્યુંને? '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' જે કોઈ અત્યાર સુધી મુક્તિને પામ્યા એ બધા ભેદજ્ઞાનથી પામ્યા છે અને જે કોઈ બંધાયા છે એ ભેદજ્ઞાનના અભાવથી બંધાયા છે. કર્મથી બંધાણા એ પ્રશ્ન નથી. ભેદજ્ઞાનના અભાવે બંધ પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આપણે અહીં આવ્યુંને? અહીં પણ ઈ આવ્યું. જુઓ, '**તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો...**' સ્વયં. રાગ મારી ચીજ છે એવા સ્વામીપણે હું નહિ પરિણમાનારો એવો હું આત્મા છું. એવો તો વિકલ્પસહિત રાગમિશ્રિત મનમાં વિચાર કરે છે. એના પણ ઠેકાણા ન મળે. પછી વિકલ્પ છોડી દેવો એમ લખ્યું છે.

અહીં એ આવ્યું. જુઓ, એવા ભેદજ્ઞાનને કારણે. આહા..હા..! '**શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ),...**' આહા..હા..! ગજબ વાત છે. શીત-ઠંડી અને ગરમ જડની અવસ્થા એ પણે આત્માનું પરિણમવું અશક્ય અને અયોગ્ય છે, એમ હું રાગપણે પરિણમું એ મારામાં યોગ્યતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે.. વાત તો જુઓ, આ સમયસાર. કુંદકુંદાચાર્ય સાક્ષાત્ ભગવાન પાસે (ગયા હતા). એટલી એને ખબર નથી કે આ વાણી જ કહે છે. ભગવાન પાસે ગયા એ ભલે તને ન બેસે. આ વાણી કેવી છે! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** વાણીનો અભ્યાસ જ કોણ કરતું હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અભ્યાસ નહોતો, વાત સાચી. આહા..હા..! અરે ભાઈ! એમ ન થાય. લોકોને મહા જૈનશાસનમાં ઘા પડશે. સમજાય છે? જ્યાં ત્યાં શંકા કરશે કે આ તો સોનગઢનું. સોનગઢવાળા તો આ કહે છે. અરે પ્રભુ! શું તું કહે છે, ભાઈ? સ્રીનો વિષય એને ગર્ભ રહે અને એને દોષ ન લાગે એમ અમે માનીએ છીએ? આહા..હા..! અરે..! અર..ર..ર..! અરે ભાઈ! આહા..હા..!

**શ્રોતા :—** સર્વજ્ઞને નથી માનતા એની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો અહીં જરી આનું વધે છેને બહાર એ ખાતર. બહારમાં પ્રચાર થોડો વધી ગયોને એટલે હવે એને દ્વેષ થઈ ગયો છે. એમ કે આ એક ઢુંઢિયામાં હતા અને આ બધું બહાર આવીને.. આવું થયું. બાપા! ઢુંઢિયામાં હતા. ભૂલ થઈ માટે એમાં આવી ગયા હતા. આહા..હા..! 'ઢુંઢત ઢુંઢત ઢુંઢ લિયો સબ વેદ પુરાણ કિતાબ મેં જોઈ.' એ લોકો એમ કહે છે સ્થાનકવાસી. 'ઢુંઢત હૈ તબ હી ચીજ પાવત, ઢુંઢત હૈ તબ દયા બિન ધર્મ ન હોય.' એમ કહે છે. પણ ઢુંઢત હૈ તબ આત્મજ્ઞાન બિન ધર્મ ન હોઈ. ઢુંઢિયા એ કહે છે. 'ઢુંઢત હૈ તબ યહ ચીજ પાવત, બિન ઢુંઢત નહિ પાવત કોઈ,' એમ 'ઢુંઢત હૈ તબ જીવ દયા બિન ધર્મ ન હોય.' એમ. પણ અહીં જીવ દયા પરની પાળે છે કોણ? કાંઈ ખબર નથી. બિચારા શું કરે? એના શાસ્ત્રમાં એ વાત નથી. આ તો આ શાસ્ત્ર 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' એમ પોકારે અમૃતચંદ્રાચાર્ય કે તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ અપરાધ છે. પાઠ છે. આહા..હા..! અને રાગ છે એ આત્માની હિંસા છે. આહા..હા..! વાણી તે વાણી તો જુઓ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અપરાધ છે અને એ રાગ છે તે આત્માની હિંસા છે. લોકો રાજી-રાજી થઈ ગયા કે આહા..હા..! તીર્થંકરગોત્ર (બાંધ્યું). અરે..! પણ સાંભળ તો ખરો, ગોત્ર બાંધ્યું તો બે ભવ કરવા પડશે. એ ભવમાં મોક્ષ નહિ થાય. આહા..હા..! બે ભવ વધી ગયા.

આ જુઓને એક દાખલો નહોતો આપ્યો તે દિ'? પાંચ પાંડવ. પાંચેય પાંડવો સાધર્મી, ભેદજ્ઞાની. બધાને ઉપસર્ગ તો હતો. આહા..હા..! લોઢાના મુગટ પહેરાવ્યા. ત્રણ તો આત્મધ્યાન

કરીને કેવળજ્ઞાન પામીને મોક્ષ ચાલ્યા ગયા. એ પહેલા સહદેવ અને નકુલને એવો વિકલ્પ આવ્યો, છે તો મુનિ આત્મધ્યાની અનુભવી ભાવલિંગી. પણ એવો વિકલ્પ આવ્યો સહોદર. સહોદર છેને? અને સાધર્મી છે. 'મોટા ભાઈને કેમ હશે?' એવો એક વિકલ્પ. એ તો શુભ વિકલ્પ હતો. સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય બંધાઈ ગયું. ૩૩ સાગર બંધાઈ ગયું. કેવળજ્ઞાન દૂર થઈ ગયું. એ વાત કથા સાંભળે પણ એમાં મર્મ શું છે એ સમજે નહિ. ત્રણ તો કેવળજ્ઞાન પામીને ધ્યાન આનંદમાં...! આહા..હા..! એ વખતે છેલ્લે તો ઉપસર્ગ ન હોય પછી. આહા..હા..! અહીંયાં બેને એવો વિચાર આવ્યો કે ભાઈને કેમ હશે? ધર્મરાજા અર્જુન અને ભીમ મોટા ભાઈ, સહોદર, મુનિ, સાધર્મી, ભાવલિંગી સંત આત્માના આનંદમાં જુલનારા, પણ એમને શું હશે? એક વિકલ્પ ઉઠ્યો. શું છે આ? ૩૩ સાગરનું સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય બંધાઈ ગયું અને પછી પણ હજી મનુષ્ય થશે પછી કેવળજ્ઞાન પામશેને! એટલું દૂર થઈ ગયું. સાધર્મીના વિકલ્પના ભાવમાં એટલું કેવળજ્ઞાન દૂર થઈ ગયું. હવે એ વિકલ્પથી લાભ થયો કે કેવળજ્ઞાન દૂર થયું? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં પાલિતાણા. શ્વેતાંબર લોકો પાંચને મોક્ષ કહે છે. એ બધું ફેરવી નાખ્યું છેને. દિગંબરની પરંપરાને ઘણી તોડી નાખી નવો પંથ કાઢવા. અને અહીં પણ એમ કહે છે કે આ નવો પંથ છે. અરે પ્રભુ! નવો પંથ નથી, બાપુ! આહા..હા..! હમણા એક બહેને ગાયું નહોતું? એ તો અનુકૂળ માટે ગાયું હતું. પણ ઓલા કહે, નવો પંથ કાઢ્યો સોનગઢે તીર્થંકરનો માર્ગથી. અરે પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! આહા..હા..! જૂનો માર્ગ છે એ પ્રગટ કર્યો છે. આહા..હા..! નવો નથી, ભાઈ! તને ખબર નથી. તેં સાંભળ્યું ન હોય માટે તને એમ લાગે કે આ શું છે? સમજાણું કાંઈ? અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત ભાવલિંગી સંતો, ઈ આ કહે છે, ભાઈ! એ વાત અહીં તો પ્રગટ છે, ભાઈ! આહા..હા..!

કાલે તો વાંચ્યું હતુંને ભાઈ, ઓલું કે વિદ્યાનંદજી કહે છે કે આ મહાવિદેહમાં ભગવાન ગયા ને સીમંધર ભગવાનના દર્શન કર્યા, ત્યાંથી આવીને શાસ્ત્ર બનાવ્યા—એ બધી કપોળકલ્પિત વાત છે. આહા..હા..! અરેરે..! અંદર આંસુ આવી ગયા. અરર..ર..! આ શું કરે છે? છતી વાતને શું કરે છે પોતાના સ્વાર્થ માટે! આહા..હા..!

**શ્રોતા :—** હ્રદયમાં દ્વેષ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દ્વેષ છે. મહાવિદેહમાં પરમાત્મા.. અહીંની વાત જૂઠી કરવા કે મહાવિદેહનું વધારે સ્પષ્ટ કર્યું છે સોનગઢે. અરે ભગવાન! એ તો સ્પષ્ટ શું સાક્ષાત્ છે, ભાઈ! હવે તને શું કહેવું? એ ન બેસે. આહા..હા..!

અહીં કહે છે, ભેદજ્ઞાનને કારણે.. આહા..હા..! '**શીત-ઉષ્ણની માફક જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે...**' ગજબ વાત છે! આહા..હા..! કેમકે રાગથી દૃષ્ટિ હટાવીને જ્ઞાનીએ દૃષ્ટિમાં દ્રવ્ય લીધું છે. આહા..હા..! આમ ઢળી ગયો છેને. તો રાગપણે અનુભવ

કરવો, પરિણમવું એ અશક્ય છે. આહા..હા..! ધર્મી તો શુદ્ધ સ્વભાવ છે, દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, તો શુદ્ધપણે પરિણમવું એ એની સામર્થ્યતા છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે ભાઈ! આ તો અનંત સંતોએ, કેવળીઓ (કહે છે) અને કુંદકુંદાચાર્યને ત્રીજે નંબરે નાખ્યા. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. આહા..હા..! ગૌતમ પછી આચાર્યો નથી થયા? ઘણા થયા છે. આ તો ૫૦૦-૬૦૦ વર્ષ પછી થયા. નાખ્યા એમને નંબરમાં. મંગલં ભગવાન વીરો, મંગલં ગોતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં. ચોથે વીતરાગમાર્ગ મંગળિક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે કે '**જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે...**' આહા..હા..! ગજબ વાત છે. '**એવાં રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો,...**' આહા..હા..! ૯૨માં એ આવ્યું હતું, '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' અહીં '**જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' અજ્ઞાનપણે પ્રગટ નથી થતો. અજ્ઞાન શબ્દે રાગ અજ્ઞાન છે. રાગમાં જ્ઞાન નથીને. અજ્ઞાન એટલે મિથ્યાત્વ નહિ, પણ રાગમાં જ્ઞાન નથી માટે રાગ અજ્ઞાન છે. એમ કહે છે જુઓ, '**એવાં રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે...**' અજ્ઞાન આત્મા એટલે રાગાદિ અજ્ઞાનપણે પરિણમવું એ અજ્ઞાનાત્મા છે. જ્ઞાનપણે પરિણમવું એ જ્ઞાન આત્મા છે. આહા..હા..! ભારે વાત આવી. આહા..હા..! આવું વીતરાગમાર્ગ સિવાય બાપુ! મળવું દુર્લભ છે, ભાઈ! એમાં પણ દિગંબર અને એમાં કુંદકુંદાચાર્ય. આહા..હા..! જેને ગણધર પછી ત્રીજે નંબરે નાખ્યા. પંડિતજી! ત્રીજે નંબરે. આહા..હા..! નહિતર પછી આચાર્યો નથી થયા? સમકિતી ઘણા થયા. એકાવતારી થઈ ગયા છે. કુંદકુંદાચાર્ય અને ગૌતમસ્વામી વચ્ચે આચાર્યો એકાવતારી થઈ ગયા છે, પણ એમાં શું છે? પણ એની મહિમા ત્રીજે નંબરે નાખી. સાક્ષાત્ ભગવાન જેવી વાણી એમની. આહા..હા..! ભગવાનનો વિરહ ભૂલાવે એવી વાણી છે એમની. આહા..હા..! એ બાપુ, પણ એને અંદર બેસવું જોઈએ હોં. ત્યારે એની મહિમા આવે. આહા..હા..!

કહે છે કે '**અજ્ઞાનાત્મા વડે...**' એટલે? રાગપણે પરિણમવું એ અજ્ઞાનપણે પરિણમવું છે અને જ્ઞાનપણે પરિણમવું એ આત્માપણે પરિણમવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જરાય નહિ પરિણમતો થકો,...**' આહા..હા..! ભાષા તો જુઓ, રાગપણે જરાય પરિણમતો નથી. થાય છે એનો જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..! સમજાણું કાંઈ? જરાય નહિ. રાગના અંશનો અજ્ઞાનભાવ છે રાગ એ. અજ્ઞાન નામ એમાં જ્ઞાન નથી. અને ભગવાન તો જ્ઞાનમૂર્તિ ચૈતન્ય પ્રકાશના નૂરનું પૂર છે. એવો આત્મા.. આ તો હજી સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાનની વાત છે. ચારિત્ર તો બાપુ, કોઈ અલૌકિક ચીજ છે. આહા..હા...! ચારિત્ર સમ્યગ્દર્શનસહિત રમણતા આનંદની... આહા..હા..! એ મુનિના દર્શન પણ દુર્લભ થઈ ગયા. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** .. સાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સાર છે. આહા..હા..!

એકવાર તો જંગલમાં ગયા હતા ઘણા વર્ષો પહેલા, હોં. પ્રભુ! એક મુનિને ઉતારો તો ખરા અહીંયાં કીધું. અમે જોઈએ તો ખરા કે મુનિ કેવા હોય! આ જંગલમાં અહીં છેને. એકલા જતા હતા. પાંચવડા છેને. પહેલાં તો આઘે જતા હતાને. આ તો ૪૦-૪૨ વર્ષ થયા. આઘે એકલા જતા હતા. નદીને કાંઠે બહુ દૂર, એક માઈલ દૂર. ત્યાં જતા. અરે પ્રભુ! સંત ભાવલિંગી મુનિ એ ક્યાં છે? એકવાર તો નીચે ઉતરે. સિંહ પાસે ઉતર્યા, પ્રભુ! અમારી પાસે નહિ? અહીં પાંચવડા છે ને પાંચવડા ગામ. એના રસ્તે દિશાએ જતા હતા. એક માઈલ. ત્યાં વાવ હતી વાવ. એ વાવ ખલાસ થઈ ગઈ. વાવ સમજ્યા? પાણીની. ત્યાં આગળ જતા હતા. આહા..હા..! મુનિપણા ભાઈ, પરમેશ્વરપદ. આ..હા..! સાક્ષાત્ પરમેશ્વર!

નિયમસાર તો કહે છે કે મુનિપણામાં અને કેવળીમાં કિંચિત્ ફેર છે થોડો, એમ એક શ્લોકમાં કહ્યું. પછી કહ્યું કે થોડો ફેર માને છે એ જડ છે. આહા..હા..! નિયમસાર કળશમાં કહ્યું છે, પદ્મપ્રભમલધારીદેવ મુનિ. એકાવતારી સંતો છે બધાય. આહા..હા..! સ્વર્ગમાં વૈમાનિકમાં છે. પુણ્ય નહિ એટલે ઉતરતા નથી કોઈ દેવને લઈને. સમજાણું કાંઈ? ત્યાંથી મનુષ્ય અવતાર કરીને ચાલ્યા જશે સિદ્ધપદ કેવળજ્ઞાન પામીને. આહા..હા..! ત્રણે છે કે નહિ? કુંદકુંદાચાર્ય. નિયમસારની ટીકા એમણે બનાવી છે. પ્રવચનસાર, સમયસાર, પંચાસ્તિકાયની ટીકા આમણે બનાવી અમૃતચંદ્રાચાર્યે. અષ્ટપાહુડની ટીકા સુખસાગરે બનાવી પણ એ માન્ય નથી. એમાં દ્વેષ છે. મૂર્તિને ન માને, પૂજા ન કરે એ ખાસડુ લઈ વિષ્ટા ચોપડીને મારવા. એવો માર્ગ નથી. કોઈપણ એવો પ્રાણી ગમે તે હો. વસ્તુ સમજવી. પણ એમાં એવો પાઠ છે ટીકામાં. સુખસાગરની ટીકા અષ્ટપાહુડ છેને? સુખસાગરની ટીકામાં છે. મૂર્તિ અને મૂર્તિની પૂજાને ન માને એને, ખાસડા સમજો છો? જુતા-જુતા. ખાસડા લઈને વિષ્ટામાં... વિષ્ટા સમજ્યા? ચોપડી મોઢા ઉપર મારવું. પાપ નાસ્તિ... અરે.. આવું હોય, ભાઈ? જૈનમાર્ગમાં આવું હોય? કોઈ પ્રત્યે દ્વેષ (ન હોય). ગમે તે વિરોધ દૃષ્ટિ હોય, પણ એના પ્રત્યે કાંઈ દ્વેષ હોય? પછી માન્ય નથીને. આવું છે અંદર લખાણ. નહિતર અમારે એની ટીકા કરવી હતી, પણ હિંમતભાઈએ ન કરી પછી. સમયસાર, પ્રવચનસાર, નિયમસારની કરી સંસ્કૃત ટીકાને આધારે. આ ટીકાનો આધાર માન્ય નહિ તો ટીકા ન બનાવી. ઘણું કહ્યું હતું પહેલું. આવું લખાણ હોય? કોઈ વ્યક્તિ ગમે તે હોય. નાસ્તિક હોય ભલે કોઈ, પણ એના પ્રત્યે કાંઈ.. ઈન્દ્રોના વખતમાં ખબર નહોતી ઈન્દ્રોને કે આ વિરોધ કરે છે અને કોઈએ ઉતરીને માર્યા કોઈને? એમ હોય? એ તો જગત ને સંસાર ચાલ્યો જાય બાપા. આસ્રવ અને બંધ વિનાનું જગત કોઈ દિ' રહેશે? આસ્રવ અને બંધવાળા પડ્યા છે આત્મા. એનો દ્વેષ કરવાનું ક્યાં કારણ છે? માર્ગ વીતરાગના નહિ. ગમે તે વિરોધ હોય, વ્યક્તિ પ્રત્યે દ્વેષ નહિ. સમજાણું કાંઈ? આહા..હા...!

અહીં કહે છે, '**જરાય નહિ પરિણમતો થકો,...**' બસ, સમ્યગ્દૃષ્ટિ થયો એટલે જરાય પરિણમન નહિ? વીતરાગ થઈ ગયો? હવે સાંભળ તો ખરો. સ્વામીપણે નહિ અને એ તરફની પર્યાયનું પરિણમન ખરેખર દ્રવ્યસ્વભાવની સન્મુખ પરિણમન થઈ ગયું છે. એટલે એના સન્મુખનું પરિણમન અહીંયા છે જ નહિ, એમ કહે છે. આવે છે તો એનો જ્ઞાતાદૃષ્ટા રહે છે. આહા..હા..! ખરેખર તો જ્ઞાતા-દૃષ્ટાનું પરિણમન જ એનું છે. શક્તિના અધિકારમાં એ લીધું છે. ૪૭ શક્તિ વર્ણવીને છેલ્લે, તો ૪૭ શક્તિના વર્ણનમાં એમ લીધું છે કે એ શક્તિ ગુણ સ્વભાવ છે. સ્વભાવને ધરનારા ભગવાન એ શુદ્ધપણે જ ક્રમે પરિણમે છે. અશુદ્ધપણાનું પરિણમન એવું લીધું જ નથી ટીકામાં. ૪૭ શક્તિ લીધી છે ત્યાં ક્રમ-અક્રમમાં શુદ્ધ (લીધું છે). ક્રમ શુદ્ધ, અક્રમ પણ શુદ્ધ ગુણ. અશુદ્ધ લીધું જ નથી ત્યાં. સમજાણું કાંઈ? આ તો ૪૭ શક્તિ પાછળ છેને. બધા વ્યાખ્યાન થઈ ગયા છે. અહીં તો બધું એમાં લખ્યું છે, જોયું છે. દ્રવ્યસ્વભાવ શુદ્ધ, ગુણ—શક્તિ શુદ્ધ, તો જે શક્તિવાનની દૃષ્ટિ થઈ તો શક્તિ પણ પ્રતીતમાં આવી ગઈ. એવા શક્તિવાનની જ્યાં દૃષ્ટિ થઈ તો એની પર્યાયમાં શુદ્ધતાનો ક્રમ જ ચાલશે. એ અહીં કહે છે. સમજાણું કાંઈ? એની પર્યાયના ક્રમમાં અશુદ્ધતા આવશે જ નહિ. શક્તિનું વર્ણન છેને. દ્રવ્યની શક્તિ એટલે એમાં દૃષ્ટિના પ્રધાનપણે કથનમાં ક્રમ નિર્મળ છે એમ લીધું છે; અને પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન કથન છે તો ત્યાં લીધું છે કે મુનિને પણ જેટલો રાગ છે એના પરિણમનનો કર્તા એ છે. કર્તા નામ પરિણમનનો કર્તા. સમજાણું કાંઈ? અહીં ના પાડે છે. જુઓ, કઈ અપેક્ષાએ વાત ચાલે છે? જ્યારે દૃષ્ટિની અપેક્ષાએ હોય તો દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય તો પવિત્ર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે '**જરાય નહિ પરિણમતો થકો,...**' સ્વામીપણે પરિણમતો નથી અથવા એનાથી ભિન્નપણે પરિણમે છે એથી એ રાગરૂપે પરિણમે છે જ્ઞાની એમ છે નહિ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' ભાષા જુઓ, ભગવાન જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા. એ જ્ઞાતા-દૃષ્ટાપણે જ્ઞાનનું પ્રગટપણું કરતો થકો. અજ્ઞાની જ્ઞાનમાંથી અજ્ઞાન પ્રગટ કરતો થકો એટલે રાગપણે પરિણમતો થકો. જ્ઞાની જ્ઞાનપણે પ્રગટ પરિણમતો થકો. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, ભાઈ! ભાવ તો છે એ છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનનું જ્ઞાનત્વ...**' જ્ઞાનનું જ્ઞાનત્વ. ભાવ લેવો છેને. જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા એના નિર્મળભાવપણે પરિણમતો થકો. આહા..હા..! સમજાણું કાંઈ? ઘરે આટલું બધું વાંચ્યું પણ નહિ હોય, શેઠ! પડ્યા હશે પુસ્તક ત્યાં પડ્યા હોય. થઈ રહ્યું. એ પણ ભાઈ આવે છે એટલા ક્યાં આવે છે? એ પાછળથી આવે. આહા..હા..! પુસ્તક તો હશેને ઘરે. પુસ્તક છે કે નહિ? છે. આહા..હા..! '**જ્ઞાનનું...**' એટલે આત્માનું, આત્મપણે પ્રગટ કરતો. જ્ઞાન અને આનંદપણે. આહા..હા..! સમજાણું કાંઈ? ટીકા તો જુઓ, ટીકા! આહા..હા..! ભરતક્ષેત્રમાં આવી ટીકા ક્યાંય છે નહિ. અન્યમાં તો છે નહિ, પણ જૈનમાં

આ ટીકા છે એવી બીજે ઠેકાણે **નથી,** એવી ટીકા. કર્તા કર્મ અધિકાર ગજબ ટીકા. ૭૬ ગાથા. કર્તાકર્મની ૭૬ ગાથા છેને. આહા..હા..! ૩૮ અને ૭૬ આ. ૧૪૪ છેને. '**જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો,...**' પોતે જ્ઞાનમય થયો થકો, અર્થાત્ એ રાગ છે તો રાગનું જ્ઞાન રાગને આધીન થયું એમ નથી. આહા..હા..! પોતે જ્ઞાનપણે-સ્વપરપ્રકાશકના જ્ઞાનપણે પ્રગટ થયો થકો. આહા..હા..! ટીકા તે ટીકા. આહા..હા..! '**પોતે જ્ઞાનમય...**' પાછો શબ્દ એમ છે. જુઓ, જ્ઞાનમય. આહા..હા..! '**પોતે જ્ઞાનમય...**' ભગવાન જ્ઞાયકસ્વરૂપ. એવો જ્ઞાનમય, અભેદ જ્ઞાનમય પરિણમતો થકો. '**આ હું (રાગને) જાણું જ છું,...**' જુઓ, ધર્મી એમ જાણે છે કે રાગને તો હું જાણું જ છું. આહા..હા..! રાગથી મને લાભ છે અને રાગ મારી ચીજ છે એમ ધર્મી માનતો નથી. હવે આ કહે છે કે વ્યવહારથી નિશ્ચય થાય. અરે ભગવાન! એ કહ્યું છે એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા. ભાઈ! એ વાત હોય નહિ વીતરાગમાર્ગમાં. આહા..હા..! વીતરાગમાર્ગમાં તો વીતરાગથી લાભ થાય છે. રાગ હોય તો વીતરાગમાર્ગ કેમ કહ્યો?

કહે છે... શું કહે છે? હું તો જાણું જ છું. '**આ હું (રાગને) જાણું જ છું,...**' ભાષા જુઓ, નિશ્ચય કહ્યો. જ લગાવીને. ભાઈ! અનેકાંત કરો. જાણું પણ છું અને કરું પણ છું. એમ અનેકાંત ન હોય. એ તો (મિથ્યા) એકાંત છે. હું જાણું જ છું, રાગપણે પરિણમતો નથી—એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? '**રાગી તો પુદ્‌ગલ છે...**' ભાષા જુઓ, વ્યવહારરત્નત્રય પુદ્‌ગલ છે. એય શેઠ! એવી વાત છે, પ્રભુ! આહા..હા..!

**શ્રોતા :—** રાગી લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રાગી એટલે એ પુદ્‌ગલ રાગી. જીવ રાગી નહિ, પુદ્‌ગલ રાગી. એમ બતાવવું છેને અહીંયા? રાગી તો પુદ્‌ગલ છે.

'**(અર્થાત્ રાગ તો પુદ્‌ગલ કરે છે)...**' આહા..હા..! સમજાણું કાંઈ? '**ઈત્યાદિ વિધિથી,...**' જુઓ, આ વિધિ. ભેદજ્ઞાનની આ વિધિ. આહા..હા..! '**જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે.**' સમકિતીને તો રાગનો અકર્તા પ્રતિભાસે છે. રાગનું જ્ઞાન કરે છે. જ્ઞાનનું જ્ઞાન પ્રગટ કરે છે? પણ રાગપણે પ્રગટ કરવું એ આત્માનો સ્વભાવ નહિ. એ તો અકર્તા. જ્ઞાનીને રાગનો અકર્તા પ્રતિભાસે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૧૦, શુક્રવાર, તા. ૨૦-૮-૧૯૭૬,**
**ગાથા-૯૩ થી ૯૫,**
**પ્રવચન નં. ૧૬૧**

૯૩ ગાથાનો ભાવાર્થ છે, સમયસાર. ઝીણો છે ભાઈ, આ વર્તમાનથી. આહા..હા..! આ શેઠિયાઓ બધા ધ્યાન રાખતા નથી. જેમ ચાલે એમ ચાલવા દ્યો. શેઠિયા! આહા..હા..! જુઓ, '**ભાવાર્થ :- જ્યારે આત્મા...**' આહા..હા..! કેટલી નરમાશ જોઈએ, કેટલો વિવેક જોઈએ સત્ય સમજવા માટે, બાપા! આહા..હા..! આ તો અલૌકિક વાતું છે. '**જ્યારે આત્મા રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિ...**'ના જે પરિણામ એ '**અવસ્થાને જ્ઞાનથી ભિન્ન જાણે...**' આહા..હા..! સુખ-દુઃખના અને રાગ-દ્વેષના પરિણામ એ પુદ્‌ગલની અવસ્થા છે એમ જાણે છે. આહા..હા..! પોતાની પર્યાયમાં જે વિકાર થાય છે—પુણ્ય-પાપ એ કર્તા અને સુખ-દુઃખ એ ભોક્તા, એ પુદ્‌ગલની અવસ્થા છે. આહા..હા..! એ જ્ઞાનથી ભિન્ન જાણે છે અંદરમાં. આહા..હા..!

'**અર્થાત્ જેમ શીત-ઉષ્ણપણું પુદ્‌ગલની અવસ્થા છે તેમ...**' આહા..હા..! '**રાગ-દ્વેષાદિ પણ પુદ્‌ગલની અવસ્થા છે...**' પરમાં સુખ છે એવો વિકલ્પ, પરથી દુઃખ છે એવો વિકલ્પ અને પુણ્ય-પાપના વિકલ્પ એને અહીંયાં પુદ્‌ગલની અવસ્થા કહેવામાં આવી છે. હવે આવી વાત ન બેસે તો શું કરે? એ લોકો એમ કહે છે કે તમે વ્યવહારથી કાંઈક થાય એમ પોચુ મૂકો. આહા..હા..! વ્યવહાર છે ખરો, વ્યવહાર નથી એમ નહિ. જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી નિશ્ચયના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્વના આશ્રયની ઓછપ છે એટલો રાગ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ હોય છે, પણ એ પોતાની ચીજ નથી એમ પહેલા માનવું જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત કઠણ પડે છે માણસને. જૈન ગેજેટમાં તો એટલું બધું કહ્યું છે. ભાઈ! એને બેઠું ન હોય તો શું કરે? જેને જે વાત બેઠી હોય એ વાત કરે. શું કરે?

'**તેમ રાગ-દ્વેષાદિ પણ પુદ્‌ગલની અવસ્થા છે...**' આહા..હા..! ગજબ વાત છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ પુદ્‌ગલની અવસ્થા કેમકે એનાથી પુદ્‌ગલ બંધાય છેને. એ રાગ પુદ્‌ગલની અવસ્થા છે કેમકે એનાથી પુદ્‌ગલ બંધાય છે અને એના ફળમાં પુદ્‌ગલના સંયોગ મળે. આહા..હા..! વાત તો એવી છે, પણ લોકોને મળી નહોતી બિચારાને એટલે જરી નવી લાગી. પણ નવી નથી, બાપુ! અનાદિની આ ચીજ છે. અરેરે! સમજાણું કાંઈ?

**'રાગ-દ્વેષાદિ પણ પુદ્ગલની અવસ્થા છે એવું ભેદજ્ઞાન થાય,...'** આહા..હા..! સ્વભાવસન્મુખમાં રાગથી વિમુખ થઈને રાગથી આત્માનું ભેદજ્ઞાન થાય છે. આ સમ્યગ્દર્શનની ચીજ છે, બાપા! સમજાણું કાંઈ? **'ત્યારે પોતાને જ્ઞાતા જાણે...'** ભેદજ્ઞાનને કારણે અને સમ્યગ્દર્શનને કારણે ધર્મીને રાગ આવે છે, સુખ-દુઃખની કલ્પના થાય છે, વ્યવહાર છે, પણ એનો જ્ઞાતા રહે છે. સમજાણું કાંઈ? એ વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય એમ જ્ઞાની ન માને. સમજાણું કાંઈ? કારણ કે એ તો પુદ્ગલની અવસ્થાથી વીતરાગતા પ્રાપ્ત થાય? આત્માનો સ્વભાવ તો વીતરાગ છે અને વીતરાગતા પ્રગટ કરવી એ મોક્ષમાર્ગ છે, તો વીતરાગતા પર્યાયમાં રાગ પુદ્ગલની અવસ્થા કારણ થાય? આહા..હા..! આ મોટી ગડબડ છે. સમજાય છે કાંઈ? અરે..! જેને હજી વ્યવહારના પણ ઠેકાણા નથી શું ચીજ છે? એને નિશ્ચય પ્રાપ્ત થાય અને એ વ્યવહાર એને હોય.. એ તો નિશ્ચયવાળાને વ્યવહાર હોય છે. નિશ્ચયવાળાને વ્યવહાર હોય છે. વ્યવહાર છે, નથી એમ નહિ; પણ એનો જ્ઞાની જ્ઞાતા છે—જાણનાર છે. મારો છે એમ માનનાર નથી. આહા..હા..! આવી વાત છે.

**'ત્યારે પોતાને જ્ઞાતા જાણે અને રાગાદિરૂપ પુદ્ગલને જાણે.'** જુઓ, વિકલ્પ જે ઉઠે છે પુણ્ય-પાપનો અને સુખ-દુઃખની કલ્પનાનો, જ્ઞાની પુદ્ગલના જાણે છે, એ પુદ્ગલ છે એમ જાણે છે. આહા..હા..! છે? સમજાણું કાંઈ? પોતાની ચીજ નથી, પોતામાં નથી એ કારણે પોતાથી ભિન્ન પુદ્ગલ અચેતન છે, અચેતનની દશા છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ વ્યવહાર કરો અને કરતાં-કરતાં નિશ્ચય થાય. હવે આ શી રીતે? આત્મામાં બેસે શી રીતે? સમજાણું કાંઈ? મોટો ઝઘડો ઊભો કર્યો છે અને અહીંનો પંથ તો વ્યભિચારી પંથ છે એમ લખ્યું છે. અરે..! ગજબ પ્રભુ નાથ! સમ્યગ્જ્ઞાન દીપિકાનો બોલ છેને. એનો દાખલો અહીં લગાવ્યો, પાછો સિદ્ધાંત છે એ લખ્યો નથી. સમ્યગ્જ્ઞાન દીપિકા. બ્રહ્મચારી ક્ષુલ્લકનું લખાણ છે. આમાં પણ પાછું આવ્યું છે જૈન ગેજેટ. એ તો એનો કરનાર ભાઈ છેને વર્ધમાન શાસ્ત્રી. એને તો વિરોધ છે પહેલેથી. અમે શોલાપુર ગયા હતાને ત્યારે સંઘે એને બે દિવસ કાઢી નાખ્યા હતા કે તમારે અહીંયા રહેવાનું નથી. અમે બે દિવસ ગયા હતા ને સોલાપુર? સંઘે એને બે દિવસ રજા આપી દીધી, અહીં નહિ રહેતા. મહારાજ છે ત્યાં ન રહેવું. નહિતર વિરોધ કરશે. બે દિ' નહોતા એટલે ત્યારથી એને વિરોધ થઈ ગયો છે અંદર. અરે પ્રભુ! વિરોધ શું કરે, ભાઈ!

અહીં તો પ્રભુ કહે છે કે ચૈતન્યસ્વભાવ જ્ઞાયકભાવથી, આનંદથી ભરેલો પરમાત્મા નિત્યાનંદ પ્રભુ સહજાનંદ પ્રભુ, પરમાનંદ પ્રભુ એનું રાગથી જેને ભેદજ્ઞાન થયું સમ્યગ્દષ્ટિને. આહા..હા..! તો એ રાગ અને સુખ-દુઃખની કલ્પનાને જ્ઞાતા તરીકે જાણે છે, પોતા તરીકે માનતા નથી. આહા..હા..! કહો, આમ છે, ભાઈ! **'એમ થતાં, રાગાદિનો કર્તા આત્મા થતો નથી,...'** પુણ્ય-પાપના ભાવ મારું કર્તવ્ય છે એવું નથી થતું જ્ઞાનીને. આહા..હા..! ૯૨માં અજ્ઞાનીની

વાત આવી હતી. એ જ્ઞાનનું અજ્ઞાન પ્રગટ કરે છે. ધર્મી જ્ઞાનનું જ્ઞાન પ્રગટ કરે છે. આહા..હા..! ઝીણી વાતું. સમજાણું કાંઈ? '**રાગાદિનો કર્તા આત્મા થતો નથી, જ્ઞાતા જ રહે છે.** આહા..હા..! હો, ચક્રવર્તીને રાજ હોય સમકિતીને. જાણે છે. સમજાણું કાંઈ? લડાઈમાં પણ હોય. આહા..હા..! સમકિતી આત્મજ્ઞાન છે, ક્ષાયિકસમકિત હોય છે. લડાઈનો વિકલ્પ આવ્યો, પણ એનો કર્તા નથી થતો, જ્ઞાતા રહે છે. સમજાણું કાંઈ? એમ કહે છે. એ ૯૩ ગાથા થઈ.

'**હવે પૂછે છે કે અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે?**' અજ્ઞાનથી વિકારી પરિણામ. એ કર્મ નામ વિકારી પરિણામ, જડ નહિ. સમજાણું કાંઈ? પહેલો પ્રશ્ન આ છે. '**અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે?**' જ્ઞાનથી જ્ઞાન ઉત્પન્ન થાય તો અજ્ઞાનથી રાગાદિ વિકાર પરિણામ કઈ રીતે ઉત્પન્ન થાય છે? '**તેનો ઉત્તર કહે છે :—**'

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि कोहोऽहं।
कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स।।९४।।

'હું ક્રોધ' એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.

'**ટીકા :— ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ...**' આહા..હા..! સામાન્યથી ત્રણ અજ્ઞાનરૂપ '**મિથ્યાદર્શન...**' અજ્ઞાનરૂપ, '**અજ્ઞાન...**' અજ્ઞાનરૂપ, '**અવિરતિ...**' અજ્ઞાનરૂપ. એ '**ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ...**' છે. આહા..હા..! ત્યાં કીધું કે પુદ્‌ગલની અવસ્થા છે. સમજાણું કાંઈ? શું કહ્યુ જુઓ, '**ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ...**' ત્રણ પ્રકાર '**મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે,...**' આહા..હા..! જુઓ, અહીંયાં ત્રણેયને સવિકાર ચૈતન્ય પરિણામ કહ્યા. પહેલાં કહ્યું હતું કે એ પુદ્‌ગલની અવસ્થા છે. સમજાણું કાંઈ? છે તો ચૈતન્યની વિકારી-સવિકારી દશા. મિથ્યાદર્શન, અજ્ઞાન અને રાગ અવિરતિ. એ આત્માની વિકારીદશા. વિકારી ચૈતન્યપરિણામ (છે). આહા..હા..! આમાં આ કહે અને અહીં આ કહે. અહીંયા બીજી વાત કહેવી છે.

'**પરના અને પોતાના અવિશેષ દર્શનથી,...**' કોણ? કે અજ્ઞાનરૂપ ત્રણ પ્રકારના સવિકાર ચૈતન્યપરિણામ છે એ. સમજાણુ કાંઈ? આત્મામાં પોતાના સ્વરૂપનું અજ્ઞાન અને પરને પોતાના માનવા એવું મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, અવિરતિ એ ચૈતન્યના સવિકાર-વિકારવાળા પરિણામ. એ પરિણામ એમ માને છે. આહા..હા..! એ પરિણામ એમ માને છે એમ કહે છે. કે '**પરના અને પોતાના અવિશેષ દર્શનથી,...**' વિકાર અને પોતાના સામાન્યદર્શન-બેને એક માને છે. સમજાણું કાંઈ? ગાથા બહુ ગંભીર છે. અજ્ઞાનથી કર્મ કેમ ઉત્પન્ન થાય છે? વિકારીભાવ હોં!

કહે છે કે અજ્ઞાનરૂપ સ્વભાવથી વિપરીત ભાવ એવું મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને અવિરતિ

ભાવ આદિ જે ચૈતન્યના સવિકારી પરિણામ છે એ. '**પરના અને પોતાના અવિશેષ દર્શનથી,...**' એ પરિણામ પોતાને અને રાગને સામાન્ય માને છે-એક માને છે. અવિશેષ નામ સામાન્ય. વિશેષ નથી માનતો. વિકાર પરિણામ અને મારી ચીજ ભિન્ન છે એમ અજ્ઞાની માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અવિશેષ દર્શન સમજાય છે? અવિશેષ નામ વિશેષ નહિ. વિકારી પરિણામ અને હું ભિન્ન છું એમ વિશેષ નહિ, પણ બે એક છું. સવિકારી ચૈતન્યપરિણામ એમ માને છે કે વિકાર અને આત્મા બે એક છે. અવિશેષ નામ સામાન્ય માને છે. વિશેષ નથી માનતો, ભેદ છે એમ નથી માનતો. આહા..હા..! બહુ ભાષા.. સમજાણું કાંઈ?

'**સવિકાર ચૈતન્યપરિણામ તે,...**' આહા..હા..! ટીકા તો જુઓ, અજ્ઞાનરૂપ ત્રણ પ્રકારના સવિકાર ચૈતન્યપરિણામ છે તે. એ કેમ માને છે? કે '**પરના અને પોતાના અવિશેષ દર્શનથી,...**' સામાન્ય—બે એક થયું. રાગ, સુખ-દુઃખની કલ્પના અને આત્મા બેય એક છે. એવા સવિકાર પરિણામ બેને એક માને છે, સામાન્યપણે અમે એક છીએ એમ માનીએ છીએ, વિશેષ ભેદ છે એમ અજ્ઞાનપણે માનતા નથી. આહા..હા..! ભારે ધર્મ ભાઈ આવો. સમજાણું કાંઈ? '**પરના અને પોતાના...**' પર નામ વિકારી પરિણામ અને પોતાનો આત્મા ત્રિકાળ બેના સામાન્યદર્શનથી. સામાન્ય નામ વિશેષ નહિ, જુદાઈ નહિ, પણ બેને એક માનવાથી. આહા..હા..! '**અવિશેષ જ્ઞાનથી...**' બેનું એક જ્ઞાન. એ રાગ અને હું એક છું એવું જ્ઞાન. આહા..હા..! એ કોણ માને છે? સવિકારી ચૈતન્યપરિણામ. પાછું કર્મથી માને છે એમ નહિ. એમ નથી લીધું કે કર્મ છે તો એવી માન્યતા થાય. આહા..હા..! નામામાં બહુ ધ્યાન રાખે, આમાં શાસ્ત્ર શું કહે છે એની કાંઈ ખબર ન મળે. ૫૦-૫૦, ૬૦ વર્ષ ગયા એમને એમ. આહા..હા..! ભગવાન તો પૂછે છે. આહા..હા..! લોકો નથી કહેતા કે, હે ભગવાન! એની ભૂલ કાઢી નાખો. ભગવાન એની દયા કરો. ભગવાનનો અર્થ આત્મા તારી ઉપર તું દયા કર. રાગ અને વિકારને પોતાના માને છે તો દયા કર પ્રભુ હવે. રાગ અને સ્વભાવ બે એક નથી, એ તારી દયા છે. રાગ અને આત્મા એક એ તારી હિંસા છે, પ્રભુ! પરની હિંસા કરી શકતો નથી, પરની દયા પાળી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા પોતાના અજ્ઞાનને લીધે એ મિથ્યાદર્શન, અજ્ઞાન અને જે દોષ ચારિત્રનો—એ ત્રણ પરિણામ સવિકારી ચૈતન્યપરિણામ છે એ અજ્ઞાન છે. તેથી પુણ્ય-પાપના ભાવ, દયા, દાનના ભાવ અને એમાં ખુશી થવું, રાજી થવું એવા સુખ-દુઃખના ભાવ, એ ભાવ અને પોતાનો ભાવ બેય અજ્ઞાનપણે એક માને છે. આહા..હા..! આ તો સમજાય એવું છે, શેઠ! સાદી ભાષા છે. ભાવ ભલે ઝીણા હોય. પ્રભુ! માર્ગ તારો આવો છે. સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવ પરમેશ્વર પોકાર કરીને (કહે છે). પ્રવચનસારમાં આવે છેને ભાઈ! મોટે અવાજે. છેલ્લે આવે છે. આહા..! આચાર્યો કહે છે, અમે જોરથી જે હતું તે

કહ્યું, પ્રભુ! પણ તારા આત્મામાં તો એ સ્વાહા થઈ ગયું. પ્રવચનસાર, છેલ્લો કળશ છે. આહા..હા..! કેટલું કહીએ પ્રભુ, તને? આહા..હા..!

તારા સ્વભાવના અજ્ઞાનને કારણે એમાં મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિના પરિણામ જે ચૈતન્ય સવિકારીપરિણામ છે એ સ્વ અને પરને એક માને છે. એ અજ્ઞાનપરિણામ સવિકારી એ સ્વને અને પરને એક માને છે. કર્મ એને મનાવે છે, દર્શનમોહના ઉદયનું જોર છે એટલે સ્વપરને એક મનાવે છે એમ નથી લખ્યું અહીં. જ્યાં હોય ત્યાં લગાવે કે કર્મથી થાય. અરે..! કર્મ શું કરે બિચારા? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' સ્તુતિમાં આવે છે ભક્તિમાં. ચંદ્રાનનસ્વામી. આહા..હા..! જુઓને, આચાર્યે કેટલું લખ્યુ છે! સમજાણું કાંઈ?

'**પરના અને પોતાના અવિશેષ દર્શનથી,...**' પરનો અર્થ વિકારીભાવ—વિકારી પરિણામ, એમ માને છે કે વિકારીભાવ અને આત્મા બે એક છે. સામાન્ય નામ બે એક છે. આહા..હા..! ભેદ જાણતા નથી. દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ આવ્યો, હોય, પણ અજ્ઞાની સવિકારી પરિણામ અને આત્મા બેને એક માને છે, જ્ઞાની બેનો વિશેષ નામ ભેદ જાણે છે. આહા..હા..! જ્ઞાનીને રાગ આવે તો છેને. પાંચમા ગુણસ્થાન સુધી તો રૌદ્રધ્યાન હોય છે, ક્ષાયિકસમકિતી હોય અને છઠ્ઠે ગુણસ્થાને રૌદ્રધ્યાન નહિ, આર્તધ્યાન હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને લેશ્યા હોય લ્યોને. ત્રણ. એ શુભરાગ, એ શુભરાગ છે. છઠ્ઠે ગુણસ્થાને એમ લીધું ને? ત્રણ શુભ લેશ્યા લીધી છે. આર્તધ્યાન ન ગણવું. શુભલેશ્યા ગણવામાં આવી છે છઠ્ઠે. છે આર્તધ્યાન, પણ એને ગણવામાં નથી આવ્યું. શુભલેશ્યા જ ગણવામાં આવી છે. તો એ શુભલેશ્યા પણ રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સવિકારી પરિણામ અજ્ઞાનીના અજ્ઞાનથી વિકારી જે રાગ—વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે છે અને એમાં ખુશીપણાનો, રાજીપણાનો ભોક્તા ભાવ છે 'એ હું છું અને એ મારા છે' એમ અજ્ઞાની એકપણે માને છે. અવિશેષ જ્ઞાનથી, બેનું સામાન્ય જ જ્ઞાન માને છે. એ બે એક જ છે એવું જ્ઞાન કરે છે.

'**અને અવિશેષ રતિથી...**' લીનતા. સામાન્યમાં જેમ આત્મામાં લીનતા (કરે છે), એમ રાગમાં પણ લીનતા કરે છે. આત્મામાં લીનતા છોડીને રાગમાં લીનતા કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વ-પરના '**સમસ્ત ભેદને છુપાવીને...**' આહા..હા..! વિકારી પરિણામ અને ભગવાન આત્મા અવિકારી શુદ્ધ ચૈતન્યઘન એ બેને '**સમસ્ત ભેદને છુપાવીને,...**' ઢાંકી દીધો, છુપાવી દીધો. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ગીરધરભાઈ! આવું તો તમારા બાપે નહોતું સાંભળ્યું ત્યાં. નાગરભાઈ છગનભાઈ. ભાગ્યશાળી તમે તે બધું આવ્યું આ. નાગરભાઈ તો વિરોધ કરતા હતા, તે દિ' (સંવત) ૧૯૯૯માં. ખબર છે? એને ખબર નહોતીને પરંપરાની.

હા ગીરધરભાઈ, અમીચંદભાઈ. તે દિ' અમીચંદભાઈ હતાને. એ છોડી આવી હતી તે દિ'. પછી દીક્ષા લીધી. આ વસ્તુ સમજ્યા વિના દીક્ષા-ફીક્ષા શેની? અરેરે..! વિરાયતન

કરે છેને હમણાં. ત્યાં મોટું લખાણ છે. રાજગૃહી. ભાઈ અમરચંદજી. ત્યાં ઓલો કરોડપતિ, અબજોપતિ છેને? છેલશંકર. દુર્લભજી ઝવેરીનો દીકરો. ૬૦-૭૦ કરોડ. અને એક બીજો ભાઈનો દીકરો. એમ બે થઈને એની પાસે અબજ રૂપિયા છે. તો એ બધા પૈસા નાખે છે એમાં. જાણે કે ઓહો..હો..! શું કર્યું? સાધુ થઈને આ કરાવે છે. પરનું મકાન કરાવે કે એવી વાત હોય સાધુને? આ તો કેટલા કરોડનું મોટું વિરાયતન-વીરનું આયતન. એટલે ૨૫૦૦ વર્ષમાં. વીરનું આયતન તો અહીં છે કે બહાર છે? અહીં છે ભગવાન વિરાયતન છે આત્મા. સમજાણું કાંઈ?

આનંદઘનજીએ કહ્યું છેને? એમાં આવે છે, ભાઈ! 'વીરપણું તે આતમ ઠાણે જાણ્યું તુમચી વાણે.' આનંદઘનજી કહે છે. 'વીરપણું આતમ ઠાણે...' અહીંયાં વીરપણું છે. આહા..હા..! એ જ્ઞાન-વિજ્ઞાનપણે પીછાણે એવો શબ્દ છે. 'વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે, જ્ઞાન વિણાણે શક્તિ પ્રમાણે આતમતત્ત્વ પીછાને રે.' પોતાના જ્ઞાન અને વિજ્ઞાનથી ભગવાન ભિન્ન રાગથી છે એવી ઓળખાણ કરે છે એનું નામ વીર છે. વીરાયતન અહીં આત્મામાં છે, બહારમાં ક્યાં હતું? આહા..હા..! એની તો ખબર નહિ અને બહારમાં આમ કરો, આમ કરો એ ધર્મની પ્રભાવના. ધૂળેય નથી. આહા..હા..! ઝીણી વાત છે. વ્યવહાર કરો. ભગવાને જગતના બહારના સુખોને હિતને માટે ઉપદેશ દીધો. હિતાવહ, સુખાવહ એમ લખ્યું છે. પરના હિત અને સુખ ઈ હશે. અરે ભગવાન! એણે ભગવાને કર્યું છે કે દિ'? એ તો વાણીએ કર્યું છે. વાણીના કર્તા પણ કે દિ' હતા ભગવાન. વાણી તો જડની અવસ્થા. આહા..હા..! ભગવાનના જ્ઞાનમાં પહેલેથી આવ્યું. જડની અવસ્થા નીકળી ગઈ એનું જ્ઞાન તો કેવળજ્ઞાનમાં પહેલાંથી થઈ ગયું છે. આ ઝીણી વાત બહુ, બાપુ!

વસ્તુએ વસ્તુ ભિન્ન, રજકણે રજકણ ભિન્ન. આત્મા આત્મા ભિન્ન. એના એક એક બીજા આત્માથી. એવી અજ્ઞાનતાને કારણે. ભિન્ન ભિન્ન છે એના અજ્ઞાનને કારણે '**સમસ્ત ભેદને છુપાવીને,...**' ભિન્ન છે એને ઢાંકી દે છે. એક છે. વ્યવહારરત્નત્રયનો રાગ અને હું બે એક છું, ભેદને છુપાવી દે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાની ભેદને ઢાંકી દે છે અને અભેદને ખુલ્લો કરે છે, રાગ અને હું એક છું. આહા..હા..! કર્તા-કર્મ છેને. આકરું લાગે. બાપુ! માર્ગ તો એવો છે, ભાઈ! પહેલાં એની શ્રદ્ધામાં એણે નક્કી કરવું પડશે. માર્ગ આ છે એવો જ્ઞાનમાં નિર્ણય તો કરો. સમજાણું કાંઈ? પછી ભેદ કરવાનો પ્રયોગ પછી થાશે. પણ પહેલા હજી વ્યવહારના નિર્ણયના ઠેકાણા નથી એ પ્રયોગ ક્યાંથી કરશે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવ્યભાવકભાવને પામેલાં...**' ભોક્તા લેવું અહીંયાં. એ વિકારીભાવ મારા. હું ભાવક અને એ મારું ભાવ્ય છે અથવા એ વિકારીભાવ ભાવક અને હું ભોગવનારો ભાવ્ય છું. વિકારી ભાવ ભાવક અને હું ભોગનારો ભાવ્ય છું. એવો ભાવકભાવ્ય અજ્ઞાનીએ ઉત્પન્ન કર્યો. '**ચેતન**

**અને અચતેનનું સામાન્ય અધિકરણથી...'** આહા..હા..! ચૈતન્યસ્વરૂપ ભગવાન અને રાગ સ્વરૂપ, પુણ્યસ્વરૂપ અચેતન. આહા..હા..! વ્યવહાર જે રાગનો વિકલ્પ છે એ અચેતન છે, ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યરસ છે અને રાગમાં ચૈતન્યનો અભાવ છે. તેથી એને અચેતન કહ્યો. આહા..હા..! **'ચેતન અને અચેતનના સામાન્ય અધિકરણથી...'** જુઓ, આહા..હા..! **'(-જાણે કે તેમનો એક આધાર હોય એ રીતે)'** વિકારને ઉત્પન્ન કરનાર હું અને જ્ઞાનને જાણનારને ઉત્પન્ન કરનાર પણ હું—એમ અજ્ઞાની બેના આધારને એક માને છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ જૈનદર્શન સર્વજ્ઞ પરમેશ્વર... જે સમ્યગ્દર્શન છે એ ચીજ કોઈ અલૌકિક છે. લોકોએ સાધારણ કલ્પી માની લીધું છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, થઈ ગઈ શ્રદ્ધા થઈ ગઈ. ધૂળેય નથી હવે. એવી તો અનંતવાર શ્રદ્ધા કરી. સમજાણું કાંઈ? કહો, નવરંગભાઈ! આહા..હા..!

શું કહ્યું? **'ભાવ્યભાવકભાવને પામેલાં...'** એ વિકારીભાવને હું ભોગવનાર છું, બે એક છું, એમ માનીને... આહા..હા..! **'ચેતન અને અચેતનનું સામાન્ય અધિકરણથી...'** વિકારી પરિણામનો અને આત્માના જ્ઞાનનો આધાર એક જ છે એમ અજ્ઞાની માને છે. એમાં **'અનુભવ કરવાથી...'** આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા અને રાગના પરિણામ બેને એક માનીને હું ક્રોધ છું. આહા..હા..! એટલે કે જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવનો અનાદર કરીને રાગ મારી ચીજ છે, પુણ્ય મારી ચીજ છે, એને સ્વભાવનો દ્વેષ છે સ્વભાવ પ્રત્યે ક્રોધ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ જુદી જાતનો ક્રોધ છે.

**'હું ક્રોધ છું'** આહા..હા..! એટલે કે 'હું રાગથી ભિન્ન જ્ઞાતા છું' એવું જ્ઞાન નહિ થઈને અજ્ઞાનથી જે રાગ ઉત્પન્ન થયો એ રાગ અને મારા આત્માનો આધાર એક માનીને 'હું રાગ છું, હું પુણ્ય છું, હું દયા, દાન, વિકલ્પનો કર્તા છું, વ્રતાદિનો વિકલ્પ ઉઠ્યો એનો હું કર્તા છું' એમ માનીને **'પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે;...'** પોતામાં વિકલ્પ નામ વૃત્તિ એવી ઉત્પન્ન કરે છે. આહા..હા..! કેટલી વાત લીધી! એક બાજુ લીધું કે મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ સવિકારી ચૈતન્યપરિણામ. એક વાત. એ સવિકારી ચૈતન્યપરિણામ એમ માને છે કે રાગ અને હું આત્મા એક છું એવું દર્શન, રાગ અને આત્મા એક છે એવું જ્ઞાન, રાગ અને આત્મા એક છે એવી રાગમાં લીનતા. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ગાથા.. આવી ટીકા તો ગજબ છે ટીકા! અમૃતચંદ્રાચાર્યની સમયસારની ટીકા ઘણી ગંભીર અને ઘણા ગંભીર અર્થો. ઊંડું ગાગરમાં સાગર ભરી દીધો છે. આટલા શબ્દમાં કેટલું ભરી દીધું છે!

પ્રભુ! તું જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય છેને. અને પુણ્ય-પાપ દયા, દાન, જે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે છે એ તો પુદ્‌ગલની અવસ્થા પહેલાં તને કહી. કેમ? કે અજ્ઞાનપણે સવિકાર ચૈતન્યપરિણામને અહીં આત્માના કહ્યા. છે પરના, પણ એણે માન્યા છે પોતાના. તો સવિકાર જ્ઞાનપરિણામ જે છે એ મિથ્યાદર્શનને કારણે રાગ અને આત્માને એક માને છે. અવિશેષ

નહિ, ભેદ નહિ, એક માને છે, એમ રાગ અને આત્માનું એક જ્ઞાન કરે છે, રાગ અને આત્માનો (ભેદ) છોડીને રાગમાં લીન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :–** ૯૨મી ગાથા અને ૯૩મી ગાથા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ૯૨માં અજ્ઞાનીની વાત કરી પણ ત્યાં કર્તાકર્મની વાત હતી, અહીં ભોક્તાની વાત લીધી. ભાવ્યભાવક આવ્યુંને. ત્યાં કર્તા હતું અને અહીં હવે ભોક્તા લીધું ભેગું. રાગ-દ્વેષના પરિણામ અને સુખ-દુઃખના પરિણામ એ ભોક્તા. ભાવ્યભાવક લીધું ને? ભોક્તા લીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભોક્તાનો કર્તા. એમ. ઓલા રાગનો કર્તા, આ ભોક્તાભાવનો કર્તા. આહા..હા..! સમજાણું કાંઈ? કહ્યુંને? શબ્દ જુઓ, '**અનુભવ કરવાથી,...**' એમ લીધુંને? બેનો એકપણે અનુભવ કરવાથી. છે? રાગનો, વિકલ્પનો અને ભગવાન આત્માનો બેનો એક આધાર માનીને બેનો એકપણે અનુભવ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે કે વિકારી પરિણામનું વેદન કરે છે એમ કહે છે. વિકારી પરિણામનો એ ભોક્તા થાય છે. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા એનો એ ભોક્તા નથી થતો અજ્ઞાની. જ્ઞાની પોતાના જ્ઞાનનો ભોક્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! શાંતિથી ભગવાને કહ્યું એ પ્રમાણે સમજવું જોઈએ. પોતાનો આગ્રહ છોડી દેવો જોઈએ. અમે આમ માનીએ છીએ. માને છે એ તો અનાદિથી માન્યું છે, એમાં શું નવી ચીજ છે? ફેરવવું એની બલિહારી છે. સમજાણું કાંઈ?

'**અનુભવ કરવાથી,...**' એમ છેને? ચેતન-અચેતનનો એકરૂપે આધાર માનીને '**સામાન્ય અધિકરણથી (-જાણે કે તેમનો એક આધાર હોય એ રીતે) અનુભવ કરવાથી,...**' આ..હા..! વિકાર અને આત્માનો આધાર એક છે એમ માનીને વિકારનો અનુભવ કરે છે. '**હું ક્રોધ છું**' આહા..હા..! હું ક્રોધ છું એનું વેદન છે. હું જ્ઞાતા-દૃષ્ટા છું એનું વેદન છૂટી ગયું. આહા..હા..! આવી ટીકા. ઘરમાં તો પુસ્તક પડ્યું હશે. એય પોપટભાઈ! શેઠને પૂછ્યું હતું. શેઠ પાસે હશે. કોણ વાંચે? નવરા ક્યાં છે ત્યાં? પણ પહેલા વાંચે તો ખરાને. પહેલાં વાંચે તો ખબર પડેને. પહેલા પોતે વાંચે. અમારા માસ્તર હતા એ એવું કહેતા નિશાળમાં હોં! કે અમારી પાસે સમજવા આવો પણ એ પહેલાં ઘરેથી વાંચીને આવવું. ઘરેથી વાંચીને આવવું, તો તમને ખ્યાલ આવશે કે તમે વાંચ્યું અને અર્થમાં શું ફેર છે. પાંચમી-છઠ્ઠી ચોપડીમાં હતાને. એક બ્રાહ્મણ હતા. પછી મોટા-મોટા છોકરા હોય હુશિયાર, એ રાંધવા વખતે (બોલાવે). રાંધતા હોય પોતે. બૈરા નહોતા. અહીં નહોતા. રાંધતા હતા. રાંધતા-રાંધતા મોટા છોકરાઓને કહે કે જુઓ, તમારે ઘરે વાંચીને આવવું. ઘરે વાંચીને આવવું. જે કાંઈ પાઠ મારી પાસે લેવો હોય એ ઘરને વાંચીને આવવો, તો તમને ખબર પડશે કે તમને વાંચવામાં શો અર્થ આવ્યો અને અમે શું અર્થ કરીએ છીએ. શેઠ! એ સુતારની મેડી હતી એક. કણબી પટેલ

છે. એ મેડી ઉપર રહેતા, રાંધતા અને પછી અમે બેઠા હોય. હુશિયાર છોકરા હોયને બે-ચાર જાય એને શીખવે પછી. જુઓ, એનો અર્થ આમ છે, તમે વાંચીને આવ્યા પણ એનો અર્થ એમ નહિ. એમ અહીં કહે છે કે પહેલું વાંચ્યું હોય તો પછી સાંભળવામાં ક્યાં ફેર છે એ ખબર પડે. વાંચ્યું ન હોય તો.. શેઠ! વાંચવાની ભલામણ કરી. આહા..હા..!

'**હું ક્રોધ છું.**' અર્થાત્ જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવનો અનાદર કરીને અજ્ઞાનમાં રાગ હું છું એ જ ક્રોધ છે. આહા..હા..! સ્વભાવ પ્રત્યેના વિરોધભાવનો અનુભવ, જે જ્ઞાતાદૃષ્ટાના સ્વભાવથી વિરુદ્ધભાવ એ જ ક્રોધ. આત્માના સ્વભાવથી વિરુદ્ધ માટે ક્રોધ. આહા..હા..! સમજાણું કાંઈ? '**એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે; તેથી હું ક્રોધ છું એવી ભ્રાંતિને લીધે...**' લ્યો. હું ક્રોધ છું એ ભ્રાંતિ છે. ભગવાન તો જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ છે. આહા..હા..! ભારે કઠણ વાત, ભાઈ! લોકો શાંતિથી વાંચેને. હવે સમયસારનો વિરોધ કર્યો છે. અત્યારે સમયસાર-સમયસાર ચારે કોર થઈ ગયું છે. એકાંત-એકાંત એમ વળી. અરે ભગવાન! સમયસારની પ્રસિદ્ધિ થઈ ગઈ છેને હવે. ઘણા પુસ્તકો સમયસાર છપાણા અને લોકો લઈ પણ બહુ ગયા છે. સમયસારનો તને દ્વેષ કેમ છે? આહા..હા..! એમ કે ત્યાં ઓલા વ્યવહારથી થતું નથી એ સિદ્ધ કરે છે સમયસારમાં તો લોકોને એમ કે એકાંત થઈ જાય છે એમ. અરે એકાંત શું થાય? સમ્યક્ એકાંત. સમ્યક્ એકાંતમાં રાગ મારો નથી અને રાગનો હું કર્તા-ભોક્તા નથી. મારું નથી પછી કર્તા-ભોક્તા ક્યાંથી આવ્યું? એવું સમયસારમાં છે. આ કહ્યુંને સમયસારમાં. હવે જ્યાં રાગ વ્યવહાર છે એનો કર્તા માને તોપણ મિથ્યાદૃષ્ટિ અને એનો ભોક્તા માને તોપણ મિથ્યાદૃષ્ટિ. પોતાના આનંદનું વેદન નથી અને આ રાગનું વેદન એકલું છે એ ક્રોધ છે આત્મા પ્રત્યે એમ કહે છે. આહા..હા..! જિનેશ્વરનો માર્ગ બાપુ કેવળી સર્વજ્ઞ પરમાત્મા, એને સમજવા માટે ઘણી પાત્રતા જોઈએ. સમજાણું કાંઈ?

'**અનુભવ કરવાથી,...**' '**એવી ભ્રાંતિને લીધે જે અવિકાર (વિકાર સહિત) છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો...**' જુઓ, ભાષા લીધી. '**જે સવિકાર (વિકાર સહિત) છે, એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો...**' એ વિકારી ચૈતન્યપરિણામ છે. પાછું લીધું. આહા..હા..! '**ચૈતન્યપરિણામે પરિણમતો થકો આ આત્મા તે સવિકાર ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.**' કર્મની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! અજ્ઞાનપણે સવિકારી પરિણામનો કર્તા અજ્ઞાની પોતાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સવિકાર ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો...**' ભાષા જુઓ, એ ભાવ છે પોતાનો. પહેલાં પુદ્‌ગલનો કહ્યો હતો. આહા..હા..! ભેદજ્ઞાન થયું ત્યાં પોતાના નહિ અને ભેદજ્ઞાન નથી થયું ત્યાં પોતાના નહિ પણ પોતાના માને છે. આહા..હા..! એવી વાત છે, ભાઈ! શરીર-બરીર તો ક્યાંય રહી ગયું આ રજકણ ધૂળ. એનું અસ્તિત્વ તો મારામાં નથી, પણ વ્યવહારરત્નત્રયના વિકલ્પનું અસ્તિત્વ પણ મારી ચીજમાં નથી. આહા..હા..! એવું ભેદજ્ઞાન

નહિ હોવાથી સવિકારી ચૈતન્યપરિણામનો અજ્ઞાની કર્તા થાય છે. એ પોતાના પરિણામ એમ લીધુંને? પોતાના ભાવનો કર્તા થાય છે. એ વિકારી પરિણામ પોતાના ચૈતન્યની પર્યાય છે. એ જડની તો ભેદ કરવા માટે જડની કહ્યું, પણ છે તો પોતાની પર્યાયમાં અજ્ઞાનભાવ અને રાગ-દ્વેષભાવ, એ કંઈ જડમાં નથી. સમજાણું કાંઈ? લ્યો, એ કર્તા લીધું.

**'એવી જ રીતે ક્રોધ પદ પલટાવીને માન,...'** લેવું. હું માની છું. હું માનવાળો છું. આહા..હા..! એ માનનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? હું માયા—કપટ-કપટ-કુટિલતા, માયા. 'હું માયા છું અને માયાનો હું કર્તા છું' એમ અજ્ઞાની માને છે. **'લોભ,...'** વૃત્તિ ઉઠે છે રાગની એ હું છું એમ માને છે અજ્ઞાની. સવિકારી પરિણામમાં પરથી ભેદ ન કરવો અને પરથી અને સ્વથી એક માનવાવાળા સવિકારી પરિણામ પોતાને અને પરને ભિન્ન નહિ કરીને, 'હું લોભ છું' એમ સવિકારી પરિણામ માને છે. આહા..હા..!

**'મોહ,...'** પરમાં સાવધાની, મિથ્યાત્વભાવ, એ પણ હું છું એમ માને છે અજ્ઞાની. આહા..હા..! **'રાગ,...'** વિશેષ ભેદ સ્પષ્ટ કરે છે. રાગ એ હું છું. પહેલા રાગના બે પ્રકાર-માયા અને લોભ, દ્વેષના બે પ્રકાર—ક્રોધ અને માન. એને સ્પષ્ટ કર્યું છે. રાગ મારો છે એમ માને છે અજ્ઞાની. ઓહો..હો..! ક્યાં સ્ત્રી, કુટુંબ, શરીર, પૈસા, મકાન તો ક્યાંય રહી ગયા. ધૂળમાં ક્યાંય રહી ગયા એ તો ધૂળમાં. આહા..હા..! રાગ હું છું.

**'દ્વેષ,..'** હું છું. **'કર્મ,...'** હું છું, લ્યો! આહા..હા..! સવિકારી પરિણામ એમ માને છે કે આ જડકર્મ એ મારા છે. મેં બાંધ્યા અને મારા છે. આહા..હા..! એમ કર્મ મારા છે એમ માનીને કર્મનો કર્તા થાય છે. **'નોકર્મ,...'** શરીર, વાણી એ નોકર્મ અથવા બાહ્ય ચીજ જે છે સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી આદિ એ બધા નોકર્મ છે. એ નોકર્મ પોતાના છે એમ અજ્ઞાની માને છે. બેનો વિશેષ—ભિન્ન નહિ કરીને બેને એક માનીને એ હું છું, શરીર છે તો હું છું, પુત્ર છે તો હું છું. એમ નથી કહેતા? બેટા! જા, જા સ્નાન કરવા. હું છું એ તું જ છેને. તું જા, હું નથી જતો. એમ બોલે. સ્નાન કરવા જાય છેને. શું કહે છે તમારે? કોઈનું મૃત્યુ થઈ જાય પછી (જાય). સ્નાન. દાગમાં જાય છે અને અમથા મરી ગયો હોય, ક્યાંક મરી ગયો અને અહીંયાં પછી સ્નાન કરે છેને? તો દીકરાને કહે, બેટા! તું જા. તું છે ઈ હું જ છુંને. એય.. શેઠ! આ તમારું બધું પોગળ. તમારું એટલે સંસારીનું. આહા..હા..!

**શ્રોતા :—** અમે સમજ્યા નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ન સમજ્યા? આ સ્નાન કરવા નથી જતા કોઈ મરી ગયા હોય પછી? બેટા જાને તું. સમજી ગયા? આહા..હા..! સ્ત્રીને માટે એમ કહે ને આ તો મારી ઘરવાળી છે એ હું જ છું. જાવ. અરે..! ધૂળેય નથી સાંભળને. બાયડી ક્યાં હતી તારી? રાગ તારો નથી ત્યાં વળી સ્ત્રી ક્યાંથી આવી? આહા..હા..! ભ્રાંતિને લઈને એમ માને છે

એમ કહે છે. નોકર્મને પોતાના ભ્રાંતિને લઈને (માને છે). '**મન,...**'ને પોતાની ભ્રાંતિને લઈને પોતાનું માને છે. મન-મન. અંદર મન છેને જડ અહીંયાં આઠ પાંખડીને આકારે. મન વિચાર કરવામાં નિમિત્ત છે. અજ્ઞાની મનને પોતાનું માને છે. એ મારું અવયવ છે. મન છે એ મારું અવયવ છે તો મનથી હું જાણું છું.

'**વચન,...**' મારા છે. આહા..હા..! મારી એ વાણી છે. હું આમ બોલું છું. અરે.. ભગવાન! એ તો જડની વાણી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાણી હું છું. એ ભ્રાંતિને લઈને એમ છે. '**કાયા,...**' હું છું. શરીર. '**શ્રોત,...**' ઈન્દ્રિય મારી છે. કેમકે હું ઈન્દ્રિય દ્વારા જાણું છું તો ઈન્દ્રિય મારા અવયવ છે. ધૂળેય અવયવ નથી. આ તો પરના-જડના અવયવ છે. સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! આવું સ્વરૂપ છે.

'**શ્રોત્ર,...**' હું સાંભળું છુંને એ કાન મારા છે. મારા કાન વડે હું સાંભળું છું. કાન ક્યાંથી આવ્યા તારા? એ તો જડના છે. આહા..હા..! '**ચક્ષુ,...**' મારા ચક્ષુ બહુ ચોખ્ખા રહે છે. મોતિયો કદી આવ્યો નથી. એવો રોગ હોય છેને બીજા. મારા ચક્ષુ બહુ ચોખ્ખા છે. ચક્ષુ તો જડ છે, માટી, ધૂળ છે. અનંત રજકણના સ્કંધનો પિંડ છે. એ ચક્ષુ તારા ક્યાંથી થયા? આમ નથી બોલતા કે મારી આંખ આવી છે? અમારે ગુજરાતમાં બોલે કાઠિયાવાડમાં. લાલ થાયને. મારી આંખ આવી છે.

**શ્રોતા :—** અમારે તો દુઃખણી બોલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દુઃખણી? લ્યો. આંખ દુઃખણી થઈ. અમારે કહે છે કે આંખ આવી છે એમ કહે. લાલ લાલ થઈ જાયને. આંખ આવી છે. આંખ ક્યાંથી આવે? ધૂળમાં? એ તો છે ઈ છે. લાલ થાયને લાલ. મને આંખ આવી છે. લીલુ કપડું બાંધે. લીંબડો બાંધે ઠંડો. મને આંખ આવી છે. પણ કે દિ' હતી તારી? એ તો જડ છે. આહા..હા..! વીંછીના રજકણ તે આંખપણે અત્યારે થયા છે. પહેલા એ જ રજકણ વીંછીના ડંખપણે હતા. એમ પરિવર્તન કરતાં-કરતાં અહીં આવ્યા છે. તારી આંખ ક્યાંથી થઈ? આહા..હા..! અનાદિનો ભ્રમ અજ્ઞાનીનો છે. શરીરથી હું આવા કામ કરું છું. ભાષાથી હું આમ બોલી શકું છું. મારી ભાષા જોરદાર છે. ધૂળેય નથી. ભાષા ક્યાં તારી છે? આહા..હા..!

ઈન્દ્રિય '**ઘ્રાણ,...**' લ્યો નાક. મારી ઘ્રાણ ચોખ્ખી છે એમ કહે છેને? ઘ્રાણ છે કે દિ' તારી? એમ '**રસન...**' જીભ-જીભ. એમ '**સ્પર્શન...**' સ્પર્શ. એ મારો છે એમ '**સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં; અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**' જે કાંઈ આત્માથી ભિન્ન ચીજ છે એ સંબંધી વિચાર કરવો એમ કહે છે. મારામાં કોઈ વિકલ્પ પણ નથી, રાગ પણ નથી. એમ કે રાગ પણ પર વસ્તુ છે. આહા..હા..! હવે પર વસ્તુથી સ્વ વસ્તુમાં લાભ થાય, (એમ નથી) સમજાણું કાંઈ?

અલિંગગ્રહણમાં તો કહ્યું છે કે પોતાના સ્વભાવથી જણાય છે એવો ભગવાન પ્રત્યક્ષ

જ્ઞાતા છે. અલિંગગ્રહણના ૨૦ બોલ છેને. પ્રવચનસાર ૧૭૨ ગાથા. સમજાણું કાંઈ? ૨૦ બોલ છેને ૨૦ બોલ. એમાં છઠ્ઠો બોલ એવો છે. પહેલો બોલ એવો છે કે ઇન્દ્રિયથી હું નથી જાણતો. ઇન્દ્રિયથી આત્મા નથી જાણતો, ઇન્દ્રિયથી જણાતો નથી. ઇન્દ્રિય પ્રત્યક્ષ આત્મા નથી. બીજાના અનુમાન કરવાથી જણાય એવો હું નથી. હું એકલો અનુમાન કરું એમ પણ નહિ. આહા..હા..! હું તો પ્રત્યક્ષ પોતાના સ્વભાવથી જાણનારો જ્ઞાતા પ્રત્યક્ષ છું. આહા..હા..! સમજાણું કાંઈ? આંખ વડે જોઉં છું, કાન વડે સાંભળું છું એ છે નહિ, કહે છે. આહા..હા..! જ્ઞાન જાણે છે. એ પણ ક્યારે? કે એને પ્રત્યક્ષ હોય ત્યારે. સ્વનું જ્ઞાન થાય ત્યારે જ્ઞાન જ્ઞાનને જાણે છે. આહા..હા..! જ્ઞાન વડે જાણે છે, ઇન્દ્રિય વડે નહિ. આહા..હા..! ઘણો ફેર પણ. હવે આમાં સમાધાન શી રીતે કરવું? કહો. એ અમારા લાવ્યા હતા હિંમતભાઈ નહિ એક ફેરી? મુંબઈથી. એ છેને પુનમચંદ ઘાસીલાલ. ક્યા ગામના કહેવાય એ? પ્રતાપગઢ. પુનમચંદ ઘાસીલાલ છેને? મુંબઈ. મોટું મંદિર છે. .. એ પહેલાં આવ્યા હતા. થોડું સ્વામીજી ઢીલું મૂકે, થોડું અમે ઢીલું મૂકીએ તો બેનો સમન્વય થઈ જાય. ઢીલું સમજ્યા? થોડો આગ્રહ છોડી દે કે વ્યવહારથી નથી થતું. કથંચિત્ થાય પણ એમ જરી છોડી દે, અમે પણ થોડું છોડી દઈએ, એમ કરીને એક થઈ જઈએ. સમજાણું કાંઈ? એ પુનમચંદ. એક ભાઈએ તો દીક્ષા લીધી છે. દીક્ષા લીધી છેને. એક હતા. લ્યો, એ વિચાર કરવો. સોળ સૂત્રો લીધા સોળ. આહા..હા..!

'**ભાવાર્થ :- અજ્ઞાનરૂપ એટલે કે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ...**' અજ્ઞાનના ત્રણ પ્રકાર. મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ '**ત્રણ પ્રકારના જે સવિકાર ચૈતન્યપરિણામ તે પોતાનો અને પરનો ભેદ નહિ જાણીને...**' રાગ અને પુણ્ય-પાપ, દયા-દાન એનો અને પોતાનો '**ભેદ નહિ જાણીને હું ક્રોધ છું, હું માન છું...**' આહા..હા..! હું રાગી છું, હું રાગ કરું છું, હું દયા પાળું છું. આહા..હા..! '**ઇત્યાદિ માને છે; તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સવિકાર ચૈતન્ય પરિણામનો કર્તા...**' (થાય છે). ભાષા જુઓ, ત્યાં પુદ્‌ગલની અવસ્થા કહી હતી, હવે અજ્ઞાનરૂપ ભાષા લીધી. '**અજ્ઞાનરૂપ સવિકાર ચૈતન્ય પરિણામનો કર્તા...**' અજ્ઞાની થાય છે. આહા..હા..! છે? '**અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કર્મ થાય છે.**' ભોક્તાની અંદર પાછા કર્તાકર્મ નાખ્યા. અનુભવ થાય છે એમ લીધું હતુંને? ભાવ્યભાવક. પણ પાછો એનો કર્તા થાય છે એમ કહે છે. હું એને ભોગવું એમ કર્તા થાય છે. આહા..હા..! એ ૯૪ થઈ.

'**હવે એ જ વાતને વિશેષ કહે છે :—**' બહુ સંક્ષેપમાં ભાવ આવ્યો છે તો વિશેષ સ્પષ્ટ કરવા ૯૫માં કહે છે.

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि धम्मादी।
कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स।।९५।।

છ દ્રવ્યની સાથે મેળવે છે હવે. છ દ્રવ્ય. ધર્માસ્તિ દ્રવ્ય હું છું, અધર્માસ્તિ હું છું, દેવ-ગુરુ અન્ય છે એ હું છું. સમજ્યા? એ પ્રકાર કહે છે.

**'હું ધર્મ આદિ' વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,**
**ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫.**

આહા..હા..! છ દ્રવ્યની વાત લીધી હોં!

'**ટીકા :- ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ તે,...**' એ પણ ત્યાં હતા. આ શબ્દો એ જ હતા ત્યાં. '**પરના અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી...**' ત્યાં સુધી એક જ છે. '**સમસ્ત ભેદને છુપાવીને...**' હવે ત્યાં ભાવ્યભાવક હતા. અહીં '**જ્ઞેયજ્ઞાયકભાવને પામેલાં...**' એમ લીધું. '**જ્ઞેયજ્ઞાયકભાવને પામેલાં એવા સ્વ-પરનું સામાન્ય અધિકરણથી...**' આત્મા જ્ઞાયક છે અને રાગાદિ દયા, દાન આદિ પરજ્ઞેય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ '**જ્ઞેયજ્ઞાયકભાવને પામેલાં એવાં સ્વ-પરનું સામાન્ય અધિકરણ...**' રાગ અને આત્માનો આધાર એક જ છે એમ જ્ઞાન જાણે છે. એવો '**અનુભવ કરવાથી હું ધર્મ છું,...**' ધર્મ એટલે ધર્માસ્તિકાય. ધર્માસ્તિકાય દ્રવ્ય છેને. એનું જ્ઞાન થયુંને વિકલ્પમાં તો હું ધર્મ છું એમ. એવું વિકલ્પમાં ખ્યાલમાં આવ્યું તો એ હું છું. હું આકાશ છું. '**હું અધર્મ છું,...**' અધર્મ એટલે અધર્માસ્તિકાય હોં. '**હું કાળ છું, હું પુદ્‌ગલ છું, હું અન્ય જીવ છું...**' સ્ત્રી મારી છે, ગુરુ મારા છે, શિષ્ય મારા છે, અન્ય જીવ મારા છે. મિથ્યાભ્રાંતિ છે કહે છે. એ તો સવારે આવ્યું હતુંને? સવારે આવ્યું હતું પરમાત્મપ્રકાશમાં. '**એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે; તેથી,...**' હવે શું થાય છે? વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૧૧, શનિવાર, તા. ૨૧-૮-૧૯૭૬, ગાથા-૯૫-૯૬, પ્રવચન નં. ૧૬૨

સમયસાર, ગાથા-૯૫. અહીં આવ્યું છેને? '**હું અન્ય જીવ છું...**' શું કહે છે? કે આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપનું ધ્યાન છોડીને ધર્માસ્તિ આદિ છ પદાર્થ જે છે... ભગવાને સર્વજ્ઞજ્ઞાનમાં

જગતના છ પદાર્થ જોયા, તો એ છ પદાર્થમાં ધર્માસ્તિકાય એક પદાર્થ છે, જડ અને ચૈતન્યની ગતિમાં નિમિત્ત. કહે છે કે એ ધર્માસ્તિકાયનો વિચાર કરે છે તો વિકલ્પમાં લીન થઈ જાય છે એ ધર્માસ્તિકાયને પોતાનો માને છે. સમજાણું કાંઈ? ધર્માસ્તિકાય પદાર્થ છે એનો વિચાર કરવામાં વિકલ્પ જે ઉઠ્યો એ વિકલ્પમાં તત્પર થઈ જાય છે, જ્ઞાતા-દૃષ્ટાનું ભાન નથી રહેતું. એ ધર્માસ્તિકાયને પોતાનું માને છે. સમજાણું કાંઈ?

એમ અધર્માસ્તિકાય. એ પણ જડ-ચૈતન્યની ગતિમાં સ્થિર થવામાં નિમિત્ત છે. એવો અધર્માસ્તિકાયનો વિચાર કરવામાં પણ એના વિકલ્પમાં એકાકાર થઈ જાય એ અધર્માસ્તિકાયને પોતાનું માને છે. મિથ્યાદૃષ્ટિ છે કહે છે. આહા..હા..!

**શ્રોતા :—** સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સમજાણું નહિ? હિન્દી તો ચાલ્યું.

ધર્માસ્તિકાય જે પદાર્થ છે, જગતમાં તત્ત્વ છે. અજ્ઞાની એનો વિકલ્પથી વિચાર કરે છે તો વિકલ્પમાં લીન થઈ જાય છે, રાગમાં લીન થઈ જાય છે, હું જ્ઞાતા-દૃષ્ટા છું એ ભૂલી જાય છે. આહા..હા..! એનું નામ અજ્ઞાની ધર્માસ્તિકાયને પોતાનું માને છે. પહેલા તો કહ્યું હતું. એમ અધર્માસ્તિ. જડ-ચૈતન્ય ગતિ કરે છે એને સ્થિર થવામાં નિમત્તિ છે, પણ એ અધર્માસ્તિકાયનો વિચાર કરવામાં જે વિકલ્પ ઉઠે છે—રાગ, એમાં જે તલ્લીન થઈ જાય છે એ અધર્માસ્તિકાયને પોતાનું માને છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** કાંઈ મેળ બેસતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મેળ કેમ બેસતો નથી? જે તત્ત્વ છે પર, પરના વિચાર કરવાના કાળે વિકલ્પ ઉઠે છે પર છે માટે અને વિકલ્પ ઉઠે છે તો વિકલ્પમાં એકાકાર થઈ જાય છે, હું જ્ઞાતા-દૃષ્ટા છું એ ભૂલી જાય છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ અધિકાર છે, ભાઈ! આહા..હા..!

'પ્રથમ જ હું આનંદકંદ પ્રભુ છું, શુદ્ધ ચૈતન્યઘન છું. કોઈપણ પદાર્થ હોય એને હું મારા જ્ઞાનમાં રહીને જ્ઞાતા-દૃષ્ટા છું' એવું ભાન જેને નથી એ પરપદાર્થના વિચારના કાળમાં એને રાગની ધુન ચડે છે. રાગને પોતાનો માને છે એનો અર્થ કે પરદ્રવ્યને પોતાના માને છે. આહા..હા..! સૂક્ષ્મ અધિકાર છે. એમ આકાશ. આકાશ નામનો પદાર્થ છે સર્વવ્યાપક ભગવાને જોયો અને એવો છે પણ એ આકાશનો વિચાર કરીને જે પરદ્રવ્ય તરફનો વિચાર કરવામાં વિકલ્પ આવ્યો એ વિકલ્પમાં એકાકાર થઈ જાય છે. તો એ આકાશને પોતાનું માને અને એ વિકલ્પનો કર્તા થઈને મિથ્યાદૃષ્ટિ થાય છે. આહા..હા..! આકાશ. કાળ. કાળદ્રવ્ય છેને? લોકાકાશના પ્રદેશ છે જેટલા એટલા કાળદ્રવ્ય છે. એટલા કાળદ્રવ્ય છે—અસંખ્ય. તો એ કાળદ્રવ્યનો વિચાર કરીને 'આ કાળ છે' એવા વિચારના વિકલ્પમાં લીન થઈ જાય છે અને વિકલ્પનો કર્તા થાય છે, એણે કાળને જ પોતાનો માન્યો. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? અને પુદ્ગલ. 'શરીર, વાણી, મન એ મારું છે.' એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે.

**'હું અન્ય જીવ છું'** સ્ત્રી અન્ય જીવ છે એ હું છું, દેવ અન્ય જીવ છે એ હું છું, ગુરુ અન્ય જીવ છે એ હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? એવા અન્ય જીવના વિચારના કાળમાં ગુરુ અને દેવના પણ વિચારના કાળમાં જે વિકલ્પ ઉઠે છે એ વિકલ્પમાં એમ માને છે કે 'આ મારા ગુરુ અને આ મારા દેવ' એમ મિથ્યાદૃષ્ટિ વિકલ્પનો કર્તા થાય છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! જૈનદર્શન સૂક્ષ્મ બહુ. લોકોને સાંભળવા મળ્યું નથી. એ તો પોતાની યોગ્યતા નહિ તો સંભળાવનારા મળ્યા નહિ, એમ છે. સમજાણું કાંઈ? ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં કેમ ન જન્મ્યો? સમજાણું કાંઈ? અને તે પણ જન્મે તો ત્યાં સાંભળવાની લાયકાત હોય તો જાય અને જાય પણ એમાં આત્માનું કલ્યાણ છે એમ નહિ. ભગવાનની વાણી સાંભળતા રાગ થાય છે એ રાગમાં એકાકાર થઈ જાય છે, તે પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

**શ્રોતા :—** સમવસરણમાં જઈ આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અનંતવાર ગયો તો શું થયું? મિથ્યાદૃષ્ટિ જૈન સાધુ પણ ભગવાનના સમવસરણમાં હોય છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે. ત્યાં નિમિત્ત કરે શું? પોતાની દૃષ્ટિ સ્વ ઉપર ગયા વિના હું અપ્પાણં—આત્મા અબદ્ધસ્પૃષ્ટને જાણું છું. મારી ચીજ અબદ્ધસ્પૃષ્ટ છે એવું ભગવાને કહ્યું હતું, એવું અંતરમાં ઉતારી દે. દેવ-ગુરુનું લક્ષ છૂટી જાય અને દેવ-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ પણ છૂટી જાય. આહા..હા..! આકરી વાત. ગુરુથી મુક્તિ થશે, આપણે ગુરુની ભક્તિ કરો, ભક્તિ તો રાગ છે.

**શ્રોતા :—** વીર પુરુષને ધાર્યા પછી શું વાંધો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું ધાર્યું છે અંદર? સર્વજ્ઞને કે દેવ-ગુરુને ધારે તો એની યથાર્થ દૃષ્ટિ શું છે અને યથાર્થ સ્વરૂપ શું છે એ એના જ્ઞાનમાં આવવું જોઈએ તો એને યથાર્થ જાણ્યા કહેવાય. આહા..હા..! એ તો આવ્યું છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં કે દેવનું વાસ્તવિક સ્વરૂપ જો જાણે તો સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ, ગુરુનું વાસ્તવિક સ્વરૂપ જાણે તો સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ અને શાસ્ત્રને અનેકાંત શું કહેવું છે એમ સમજે શાસ્ત્રને તો સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ; પણ દેવ-ગુરુ અને શાસ્ત્ર ઉપર લક્ષ રાખીને (માને કે) અમારું કલ્યાણ થઈ જશે. નવરંગભાઈ! આવું છે. એ કહ્યુંને?

**'હું અન્ય જીવ છું...'** દેવ-ગુરુ પણ હું છું. અન્ય જીવ હું છું, એમ. એનાથી મને લાભ થાય છે એમ માનવું એ મિથ્યાત્વભાવ છે. પોતાનો ભગવાન આત્મા પૂર્ણાનંદ નિર્વિકલ્પ સ્વરૂપ એનો આશ્રય લેવાથી જે નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન થાય છે એમાં જ આત્મા જણાય છે, દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ જણાતો નથી. એ પરમાત્મપ્રકાશમાં આવ્યું છે, દિવ્યધ્વનિથી પણ ભગવાન જણાતો નથી અને મુનિઓના મહાશાસ્ત્રો ગણધરો આદિથી રચાયેલા એનાથી પણ આત્મા જણાતો નથી. ગજબ વાત છે, ભાઈ! કહો, સમજાણું કાંઈ? આ ચૈતાલયમાં

મૂક્યાને પુસ્તક ત્યાં? એય શેઠ! તમારું ચૈતાલય. સાગર. બેઠા છેને. આવ્યા હતાને. ઢોલ વગાડે અને જાણે આનાથી ધર્મ થઈ જશે. એ તો વિકલ્પ છે, રાગ છે. એનાથી ક્યાં ધર્મ થાય છે? આહા..હા..! ધર્મની પર્યાય તો પોતાની ત્રિકાળી અબદ્ધસ્પૃષ્ટ આત્માથી થાય છે. સમજાણું કાંઈ? આવી વાત સૂક્ષ્મ છે, ભાઈ! અહીં તો કહે છે કે એ જીવ હું છું, અન્ય જીવ હું છું. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિની છે. કેમકે એને વિકલ્પ થાય છે તો એ વિકલ્પનો કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અલૌકિક ચીજ છે, ભાઈ! આહા..હા..! આ અજ્ઞાનીની વાત ચાલે છે.

**'પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે;...'** જુઓ, એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે. છે? શેઠને આવ્યું શેઠને? ક્યાં છે? હાથ આવ્યું નથી હજી. નહિ, નહિ, એની પહેલા. ભ્રાન્તિ પહેલાં. **'એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે;...'** એવો પોતાનો વિકલ્પ.. ભાષા જુઓ, હું અન્ય જીવ છું, હું ધર્માસ્તિ છું **'એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે;...'** એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે. ભાષા જુઓ, આહા..હા..! સમજાણું કાંઈ? એક બાજુ કહ્યું કે વિકલ્પ એ પુદ્ગલની પર્યાય છે. અહીં કહે છે કે અજ્ઞાનીને એ પુદ્ગલની પર્યાયની ખબર નથી. હું જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ પ્રભુ છું. સહજાનંદની મૂર્તિ પરમાત્મસ્વરૂપ હું છું. એમ જ્ઞાનમાં જ્ઞાતા આવ્યો નહિ ત્યાં સુધી જ્ઞાનમાં પરદ્રવ્યનો જે ભાસ થાય છે એમાં જે વિકલ્પ ઉઠે છે એનો એ કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી, હું ધર્મ છું,...'** ધર્માસ્તિકાય. વિકલ્પ ઉઠે, વિચાર કરે કે હું ધર્મ છું. પર ધર્માસ્તિકાય તરફનો વિકલ્પ ઉઠે છે વિચારમાં, તો એ વિકલ્પમાં લીન થયો, મિથ્યાદૃષ્ટિ 'હું ધર્મ છું' એમ માને છે. એમ **'હું અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્ગલ છું,...'** પુદ્ગલ--શરીર, કર્મ વગેરે. અને **'હું અન્ય જીવ છું એવી ભ્રાંતિને લીધે જે સોપાધિક (ઉપાધિ સહિત) છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો...'** આહા..હા..! એવા વિકલ્પમાં, રાગમાં ચૈતન્યપરિણામ એ રાગરૂપે પરિણમતો થકો **'આ આત્મા તે સોપાધિક ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.'** આહા..હા..! એક બાજુ રાગને પુદ્ગલપરિણામ (કહે). અહીં કહે છે, ચૈતન્યપરિણામ ભાસ્યા. સમજાણું કાંઈ? વિકાર કરે છેને વિકલ્પ? એને ચૈતન્ય ભિન્ન છે એ ક્યાં ભાન છે? આહા..હા..! એ વિકલ્પમાં બધી અર્પણતા થઈ ગઈ એને એ તો પર્યાયબુદ્ધિમાં અર્પણતા થઈ ગઈ, ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિ રહી નહિ એમ કહે છે. ઝીણી વાત છે, ભાઈ! આ તો કર્તાકર્મ સૂક્ષ્મ છે. આહા..હા..! 'કરે કર્મ સો હિ કરતારા, જો જાને સો જાનનહારા. જાને સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાને નહિ કોઈ.' આહા..હા..! એ સમયસાર નાટકના શબ્દો છે. અમૃતચંદ્રાચાર્યના કળશમાં એ અર્થ છે. આહા..હા..!

જે કોઈ પર છ દ્રવ્ય તરફનો વિચાર કરવામાં જે વિકલ્પ ઉઠે છે એ વિકલ્પનો કર્તા

થાય છે એ જ્ઞાતાદૃષ્ટા રહી શકતો નથી અને જે વિકલ્પને જાણનાર છે એ વિકલ્પનો કર્તા થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત, ભાઈ! ધર્મ ચીજ બહુ (ઝીણી છે). આવા વ્રત લઈ લીધા ને આમ અપવાસ કરી લીધા, જાત્રા કર્યા ને સંથારા કર્યા. સંથારા સમજ્યા? છેલ્લે. મહિનામાં પંદર દિવસ. ડાળની જેમ પડ્યા રહે. એમાં શું થયું? એ તો બધા વિકલ્પો છે. સમજાણું કાંઈ? નિર્વિકારી ભગવાન આનંદનો નાથ પ્રભુ એની દૃષ્ટિમાં નિર્વિકલ્પનો આનંદ ન આવે ત્યાં સુધી એણે કાંઈ જાણ્યું નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! વિકલ્પથી તો દુઃખ થાય છે એમ કહે છે. 'પરદ્રવ્ય મારા' એવો જે વિકલ્પ થાય છે એનો કર્તા થાય એ તો દુઃખનો કર્તા થાય છે. ભગવાન તો આનંદનો સાગર છે, આનંદના સાગરનો કર્તા થયો નહિ. આ ઝીણી વાત બહુ, ભાઈ! આહા..હા..!

એ ઉપાધિયુક્ત. સમજાણું કાંઈ? ૯૪માં સવિકારપરિણામ કહ્યા હતા. સમજાણું કાંઈ? આવ્યું હતું છેલ્લે? ત્રણ પ્રકારના સવિકાર ચૈતન્યપરિણામ કહ્યા હતા. અહીંયાં ઉપાધિભાવનો કર્તા થાય છે એમ કહ્યું. એ પરદ્રવ્યનો કર્તા છે. આહા..હા..! '**એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો...**' આહા..હા...! એ છ દ્રવ્ય મારા છે એવો જે રાગ એ રાગમાં પરિણમિત થયો થકો ભગવાન આત્મા રાગમાં એકાકાર થયો થકો. છે? '**આ આત્મા તે સોપાધિક ચૈતન્ય પરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.**' જુઓ, ભાષા! એ આત્મા સોપાધિક (અર્થાત્) છ દ્રવ્ય પર છે એ ચીજ મારી છે એવા રાગમાં ઉપાધિભાવ છે. એ '**ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.**' ચૈતન્યપરિણામરૂપ રાગરૂપ, ઉપાધિરૂપ તેનો એ કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- ધર્માદિના...**' ધર્મ, અધર્મ, આકાશ આદિ છ દ્રવ્ય એના '**વિકલ્પ વખતે...**' એના વિચાર વખતે રાગ આવ્યો એ વખતે '**જે, પોતે શુદ્ધ ચૈતન્યમાત્ર હોવાનું ભાન નહિ રાખતાં,...**' 'હું તો ચૈતન્ય જ્ઞાનસ્વભાવ છું, જાણનાર-દેખનાર છું' એવું ભાન નહિ કરીને. આહા..હા..! '**ભાન નહિ રાખતાં, ધર્માદિના વિકલ્પમાં એકાકાર થઈ જાય છે...**' જુઓ, છ દ્રવ્યના વિચારમાં-વિકલ્પમાં એકાકાર થઈ જાય છે. આહા..હા..! છે? '**તે પોતાને ધર્માદિ દ્રવ્યરૂપ માને છે...**' એ ધર્મદ્રવ્ય તો ક્યાં અહીં આવી જાય છે? પણ એ સંબંધી વિકલ્પના કાળમાં વિકલ્પમાં લીન થઈ ગયો, પણ 'હું જ્ઞાતા-દૃષ્ટા છું' એવી દૃષ્ટિ ભ્રષ્ટ થઈ એ મિથ્યાદૃષ્ટિ વિકલ્પનો કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ચૈતન્યપરિણામનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કર્મ થાય છે.**' એ પછી આવ્યું... '**આ પ્રમાણે, અજ્ઞાનરૂપ ચૈતન્યપરિણામ...**' ભાષા જુઓ, એ છ દ્રવ્યના વિકલ્પના કાળે એ રાગ છે એ અજ્ઞાનપરિણામ છે. રાગ એ જ્ઞાતાના પરિણામ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કર્તા-કર્મનો આ અધિકાર એકદમ સાર અધિકાર છે. આહા..હા..! એને એમ થાય કે મારા ગુરુ મને તારી દેશે, દેવ મને તારી દેશે એ બધા વિકલ્પમાં કર્તા

થઈને મિથ્યાદષ્ટિ થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..!

'**આ પ્રમાણે, અજ્ઞાનરૂપ ચૈતન્યપરિણામ પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે...**' શું કહ્યું? અજ્ઞાનરૂપ ચૈતન્યપરિણામ રાગરૂપે એકાકાર, એ. '**તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સોપાધિક ચૈતન્યપરિણાનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કર્મ થાય છે.**' આહા..હા..! રાગ.. રાગ.. પરદ્રવ્યને લક્ષે તો રાગ જ થાય છે. એ રાગનો કર્તા થાય છે, ઈ રાગ એનું કર્મ છે. કર્મ નામ કાર્ય છે. અજ્ઞાનીનું તો રાગ કાર્ય છે. આહા..હા..! નિશ્ચયની વાત એવી લાગે લોકોને. આ તે ક્યાં હશે? એલ.એલ.બી.ની વાત હશે આ? આ તો હજી સમ્યગ્દૃષ્ટિની અને મિથ્યાદષ્ટિની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

'**તેથી કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું...**' લ્યો! એ રાગનો અને પરદ્રવ્યનો કર્તા એ અજ્ઞાન સિદ્ધ થયું. એમાં જ્ઞાતા-દૃષ્ટા રહ્યો નહિ. આહા..હા..! એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન તો છે, જ્ઞાનસૂર્ય છે, શાશ્વત ચૈતન્યસૂર્ય પ્રભુ છે. એવો જ્ઞાતા-દૃષ્ટા ન રહેતા પરના અને પરના અવલંબે રહેલો રાગ, એનો કર્તા થાય છે તો રાગ એનું કર્મ—કાર્ય છે. આહા..હા..! એ મિથ્યાદષ્ટિની વાત છે. સમજાણું કાંઈ? '**તેથી કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું એમ હવે કહે છે :—**'

एवं पराणि दव्वाणि अप्पयं कुणदि मंदबुद्धीओ।
अप्पाणं अवि य परं करेदि अण्णाणभावेण।।९६।।

આ વાંચન કરવું જોઈએ ઘરે. પાપના ચોપડા ફેરવ્યા છે. એય શેઠ! શું કહે છે એ વાંચન કરવું જોઈએ, તો પકડાય. એણે એક કલાક સાંભળ્યું. પછી શું કર્યું? જય નારાયણ. કરો ૨૩ કલાક (પાપ). સંસારના ચોપડા ફેરવ્યા અને ધંધા પાપના એકલા છે. આહા..હા..! બાયડી, છોકરા માટે રળીએ અમે, કમાઈએ. ધૂળેય નથી. એ પાપ છે. શું કમાય? સમજાણું કાંઈ? આહા..હા..! હું કમાવ છું માટે બધાનું રક્ષણ કરું છું અને બધાનું પાલન-પોષણ કરીને પુષ્ટિ કરું છું, મિથ્યાત્વની!

**શ્રોતા :—** ભૂખ્યા રાખે તો ધર્મ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ભૂખ્યા કોણ રાખે અને આપે કોણ? પરદ્રવ્ય છે એને રાખે કોણ અને ભૂખ્યા રાખે કોણ? અને એ પરદ્રવ્ય છે તો એને અનાજ આવવાનું હશે એ ચીજ આવશે જ એની પાસે. એમ નથી કહેતા, દાને દાને પે લિખા હૈ ખાનેવાલે કા નામ. તું દે છે એને?

**શ્રોતા :—** ...ન દે, પૈસા દે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂળેય દેતા નથી. પૈસા ક્યાં એના બાપના હતા? પૈસા જડના છે. આહા..હા..! પરદ્રવ્ય અને સ્વદ્રવ્યની ભિન્નતા એ અલૌકિક વાત છે, ભાઈ! અને એ ભેદજ્ઞાન થયું એને તો મુક્તિ હાથમાં આવી ગઈ. આહા..હા..! એ જ મુક્તિ થઈ ગઈ. આમ

સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ.. મુક્તસ્વરૂપ. સમજાણું કાંઈ?

હવે આ લોકો બધા એ અત્યારે એમ કહે છે કે વ્યવહાર કરે છે એને સાધન કહો કાં પરંપરાએ મુક્તિ કહો એમ માણસ રાડું પાડે છે. એનો અર્થ શું? ભાઈ! રાગ છે એ પરંપરા મુક્તિનું કારણ વીતરાગતાનું કારણ થાય? રાગ તો બંધનું કારણ છે. ચાહે તો જ્ઞાનીને રાગ આવે એ પણ બંધનું કારણ છે. એ રાગ છે, ભાઈ! ઉપચારથી કથન કહ્યું. વ્યવહારનયનો અર્થ છે એમ નહિ માનીને ... અને હજી છે તો મિથ્યાદષ્ટિ અને રાગની ક્રિયા પડિમા આદિ લઈને બેસે તો પરંપરા મોક્ષ થઈ ગયો એમ માને છે. આહા..હા..!

**શ્રોતા :—** માન્યતા પ્રમાણે થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માન્યતા પ્રમાણે શેના થાય? સામે પથરો હોય અને ભગવાન માને કે આ ભગવાન છે તો ભગવાન થઈ જાય?

**શ્રોતા :—** એની માનતા માને તો દીકરો થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દીકરા ધૂળેય નથી આવતા અજ્ઞાનીને. આહા..હા..! છેને અમારે ખુશાલભાઈ, નહિ? જીવણલાલજીનો ભત્રીજો. હવે એ કેટલી દીકરીઓ હતી સાત ને કાંઈક નવ કે કંઈ ખબર નથી. એમાં એક દીકરો આવ્યો સાંઈબાબાને માન્યા એટલે. ભણેલો મોટો બી.એ. હોં કાંઈક. પાસ હશે પરીક્ષા. ત્યાં રતલામ. પાઠશાળા છેને મોટી. બયાવર, બયાવર. બયાવરમાં ભણે છે. આપણે જીવણલાલજી હતાને એના ભાઈને ત્યાં. હા, ગુરુકુળમાં ભણતો બયાવરમાં. હતુંને. ત્યાં જ ભણતાને, ખબર છે. એવી બુદ્ધિ જાડી. હવે આટલો ભણેલો. એ સાંઈબાબાને લઈને દીકરો થયો સાતમાંથી. એલા પણ અમે અહીં છીએ ને તું આવ્યો પણ નહિ? આવ્યો છેલ્લે દિવસે. પછી તો.. આહા..હા..! જગતની મૂર્ખાઈની તે કાંઈ.. ગામ ભર્યા છે મૂર્ખાઈના.

**શ્રોતા :—** .. લાભ થયો અને આપ કહો કે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** લાભ શેના પણ લાભ? દીકરો થયો કોને પણ? એ તો પરદ્રવ્ય આત્મા અને પરદ્રવ્ય શરીર. એ શું એનાથી થયો છે? એ તો આવવાની ચીજ હોય એ પુણ્યને લઈને આવી. એમાં દીકરો ક્યાંથી તારો થઈ ગયો એ? આહા..હા..! અને સાંઈબાબાને માને. ઓલો મુસલમાન. મુસલમાન છે કે હિન્દુ? સાંઈબાબા કહે છે. મુસલમાન છે. મોટા વાળ રાખે. આહા..હા..! અરે..! દુનિયા ક્યાં જૈનદર્શન આવું મૂકીને જ્યાં ત્યાં ભટક્યા ભટક (કરે છે). આહા..હા..! ઓલા રજનીશ પાસે જાય, ઓલા સાંઈબાબા પાસે જાય. આહા..હા..! ઓહો..હો..! અજ્ઞાનીને ભ્રમણા અનંત સંસાર રખડાવનાર છે. એ બાજુ એનું શરણ લે છે.

અહીં તો સાક્ષાત્ દેવ-ગુરુ હોય સાચા. એનું શરણ લેવા જતા પણ વિકલ્પ થાય છે એમ કહે છે અને એ વિકલ્પનો કર્તા થાય તો એ મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગ એમ કહે, અમારી સામું જોઈને તારી શ્રદ્ધામાં જે રાગ થયો એ રાગ

તારો આશ્રય કરીશ તો છૂટશે. અમારાથી પણ નહિ છૂટે અને તારાથી પણ નહિ છૂટે જ્યાં સુધી અમારા ઉપર લક્ષ રાખ ત્યાં સુધી. કહો, પંડિતજી!

**શ્રોતા :—** ના કેમ કહો છો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વસ્તુ એ છે. અહીં હજી આવશે હજી સ્પષ્ટીકરણ. ૯૬ છેને?

**જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,**
**નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.**

'**ટીકા :- ખરેખર એ રીતે, હું ક્રોધ છું...**' એ ૯૪ ગાથા. ક્રોધ, માન, માયા, લોભ છું એ ૯૪ ગાથા. '**ઇત્યાદિની જેમ અને 'હું ધર્મદ્રવ્ય છું'...**' એ ૯૫ ગાથા. ૯૪માં સવિકારપરિણામ, ૯૫માં સોપાધિકપરિણામ. બે ફેર છે. સમજાણું કાંઈ? હું ક્રોધ છું, માન છું, રાગ છું, પુણ્ય છું, પાપ છું વગેરે સોળ બોલ આવ્યા હતાને? આહા..હા..! હું ઇન્દ્રિય છું, ઇન્દ્રિય મારા અવયવ છે, ઇન્દ્રિયથી મને જણાય છે—એવી ભ્રાંતિ અને '**હું ધર્મદ્રવ્ય છું**' હું ધર્માસ્તિકાય છું, હું પર જીવ છું. આહા..હા..! આ મારો દીકરો છે, આ મારી બાયડી છે, આ મારી કન્યા છે, બહુ એલ.એલ.બી અને બી.એ. ભણેલી. આમ વાત કરતાં-કરતાં તો જાણે શું થઈ જાય અંદરથી. એલ.એલ.બી. ભણી છે.

**શ્રોતા :—** જૂનું આપને યાદ આવી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ જૂનું યાદ આવે છે, સાકરચંદભાઈનું, તમારા મિત્રનું. એ વાત કરે છોકરીની. આ અમારી છોડી એલ.એલ.બી.માં પાસ થઈ છે. અરે..! પણ છોડી ક્યાં તારી હતી. એલ.એલ.બી.માં પાસ થઈ છે, એમ.એ.માં પાસ થઈ છે અને ઢીકણામાં પાસ થઈ છે, આત્મામાં નાપાસ થઈ. એ સાકરચંદભાઈ એક હતા. બાયડી મરી ગઈ પછી ગાંડા થઈ ગયા. અહીં આવતા સાંભળવા. સાકરચંદભાઈ નહિ? તમે ઓળખો? મોરબીવાળા નહોતા ત્યાં આપણે? છેને એનો દીકરો. એનો મોટો દીકરો ક્યાંક છે. ઉપરી છે ક્યાંક. સ્ત્રી મરી ગઈ તો મગજ ફરી ગયું. મારી બા.. મારી બા... કરે. બાયડીને હોં! આહા..હા..! મગજ ફરી ગયું. અરે..! મારી બા.

**શ્રોતા :—** એની બાયડી સેવા પણ બહુ કરતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સેવા કરતી સેવા. વાત સાચી. એ સેવા કરતી હતી. ખબર છેને. એટલે કોઈ રહ્યું નહિ. છોકરાની વહુ ક્યાંક રહેતી હોય, છોકરા ક્યાંક રહેતા હોય, છોડ્યુંને હવે પરણાવી દેવી હોય. અહીં ઘર... હવે કરવું શું? મગજ ઉપર અસર. સાડા છસો-આઠસોનો પગાર હતો આનંદજી-કલ્યાણજીની પેઢીમાં. શ્વેતાંબરની પેઢીમાં હતા અને અહીં સાંભળવા આવતા. સ્ત્રી મરી ગઈ તો આમ રોવે... એ બા... એ બા... એમ કરે. બાયડીને બા કહે. અરે..! ગાંડા તે કાંઈ. ગામ ગાંડાના. મારી બા.. બા! ઓલી સેવા કરતી હતીને. જોવે ત્યારે

પાણી, આહાર, નાવા-ધોવાની બધી બહુ ચાકરી કરતી હતી. હાય.. હાય..! એ ગઈ મારી બા, હોં! બાબુભાઈ! આવા મૂર્ખા છે જગતમાં અને સાતસો-આઠસોના પગાર તે દિ' હોં તે દિ'. હવે તો આઠસોની કિંમત ક્યાં રહી? આઠસોનો પગાર હોય ત્યારે ૨૫-૩૦ કહેવાય અત્યારે પૂર્વની અપેક્ષાએ. તે દિ' એને આણંદજી-કલ્યાણજીની પેઢી છેને શ્વેતાંબરની, એમાં નોકર હતા. અમે જાત્રા કરવા ગયા હતાને, સાથે હતા ૯૫માં. શેત્રુંજય. એટલે ત્યાં નોકર હતાને એટલે એકદમ મુગટ-બુગટ ચડાવ્યા ભગવાનને પછી. મહારાજને કહો મુગટ ચડાવ્યો દર્શન કરવા આવે. એ લોકોને ત્યાં એનું માન હતુંને. ભગવાનની એમ કે મૂર્તિ ઉપર મુગટ ચડાવ્યા. ચાંદીનો મોટો. અરે ભગવાન! આ તે ક્યાં? ભગવાનની મૂર્તિ જ નથી એ તો. ભગવાનની મૂર્તિ તો વીતરાગી મૂર્તિ હોય. એને માટે કપડા અને એને માટે દાગીના અને એ મુગટ પણ ક્યાંથી?

ત્યારે એક વળી સાધુ આવ્યો હતો. શ્વેતાંબર નાની ઉંમરનો હતો. એ નાસ્તિક હતો. માનતો નહોતો કોઈનું, પણ મારી પાસે અંદર આવીને કહે, મહારાજ! આપ કહો છો એની મને કાંઈક અસર થાય છે. બાકી હું કોઈને માનતો નથી અને બહારમાં વ્યાખ્યાન કરે તો હજારો માણસો ભેગા થાય. હા, અહીં કહેતો હતોને. અહીં વરતેજ જાય તો ત્યાં માણસ ભેગા થાય. અને આમ પાછા ગજબ કરતો હતો એકવાર ખાનગીમાં. અરેરે..! એક છોડી આવી છે એ કહે કે મને પરણો ઝટ. નહિતર મારો બાપ પરણાવી દેશે બીજાને. પણ મારી પાસે સાધન નથી શું કરું? કહો, અરર..ર..! વેશમાં આવી વાતું કાળા કેરની. ખાનગી પાછી વાત કરે મને. એકલો આવીને હોં! એ સાધુ હતા એક. સાધુ છે સાગરના. સાગરાનાના શિષ્ય. નાની ઉંમરમાં દીક્ષા આપી દીધી આઠ વર્ષે અને પછી જુવાની આવી અને વિષય વશ ન રહ્યો. અરર..ર...! આવું બોલતો હતો. અરે ભગવાન! કીધું, બાપુ! આ શું થયું? ભાઈ! આહા..હા..! અરેરે..! વેશ લઈને બેઠો અને પાછું પરણવું! આ શું છે આ? ગજબ છે, બાપા! આહા..!

જેને આત્મા બ્રહ્મચર્યનો રંગ લાગ્યો એને પરસ્ત્રીનો ત્યાગ હોય છે. સજ્જનને ત્યાગ હોય છે, સમકિતીની તો વાત પણ શું કરવી? આહા..હા..! સમજાણું કાંઈ? હવે ઓલા ક્ષુલ્લક પણ બ્રહ્મચારી. એ તો અમુક દૃષ્ટાંત આપ્યું છે એણે. હવે એનું લગાવી દીધું સોનગઢમાં. અરે પ્રભુ! તું કરે છે શું? ભાઈ! દિગંબરનું પુસ્તક છે એ પણ ખબર નહિ. આ તો દિગંબરનું પુસ્તક છે, સોનગઢનું છે? એ રતનલાલજી કહેતા હતા. રતનલાલજી આવ્યા હતાને ગંગવાલ. ઇંદોરવાળા આવ્યા હતા. કહેતા હતા અંદર કે ત્યાં ફૂલચંદજી પાસે આ પુસ્તક છે ભંડારમાં અમારે. એ બતાવીને બધું બહાર પાડશું. ફૂલચંદજી છેને ત્યાં. અરે..! આવી વાતું બાપા તને. આહા..હા..!

એક શુભ વિકલ્પ પણ જ્યાં દુઃખદાયક છે એને ઠેકાણે આવી પરસ્ત્રીના સેવનમાં લાભ

છે, અરે..! ગજબ, બાપા! અરે ભાઈ! કોણ એ કહે આવી વાત! આહા..હા..! એ તો બીજું દૃષ્ટાંત દીધું છે થોડું એણે ક્ષુલ્લકે કે કદાચિત માથે પતિ હોય અને કોઈ વ્યભિચાર થઈ ગયો તો એ બહાર ન પડે, એમ જેને માથે ભગવાન આનંદનો નાથ સ્વામી છે.. આહા..હા..! સમ્યગ્દર્શનનો સ્વસ્વામીસંબંધ. એ પૂર્ણાનંદનો નાથ જ્યાં સ્વામી માથે છે એને કોઈ રાગ આવ્યો તોપણ એ રાગનું વિશેષ બંધન થશે નહિ. એમ બતાવવું છે. સમજાણું કાંઈ? અરે..! શું કરે છે જીવ? આહા..હા..!

અહીં તો કહે છે કે '**ખરેખર એ રીતે, હું ક્રોધ છું...**' માન, રાગ છું એ સવિકારી પરિણામ છે '**અને હું ધર્મદ્રવ્ય...**' છ દ્રવ્ય છું એ આત્માના ઉપાધિના પરિણામ છે. આહા..હા..! '**પરદ્રવ્યોને પોતારૂપ કરે છે અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે; તેથી આ આત્મા, જોકે તે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત...**' ભગવાન આત્મા, આહા..હા..! સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત '**બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે...**' આહા..હા..! ભગવાન તો રાગના સંબંધથી અને શરીરના, વાણીના, દેવ-ગુરુ-શાસ્ત્રના સંબંધરહિત પ્રભુ તો છે. સમજાણું કાંઈ? એવી શુદ્ધ ચૈતન્યધાતુ જેણે ચૈતન્ય ધારી રાખ્યું છે, ચૈતન્યસ્વરૂપ ધારી રાખ્યું છે. આહા..હા..! જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા... ચૈતન્યરસ, ચૈતન્યધાતુ જેણે ધારી રાખી છે એવો ભગવાન આત્મા. આવો હોવા છતાં પણ '**અજ્ઞાનને લીધે જ સવિકાર અને સોપાધિક કરાયેલા...**' જુઓ, હું રાગ ને ક્રોધ ને માન ને માયા, લોભ એ સવિકાર પરિણામ છે અને છ દ્રવ્ય હું છું એ સોપધિક છે. બે ગાથાના બે ભાવ લીધા અહીંયાં. સમજાણું કાંઈ? ૯૪ અને ૯૫. ૯૪માં એમ લીધું હતું કે રાગ હું છું, પુણ્ય હું છું, દયા હું, ક્રોધ છું, માન છું, માયા, લોભ છું, ઇન્દ્રિય છું અને ૯૫માં એ લીધું હતું કે છ દ્રવ્ય હું છું એવો વિકલ્પ ઉઠ્યો અને એમાં લીન થયો એ. બે ગાથાના બે બોલ લીધા.

પોતે શુદ્ધ ચૈતન્ય ધાતુમય છે. એમ હોવા છતાં પણ '**અજ્ઞાનને લીધે...**' આહા..હા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ, એના '**અજ્ઞાનને લીધે...**' છે? '**અજ્ઞાનને લીધે જ સવિકાર અને સોપાધિક કરાયેલા ચૈતન્યપરિણામવાળો હોવાથી...**' આહા..હા..! હું રાગી છું, હું પરદ્રવ્ય છું, એવા ચૈતન્યપરિણામવાળો હોવાથી. જોયું! એ ચૈતન્યપરિણામ. એ જાણે મારા પરિણામ છે, રાગ મારો છે અને પરવસ્તુ (મારી) એવા ચૈતન્યપરિણામવાળો. આહા..હા..! '**હોવાથી તે પ્રકારના પોતાના ભાવનો કર્તા...**' ઓહો..હો..! કેટલી ગંભીરતા છેને!! એ સમયે હું રાગ છું, હું પુણ્ય છું, હું પાપ છું, હું ઇન્દ્રિય છું, શરીર છું, હું ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિ છું. એવા સવિકાર પરિણામ અને સોપાધિક પરિણામ એ '**ચૈતન્યપરિણામવાળો હોવાથી તે પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**' આહા..હા..! લ્યો જુઓ, પાછો પોતાના ભાવ લીધા એ. સવિકારપરિણામ, સોપાધિ રાગ એ પોતાનો ભાવ છે.

**શ્રોતા :—** અજ્ઞાનીને તો એમ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— અજ્ઞાનીને છેને અહીં. આહા..હા..!

**'પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે.'** કર્તા પ્રતિભાસે છે. ભાષા. આહા..હા..! જ્ઞાનમાં ભાસ એવો થાય છે કે હું રાગનો કર્તા અને પરદ્રવ્ય મારા કર્તા. ભાસ થાય છે. જ્ઞાયક તો જ્ઞાયક છે, પણ અજ્ઞાનમાં આમ પ્રતિભાસે છે. આહા..હા..! **'આ રીતે, ભૂતાવિષ્ટ...'** પહેલો જે હું રાગ છું, પુણ્ય છું, એ ભૂતાવિષ્ટનું દૃષ્ટાંત ત્યાં છે. ભૂત જેને પેસેને? એ દાખલો આવી ગયો. **'(જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવા) પુરુષની જેમ...'** સવિકાર પરિણામને માટે આ દૃષ્ટાંત. **'અને ધ્યાનાવિષ્ટ (ધ્યાન કરતાં) પુરુષની જેમ,...'** એ છ દ્રવ્યનું ધ્યાન એ ધ્યાનાવિષ્ટ પુરુષને માટે. **'આત્માને કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું.'** આહા..હા..! એ છ દ્રવ્ય મારા અને રાગ મારો એવું અજ્ઞાન રાગનું કર્તા સિદ્ધ થયું. **'કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું.'** પરદ્રવ્ય નહિ. કર્તૃત્વનું કારણ અજ્ઞાનભાવ છે. પોતાનો જ્ઞાતા-દૃષ્ટા પૂર્ણ ચૈતન્યના તેજનો સૂર્ય પ્રભુ, એના અજ્ઞાનને કારણે પોતાના ભાવનો કર્તા થાય છે. એવું અજ્ઞાન સિદ્ધ થયું. **'કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું.'** રાગનો કર્તા અજ્ઞાનથી થયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'તે પ્રગટ દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :—'**

**'જેમ ભૂતાવિષ્ટ પુરુષ...'** જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય. ભૂત-ભૂત. સમજ્યાને? **'ભૂતાવિષ્ટ પુરુષ અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો,...'** આહા..હા..! એ અજ્ઞાની ભૂતને અને પોતાને એક કરતો થકો, એમ અજ્ઞાની પુણ્ય-પાપ આદિ રાગ ભૂત જેવો છે એને પોતાનો માનતો થકો. આહા..હા..! સમજાણું કાંઈ? ભૂત જેમ શરીરમાં પેસીને ચેષ્ટા કરે એ બધી મારી છે, હું એમાં છું. આહા..હા..! એમ પુણ્ય અને પાપના વિકલ્પ ભૂતાવિષ્ટપુરુષની માફક. એ તો ભૂત છે, આત્મા નથી. આહા..હા..!

રામચંદ્રજી જેવા પુરુષ જુઓને ચારિત્રદોષ. ચારિત્રદોષ છે હોં ત્યાં તો. સીતાજીને રાવણ લઈ ગયા. આમ જ્યાં ત્યાં પૂછે છે, મારી સીતા. સમકિતી છે હોં, પણ ચારિત્રદોષનો આ દોષ છે. તો મિથ્યાદોષની તો શું વાતું કરવી? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લક્ષ્મણને પૂછે, ભાઈ! આ નૂપુર કોના છે. ઓલી આમ નાખીને વઈ ગઈ છે. રાવણ લઈ ગયા. દાગીના બધા નાખી દીધા. પગનું નૂપુર આમ હાથમાં લીધું. ભાઈ! આ નૂપુર સીતાજીનું છે? લક્ષ્મણને પૂછે છે. આહા..હા..! લક્ષ્મણ કહે, તાત! ભ્રાત! હું એકવાર સીતાજીના દર્શન કરતો હતો ત્યારે મારી પગ ઉપર નજર ગઈ હતી તો એ નૂપુર એનું છે. આહા..હા..! એ લક્ષ્મણ કોણ અને રામ કોણ! બાર-બાર વર્ષ સુધી જંગલમાં સાથે રહ્યા અને રામચંદ્રજી અને સીતાજીને બેસાડે. તમે બેસો. હું ફૂલ લઈ આવું. એ ફૂલ લઈ આવે, ફૂલની ગાદી કરે બેસવા. હવે આને ખબર નથી કે આ સીતાજી કોણ? એનું શરીર જોયું નથી. બાર વર્ષ જંગલમાં ત્રણ જણા. ભાઈ! મેં એકવાર સીતાજીના દર્શન કરતી વખતે પગમાં આ નૂપુર હતું એટલું મેં જોયું છે. આહા..હા..! કેટલું નૈતિક જીવન! આહા..હા..!

જંગલમાં ત્રણ જણા. આહા..હા..! આવે છે. ગાતા અમે ત્યાં હોં પાલેજમાં. (સંવત) ૧૯૬૮-૬૯ની સાલમાં. 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા ને જાશું એકાએક, માતાજી ખબરું પૂછશે તેને શું જવાબ દઈશ? લક્ષ્મણ જાગને હોજી, બંધવા બોલ દે એકવારજી.' ઓલા લક્ષ્મણને રાવણ મારે છેને? મૂર્છા. સીતાજી લઈ ગયા રાવણ, આને મૂર્છા આવી. અમે ત્યાં ગાતા પાલેજમાં એ. ૬૮-૬૯ની વાત છે. (રામ) જ્યારે બેસે છે લક્ષ્મણ પાસે. લક્ષ્મણ અસાધ્ય છે. ભાઈ! આવ્યા હતા ત્યારે ત્રણ જણા—હું રામ, તું અને સીતા. જાશું એકાએક. સીતા ત્યાં ગઈ, તું આમ રહ્યો. 'માતાજી ખબરું પૂછશે.' રામચંદ્રજી પુરુષોત્તમ પુરુષ. એ ભવમાં જેને મોક્ષ જાવું, છેલ્લો દેહ. આહા..હા..! આ ચારિત્રમોહના રાગના ચાળા તો જુઓ, તો મિથ્યાત્વની તો વાત શું કરવી? સમજાણું કાંઈ? માતા પૂછશે, ભાઈ! તું એકલો કેમ? સીતા અને લક્ષ્મણ ક્યાં ગયા? 'બંધવ બોલ દે એકવાર.' એકવાર જવાબ તો દે ભાઈ! રામચંદ્રજી કહે છે મંડપમાં. મોટો મંડપ છે અને એમાં મૂર્છા ખાઈ ગયા છે. ઓલી વિદ્યા મારી છેને રાવણે? પણ એને ખબર તો છે વાસુદેવ છે, એ કોઈ દી મરે નહિ, પણ એ વખતે રાગના ચાળા એવા કે.. આહા..હા..! એવું વૈરાગ્યનું ત્યાં ગાતા એ વખતે દુકાને ત્યાં સાંજના નવરા થઈએ અને અપવાસ હોય પર્યુષણના. આઠ દિ' હોયને એમાં ચાર અપવાસ કરતા. પાણી વિનાના હોં. પાણી નહિ. પણ દુકાને આખો દિ' બેસીએ. આહા..હા..! આ ગાતા હોં એમ. માતાજી ખબરું પૂછશે. કૌશલ્યા માતા પૂછશે, ભાઈ! તું એકલો કેમ? શું જવાબ આપીશ? 'બંધવ બોલ દે એકવાર.' એકવાર જવાબ દે બાપુ! આહા..!

પછી આવે છેને ઓલી બાઈ, શું નામ? વિશલ્યા. કોઈએ કહ્યું કે વિશલ્યા અહીં આવે અને એનું પાણી છાંટે તો આમ થાય. એ વિશલ્યા બ્રહ્મચારિણી બાઈ છે, હજી પરણી નથી અને પૂર્વની લબ્ધિ એને થઈ છે અંદર. મરવા છેલ્લે ગઈ હતીને જ્યારે, અજગરના પેટમાં હતી અને એનો પિતા આવ્યો એને કહે, મારી ને છોડાવું. આ કહે છે, ના. મને ત્યાગ છે ચાર આહારના. બહાર છૂટીશ તો હું નહિ રહું. મારશો નહિ. અજગરને ન મારો. અજગર સમજ્યાને? અજ એટલે બોકડો ગળે એ અજગર. એનું નામ અજગર કહેવાય. અજ એટલે બોકડો-બોકડો. ગળી જાય છે અજગર. એના પેટમાં લઈ લીધી અને આખું મોઢું બહાર. આહા..હા..! આવ્યા એના પિતા. મારી નાખું અજગરને. પિતાજી! મારે જાવજીવનો ત્યાગ છે. હું બહાર આવીશ તોપણ જીવીશ નહિ. એને ન મારો. આહા..હા..! એને લઈને ત્યાં લબ્ધિ પ્રગટી હતી એવી. આવું જેનું જોર હતું એને. અજગરના મોઢામાં આટલું પેટ અંદર અને બહાર મોઢું આટલું. પણ આમ કહે છે, પિતાજી! મારશો નહિ. હું નહિ જીવું. આહા..હા..! એમાંથી એને (લબ્ધિ) પ્રગટી. કોઈએ કહ્યું રાજાએ. ભરતને બોલાવો. ભરતરાજાના રાજમાં છે. રાજમાં બેઠા હતાને એ વખતે. જાવ બોલાવો. શું કહેવાય એ? નામ શું? ભૂલી ગયો. વિશલ્યાને બોલાવો! હનુમાનને મોકલ્યા. રામચંદ્રજીનો હુકમ છે આપના રાજમાં એક

વિશલ્યા બાઈ છે. એ તમારે તાબે છે રાજમાં. બોલાવો એને. ચાલો ત્યાં. આહા..હા..! જુઓને કેવું બને છે! એ જ્યાં અંદર પેસે છે તો ઘાયલ જે માણસો હતાને એ ઘાયલ સાજા થઈ ગયા. અંદર જ્યાં પેસે છે મંડપમાં ત્યાં અને જ્યાં નવરાવીને પાણી છાંટે છે લક્ષ્મણને, ક્યાં ગયો રાવણ? વાત તો એ હતીને. અસાધ્ય થઈ ગયો પણ રાવણને મારું એમ હતું. આહા..હા..!

અહીં કહે છે, પરમાત્મા તું તારી ચીજને ભૂલીને પ્રભુ! શેમાં તું એકાકાર થયો? ભૂતાવિષ્ટને દૃષ્ટાંતે રાગાદિમાં અને પરદ્રવ્યમાં ધ્યાનાવિષ્ટ(ના દૃષ્ટાંતે). ભૂત ચેષ્ટા કરે તો હું ચેષ્ટા કરું છું એમ લાગે એને. એમ રાગ, પુણ્ય-પાપ થાય એ મારા છે એમ માને છે અજ્ઞાની. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પુરુષોત્તમ પુરુષ કેવા કહેવાય એ બધા? શલાકાપુરુષ. શલાકાપુરુષ સિદ્ધ થઈ ગયા. અલ્પ કાળમાં મુક્તિ થશે એની. ચક્રવર્તી, બળદેવ, તીર્થંકર, વાસુદેવ, પ્રતિવાસુદેવ. આહા..હા..! આ સ્થિતિ કેવી! એવો ચોથો આરો. આહા..હા..! અહીં તો કહે છે કે આરો-ફારો એને કાંઈ નથી. અંદરમાં અજ્ઞાની... આહા..હા..! પુણ્ય અને પાપના રાગમાં ભૂતાવિષ્ટનું દૃષ્ટાંત. ભૂત જેના શરીરમાં પ્રવેશ કરીને ચેષ્ટા કરે એ મારી છે, એમ ભગવાન આત્મામાં પુણ્ય-પાપના ભાવ થાય એ મારા છે એમ અજ્ઞાની ભૂતાવિષ્ટની પેઠે ગાંડો-પાગલ થઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, છે?

'**જેમ ભૂતાવિષ્ટ પુરુષ અજ્ઞાનને લીધે ભૂતને અને પોતાને એક કરતો થકો,...**' આહા..હા..! '**મનુષ્યને અનુચિત એવી વિશિષ્ટ ચેષ્ટાના...**' મનુષ્યને અલાયક ખાસ ચેષ્ટાઓ એવી ભૂત કરે. દાંત કાઢે ને આમ કરે ને આમ કરે. આહા..હા..! '**અવલંબનસહિત ભયંકર આરંભથી ભરેલા...**' આહા..હા..! એ '**અમાનુષ વ્યવહારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે;...**' એ ભૂતનું દૃષ્ટાંત. '**તેવી રીતે...**' હવે સિદ્ધાંત લે છે. '**આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ...**' ભાષા જુઓ, કર્મને કારણે નહિ. આહા..હા..! '**અજ્ઞાનને લીધે જ ભાવ્ય-ભાવકરૂપ પરને અને પોતાને એક કરતો થકો,...**' કર્મ ભાવક અને એના ભાવ્ય વિકારી. 'હું ભાવક અને એ મારું ભાવ્ય' એમ માનતો થકો. આહા..હા..! શુભ-અશુભરાગ નિશ્ચયથી તો કર્મ ભાવકનું ભાવ્ય છે. આ કહે, મારું ભાવક અને એ ભાવ્ય, અજ્ઞાની એમ માને છે. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ વાત. આહા..હા..!

'**णाणसहावाधियं मुणदि आदं**' .. જ્ઞાયક જુદો છે એવી દૃષ્ટિ નથી, એવી સમ્યગ્દૃષ્ટિ નથી 'ત્યાં રાગ મારો છે' એમ એ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જ્યારે વેપારમાં બેઠો હોયને જ્યારે દિવસની કોઈ બે-પાંચ હજારની પેદાશ હોય અને એ કપડા, બે-પાંચ-દસ લાખનું કપડું હોય રેશમનો તાકો આમ. લ્યો. જોઈ લ્યો, પાગલ. આ દુકાનમાં ધંધા કરે છેને. એક ફેરી કહ્યું હતુંને? મુંબઈ ગયા હતા પહેલાવહેલા. પછી કોલાબા જોવા ગયા. કોલાબા છેને મુંબઈમાં. માલ લેવા ગયેલ. નાની ઉંમર. એક મારવાડી હતો તે, લ્યો ઘો...

લ્યો દ્યો... પણ પાગલ જોઈ લ્યો તમારે. મેં કીધું આ આવા. હશે કોઈ પૈસાવાળો મારવાડી. લીધા-દીધા... લીધા-દીધા... કર્યા કરે. સટ્ટા-સટ્ટા કરેને. ગાંડા પાગલ છે.

(એમ અજ્ઞાની) વિકારને પોતાનો માનીને પાગલ થઈ ગયો છે. આહા..હા..! સ્ત્રી-કુટુંબ તો ક્યાંય રહી ગયા. એ તો બિચારા જુદા કામ કરે, પણ તારામાં આ રાગનું કામ થાય એ મારું છે એમ માને તો મૂઢ છે કહે છે. આહા..હા..! આકરું કામ. મૂળ ચીજની ખબરું ન મળે અને ધર્મ થાય. એ વ્રત ને પડિમાના ભાવ એ તો વિકલ્પ અને રાગ છે અને રાગ એ મારો છે, હું કરું છું એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આવો ધર્મ હશે? જિનધર્મ તો આવો છે, બાપા! જેના જન્મ-મરણના અંત આવવાના હોય એને આ બેસે એવું છે. આહા..હા..!

'**તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ ભાવ્ય-ભાવકરૂપ પરને અને પોતાને...**' આહા..હા..! રાગને અને પોતાને '**એક કરતો થકો,...**' રાગ-દ્વેષ, પુણ્ય-પાપ સોળ બોલ લીધા હતાને. એ પહેલાં ૯૪ ગાથાનો આ પ્રશ્ન છે. '**અવિકાર અનુભૂતિમાત્ર જે ભાવક તેને અનુચિત...**' આહા..હા..! વિકારરહિત અનુભૂતિ આત્માની એ ભાવક એને અયોગ્ય-અનુચિત થઈ ગયો. આહા..હા..! '**વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત...**' પુણ્ય અને પાપના ભાવ્ય નામ વિકારીભાવ એનાથી '**મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી...**' એ ચૈતન્યના પરિણામ એકલા પુણ્ય ને પાપ ને દયા ને દાન ને વ્રતના '**તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**' આહા..હા..! શુભાશુભભાવ પોતાના અનુભૂતિભાવક માટે અનુચિત. આહા..હા..! જેમ ઓલાને અમનુષ્યપણું છે એ મનુષ્યને અનુચિત. ભૂત વળગ્યું હતુંને? તો મનુષ્યને યોગ્ય ચષ્ટા ન રહી, ભૂતના જેવી ચેષ્ટા થઈ, અમાનુષ ચેષ્ટા થઈ. આહા..હા..! એમ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, પુણ્ય-પાપનો કર્તા થાય છે એ અનુભૂતિથી અનુચિત છે, એનો કર્તા થાય છે. આત્મા અનુભવસ્વરૂપ ભગવાન આત્મા એને અનુચિત, એને યોગ્ય નહિ એવા વિચિત્ર ભાવ્યરૂપ પુણ્ય અને પાપ. એ શબ્દથી ઉપાડ્યું છે પણ પુણ્ય અને પાપ બધા. એવા '**વિકારોથી મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો...**' ચૈતન્યની પર્યાયમાં વિકારનું મિશ્રિતપણું થઈ ગયું. આહા..હા..! આવો માર્ગ એક તો સાંભળવો મુશ્કેલ પડે અને સંભળાવનારા બહુ થોડા થઈ ગયા. દુકાનું બીજી બધી થઈ ગઈ. એટલે આ મુશ્કેલ પડે જગતને. હજી શું કહે છે એ પકડવું (મુશ્કેલ), પ્રગટ કરવું તો ક્યાંય રહ્યું. અરેરે..!

કહે છે, '**ચૈતન્યપરિણામવિકારવાળા હોવાથી...**' કહ્યું હતુંને પહેલું સવિકાર ચૈતન્ય પરિણામ. ૯૪. એ ૯૪માં આ છે. આહા..હા..! '**તે પ્રકારના ભાવનો...**' એ પ્રકારનો ભાવ—જે પ્રકારનો શુભભાવ-અશુભભાવ રાગાદિ, દ્વેષાદિ, ઈન્દ્રિય આદિ, મન, વચન, કાયા એમાં નાખ્યું છે એ ૧૬માં. સવિકારપરિણામમાં નાખ્યું છે અને આમાં પછી દ્રવ્ય નાખ્યું હતું. હવે એ છ દ્રવ્યનું દૃષ્ટાંત છે. '**વળી જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી મહિષનું**

(પાડાનું) ધ્યાન કરતો...' અપરીક્ષક એવો ગુરુ મળ્યો કોઈને. (એણે કહ્યું), ભેંસનું ધ્યાન કર ભેંસનું. એ ધૂળેય નથી.

'**મહિષનું (પાડાનું) ધ્યાન કરતો કોઈ ભોળો પુરુષ અજ્ઞાનને લીધે મહિષને અને પોતાને એક કરતો થકો,...**' જાણે ભેંસ થઈ ગઈ એમ થઈ ગયું અંદર. ભૈંસા. જ્ઞાનમાં એકાકાર થઈને પાડો થઈ ગયો એવું લાગે. આહા..હા..! એ કહે છેને. '**હું ગગન સાથે ઘસાતાં શિંગડાવાળો મોટો મહિષ છું**' મોટા શીંગડા હોય છેને મોટા, તો ધ્યાન કરતાં કરતાં એમ થઈ ગયું કે '**હું ગગન સાથે ઘસાતાં શિંગડાવાળો મોટો મહિષ છું.**' એ જાણે શિંગડાવાળો મહિષ થઈ ગયો. આ છ દ્રવ્યને પોતાના માનનારા માટે આ દૃષ્ટાંત છે. હું મોટો છ દ્રવ્યવાળો થઈ ગયો. અરે..! આહા..હા..! શિંગડા સમજો છો શિંગ?

'**હું ગગન સાથે ઘસાતાં શિંગડાવાળો મોટો મહિષ છું એવા અધ્યાસને લીધે મનુષ્યને યોગ્ય એવું જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું તેનાથી ચ્યુત થયો હોવાથી...**' ઓરડો નાનો હતો. બહાર નીકળવા માટે આમ જાણે ભેંસના શિંગડા મોટા થઈ ગયાને એટલે નીકળે નહિ, એમ બહાર પરદ્રવ્યમાંથી નીકળવું, શિંગડામાંથી નીકળવું મુશ્કેલ પડે છે. જેમ શિંગડાવાળો ઓરડામાંથી નથી નીકળી શકતો, એમ અજ્ઞાનીને પરદ્રવ્ય મારા છે એવી માન્યતામાં પરદ્રવ્યથી નીકળવું ભેંસની જેમ થઈ ગયું એને. આહા..હા..! આ મારા દીકરા, મારી બાયડી, મારા છોકરા. આહા..હા..! મારું મકાન. બધું પરદ્રવ્ય છેને. દેવ મારા, ગુરુ મારા. એનું ધ્યાન કર્યું. ગુરુ મારા. એ-રૂપે જાણે થઈ ગયો. હવે એમાંથી છૂટુ પડવું એને મુશ્કેલ પડી ગયું. ભેંસના શિંગડાવાળાને ઓરડામાંથી નીકળવું મુશ્કેલ થઈ ગયું. એમ પરદ્રવ્યના વિચારમાં એકાકાર થયો એને એમાંથી નીકળવું મુશ્લેક થઈ ગયું. આહા..હા..! પોતાનું ધ્યાન કર્યું નહિ અને પરદ્રવ્યનું ધ્યાન કર્યું તો એમાંથી નીકળવું મુશ્કેલ થઈ ગયું. સમજાય એવી વાત છે. આહા..હા..!

ભગવાન સંતો તો કેવી વાત કરે છે, બાપુ! આહા..હા..! કરુણાથી એ વાત કરે છે, ભાઈ! એ તો વીતરાગી મુનિ છે. વીતરાગી મુનિ છે એને કોઈની પડી નથી. આહા..હા..! કરુણાનો વિકલ્પ આવ્યો અને અક્ષર બની ગયા. આહા..હા..! પ્રભુ! તું અમને માનીને તારી મોટાઈ થઈ ગઈ? એમાંથી નીકળવું તને મુશ્કેલ થઈ ગયું. આહા..હા..! દેવ, ગુરુ અને શાસ્ત્રની શ્રદ્ધા થઈ એ વિકલ્પ છે. એમાંથી નીકળવું મુશ્કેલ પડશે એને. આહા..હા..! સમજાણું કાંઈ?

ઈ કહેતા હતા. એક હતાને. એક ખોજા-ખોજા હતા. ખોજાનો દીકરો આવ્યો હતો હમણા એક. એ હતા. હીરાભાઈ હતા ખોજા. અહીં આવતા. મૂળ તો બાવળાના. પછી આવતા. એ કહે અમે તો હવે ગુરુને ધાર્યા છે. એટલે અમને કાંઈ હવે ચિંતા નથી. એ ગુરુ તારી દેશે. અમારે ક્યા મંદિરમાં જાવું, ક્યા મંદિરમાં ન જાવું, શ્વેતાંબર-દિગંબર એવું કાંઈ નહિ અમારે. ખોજા હતા. બાવળા, બાવળા છેને અમદાવાદ પાસે. એ ગુજરી ગયા બિચારા. બધા

ભોળા બિચારા. આહા..હા..!

એમ અહીંયાં પરદ્રવ્યને પોતાના માનવામાં મોટાઈ થઈ ગઈ એમાંથી નીકળવું મુશ્કેલી પડી ગઈ. એ વાત વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**શ્રાવણ વદ-૧૨, રવિવાર, તા. ૨૨-૮-૧૯૭૬,**
**ગાથા-૯૬-૯૭,**
**પ્રવચન નં. ૧૬૩**

સમયસાર, ગાથા-૯૬. બીજો પેરેગ્રાફ. કેમકે અજ્ઞાની.. એને બતાવે કે તું ભેંસ ધ્યાન કર. ભેંસનું ધ્યાન કર એમ કહ્યુંને? તો ભેંસ તો પરવસ્તુ છે. ભેંસના ધ્યાનમાં એકાકાર થઈ ગયો તો જાણે હું ભેંસ થઈ ગયો, એમ આ આત્મા પણ.. ક્યાંથી આવ્યું? વચ્ચે છે. અજ્ઞાનને કારણે જ્ઞેય-જ્ઞાયક પરને દેવ, ગુરુ, શાસ્ત્ર, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ વગેરે એ જ્ઞેય છે. ખરેખર તો એ આત્માના જ્ઞેય છે, એ આત્માના નથી. આત્માના છે નહિ. આત્માનું તો જ્ઞેય છે. '**તેવી રીતે આત્મા પણ અજ્ઞાનને લીધે જ્ઞેયજ્ઞાયકરૂપ પરને અને પોતાને એક કરતો થકો,...**' જ્ઞેય જે સ્વદ્રવ્યમાં એ પોતામાં જ્ઞાયકમાં તો જ્ઞેય છે, પણ એ જ્ઞેય અને જ્ઞાયકને એક કરતો થકો, અજ્ઞાની. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞેય જ હું છું અને જ્ઞેય મારું છે. 'દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબનો આત્મા અને એનું શરીર આદિ છે એ હું છું' એમ માનાનારો મિથ્યાત્વનો કર્તા થાય છે, અજ્ઞાનનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? પરને. પર શબ્દે જ્ઞેય (અને) પોતાને-જ્ઞાયકને એક કરતો થકો, બેને એક માનતો થકો '**હું પરદ્રવ્ય છું...**' હું ધર્માસ્તિ છું, હું અધર્માસ્તિ છું, હું કાળ છું, હું આકાશ છું, હું પુદ્ગલ છું અને હું અન્ય જીવ છું. આહા..હા..! એ તો પોતાની સ્ત્રીને અર્ધાંગિની કહે. એ તો જ્ઞેય છે એમ કહે છે. છતાં અજ્ઞાની એ જ્ઞેયને પોતાનું માને છે. આહા..હા..! કહો, શેઠ!

'**હું પરદ્રવ્ય છું એવા અધ્યાસને લીધે મનના વિષયરૂપ કરવામાં આવેલા...**' ધર્માસ્તિ આદિ છે પરદ્રવ્ય એ તો મનનો વિષય છે. આહા..હા..! '**મનના વિષયરૂપ કરવામાં**

**આવેલા ધર્મ, અધર્મ,...'** ધર્મ, અધર્મ નામ દ્રવ્ય છે બે. '**આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવ...'** અન્ય જીવમાં સ્ત્રીનો આત્મા આવ્યો, પુત્રનો આવ્યો, દેવ-ગુરુનો આત્મા પણ આવી ગયો. આહા..હા..! પંચપરમેષ્ઠી આવી ગયા અને અનંત નિગોદના જીવ પણ આવી ગયા. આહા..હા..! એ પરને '**અન્ય જીવ વડે (પોતાની) શુદ્ધ ચૈતન્યધાતુ...'** આહા..હા..! મનના વિકલ્પમાં જે વિચાર કરે છે તો ત્યાં મનનો વિકલ્પ રોકાઈ ગયો, શુદ્ધ ચૈતન્ય રોકાઈ ગયો. આહા..હા..! જ્ઞાયકભાવ ભગવાન આત્મા તેને છોડીને પરદ્રવ્યના વિકલ્પમાં રોકાઈ ગયો. આહા..હા..! છે?

'**ઇંદ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા...'** પહેલાં મનની વાત લીધી. હવે '**ઇંદ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે...'** શબ્દ, રૂપ, રસ, ગંધ આદિ '**(પોતાનો) કેવળ બોધ (-જ્ઞાન) ઢંકાયેલ હોવાથી...'** આહા..હા..! કેવળ જ્ઞાનસ્વરૂપ ભગવાન એકલો એ જ્ઞાન ઢંકાઈ ગયું. આહા..હા..! રૂપી પદાર્થના લક્ષે રાગ આવ્યો અને રાગને પોતાનો માન્યો એ પરપદાર્થ, તો પોતાનું કેવળ જ્ઞાન ઢંકાયેલું. કેવળ નામ એકલું જ્ઞાનસ્વરૂપ ભગવાન. કેવળજ્ઞાન પર્યાયની વાત નથી અહીંયાં. પોતાનું જ્ઞાનસ્વરૂપ એકલું જ્ઞાનસ્વરૂપ એ પર-વિષયમાં રોકાઈ ગયું છે. આહા..હા..! પર-વિષય શરીરમાં રહે છે. '**મૃતક કલેવર (-શરીર) વડે...'** આહા..હા..! આ શરીર મડદું છે. અત્યારે. મૃતક છે. ચેતન જડમાં ક્યાંથી આવ્યો? મૃતક. છે? છે ક્યાં છે શેઠ? શું કહે છે. મૃતક કલેવર. આ જડ મૃતક છે મડદું. એની સંભાળ કરવામાં રોકાઈ ગયો. આહા..હા..! '**મૃતક કલેવર (-શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...'** પ્રભુ, આત્મા તો પરમ અમૃત અને અતીન્દ્રિય આનંદ અને વિજ્ઞાનઘન છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાઠમાં તો અમૃતમય વિજ્ઞાનઘન પ્રભુ છે. આહા..હા..!

'**મૂર્છિત થયો હોવાથી...'** એક તો મનના વિષયમાં રોકાઈ ગયો, ઇન્દ્રિયના વિષયમાં પોતાનું જ્ઞાન ઢંકાઈ ગયું અને ત્રીજું શરીરની મૂર્છા થઈ ગઈ. મારું શરીર... મારું શરીર... મારું શરીર... આહા..હા..! એ મૃતક કલેવરમાં અમૃત વિજ્ઞાનઘન ભગવાન મૂર્છિત થયો. સમજાણું કાંઈ? મૂર્છા છે એની કે આ શરીર હું છું. આહા..હા..! મન, ઇન્દ્રિય અને આ શરીર ત્રણ લીધું છે એમાં. મનમાં ધર્માસ્તિ આદિ છ દ્રવ્ય લીધા અને ઇન્દ્રિયના વિષયમાં રૂપી પદાર્થ લીધા એકલા અને આ શરીરને વિશેષ લીધું અંદર. 'શરીરરૂપી પદાર્થ જડ છે. હું તો એકલો જ્ઞાનસ્વરૂપ છું. ભગવાન તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે.' એવી દૃષ્ટિ છોડીને મૃતક કલેવરમાં અમૃત વિજ્ઞાનઘન પ્રભુ અમૃતનો સાગર નાથ! આહા..હા..! શરીરમાં મૂર્છિત થયો. એ હું છું (અને) એને કારણે હું એમાં એકાકાર પ્રવર્તું છું. આહા..હા..! સવાર, સાંજ, ખાવું, પીવું... એ.. શીરો, ખીચડી, કઢી, .. બેવાર, ત્રણવાર. આહા..હા..!

છેને! અરે! જડમાં આળસ ઊડી જાય છે. એમ કહે છે કે ચા પીને નથી આવ્યા તો મને સાંભળવામાં બરાબર લક્ષ નથી જતું. એટલે ચા પીને આવ્યો તો મને.. દોઢ પા

શેર ચા એના મગજને ઠેકાણે રાખે. આહા..હા..! મૂંઢની મૂર્છા કેટલી? સમજાણું કાંઈ? મૂંઢની મૂર્છા કેટલી? આહા..હા..! બીડી ન પીવે તો મગજ ઠેકાણે ન રહે. બે બીડી પીવે તો .. આહા..હા..! અરે! ભગવાન શું થયું તને? અમૃતનો સાગર છેને! અતીન્દ્રિય અમૃતનો સાગર છે અને એને જોડીને મૃતક કલેવરમાં મૂર્છિત થયો. આહા..હા..!

'**તે પ્રકારના ભાવોનો કર્તા પ્રતિભાસે છે.**' એ શરીરની મૂર્છામાં રાગ આવ્યો તો એ રાગનો કર્તા ભાસે છે. આહા..હા..! 'હું જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાયક છું' એ દૃષ્ટિ અજ્ઞાનીની છૂટી ગઈ. આહા..! સમજાણું કાંઈ? અનુકૂળ કોઈ પકવાન હોય તો આમ ખાય. ઓહો..! પણ શું થયું? મોસંબી, મૈસુબ, રસગુલ્લા, પતરવેલીયા. પતરવેલીયાને શું કહે છે તમારે? અળવીના પાન હોય છેને? અળવીના પાન નથી હોતા મોટા લાંબા? કુણા આવે છે. આહા..હા..! તેલમાં-ઘીમાં તળે છે કટકા કરીને. આહા..હા..! અરે ભગવાન! એ તો પુદ્ગલ જડ-માટી છેને. શરીરની મૂર્છામાં એને એમ લાગ્યું કે ઓહો..! ઘણી મીઠાશ છે. આજ તો ખાવા-પીવાની ચીજ ઘણી છે. આહા..હા..! અરે રે પ્રભુ! તારો ખોરાક આ છે? એ તો જડ છે. એ તરફનું લક્ષ કરીને રાગ થાય છે એ રાગનો અનુભવ કરે છે, એ ખોરાકનો નહિ. સમજાણું કાંઈ? આ શરીર... શરીર... શરીર... આહા..હા..! હું છું એવી માન્યતાથી અમૃતઘન પ્રભુ મૃતક કલેવરમાં '**મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના...**' જે પ્રકારનો રાગ આવ્યો તેનો કર્તા થાય છે. આહા..હા..! આ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આ આત્મા...**' આ આત્મા એમ. '**અજ્ઞાનને લીધે,...**' સ્વરૂપના ભાન વિના '**અચેતન કર્મરૂપ ભાવકનું જે ક્રોધાદિ ભાવ્ય...**' શું કહે છે? જડ જે અચેતન કર્મ છે એ ભાવક છે. એનાથી ઉત્પન્ન થયેલો પુણ્ય-પાપનો ભાવ એનું ભાવ્ય છે. આહા..! સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ, સ્વભાવની રુચિ છોડીને .. કર્મ ભાવક એનું એ કાર્ય છે, એમ ન માનતા.. આહા..હા..! '**અજ્ઞાનને લીધે, કર્મરૂપ ભાવકનું...**' ભાવના કરનાર. શુભ અને અશુભ રાગને કરનારો ખરેખર તો કર્મ છે. અહીં તો દ્રવ્યદૃષ્ટિ કરાવવાની વાત છે. પુણ્ય-પાપની પરિણતિ થાય છે પોતાની પર્યાયમાં અને તે ષટ્કારકની પરિણતિ.. સવારમાં કહ્યું હતું. વિકારનો અંશ જે પોતામાં થાય છે એ ષટ્કારકની પરિણતિથી થાય છે, પરથી નહિ. અહીંયાં તો પર્યાયમાં જે વિકાર થાય છે એ નિમિત્તને આધિન થાય છે તો એના ભાવકના ભાવ એને કહેવામાં આવ્યો, પોતાનું ભાવ્ય નહિ. આહા..હા..!

'**અજ્ઞાનને લીધે,...**' આત્મા. ઓહોહો..! અચેતન કર્મરૂપ ભાવકભાવ કરનારો, એના પુણ્ય-પાપ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ એ ભાવકનું ભાવ્ય છે, '**તેને ચેતન ભાવક સાથે...**' આહા..હા..! ભગવાન ચેતન તો ચૈતન્યનો ભાવ કરનારો આત્મા છે. આનંદની દશા કરનારો ભગવાન છે. આહા..હા..! ભગવાન ભાવક અને એનું ભાવ્ય તો અતીન્દ્રિય આનંદની દશા એનું ભાવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ તો આ બાપા! .. અતીન્દ્રિય

આનંદના ભાવકનો ભાવ્ય કરનાર છે.

સહજાત્મસ્વરૂપ પ્રભુ ભાવક થઈને એનો ભાવ, ભાવ્ય અતીન્દ્રિય આનંદની પર્યાય એ એનું ભાવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દર્શનમાં ભગવાન ભાવક થઈને પોતાની વીતરાગ આનંદની પર્યાય એનું ભાવ્ય પરિણમનારું છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેને છોડીને **'ચેતન ભાવક સાથે એકરૂપ માને છે;...'** આહા..હા..! ભાવક જે કર્મ છે એના વિકારી પરિણામ પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, ભક્તિ આદિ એ ભાવક કર્મ એનું એ ભાવ્ય છે. આહા..હા..! તેને ભાવક, ચૈતન્ય જે ભાવક છે એમાં એકરૂપ માને છે. 'એ રાગ મારો છે, હું ભાવક થઈને મારી પર્યાય રાગ છું' એમ માને છે. આહા..હા..!

ભાવક .. સ્વરૂપ પ્રભુ ભાવક થઈને તો નિર્મળ પર્યાયનો ભાવ થાય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં ભગવાન શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાન અમૃતઘન એનો ભાવક થઈને વીતરાગી આનંદની પર્યાયનો કર્તા થાય છે અને ભાવ્ય થાય છે. તેને છોડીને ચૈતન્ય ભાવકનો એ વિકારી ભાવ્ય છે એમ માનીને પરિણામ વિકારનો કર્તા થાય છે. ભાષા તો સાદી છે, ભાવ તો જે છે એ છે. સમજાણું કાંઈ? હવે કોઈ દિ' ચૈતન્ય કોણ? રાગ કોણ? શું છે? એની ખબર નથી. એવી વાત કરે .. સમજાણું કાંઈ? આટલી સ્પષ્ટ ચોખ્ખી વાત છે. આહા..હા..!

ભગવાન આત્મા. એ કહ્યું હતુંને અવિકારી અનુભૂતિમાત્ર ભાવકને લીધે અનુચિત. પહેલાં આવ્યું હતું ટીકામાં. અવિકારી અનુભૂતિમાત્ર ભાવક છે આત્મા તો. આહા..હા..! વીતરાગી આનંદ ભાવ્ય અને આત્મા એનો ભાવક છે. આહા..હા..! એ અનુભૂતિની અનુચિત, એને ઉચિત નથી એવા વિકારીભાવને પોતાનો માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ .. આચાર્યે. ઝીણી વાત. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન શું ચીજ છે એ વાત કહે છે.

સમ્યગ્દર્શનમાં ભગવાન આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદસ્વરૂપ એ ભાવક થઈને વીતરાગી આનંદની પર્યાયનું ભાવ્ય નામ કર્તા થાય છે. એ સમકિતીનું કર્તવ્ય છે. ધર્મીનું એ કર્તવ્ય છે, એમ કહે છે. ધર્મ કરનારનું કાર્ય શું? આહા..હા..! પોતાનો આનંદનો નાથ ભગવાન ભાવક થઈને આનંદની પર્યાય પ્રગટ કરે એ ભાવકનું ભાવ્ય ધર્મીનું છે. સમજાણું કાંઈ? શેઠ! ધર્મનું કર્તવ્ય શું? એમ કહે છે? આહા..હા..! પોતાના આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય વસ્તુ અમૃત વિજ્ઞાનઘન. અજ્ઞાનીનું શું કર્તવ્ય છે એ બતાવે છે. જ્ઞાનીનું શું કર્તવ્ય છે એના ગર્ભમાં-પેટાળમાં આવી જાય છે. અને ધર્મીનું એ કર્તવ્ય છે અથવા ધર્મીનું એ કામ છે કે પોતાનો આનંદસ્વરૂપ ભગવાન ભાવક થઈને નિર્મળ વીતરાગી આનંદની પર્યાય ભાવ્ય કરે એ જ એનું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? એ રાગનો પણ કર્તા નથી, પરની ક્રિયાનો કર્તા નથી. આહા..હા..! બહુ સૂક્ષ્મ, બાપુ! એમાં પ્રથા ચાલી છે બહારની, એમાંથી આ સમજવું.. બહુ..

**શ્રોતા :-** અશક્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અશક્ય નહિ, પણ ગડબડ છે. અશક્ય નથી, .. છે આ સમજવું.

સમજાણું કાંઈ? આહા..હા..! એ ન બની શકે. આ તો બની શકે એવું છે. સમજાણું કાંઈ? 'રાગ-પરવસ્તુ મારી' એવું માનીને જે ભાવક કર્મનું ભાવ્ય વિકારી થયું, એ વિકારીભાવનો એ કર્તા થાય છે, એ અજ્ઞાની. કર્મરૂપી ભાવક, ભાવ કરનારો વિકારી ઉપર ભાવ એ એનું કર્તવ્ય છે કર્મનું. 'એ કર્તવ્ય મારું છે' એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ?

જ્ઞાનીનું કર્તવ્ય ચૈતન્ય ભગવાન જ્ઞાયકસ્વભાવ, એના ઉપર દૃષ્ટિ હોવાથી જ્ઞાયકભાવ કર્તા નામ ભાવક અને વીતરાગી આનંદની પર્યાય એનું ભાવ્ય નામ કર્તવ્ય છે. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! ધર્મીનું ધર્મ કર્તવ્ય છે. ભગવાન આત્મા પોતાના જ્ઞાયકભાવને ભૂલીને 'પરજ્ઞેય મારું છે' એમ માનીને જે વિકાર ઉત્પન્ન થાય છે એ કર્મનું-ભાવકનું ભાવ્ય છે. તેને પોતામાં લગાવી એ વિકારનો અજ્ઞાની કર્તા થાય છે, એ એનું કર્તવ્ય છે. શરીરની ક્રિયા કર્તવ્ય એ નહિ. આ તો ફક્ત વિકારી પરિણામ કર્તા એ એનું કર્તવ્ય છે. શરીરને કરે કે દેશને કરે કે સ્ત્રીને પાળે છે અને રક્ષણ કરે છે, રળે છે એ કર્તવ્ય છે નહિ એનું. સમજાણું કાંઈ? આહા..હા..! અજ્ઞાનીનું કર્તવ્ય હોય તો એટલું કે પરજ્ઞેયને પોતાનો માનીને જે મિથ્યાત્વભાવ, રાગભાવ ઉત્પન્ન થયો, એ નિશ્ચયથી ખરેખર તો કર્મ ભાવકનો એ ભાવ છે, આત્માનો ભાવ હોય તો કદી છૂટે નહિ, એમ છે. આહા..હા..! તેને પોતાનો માનીને એ પ્રકારના વિકારનો કર્તા થાય છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાત્મા અજ્ઞાનને લીધે, અચેતન કર્મરૂપ ભાવકનું જે ક્રોધાદિ ભાવ્ય...**' જુઓ, અહીં તો વિકારભાવકનું વિકારભાવ કહ્યું. તો નિમિત્તનો ભાવ છે એમ કહ્યું અહીંયાં. કઈ અપેક્ષાએ કહ્યું? નીકળી જાય છે એ દૃષ્ટિ કરાવવા એ વાત કરે છે; પણ 'એ પર્યાયમાં વિકાર મારાથી થાય છે' એમ સિદ્ધ કર્યું અને નક્કી કર્યું હોય, આ એને દૃષ્ટિ કરાવવા કહ્યું કે એ વિકારનું કર્તવ્ય તારું નથી. સમજાણું કાંઈ? વિભાવના પરિણામ તે પર્યાયમાં ષટ્કારકનું પરિણમન પોતાથી થાય છે, કર્મનું કાર્ય નથી અને કર્મથી થયું નથી. એટલો નિર્ણય કર્યા પછી... આહા..હા..! વિકારીભાવ કરે એવી કોઈ શક્તિ નથી, એવો કોઈ ગુણ નથી. એ કારણે પર્યાયમાં જે વિકાર થયો એ કર્મ કારક થઈને કાર્ય થયું ભાવમાં. તેને પોતાનું માને એ અજ્ઞાની છે એમ કહેવું છે. એ દૃષ્ટિનો વિષય બતાવવા અને દૃષ્ટિમાં સ્વભાવનો સંપૂર્ણ આદર થાય તેને 'રાગ પર છે' એમ કહીને છોડાવી દીધો છે. એવી વાત છે, ભાઈ! .. ઓલામાં તો એમ કહે કે વિકારની પર્યાય ષટ્કારકથી આત્મામાં પરની અપેક્ષા વિના થાય છે.

અહીંયાં કહે છે કે કર્મને કારણે વિકાર થાય છે. બાપુ! કઈ અપેક્ષાથી છે? સમજાણું કાંઈ? કેમકે અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે. સ્વ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક છે એના ઉપર તો દૃષ્ટિ છે નહિ. આહા..હા..! રાગ ઉપર છે, નિમિત્ત ઉપર દૃષ્ટિ છે, તો કહે છે કે નિમિત્તને કારણે જે કર્મ છે એનો ભાવ જે વિકારીભાવ, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હોય, પણ એ કર્મનું કાર્ય છે, તારા ચૈતન્યનું કાર્ય નથી. ચૈતન્ય ભગવાન આનંદના નાથનું કાર્ય

વિકાર કેમ હોય? આહા..હા..! સમજાણું કાંઈ? એ કારણે કહ્યું કે પોતામાં ચેતન ભાવક સાથે એકરૂપ માને છે. ભાવક વિકાર જે કર્મ એનું ભાવ્ય જે પુણ્ય-પાપના ભાવ એ પોતાના આત્મામાં લગાવતો થકો કે એ ભાવ મારો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ભાઈ! સમયસાર છે. આ અલૌકિક વાત છે, ભાઈ! આ સમજવા માટે કેટલો વખત જોઈએ. સમજાણું કાંઈ? વાસ્તવિક રીતે સમજવું જોઈએ. આમ વાંચી જાય તો ઘણીવાર વાંચે અનંતવાર કર્યું છે.

પર્યાયમાં વિકાર થાય છે એ તો ૬૨ ગાથામાં સ્વતંત્ર કહ્યું. પર્યાયમાં પણ સિદ્ધ કર્યું. દરેક દ્રવ્યની પર્યાય પોતાના ષટ્કારકમાં પરિણમતી એવી વિકારી હોય કે અવિકારી હોય. એ તો સિદ્ધાંત, એ પર્યાયને સિદ્ધ કરવાનો સિદ્ધાંત. પર્યાયનું અસ્તિત્વ તારાથી, તારામાં, તારા કારણે એ સિદ્ધ કરવું છે. હવે અહીંયાં તો દ્રવ્ય સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? દ્રવ્ય જે ભગવાન આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો ચોસલો એ તો છે. અતીન્દ્રિય આનંદનો ચોસલો સમજો છો? આ ... આદિ નથી હોતી? છરી વડે આમ કરે છેને. મેસુબ હોય, મોહનથાળ હોય એના ચોસલા. આનંદનો ચોસલો એ તો ભગવાન આનંદ છે. આહા..હા..!

ધર્મીનું આનંદ કર્તવ્ય છે એમ કહે છે. ધર્મ કર્તવ્ય છે અર્થાત્ આનંદ કર્તવ્ય છે. અજ્ઞાનીનો રાગ અને પુણ્ય-પાપભાવ એ એનું કર્તવ્ય એ માને છે. આહા..હા..! એ પછી સમકિતી જ્ઞાની ક્ષાયિકસમકિતી હોય, એ લડાઈમાં જાય છે, વિષય-ભોગની વાસનામાં આવે છે. એ પર્યાય નબળાઈથી ઉત્પન્ન થઈ, એનો જ્ઞાતા-દૃષ્ટા છે, જાણક રહે છે, તેમાં એકમેક નથી થતો. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાની એ રાગમાં એક-મેક થઈને... આહા..હા..! ભેદજ્ઞાન વિના રાગને અભેદ કરીને રાગનો કર્તા થાય છે. આહા..હા..! આવી વાત! જરી કઠણ પડે એ કરતા તો દયા પાળો. સ્થાનકવાસીમાં તો એ છે. દયા પાળે, વ્રત કરે, અપવાસ કરે એ ધર્મ. આહા..હા..! ધૂળેય નથી સાંભળવને. તારા વ્રત ને દયા. પરની દયા પાળી શકું છું એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિની છે, જૈન જ નથી એ. સમજાણું કાંઈ? એ અહીં કહે છે. પરનું કાર્ય મારું, હું પરની સેવા કરું. મૂઢ છે. કોની દયા કરી? પોતાની દયા તો છોડી દીધી. પરની દયા કરવામાં શુભરાગ આવ્યો. એ શુભરાગ તો પોતાની હિંસા છે. અરેરે ભારે માર્ગ, બાપા! આકરો બહુ. સમજાણું કાંઈ?

અમારા ગુરુ એમ કહેતા હતા બિચારા, બસ પરની દયા પાળો બાપા! અરે અહીં તો કહે, પરની દયા પાળી શકતો જ નથી આત્મા ત્રણકાળમાં. પરદ્રવ્યની પર્યાય આત્મા કરી શકે છે? અને વ્રત કરો, લ્યો. અપવાસ કરો આ અનશન, બે-ચાર-આઠ. એ કહે કે અહીં લાંઘણ રાગ છે મંદ હોય તો. માન માટે કરતો હોય તો તીવ્ર અશુભરાગ છે. આહા..હા..! ધર્મ ક્યાં હતો ત્યાં? લાખ અપવાસ કરને. એ તો રાગની મંદતાની ક્રિયા હોય તો પુણ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? મારગડા જુદાં પ્રભુ વીતરાગના. બિચારા જીવને સાંભળવા મળે નહિ, એના ઉદ્ધાર કે દિ' થાય? શરણ ક્યાં છે ક્યાં દે? આહા..હા..!

શરણ તો ભગવાન આનંદનો નાથ પ્રભુ છે ત્યાં નજર કરવાથી શરણ મળે છે. એ કોઈ બાહ્યથી શરણ મળે એમ છે નહિ. એમ છેને અરિહંતા શરણં, સિદ્ધા શરણં. એ તો વ્યવહારની વાત છે. અરિહંત પોતે, સિદ્ધ પોતે પોતાનું સ્વરૂપ છે. પાંચેય પરમેષ્ઠી આત્માનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ ગાંડા જેવું, પાગલ જેવું લાગે. બધું સાંભળ્યું હોય એવી બધી વાત. વ્રત કરો, અપવાસ કરો, આ કરો. જુઓને આઠ દિ' કરશે કેટલાક બિચારા. આઠ અપવાસ કરશે, કોઈ ચોવિહારા કરશે પાણી વિનાના. એની આગળ કાંઈ છે એની ખબર નથી. આહા..હા..! 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મોક્ષે ગયા દયા...' બધી વાતું આવી. બધી જૂઠે જૂઠી. પરની દયાનો ભાવ એ તો રાગ છે અને એ રાગ તો સ્વરૂપની હિંસા છે. એને .. વીતરાગ સાંભળ્યો કે દિ'? સમજાણું કાંઈ? સાંભળ્યો કે દિ' એણે? અનંતકાળ એવો ને એવો ચાલ્યો ગયો રખડવાના રસ્તે. ૬૦-૬૦, ૫૦-૫૦, ૭૦ વર્ષ. આ ૭૦. એય જાદવજીભાઈ! આ બધા શેઠિયા હતા ત્યાં કલકત્તામાં, સ્થાનકવાસી. આ બધું શીખ્યા હતા.

અમારા ગુરુ બિચારા કરતા હતાને હીરાજી મહારાજ. બહુ ક્રિયાવાન. આહા..! હિન્દુસ્તાનમાં એની ક્રિયા અને એનું .. બહુ .. આમ .. નિર્દોષ. કોઈને ત્યાં બનાવ્યું, દસ-બાર ઘરે.. તો પાણી ઉનું.. મહારાજ માટે ન્હાવાનું કર્યું. અત્યારે ન્હાવાનું દસ વાગે? ન્હાવાનું તો આઠ-નવ વાગે થઈ જાય. અમારે ન જોઈએ. લેતા નહિ. એવી ક્રિયા, પણ મિથ્યાદૃષ્ટિ. એ ધર્મ છે. એ ધર્મ થઈ ગયો લ્યો. નિર્દોષ આહાર એ તો શુભરાગ છે. ધર્મ ક્યાં આવ્યો ત્યાં એમાં? ધર્મ તો રાગથી ભિન્ન થઈને પોતાના આનંદના નાથનો સ્પર્શ કરે, અનુભવ કરે તો ધર્મ થાય. એ વિના ધર્મ ક્યાંથી આવ્યો?

એ અહીં કહે છે. આહા..હા..! કહો, શેઠ! ...અચેતનભાવને પોતાના માને છે. અને.. હિન્દી છે હિન્દી? ત્યાં ભૂલ છે. જડજ્ઞેયરૂપ એમ ન લેવું ત્યાં. પર લેવું. પર છે? એ કહ્યું ત્યારે તમે કેમ એમ બોલ્યા? પર છેને એમાં એમ પૂછ્યું. આ તો હમણાં સુધાર્યું. એમાં જડ છેને એમ કહ્યું એ જડ ન જોઈએ ત્યાં. પહેલું કહ્યું હતું શરૂઆતમાં. જડ ન જોઈએ ત્યાં. પરજ્ઞેયરૂપ એમ લેવું જોઈએ. કેમકે પરજ્ઞેયને તો દેવ-ગુરુ-શાસ્ત્ર અનંતા જીવો બધા પરજ્ઞેયમાં જાય અને જડમાં તો એકલા આત્મા સિવાય ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એટલા આવે અને પુદ્ગલ પાંચ દ્રવ્ય આવે. એમ નહિ. અહીં તો છએ દ્રવ્ય લેવા છે. સમજાણું કાંઈ? આહા..હા..! જડ નહિ પણ પર.

જ્ઞેયરૂપ પર એમ, જ્ઞેયરૂપ પર '**ધર્માદિદ્રવ્યોને...**' છ દ્રવ્ય. ધમાસ્તિદ્રવ્ય છે. ધર્મ એટલે આ ધર્મ નહિ. એક ધર્માસ્તિ નામનું ભગવાને કેવળીએ દ્રવ્ય જોયું છે. આખા લોકમાં કેવળી પરમાત્માએ ધર્માસ્તિ નામનું દ્રવ્ય જોયું છે. દ્રવ્ય દેખાય. એવું એક અધર્માસ્તિ નામનું દ્રવ્ય જોયું છે, અરૂપી બે છે. અજ્ઞાની એને પોતાનું માને છે. એના વિચારમાં વિકલ્પમાં તન્મય

થઈ જાય તો એ પરને જ પોતાનું માને છે. એમ દેવ-ગુરુને. દેવ-ગુરુનો આત્મા, અનંત નિગોદના બટાટા, લસણ, ડુંગળી શું કહેવાય એ? પ્યાજ. એમાં અનંતજીવ છે તો અનંત જીવને બચાવવાની વાત અહીં નથી. અનંત જીવ જ્ઞાનનો વિષય છે, તો એ અનંતને જાણે છે એવી તાકાત આત્મામાં છે, એમ કહે છે. અનંતને બચાવવા એ આત્મામાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! પણ જેની જ્ઞાન પર્યાયમાં એવા અનંત-અનંત-અનંત નિગોદ. ઓહોહો..! જુઓને માથે કાય .. લીલ-ફુગ જામી ગયા. એક-એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ. એ કાંઈ દયા પાળી શકે આત્મા માટે કહ્યું છે પ્રભુએ એમ નથી. પરની કોણ દયા પાળે? પરની અવસ્થા એને કારણે થાય છે. એનું આયુષ્ય હોય તો જીવે અને આયુષ્ય ન મરે એ તો એને કારણે છે. તારાથી જીવે છે અને તારાથી મરે છે એ? આહા..હા..!

એ જીવની અનંતતા જેના જ્ઞાનની પર્યાયમાં અનંત વિષય અને એક પર્યાય કેટલી તાકાતવાળી છે એ બતાવે છે. એ જ્ઞાનની એક સમયની પર્યાયમાં એટલા અનંતા નિગોદ અને અનંતા સિદ્ધ પરજ્ઞેય જાણવામાં આવે છે એટલી પર્યાયની તાકાત છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયનું જાણવું કેમ થાય છે? એ પોતાની પર્યાયની તાકાત બતાવવાની છે. એ નિગોદના જીવ બચાવી શકે અને નહિ મારવા એ તો વ્યવહારની વાતું છે. કોણ બચાવે અને કોણ મારે? આહા..હા..! ભારે વાતું, ભાઈ! અરે જિંદગી ચાલી એમ ને એમ. વીતરાગમાર્ગ શું છે એની ખબર નથી.

મા હણો, મા હણો.. જીવને, એમ બોલે છે બિચારા વ્યાખ્યાન કરેને? હે જિનોપદેશ. એવો કોણે ઉપદોશ કર્યો છે? તને ન હણ એમ કહે છે. તારી હિંસા ન કર. આહા..હા..! એ માર્ગ પરને બચાવી દઉં અને પર જીવને બચાવ્યો એવું જે જ્ઞેય છે એને પોતાનું માન્યું છે એણે. આહા..હા..! આવી વાત કેમ બેસે? કોઈ દિ' સાંભળી ન હોય ૫૦-૬૦ વર્ષમાં. આહા..હા..! એવી વાત છે. આહા..હા..!

એ અનંત નિગોદના જીવ અને અનંત સિદ્ધ જે કહ્યા એ સિદ્ધ ભક્તિ કરવાલાયક છે માટે કહ્યું એમ નથી, અનંતજીવ નિગોદના દયા પાળી શકાય માટે કહ્યા એમ નથી. ફક્ત તારી જ્ઞાનની પર્યાયમાં એટલું અનંત જાણવામાં આવે એવી તારી તાકાત છે. આહા..હા..! એ માટે અનંતદ્રવ્ય, પરદ્રવ્ય કહ્યા. અહીં પરદ્રવ્ય છેને એ બધા? તો પરદ્રવ્ય તો જ્ઞેય છે. છે? '**પર જ્ઞેયરૂપ ધર્માદિદ્રવ્યોને પણ જ્ઞાયક સાથે...**' ભાષા છે? ભગવાન તો જ્ઞાયક છે, જાણકસ્વભાવ છે. એ પરદ્રવ્ય જે જ્ઞેય છે એને પોતાનું માને છે. આહા..હા..!

'**એકરૂપ માને છે. તેથી તે સવિકાર અને સોપાધિક...**' બેય લીધું. પહેલાં ઉપર છેને? ક્રોધ, માન, માયા મારી એ સવિકાર થઈ અને આ પરદ્રવ્ય મારા એ સોપાધિક થયા. સવિકાર અને સોપાધિક. '**ચૈતન્ય પરિણામનો કર્તા...**' પણ એ ચૈતન્ય પરિણામનો કર્તા થાય છે, રાગ મારો છે તો રાગનો કર્તા થાય છે, પરદ્રવ્ય મારો એવી માન્યતાનો કર્તા

થાય છે. પરનો તો કર્તા કદિ થઈ શકતો નથી ત્રણકાળમાં. આહા..હા..! સમજાણું કાંઈ? પરની દયા પાળી શકે કે પરને મારી શકે, કોણ કરે? એ તો એનું જેટલું આયુષ્ય હોય ત્યાં સુધી બચે. આયુષ્ય ન હોય તો દેહ છૂટી જાય. તું શું કરી શકે? એ આયુષ્ય દીધું એને? કાંઈ દીધું? કોઈની સામગ્રી દીધી એને? લઈ શકે છે તું? આહા..હા..! ભારે વાતું આકરી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરનો માર્ગ આખી દુનિયાથી ભિન્ન છે.

વાડામાં જન્મ્યા એને પણ ખબર નથી. એમ ને એમ જિંદગી ચાલી ગઈ, ધંધા ને પાણી ને બાયડી-છોકરા સાચવવા અને રળવા. મજુરની જેમ. શેઠ! મજુરની જેમ. કોણ કરે ભાઈ તને ખબર નથી. આહા..હા..! અહીંયાં એમ કેમ કહે છે? કે એ ચૈતન્ય પરિણામ જે સવિકારી-સોપાધિક એનો કર્તા થાય છે એમ કહે છે. એ ભાવનો કર્તા અજ્ઞાની થાય છે, પરનો કર્તા થાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગનો કર્તા થાય, તો ધંધાનો પણ કર્તા થાય. બીડી-બીડી વાળવી ને આમ કરવું, સાયકલ વડે ગામેગામ ફરવું, ગ્રાહક બનાવવા. આ તો પહેલાંની વાત છે. શેઠે મહેનત કરી હશેને. એ તો બીજા પણ એમ જ કરે છે બધા એમ. આ પોપટભાઈ ક્યાં ગયા? આ પોપટભાઈ રહ્યા લ્યોને. લાદીના ધંધા મોટા. .. આહા..હા..!

.. પૈસાથી .. થયા? એ તો જડ છે. જડ આત્માનો છે? જડને આત્માનો માનવો, જીવને અજીવ માનવો એ તો મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અજીવનો સ્વામી થાય છે. બહાર જાય તોપણ આ છે અને અહીં રહે તો પણ આ છે. વસ્તુ તો એવી છે. આહા..હા..!

કહ્યું હતુંને ૧૦મી સાલમાં. બોટાદ વ્યાખ્યાન ચાલતું હતું. હરજીવનભાઈ હતા સમઢિયાળાના હતા, નાગરભાઈના ભાઈ. નાગરભાઈ અહીંના અને એ સ્વામિનારાયણ. સાંભળવા તો બધા આવે. તો સાંભળીને એણે એવો પ્રશ્ન કર્યો કે મહારાજ! તમે લક્ષ્મી વિના ચાલે (એમ કહો છો), પણ લક્ષ્મી વિના તો એક ડગલું પણ નથી ચાલતું. શાક સવારમાં લે તો પૈસા જોઈએ, ચા-પાણી માટે પૈસા જોઈએ, કપડા માટે પૈસા જોઈએ. સાંભળો! કીધું. ૧૦ની સાલની વાત છે. ૨૨ વર્ષ પહેલાંની વાત છે. મ્યુનિસીપાલિટીમાં વ્યાખ્યાન ચાલતું હતું.

એક ચીજમાં બીજી ચીજ નથી તો આત્મા ટકી શકે છે. પોતાથી અસ્તિ છે અને પરથી નાસ્તિ છે તો ટકી શકે છે. પર વિના ન ટકી શકે એમ કોણ કહે છે? શેઠ! શું કહ્યું? આ તો ૨૨ વર્ષ પહેલાં. આ આંગળી જુઓ, આંગળીનું અસ્તિત્વ છે. આ પરના અસ્તિત્વથી અભાવરૂપ છે. આ આંગળી છે તો આ આંગળી છે એમ છે? એમ આ પૈસા છે તો આ શાક મળે છે એવો આત્મા છે? આત્મામાં પૈસા અને શાક લેવાની ચીજ જ નથી. એક દ્રવ્યના સ્વચતુષ્ટયમાં પરદ્રવ્યનો તો અભાવ ત્રણેકાળમાં છે. આહા..હા..! સ્વદ્રવ્યમાં પર કર્મનો અભાવ છે, શરીરનો અભાવ છે, લક્ષ્મીનો અભાવ છે. એ લક્ષ્મી વિના જ ટકી શકે છે. લક્ષ્મીથી ટકે એમ કહો તો એ તો મૂઢ છે. આહા..હા..! વસ્તુ અને આત્મા બેને એક માની

લે તો લક્ષ્મીનો નાશ થતાં એનો પણ નાશ થઈ જાય. એમ થઈ શકે? આહા..હા..! ...

એક દ્રવ્ય પોતાના દ્રવ્યથી ટકી શકે છે અને પરના અભાવથી ટકી રહ્યો છે. પર વિના ન ચાલે એમ નહિ, પર વિના જ ચલાવ્યું છે. માન્યતા એની ઊંધી છે કે હું પર વિના ન ચલાવી શકું. બરાબર છે, ભાઈ! કહ્યુંને. સપ્તભંગી છેને? સપ્તભંગી. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા નથી. .. વાત છે. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તો છે નહિ. છે નહિ તો એની સત્તા ક્યાંથી ટકે? તો પરદ્રવ્ય વિના ન ટકે એમ કોણ કહે છે? આખુ જગત મૂઢ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મામાં તો પરનો અભાવ છે, પણ પોતાના ભાવથી આત્મા છે, પરના ભાવથી છે? પરનો તો અભાવ છે, તો પરના અભાવથી જ ટકે છે. આહા..હા..! પૈસા વિના ચાલે નહિ. અરે પૈસા વિના જ ચલાવ્યું છે. પરના અભાવથી તું ટક્યો છે. તારી માન્યતામાં ફેર છે. માન્યતામાં પર વિના હું ચલાવી શકતો નથી. પર વિના જ એણે ચલાવ્યું છે. શેઠ! આ તો સમજાય છે કે નહિ? પહેલાં હા તો પાડે કે આમ છે, એક આંગળીમાં પોતાનું અસ્તિત્વ છે એ પરની આંગળીના અસ્તિત્વનો તો અભાવ છે. તો આંગળી ટકી રહી છે. પોતાથી અસ્તિ અને પરથી નાસ્તિ. તો આંગળી ટકે છે. એમ દ્રવ્ય સ્વથી છે અને પરદ્રવ્યથી નથી. આહા..હા..! માન્યતા એવી છે કે હું પરદ્રવ્ય વિના ન ચલાવી શકું. એ તો મૂઢની માન્યતા છે, મિથ્યાત્વ છે, જૈનદર્શનની એને શ્રદ્ધા નથી. આહા..હા..!

**શ્રોતા :-** સ્વ સહાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. પંચાધ્યાયમાં છે. આહા..હા..!

અહીં કહે છે કે પરજ્ઞેયરૂપ ધર્માદિ નામ છ દ્રવ્ય '**જ્ઞાયક સાથે એકરૂપ માને છે.**' એટલું કર્તવ્ય છે. પરને કરે એમ છે નહિ. '**તેથી તે સવિકાર અને સોપાધિક ચૈતન્યપરિણામનો...**' વિકાર પરિણામ અને આ મારા છે એવા પરિણામ એનો કર્તા થાય છે. આહા..હા..! કેટલી ચર્ચા થઈ. સમજાણું કાંઈ? પરને હું જીવાડી શકું, પરને હું સુખી કરી શકું છું, પરને હું સહાય કરી શકું એ બધો મિથ્યાધર્મ અજ્ઞાનીનો છે. મિથ્યાદષ્ટિ એ જૈન છે જ નહિ. જૈનની એને ખબર નથી. સમજાણું કાંઈ? સુજાનમલજી! વાત તો એવી છે, ભાઈ! એ ૯૬.

'**અહીં, ક્રોધાદિક સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ભૂતાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું...**' પહેલાં આવ્યુંને? ભૂત-ભૂત. ભૂત જેને વળગ્યું હોય તો ભૂતની ચેષ્ટા એ જાતની માને છે અજ્ઞાની, એમ કર્મના નિમિત્તે ઉત્પન્ન થતો વિકાર એ પોતાની ચેષ્ટા છે એમ અજ્ઞાની માને છે. '**અને ધર્માદિક અન્યદ્રવ્યો સાથે...**' અને દેવ, ગુરુ, શાસ્ત્ર, અન્ય નિગોદના જીવ '**એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ધ્યાનાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહ્યું.**' બે દૃષ્ટાંત ભિન્ન-ભિન્ન છે. એક ભૂતાવિષ્ટ અને એક

ધ્યાનાવિષ્ટ. આહા..હા..! રાગાદિ પુણ્ય-પાપનો કર્તા એ ભૂતાવિષ્ટ બતાવ્યું અને પરદ્રવ્ય મારા છે એ ધ્યાનાવિષ્ટ હું પાડો થઈ ગયો... પરદ્રવ્યનું જ્ઞાન થયું અને વિકલ્પ આવ્યો તો એ રૂપ થઈ ગયો. એમાંથી નીકળવું મુશ્કેલ થશે એને. પરજ્ઞેયથી પોતાની માન્યતા છોડવા .. દેવ-ગુરુ અને શાસ્ત્રને પોતાના માને... આહા..હા..! પરદ્રવ્ય છે એ. પરદ્રવ્યની માન્યતાથી નીકળવું. ભેંસ હોય તો ઓરડામાંથી નીકળવું. આહા..હા..! હું મોટો થઈ ગયો. રૂમમાંથી ન નીકળી શકે. પરદ્રવ્યની એકતામાં એમાથી નથી નીકળી શકતો. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૯૬ થઈ.

**'તેથી (પૂર્વોક્ત કારણથી) સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે...'** જે અજ્ઞાનથી કર્તા થાય છે એ જ્ઞાનથી કર્તાનો નાશ થાય છે. 'હું આત્મા આનંદસ્વરૂપ, હું જ્ઞાતાદૃષ્ટા છું' એવો અનુભવ કરે તો એને કર્તૃત્વનો નાશ થાય છે. આહા..હા..! તેને ધર્મ થાય છે. સમજાણું કાંઈ? એ ૯૭માં કહે છે.

एदेण दु सो कत्ता आदा णिच्छयविदूहिं परिकहिदो।
एवं खलु जो जाणदि सो मुंचदि सव्वकत्तितं।।९७।।

**એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,**
**---એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.**

ટીકા. બહુ ગાથાઓ સરસ છે. સમજાણું કાંઈ? **'કારણ કે આ આત્મા અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાનો આત્મવિકલ્પ કરે છે...'** પરના અને પોતાના એકપણાનો આત્મવિકલ્પ કરે છે. સિદ્ધાંત થયો. શું કહ્યું? **'આત્મા અજ્ઞાનને લીધે...'** હું જ્ઞાનાનંદ સ્વભાવ છું એના ભાન વિના **'પરના અને પોતાના એકપણાનો...'** પર રાગાદિ અને પરદ્રવ્યાદિ અને પોતે એકત્વનું **'આત્મવિકલ્પ કરે છે...'** આહા..હા..! **'તેથી તે નિશ્ચયથી કર્તા પ્રતિભાસે છે...'** એ વિકારનો કર્તા અજ્ઞાનીને ભાસે છે.

**'આવું જે જાણે છે...'** જુઓ, અહીં તો આવ્યું, એવું જે જાણે છે કે અજ્ઞાનથી રાગનો કર્તા, વિકારનો કર્તા થાય છે, એમ જે જાણે છે. આહા..હા..! **'તે સમસ્ત કર્તૃત્વને છોડે છે...'** એ રાગનું કર્તાપણું છોડી દે છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! અત્યારે જુઓને આઠ દિ'ના અપવાસ કરશેને એ તપસ્યા અને તપસ્યા એ નિર્જરા. ભવ... નિર્જરે એવું આવ્યું હતુંને હમણાં? કોઈ બે સાધુ છેને .. સંપ્રદાયમાં. સ્થાનકવાસી. પાલીતાણા ચોમાસું હતું. . બધો ફેરફાર ઘણો થઈ ગયો છે. અમારે તો કંકોત્રી આવી હતી. અપવાસ કર્યા હતા આટલા. શ્રાવણ સુદ એકમના પારણા હતા. આપ દર્શન દેવા પધારો, એમ આવ્યું છે. .. લઈને.. આ બાજુ આવ્યા.. ... છે બે પાલિતાણા. એણે લખ્યું છે. ... આ તપસ્યા એની. ધૂળેય નથી સાંભળને.

... વ્યવહાર શું? નિશ્ચય શું? એની કોઈને ખબર નથી. અપવાસ કર્યા એ તો લાંઘણ

છે. .. આહારનો મેં ત્યાગ કર્યો એ માન્યતા જ મિથ્યાદષ્ટિની છે. કેમકે પરનો ત્યાગ-ગ્રહણથી તો આત્મા શૂન્ય છે. આત્મામાં ત્યાગ-ઉપાદાન-શૂન્યત્વશક્તિ. આહા..હા..! પરનો ત્યાગ કરું, પરને ગ્રહણ કરું એમાંથી આત્મામાં શું આવ્યું? પરના ગ્રહણથી રજકણને કેમ ગ્રહે? અને રજકણને કેમ છોડે? સમજાણું કાંઈ? ત્યાગ-ઉપાદાન-શૂન્યત્વશક્તિ. પ્રભુ આત્મામાં એવો એક ગુણ છે, ભગવાન સર્વજ્ઞદેવે કહ્યો કે પરનો ત્યાગ અને ગ્રહણથી આત્મા શૂન્ય છે. આહા..હા..! એ જાણે કે મેં આટલા પૈસા છોડ્યા, લક્ષ્મી છોડી, બાયડી છોડી, મૂઢ છે મિથ્યાદષ્ટિ છે. મિથ્યાદષ્ટિ છે અને માને છે કે મેં પરનો ત્યાગ કર્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

૪૭ શક્તિ છે. એમાં ત્યાગ-ઉપાદાન-શૂન્યત્વ શક્તિ નામનો એક ગુણ અનાદિ છે. જેમ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... આત્માનો ત્રિકાળી ગુણ છે એવો ત્યાગ-ઉપાદાન-શૂન્યત્વ નામનો ગુણ છે. સમજાણું કાંઈ? સમયસાર છે? પાછળ છે, પાછળ છે. **'જે ઘટતું-વધતું નથી...'** ૧૬મી શક્તિ છે. એ પાનું હિન્દીમાં ૫૮૯ છે. આત્મામાં એવો એક અનાદિ ગુણ છે. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે કહ્યું, કે આત્મામાં ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ. છે? બતાવો બતાવો, એને હાથ ન આવે. ચોપડા કે દિ' જોયા હતા? શક્તિ-શક્તિ ૪૭. એમાં ૧૬મી. ૧૫ પછી. કહો છે શેઠ! શું છે વાંચો. છેલ્લા શબ્દો. ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ. છે? શું છે? બોલો તો ખરા. આમ ત્યાં ભાષણ કરતાં હશે ત્યાં શેઠાઈમાં જતા હશે ત્યાં? એ પછી. એટલા શબ્દ.. કમબઢ. કમ-બઢ. ઓછું થવું અને વૃદ્ધિ થવું. ક્રમબદ્ધ નથી. કમબઢ. આત્મામાં વધતું પણ નથી અને ઘટતું પણ નથી. **'જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (-નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ-) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.'** આત્મા પરનો ત્યાગ કરે અને પરને ગ્રહે એનાથી શૂન્ય શક્તિ આત્મામાં છે. પરનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે નહિ. આહા..હા..! કે દિ' રજકણ ગ્રહે અને કે દિ' રજકણ છોડે આત્મા? અજ્ઞાન ગ્રહ્યું અને અજ્ઞાન છોડે. સમજાણું કાંઈ? એને ઠેકાણે આટલા મેં અપવાસ કર્યા, મેં એટલું છોડ્યું, આટલું છોડ્યું, મેં આટલું છોડ્યું. સમકિત છોડ્યું! મિથ્યાત્વનું ગ્રહણ કર્યું એણે! આહા..હા..! આવી વાતું ભારે આકરી, ભાઈ! સંપ્રદાયમાં તો સાંભળવું મળે નહિ. એને એવું લાગે કે આ તે કોનો માર્ગ હશે? આ જૈન પરમેશ્વરનો માર્ગ હશે? સમજાણું કાંઈ? જૈન પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ ધર્મસભામાં ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે એમ કહેતા હતા એ વાત છે. તારામાં એક એવો ગુણ છે કે પરના ત્યાગ અને ગ્રહણથી રહિત તારામાં ગુણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિશેષ ૯૭ છે ને? વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

❊ ❊ ❊

## શ્રાવણ વદ-૧૩, સોમવાર, તા. ૨૩-૮-૧૯૭૬, ગાથા-૯૭, પ્રવચન નં. ૧૬૪

સમયસાર, ૯૭ ગાથા. બીજો પેરેગ્રાફ છેને. '**આ આત્મા...**' મુદ્દાની વાત છે. '**આ આત્મા અજ્ઞાની થયો થકો,...**' કર્મથી અજ્ઞાની થયો થકો એમ નહિ. પોતાનું જ્ઞાનાનંદ ચિદાનંદસ્વરૂપ એના અજ્ઞાનથી. એનું જ્ઞાન ન કર્યું અને એનું અજ્ઞાન કર્યું. પોતાના અજ્ઞાનથી '**અજ્ઞાની થયો થકો,...**' જુઓ, ભગવાન આનંદ અતીન્દ્રિય સુખસ્વરૂપ એનું જ્ઞાન નહિ કરીને—એના અજ્ઞાનને કારણે, અજ્ઞાની થયો થકો, '**અજ્ઞાનને લીધે અનાદિ...**' જુઓ, અજ્ઞાનને કારણે એમ લીધું છે. કોઈ કર્મને કારણે કે એમ નહિ. આહા..હા..!

સ્વસ્વરૂપ ભગવાન આત્મા, એની દૃષ્ટિના અભાવે '**અજ્ઞાનને લીધે અનાદિ સંસારથી માંડીને...**' નિગોદથી માંડીને અનાદિ સંસારથી લઈને. આહા..હા..! '**મિલિત (-એકમેક મળી ગયેલા) સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...**' શું કહે છે? અનાદિ કાળથી પોતાના જ્ઞાનની પર્યાયમાં રાગ અને દ્વેષ એવા વિકલ્પ જે આકુળતા એનો સ્વાદ એને આવે છે. સમજાણું કાંઈ? અનાદિ કાળથી અજ્ઞાની થયો થકો અજ્ઞાનને લીધે પોતાની જ્ઞાનની પર્યાયમાં પુણ્ય અને પાપના શુભ-અશુભ રાગ જે આકુળતા છે, દુઃખ છે એનો સ્વાદ લે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**મિલિત સ્વાદનું...**' એનો અર્થ એવો છે કે આત્માની પર્યાયમાં થોડો આનંદ અને થોડો રાગ (છે) એમ નહિ. શબ્દ તો મિલિત પડ્યો છે. મિલિતનો અર્થ પર્યાય જ્ઞાનની પોતાની છે અને એમાં શુભરાગાદિનો અનુભવ એ સ્વાદ પુદ્‌ગલનો સ્વાદ છે. આહા..હા..! ઝીણી વાત. સમ્યગ્દર્શન કોને કહેવું અને સમ્યગ્દર્શન થાય તો કેમ થાય? અહીં તો મિથ્યાદર્શન થાય તો કેમ થાય એ વાત પહેલી કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પોતાનો આનંદ શુદ્ધ ચૈતન્યઘન એના અજ્ઞાનને કારણે અજ્ઞાની થયો થકો પર્યાયમાં રાગ જે પુદ્‌ગલ છે એ પુદ્‌ગલની દશા, આકુળતા ખરેખર તો. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ રાગ એ પુદ્‌ગલનો સ્વાદ છે. સમજાણું કાંઈ? એ સ્વાદ જગતની ચીજનો સ્વાદ નથી. લાડવા, જલેબી, મોસંબી, સ્ત્રીના શરીર એનો એને સ્વાદ નથી, એના ભોગ નથી, પણ એ પર તરફનું લક્ષ કરીને પોતાના સ્વભાવથી ચ્યુત થવાથી, સ્વભાવથી ભ્રષ્ટ થવાથી. આહા..હા..! મિથ્યાદૃષ્ટિ પોતાના આનંદસ્વભાવથી ભ્રષ્ટ થયો થકો. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ જે શુભ છે એ દુઃખરૂપ છે એનો સ્વાદ લે છે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ. સમજાણું કાંઈ? '**મિલિત સ્વાદનું સ્વાદન-**' સ્વાદનું સ્વાદન—સ્વાદનું

અનુભવન. આહા..હા..! જે શુભ-અશુભરાગ છે એ ખરેખર તો પોતાના સ્વભાવની અવસ્થા નથી, એ કારણે એને પુદ્ગલની અવસ્થા કહેવામાં આવે છે. તો અજ્ઞાની એ પુદ્ગલની અવસ્થા નામ રાગ-દ્વેષનો સ્વાદ લે છે. આહા..હા..! આ મિથ્યાદષ્ટિનું લક્ષણ. મિથ્યાદષ્ટિની મર્યાદા કેવી છે? એ બતાવે છે. સમજાણું કાંઈ?

એ રાગ અને પુણ્ય-પાપના ભાવ, સ્વભાવ જે છે એનો તો આદર નથી, અજ્ઞાન છે અને રાગના ભાવનું જ્ઞાન કરીને રાગનો સ્વાદ લે છે. આહા..હા..! રાગના સ્વાદનું સ્વાદન. રાગના સ્વાદનો અનુભવ. આહા..હા..! એ પરપદાર્થનો અનુભવ કરતો નથી, સ્વભાવનો અનુભવ કરતો નથી. આહા..હા..! ચાહે તો અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય, જ્યાં સુધી એ રાગનો સ્વાદ લે છે ત્યાં સુધી અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! મોહનભાઈ! આવી વાત છે. અનાદિથી તો એ જ કર્યું છે એણે.

ભગવાન આનંદસ્વરૂપ એ તરફ કદી વળ્યો નથી અને એ તરફ વળે તો સમ્યગ્દર્શન થાય. તો એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો પંચમહાવ્રત પાળતો હોય, પાંચ સમિતિ, ગુપ્તિ, ૨૮ મૂળગુણ પાળતો હોય તો એ તો દુઃખ છે. આહા..હા..! એ દુઃખનો સ્વાદ અજ્ઞાનીને છે. સમજાણું કાંઈ? આવ્યુંને છ ઢાળામાં, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? કે પંચમહાવ્રત, શુભભાવ એવા કર્યા કે જેથી નવમી ગ્રૈવેયક સુધી ગયો, પણ એ તો દુઃખરૂપભાવ છે એમ કહે છે. આહા..હા..! 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો ભાવ કર્યો એ તો દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શેઠાઈ અને પૈસાવાળા ને દેવ એ રાગનો સ્વાદ લે છે એ દુઃખનો સ્વાદ છે. બરાબર હશે? આ બધા સુખી કહે છેને તમને પૈસાવાળાને. આહા..હા..! ભગવાન એમ કહે છે કે જેને આત્મા આનંદ આત્માનું જ્ઞાન નથી એને પુણ્ય-પાપના રાગનો સ્વાદ આવે છે એ દુઃખનો સ્વાદ છે, આત્માના આનંદથી ઊલટી દશાનો સ્વાદ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પુદ્ગલકર્મના અને પોતાના સ્વાદનું ભેળસેળપણે-એકરૂપે અનુભવન હોવાથી,...'** આહા..હા..! મિશ્રનો અર્થ આ. પોતાની પર્યાયમાં રાગ-દ્વેષનો સ્વાદ એ મિશ્ર સ્વાદ, એમ. મિશ્રનો અર્થ એમ નહિ કે થોડો આત્માનો પણ સ્વાદ અને થોડો રાગનો સ્વાદ. અજ્ઞાનીને આત્માનો સ્વાદ અંશે પણ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? આહા..હા..! અનુભવન હોવાથી **'જેની ભેદસંવેદનની (ભેદજ્ઞાનની) શક્તિ બિડાઈ ગયેલી છે...'** આહા..હા..! એ પુણ્ય અને પાપના ભાવથી પોતાની ભિન્ન ચીજ છે એવી ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના અજ્ઞાનને કારણે અજ્ઞાની થયો થકો મિશ્રિત સ્વાદ લે છે. કેમ? આહા..હા..! કે **'જેની ભેદસંવેદનની શક્તિ બિડાઈ ગયેલી છે...'** રાગથી ભિન્ન થવાની શક્તિ છે એ તો વિપરીત થઈ ગઈ છે, રાગમાં એકતા થઈ ગઈ એ તો.

આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ. અહીં મુખ્ય તો શુભરાગની પ્રધાનતાએ દુઃખી થયો છે, એને ધર્મ માનીને કર્યું છેને. આહા..હા..! સમજાણું કાંઈ? આ પર્યુષણમાં જ્યાં ત્યાં એ આવે કે તપ ને ત્યાગ... તપ ને ત્યાગ.. બસ ઢગલા થઈ જાય. શું તપ ને ત્યાગ? સમજાણું કાંઈ? આ સ્થાનકવાસીનું આવ્યું છેને એમાં એ ઢગલા લખ્યા છે. આને આટલા અપવાસ, આને આટલા અપવાસ, આને છઠ અપવાસ ને આને માસખમણ. લાંઘણ છે બધી. એમાં તો રાગનો સ્વાદ છે. આહા..હા..!

**શ્રોતા :—** તપસ્યા કરવા માટે પર્વ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પર્વ આવે છે, તપસ્યા કઈ તપસ્યા? સવારે નહોતું આવ્યું? પોતાના આનંદનો સ્વાદ આવવો એ પ્રતપન. પોતાની આનંદની દશામાં તપે છે એનું નામ તપ છે. આ તો બધી લાંઘણ છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ ભાઈ! દુનિયાથી તદ્દન ભિન્ન ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મહિનાના અપવાસ કરે, બે મહિનાના અપવાસ કરે એ અપવાસ છે, ઉપવાસ નથી. અપ વાસ—માઠો વાસ. રાગમાં રહે છે તે માઠો સ્વાદ લે છે. ઉપવાસ તો એને કહીએ કે જે રાગથી હઠીને દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ એ દુઃખરૂપ છે. લોકોને ભારે કઠણ માણસને. એમાં ધર્મ માન્યો છે એણે. આહા..હા..! એમાં કોઈ ગૃહસ્થ હોય અને ગૃહસ્થની સ્ત્રી અપવાસ આઠ કરે તો આહા..હા..! વખાણ... વખાણ... વખાણ... ભારે કરી. એમાં વળી બે-પાંચ-પચ્ચીસ હજાર ખર્ચે. આ નહોતું અહીંયાં અમદાવાદમાં? જેસિંગભાઈના દીકરા મંગળભાઈ હતા એની વહુએ વર્ષીતપ કર્યા તો પોણો લાખ ખર્ચ્યા અને બસ આખી.. બસ! શું કહેવાય તમારે? રલ્વે સ્ટેશન. અહીં આવેલી પાણિતાણા. પોણો લાખ રૂપિયા ખર્ચ્યા. ઓહો..હો..! ધૂળેય નથી, સાંભળને! આત્માના આનંદ અને સમ્યગ્દર્શન વિના જેટલી ક્રિયાકાંડમાં રાગ છે એ બધા દુઃખરૂપ અને પુદ્‌ગલનો સ્વાદ છે. એમ વાત છે, ભાઈ! ઝીણી વાત બાપુ! સમજાણું કાંઈ?

કહે છે કે '**જેની ભેદસંવેદનની શક્તિ બિડાઈ ગયેલી છે એવો અનાદિથી જ છે;...**' આહા..હા..! વિકલ્પ જે શુભરાગથી ભિન્ન થવાની શક્તિ તો રાગની એકતાબુદ્ધિમાં સંકોચાઈ ગઈ છે. આહા..હા..! ભગવાન જ્ઞાયકસ્વરૂપ આનંદ અને રાગ દુઃખસ્વરૂપ, બેને ભિન્ન કરવાની શક્તિ તો અનાદિથી 'રાગ અને હું એક છું' એવી દૃષ્ટિમાં ભેદ કરવાની શક્તિ ઢંકાઈ ગઈ છે. અભેદ, રાગ અને આત્મા અભેદ એવી દૃષ્ટિ થઈ ગઈ છે. આહા..હા..! કેમ કે એ પુણ્યતત્ત્વ છે અને ભગવાન આત્મા જ્ઞાયકતત્ત્વ છે. અશુભભાવ એ પાપતત્ત્વ છે અને પ્રભુ આત્મા જ્ઞાયકતત્ત્વ છે. નવ તત્ત્વ છે કે નહિ? તો નવ તત્ત્વ ક્યાંથી સિદ્ધ થશે? જે પુણ્ય, દયા, દાન, વ્રત, તપ આદિનો વિકલ્પ એ તો પુણ્યતત્ત્વ છે, એ આત્મતત્ત્વ નથી. આત્મતત્ત્વ અને પુણ્યતત્ત્વ એક માને છે એમ કહે છે અહીંયાં. એને ભિન્ન કરવાની શક્તિ ઢંકાંઈ ગઈ. આહા..હા..! આ મુદ્દાની રકમની વાત છે. ગમે તેટલા કરે પણ એ અંદર અંતર

આત્મા રાગથી ભિન્ન થઈને ભેદજ્ઞાન કરીને આત્માના આનંદનો સ્વાદ ન આવે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. ચાહે તો પંચમહાવ્રત પાળે, નગ્ન મુનિ હોય, હજારો રાણી છોડીને જંગલમાં રહે. સમજાણું કાંઈ? રાગથી ભિન્ન કરવાની શક્તિ સંકોચાઈ ગઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એવો અનાદિથી જ છે;...'** એમ કહે છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી ગયો, અનાદિથી એવો જ એને રાગનો સ્વાદ આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શેઠાઈમાં અને દેવમાં જે અશુભરાગ છે એનો સ્વાદ તો તીવ્ર આકુળતા—દુઃખ છે, અશુભરાગમાં સુખ માન્યું. ઠીક છે અમને પૈસા, બાયડી, છોકરા, કુટુંબ, પરિવાર એ તો અશુભરાગનો સ્વાદ મહાદુઃખ, પણ પંચમહાવ્રતના પરિણામ એ દુઃખ છે. એમ કહ્યું કે નહિ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' તો મુનિવ્રત ધાર, ધાર્યાં. 'ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો સુખ ન મળ્યું તો દુઃખ છે એ તો. આહા..હા..! ખબર નહિ તત્ત્વની શું ચીજ છે? આવો ધર્મ થઈ ગયો. આહા..હા..! શ્રદ્ધાની દરકાર નહિ હજી હું કોણ છું અને ક્યાથી મારી ચીજ છે? અનાદિથી આનંદકંદ પ્રભુ છે. એ રાગથી ત્રિકાળ ભિન્ન છે. 'પુણ્યતત્ત્વથી પવિત્ર ભગવાન આત્મા તદ્દન શુદ્ધાત્મા પવિત્ર ભિન્ન છે' એવી અંતર દૃષ્ટિ થયા વિના રાગમાં એકત્વબુદ્ધિ સંકોચાઈ ગઈ છે. આહા..હા..!

બહુ મુદ્દાની ગાથા છે. મુદ્દાની રકમ. માણસ નથી કહેતા, ભાઈ! મુદ્દાની રકમ તો લાવો. દસ લાખ આપ્યા એ આઠ આના તરીકે વ્યાજ તો ખાધું ૨૦ વર્ષ. પૈસા લાવો. પૈસા છે નહિ. અરેરે..! ૨૦ લાખ રૂપિયા આપ્યા હોય. પહેલા તો આઠ આના વ્યાજ હતુંને. છ આના, આઠ આના હતું. એ તો હવે દોઢ રૂપિયો થઈ ગયું. સરકાર રાજાને આપે ચાર આના, છ આના બસ. મોટા-મોટા રાજાને. લાખ-લાખ બબ્બે આપતા. અમારા દામોદર શેઠ છે દામનગરમાં એ આપતા. ખબર છેને આ તો ૬૦ વર્ષ પહેલાં. પણ એ તો પાપનો ભાવ છે. એ વ્યાજ આવ્યું. હવે મુદ્દાની રકમ તો લાવ. ૨૦ વર્ષ લીધા વ્યાજ લીધું પણ રકમ ખોવાઈ ગઈ. અરેરે..! સમજાણું કાંઈ? એમ દયા, દાન, વ્રતનું વ્યાજ ખાધું પુણ્યનું. માલ મૂળ છે એ લાવ. એની અમને ખબર નથી. આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા એ મૂળ રકમ તો એ છે. સમજાણું કાંઈ? શેઠ!

.. તો અગિયાર અંગ ભણ્યો છે. ભગવાનની વાણીમાં... વારંવાર આવે છેને. આવી ગયુંને આપણે પરમાત્મપ્રકાશમાં. ભવે ભવે પૂજ્યો. ત્રણલોકના નાથ તીર્થંકર બિરાજે આમ સમવસરણમાં. જેને સો ઈન્દ્ર પૂજે, જેની સભામાં સિંહ અને વાઘ. સેંકડો સિંહ ને વાઘ બેઠા હોય આમ કૂતરાના બચ્ચાની જેમ. ત્યાં પણ સાંભળ્યું. પરદ્રવ્ય તને શું કરે? પોતાની લાયકાત નથી. એ ઊંધા પડ્યા. અંદર દૃષ્ટિ ત્યાં રહી કે એનાથી મળશે.. એનાથી મળશે. ધૂળેય નથી. જ્યાં છે ત્યાં જોયું નહિ. ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં પડ્યો છે અંદર ત્યાં

તો નજરમાં નિધાન આવ્યું નહિ. નજરમાં નિધાન તો આવ્યું નહિ અને વિકૃત અવસ્થા જે દયા, દાન આદિ એ નજરમાં આવ્યા. આહા..હા..! પૈસા-બૈસા એક કોર રાખો. અત્યારે એની તો વાત છે જ નહિ, એય પોપટભાઈ! આહા..હા..! અહીં તો પ્રભુ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ સભામાં ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે એમ કહેતા હતા, એ વાત સંત જગત પાસે આડતિયા થઈને જાહેર કરે છે. માલ આ છે ભાઈ, ભગવાનના ઘરનો. આહા..હા..! સમજાણું કાંઈ? આજે તો રજા હશે સોમવાર. છોકરા નથી આવ્યા? સોમવારની રજા છે કે નહિ બપોરે? આવ્યા નથી. આહા..હા..!

**શ્રોતા :—** કાલે આવી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કાલે આવી ગયા તે શું થયું? આજે રજા છે. ઘણા તો રખડતા પંદર-પંદર દિ' રહી આવ્યા વીસ-વીસ દિવસ. આહા..હા..! અરે..! સાંભળવાનો યોગ શનિ-રવિનો ત્રણ વ્યાખ્યાન એ પણ ન કરે. આહા..હા..!

અહીં કહે છે, '**તેથી તે પરને અને પોતાને એકપણે જાણે છે;...**' ભગવાન આનંદ સ્વરૂપ અને રાગ દુઃખસ્વરૂપ બેને અનાદિથી એક માને છે. આહા..હા..! મૂળમાં ભૂલ, મૂળમાં ભૂલ. એ આપણે ઉપાદાન-નિમિત્તમાં નાખ્યુંને. 'મૂળમાં ભૂલ' પુસ્તક બનાવ્યું છે. મૂળમાં ભૂલ છે. આહા..હા..! (સંવત) ૨૦૦૨ની સાલમાં વ્યાખ્યાન થયા હતા. ૩૦ વર્ષ થયા. એનું 'મૂળમાં ભૂલ' પુસ્તક છપાઈ ગયું છે. ૨૦૦૨ની સાલમાં. આહા..હા..! મૂળમાં ભૂલ આ કે આનંદના નાથનો સ્વાદ ન લેતા.. આહા..હા..! એ પુણ્યના ભાવના સ્વાદમાં ચૈતન્ય ધાતુ રોકાઈ ગઈ. આહા..હા..! ચૈતન્ય ધાતુ ભગવાન આત્મા રાગના સ્વાદમાં રોકાઈ ગઈ તો અનાદિથી એ દશા એની છે. આહા..હા..! સાધુ થયો, નવમી ગ્રૈવેયક ગયો, દિગંબર સાધુ હજારો રાણી છોડીને, પણ દૃષ્ટિ દ્રવ્ય ઉપર ન દીધી કદી. પર્યાયબુદ્ધિમાં રાગની ક્રિયાકાંડમાં મારો ધર્મ થઈ ગયો એમ માન્યું. આહા..હા..!

'**તેથી તે પરને અને પોતાને એકપણે જાણે છે; તેથી 'હું ક્રોધ છું'...**' આહા..હા..! રાગ નામ માયા અને લોભ, દ્વેષમાં ક્રોધ અને માન. સમજાણું કાંઈ? દ્વેષમાં ક્રોધ અને માન, રાગમાં માયા અને લોભ. તો એ જે લોભ આવ્યો તો કહે, હું છું. એને આત્મા પ્રત્યે વિરોધ-ક્રોધ થયો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દસલક્ષણી પર્વમાં ઉત્તમ ક્ષમાદિ હોય છેને? એ ચારિત્રનો ભેદ છે. એનાથી વિરુદ્ધ સ્વભાવની દૃષ્ટિથી ખાલી અને રાગની દૃષ્ટિ સહિત છે એ ક્રોધી છે. આહા..હા..! એ કષાયભાવમાં જોડાઈ ગયો છે. સમજાણું કાંઈ? વાત સૂક્ષ્મ ભગવાન.. ધર્મ ચીજ બહુ સૂક્ષ્મ છે. માને કે અમે ધર્મ કરીએ છીએ અને વળી ધર્મની વાત આવે તો કહે આ નહિ. આહા..હા..!

અહીં કહે છે, અજ્ઞાની પોતાના અને પરના એક સ્વાદમાં રોકાઈ ગયો હોવાથી સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાથી સ્વપરનો એકત્વભાવ હોવાથી હું ક્રોધી છું, હું માની છું, હું કપટી

છું, હું લોભી છું. સમજાણું કાંઈ? આહા..હા..! '**ઈત્યાદિ આત્મવિકલ્પ (પોતાનો વિકલ્પ) કરે છે;...**' આત્મવિકલ્પ કરે છે પાછી ભાષા એવી. આત્મામાં એવો રાગનો વિકલ્પ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને તેથી નિર્વિકલ્પ,...**' આહા..હા..! જુઓ, ભગવાન આત્મા. ભગવાન આત્મા તો નિર્વિકલ્પ છે, '**અકૃત્રિમ,...**' છે, અણકરાયેલ છે, '**એક વિજ્ઞાનઘન(સ્વભાવથી)...**' છે. એકરૂપ ત્રિકાળ પરમ આનંદનો પિંડ દળ એવા '**(સ્વભાવ)થી ભ્રષ્ટ થયો થકો...**' આહા..હા..! શુભરાગને પોતાનો માનનાર છે એ નિર્વિકલ્પ વિજ્ઞાનઘનથી ભ્રષ્ટ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનદર્શનમાં સમ્યગ્દર્શનની શું કિંમત છે એની લોકોને ખબર નથી. સમજાણું કાંઈ? અને એ સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર, એ જ્ઞાન ચારિત્ર હોતા નથી. એ છ ઢાળામાં આવ્યું છે. જ્ઞાનચારિત્ર. 'યા બિન જ્ઞાન ચરિતા' મિથ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો જેને જન્મ-મરણરહિત થવું હોય એની વાત છે. વાતું કરીને જાણે અમે ક્રિયાકાંડ કરીએ, અમને ધર્મ થઈ ગયો. રખડે છે અનાદિથી. આહા..હા..! નરક અને નિગોદ જશે એ. સમજાણું કાંઈ?

એ તો ન્યાય આપ્યો, પણ પુરુષાર્થ કરે એટલે બધું આવી જાય. પુરુષાર્થ કરે, સ્વભાવનો પુરુષાર્થ કરે તો કાળલબ્ધિ પણ પાકી જાય. એ પુરુષાર્થ. એ તો કાળલબ્ધિથી વાત કરી છે. એ તો ત્રીજા કળશમાં કહ્યું છે. કળશમાં છે. કાળલબ્ધિ નથી તો... લાખ ઉપાય કરે પણ કાળલબ્ધિ.. એનો અર્થ—કાળલબ્ધિનું જ્ઞાન એને ક્યારે થાય? કે જ્યારે સ્વભાવનો પુરુષાર્થ કરીને અનુભવ થાય ત્યારે આ કાળ પાકી ગયો એવું જ્ઞાન થાય છે, નહિતર કાળલબ્ધિની ધારણાથી વાત કરી. એના જ્ઞાનમાં યથાર્થ આવ્યું નથી. સમજાણું કાંઈ? જેનું જ્ઞાન થયું. કાળલબ્ધિ એ સમયે એ કાળમાં એવો એ સમયે ભાવ થાય છે એનું જ્ઞાન થાય ત્યારે કાળલબ્ધિનું જ્ઞાન યથાર્થ કહેવામાં આવે છે. જ્યારે પુરુષાર્થ સ્વભાવ સન્મુખ કરે તો બધા કારણ પાકી જાય એમ કહે છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

તેથી શ્રીમદ્દે એમ કહ્યું છેને, 'ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.' બોલવું હોં થોડું. હિંમતભાઈને તમારા કરતા બહુ આવડે છે, તોપણ બોલે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે? એ તો અમારે (સંવત) ૧૯૭૨ની સાલમાં ઝઘડો હતો. એ કહે કે કેવળજ્ઞાનીએ દીઠું તે દિ' થશે. ૧૯૭૨. ૬૦ વર્ષ થયા. પ્રશ્ન એ હતો કે પ્રભુ! તમે એમ કહો છો પણ કેવળજ્ઞાન જગતમાં છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દેખે છે, એવી સત્તાનો સ્વીકાર કોણે કર્યો? પછી કેવળજ્ઞાનીએ દીઠું એમ થશે. આ તો ૭૨ની સાલ. ફાગણ માસ હતો. ૬૦ વર્ષ થયા. અમારે સંપ્રદાયમાં આ વિરુદ્ધ ચર્ચા ચાલતી હતી. કીધું, સર્વજ્ઞ છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે છે. એક સમયમાં અનંતા સિદ્ધોના કેવળજ્ઞાનને જાણે છે. એવી એક સમયની પર્યાયની સત્તા જગતમાં છે એનો સ્વીકાર કોને છે? સ્વીકાર

કર્યા વિના જોયું છે એમ કહેવું એ જૂઠી વાત છે.

જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે... સમજાણું કાંઈ? એવી સત્તાનો સ્વીકાર કરનારની દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. કેમકે સર્વજ્ઞસ્વભાવ આત્માનો છે. સર્વજ્ઞ છે એવી સત્તાનો સ્વીકાર.. સર્વજ્ઞસ્વભાવ આત્મામાં એ તરફ જાય તો સર્વજ્ઞની શ્રદ્ધા યથાર્થ થાય છે. એ પુરુષાર્થ થયો. સમજાણું કાંઈ? અમારે તો પહેલેથી બધી ગડબડ બહુ ચાલતી હતીને. કર્મથી વિકાર થાય.. કર્મથી વિકાર થાય.. એ મોટી ગડબડ ૭૧થી. આ ૭૨થી. એવા બહુ ઝઘડા. એક દિવસ તો સંપ્રદાય છોડી દીધો હતો.

પોતાનો ભગવાન આત્મા એક સમયમાં ત્રિકાળ જાણવાની શક્તિવાળો. જગતમાં અનંત કેવળીઓ છે, સિદ્ધ અનંત છે, કેવળીઓ લાખો છે, તો એવી સત્તા જગતમાં છે એ કઈ દૃષ્ટિએ સ્વીકાર થશે? પર્યાયદૃષ્ટિથી સ્વીકાર થશે એમાં? આહા..હા..! ઝીણી વાત, ભાઈ! એ ૮૦ ગાથામાં કહ્યુંને. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' જેણે અરિહંતની પર્યાય કેવળજ્ઞાન છે જગતમાં એમ જાણ્યું, એને પોતાના તરફ વળીને દ્રવ્યદૃષ્ટિ થઈ જાય છે. આવ્યું છે ૮૦મી ગાથામાં, પ્રવચનસારમાં. '**सो जाणदि अप्पाणं**' કેવળજ્ઞાનની પર્યાય છે એવું જાણનારને આત્માનું જ્ઞાન થાય છે. આહા..હા..! એમ નથી કે થવું હશે ત્યારે થશે. થવું હશે ત્યારે થશે ત્યારે ક્યારે? શેનો તેં નિર્ણય કર્યો? કઈ દૃષ્ટિથી નિર્ણય કર્યો? કોના આશ્રયે નિર્ણય કર્યો? દશરથલાલજી! અહીં તો ભાઈ..

સર્વજ્ઞસ્વભાવ ભગવાન આત્મા એકલો જ્ઞ સ્વભાવ. એ જ્ઞ સ્વભાવ. જ્ઞ સ્વભાવ કહો કે સર્વજ્ઞસ્વભાવ કહો. આહા..હા..! ભાઈ! ત્યાં વાતું કામ ન આવે, એ તો વસ્તુ જોઈએ. આહા..હા..! એ પુરુષાર્થ જ્યારે દ્રવ્ય ઉપર જાય છે, સર્વજ્ઞસ્વભાવની અંતરની પ્રતીતિ થાય છે ત્યાં સમ્યગ્દર્શન થાય છે એ પુરુષાર્થ એમાં આવ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! શ્રીમદ્દે એમ કહ્યું 'ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.' સમજાણું કાંઈ? ભવસ્થિતિ હશે ત્યારે થશે, કાળલબ્ધિ હશે ત્યારે થશે. એ તો નામ લીધા. આત્માર્થનો છેદ ન કરો.

જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ,
ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.

શ્રીમદ્દે કહ્યું હોં! શ્રીમદ્ રાજચંદ્ર. ઘણી શક્તિ. અનુભવી જીવ એકભવતારી. એક ભવ કરીને મોક્ષ જવાના છે. સમ્યક્‌ની ઘણી દૃઢતા અને ઘણો અનુભવ. એની ક્ષયોપશમની શક્તિ તો એ વખતે એના સિવાય કોઈ પ્રાણીને હતી નહિ એવી ક્ષયોપશમ શક્તિ. સમજાણું કાંઈ? એક ફક્ત શ્વેતાંબર અને દિગંબરની ભિન્નતા એણે સ્પષ્ટ ન કરી. કારણ કે સાધારણ પ્રાણી લોકો અને પોતાને ગૃહસ્થાશ્રમ. પછી ખુલાસો કર્યો પણ પછી લોકો માને નહિ. સત્‌શાસ્ત્ર તો આ છે. પ્રવચનસાર, સમયસાર, મોક્ષમાર્ગપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાય, ગોમ્મટસાર... ૧૯ નામ લીધા છે. પાઠ છે પુસ્તકમાં. સત્‌શાસ્ત્ર એ છે. એ ૨૦માં એક ગ્રંથ છે હરિભદ્રસૂરિનો.

ગ્રંથ છે એ સૂત્ર નથી. આહા..હા..! ત્યાં કહ્યું પછી, પણ જેને પહેલી પક્કડ થઈ ગઈ હોય ન માને. સત્‌શાસ્ત્ર તો આ છે. શ્વેતાંબરના સત્ શાસ્ત્ર નથી એવો નિષેધ કર્યો છે ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? પણ પક્કડ પહેલાથી થઈ ગઈ એ હવે છોડવી મુશ્કેલ. સંપ્રદાયનું બંધારણ થઈ જાયને. માન્યતા હોય પછી એમાંથી નીકળવું (મુશ્કેલ પડે). આહા..હા..!

અહીં કહે છે.. આહા..હા..! જુઓ, ભગવાન આત્મા અનાદિથી અજ્ઞાની થયો થકો, સ્વપરની એકતામાં લીન થયો થકો, દુઃખનો આસ્વાદ લેતો થકો '**નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન (સ્વભાવ)થી ભ્રષ્ટ થયો થકો...**' એ રાગનો કર્તા થાય છે. છે? '**વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો...**' જુઓ, પોતાનો નિર્વિકલ્પ જ્ઞાતા-દૃષ્ટા વિજ્ઞાનઘન સ્વભાવ, એનાથી રાગ અને સ્વની એકતાબુદ્ધિવાળો અનાદિ-અજ્ઞાની સ્વરૂપથી ભ્રષ્ટ થઈને અનેક પ્રકારના વિકલ્પ નામ રાગ કરે છે અને રાગમાં પરિણમિત થાય છે. છે? '**વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો કર્તા પ્રતિભાસે છે.**' એ રાગનો કર્તા અજ્ઞાનીને પ્રતિભાસે છે. આહા..હા..! 'હું જ્ઞાતા-દૃષ્ટા છું' એ વાત અજ્ઞાની ભૂલી ગયો, અજ્ઞાનને કારણે હોં! કર્મને કારણે નહિ. આવી વાત ભારે, ભાઈ! અત્યારે સાંભળવી મુશ્કેલ પડે. આહા..હા..! એ અજ્ઞાનીની વાત કરી. હવે જ્ઞાની. હવે ગુલાંટ ખાય છે કે સમકિતદૃષ્ટિ થાય એ કેવો હોય છે? '**અને જ્યારે આત્મા જ્ઞાની થાય...**' જુઓ અહીં. જ્ઞાની થાય છે. પોતાથી પુરુષાર્થ કરીને જ્ઞાની થાય છે. કર્મે માર્ગ કરી આપ્યો એમ નહિ. આહા..હા..! છે? ભાષા એમ છે. '**જ્યારે આત્મા જ્ઞાની થાય...**' છે. આહા..હા..! આત્મજ્ઞાન થાય છે. આત્મા જ્ઞાની થાય છે એનો અર્થ આત્મજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ત્યારે, જ્ઞાનને લીધે...**' રાગથી ભિન્ન આત્માનું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિમાં થયું તો એ જ્ઞાની થયો થકો. આહા..હા..! '**જ્ઞાનને લીધે...**' સમ્યગ્જ્ઞાનને લીધે. આહા..હા..! '**જ્ઞાનના આદિથી માંડીને...**' જ્યારથી સમ્યગ્દર્શનમાં જ્ઞાન સમ્યક્ થયું ત્યારથી લઈને '**પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...**' આહા..હા..! ત્યારે રાગનો સ્વાદ અને સ્વભાવનો સ્વાદ પૃથક્ પૃથક્ છે. '**પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી (અર્થાત્ પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું એકરૂપે નહિ પણ—ભિન્નભિન્નપણે અનુભવન હોવાથી),...**' એય.. પંડિતજી! વિકારનો સ્વાદ પણ જ્ઞાનીને છે એમ કહે છે. આત્માના આનંદનો સ્વાદ પણ છે અને રાગનો પણ સ્વાદ છે, પણ ભિન્ન ભિન્ન. શેઠિયા કહેતા હતાને. એ દૃષ્ટિ લઈને ગયા. અહીં માફી માગી પણ એ માફીમાં સ્પષ્ટતા નહોતી. દીપચંદજી. એમ કે જ્ઞાની દુઃખ વેદે એ જ્ઞાની નહિ. એમ કહેતા હતા. દુઃખના વેદનમાં તો તીવ્ર કષાય છે માટે જ્ઞાનીને એમ હોતું નથી, એમ કહે છે. એમ નથી, એમ નથી. જ્ઞાનીને આનંદનું પણ વેદન છે અને રાગનું પૃથક્-પૃથક્ વેદન છે. હા પાડતા હતા બીજી રીતે. શું કહ્યું સમજાણું?

શું કહ્યું? જુઓ. '**આત્મા જ્ઞાની થાય...**' છે. અત્યારે શાસ્ત્રનું વાંચન ઘટી ગયું મૂળ

વસ્તુમાં. દ્રવ્યાનુયોગના શાસ્ત્રમાં સમકિતની ચીજ છે. એ વાત એ ચરણાનુયોગ ને કરણાનુયોગ એ તો લાંબે કાળે એમાં સમજાય એવી ચીજ છે. આ તો એકદમ દ્રવ્યાનુયોગમાં તત્ત્વની મુખ્યતા છે. સમજાણું કાંઈ? **'આત્મા જ્ઞાની થાય ત્યારે, જ્ઞાનને લીધે જ્ઞાનના આદિથી માંડીને...'** આહા..હા..! જ્યારથી સમ્યગ્દર્શન થયું અને આત્માનું જ્ઞાન થયું ત્યારથી **'પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...'** આત્માના આનંદનો પણ સ્વાદ છે અને રાગનો દુઃખરૂપ સ્વાદ પૃથક્ પૃથક્ સ્વાદનું ભાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ તો જ્યાં દૃષ્ટિના વિષયનું વર્ણન હોય અને સ્વભાવનું વર્ણન હોય ત્યાં જ્ઞાનીને આનંદનું જ વેદન છે. કેમકે દૃષ્ટિ અને દૃષ્ટિના સ્વભાવની અપેક્ષા, પણ જ્યાં જ્ઞાનની પ્રધાનતાથી દૃષ્ટિનું વર્ણન હોય ત્યાં તો ક્ષણે-ક્ષણે આનંદનું પણ વેદન છે સમકિતી જ્ઞાનીને.. કહ્યુંને? **'પૃથક્-પૃથક્ સ્વાદ...'** છે. રાગનો પણ સ્વાદ છે અને આનંદનો પણ સ્વાદ છે. તદ્દન જ્ઞાનનો આનંદનો સ્વાદ કેવળીને છે. તદ્દન રાગનો એકલો સ્વાદ મિથ્યાદૃષ્ટિને છે. આહા..હા..! અરે..! મૂળ વાતની હજી સમજણમાં પણ ઠેકાણા નહિ એ કે દિ' સમકિત કરે? આહા..હા..!

અહીં તો કહે છે કે જ્યારથી આત્મજ્ઞાન થયું ત્યારથી-શરૂથી. જુઓ, જ્યારે જ્ઞાન થયું ત્યારથી. **'પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી (અર્થાત્ પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું એકરૂપે નહિ પણ ભિન્નભિન્નપણે અનુભવન હોવાથી),...'** આહા..હા..! સમજાણું કાંઈ? રાગનો સ્વાદ અને આત્માનો સ્વાદ પૃથક્-પૃથક્ જાણે છે, એક નહિ. આહા..હા..! જેટલો આત્મા તરફ વળીને સમ્યગ્દર્શન, જ્ઞાન થયું એટલો આનંદ છે અને જેટલો પર તરફના જુકાવમાં રાગ હજી છે, ચારિત્રમોહ રાગ છેને, એટલું દુઃખ છે. તો બેયનો પૃથક્-પૃથક્ સ્વાદ અનુભવાય છે. આમાં તો આવ્યું ચોખ્ખું. એય શેઠ!

જ્ઞાનીની આ શું વાત કરે છે? કે જ્ઞાનીને એકલો આનંદનો જ સ્વાદ છે એમ નહિ, એમ કહે છે. અજ્ઞાનીને એકલો દુઃખનો સ્વાદ છે. જ્ઞાનીને જ્ઞાનનો અને દુઃખનો બે સ્વાદ પૃથક્-પૃથક્ થાય છે. આહા..હા..! સાધકની વાત લીધી છેને અહીં તો. કેવળજ્ઞાનીને તો પૂર્ણ આનંદ એકલો આનંદ છે. આ તો સાધક છે. હા, પૂર્ણ થઈ ગયા, ત્યાં તો છે નહિ. એકલી જ્ઞાનચેતના છે. એકલો આનંદમૂર્તિ છે પ્રભુ એ તો. પણ સાધક છે, જ્યારથી સમ્યગ્દર્શન થયું, જ્યારથી સમ્યગ્જ્ઞાન થયું ત્યારથી આત્માનો સ્વાદ અને રાગનો સ્વાદ પૃથક્-પૃથક્ અનુભવન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** કાળ એક છે કે બે કાળ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એક જ કાળ. આ શું કહ્યું?

**'પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...'** એક જ સમયે પૃથક્ પૃથક્ સ્વાદ છે. સમજાણું કાંઈ? કેમકે જ્યાં સુધી પૂર્ણાનંદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આનંદ આવ્યો

છે પણ અલ્પ આનંદ છે. અલ્પ આનંદ છે અને સાથે રાગનું દુઃખ પણ છે. આહા..હા..! શેઠ બહુ વિરોધ કરતા હતા. બહુ સ્પષ્ટ કરીને ગયા. છેલ્લે એકવાર પત્ર આવ્યો હતો. ક્ષમાપનાનો પત્ર આવ્યો હતો કે મારા શરીરની સ્થિતિ ક્યારે પડી જાય. આપ મારા માટે જે માનો છો એના કરતાં પણ મારામાં દોષ વધારે છે, એમ કહેતા હતા. લખાણમાં એમ હતું. દીપચંદજી શેઠિયાનો પત્ર આવ્યો હતો. ગઈ સાલમાં. દિવાળી પછી હોં! એલા દિવાળી શું આ પર્યુષણ પછી. આપ મારા માટે જે માનતા હો એનાથી પણ હું વધારે દોષિત છું, પણ એમાં આ ખુલાસો ન કર્યો કે હું રાગમાં દુઃખ સમકિતીને નથી માનતો એ મને ફરી ગયું છે એવો ખુલાસો નથી આવ્યો.

અહીં તો ભાઈ એક પણ ન્યાય ફરે તો આખું તત્ત્વ ફરી જાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને એકલો આનંદનો સ્વાદ છે. એ વાંધો કેમ આવ્યો? કે સોગાનીએ લખ્યું. ન્યાલચંદ્ર સોગાની, દ્રવ્યદષ્ટિ પ્રકાશ. એમાં લખ્યું છે કે શુભભાવ આવે છે એ ભઠ્ઠી સમાન લાગે છે. એ એને ઠીક ન લાગ્યું. અને આ વળી કોણ જ્ઞાની બીજો પાક્યો? જ્ઞાની કોઈપણ પાકે. બાળક હોય તો એ પણ જ્ઞાની ન થઈ જાય? એમાં શું? પરમેશ્વર પરમાત્મા છે. આહા..હા..! એણે એમાં લખ્યું તો ઈર્ષ્યા થઈ ગઈ સોગાની ઉપર. આહા..હા..! દુઃખ નથી. જ્ઞાનીને દુઃખ હોતું જ નથી અને દુઃખ વેદે એ જ્ઞાની નથી, એમ કહેતા હતા.

અહીં કહે છે કે જ્ઞાનીને દુઃખ અને સુખ બેય છે. એય પોપટભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે એમાં કાંઈ કોઈની કલ્પના ન ચાલે. નહિતર એ તો ઘણા દિવસ અહીં આવતા. પણ બાર મહિને આવે છ-આઠ દિ' રહે એટલે બહુ કાંઈ સાંભળવા મળ્યું નહિ અને આમાં ગોટો ઉઠ્યો આ. ભાઈ, સોગાનીને લઈને. અને પછી આ તમારા શ્રીપાલજી! ક્યાં ગયા? એ તમારા જ્ઞાનચંદજી અને જયકુમાર. એનો પત્ર આવ્યો હતો જ્ઞાનચંદજીનો કે તમે સોગાનીને નિશ્ચયાભાસી નક્કી કરો તો અમે આવશું. અરે ભગવાન! તારે શું કામ છે? એવો પત્ર આવ્યો. એ ભ્રષ્ટ થઈ ગયા. શેઠિયાને લઈને શ્રદ્ધાભ્રષ્ટ (થઈ ગયા). સમજાણું કાંઈ? આહા..હા..! આ ભાઈ ગયા. નહિ? શાંતિસાગર ગયા. એ શાંતિસાગર એ જ્ઞાનચંદજીને લઈને દીક્ષા લેતા અટકી ગયા. હવે એ જ્ઞાનચંદજી અત્યારે.. ઊલટું પડી ગયું. એમ કે જ્ઞાનીને દુઃખ નથી. દુઃખ માનવું એ નિશ્ચયાભાસી જીવ છે. અરે ભગવાન! શું કહે છે, બાપુ!

ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયા એટલો આનંદ છે, પણ જેટલા ત્રણ કષાય બાકી છેને? એ પરિણામ છે કે નહિ? એ પરિણામ જડમાં છે? એની પર્યાયમાં છે ઈ. તો એ પરિણામ શું છે? આનંદ છે? પણ જ્ઞાનીને પૃથક્-પૃથક્ સ્વાદભેદ છે એટલો ફેર છે, બસ. સમજાણું કાંઈ? આહા..હા..! ઓહો..હો..! આચાર્યે આ ૯૭ ગાથા. એક-એક ગાથામાં કેટલું ભર્યું છે! જ્યારથી જ્ઞાન થયું, જ્ઞાનના આરંભથી, જ્ઞાનની શરૂઆત સમ્યગ્જ્ઞાન થયું ત્યારથી **'પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...'** આહા..હા..!

બેયના સ્વાદ તો છે પણ પૃથક્ છે. સમજાણું કાંઈ? ભેદજ્ઞાન થયું તો પૃથક્ સ્વાદ છે બેયનો. સ્વાદ છે. હું આનંદ છું અને આ રાગ સ્વાદ પુદ્ગલનો છે, મારો નહિ. સ્વાદ આવે છે. પૂર્ણ વીતરાગ ન હોય તો દુઃખનો સ્વાદ તો આવેને. શું કહ્યું?

'**જ્ઞાનના આદિથી માંડીને પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન...**' પૃથક્-પૃથક્ સ્વાદનો અનુભવ એનો શું અર્થ? એક સમયે આનંદ અને બીજે સમયે દુઃખ એમ છે? એક સમયમાં પૃથક્-પૃથક્ બેય સ્વાદ આવે છે. આહા..હા..! અરે..! વીતરાગમાર્ગ પ્રભુ! સમજાણું કાંઈ? છેને? અમરચંદજી! એણે કબુલ કરવું જોઈએ યથાર્થ. આ તો વીતરાગમાર્ગ છે. ગણધરોએ કહેલા શાસ્ત્રનો આ સાર છે. સમયસાર આદિનો. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલું ભર્યું છે! આહા..હા..! અજ્ઞાનીને એમ કહ્યું હતું કે '**અનાદિ સંસારથી માંડીને મિલિત સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...**' મિલિતનો અર્થ થોડો આનંદ અને રાગ એમ નહિ. જ્ઞાનની પર્યાયમાં એકલો રાગનો સ્વાદ હતો. સ્વભાવની દૃષ્ટિ તો છે નહિ, ભેદજ્ઞાન તો છે નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનીને રાગ તો થાય છે કે નહિ? સમકિતી હોય, અરે..! પંચમ ગુણસ્થાનાવાળા હોય. વિષય-વાસનાનો રાગ છે કે નહિ હજી? એ રાગનો સ્વાદ એ દુઃખરૂપ છે અને એ સમયે આત્માનો સ્વાદ આવે છે એ સુખરૂપ આનંદરૂપ છે. બેયનો પૃથક્-પૃથક્ સ્વાદ આવે છે. આહા..હા..! સુજાનમલજી!

એ કહ્યુંને પહેલું મિશ્રિત એકલા રાગને કહ્યું. આ મિશ્રિત ભિન્ન ચીજ. મિશ્ર હોવા છતાં પણ પૃથક્-પૃથક્ છે. એક સમયમાં આત્માની શાંતિ પણ વેદે છે. જેટલો રાગ અને મિથ્યાત્વ ગયો એટલી શાંતિ પણ છે, આનંદ છે અને જેટલો હજી રાગ રહ્યો એટલું દુઃખ છે પણ બેયનો પૃથક્ સ્વાદ છે, બેયનો એક નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી ટીકા તે આવી ટીકા. અમૃતચંદ્રાચાર્યે, કુંદકુંદાચાર્યે પંચમ આરામાં તીર્થંકર જેવું કામ કર્યું છે અને આમણે ગણધર જેવું કામ કર્યું ટીકા કરીને. ગજબ ટીકા! આવું સ્પષ્ટીકરણ ન હોય તો ગાથામાં આટલી ગંભીરતા છે એ ખ્યાલમાં ન આવે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જ્યારે આત્મા જ્ઞાની થાય ત્યારે, જ્ઞાનને લીધે...**' સમ્યગ્જ્ઞાન થયું એ કારણે, ભેદજ્ઞાન થયું એ કારણે '**જ્ઞાનના આદિથી માંડીને પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી (અર્થાત્ પુદ્ગલકર્મના...**' એટલે રાગના અને પોતાના આત્માનો એકરૂપ નહિ. '**પણ—ભિન્નભિન્નપણે અનુભવ હોવાથી),...**' આહા..હા..! સમજાણું કાંઈ? દશરથલાલજી! વાત એવી છે. ઝીણી છે. ... ભાઈ! વાત એવી છે માર્ગ, ભાઈ! જિનવરનો માર્ગ બહુ સૂક્ષ્મ. આ જડથી ભિન્ન, જ્ઞાની રાગથી ભિન્ન થયો છે, પણ રાગનો સ્વાદ છૂટ્યો નથી. હજી રાગનો સ્વાદ છે અને આનંદનો સ્વાદ છે. એ બેયનું એક સમયે પૃથક્-પૃથક્ સ્વાદનું ભાન છે. સમજાણું કાંઈ? ભારે કઠણ, બાપા! લોકો પછી એમ કહે, એ તો નિશ્ચયસમ્યગ્દર્શન થતું જ નથી હજી. જાવ. એમ કરીને કાઢી નાખે. અરે પ્રભુ! તો પછી ધર્મ જ નથી. એમ

નક્કી કર કે ધર્મ જ નથી. આહા..હા..!

'**પોતાના સ્વાદનું એકરૂપે નહિ પણ ભિન્નભિન્નપણે અનુભવન હોવાથી, જેની ભેદસંવેદનશક્તિ ઉઘડી ગઈ છે એવો હોય છે;...**' આહા..હા..! રાગનું વેદન અને આત્માના આનંદનું વેદન એ ભિન્ન શક્તિ ઉઘડી થઈ છે. ભેદ કરવાની શક્તિ ઉઘડી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ટીકા તો જુઓ ટીકા. આ તે અમૃત વહે છેને. અમૃતચંદ્રાચાર્ય. સમ્યગ્દષ્ટિ થયો તો રાગથી પૃથક્ પોતાનું ભાન થયું. રાગ તો રહે છે. રાગ ચાલ્યો જાય તો વીતરાગ થઈ જાય. સમજાણું કાંઈ? પણ જ્યારથી સમ્યગ્જ્ઞાનની શરૂઆત થઈ ત્યારથી પૃથક્-પૃથક્ સ્વાદ, ભિન્ન-ભિન્ન સ્વાદ જ્ઞાનમાં આવે છે. બરાબર છે? આહા..હા..!

'**જેની ભેદસંવેદનશક્તિ ઉઘડી ગઈ છે...**' આહા..હા..! એ દુઃખનો રાગભાવ અને આત્માનો આનંદભાવ બેયની ભિન્નતાની શક્તિ પ્રગટ થઈ ગઈ છે. પછી ભેદ કરવો પડતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પછી સમયે-સમયે ભેદ કરવો પડે છે એમ નહિ. ભેદજ્ઞાન થઈ ગયું. ભેદજ્ઞાન એમ ચાલે છે. પછી આ રાગ અને આ જ્ઞાન એમ કરવું ન પડે. રાગથી ભિન્ન શક્તિ પ્રગટ થઈ ગઈ છે. આહા..હા..! ગજબ વાત, બાપા! આવી ક્યાંય વાત નથી. દિગંબર સંતોએ તો જગતને ન્યાલ કરી નાખ્યા છે એવી વાત છે. આહા..હા..! એની વાત સાંભળે એને પુણ્ય બંધાય એવું થઈ જાય. સમજાણું કાંઈ?

કેટલાક કહે છેને કે મહારાજની લાકડી ફરે તો પૈસા થઈ જાય. એ લાકડી ફરતી નથી આ સત્ આવે છે. આ પરમ સત્ય બે-ચાર મહિના, બે-ચાર વર્ષ સાંભળે તો એ શુભભાવમાં એટલું પુણ્ય બંધાય. એ પરમ સત્ય વાત છે. એમાં પુણ્ય બંધાઈ જાય અને કદાચિત પૂર્વનું સંક્રમણ થઈને આ ભવમાં જ ઉદય આવી જાય. અહીં લાકડી ફરે ને ઉદય આવે એમ કોણે કહ્યું? લોકો બોલે. એ અમારા ભીખાભાઈ બોલતા હતા. હીરાભાઈના બાપ. એ ભલે તમે ગમે તેમ કહો, પણ અમને તો તમારાથી પૈસા મળ્યા છે. નહિતર ૩૦ રૂપિયાનો પગાર હતો અને પછી કેટલા લાખો થયા ને આ થયા. મેડી બનાવી. પણ હેતુ આ છે. શુભભાવ એટલું સાંભળવામાં આવે, પરમ સત્ય વીતરાગની વાણી અમૃતધારા. એ સાંભળનારને શુભભાવથી એટલો પુણ્યબંધ થાય છે કે એ પુણ્યબંધમાં જો પૂર્વનું સંક્રમણ થઈને આ ભવમાં ઉદય થઈ જાય. લાકડી ફરવાથી આવે છે એમ નથી. લાકડી શું કરે? અહીં તો લાકડી હાથમાં પરસેવો થાય અને શાસ્ત્રને અડે તો અશાતના થાય. એટલે લાકડી રાખી છે. સમજાણું કાંઈ? ઈલમની લાકડી છે એમ કહે છે. એક લાકડી તો ખોવાઈ ગઈ. રોજકોટ લઈ ગયું કો'ક. ત્યાં લાકડીમાં શું હતું? તમારા સોનાસણને? સોનાસણમાં ગયા. એના સાસરાના ગામમાં. લાકડી રાખતાને પહેલી સુખડની, સુખડની. પછી આ તો આ ભાઈ આવ્યા હતાને. પ્લાસ્ટિકની. ભાઈ ડોક્ટર આવ્યા હતાને ચંદુભાઈ એણે આ બનાવી છે. આહા..હા..! લાકડીમાં શું છે? પ્રભુ!

અંતર આનંદનો નાથ, એની પરમ સત્ય વાત કાને પડતા જે શુભભાવ થાય છે, એ શુભભાવ પણ મહાપુણ્યાનુબંધી પુણ્ય છે. આહા..હા..! લક્ષ થઈને. સમજાણું કાંઈ? અરે..! લક્ષ ન હોય પણ શુભભાવથી પુણ્ય બંધાય તો એને આ ભવમાં પણ લક્ષ્મી આદિ મળે. એમાં શું? એ ચીજ શું છે? એ ચીજ શું છે?

ભગવાન આનંદનો નાથ રાગથી ભિન્ન પડ્યો અને આનંદની રકમ મળી એ ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ૯૭ ગાથા ગજબ છે! એક ગાથા બરાબર સાંભળેને એક બરાબર! એવી કથનની પદ્ધતિ. આચાર્યની પદ્ધતિ આહા..હા..! ઓલા કહે છેને. વનરાવને તો કહ્યું વનરાવને. નહિ? સ્તુતિ છે એમાં. કુંદકુંદાચાર્ય જેવા થયા નથી, થશે નહિ. છે નહિ, થયા નથી, થશે નહિ એમ લખ્યું છે. એ તો પોતાનું બહુમાન.. વનરાવનની છે સ્તુતિ. હા, ઈ. ન હોયેંગે. એ તો પોતાની... કુંદકુંદાચાર્ય એટલે આહા..હા..! સાક્ષાત્ ભગવાન પાસે ગયા. પંચમ આરાના સાધુ જીવતર લઈને શરીર લઈને ત્યાં ભગવાનની જાત્રાએ જાય. આહા..હા..! આ તે કાંઈ! સમજાણું કાંઈ? અને આઠ દિન ત્યાં રહે. રાત ને દિ આઠ દિ' ત્યાં રહ્યા અને ભગવાનની વાણી સાંભળે અને શ્રુતકેવળીઓ સાથે ચર્ચા કરે પછી થોડી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનની વાણી તો ટાઈમસર નીકળે. સવાર, બપોર, સાંજે. પછી વખત હોય તો શ્રુતકેવળી મુનિ હોય છેને એની સાથે ચર્ચા કરતાં હતા. પછી આ આવ્યું. સમજાણું કાંઈ? એવી વાત છે. હવે એની શંકા કરે છે.

**શ્રોતા :—** એમણે આવીને બનાવ્યું અને આપે એનું રહસ્ય ખોલ્યું!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો અમે તો એના દાસ છીએને. આહા..હા..!

કહ્યું હતું. ઈ આવે છે. સમજાણું કાંઈ? હવે ઓલા વિદ્યાનંદ કહે કે નહિ, એ કપોળકલ્પિત છે. ત્યાં ગયા હતા. શું કરવું છે તમારે, બાપા? અહીંની હીણપ બતાવવા. બહુ સારું લખાણ છે. બહેનના ફોટા છે અને લખાણ સારું. ભડકશે કેટલાક કોઈ. લ્યો, બહેન મહાવિદેહમાંથી આવ્યા છે ને એ બધું લખ્યું છે. વાંચ્યું? હિંમતભાઈ! મળ્યું નહિ હોય. બહુ લખાણ છે. વાંચજો પછી. આહા..હા..! આ માસિક છેને. માસિક નીકળશે. એ બીજા પાસે આવશે. મારી પાસે આવી ગયું. કો'ક મૂકી ગયું. ત્યાં આવ્યું હોય કદાચ ખબર નથી, ઓફિસમાં. મારી પાસે કોઈકે મુક્યું હતું. ખબર નથી.

અહીં કહે છે કે '**પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી...**' '**તેથી તે જાણે છે કે 'અનાદિનિધન, નિરંતર સ્વાદમાં આવતો,...**'' આહા..હા..! અનાદિઅનંત એવો ભગવાન આત્મા નિરંતર સ્વાદમાં આવતો '**સમસ્ત અન્ય રસથી વિલક્ષણ (ભિન્ન),...**' આહા..હા..! બીજા જે રસ છે રાગના અને પરના એનાથી આ વિલક્ષણ છે. પોતાના આનંદનો સ્વાદ એ વિલક્ષણ સ્વાદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આત્માનો સ્વાદ .. ..નો સ્વાદ, લીંબુનો સ્વાદ, મરચાનો સ્વાદ એ કહે છે? એ જડનો સ્વાદ કોણ લે છે?

એ સમયે પણ એના તરફનું લક્ષ કરીને રાગ કરે છે એ રાગનો સ્વાદ આવે છે, પરનો નહિ, એ તો જડ છે. જડની પર્યાયનો અરૂપી કઈ રીતે સ્વાદ લે? આહા..હા..!

અહીં કહે છે કે અનાદિઅનંત એવો ભગવાન આત્મા... આહા..હા..! **'નિરંતર સ્વાદમાં આવતો,...'** દૃષ્ટિ થઈ કે અનાદિઅનંત નિરંતર સ્વાદમાં આવતો. આહા..હા..! **'સમસ્ત અન્ય રસથી વિલક્ષણ...'** રાગનો સ્વાદ, મેસુબનો સ્વાદ, સ્ત્રીના ભોગનો સ્વાદ બધાથી વિલક્ષણ સ્વાદ **'અત્યંત મધુર જે ચૈતન્યરસ તે...'** આહા..હા..! અત્યંત મધુર મીઠો આનંદસ્વરૂપ **'ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે...'** જુઓ, છે? **'અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે એવો આ આત્મા છે....'** એવો આત્મા છે. એમ જ્ઞાની જાણે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## શ્રાવણ વદ-૧૪, મંગળવાર, તા. ૨૪-૮-૧૯૭૬, ગાથા-૯૭, શ્લોક-૫૭, ૫૮, પ્રવચન નં. ૧૬૫

સમયસાર, ૯૭ ગાથા. ફરીને. બીજો પેરેગ્રાફ છેને.

**'અને જ્યારે આત્મા જ્ઞાની થાય ત્યારે,...'** જ્ઞાની એટલે કોઈ એમ કહે જ્ઞાની હોય છે, પણ ધર્મી હોય એ જુદી વસ્તુ. ધર્મી અને જ્ઞાની એક જ ચીજ છે. એમ કે જ્ઞાનનો વિશેષ ખુલાસો જાણતો હોય એ જ્ઞાની. એ સિવાય ધર્મી તો અન્ય હોય નહિ. એમ નહિ. જ્ઞાની અને ધર્મી એક જ ચીજ છે. **'જ્યારે આત્મા જ્ઞાની થાય ત્યારે, જ્ઞાનને લીધે...'** રાગથી, વિકલ્પથી ભિન્ન પોતાનો અનુભવ થયો છે તેને **'લીધે જ્ઞાનના આદિથી માંડીને...'** જ્યારથી સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન થયું ત્યારથી **'માંડીને પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન અનુભવન હોવાથી (અર્થાત્ પુદ્ગલકર્મના અને પોતાના સ્વાદનું—એકરૂપે નહિ પણ ભિન્નભિન્નપણે અનુભવન હોવાથી),...'** જયચંદ્ર પંડિતે એ કહ્યું છે કે પરથી ભિન્ન પોતાનો અનુભવ, એમ. બેયનો અનુભવ કરે છે એવો શબ્દ નથી લીધો જયચંદ્ર પંડિતે, પણ ઠીક છે. પાઠમાં પ્રત્યેક સ્વાદ અનુભવ એમ શબ્દ પડ્યો છેને. પ્રત્યેકના સ્વાદનો સ્વાદ અનુભવ કરે છે. સંસ્કૃત પાઠ છે. એટલે પ્રત્યેક આત્માના આનંદનો અનુભવ અને રાગનો કલુષ અનુભવ બેય પૃથક્-પૃથક્ અનુભવમાં આવે છે. થાય છે-કોઈ ગુજરાતી આવી જાય ભાઈ, અમારી. સમજાણું કાંઈ? આહા..હા..!

ધર્મ તો જુઓ, ધર્મ એને કહીએ કે જેને પોતાના સ્વભાવમાં આનંદ આવે છે એને ધર્મ કહીએ. આહા..હા..! સ્વભાવનો આનંદ આવે, કેમકે આનંદસ્વરૂપ ભગવાન છે. એની પ્રતીતિ અને જ્ઞાન કર્યું તો એમાં જે આનંદ શક્તિરૂપે છે એ એક અંશે વ્યક્તરૂપ આનંદનો અનુભવ થાય છે. આહા..હા..! આ વાત. સમજાણું કાંઈ?

**'ભિન્નભિન્નપણે અનુભવન હોવાથી, જેની ભેદસંવેદનશક્તિ ઊઘડી ગઈ...'** ધર્મીને રાગનો સ્વાદ અને પોતાનો સ્વાદ ભેદવિજ્ઞાનની શક્તિ ઊઘડી ગઈ છે. આહા..હા..! આ ઝીણી વાત આવી. સમજાણું કાંઈ? અજ્ઞાનીને રાગનો સ્વાદ અને પર્યાયનો સ્વાદ બેય એક માને છે. પર્યાયનો સ્વાદ નથી, પણ પર્યાયને અને રાગને એક માને છે. ચાહે તો અગિયાર અંગનો પાઠી હોય અને નવ પૂર્વની લબ્ધિ પ્રગટી હોય, પણ જ્યાં સુધી એ રાગના સ્વાદને અને પોતાના સ્વાદને એક માને છે ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

જ્યારથી જ્ઞાન પ્રગટ થાય છે.. એ આવ્યુંને? શ્રીમદ્‌માં એ વાક્ય આવ્યું છે. 'સર્વગુણાંશ તે સમકિત.' શ્રીમદ્‌નું વાક્ય એ છે. આપણે લખ્યું છે બહાર. સર્વગુણાંશ તે સમકિત. આપણે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં એ આવ્યું છે ટોડરમલનું કે ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ અનંતગુણ એકદેશે પ્રગટે છે. એનો અર્થ પણ એ થયો. જેટલી સંખ્યાએ અનંતગુણ છે એ બધાની એક સમયમાં જ્ઞાનાદિની પ્રગટ પર્યાય સર્વ ગુણોની પ્રગટ થાય છે. તેથી શ્રીમદ્દે એમ કહ્યું કે 'સર્વગુણાંશ તે સમકિત.' સર્વ ગુણનો અંશ પ્રગટ વેદનમાં આવે એનું નામ સમકિત. આહા..હા..! કદી સાંભળ્યું પણ નહિ હોય બિચારાએ. એ ભાઈ ગયા આજે ઓલા? પદમચંદજી, તમારા ગામના નહિ? છે? તમારા ગામના માણસ, નહિ? ગયા? ઈ આવ્યા હતા. બિચારા જુવાન માણસ છે. રોતો હતો બહુ. આહા..હા..! અરે..! અમે આ વાત સાંભળી નથી. તમારા ગામના નહિ? નામ લેતા હતા પદમચંદનું. જુવાન હતા જુવાન. અનંતાનુબંધીનું પૂછતા હતા રાતે એ. ત્યાં આવ્યા હતા બપોરે. જુવાન માણસ એટલો રોયો.. આહા..હા..! અરે..! અમે આ ચીજ શું છે એ કદી સાંભળી નથી. અને અમારી જિંદગીમાં માનીએ કે અમે ધર્મ કરીએ છીએ. આહા..હા..! વાત સાચી. માણસ નરમ હતો.

અરે..! જુવાન અને વૃદ્ધ ઈ આત્મા ક્યાં છે? ભગવાન તો ત્રિલોકનાથ એવો ને એવો સદા આનંદકંદ પ્રભુ છે. એમાં બાળ, યુવાન, વૃદ્ધા, સ્ત્રી, પુરુષ, નપુંસકપણું એમાં છે ક્યાં? એ આત્માનું જ્યારે રાગથી ભિન્ન જ્ઞાન થાય છે તો કહે છે કે પોતાના આનંદનો સ્વાદ અને પુદ્‌ગલ કર્મનો રાગનો (સ્વાદ), એ કર્મ શબ્દે રાગનો સ્વાદ, બેને ભિન્ન-ભિન્ન જાણે છે. આહા..હા..! કેટલી ધીરજ જોઈએ, ભાઈ! હજી એના પ્રયત્નના ઠેકાણા ન મળે. આહા..હા..! હું આનંદસ્વરૂપ છું, અતીન્દ્રિય આનંદસ્વરૂપ હું છું, રાગ હું નથી. કેમકે રાગ એ પુણ્યતત્ત્વ કે પાપતત્ત્વ છે, હું તો જ્ઞાયકતત્ત્વ છું. બે એક ક્યાંથી થયા? આહા..હા..! સમજાણું કાંઈ? આ વાત સમજમાં ન આવે ત્યાં લોકોને (એમ લાગે છે) આટલી મોંઘી વસ્તુ! મોંઘી (નહિ),

બાપુ! વસ્તુની સ્થિતિ જ એવી છે. સમજાણું કાંઈ?

'સર્વગુણાંશ તે સમકિત' કહ્યુંને? અને આપણે આમાં આવ્યું છે આ. છેને? ચોથે ગુણસ્થાને હોં! ટોડરમલ. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં છેને? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી પાછળ છે. આવ્યું ઈ. '**વળી ભાઈશ્રી! તમે ત્રણ દૃષ્ટાંત લખ્યા અથવા દૃષ્ટાંત દ્વારા પ્રશ્ન લખ્યા, પણ દૃષ્ટાંત સર્વાંગ મળતા આવે નહિ. દૃષ્ટાંત છે તે એક પ્રયોજન દર્શાવે છે. અહીં બીજનો ચંદ્ર, જળબિન્દુ, અગ્નિકણ—એ તો એકદેશ છે અને પૂર્ણિમાનો ચન્દ્ર, મહાસાગર તથા અગ્નિકુંડ એ સર્વદેશ છે.**' એણે એવો પ્રશ્ન કર્યો હતો કે એકદેશ પણ સર્વ પ્રદેશ છે એ એકદેશ નિર્મોહ થઈ જાય છેને? અસંખ્ય પ્રદેશમાં એકદેશ સર્વથા નિર્મોહ થઈ જાય છે? એમ નથી. સર્વ પ્રદેશમાં એક અંશ નિર્મળ થાય છે. થોડા પ્રદેશ સર્વથા નિર્મળ થઈ જાય એમ છે નહિ. દૃષ્ટાંત આપ્યું હતુંને. જુઓ, '**એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે...**' આટલું સ્પષ્ટ. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાન. બાપુ! ચોથે ગુણસ્થાને. હજી શ્રદ્ધાના ઠેકાણા ન મળે. વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા ન મળે. વ્યવહાર એટલે રાગથી ભિન્ન પડવું અને એનાથી આનંદ થવો એનું નામ સમકિત, એવી શ્રદ્ધાના પણ ઠેકાણે ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..! અને વ્રત લઈ લીધા, થઈ ગયું મુનિપણું. પંચમ ગુણસ્થાન, મુનિપણું. ભાઈ! આકરી વાત, બાપુ! તારા આત્માના શરણની ચીજ છે આ તો. કાંઈ ટીકાની વાત આ નથી. સમજાણું કાંઈ?

જુઓ, '**એકદેશ પ્રગટ થયા છે તથા તેરમા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો સર્વથા પ્રગટ થાય છે...**' વ્યક્તતાની વાત છે હોં! ગુણ તો અનંત છે જ, પણ અનંતગુણની જ્યાં અનુભવમાં—સમ્યગ્દર્શનમાં પ્રતીતિ થઈ તો જેટલા ગુણ છે એટલા એક અંશે પર્યાયમાં વ્યક્ત પ્રગટ અનુભવમાં આવે છે. આહા..હા..! આવી ખબર પણ ન મળે શું ચીજ છે! સમજાણું કાંઈ? આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી હિન્દીમાં હતી. આ ગુજરાતીમાં છે. હિન્દીમાં પણ છે. આહા..હા..! પહેલા આ તો ૧૯૮૪ની સાલમાં મળી હતી અમને. ૮૪-૮૪ની સાલ. ૧૬ ને ૩૨, ૪૮ વર્ષ થયા. અમે તો દિગંબર શાસ્ત્રો બધા શોધતા હતા ને સંપ્રદાયમાં પણ. તો એ ચિઠ્ઠી (ત્યારે મળી હતી). એક વિરજીભાઈ વારિયા હતા. જામનગર. કાઠિયાવાડમાં દિગંબરનું વાંચન પહેલા એને કાઠિયાવાડમાં. વકિલ હતા. એની પાસે એ ચિઠ્ઠી હતી. એકવાર જોઈ કે ભાઈ! આ ચિઠ્ઠી. એણે મોકલી ચિઠ્ઠી. દામનગર ચોમાસુ. એ શેઠ હતા એણે સંગ્રહી રાખી ખાનગી. એને એમ કે મહારાજને દેશું તો વળી કાંઈક... કાંઈક.. પછી અમે ત્યાં ચોમાસુ કરવા અમરેલી ગયા. ત્યાં અમારા જીવરાજજી પાસે હતી એ. એમાં વાંચી. ૮૪ની સાલ. ચિઠ્ઠી આપી હતી મારા માટે, પણ એમ કે જો આ વાંચશે તો આ સંપ્રદાય છોડી દેશે. એટલે એ ડરથી આપી નહિ. પછી મળી અમરેલી. ના છાપેલી, છાપેલી ક્યાંક હતું ખરું. ક્યાંક પુસ્તક છે પણ હવે અહીં નહિ હોય. છાપેલી છે. આમાં નથી. છે બીજે ક્યાંક. છેને

ક્યાંક પડ્યું છે. ઘણા પુસ્તક. છાપેલી હતી. ૮૪ની સાલમાં છાપેલી. વીરજીભાઈ બહુ વિચારતા હતા. વકીલ હતાને વકીલ. એની પાસેથી મળી હતી. છાપેલી હતી. આટલી હતી પીળા પૂંઠાની છે. અહીંયા હશે ક્યાંક મોક્ષમાર્ગપ્રકાશક.

અહીંયા કહે છે કે સમ્યગ્દર્શન.. જુઓ, અહીં કહ્યું ઈ કહે છે. અહીં કહે છેને? કે સમકિતીને ભિન્ન-ભિન્નરૂપે અનુભવમાં આવે છે એવી શક્તિ પ્રગટ થઈ ગઈ છે. '**તેથી તે જાણે છે કે અનાદિનિધન, નિરંતર સ્વાદમાં આવતો,...**' પર્યાયમાં હોં! આહા..હા..! હું અનંત આનંદકંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો પિંડ છું. પ્રભુ તો અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. એ તરફ સન્મુખ થઈને જે સમ્યગ્દર્શન, જ્ઞાન થાય છે તો કહે છે કે '**ભેદસંવેદનશક્તિ ઊઘડી ગઈ...**' રાગનો સ્વાદ અને પોતાનો સ્વાદ બેયને ભિન્ન-ભિન્ન જાણે છે. આહા..હા..! અહીં તો સ્વાદની મુખ્યતાથી લીધું છે. બાકી તો ચોથે ગુણસ્થાને જેટલી સંખ્યામાં અનંતગુણ છે, બધાની એક સમયની પર્યાયમાં અનંતમાંથી એક અંશ દરેકનો પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? માર્ગ એવો છે. વર્તમાનમાં બધો ફેરફાર થઈ ગયો. એમ લાગે કે આ વળી નવો પંથ ક્યાંથી? એમ વળી કહે છે કેટલાક. અરે ભગવાન! અહીં તો માર્ગ છે ઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ...**' આહા..હા..! છે? '**અન્ય રસથી વિલક્ષણ (ભિન્ન), અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે...**' આહા..હા..! અનુભવમાં સ્વાદની મુખ્યતા છે. અનુભવપ્રકાશ છેને દીપચંદજીનું, એમાં લીધું છે. એ અહીં મુખ્યતા લીધી છે. સમ્યગ્જ્ઞાન થાય છે, સત્ય જ્ઞાન થાય છે, સત્ય જ્ઞાનસ્વરૂપનું સત્ય જ્ઞાન થાય છે ત્યારે એમાં આનંદનો સ્વાદ પ્રગટ ભાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે એવો આ આત્મા છે...**' આહા..હા..! એવો આત્મા છે એમ જ્ઞાની જાણે છે. જ્ઞાન વિશેષ હોય, ન હોય એની સાથે સંબંધ નથી, પણ જે આત્માનો અનુભવ થયો, એમાં આનંદનો સ્વાદ આવવો એ ચીજ મુખ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેની આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનના ભોગ પણ સડેલા તરણા જેવા દેખાય સમકિતીને. આહા..હા..! ઈન્દ્રના ઈન્દ્રાણી સાથેના ભોગ સડેલા કૂતરા અને બિલાડી, મડદા સડેલા દેખાય. સમજાણું કાંઈ? જ્ઞાનીને વિષયમાં રાગ આવે છે, પણ છતાં એમાં દુઃખ દેખાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કાળો નાગ જેમ દેખીને ત્રાસ થાય, એમ જ્ઞાનીને વિષયવાસનાનો રાગ કાળા નાગ જેવો દેખાય છે. અજ્ઞાનીને સુખબુદ્ધિ ભાસે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્જ્ઞાન કોને કહીએ, ભાઈ? કોઈ પંડિતાઈ ને બહુ ભણ્યો એમ નથી કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં સુધી તો કાલે આવ્યું હતું.

'**અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે એવો આ આત્મા છે...**' એવું જ્ઞાનીને અંદર ભાસે છે '**અને કષાયો તેનાથી ભિન્ન રસવાળા** (કષાયેલા-બેસ્વાદ)

છે;...' રાગનો ભાવ, એની આકુળતાનો રસ ભિન્ન રસ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તે દિ' સોગાનીએ લખ્યું હતુંને કે ભાઈ, અમને તો શુભભાવ પણ ભઠ્ઠી જેવો લાગે છે. એ શેઠિયાને ઠીક ન લાગ્યું. દિપચંદજી શેઠિયાને. સમજાણું કાંઈ? આ શું કહે છે? કષાયનો રસ શુભભાવ હોય કે અશુભ હોય એ કલુષિત રસ છે. કષાયરસથી ભિન્ન રસવાળી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! ધર્મ ચીજ એક સેકન્ડની ચીજ પણ એ કોઈ અલૌકિક છે. અપૂર્વ વાત છે. પૂર્વે કદી સૂઝ પડી નથી-પૂર્વે કદી જ્ઞાન થયું નથી. આહા..હા..! એને સાંભળવા મળ્યું પણ એણે કોઈ દિ' દૃષ્ટિ કરી નહિ. આહા..હા..!

કહે છે કે '**તેમની સાથે જે એકપણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાનથી છે;...**' કોની સાથે? '**અત્યંત મધુર...**' આનંદરસ એ પોતાની પર્યાય છે. એની સાથે રાગનો કલુષિત ભાવ એકત્વ કરવો.. આહા..હા..! એ અજ્ઞાનથી છે એમ જ્ઞાની જાણે છે. આહા..હા..! છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો હોય પણ એ રાગને દુઃખરૂપ દેખે છે-એના સ્વાદ દુઃખરૂપ લાગે છે. હવે આ વાત.. સમજાણું કાંઈ? અને સંવર-નિર્જરાની શુદ્ધ પર્યાય એ આનંદરૂપ દેખાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આમ સંવર થઈ ગયો, નિર્જરા થઈ ગઈ. અપવાસ કર્યા તો નિર્જરા થઈ ગઈ, વ્રત લઈ લીધા તો સંવર થઈ ગયો. ધૂળેય નથી. આહા..હા..! અરેરે..! એણે અનંતકાળ એમ ને એમ...

**શ્રોતા :—** પાંચમું ગુણસ્થાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ગુણસ્થાન કેવું? ..સ્થાન છે. ગુણસ્થાન ક્યાંથી આવ્યું? આહા..હા..! જેને હજી આત્માના સ્વાદ અને રાગના સ્વાદની અંદર ભિન્નતા થઈ નથી એને ચોથું ગુણસ્થાન નથી ત્યાં વળી પાંચમું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..! વાત તો ભગવાન પરમાત્માની સૂક્ષ્મ છે. પરમાત્મા કહેતા તું હોં. આહા..હા..!

'**જે એકપણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાનથી છે;...**' શું કહે છે? ધર્મી એમ જાણે છે કે મારો આનંદરસ અત્યંત મધુર એ મારો રસ છે અને રાગનો રસ છે એ કલુષિત છે. મારા આનંદરસમાં એને મેળવીને, રસ છે એમ માનવું એ અજ્ઞાનથી છે. આહા..હા..! દૂધપાક હોય છેને દૂધપાક, શું કહે છે? ખીર તમારે કહે છે. દૂધપાક હોય છેને? અહીંયા દૂધપાક એને કહે છે, એક શેર દૂધમાં એક રૂપિયાભાર ચોખા. એક શેર દૂધ, એક રૂપિયાભાર ચોખા. દૂધને ઘટ્ટ કરતાં-કરતાં-કરતાં એને દૂધપાક કહે છે અને એક શેર દૂધ એમાં નવ ટાંક ચોખા. નવ ટાંક સમજ્યાને? એમ કરતા કરતાં-કરતાં થાય એને ખીર કહે છે. તમારે ખીર બેયને કહે છે. ઓલામાં ચોખા હોય ઝાઝા. ખીરમાં ચોખા ઝાઝા અને દૂધપાકમાં ચોખા એક શેરમાં એક રૂપિયાભાર. એને પકવતા-પકવતા થાય એ દૂધપાક છે. દૂધનો પાક થઈ ગયો. સમજાણું કાંઈ? એ લોકોમાં બેયને ખીર કહે છે, પણ આ દૂધપાક છે. ખીર તો એને કહીએ કે જેમાં ચોખા વધારે હોય. નવ ટાંક હોય. જેવી બાય હોય એવી. ત્રણ-ચાર રૂપિયાભાર નાખી

દે કોઈ છ નાખે. પછી ઉકાળે એને. અહીં કહે છે કે આહા..હા..! એ દૂધપાકમાં પણ જો સહેજ ઝેર પડી જાય તો આખો દૂધપાક બગડી જાય. સમજાણું કાંઈ?

અમે ત્યાં એકવાર રાજકોટમાં હતા. દૂધપાક બનાવ્યો હતો કોઈએ. એ લોકોએ ખાધો તો કેટલાય માણસોને ઊલટીઓ થઈ, કેટલાય બેભાન થઈ ગયા. એમાં કોઈ ઢેઢગરોળી હોય છેને? ઢેઢગરોળીને શું કહે છે? છિપકલી. એમાં પડી ગઈ હશે કે કોઈ સર્પનું.. નાનું સર્પ કહે છેને? પડકા, પડકા કહે છે. એ રહી ગયું હશે. અમે ત્યાં હતા અને કાંઈક જમણવાર હતો. તમે હતા. નરભેરામભાઈને ત્યાં. ઘણાને ઊલટી ને કાંઈક થઈ ગયું. આખો દૂધપાક બગડી ગયો.

એમ ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ, એમાં આનંદ આવે છે, એમાં રાગનું થોડું ઝેર પડે તો આખો આનંદ ઊંધો થઈ જાય છે. આહા..હા..! જ્ઞાની બેયનો સ્વાદ ભિન્ન જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! દશરથલાલજી! આ માર્ગ છે, જુઓ. ત્રિલોકનાથ જિનવરદેવ પરમેશ્વર, બાપુ! કોને કહે પરમેશ્વર? આહા..હા..! જેની પર્યાય ખીલી ગઈ પૂર્ણ. આહા..હા..! જ્ઞાનની એક સમયની પર્યાય ત્રણકાળ ત્રણલોક જાણે એમ કહેવું એ તો અસદ્ભુતવ્યવહારનય છે, પણ એની પર્યાયમાં એ ઝળકી ગયા. લોકાલોકનું જે જ્ઞાન હતું એ પોતામાં આવી ગયું છે, એ પોતાથી થયું છે, લોકાલોકથી નહિ. આહા..હા..! એવું દર્શન, એવું ચારિત્ર, એવો આનંદ, રમણતા અનંતચતુષ્ટય ભગવાનને પ્રગટ થઈ ગયા છે. શક્તિરૂપે જે જ્ઞાન-દર્શન-આનંદ અને સત્તા છે એ અનંત ચતુષ્ટય શક્તિરૂપે તો છે જ દરેક જીવને. એમાંથી વ્યક્તિરૂપ પૂર્ણ થઈ જાય તેનું નામ સર્વજ્ઞ. વ્યક્તિરૂપ થોડું પ્રગટ થાય એનું નામ સમ્યગ્દર્શન. આહા..હા..! વ્યાખ્યા પણ સાંભળી ન હોય. એમને એમ જૈન છીએ ને આ કરીએ છીએ. પ્રભુનો માર્ગ આ છે, ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે, એ ભગવાન આત્માના આનંદનો રસ જે આવ્યો, જેટલા ગુણ છે એ સર્વમાં એક અંશ વ્યક્ત પ્રગટ પર્યાયમાં અનંતગુણનો અંશ પ્રગટ થઈ ગયો એનું વેદન છે. એ વેદનમાં આનંદનું વેદન મુખ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દષ્ટિને પરમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. ચાહે તો ઈન્દ્રના ઈન્દ્રાસન હોય, ચક્રવર્તી પદ હોય, છન્નું હજાર સ્ત્રી હોય અને એક સ્ત્રીની હજાર દેવ સેવા કરે એવી સ્ત્રી-રત્ન હોય, એની સાથે વિષય ઝેર જેવો લાગે છે. નબળાઈને લઈને આવે છે તો ઝેર જોવે છે. પોતાના આનંદના સ્વાદ આગળ એને ઝેર દેખાય છે. સમજાણું કાંઈ? આહા..હા...! ઈ કહે છે, '**એકપણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાનથી છે;...**' આહા..હા..! ધર્મી એને કહીએ કે પોતાના આનંદની સાથે રાગના સ્વાદનું એકત્વ કરવું એ અજ્ઞાનથી છે, એમ જ્ઞાની જાણે છે. આહા..હા..! ગીરધરભાઈ! આવું બધું સાંભળ્યું નહોતું ક્યાંય ન્યાં. આહા..હા..! 'પ્રભુનો માર્ગ છે શુરાનો એ કાયરના ત્યાં કામ નહિ' ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! જેની પાસે જતાં, જેનો ભેટો કરતાં

અતીન્દ્રિય આનંદ આવે એવો પરમાત્મા પોતે છે. પોતે એટલે સ્વયં. પોતે આત્મા એવો છે. પોતાના આનંદની સાથે રાગને ભેળવે છે એ અજ્ઞાનથી ભેળવે છે. આહા..હા..!

'**આ રીતે પરને અને પોતાને ભિન્નપણે જાણે છે;...**' અહીં સ્વપરને ભિન્ન જાણે છે એમ લીધું અને ઓલામાં એમ કે પોતાના સ્વાદને જાણે છે ભિન્નપણે એમ લીધું છે. અને અહીં કીધું પરને અને પોતાને એકસાથે જાણે છે. સ્વાદને પણ એકસાથે જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો બપોરે જોયું હતું .. કીધું, આમાં થોડો ફેર લખ્યો છે. '**આ રીતે પરને અને પોતાને ભિન્નપણે જાણે છે; તેથી અકૃત્રિમ (નિત્ય), એક જ્ઞાન જ હું છું...**' આહા..હા..! રાગ તો કૃત્રિમ, અનિત્ય, વિકાર, દુઃખરૂપ છે. ધર્મી જાણે છે કે હું તો અકૃત્રિમ-નહિ કરાયેલી ચીજ એવો નિત્ય એક જ્ઞાન જ છું. આહા..હા..! પરિણતિની પર્યાય પણ નહિ, હું તો અકૃત્રિમ એક જ્ઞાન ત્રિકાળ એ હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? અકૃત્રિમ—નહિ કરાયેલો ભગવાન આત્મા એવી સત્તાનું સત્ત્વ ત્રિકાળ ધ્રુવ સત્ત્વ એવું જે જ્ઞાન '**એક જ્ઞાન જ હું છું...**' જ્ઞાનના ભેદ પણ હું નહિ. આહા..હા..! આ વસ્તુ છે, અમરચંદભાઈ! લોકોને એવું લાગે કે એ.. સોનગઢાવાળાએ એકલું નિશ્ચયનું કાઢ્યું. અરે પ્રભુ! સોનગઢવાળાનું નથી, પ્રભુ! આ તો આત્માનું છે. ભગવાનનું એ કથન છે અનાદિ, આચાર્યોએ કહેતા આવ્યા છે, પણ તને ખબર નહિ માટે નવું લાગે માટે એ કાંઈ નવું છે? આહા..હા..!

'**તેથી અકૃત્રિમ (નિત્ય) એક જ્ઞાન જ હું છું...**' આહા..હા..! એમ ધર્મી જાણે છે. '**પરંતુ કૃત્રિમ (અનિત્ય)...**' રાગાદિ જે અનિત્ય કૃત્રિમ... આહા..હા..! '**અનેક જે ક્રોધાકિ છે તે હું નથી...**' આહા..હા..! રાગાદિ, ક્રોધાદિ, માનાદિ, વિકલ્પ એ હું નથી. આહા..હા..! હું તો એનો જાણનારો છું, હું એનો કરનાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગાથા બહુ સારી આવી છે આ. અનેક ક્રોધ, માન, માયા, લોભ તે હું નથી. '**એમ જાણતો થકો 'હું ક્રોધ છું' ઈત્યાદિ આત્મવિકલ્પ જરા પણ કરતો નથી;...**' હું રાગ છું કે પુણ્ય છું, શુભભાવ છું એવું જ્ઞાની જરા પણ વિકલ્પ કરતો નથી. આહા..હા..!

'**તેથી સમસ્ત કર્તૃત્વને છોડી દે છે;...** ' આવ્યું હતુંને પહેલું કે જાણે એ છોડી દે છે. પરનો કર્તા અજ્ઞાનથી છે એમ જાણે એ છોડી દે છે. આહા..હા..! પહેલા આવ્યું હતુંને ભાઈ, પહેલું આવ્યું હતું. શરૂઆતમાં પહેલું આવ્યું હતું. '**આત્મા અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાનો આત્મવિકલ્પ કરે છે...** ' પહેલી શરૂઆતમાં. '**તેથી તે નિશ્ચયથી કર્તા પ્રતિભાસે છે—આવું જે જાણે છે...** ' પહેલી ત્રણ લીટી. પહેલા પેરેગ્રાફની. ટીકાની શરૂઆત જ. '**આવું જે જાણે છે તે સમસ્ત કર્તૃત્વને છોડે છે...** ' જેને જ્ઞાનમાં રાગથી ભિન્ન પોતાનું ભાન થયું એ રાગનું કર્તૃત્વ છોડી દે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**સમસ્ત કર્તૃત્વને છોડે છે તેથી તે...**' સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો થકો.

આહા..હા..! અર્થાત્ જ્ઞાતા-દૃષ્ટા રહેતો થકો. આહા..હા..! એ દયા-દાનના વિકલ્પનો પણ કર્તા નથી થતો એમ કહે છે. આહા..હા..! એનો ઉદાસીન જ્ઞાતા-દૃષ્ટા રહે છે. સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. આહા..હા..! આ ચીજ સાંભળવા ન મળે એ ક્યારે પ્રયત્ન કરે અને ક્યારે એની રુચિ કરે? આહા..હા..! સમજાણું કાંઈ?

એક તો આ આખી દુનિયાના મા-બાપ, બાયડી, છોકરા, કુટુંબ, દીકરા, દીકરી, જમાઈ... ઘેરો ઘાલ્યો અજ્ઞાનીને. ઘેરો ઘાલ્યો સમજો છો? ચારે તરફથી ઘેરાઈ ગયો. આહા..હા..! અરે..! એમાંથી નવરાશ કે દિ'? મફત. કાંઈ ચીજ છે? પર સ્ત્રી, પર આત્મા એની સાથે, આને ક્યાં સંબંધ? આહા..હા..! એક જીવદ્રવ્ય સ્ત્રીનો હોય એ ક્યાંથી આવ્યો હોય, થોરમાંથી આવ્યો હોય, લીલ-ફૂગમાંથી આવ્યો હોય અને ધણી છે એ વળી કાગડામાંથી, કીડીમાંથી આવ્યો હોય. ક્યાં સંબંધ એને? આહા..હા..! સમજાણું કાંઈ? ૧૯૮૬ની સાલ. ચોમાસુ હતુંને અમરેલી. પછી ઉઠીને ૮૭માં ગયા ચિત્તલ. ચિત્તલમાં અમારે આ મનસુખનું સગપણ કરવું હતુંને તે દિ' આનંદજી આવ્યો હતો ૮૭ની વાત છે. એ કારતક વદ એકમ-બીજ. પછી ત્યાં સગપણ કરવું હતુંને આ લાલચંદભાઈની દીકરી અને આ મનસુખભાઈ. પછી આનંદજીએ પૂછયું મને તે દિ'. આ મેળ કેમ ખાઈ જતો હશે આ બધો? ક્યાંનો વર અને ક્યાંની કન્યા! કીધું, ભાઈ! એ મેળ તો એ અત્યારે એની યોગ્યતા પ્રમાણે (થાય). બાકી એ કન્યા આવી હોય ક્યાંક પીપળમાંથી. પીપળા. નીમમાંથી. આહા..હા..! આદમી આવ્યો હોય કોઈ થોર, લીલ-ફૂગમાંથી. ક્યાંય સંબંધ કોનો કોની સાથે? આહા..હા..! તે દિ' કહ્યું હતું, હોં! ચિત્તલ છેને ચિત્તલ? તે દિ'. ૯૨માં લગ્ન થયા.

**શ્રોતા :—** ... પૂર્વભવનું લેણદેણ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, ના એ જ ... લેણદેણ બધાને ન હોય એમ કીધું હતું. બધાને ક્યાંથી હોય? એ માટે પૂછયું હતું એણે. કારણ કે આ ઉમરાળા અને અહીં પાલેજ, અહીં ચિત્તલ, .. એની દીકરી અને આ. મેળ કેમ ખાય છે? કીધું, બહારનો મેળ. ક્યાંક એને પૂર્વે મેળ હતો માટે મેળ ખાય છે એમ નથી. જેમ રાજુલ અને નેમિનાથ. એને પૂર્વનો મેળ હતો માટે (અહીં સાથે રહ્યા), એમ બધાને મેળ નથી. એક તો ક્યાંક કીડીમાંથી આવ્યો હોય અને એક આવ્યો હોય કંથવામાંથી. આહા..હા..! આ દુનિયાનો.. એમાં ભેગા થાય એક ઘરે. જેમ સાંજના સમયે નથી હોતું? મોટો વડ હોય, પીપળો હોય. પંખી આવીને બેસે રાતે. સો-બસ્સો પંખી. એ સવારે પોતપોતાની દિશામાં ચાલ્યા જાય છે. કાંઈ સંબંધ છે?

**શ્રોતા :—** એક રાત પૂરતો છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રાત પૂરતો પણ ક્યાં છે. ઓલી બીજી ડાળે, આ બીજે ડાળે બેઠો હોય. એ નાતાલિયા વઢવાણમાં છેને. નાતાલિયાનું ઘર ત્યાં ઉતર્યા હતાને ૨૦૦૬ની સાલમાં. ત્યાં પાછળ ખાલી એક મોટું વડ છે. ખાલી મકાન હતું. એટલા રાતે બગલા આવે

એમાં. સવારે બધા ઊડી જાય. કીધું જુઓને આ, 'પંખી મેળો ઉડી આકાશે આવ્યો'. એમ આ બધા પંખીડા એકબીજા ક્યાંયથી ક્યાં આવ્યા અને અહીં માને આ મારી બાયડી, આ મારા છોકરા. ધૂળેય નથી, સાંભળને. આહા..હા..! કેમ પંડિતજી!

અહીં તો રાગ તારો નથી પછી આ ચીજની વાત શું કરવી? એ રાગ તો પુણ્યતત્ત્વ અને પાપતત્ત્વ છે. શુભરાગ હોય તો પુણ્યતત્ત્વ, અશુભ હોય એ પાપતત્ત્વ, તું તો જ્ઞાયકતત્ત્વ છેને પ્રભુ. આહા..હા..! તો રાગની સાથે સંબંધ નથી તો પરની સાથે સંબંધ ક્યાંથી આવ્યો? દશરથલાલજી! આહા..હા..!

એ અહીં કહે છે જુઓ. '**સમસ્ત કર્તૃત્વને છોડી દે છે; તેથી સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો થકો માત્ર જાણ્યા જ કરે છે;...**' વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ૧૨મી ગાથામાં કહ્યું એ ફરી લીધું. આહા..હા..! શાસ્ત્રની રચના તો જુઓ, આ સિદ્ધાંત કહેવાય. એક ઠેકાણે કંઈક કહે અને બીજે ઠેકાણે કંઈક કહે. એ વિરોધ એ કાંઈ સિદ્ધાંત શાસ્ત્ર કહેવાય? આહા..હા..!

૧૨મી ગાથામાં એમ કહ્યું કે સમ્યગ્દર્શન થયું, એને જે રાગ થયો એ જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન. '**तदात्वे**' એવો શબ્દ છે સંસ્કૃતમાં. '**तदात्वे**' તે કાળે જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય નથી. વ્યવહાર આવે તો છેને? જ્યાં સુધી પૂર્ણ નથી ત્યાં સુધી વ્યવહાર તો છે બધો, પણ જાણેલો પ્રયોજનવાન. બસ, એ અહીં કહ્યું. '**માત્ર જાણ્યા જ કરે છે;...**' આહા..હા..! પંચાસ્તિકાયમાં એમ આવ્યું છેને? અશુભ સ્થાનને છોડવા શુભભાવ પણ જ્ઞાનીને આવે છે. અશુભ સ્થાનથી હટવા. તીવ્ર જ્વર. કષાયરૂપી તીવ્ર જ્વરથી ખસવા માટે. બે બોલ આવ્યા છે. પંચાસ્તિકાય. અમરચંદજી! અમૃતચંદ્રાચાર્ય. ગજબ કામ કર્યું અમૃતચંદ્રાચાર્યે. સમજાણું કાંઈ? તીવ્ર જ્વર મટાડવા શુભભાવ પણ આવે છે અને અસ્થાનના રાગથી છૂટવા શુભરાગ આવે છે. અશુભ પણ આવે છે જ્ઞાનીને તો, પણ એને એ જાણે છે, મારો માનતા નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ!

'**અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન થયો થકો...**' આહા..હા..! પર્યાયમાં હોં. દ્રવ્યમાં તો છે જ નિર્વિકલ્પ. '**નિર્વિકલ્પ,...**' અભેદ, '**અકૃત્રિમ,...**' નહિ કરાયેલી ચીજ. એવો '**એક વિજ્ઞાનઘન થયો થકો, અત્યંત અકર્તા પ્રતિભાસે છે.**' સમ્યગ્દષ્ટિને રાગનો અત્યંત અકર્તા પ્રતિભાસે છે. આહા..હા..! આવો માર્ગ!

'**ભાવાર્થ :— જે પરદ્રવ્યના અને પરદ્રવ્યના ભાવોના કર્તૃત્વને અજ્ઞાન જાણે તે પોતે કર્તા શા માટે બને?**' પોતે કર્તા શા માટે બને? આહા..હા..! '**અજ્ઞાની રહેવું હોય તો પરદ્રવ્યનો કર્તા બને!**' રાગાદિ, પુણ્યાદિના ભાવ અજ્ઞાની રહેવું હોય તે એનો કર્તા બને. આહા..હા..! કર્તાકર્મ છેને. '**માટે જ્ઞાન થયા પછી પરદ્રવ્યનું કર્તાપણું રહેતું નથી.**' વ્યવહારરત્નત્રયનો પણ કર્તા નથી થતો. આહા..હા..! આ ફેંસલો છે. આહા..હા..! બીડીની

વ્યવસ્થા, તમાકુની વ્યવસ્થા, ફલાણું કરવું એ તો ક્યાંય રહી ગયું. એ તો એમ કહે સાગરમાં હોય. સાગરમાં હોય તો એના ગામમાં હોય, એના ઘરે ક્યાં હતું? એના ઘરમાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—**' ૫૭. ૫૭ને?

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्धया।
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम्।।५७।।

આહા..હા..! અમૃતચંદ્રાચાર્યના કળશ!આહા..હા..!

'**શ્લોકાર્થ :—નિશ્ચયથી...**' '**किल**' નામ '**નિશ્ચયથી...**' '**स्वयं ज्ञानं भवन् अपि**' '**સ્વયં જ્ઞાનસ્વરૂપ હોવા છતાં...**' ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે જાણનાર-દેખનાર. ત્રણકાળ ત્રણલોકનો જાણનાર-દેખનાર છે. સમજાણું કાંઈ? પોતા સિવાય કોઈ ત્રણકાળની ચીજને કરે છે એ તો છે જ નહિ. એનું સ્વરૂપ તો એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કળશ છે. જેમ મંદિર ઉપર કળશ ચડાવે છેને, એમ ટીકા બનાવી, એના ઉપર પાછા કળશ બનાવ્યા. આહા..હા..! કેટલું સ્પષ્ટ કરે છે! આહા..હા..! દિગંબર સંત જંગલમાં વસનારા. કરુણાબુદ્ધિ વિકલ્પથી આવ્યો અને શાસ્ત્ર રચાઈ ગયા.

અરેરે..! પ્રાણી ચાર ગતિમાં (રખડે છે). ત્યાં પણ એમ લીધું છેને ભાઈ! પંચાસ્તિકાયમાં. એમ કે બીજાના દુઃખ દેખીને જ્ઞાની અનુકંપા કરવા જતો નથી, પણ એને એમ થાય કે આહા..હા..! જન્મ-મરણમાં રખડતો પ્રાણી બિચારો દુઃખી છે. એમ લખ્યું છે, ભાઈ! પંચાસ્તિકાયમાં. આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાની એની અનુકંપા કરીને જાણે આમ મેળવી દઉં, એને સુખી કરી દઉં એમ કર્તા થાય છે. એવી વાત છે પાઠમાં. આહા..હા..! સમજાણું કાંઈ? જન્મ-મરણ.. જન્મ-મરણ... પંચાસ્તિકાયમાં છે સંસ્કૃત ટીકામાં. અમૃતચંદ્રાચાર્ય. સમજાણું કાંઈ? ક્યાંક છે ખરું. કેટલામી? ૧૩૬. ૧૩૬ ગાથા છે.

'**ખરેખર, જે સ્થૂલ-લક્ષ્યવાળો હોવાથી કેવળ ભક્તિપ્રધાન છે એવા અજ્ઞાનીને હોય છે;...**' ભક્તિ મુખ્ય અજ્ઞાનીને હોય છે. રાગ છેને એને? મુખ્ય રાગમાં ભક્તિ છે એમ અજ્ઞાનીને હોય છે. પણ '**ઉપરની ભૂમિકામાં સ્થિતિ પ્રાપ્ત ન કરી હોય ત્યારે, અસ્થાનનો રાગ અટકાવવા અર્થે...**' સમજ્યા? અસ્થાનનો રાગ. આહા..હા..! '**અયોગ્ય સ્થાનનો, અયોગ્ય વિષય પ્રત્યેનો; અયોગ્ય પદાર્થોને અવલંબનારો.**' '**અસ્થાનનો રાગ અટકાવવા અર્થે અથવા તીવ્ર રાગજ્વર હઠાવવા અર્થે, કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે.**' શુભરાગ હોય છે પણ આ કારણે હોય છે. એનાથી ધર્મ માનીને થતો નથી. આહા..હા..! શું કહ્યું? શું કહ્યું સમજાણું? જન્માર્ણવ. એ એમાં છે? કયે ઠેકાણે છે? જન્મ-મરણ. આ આવ્યું. ૧૩૭માં

છે. ઓલું ૧૩૬માં હતું. '**ज्ञानीनस्त्वधस्तनभूमिकासु**' નીચલી ભૂમિકાએ ચોથે-પાંચમે હોય તો '**विहरमाणस्य जन्मार्णवनिमग्नजगदवलोक**' અરેરે..! સંસારમાં રખડનાર પ્રાણી બિચારા. એમ દુઃખી થઈને જરી ખેદ થાય છે જ્ઞાનીને. અનુકંપા કરીને હું એને સુખી કરી દઉં, જીવાડી દઉં એમ નહિ. અજ્ઞાની તો હું એને સુખી કરી દઉં. આ બધા તમારા કર્તા-હર્તા હતાને તમે ત્યાં. ગામડામાં રોટલા મોકલે, લુગડા લઈ જાય.

અહીં તો જ્ઞાનીને શુભરાગ આવે છે પણ એની વ્યાખ્યા આ છે કે એને.. ઓહો..હો..! અરેરે..! જન્મ-મરણમાં રખડતો પ્રાણી બિચારો દુઃખી છે, એમ ખેદ થાય છે. ખેદ શબ્દ વાપર્યો છે હોં. આવે છેને કુંદકુંદાચાર્યમાં, નહિ? આશ્ચર્ય સાથે મને ખેદ થાય છે. સમયસારમાં આવે છે. આમાં આવે છે. અરેરે..! પ્રાણી આ શું કરે છે? આશ્ચર્ય સાથે ખેદ થાય છે એમ લખ્યું છે. રાગ છેને તો થાય છે. હેયબુદ્ધિ છે. આહા..હા..! અજ્ઞાનીને તો એ ઉપાદેયબુદ્ધિ છે. મેં અનુકંપા કરી, મેં ધર્મ કર્યો, મેં કાંઈક ઠીક કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કહે છે, '**સ્વયં જ્ઞાનસ્વરૂપ હોવા છતાં અજ્ઞાનને લીધે જે જીવ, ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક,...**' આહા..હા..! હાથીને અધમણ અનાજ નાખે અને અધમણ ચૂરમું હોય સાથે અથવા ખડ-ખડ. ખડ કહે છેને? ઘાસ. ઘાસ અધ મણ અને એમાં દસ શેર ચૂરમું (હોય). તો એ ચૂરમું અને ઘાસ ભેગું કરીને ખાય. ચૂરમું જુદું છે અને આ જુદું છે એનું ભાન ન મળે. ઘાસ અને ચૂરમું. પડથા હોયને મોટા પડથા. પહોળા હોય ઘાસના. આ ચૂંરમુ જુદું, ઘાસ જુદું...

'**ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક, રાગ કરે છે (અર્થાત્ રાગનો અને પોતાનો ભેળસેળ સ્વાદ લે છે)...**' જુઓ, અહીં ખુલાસો આવ્યો છે. બેનો મિશ્ર સ્વાદ લે છે. અજ્ઞાનીની વાત છે હોં! '**તે, દહીં-ખાંડના અર્થાત્ શિખંડના ખાટી-મીઠા રસની અતિ લોલુપતાથી...**' શિખંડ ખાતો હોય શિખંડ. શિખંડ છેને? લોલુપતા ઘણી છે એને. '**શિખંડને પીતાં છતાં પોતે ગાયના દૂધને પીએ છે એવું માનનાર પુરુષ જેવો છે.**' દારૂ પીધો હોય એ જો શિખંડ ખાય તો ગાયના દૂધ જેવું લાગે. સમયસાર નાટકમાં દૃષ્ટાંત આપ્યું છે. બનારસીદાસે દૃષ્ટાંત આપ્યું છે એમાં. દારૂ પીધો હોય દારૂ. એને શિખંડ આપો તો ગાયનું દૂધ પીતો હોય એવું લાગે. ખાટા-મીઠા ભિન્ન છે એનું ભાન ન મળે. આહા..હા..! '**શિખંડના ખાટા-મીઠા રસની અતિ લોલુપતાથી શિખંડને પીતા છતાં...**' '**गां दुग्धम् दोग्धि इव नूनम्**' '**પોતે ગાયના દૂધને પીએ છે એવું માનનાર પુરુષના જેવો છે.**' મૂરખ. આહા..હા..!

'**ભાવાર્થ :- જેમ હાથીને ઘાસના અને સુંદર આહારના ભિન્ન સ્વાદનું ભાન નથી, તેમ અજ્ઞાનીને પુદ્‌ગલકર્મના અને પોતાના ભિન્ન સ્વાદનું ભાન નથી;...**'

પુદ્ગલ કર્મ શબ્દે ઓલા રાગ વિકાર એ. શુભરાગ—દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ ખરેખર પુદ્ગલ જ છે. એનો સ્વાદ અને પોતાનો સ્વાદ અજ્ઞાનીને એક દેખાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક સમયમાં બે પ્રકાર. રાગનો સ્વાદ અને આત્માનો સ્વાદ અજ્ઞાની જુદા નથી પાડી શકતો. સમજાણું કાંઈ?

અરે..! ચોર્યાસીના અવતાર કરી-કરીને (મરી ગયો). આ તો મનુષ્યના અવતારમાં ૫-૫૦-૬૦-૮૦ વર્ષ. આહા..હા..! નિગોદમાં ગયા પછી ત્યાંથી પાછા ત્રસ થવું મુશ્કેલ પડી જાય અને ત્રસમાં રહે છે બે હજાર સાગર. ભગવાન એમ કહે છે, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય, નારકી, મનુષ્ય, દેવ, ત્રસમાં રહે બે હજાર સાગર. ત્રસની સ્થિતિ પૂરી થાય તો નિગોદમાં ચાલ્યા જાય. સમજાણું કાંઈ? મુદ્દત જ એટલી છે. આહા..હા..! ત્રસ ગતિ મળી અને એમાં જો સાધન ન કર્યા... આહા..હા..! ત્રસની સ્થિતિ પૂરી થઈને નિગોદમાં ચાલ્યા જશે. આહા..હા..! સમજાણું કાંઈ? આ જોખવાનું છે, ભાઈ! બહારમાં ક્યાં છે?

ભગવાન આત્મા.. આહા..હા..! કહે છે કે અજ્ઞાનીને જેમ શિખંડ ખાતા ખાટા-મીઠાનો સ્વાદ નથી આવતો. દૂધ જેવું લાગે. એમ અજ્ઞાનીને પુણ્ય-પાપનો સ્વાદ ભિન્ન છે એમ નહિ માનીને પોતાનો સ્વાદ છે એમ અજ્ઞાની માને છે. આહા..હા..! ક્યાં અજ્ઞાન કામ કરે છે. 'ફક્ત પુણ્ય-પાપનો સ્વાદ છે એ મારો છે' એમ માનનારા મૂઢ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે, એને જૈનની ખબર નથી. આહા..હા..! ત્યાં સાગરમાં રહેવું.. અહીં રહેવું ને. સાગરમાં બે કામ થાય સાથે. ધંધો પણ થાય અને સાંભળવાનું પણ મળે, એમ. શેઠ! મોટાભાઈ એમ કહે છે. ત્યાં ધંધો પણ થાય અને સાંભળવાનું મળે. અહીં રહે તો શું વાંધો છે? ભાઈ પહેલા આવે અને આ પછી પાછળથી આવે. સાંભળવું હોય તો જ્યાં હોય ત્યાં (જવું જોઈએ). આહા..હા..! તળાવ હોય ત્યાં પાણી પીવા જાય કે તળાવ એને ઘરે જાતું હશે? અહીં તો તળાવ ભર્યું છે એની વાત ચાલે છે. આહા..હા..! શું કહેવાય ઓલા? નળ. નળ પાસે જાવું પડે કે નહિ? કે નળ એના મોઢામાં આવે? એમ જેણે સાંભળવું હોય તો ત્યાં જાવું પડે.

**શ્રોતા :—** તળાવ તો નાનું હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મોટું હોય છે. ત્યાં જાય છે કે તળાવ એની પાસે જાય? આહા..હા..! જેની ભગવાનની વાણી સાંભળવા સિંહ, વાઘ જાય છે. આહા..હા..! સિંહ જ્યાં મોટા વનના બાદશાહ. વનરાજા કહે છેને? વનરાજ. વનરાજ સિંહ. પાછળ જટા, સેંકડો સિંહ જંગલમાંથી ચાલ્યા આવે કૂતરાના બચ્ચાની જેમ. કોઈને ત્રાસ ન લાગે. સમવસરણમાં જાય. આહા..હા..! દેડકા આવે, બકરા. બોકડા સમજો છો? બકરા. બધા આવે છે વ્યાખ્યાનમાં. વાઘ અને બકરા સાથે બેસે, ઉંદર અને સર્પ સાથે બેસે, કોઈને વેર ન ઊપજે. આહા..હા..!

એટલી સાંભળવાની લાયકાત છે, તાલાવેલી છે કે જેને સામે જોઈને વેર ન થાય. એવો અતિશય ભગવાનનો છે, એ તો નિમિત્ત છે.

અહીં કહે છે, '**જેમ હાથીને ઘાસના અને સુંદર આહારના ભિન્ન સ્વાદનું ભાન નથી તેમ અજ્ઞાનીને પુદ્‌ગલકર્મના...**' એટલે રાગના. '**અને પોતાના ભિન્ન સ્વાદનું ભાન નથી;...**' આહા..હા..! એ શુભ અને અશુભનો સ્વાદ આવે અજ્ઞાનીને એને પોતાનો માને છે. આહા..હા..! '**તેથી તે એકાકારપણે રાગાદિમાં વર્તે છે.**' આહા..હા..! જ્ઞાતા ભિન્ન રહીને રાગને જાણવો એ તો અજ્ઞાનીને હોતું નથી. રાગાદિ, પુણ્યાદિ ભાવમાં એકાકાર થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભક્તિમાં જુઓને બધા એકાકાર. અજ્ઞાનીની ભક્તિ એ મુખ્ય ભક્તિ છે એમ કહે છે. કેમકે રાગ છે એને મુખ્ય માનીને ત્યાં ભક્તિમાં લીન થઈ જાય છે. આહા..હા..!

જ્ઞાનીને રાગ આવે છે પણ એમાં એકાકાર નથી. આહા..હા..! ભારે વિવેક, બાપુ! 'ધર્મ વિવેકે નીપજે જો કરીએ તો થાય.' એમ આવે છે કે નહિ? 'ધર્મ વાડીયે ન નીપજે, ધર્મ હાટે ન વેચાય, ધર્મ વિવેકે...' વિવેક નામ ભેદજ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો શબ્દ સાંભળ્યા હોય ત્યાં ઘણીવાર. 'ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેચાય. ધર્મ વિવેક...' પણ વિવેક એટલે શું? એ પરની દયા પાળવી એ વિવેક એમ. આહા..હા..!

અહીં તો ભગવાન આત્મા જ્ઞાયકનો પિંડ પ્રભુ એ શુભરાગના વિકલ્પથી પણ ભિન્ન એ વિવેક અને એ ભેદજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અત્યારે તો જુઓને, આ હાર્ટના દર્દ કેટલા થઈ ગયા. શું કહેવાય? હાર્ટ એટેક. .. નહિ? સાંભળ્યું હતું. હમણા કો'ક મરી ગયું હાર્ટમાં. મરી જાય બિચારા. લોહી જામી જાતું હોય. જેમ બરફ જામી જાયને બરફ એમ લોહી જામી જાય. શ્વાસ ન લઈ શકે. પછી મુંઝવણ હોય એટલે દેહ છૂટી જાય. આહા..હા..! જ્ઞાની એવા વખતે પણ જ્ઞાતા રહે છે, રાગમાં એકાકાર થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**એકાકારપણે રાગાદિમાં વર્તે છે. જેમ શિખંડનો ગૃદ્ધિ માણસ,...**' શિખંડના સ્વાદના લોલુપી પુરુષ શિખંડના '**સ્વાદભેદ નહિ પારખતાં,...**' ખાટો-મીઠો એનો સ્વાદ છે એને ન જાણતાં '**શિખંડના સ્વાદને માત્ર દૂધનો સ્વાદ જાણે...**' છે. ભાઈએ લીધું છે, સમયસાર (કળશટીકામાં) આ કળશનો અર્થ કર્યો. જેમ ગાયનું દૂધ પીતો હોય એવું લાગે એને. આહા..હા..! ભાન ન મળે. એમ ભગવાનના આનંદરસની ખબર ન મળે. હું ક્યાં આનંદરસ છું. જેની દૃષ્ટિ કરવાથી આનંદ ઝરણા ઝરે એવી ભગવાન આત્માની ચીજ છે, એની શ્રદ્ધા નહિ, ખબર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેમ અજ્ઞાની જીવ સ્વ-પરના ભેળસેળ સ્વાદને પોતાનો સ્વાદ જાણે છે.**' લ્યો! આ અજ્ઞાનીની વાત કરી. ૫૭ થઈને?

अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्
शुद्धज्ञानमया अपि स्वयमयी कर्त्रीभवन्त्याकुलाः।।५८।।

'**શ્લોકાર્થ :- અજ્ઞાનને લીધે મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી હરણો તેને પીવા દોડે છે;...**' ખારેલી જમીન હોય, સૂર્યનું કિરણ પડે તો જળ જેવું દેખાય. છે જળ? મૃગ દોડી દોડી દોડતાં-દોડતાં ત્યાં જાય. ત્યાં જોવે તો કાંઈ ન મળે. આહા..હા..! પણ એલા ઠંડી હવા તો આવવી જોઈએને જો પાણી હોય તો. મૃગલા—હરણિયા જેવા ખારેલી જમીનમાં સૂર્યના કિરણથી પાણી જેવું દેખાય ત્યાં પાણી પીવા જાય. એમ અજ્ઞાની... આહા..હા..! એ પરમાં સુખબુદ્ધિ મૃગજળ જેવી છે. આહા..હા..! સ્ત્રીમાં સુખ છે, પૈસામાં સુખ છે, મોટું મકાન કર્યું તો સુખ છે, મૃગજળ જેવું છે, કહે છે. હરણ જેવો અજ્ઞાની પરમાં સુખબુદ્ધિ માનીને દોડી રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? દેશ છોડી પરદેશમાં જાય, કુટુંબ છોડી એકલો રહે. સુખ માટે, પૈસા માટે. આહા..હા..! હરણિયા જેવો છે કહે છે. હરણ સમજો છો? મૃગલા-મૃગલા. 'મૃગા સ્વરૂપે મૃગા ચરન્તી.' આહા..હા..! મનુષ્ય સ્વરૂપે મૃગા ચરન્તી. છે મનુષ્યનારૂપે પણ મૃગલા જેવા છે. આહા..હા..!

દુંટીમાં કસ્તુરી. પવનની લહેરમાં કસ્તુરીની ગંધ બહાર જાય. આ ક્યાંથી આવી? દુંટી સમજ્યા? નાભી. એમાં કસ્તુરી. પવન આવે તો એની ગંધ બહાર ફેલાય જાય. અહીં છે.. અહીં છે.. પણ અહીં તારી પાસે છે ત્યાં જો. સમજાણું કાંઈ? એમ અજ્ઞાની આત્માની અંદરમાં સુખ છે પણ બહારની અનુકૂળ સામગ્રીના સુખમાં દોડે છે હરણિયાની જેમ. સમજાણું કાંઈ? એ અજ્ઞાનને લીધે. બીજો દૃષ્ટાંત છે વિશેષ...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ-૧૫, બુધવાર, તા. ૨૫-૮-૧૯૭૬, શ્લોક-૫૮-૫૯, પ્રવચન નં. ૧૬૬

૫૮મો કળશ ચાલે છે. '**અજ્ઞાનને લીધે મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી...**' ખારી જમીનમાં સૂર્યના કિરણના સંયોગથી જળ જેવું દેખાય, એમાં મૃગલા પાણી પીવા જાય છે. એ અજ્ઞાન મૂરખ છે એમ કહે છે; એમ ભગવાન આત્મા પોતામાં આનંદ છે એને છોડીને રાગમાં સુખબુદ્ધિ મૃગજળ જેવી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલાં કહ્યું

હતુંને એ હાથીને ઘાસ અને ચૂરમું. ઘાસની સાથે ચૂરમું ખાય છે. ઘાસ જુદું અને ચુરમુ જુદું છે એની ખબર નથી. આહા..હા..! એમ ભગવાન આત્મા પોતાનો અતીન્દ્રિય આનંદરસ અને રાગનો રસ દુઃખરૂપ બેને ભિન્ન ન જાણતા રાગના રસનો સ્વાદ અનાદિથી લે છે. આહા..હા..! આ તો મુદ્દાની રકમની વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

'**અજ્ઞાનને લીધે મૃગજળમાં જળની બુદ્ધિ હોવાથી હરણો તેને પીવા દોડે છે; અજ્ઞાનને લીધે અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી લોકો (ભયથી) ભાગી જાય છે;...**' છે તો દોરડી. દોરડી સમજો છોને? રસ્સી. એમાં સર્પ દેખાય. આમ વળ હોય અને અંધારું હોય તો સર્પ છે (એમ લાગે). આહા..હા..! અજ્ઞાનને કારણે છે. આહા..હા..! '**અને (તેવી રીતે) અજ્ઞાનને લીધે આ જીવો, પવનથી તરંગવાળા સમુદ્રની માફક વિકલ્પોના સમૂહ કરતા હોવાથી—**' આહા..હા..! જુઓ, અહીં તો વિકલ્પને કરવું એ અજ્ઞાન છે એમ બતાવવું છે. હવે આ લોકોને એટલું બિચારાને લાગે છે. વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર.. આજે આવ્યું. ખૂબ આવ્યું છે જૈન ગેજેટમાં. ખબર નથી, ખબર નથી એને. વ્યવહારથી નિશ્ચય થાય. વ્યવહાર વિના રસ્તો બીજો નથી. અરે પ્રભુ! વ્યવહાર તો રાગ છે, દુઃખ છે. દુઃખથી આત્માના આનંદનો અનુભવ થાય? આહા..હા..! ક્યાંક કહ્યું છે, એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે, નહિતર પૂર્વાપર વિરોધ થઈ જશે. સમજાણું કાંઈ? આત્મામાં આનંદરસ છે. 'અનુભવ માર્ગ મોક્ષનો...' એમ કહ્યુંને.

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.

ત્યાં એમ નથી કહ્યું કે વ્યવહારનો વિકલ્પ મોક્ષમાર્ગ છે. આહા..હા..! વ્યવહાર આવે છે, હોય છે પણ એનાથી આત્માના આનંદનો નિશ્ચય અનુભવ થાય, મોટી વિપરીત દૃષ્ટિ છે, ભાઈ! અનાદિનું એ શલ્ય પડ્યું છે. સમજાણું? હજી શ્રદ્ધામાં પક્ષ પણ નથી કે આત્માને પોતાના આનંદની દશા પ્રગટ કરવામાં વ્યવહારની અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અજ્ઞાનને લીધે આ જીવો, પવનથી તરંગવાળા સમુદ્રની માફક વિકલ્પોના સમૂહ કરતા હોવાથી...**' આહા..હા..! કર્તા બતાવવું છેને. શુભ-અશુભ વિકલ્પનો કર્તા થઈ વિકલ્પ કરે છે. આહા..હા..! શું કહ્યું? '**शुद्धज्ञानमयाः अपि**' પ્રભુ તો સ્વયં શુદ્ધજ્ઞાનમય છે. એકલો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ પ્રભુ આત્મા તો છે. '**તોપણ...**' ભાષા જુઓ, '**આકુળતા બનતા થકા...**' વિકલ્પ જે રાગાદિ છે એમાં આકુળિત થતા થકા '**પોતાની મેળે કર્તા થાય છે.**'

કળશટીકામાં તો એ લીધું છે કે આત્મા તો જ્ઞાનમય હોવા છતાં પોતાની મેળે બળજોરથી કર્તા થાય છે એમ લખ્યું છે. ભાઈ! અંદર જ્ઞાનસ્વરૂપ છે એ કરે કોને? પણ અજ્ઞાનને કારણે બળજોરીથી રાગનો કર્તા થાય છે. આહા..હા..! ત્યાં '**कर्त्रीभवन्ति**' છેને, ભાઈ! એમાં એ અર્થ લીધો છે. બળજોરીથી, વસ્તુમાં છે નહિ. રાગ, વિકલ્પ, જે દયા, દાન, વ્રતાદિ એ

અંદરમાં છે જ નહિ. આહા..હા..! પણ પોતાનું જોર ઊંધા અલ્પ બળને કારણે... આહા..હા..! જ્ઞાનમય વસ્તુ પ્રભુ તો જ્ઞાનસ્વરૂપ છે એમાં રાગનો કર્તા ક્યાંથી થાય? એ તો નિર્વિકારી ચીજ આનંદકંદ પ્રભુ છે. સમજાણું કાંઈ? સમુદ્રમાં જેમ પવનના નિમિત્તે તરંગ ઉઠે છે એમ અજ્ઞાની પોતામાં વિકલ્પ ઉઠાવે છે. 'બળજોરીથી ઉઠાવે છે' એવો શબ્દ છે. ભારે કરી. બળજોરીનો અર્થ શું? કે જ્ઞાનસ્વરૂપી એ તો ચૈતન્ય જ્ઞાનમય છે. એમાં રાગનો કર્તા ક્યાંથી થાય? સમજાણું કાંઈ? નિર્વિકારી ચીજ ભગવાન આત્મા છે એમાં વિકારનો કર્તા ક્યાંથી થાય? અજ્ઞાની બળજોરથી વિકારનો કર્તા થાય છે. આહા..હા..!

**શ્રોતા** :— અજ્ઞાનબળથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— હા, અજ્ઞાનબળથી. ઊંધુ કાઢે છે. છે નહિ એમાં નાશ ક્યાં કર્યો? એમ કહ્યુંને જુઓ, **'જોકે તેઓ શુદ્ધજ્ઞાનમય છે...'** સમજાણું કાંઈ? ૫૮ છેને? **'સર્વ સંસારી મિથ્યાદષ્ટિ જીવ સહજથી શુદ્ધસ્વરૂપ છે...'** શુદ્ધ જ્ઞાનનો અર્થ કર્યો. સ્વભાવિક શુદ્ધ ચૈતન્યઘન એ તો દ્રવ્યસ્વભાવ એવો છે. **'તોપણ મિથ્યાદષ્ટિને લીધે...'** અજ્ઞાનનું કારણ કહ્યુંને, **'अज्ञानात्'** વિપરીત માન્યતા, વસ્તુની દૃષ્ટિની ખબર નહિ કે શું ચીજ છે. આહા..હા..! એ તો જ્ઞાનનો પિંડ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ છે એનો. એ જ્ઞાનપિંડ કરે કોનું? જાણનહારા રહે કે કર્તા રહે? આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનપિંડ છે, જ્ઞાયકસ્વરૂપ છેને.

**'આકુલિત થતા થકા...'** **'कर्त्रीभवन्ति'** **'બળજોરીથી જ કર્તા થાય છે.'** ગુજરાતી શબ્દ છે પણ હિન્દીમાં બળજોરીથી. આહા..હા..! શું કહે છે? જ્ઞાનસ્વરૂપ એમાં ... ક્યાંથી આવી? કારણ કે વસ્તુ તો શુદ્ધ ચૈતન્યઘન છે. એ તો જ્ઞાતા-દૃષ્ટા છે. રાગ આવે એને જાણનારો રહે છે. કેમકે એ જ્ઞાનસ્વરૂપ છે. તો રાગ આવે છે, વ્યવહાર આવે છે, પણ જ્ઞાનસ્વરૂપ હોવાથી જાણનાર રહે છે. સમજાણું કાંઈ? મોટી વાત. મૂળમાં ભૂલ છે આ.

અજ્ઞાનને લીધે **'આકુલિત થતા થકા બળજોરીથી...'** એ શુભ-અશુભ રાગનો કર્તા, વિકલ્પના સમૂહનો કર્તા, વિકલ્પના સમૂહનો કર્તા (થાય છે). આ મેં કર્યું, મેં આ કર્યું, મેં દયા પાળી, મેં વ્રત પાળ્યા, મેં ભક્તિ કરી, મેં પૂજા કરી—એવા રાગનો જ્ઞાનસ્વરૂપી ભગવાન હોવા છતાં મિથ્યાશ્રદ્ધાના જોરથી બળજોરીથી વિકાર પુણ્ય-પાપનો કર્તા થાય છે. આકરી વાત. વ્યવહારરત્નત્રયનો ભાવ એ શુભ છે. એ શુભનો કર્તા સ્વરૂપમાં નથી. સ્વરૂપ તો જ્ઞાનસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, શેઠ! આ તમારે તમાકુ-બમાકુના કર્તા-ફર્તા છે નહિ. એની તો વાત પણ નથી. આહા..હા..! સોનગઢમાં શેઠ આવ્યા છેને. આહા..હા..!

ત્રણે કાળમાં ભગવાન આત્મા તો શુદ્ધજ્ઞાનમય છેને. એ શુદ્ધજ્ઞાનમય કરે કોનું? એ જાણવાનું કામ કરે કે કર્તા થઈને કરે? આહા..હા..! બહુ વાત.. ત્રણલોકના નાથની આ વાત છે. સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે હું સર્વજ્ઞ થયો એ અમારા સ્વભાવમાં સર્વજ્ઞપણું હતું એમાંથી અમે થયા છીએ. સમજાણું કાંઈ? રાગ વ્યવહાર હતો માટે સર્વજ્ઞ થયા (એમ નથી). એ વાત

હતી નહિ એટલે લોકોને નવી લાગી અને નિશ્ચયાભાસ છે, એકાંત છે. બહુ લખ્યું આજે. કો'ક દેવેન્દ્ર છે. ભાઈ કહેતા હતા. સમજાણું કાંઈ? શ્રીપાળજી કહેતા હતા. કોઈ દેવેન્દ્ર છે. કીધું. .. બહુ વિરુદ્ધ લખ્યું છે. બહુ લખ્યું છે. .. આંકડા બહુ લખ્યા છે. એ ત્યાં મુંબઈ વ્યાખ્યાન કરવા જવાના છે તેરાપંથીમાં, એમ લખ્યું છે. આમાં હશે? શું કહેવાય આપણે? .. જાય છે? તેરાપંથી તો એ જ છે. એમાં લખ્યું છે. બહુ વિરોધ. એટલા બધા .. અરે ભગવાન! અને ત્યાં સુધી લખ્યું છે કે સનાવતમાં મંદિરમાં આહાર કર્યો એણે અને રાત્રે પણ કર્યો એમ કોઈ કહે છે. અરર..! સમજાણું કાંઈ? ભાઈનું નામ નાખ્યું છે. ચેતનવિજયનું. ચેતનવિજય પણ રાતે જમે છે એમ સાંભળ્યું છે. આહા..હા..! આવું સાંભળ્યું. આવી વાતે.. બાપા! ભાઈ! મોટો આળ છે. સમજાણું કાંઈ?

અહીં તો દુકાન ઉપર હતા પાંચ વર્ષ ત્યાં પણ રાત્રે આહાર-પાણી નહોતા લેતા. નહિતર ધંધો ચાલતો હતો, દુકાને બેસીએ આખો દિવસ, ગરમી હોય, તોપણ પાણી પણ નહોતા પીતા. એ તો જુવાન શરીર હતુંને નાની ઉંમરે. પાણી નહિ. રાત્રે આહાર નહિ. રાતે તૃષા લાગી જાય બહુ. એકવાર તો બહુ તરસ લાગી.. આમ તો સદાય નહોતો લેતા. એકવાર બહુ તૃષા લાગી તો ખાનગીમાં પાણી પી લીધું અંદર. આખી દુકાનનો ધંધો હોય. થડે બેસવું હોય. માલ લેવો-દેવો. એકવાર એવી ભૂલ થઈ ગઈ, પણ એ તો ઘણા વર્ષની વાત છે. ૧૯૬૫માં કે ૬૪. ૬૩-૬૪ની વાત છે. ત્યાં બધા બેઠા હતા, હું અંદર જઈને પી આવ્યો. પછી તો એમ થયું અરે..! એ સિવાય રાત્રે આહાર-પાણી નહિ. આહા..હા..! ૬૫ની સાલથી. કેટલા વર્ષ થયા? દવા શેની, પાણી શેનું રાત્રે. બરફ પાણીના મૂકે, ફલાણું... આહા..હા..! એ તો સહજ મારી તો પહેલેથી વાત છે કે જૈન હોય એને રાત્રિભોજન તો હોય જ નથી. કેમકે રાતે ભોજનમાં ત્રસ બહુ પડે છે. સમજાણું કાંઈ? રાત્રે ભોજનમાં ખીચડી, કઢીમાં ફોદા પડી જાય. એ ત્રસનો ખોરાક છે. સમજાણું કાંઈ?

શરૂઆતમાં સમ્યગ્દર્શન ન હોય તોપણ જૈનમાં રાત્રિ ભોજન તો હોવું ન જોઈએ. કેમકે એમાં ત્રસ હોય છે. સમજાણું કાંઈ? બત્તી ભલે હોય, પણ બત્તીમાં ... દેખાય? ઝીણા જીવ પડી જાય કઢીમાં, ઊના દૂધમાં ખીચડી હોય ઊની. રાત્રે ખરેખર તો જૈન નામ ધરાવનારને રાત્રિભોજન ન હોવું જોઈએ. સમજાણું કાંઈ? એ તો અમે પહેલેથી પોકાર કરીએ છીએ. એક એ અને એક આચાર-અથાણા કહે છેને. એની અંદર ત્રસ ઉત્પન્ન થાય છે.

એકવાર મેં કહ્યું હતુંને. ૨૦ માણસ સાથે જમતા હતા રસોડે. ત્યાં પડી હતી બરણી ભરીને. ૩૦ માણસ હતા. દુકાન ચાલુ હતી. એ તો આ લઈ આવ્યો. આંબા, આંબાના શું કહેવાય? કેરીનું. કેરીનું અથાણું. કેરી એટલે આમનો આચાર. હું એકવાર ગયો તો અંદર મેલા કપડા અને કંથવા કપડામાં એટલા. એકદમ લાવે તો એ કંથવા અંદર પડે. ઝીણા ઝીણા કંથવા. મરી જાય. એ આથણાનો ખોરાક ન હોય! જૈનને ત્રસનો ખોરાક! સમજાણું કાંઈ?

અમરચંદભાઈ! ત્યારથી છોડી દીધા અથાણા નહિ અને રાતે (જમવું) નહિ. અરે..! જેમાં કંથવા પડે, બાપુ! એકેન્દ્રિયની જુદી વાત છે, પણ ત્રસ અંદર કંથવા, ફુદા, ઉડતી જીવાત પડે. એ ખોરાક જૈનને હોય નહિ. ... સમજાણું કાંઈ? આ કહે કે રાત્રે આહાર કર્યો. અરે ભગવાન! આ શું કર્યું? ભાઈ! તારે શું કરવું છે પણ તારે?

અહીં તો એ કહે છે કે પોતાના આનંદના રસને ભૂલીને વિકલ્પના રસમાં અજ્ઞાની પડે છે તો એને આનંદનું સુખ ન આવતા વિકલ્પનું દુઃખ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે દરેક પ્રાણી સુખને ઇચ્છે છે, સુખને ઇચ્છે છે. '**सुखन्ति सन्ति ते नरा, न सुखन्ति सुख कारणं**' સુખને ઇચ્છે પણ સુખના કારણને ઇચ્છતો નથી. '**न इच्छन्ति दुःखं**' પણ દુઃખ કારણ છોડતો નથી. આહા..હા..! આત્મામાં સુખ છે, પ્રભુ! આનંદકંદ છે. આહા..હા..! એ સુખની દૃષ્ટિ ન હોય અને રાગમાં સુખબુદ્ધિ હોય, વ્યવહારરત્નત્રયમાં હિતબુદ્ધિ હોય તો એ તો દુઃખબુદ્ધિ છે. આહા..હા..! અને દુઃખથી આત્માના આનંદની પ્રાપ્તિ થાય? કહ્યુંને એ,

વસ્તુ વિચારત ધ્યાવતે, મન પામે વિશ્રામ,
રસસ્વાદત સુખ ઊપજે અનુભવ તાકો નામ.

આહા..હા..! એનો હજી પક્ષ અને પ્રતીત તો કરે. પક્ષ ઊંધા લઈને બેસે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા 'વસ્તુ વિચારત ધ્યાવતે...' આનંદના નાથનો વિચાર કરતાં ધ્યાન ચડી જાય અંદરમાં. 'વસ્તુ વિચારત ધ્યાવતે, મન પામે વિશ્રામ,...' વિકલ્પ ત્યાં ઠરી જાય. આહા..હા..! 'રસ સ્વાદત સુખ ઉપજે...' આત્માના આનંદના રસનો સ્વાદ આવે છે ત્યાં સુખ ઊપજે 'અનુભવ તાકો નામ.' એનું નામ અનુભવ કહે છે, એનું નામ ધર્મની દશા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એક આ 'અનુભવ રત્નચિંતામણી, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો...' એમ ત્યાં કહ્યું. એમ નથી કહ્યું કે વ્યવહારરત્નત્રય મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે..! એને સત્યનું શરણું લેવું કઠણ પડે છે અને આનાથી થઈ જાય, આનાથી થઈ જાય. ભાઈ! એ તો અનંતકાળ કાઢ્યા. એ અહીં કહે છે.

'**દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી લોકો (ભયથી) ભાગી જાય છે;...**' આહા..હા..! '**અને (તેવી રીતે) અજ્ઞાનને લીધે...**' '**शुद्धज्ञानमयाः अपि**' આહા..હા..! શુદ્ધજ્ઞાનમય પવિત્ર જ્ઞાનમય પ્રભુ, એવો હોવા છતાં '**વિકલ્પોના સમૂહ કરતા હોવાથી-**' છેને? '**विकल्पचक्र**' છે ને? '**विकल्पचक्रकरणात्**' વિકલ્પના ચક્ર ચડાવે. આ કર્યું... આ મેં દયા પાળી, વ્રત કર્યા, ભક્તિ કરી. રાગના વિકલ્પનો કર્તા થાય છે. માર્ગ આવો છે, ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? અરેરે..! કેટલો વખત તો એના કુટુંબ, પરિવારને માટે વેપાર-ધંધામાં જાય, એકલા પાપના. ભોગવવા પડે એને. કરે આને નામે કે મારે આ છોકરા, મારી બાયડી છે. ૨૦ કલાક તો એનામાં જાય. રાત્રે ૬-૭ કલાક ઊંઘતો હોય લ્યોને. ૮-૧૦-૧૨ કલાક. આનું કરવું છે, એનું કરવું, એનું કરવું છે. કરતાં-કરતાં.. ભાઈ! તારી સુખબુદ્ધિ

ગયા વિના ક્યાં જઈશ તુ? તારામાં સુખ છે, હું પરનો કર્તા નથી, પરને કારણે હું કાંઈ કરતો જ નથી. આહા..હા..!

અહીં તો ત્યાં સુધી કહ્યું, પ્રભુ! તુ તો શુદ્ધજ્ઞાનમય છોને, પ્રભુ! તો અશુભનો કર્તા થાય છે અને સાથે શુભનો કર્તા થાય છે એ વિકલ્પના ચક્રના સમૂહનો કર્તા થાય છે. આહા..હા..! કહો, પોપટભાઈ! થાણામાં બેઠા હોય અને લાદી થાતી હોય. આ તો દાખલો હોં! એમ બધાને. એકની ક્યાં વાત છે આ માર્ગ આવો છે. આહા..હા..! મલૂકચંદભાઈનો દીકરો લ્યો ને ત્યાં પાંચ કરોડ રૂપિયા. શું નામ? પૂનમ. પૂનમચંદ. એ .. ઓલામાં શું કહેવાય? ચશ્મા-ચશ્માને? ઘડિયાળ. ઘડિયાળ. એકવાર લઈ ગયા હતા ત્યાં. અરેરે..! આ ઉપાધિ. દુકાને લાવીને હજાર-હજારની પેદાશ. ઘડિયાળને? ઘડિયાળ સોનાની. સોનું, સોનું. એ દરરોજ કાંઈક કહેતા હતા. એટલા તોલા એક દિવસમાં ચડે છે. એક જણો કહેતો હતો. એ કેટલા કહ્યું હતું એણે? એક દિવસમાં સોનાની ઘડિયાળમાં સો તોલા, બસ્સો તોલા ચડાવે છે. એના મામાના દીકરો રાખ્યા છે. પૈસા ઘણા. અરેરે..! એમાં મરી જાય છે. ઘડિયાળમાં સોનું હોય ને? એ કહેતા હતા ત્યાં. આટલા તોલા એક દિવસમાં સોનાની ઘડિયાળ ઉપર ચડાવે. એમાં રાજી-રાજી (થઈ જાય). અમે કેટલાના પોષણ કરીએ છીએ. એય.. મલૂકચંદભાઈ! એમના દીકરા. આહા..હા..! પ્રભુ! તારે શું કરવું છે, ભાઈ?

અહીં તો પરમાત્મા એમ કહે છે, પ્રભુ! તું તો ત્રણલોક, ત્રણકાળનો જ્ઞાતા-દૃષ્ટા છોને. તારો સ્વભાવ જ ત્રણકાળ, ત્રણલોકને જાણવા-દેખવાનો છે અને કોઈ ચીજ મારી એવું તારા સ્વભાવમાં છે જ નહિ. અને ત્રણકાળ, ત્રણલોકના સર્વ પદાર્થને જાણ્યા વિના પૂર્ણ જાણવું ત્યારે થાય છે. ભલે શ્રુતજ્ઞાન હોય. દરેક પદાર્થ. રાગથી માંડીને રજકણનો જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં શબ્દ કહ્યોને. '**शुद्धज्ञानमयाः**' '**शुद्धज्ञानमयाः**' શુદ્ધજ્ઞાનવાળો એમ પણ નહિ. આહા..હા..! એ તો પવિત્ર જ્ઞાનમય પ્રભુ છેને. આહા..હા..! જેમ સૂર્ય પ્રકાશનો પિંડ છે, એમ આ ચૈતન્યપ્રકાશનો પિંડ આખો સૂર્ય છે. એમ હોવા છતાં '**અજ્ઞાનને લીધે...**' આહા..હા..! છે? '**आकुलाः कर्त्रीभवन्ति**' આહા..હા..! '**જોકે તેઓ શુદ્ધજ્ઞાનમય છે તોપણ—આકુળતા બનતા થતા...**' '**स्वयम्**' '**कर्त्रीभवन्ति**' જુઓ, કોઈ કર્મને કારણે એવી કર્તાબુદ્ધિ થાય એમ નથી, એમ કહે છે. આહા..હા..! શું ટીકા તે ટીકા!! આહા..હા..! આત્મખ્યાતિ આ ટીકાનું નામ છે. '**પોતાની મેળે કર્તા થાય છે.**' છે નહિ સ્વભાવમાં પણ બળજોરી અજ્ઞાનને કારણે રાગનો કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અજ્ઞાનથી શું શું નથી થતું?**' આહા..હા..! શું-શું નથી થતું? '**હરણો ઝાંઝવાંને જળ જાણી પીવા દોડે છે...**' હરળ ઝાંઝવાંના જળ. મૃગજળને જળ સમજી પીવા દોડે છે. આહા..હા..! અજ્ઞાનથી શું-શું નથી થતું? સિંહણના બચ્ચાને એની માતાનો

ખ્યાલ છે. બચ્ચાને કે આ મારી મા છે. એને ડર નથી. જ્ઞાન છેને. સમજાણું કાંઈ? મારી માતા છે. એટલું સિંહનું બચ્ચું પણ અંદર ધાવે. આહા..હા..! ખબર કે આ માં છે. અજ્ઞાનને લીધે.. આહા..હા..! એક કૂતરું જોવે તો ડરે ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાન થયું કે આ તો મા છે, પછી ડર શેનો? આહા..હા..! એમ ભગવાન આત્મા શુદ્ધજ્ઞાનમય છે એવા ભાનમાં રાગનો કર્તા ક્યાંથી થાય? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એમ કે આ સમયસાર જ વાંચે છે. ચાર અનુયોગ તો વાંચતા નથી. ભાઈ! આમાં બધું આવી જાય છે, બાપા! પરમાત્મપ્રકાશ પણ એ અધ્યાત્મ ગ્રંથ છેને. અરે..! એને વાંધા બહુ પડે. અરુચિ થઈ ગઈ, અરુચિ. સત્યની અરુચિ થઈ ગઈ બિચારાને. આહા..હા..!

અહીં તો કહે છે કે '**અજ્ઞાનથી શું-શું નથી થતું? હરણો ઝાંઝવાને જળ જાણી પીવા દોડે છે અને એ રીતે ખેદખિન્ન થાય છે. અંધારામાં પડેલા દોરડાને સર્પ માનીને માણસો ડરીને ભાગે છે. તેવી જ રીતે આ આત્મા, પવનથી ક્ષુબ્ધ થયેલા સમુદ્રની માફક,...**' પવનથી ક્ષુબ્ધ. પવન ડોલાડોલ દરિયો થઈ જાય છે. આહા..હા..! '**સમુદ્રની માફક, અજ્ઞાનને લીધે અનેક વિકલ્પો કરતો થકો...**' આહા..હા..! પાંચ-પાંચ વર્ષના બાળક મરી જાય, બબ્બે વર્ષના આ ક્ષયમાં જોયા નથી? ક્ષયમાં બે વર્ષનો કોઈ બાળક હતો એને ક્ષય. ઓહો..હો..! આજે તો કાંઈક સાંભળ્યું છે ભાઈ, ઘણા વર્ષથી પ્લેગ નથી. બીજે પ્લેગ છે ક્યાંક. મરકી શરૂ થઈ છે. પૂનમચંદ કહેતા હતા કાગળ આવ્યો છે કો'કનો. રાજસ્થાનને? રાજસ્થાનમાં આ મરકી પ્લેગ. પ્લેગ નથી કહેતા? જોયું છેને. પ્લેગ કહો, મરકી કહો, બીજું શું કીધું નામ? નામ કહેતા હતા ત્રીજું. પૂનમચંદ કહેતા હતા. શું નામ? પ્લેગ, મરકી અને બીજું શું? હેજા-હેજા. એ નામ કીધું હતું. અમે તો અહીં પ્લેગને જોયું છે. સાથળમાં ગાંઠ થાય. બે-ત્રણ દિવસ પછી મરી જાય. મરકી શરૂ થઈ છે ક્યાંક. હમણા તો સાંભળ્યું નહોતું. ત્યાંથી પત્ર આવ્યો છે રાજસ્થાનમાંથી. પ્લેગ શરૂ થયો છે અહીંયાં. મરકી- મરકી, હેજા. ઘણા વર્ષથી નહોતું હિન્દુસ્તાનમાં. અશાતાનો ઉદય. આહા..હા..! પ્લેગ આવ્યો એટલે બિચારાને ડર એમ કે બે-ત્રણ દિવસમાં મરી જાશું. અરેરે..! આવા દુઃખને સહન કર્યા, પણ હું આત્મા જ્ઞાનમય છું એવો અનુભવ ન કર્યો. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** સાંભળવા તો મળે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સાંભળ્યું, પણ સાંભળ્યા પછી કરવાનું તો એને છેને, ભાઈ! આહા..હા..! વાત સાચી પહેલું સાંભળવા મળે તો એને ખ્યાલમાં આવેને. આહા..હા..!

**શ્રોતા :—** પ્રચારની જરૂર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પ્રચારની જરૂર બહુ છે. એ અંદર સ્વાર્થ. સાગરને બધે ફરો એમ કહે છે. સાગર-બાગર ને ફરો બધે ઠેકાણે. ભાઈ! અહીં તો આ છે. આહા..હા..!

'**અજ્ઞાનને લીધે અનેક વિકલ્પો કરતો થકો ક્ષુબ્ધ થાય છે...**' ક્ષુબ્ધ. જેમ પવનથી

સમુદ્ર (ક્ષુબ્ધ થાય), એમ ભગવાન આનંદનો નાથ જ્ઞાતા-દ્રષ્ટા અનેક પ્રકારના વિકલ્પ-રાગને કરીને ક્ષુબ્ધ થાય છે, આકુળતાનું વેદન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે મોહ. મોહ જગતની મોહજાળ. આહા..હા..! મારી નાખ્યા બિચારાને મોહજાળે. એ મોહજાળ પોતે કરી. પોતે કરી છે હોં! કોઈ કરાવતું નથી. આહા..હા..! આપણે આવ્યું હતું. નહિ? માયાજાળ. પરમાત્મપ્રકાશમાં આવ્યું હતું. માયાજાળ એ. આ માયાની જાળું બધી પકડાઈ ગઈ. આહા..હા..! જેમ જાળમાં માછલા પકડે છેને. શું કહેવાય એ? જાળ-જાળ. એમ માયાજાળમાં જગત પકડાઈ ગયું. આહા..હા..! વેદાંત તો એમ કહે છે માયા—યા-મા-એ નથી. એમ નહિ. છે. આત્મા સત્યં, જગત મિથ્યા એમ કહે છે. મિથ્યા પોતાની અપેક્ષાએ મિથ્યા છે. જગત તો છે. જગત અનાદિ-અનંત છે. માયાજાળ વસ્તુ છે, અવસ્તુ નહિ. સમજાણું કાંઈ? આત્મા સત્ય અને જગત મિથ્યા. એનો અર્થ એ કે મારી વસ્તુમાં જગત નથી, પણ જગત જગતમાં નથી (એમ નથી). વેદાંત એમ કહે છે કે નહિ, સર્વ એક જ આત્મા માનો. માયાજાળ ભ્રમ-કલ્પના છે. એ ભ્રમ-કલ્પના શું ચીજ છે? સમજાણું કાંઈ? ભ્રમ-કલ્પના રાગ થયો, એ કલ્પના બીજી ચીજ થઈ ગઈ, અદ્વૈત ન રહ્યું. આહા..હા..! અરેરે..! વેદાંતનો મોટો કેડાયત છેને અત્યારે. સુધરેલવાળા એમાં બહુ ગરે છે.

અહીં કહે છે, **'અજ્ઞાનને લીધે અનેક વિકલ્પો કરતો થકો ક્ષુબ્ધ થાય છે અને એ રીતે—જોકે પરમાર્થે તે શુદ્ધજ્ઞાનઘન છે...'** જુઓ, ઓલામાં શુદ્ધજ્ઞાનમય કહ્યું હતુંને. ભગવાન તો શુદ્ધજ્ઞાનઘન છે. બરફની પાટ નથી હોતી? બરફ, બરફ. મુંબઈમાં ૧૫-૧૫ મણ, ૨૦-૨૦ મણ બરફની પાટ. ખુલ્લા ખટારામાં જતી હોય છે, અમે જોઈ છે. એકલો બરફ. બરફની પાટ. ૧૫-૧૫ મણ, ૨૦-૨૦ મણ. એક ખટારામાં ૩-૩, ૪-૪ ભરી હોય. એમ આ ભગવાન આત્મા આનંદની પાટ છે. એ તોલદાર છે. આ તોલ નહિ, અરૂપી છે. આહા..હા..! રાગ વિનાની તારી ચીજને જો તો એકલી આનંદની પાટ છે. આહા..હા..! બરફની પાટ જેમ છે એમ આનંદની પાટ એકલી છે. આહા..હા..! એકલા જ્ઞાનની પાટ છે. એમ હોવા છતાં અનાદિથી વિકલ્પનો કર્તા થાય છે અને દુઃખી થાય છે. આહા..હા..!

**'જ્ઞાનથી આત્મા કર્તા થતો નથી એમ હવે કહે છે :—'** લ્યો! સમ્યગ્જ્ઞાન થયો તો એ રાગનો કર્તા થતો નથી. જ્ઞાતા રહે છે. આહા..હા..! ૫૯.

ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो
जानाति हंस इव वाःपयसोर्विशेषम्।
चैतन्यधातुमचलं स सदाधिरूढो
जानीत एव हि करोति न किञ्चनापि।।५९।।

**'શ્લોકાર્થ :—'** 'हंसः वाःपयसोः इव' **'જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને (તફાવતને) જાણે છે...'** આહા..હા..! હંસની ચાંચમાં ખટાશ હોય છે. ખટાશ કહે છેને?

ખટાઈ. તો એ દૂધ ને પાણી પડ્યું હોય. અધમણ દૂધ અને દસ શેર પાણી. ચાંચ નાખતા દૂધ કોકડુ વળી જાય અને પાણી છૂટું પડી જાય. અન્યમતિમાં કહે છેને, આ હંસ છે અને આ પરમહંસ છે. એ હંસ નહિ, અંદર આત્મા હંસ છે. રાગ પાણી છે અને આત્મા જ્ઞાન દૂધ સમાન છે. એ દૂધ અને પાણીને જેમ હંસ ભિન્ન કરે છે, એમ આત્મા હંસલો પોતાના સ્વભાવને અને રાગને ભિન્ન કરે છે, એનું નામ હંસલો આત્મા કહીએ, બાકી કાગડા કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? પંડિતજી! આહા..હા..! પ્રભુ! એની મોટપ તો પ્રભુ.. તને ખબર નથી.

વસ્તુ અરૂપી પણ અરૂપી છતાં એ વસ્તુ છે કે નહિ? જેમ રૂપી વસ્તુ છે એમ અરૂપી વસ્તુ છે કે નહિ? અરૂપી એટલે કાંઈ નહિ એમ છે? સમજાણું કાંઈ? અરૂપી એટલે રૂપ નહિ, પણ રૂપ નહિ પણ વસ્તુ છે કે નહિ? આહા..હા..! અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિરૂપી અરૂપી સ્વભાવનો પિંડ છે. અરૂપી એટલે અ-રૂપી-અમૂર્ત. અ એટલે કાંઈ નહિ એમ છે? અરૂપી એટલે મહાન પદાર્થ જ ઈ એક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**हंसः वाःपयसोः इव**' છેને? '**वाः**' એમ લીધું, જુઓ, '**તેમ જે જીવ જ્ઞાનને લીધે...**' ધૂધ અને પાણીના તફાવતને જાણે છે. એમ ધર્માત્મા '**જ્ઞાનને લીધે...**' આહા..હા..! પોતે જ્ઞાનસ્વરૂપ અને રાગરૂપ ભિન્ન છે એવા જ્ઞાનને લીધે '**વિવેકવાળો (ભેદજ્ઞાનવાળો) હોવાથી...**' આહા..હા..! ભેદજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ હંસની પેઠે દૂધ અને પાણી જેમ જુદાં કરે છે, એમ રાગ અને ભગવાન જ્ઞાનસ્વભાવને જુદાં કરે છે, રાગ અને આત્માને એક કરતાં નથી. આહા..હા..! આ વાત આવી, ભાઈ! હવે લોકોને આ બહારથી આ કરતાં કરતા કાંઈક થાય. હવે એ તો અનંતવાર કર્યું. સાંભળને. સમજાણું કાંઈ? કર્તા વિનાની એ ચીજ અકર્તૃત્વ. એમાં લખ્યું છેને? 'કરે કર્મ સોહી કરતારા, જો જાને સો જાનનહારા; જાને સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાને નહિ કોઈ.' આહા..હા..! રાગનો કર્તા થાય છે એ જ્ઞાતા રહી શકતો નથી અને જ્ઞાતા રહે છે એ રાગનો કર્તા થઈ શકતો નથી. આહા..હા..! આ વાત આવી અંદરમાં. બહારની ક્રિયા શરીરાદિની તો નહિ, એ તો જડની ક્રિયા છે, પણ અંદર શુભરાગ થયો એનો પણ આત્મા કર્તા નથી. કેમકે એ વિકાર છે અને ભગવાન તો અવિકારી શુદ્ધજ્ઞાનઘન છે. આહા..હા..!

જ્ઞાનને લીધે રાગ અને આત્મા... છે? '**જ્ઞાનને લીધે વિવેકવાળો (ભેદજ્ઞાનવાળો) હોવાથી પરના અને પોતાના...**' પર નામ રાગ અને પોતાના નામ આનંદસ્વભાવ, જ્ઞાનસ્વભાવ '**વિશેષને જાણે છે...**' બે એક નથી પણ ભિન્ન જાણે છે. આહા..હા..! હું જ્ઞાનસ્વભાવ, રાગ દુઃખ—આકુળતાસ્વભાવ. હું આનંદસ્વભાવ, રાગ દુઃખસ્વભાવ. આહા..હા..! એવા બેનો ભેદ જ્ઞાની જાણે છે એનું નામ ભેદજ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પરના અને પોતાના વિશેષને જાણે છે તે (જેમ હંસ મિશ્રિત થયેલાં દૂધજળને જુદાં કરીને દૂધ ગ્રહણ કરે છે તેમ)...'** '**अचलं चैतन्यधातुम्**' આ સ્વની વ્યાખ્યા કરી. અચળ ચૈતન્યધાતુ. ચૈતન્યધાતુ જેણે ધારી છે. એમાં રાગ અચેતન છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગમાર્ગ, એણે પહેલું જાણવું તો પડેને. એમ ને એમ અનંતકાળ ગયા, ભાઈ! આહા..હા..! દુનિયા દુઃખી... દુઃખી... દુઃખી... અરે..! આ વાત એવી લાગે કે એકલો આ માર્ગ? એકલો આ એક જ છે. 'અનુભવ માર્ગ મોક્ષનો...' રાગનો માર્ગ એ મોક્ષનો નહિ, મોક્ષનો માર્ગ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અચળ ચૈતન્યધાતુ...'** ધ્રુવ ધાતુ. જ્ઞાનસ્વભાવ ચૈતન્યધાતુ જેણે અનાદિથી ધારી રાખી છે. આહા..હા..! એણે રાગ ધાર્યો છે એમ છે નહિ અંદરમાં. કેમકે રાગ સંસાર છે, રાગ છે એ આત્માએ ધારણ કર્યો છે એવો આત્મા છે નહિ. આહા..હા..! ભાષા તો જુઓ, **'અચળ ચૈતન્યધાતુમાં સદા આરૂઢ થયો થકો...'** આહા..હા..! જ્ઞાયકભાવ ઉપર આરૂઢ થયો થકો, ચૈતન્યસ્વભાવ ઉપર આરૂઢ થયો થકો, રાગથી ભિન્ન થઈને... આહા..હા..! **'માત્ર જાણે જ છે,...'** આરૂઢની વ્યાખ્યા કરી **'(અર્થાત્ તેનો આશ્રય કરતો થકો)'** એમ. ચૈતન્ય ત્રિકાળી વસ્તુનો આશ્રય કરતો થકો, અવલંબન લેતો થકો **'માત્ર જાણે જ છે,...'** રાગ આવે છે પણ માત્ર જાણે છે. ભાષા જુઓ, **'जानीत एव हि'** એમ શબ્દ છેને? 'જાણે જ છે.' **'માત્ર જાણે જ છે...'** આહા..હા..! આ સમ્યગ્દૃષ્ટિ અને ભેદજ્ઞાનીનું આ સ્વરૂપ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ચૈતન્યધાતુમાં સદા આરૂઢ...'** **'किञ्चन अपि न करोति'** **'કાંઈ પણ કરતો નથી (અર્થાત્ જ્ઞાતા જ રહે છે,...'** રાગના અંશનો પણ કર્તા થતો નથી. સમજાણું કાંઈ? ચાહે તો તીર્થંકરગોત્રનું.. 'ષોડશકારણ ભાવના ભાય...' આવે છેને? એ રાગનો કર્તા જ્ઞાની નથી. આહા..હા..! હોય છે, પણ એને પોતાના જ્ઞાનમાં ભેળવતો નથી. આહા..હા..! ભિન્ન-ભિન્ન રાખે છે. સમજાણું કાંઈ? આ વસ્તુનું સ્વરૂપ એવું છે, ભાઈ! આહા..હા..! **'किञ्चन अपि न करोति'** **'કાંઈ પણ કરતો નથી (અર્થાત્ જ્ઞાતા જ રહે છે, કર્તા થતો નથી).'** આહા..હા..!

**'ભાવાર્થ :— જે સ્વ-પરનો ભેદ જાણે તે જ્ઞાતા જ છે,...'** આહા..હા..! આ કરવાનું છે. સ્વ-પરનું ભેદજ્ઞાન કરવું એ કરવાનું છે. આહા..હા..! એની કિંમત લાગે નહિ અને રાગને કરે. ભાઈ! એ તો અનાદિથી કર્યું. એમાં શું છે? પહેલા શ્રદ્ધામાં તો પક્ષ કરે. આ..હા..! જ્ઞાનમય ભગવાન, રાગમય વિકાર બે ચીજ તદ્દન ભિન્ન છે. બેને એક માનવું એ મિથ્યાભ્રમ અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનમાં માને. ભાન થયા પછી? આહા..હા..!

એક મોઢ વાણિયા હતા. મોઢ. મોઢ હોય છેને? મોઢ વાણિયા નથી હોતા? આ ગાંધી

મોઢ હતા. એની પોતાની મા ગુજરી ગયેલા. નવી મા હતા. એના બાપ નવી પરણેલા. બાપ ગુજરી ગયેલા. પછી એની વહુ હતા એ ન્હાવા ગયેલા. સ્નાન કરવા. એની મા હતા એ એની વહુના લૂગડા પહેરેલા. એની વહુના કપડા એની નવી માએ પહેરેલા અને સૂતી હતી અને એ છોકરાને વિષયવાસના આવી. એટલે ઓલા કપડાને જોઈને લાગ્યું કે આ મારી સ્ત્રી છે. સ્ત્રી તો ન્હાવા ગઈ હતી. ... કેમ બેટા? વહુ ન્હાવા ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ન આવ્યું? આ ભાષા. આટલી સાદી ભાષા નથી સમજતા?

મોઢ વાણિયો હતો. એને નવી મા હતી. એ નવી મા એની પત્નીના કપડા પહેરીને સૂતી હતી. સ્ત્રી બહાર કપડા ધોવા ગઈ હતી. ગમે ત્યાં ગઈ હશે. એમાં આને વિષયવાસના થઈ એટલે સૂતી હતી એને પગ માર્યો જાગવા માટે. બાઈ સમજી ગઈ કે આ કપડા સ્ત્રીના છે એટલે દીકરો ભૂલી ગયો. બેટા! વહુ ન્હાવા ગયા છે. ફડાક થઈ ગયું. જ્ઞાન થયું કે આ તો મા જણેતા. ભલે નવી મા પણ માતા છેને. આહા..હા..! અને એણે એવું કહ્યું તરત. નાની ઉંમર. એ જાણે કે આ ભાઈ ભૂલી ગયો. કપડા સ્ત્રીના છેને એ ભૂલી ગયો. બેટા! વહુ ન્હાવા ગયા છે. આહા..હા..! માતા! ત્યાં દૃષ્ટિ ફરી ગઈ એકદમ.

એમ આત્મા આનંદનો નાથ પ્રભુ, ત્યાં રાગની દૃષ્ટિ ફરી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે. આ બનેલું છે હોં! બોટાદમાં. મોઢમાં. બહારમાં વાત આવેલી. મા પણ ખાનદાન બાઈ. ભાઈને બિચારાને એની સ્ત્રીના કપડા પહેર્યા છે. ભૂલી ગયો બિચારો. આહા..હા..! બેટા! વહુ ન્હાવા ગયા છે, ધોવા ગયા છે. આહા..હા..! એકદમ વૃત્તિ નષ્ટ થઈ ગઈ. એમ જ્યાં ભગવાન આત્મા રાગને પોતાનો માનતો હતો, રાગથી ભિન્ન પડ્યો જ્ઞાન-માતા, આત્મા જ્ઞાતા એ રાગનો કર્તા થતો નથી. જેમ વિષયની વાસના છૂટી ગઈ અને ભોગ નથી લેતો, એમ આત્મા આનંદકંદ પ્રભુ છે અને રાગ ભિન્ન છે તો રાગનો કર્તા થતો નથી. આહા..હા..! ભારે માર્ગ, બાપા! અહીંયાં તો સમ્યગ્દર્શન અને જન્મ-મરણરહિત થવાની વાત છે, ભાઈ! રતનલાલજી! આવી વાત છે, ભગવાન! મોંઘી પડે પણ પ્રભુ કરવી પડશે હોં. આહા..હા..! ચોર્યાસી લાખના દુઃખ બાપા સહ્યા ન જાય એવા દુઃખો સહન કર્યા છે. આહા..હા..!

છ ઢાળામાં તો આવે છે, તારા મરણ વખતે તારી માતાને આંસુની ધારા પડી, એ આંસુની ધારાનો સંગ્રહ કરે તો અનંતા સમુદ્ર, લવણ સમુદ્ર અનંતા ભરાય. અરે..! સ્વયંભુ ભરાય અનંત. આહા..હા..! તારા મરણ વખતે... આહા..હા..! અનંતવાર એવા દુઃખ સહ્યા. અનાદિઅનંત છે. આ લીંબડાના પત્તામાં, આ શું કહેવાય? ડુંગળી, લસણ એની કટકીમાં પૂર્વના માતા-પિતા એમાં પડ્યા છે. આહા..હા..! અનંત અવતાર કર્યા તેં માતા, બા. પ્રભુ! કાળ અનંત રહ્યો તું. તારી માતા અને તારો પુત્ર જેને વ્હાલપથી તેં માન્યા એ મરીને અંદર પડ્યા છે. આહા..હા..! ભાઈ! તું ભૂલી ગયો. આહા..હા..!

તું ભગવાનસ્વરૂપ પ્રભુ જ્ઞાતા છો, એને છોડીને રાગનો કર્તા થવું એ વ્યભિચાર છે. સમજાણું કાંઈ? કેમકે રાગ સંયોગીભાવ છે, સ્વભાવભાવ નથી. સંયોગીભાવની એકતા કરવી એ વ્યભિચાર છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આવું સાંભળ્યું પણ નથી ત્યાં મુંબઈમાં ક્યાં હતું ત્યાં. કહે છે તેથી તો અહીં આવ્યા છીએ. વાત સાચી. આહા..હા..! અરે.. આવી વાત, બાપા! અરે..! આવું પરમ સત્ય પ્રભુ, તને એની રુચિ અને આશ્રય ન આવે અને પરનો આશ્રય અને રુચિ (થાય), પ્રભુ! એ તો દુઃખની રુચિ છે, દુઃખની રુચિ છે. આહા..હા...!

**'અચળ ચૈતન્યધાતુમાં સદા આરૂઢ થયો થકો...'** આહા..હા..! આનંદના નાથ ઉપર દૃષ્ટિ કરીને આરૂઢ થયો થકો આહા..હા...! **'માત્ર જાણે જ છે,...'** **'जानीत एव हि'** **'જાણે જ છે.'** **'किञ्चन अपि न करोति'** આહા..હા..! રાગનો કણ હો શુભ આદિનો કિંચિત્ કર્તા થતો નથી. ગજબ વાત છે, પ્રભુ! આહા..હા..! હીરાભાઈ! આવી વાતું છે. એને ઠેકાણે આ કર્યા ને આ કર્યા અમે તો. પૈસા ભેગા કર્યા, બાપ પાસે નહોતા, પછી આમ કર્યું, આટલા પુસ્તક બનાવ્યા, એટલા હવેલીયું શું કહેવાય? હવેલીયું, મકાન અને હવેલી બનાવી. આહા..હા..! અરે પ્રભુ! ક્યાં તું ભાઈ! ક્યાં રહ્યો? શું તેં કર્યું? કરોળિયો જેમ જાળમાં પકડાઈ જાયને, એમ પકડાઈ ગયો છે.

દૃષ્ટાંત નહોતું આપ્યું? મનુષ્ય છે એ બે પગા છે. સ્ત્રી થાય એટલે ચાર પગ થાય. ઢોર થયો. આમાં લખ્યું છે ભાઈએ હુકમચંદજીએ. સ્ત્રી થાય એટલે દુર્ઘઘટના હવે કરવી પડે એને. ઓલામાં લખ્યું છે. દુર્ઘઘટનામાં દોરાઈ ગયો. ફલાણું આ ભોગ લેવા, રાજી કરવી, ખુશી કરવી વગેરે-વગેરેમાં રોકાઈ ગયો. ઘટનામાં પડ્યો. ભગવાન મહાવીર દુર્ઘટનામાં નહોતા પડ્યા એમ કરીને લખ્યું છે. મહાવીરના કર્તૃત્વમાં .. લખ્યું છે. આહા..હા..! અને એમાં છોકરું થાય એને. છ પગા થયા. સમજાણું કાંઈ? ભમરો. ભમરાને છ પગ હોય. એ ગુંજે જ્યાં ત્યાં. આ મારી બાયડી છે, આ મારો છોકરો છે, આ મારો આ છે, મારે એનું કરવું પડે. મારા બેટા! આમ આવ. .. જાણે ઓહો..હો..! ક્યાં હતો બેટો? પરણે ત્યારે.. નહિ? પરણે ત્યારે પરણીને આવે પછી બાપને પગે લાગે. લગન વખતે. સારું કર્યું મને નાખ્યો આમાં. આ બધા મોટા મોટાને. મેં તો એકવાર જોયેલું અમારે ફાવાભાઈના લગન વખતે. ફાવાભાઈના લગન હતાને તે દિ' જોયેલું. બાકી કોઈને આપણે જોયેલું નથી. આ અમારા ફાવાભાઈને. સુરતથી આવે છેને મનહર એ. રસિક ગયો? છે. એની માંનો બાપ. ફાવાભાઈ. જ્યારે એના લગન હતા. હું થયેલો અણવર. એ હતા વર. એ ૬૪ની સાલની વાત છે. ૬૪-૬૪. એની ઉંમર ૧૪ની અને મારી ઉંમર ૧૮ની. એ બધા દાગીના-બાગીના પહેર્યા હોય તો ... રાખે. આહા..હા..! વરને કન્યા મળે, કાંઈ અણવરને મળતી હશે? ખાવાનું મળે. બાબુભાઈ દાખલો આપે છેને એ. આહા..હા..!

એમ ધર્મની દશાવંતને મોક્ષ મળે, પણ પુણ્ય અને રાગ છે એને મોક્ષ મળે? વ્યવહારનો

મોક્ષ મળે? આહા..હા..! .. દાખલા માટે ભાઈ આજે કીધું હતું. ઓલા હુકમચંદજી છેને? આપણા પંડિત. એ હમણા શંકરલાલ ત્યાં સાંભળ્યું હતુંને એણે કહ્યું કે દીકરીને વળાવવી પડે. છૂટકો તો બીજો કોઈ નહિ અને રોવે. વળાવ્યા વિના છૂટકો નહિ; એમ શુભ આવ્યા વિના છૂટકો નહિ, પણ ખેદ થાય અંદર. દાખલો આપ્યો હતો ત્યાં હુકમીચંદજીએ. એણે વાંચ્યું ઘણું હોયને એમાંથી આવે. આપણને તો કાંઈ બહુ ખબર નહિ. વાત સાચી. કન્યા હોય પરણેલી પછી વળાવે ત્યારે એની મા રોવે. એ પણ રોતી હોય, પણ હોંશ તો જવાની હોય ત્યાં. આહા..હા..!

કણબીમાં ભાઈ અમારે કણબીવાડમાં રહેતાને. તો કણબીની છોડી જ્યારે જાય વળાવવી હોય, ત્યારે પોતે એની મા .. એ પદ્ધતિ થઈ ગયેલી કણબીમાં. ઓ.. એમ કરીને. આડુ કરીને હોં. ત્યાં એ રિવાજ હતો. કણબીવાડમાં બાયું જ્યારે દીકરીને વળાવે ત્યારે આમ ઉઘાડે નહિ. એની મા જરી ... કરે. તેલ-બેલ પુરે. અમે જોવા ગયેલા. જોડે જોવા જઈએ. આ બધા રોવે છે પણ અંદર ખુશી છે અને એની મા રોવે પણ અંદરથી જવાની કે હવે મોકલ્યા વિના છૂટકો નથી. એમ આત્મામાં શુભ આવે એને છૂટકો નથી પણ તેમાં ખેદ થવો જોઈએ. આહા..હા..! એ આકરું પડે છે માણસને. એ પાછી રોવાની રીત પણ હોય કણબીને. ઓ..ઓ.. એમ કાંઈક રોવે ભાષા એવી. એને એવી રીતે રોવું પડે. ઓ..ઓ.. એમ કરે. એ ભાષા ભૂલી ગયા. આહા..હા..! એમ અહીં રાગ આવે બાપા, પણ રોવા જેવું છે એમાં, આદર કરવા જેવો નથી. આવ્યા વિના રહે નહિ. વીતરાગ ન હોય ત્યાં સુધી વ્યવહાર તો આવે. આહા..હા..! પણ એનો આદર નહિ અંદરમાં. એમ કહે છે જુઓ. આહા..હા..! ભારે માર્ગ, બાપા! જિનવરદેવ ત્રણલોકના નાથ સર્વજ્ઞ થયા એ સર્વજ્ઞસ્વભાવી જીવ એ કોને કરે? એમ કહે છે. શુદ્ધજ્ઞાનમય કીધુંને? અચલ ચૈતન્યધાતુ. જ્ઞાનધાતુ ધારી છે જેણે. પૂર્ણ જ્ઞાન.. પૂર્ણ જ્ઞાન.. પૂર્ણ જ્ઞાન.. એ ભગવાન અચલ ધાતુ કિંચિત્ પણ રાગનો કર્તા થતો નથી. આહા..હા..! રાગનું પરિણમન છે એટલું કર્તા જાણે છે, પણ કરવાલાયક છે એમ કર્તા જ્ઞાની માનતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

૪૭ નયમાં લીધું છે પ્રવચનસારમાં. મુનિને ક્ષાયિકસમકિત જ્ઞાનીને પણ, ગણધરને પણ જેટલો રાગ છે એટલો પરિણમનનો કર્તા છે. પરિણમે તે કર્તા એ અપેક્ષાએ. કરવાલાયક છે માટે કર્તા એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આવા માર્ગ તે કાંઈ! ઘડીકમાં કહે કર્તા નહિ અને વળી કહે કે કર્તા. કઈ અપેક્ષાએ? જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિ જ્યાં થઈ તો રાગ કરવાલાયક છે એવી દૃષ્ટી છૂટી ગઈ, પણ નબળાઈ જેટલી રહી એટલું પરિણમન છે તો કર્તાપણાનું જ્ઞાન કરવું પડે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'किञ्चन अपि न करोति'** ભાષા છે. **'કાંઈ પણ કરતો નથી...'** આહા..હા..! જેમ ઓલામાં કહ્યું હતુંને, વિષય. પાંચ ઇન્દ્રિયના વિષય એની કલ્પનાને કાંઈ કરતાં નથી.

સ્ત્રીનો ભોગ, આબરુને સાંભળવી એ કોઈ ચીજ તને રાગ કરે એ અકિંચિત્કર છે. આહા..હા..! અકિંચિત્કર છે. આહા..હા..! બાહ્યની ચીજ દેખે છે તો એ ચીજ તને રાગ કરાવે છે– સુખબુદ્ધિ, દુઃખબુદ્ધિ એમ નહિ. એ વિષયો તો અકિંચિત્કર છે. આહા..હા..! તેં તારી કલ્પનાથી મને સુખ છે ને દુઃખ છે એમ કલ્પના કરે છે. આહા..હા..! વિષયો શું કરે?

એમ અહીં કહે છે, જ્ઞાની શું કરે? આહા..! જેમ કિંચિત્ ન કરે એમ આ કિંચિત્ ન કરે. સમજાણું કાંઈ? વિષયો કિંચિંત્ ન કરે, ત્યારે જ્ઞાની રાગને કિંચિત્ ન કરે. આહા..હા..! અરે..! એને બાપા.. નાની ઉંમરના હોય, આપણે તો ભણવું છે. પણ મરી જશો ક્ષણમાં તે દિ' શું કરવું? ચાલ્યો જશે ત્યાં. આહા..હા..! નટુભાઈ! **'કાંઈ પણ કરતો નથી.'**

**'ભાવાર્થ :- જે સ્વ-પરનો ભેદ જાણે...'** છે. આહા..હા..! શક્તિ છેને? 'સ્વપર જ્ઞાનશક્તિ હમારી તાતૈ વચન ભેદ ભ્રમ ભારી.' 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી.. સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતૈ વચન ભેદ ભ્રમભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી નિજરૂપા પરરૂપા ભાસી.' નિજરૂપ તે સ્વજ્ઞેય છે, રાગાદિ એ પરજ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! એ વખતે પોતાનું જ્ઞાન એને જાણે છે તો એ જ્ઞાનને આત્મા જાણે છે, રાગને કિંચિત્ કરતો નથી. **'સ્વ-પરનો ભેદ જાણે તે જ્ઞાતા જ છે, કર્તા નથી.'** લ્યો, શ્લોક થયોને ૫૯? ૬૦મો કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

* * *

**ભાદરવા સુદ-૧, ગુરુવાર, તા. ૨૬-૮-૧૯૭૬,**
**શ્લોક-૬૦-૬૧,**
**પ્રવચન નં. ૧૬૭**

સમયસાર, ૬૦ કળશ.

'હવે, જે કાંઈ જણાય છે તે જ્ઞાનથી જ જણાય છે એમ કહે છે :—'

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।६०।।

'**શ્લોકાર્થ :- ज्वलन-पयसोः औष्ण्य-शैत्य-व्यवस्था**' (ગરમ **પાણીમાં) અગ્નિની ઉષ્ણતાનો અને પાણીની શીતળતાનો ભેદ...**' જુઓ, આહા..હા..! '**અગ્નિની ઉષ્ણતાનો અને પાણીની શીતળતાનો ભેદ જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' કળશટીકામાં તો એમ કહ્યુંને, સ્વરૂપગ્રાહી જ્ઞાન ન્યાય આપ્યો છે. આહા..હા..! શું કહે છે? પાણી ઠંડુ અને ઉષ્ણ અગ્નિનું નિમિત્ત. પણ ઉષ્ણતા અને શીતળતાનું જ્ઞાન, પરદ્રવ્યનું ઉષ્ણતાનું અને શીતળતાનું જ્ઞાન પોતાના સ્વરૂપની દૃષ્ટિ થઈ હોય એને ઉષ્ણતા અને ઠંડાનું જ્ઞાન પર તરફનું યથાર્થ થાય છે. શું કહ્યું? સમજાણું કાંઈ? પાણી ઠંડુ અને ઉષ્ણતા એ બેની ભિન્નતાનું જ્ઞાન, બેની ભિન્નતાનું જ્ઞાન પરપ્રકાશનું જ્ઞાન, સ્વપ્રકાશનું જેને ભાન થયું છે એને પરપ્રકાશકનું યથાર્થ જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા પોતાના સ્વરૂપના આશ્રયે જે સમ્યગ્જ્ઞાન થયું, એ જ્ઞાનમાં સ્વપરપ્રકાશક સ્વભાવ છે તો સ્વતઃ જ્ઞાન થયું એ સમયે પાણી ઠંડુ અને ગરમ ઉષ્ણતા એ ભિન્ન ચીજ છે એનું વાસ્તવિક જ્ઞાન, સ્વરૂપનું જ્ઞાન સ્વપરપ્રકાશક થયું હોય તેને જ પરપ્રકાશકનું જ્ઞાન યથાર્થ થાય છે. સમજાણું કાંઈ?

એવું કળશટીકાકારે તો એ લીધું, '**જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' '**ज्ञानात् एव**' આહા..હા..! સ્વરૂપ જ્ઞાન જે પોતાનું સ્વરૂપ છે એ જ્ઞાનનું અંતર જ્ઞાન થયું, જ્ઞાનનું જ્ઞાન થયું એ જ્ઞાન પાણી ઠંડુ અને ઉષ્ણતાની ભિન્નતા, એનું જ્ઞાન, સ્વરૂપગ્રાહી જ્ઞાનીને પરનું વાસ્તવિક જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શિખંડમાં સાકરની મીઠાશ અને દહીંની ખટાશ બેનું ભેદજ્ઞાન યથાર્થ જેને, પોતાના જ્ઞાનસ્વરૂપનું ભાન થયું છે એને જ ખાટા અને મીઠાનું જ્ઞાન એને જ યથાર્થ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ લૌકિકમાં નાખે એ જુદી વાત છે. આ તો લોકોત્તર દૃષ્ટિથી વાત કરી છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... અહીં તો એ કહ્યું, પછી કહેશે એનો સિદ્ધાંત કહેશે. '**लवणस्वादभेदव्युदासः**' વ્યંજનના સ્વાદની, મીઠાના સ્વાદની સર્વથા ભિન્નતા, શાક.. શું કહે છે? તરકારી અને એમાં લવણનો સ્વાદ એ બેની ભિન્નતાનું જ્ઞાન જ્ઞાનીને થાય છે. અજ્ઞાનીને સ્વના જ્ઞાનનું ભાન નથી તો પરનું પ્રકાશક જ્ઞાન ક્યાંથી થાય એને? આહા..હા..! સમજાણું કાંઈ? '**લવણના સ્વાદભેદનું નિરસન જ્ઞાનથી જ થાય છે...**' '**ज्ञानात् एव**' '**જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' આહા..હા..! કોનું જ્ઞાન? કે જેને પોતાના જ્ઞાનનું જ્ઞાન થયું છે એને વ્યંજન અને લવણ બેના ભિન્ન સ્વાદનું ભાન થાય છે. સમજાણું કાંઈ? શું કહ્યું? શાક જે વ્યંજન છે અને લવણની ખારાશ એ બેની ભિન્નતાનું જ્ઞાન ખરેખર જેને પોતાનું જ્ઞાન થયું છે એને જ પરનું જ્ઞાન યથાર્થ થાય છે. આરેરે.. આવી વાત. સમજાણું કાંઈ? દૃષ્ટાંતમાં સિદ્ધાંત છે. એ દૃષ્ટાંતમાં સિદ્ધાંત છે અને પછી સિદ્ધાંતમાંથી સિદ્ધાંત કાઢશે. આહા..હા..!

પોતાનો જ્ઞાનસ્વરૂપી ભગવાન, જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન, જે આત્મસ્વભાવ અને આત્મારૂપ જ્ઞાન, એ જ્ઞાનમાં લવણ અને વ્યંજન એની ભિન્નતાનું પરપ્રકાશકજ્ઞાન, સ્વપ્રકાશક જેને થયું

છે એને પરપ્રકાશકનું યથાર્થ જ્ઞાન થાય છે. આહા..હા..! અને એ પરનું કહેવું એ પણ એક અસદ્ભુતવ્યવહારનયનું કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો દૃષ્ટાંત દેવું હોય તો શું કરે? પોતાના સ્વપરપ્રકાશક સ્વભાવમાં એ પરનું જ્ઞાન થાય છે અને પરને જાણે છે એમ કહેવું એ બધો અસદ્ભુતવ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ 'ભગવાન કેવળજ્ઞાની લોકાલોકને જાણે છે' એમ કહેવું એ અસદ્ભુતવ્યવહારનયનું કથન છે. પોતાની પર્યાયને જાણે છે, જેની સાથે તન્મય છે એને જાણે છે એ નિશ્ચય છે. લોકાલોકને તન્મય થઈને જાણતા નથી. એમ.. આહા..હા..! ગજબ વાત છે. પોતાના જ્ઞાનસ્વરૂપમાં તન્મય જેની દૃષ્ટિ થઈ છે એ દૃષ્ટિવંતનું જ્ઞાન પર વ્યંજન અને લવણ એનું ભેદજ્ઞાન એને થાય છે. આહા..હા..! એ વ્યવહારથી કહ્યું છે. સમજાણું કાંઈ? અહીં તો બતાવવું છે કે ક્રોધનું જ્ઞાન થાય છે એમ બતાવવું છે. એ ઉપર આ દૃષ્ટાંત છેને. આહા..હા..!

'**स्वरसविकसन्नित्यचैतन्यधातोः च क्रोधादेः भिदा**' હવે આવ્યું. આ સિદ્ધાંત આવ્યો. '**નિજ રસથી વિકસતી નિત્યચૈતન્યધાતુનો...**' આહા..હા..! આ માર્ગ આવો, ભાઈ! આ સ્વતંત્ર છે. '**નિજરસથી વિકસતી નિત્યચૈતન્યધાતુનો...**' નિત્યચૈતન્યધાતુ છે એ તો નિત્ય છે એ પર્યાયમાં વિકસે છે. આહા..હા..! કમળ જેમ ખીલે છે એમ આત્મા નિત્ય ચૈતન્યધાતુ પર્યાયમાં ખીલે-પ્રગટ થાય છે. આહા..હા..! જૈનદર્શન બાપુ ભારે! અહીંયાં તો કહે છે કે એ '**નિજરસથી વિકસતી નિત્યચૈતન્યધાતુ...**' શું કહે છે? કે એ સમયે વ્યવહારરત્નત્રયનો રાગ છે એને એ જાણે છે. સમજાણું કાંઈ? એ '**નિજરસથી વિકસતી...**' પર્યાયથી જાણે છે. રાગ છે એને જાણે છે, તો એ રાગ છે માટે જાણે છે એમ નથી એમ કહે છે. આહા..હા..! એ તો નિજરસથી વિકસેલું સ્વપરપ્રકાશકજ્ઞાન એ રાગને જાણે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વાત, ભાઈ!

ફરીને. સિદ્ધાંત તો એ લેવો છે. પેલા બે તો દૃષ્ટાંત છે. વ્યવહારે જાણેલો પ્રયોજવાન છે એમ કહ્યુંને ૧૨મી ગાથામાં? પોતાનો ભૂતાર્થ ત્રિકાળી જે ભગવાન આત્મા, આહા..હા..! એના આશ્રયે જે જ્ઞાન થયું એ જ્ઞાન નિજરસથી વિકસ્યું છે. એ શક્તિ જે છે એ પોતાની શક્તિથી વિકસીત થઈ છે. એ રાગ છે તો જાણવાનો ભાવ થયો એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત બહુ બાપા! તારો સ્વભાવ એવો છે. આહા..હા..! છે?

'**નિજરસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુનો...**' પરિણમતો થકો. આહા..હા..! '**અને ક્રોધાદિ ભાવોનો ભેદ, કર્તૃત્વને (કર્તાપણાના ભાવને) ભેદતો થકો...**' આહા..હા..! એ વ્યવહારનો રાગ આવ્યો એનું જ્ઞાન કરે છે અને કર્તાનો ભેદ કરે છે. એ રાગનું કર્તૃત્વ મારું નહિ. રાગનું જ્ઞાન કરવું એ પોતાના નિજરસથી પ્રગટ થયું તેનાથી હું જ્ઞાન કરું છું. શું કહ્યું સમજાણું? ચૈતન્યધાતુ ભગવાન આત્મા વર્તમાન પર્યાયમાં ખીલવટ જે વિકાસ થાય છે એ પોતાની શક્તિથી વિકાસ થયો છે. સ્વપરપ્રકાશકની પર્યાય થઈ એ પોતાના નિજરસની

શક્તિથી વિકાસ થયો છે. આહા..હા..! એ સ્વપરપ્રકાશક શક્તિથી—જ્ઞાનથી... છે? અને ક્રોધાદિ ભાવ એટલે વિકારભાવ. એનું ભેદજ્ઞાન '**એનો ભેદ, કર્તૃત્વને ભેદતો થકો**—' આહા..હા..! એ રાગના કર્તૃત્વને છેદતો થકો એ સ્વપરપ્રકાશક શક્તિથી રાગને જાણે છે. આહા..હા..! અમરચંદભાઈ! આહા..હા..! આ કાયદા બહુ જુદાં છે, ભાઈ, નટુભાઈ! એ તમારા કાયદા સરકારે કર્યા એ માર્યા હોય ગપ અંદર. આહા..હા..!

પ્રભુના કાયદા તો જુઓ, પ્રભુ નામ તું તારી ચીજના કાયદા-નિયમ તો જો. તારી ચીજનો નિયમ શું છે? આહા..હા..! જે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે છે એ પોતાના સ્વરસથી શક્તિ વિકસીત થઈ, 'એ મારું છે' એવા કર્તૃત્વને છેદીને પોતાની પર્યાયમાં નિજરસની શક્તિથી જાણે છે. આહા..હા..! આમાં ફેર પડે તો ફેરફાર થઈ જાય. આહા..હા..! શું પ્રભુનો માર્ગ! પ્રભુ એટલે તું હોં! સમજાણું કાંઈ? ગજબ વાત કરે છે! અહીંયાં તો કહે છે કે જે વ્યવહાર રાગ આવ્યો એનાથી નિશ્ચય થયો જ નથી. નિશ્ચય જે પોતાથી થયો છે એ નિજરસની શક્તિ વિકસીત પર્યાય પોતાથી થઈ છે. રાગને જાણે છે માટે રાગ કારણ થયો અને પર્યાય પ્રકાશી એમ પણ નથી. રાગનું કર્તૃત્વ જે છે—હું કર્તા છું એ વાત ઊડી ગઈ. ભેદ કર્યોને. વ્યવહારરત્નત્રયના રાગનો અને ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્માના જે નિજરસથી શક્તિ વિકસીત થઈ એ જ્ઞાન રાગને પોતાનો નહિ માનીને, પોતાનો માને તો કર્તૃત્વ થાય છે, ભિન્ન જાણીને એનો જ્ઞાતા-દૃષ્ટા થાય છે. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આહા..હા..! જેમ પાણીની ઠંડી અને ઉષ્ણતા એમ.. શું કીધું એ? શાક. શાક એ વ્યંજન. વ્યંજનને સંભાર્યું મીઠાએ. શાક આ વ્યંજન છે અને આ ખારું છે એનું જ્ઞાન—વાસ્તવિક જ્ઞાન એ નિજસ્વરૂપગ્રાહીજ્ઞાનવાળાને જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કળશ બહુ અલૌકિક છે! આહા..હા..! સંતોની વાણી ગજબ, બાપા! અંદર ઊતરી જા, તને ખબર પડે. આ રાગ-વ્યવહાર આવ્યો એને ક્રોધ કીધો અહીંયાં. એના સ્વરૂપમાં નથી એથી વિરુદ્ધ. એ ક્રોધને એટલે રાગને અને જ્ઞાનને ભિન્ન જાણતું જ્ઞાન, કર્તૃત્વને છેદતું જ્ઞાન એટલે ભિન્ન જાણતુંનો અર્થ કર્તૃત્વ રહ્યું નહિ. પરનું કર્તૃત્વ ન રહ્યું, પણ પરનું સ્વપરપ્રકાશકશક્તિમાં પરનું જ્ઞાન થયું, પણ એ પરનું જ્ઞાન પણ પર છે માટે છે, એમ નથી. આહા..હા..! એ સમયની નિજપરપ્રકાશકશક્તિના વિકાસથી રાગને જાણે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભગવાન! તારું બળ ઘણું, તારી સામર્થ્ય શક્તિ ઘણી પણ એણે પામર તરીકે માની લીધું છે. આહા..હા..! પોતાના જ્ઞાનની શક્તિનું એટલું સામર્થ્ય છે કે પોતાના સ્વભાવના જ્ઞાનમાં આ રાગનું જ્ઞાન છે એ પણ સ્વભાવના સ્વપરપ્રકાશક વિકસીત જ્ઞાનથી 'રાગ અને હું ભિન્ન છું' એટલે કર્તૃત્વ છોડતો થકો 'રાગથી હું ભિન્ન છું' એવું જ્ઞાન સ્વપરપ્રકાશને કારણે પરનું જ્ઞાન કરે છે. આહા..હા..!

એ જ ૧૧મી ગાથામાં લીધું છે એ જ લીધું છે. સમજાણું કાંઈ? શું શૈલી! સંતોની

શૈલી તો જુઓ, ૧૧મી ગાથામાં એ કહ્યું કે પોતાનો ભૂતાર્થ ભગવાન આત્મા, પોતાની ત્રિકાળ ચીજ જે છે અસ્તિ, એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, એ તો નિશ્ચય કહ્યો. ત્યારે હવે પર્યાયમાં રાગ અને અલ્પતા, શુદ્ધતા આદિ છે એનું શું? ત્યારે કહે છે કે વ્યવહારે તે સમયે જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! અર્થાત્ એ સમયનું જ્ઞાન જ એ પ્રકારે સ્વપરપ્રકાશકરૂપે પરિણમ્યું છે એથી તે પરને જાણે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આ તો ધીરાના કામ છે, બાપા! આ કાંઈ... આહા..હા..! એય.. પોપટભાઈ! આહા..હા..!

આ છોકરા મારા છે એ તો નહિ, પણ છોકરાનું જ્ઞાન થાય છે પોતાની સ્વપરપ્રકાશક શક્તિમાં, એ છોકરા છે માટે સ્વપરપ્રકાશક પર્યાયમાં પરને જાણે છે એમ નથી. આહા..હા..! સંભળાય છે બરાબર? જયંતિભાઈ! સંભળાય છે? ઠીક. આહા..હા..! અરે ભગવાન! તારી શક્તિ તો જો. તારી શક્તિ 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતૈ વચનભેદ ભ્રમભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.' એ પરરૂપા જે જ્ઞેય છે એ સિદ્ધ કરવા, પણ પરરૂપનું જ્ઞેયનું જ્ઞાન થયું એ પોતાના કારણે થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આમાં શું આ તે કહેવું છે? ભાઈ! તારી શક્તિની સામર્થ્યતા તે સમયમાં સ્વપરપ્રકાશનું જ્ઞાન જ સહજ પ્રગટે છે, સહજ પ્રગટ થાય છે. એ રાગ આવ્યો તો રાગને કારણે (જ્ઞાન થયું એમ નથી). રાગ એ સમયે છે અને એ સમયે જ્ઞાનની પર્યાય થઈ, એમાં પછી રાગથી જ્ઞાન થયું એમ ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..! એ જ સમયે એક કાળે રાગની ઉત્પત્તિ, ભાવ ભિન્ન. એક કાળે ઉત્પત્તિ અને એક ક્ષેત્રે ઉત્પત્તિ. આહા..હા..! ભાઈ! મારગડા જુદાં, બાપા! તારા માર્ગને અંદરમાં સમજવો ભાઈ... આહા..હા..!

**શ્રોતા :—** એક જ સમયમાં બે કાર્ય થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એક જ સમયે રાગને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. વ્યવહાર જાણેલો (પ્રયોજનવાન) પણ એ જાણવાની શક્તિ એવી સ્વપરપ્રકાશની એ સમયે પોતાથી એવી પર્યાય ઉત્પન્ન થઈ છે. આહા..હા..! રાગના કાળમાં રાગને જાણવું અને સ્વને જાણવું એવું પોતાની શક્તિથી પ્રગટ થયું છે. આહા..હા..! અરેરે..! તકરાર ઝઘડા એટલા બધા આવે છેને. અરે પ્રભુ! શું કરે છે? ભાઈ! આ નિમિત્તવાદીઓ કરતા ઉપાદાનવાદીઓ ભારે. નિમિત્તને માને અને વળી કહે છે કે અમે માનતા નથી. અરે.. પ્રભુ! આહા..હા..!

અહીંયાં તો કહે છે કે રાગને જાણે છે એ રાગ નિમિત્ત થયો માટે જાણે છે એમ પણ નથી, એમ કહે છે. નિમિત્ત હો, પણ એનાથી આત્મા જાણે છે એમ નથી. નવરંગભાઈ! આ ભગવાન આત્મા છે પૂર્ણાનંદનો નાથ અંદર અનંત જ્ઞાનથી ડોલી રહ્યો છે પ્રભુ! આહા..હા..! જેના જ્ઞાનનો દરિયો ઊછળી રહ્યો છે અંદર. આહા..હા..! કહે છે કે એવું જે જ્ઞાન પોતાથી થયું... આહા..હા..! એ ક્રોધનું જ્ઞાન કરીને કર્તૃત્વને તોડે છે. કેમકે 'રાગ મારો છે' એ તો કર્તૃત્વ થયું અને રાગનો ભેદ કરે છે એ તો કર્તૃત્વ છૂટી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ?

થોડું ઝીણું છે, ભગવાન! પણ માર્ગ આ છે. નટુભાઈ! આહા..હા..!

રાગતત્ત્વને કારણે સ્વપરપ્રકાશક પર્યાયતત્ત્વ છે? સમજ્યા? 'રાગને જાણે છે' એમ કહેતા રાગની એકતા તૂટી ગઈ, કર્તૃત્વ તૂટી ગયું, પણ રાગને અને જ્ઞાનને ભિન્ન જાણે છે. આહા..હા..! એ જ્ઞાનની પર્યાયમાં તે ક્ષણે સ્વપરપ્રકાશક એ પોતાનો અને જે પ્રકારના રાગ-દ્વેષાદિ હોય એ જ પ્રકારનું જ્ઞાન સ્વયં પ્રકાશે છે અને એ વખતે રાગ છે, પણ ભિન્ન છે. આહા..હા..! હવે આ ચીજને.. સમજાણું કાંઈ? અહીં તો વ્યવહારના ઝઘડા અને નિમિત્તના ઝઘડા મોટા. બેયમાં આવ્યું છે. કાલે આવ્યું 'જૈન ગેજેટ'માં, આજે આવ્યું 'જૈન સંદેશ'માં.

**શ્રોતા :—** અંદરની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અંદરની અને આ જ સત્ય છે. સત્‌નું સ્વરૂપ જ આ છે.

જ્યારે ભગવાન આત્મામાં સ્વપરપ્રકાશકશક્તિ છે ત્રિકાળી તો પર્યાયમાં જ્યારે સ્વપરપ્રકાશક પર્યાય તે કાળે પોતાથી થઈ છે, એટલે રાગે—નિમિત્તે જ્ઞાનને ઉત્પન્ન કર્યું ઈ ક્યાં આવ્યું? આહા..હા..! કુંદકુંદાચાર્ય એમ કહે છે કે માટીથી ઘડો થયો છે. કુંભારથી થયો એ તો અમે જોતા નથી. આહા..હા..! ગજબ વાત છે. 'સર્વ દ્રવ્યની પર્યાય' એમ શબ્દ છેને ભાઈ! ત્યાં? ૩૭૨. સર્વ ગુણ. ગુણ એટલે પર્યાય. સર્વ દ્રવ્યની પર્યાય પોતાથી થાય છે. આહા..હા..! પર નિમિત્ત હો, પણ નિમિત્તથી થયું નથી. આહા..હા..! માટીમાંથી ઘડો થયો એ માટીના સ્વભાવને કારણે એવી ઘડાની પર્યાય થઈ છે. કુંભારના સ્વભાવથી ઉત્પન્ન થઈ છે? આહા..હા..!

એમ અહીંયાં પરમાત્મા તો એમ કહે છે કે પ્રભુ! તારી શક્તિ સ્વરૂપ જ્યાં દૃષ્ટિમાં આવ્યું એ રાગથી ભિન્ન થઈને આવ્યું. રાગની એકતામાં તો રાગનું જ્ઞાન મિથ્યાજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? ત્યાં સ્વ તો રહી ગયો; અને સ્વનું જ્ઞાન થયું ત્યાં પરના જ્ઞાનની પર્યાય એવી ઉત્પન્ન થાય છે. એ રાગ છે માટે ઉત્પન્ન થઈ છે એમ નથી. અહીંયા જરી ક્રોધ આવ્યો જ્ઞાનીને, લ્યોને. એ ક્રોધનું જ્ઞાન ક્રોધ છે એ જ પ્રકારનું જ્ઞાન ક્રોધને લઈને નહિ. આહા..હા..! છે? આવી વાત છે, બાપા! અરે.. પ્રભુ! આ જાવું છે ક્યાં ભાઈ, તારે? આહા..હા..! એ સત્‌ની શક્તિની આટલી પ્રતીતિનો ભરોસો ન આવે તો તારે ક્યાં જાવું છે? પછી ઠરે ક્યાં એ? કહો, સમજાય છે કાંઈ? ..ભાઈ! આહા..હા..! છોકરાઓ એના બાપથી વધી ગયા છે. પોપટભાઈથી વધી ગયા. આ વસ્તુ બાપા... આહા..હા..! અરે..! દુનિયા ગમે તે કહો, વસ્તુ તો આમ છે. દશરથલાલજી! અહીં તો નિમિત્તનો નિષેધ થઈ ગયો. રાગ નિમિત્ત છે ઉપાદાનમાં. ઉપાદાન પોતાનું છે, પણ એનાથી જ્ઞાન નથી થયું એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :—** નિમિત્તે કર્યું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નિમિત્તે કર્યું નિમિત્તમાં. રાગમાં રાગ થયો. આહા..હા..! અને જ્ઞાનમાં જ્ઞાન થયું. સ્વ અને પરના જ્ઞાનમાં જ્ઞાન થયું, રાગમાં રાગ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! ગજબ વાત છે, ભાઈ! તારું સામર્થ્ય તો જો. આહા..હા..!

એ સ્વપરપ્રકાશક શક્તિ જ્યાં પ્રગટ થઈ, પોતાની દૃષ્ટિ અને રુચિમાં જ્યાં ભગવાન આવ્યો, આહા..હા..! તો એ સ્વપરપ્રકાશક તે ક્ષણની તે પ્રકારની પર્યાય ઉત્પન્ન થતો રાગ પણ તે કાળે ઉત્પન્ન થતો કે તે પ્રકારની વાસના કે વગેરે તે પ્રકારનું અહીંયા જ્ઞાન, તે ક્ષણે તેનો આશ્રય લીધા વિના (પોતાથી થાય છે). આહા..હા..! રાજમલજી જેવાએ ટીકા જુઓ કેવી કરી! એ સ્વરૂપગ્રાહીજ્ઞાન કહીને ગજબ કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી ઊતાર્યું છે રાગમાં, ક્રોધમાં. જેમ એ શાક—વ્યંજન અને ખારપ એની ભિન્નતાનું જ્ઞાન વાસ્તવિક સ્વપરપ્રકાશક શક્તિ પ્રગટી છે એને એનું પરપ્રકાશકનું જ્ઞાન યથાર્થ થાય છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! ત્યાં તમારે પ્લેનમાં હતાને. આમાં આમ કરવું ને તેમ કરવું. આ તો જ્ઞાનનું પ્લેન ઉડે છે અંદરથી. આહા..હા..! જેને રાગ થયો તે કાળે જ્ઞાન એટલે રાગની પણ જરૂર નહિ. આહા..હા..! હીરાભાઈ! આવો છે ભગવાન! તારું સ્વરૂપ પ્રભુ તને માહાત્મ્ય આવતું નથી. આહા..હા..!

એ સમંતભદ્રાચાર્ય તો ભક્તિનો વિષય છેને એટલે નિમિત્તને ભેગું લીધું છે; પણ એને એમ કહેવું છે કે નહિ, બેથી થાય એમ કહો. અરે..! એકથી જ થાય, બેથી થાય કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? અહીંયા પણ જે પ્રકારનો રાગ થયો, એ પ્રકારનું જ્ઞાન રાગને કારણે નહિ. આહા..હા..! આવો માર્ગ પ્રભુ! પણ એને સાંભળવા મળ્યો નહિ. અરેરે..! ચોર્યાસીની આ ઘાણી... આહા..હા..! રાગને લઈને જ્ઞાન થયું, રાગને લઈને જ્ઞાન થયું એ તો અહીંયાં જ્ઞાનની સામર્થ્યતાનો એણે નાશ કર્યો. આહા..હા..! કુંભારથી ઘડો થયો તો માટીમાં જે ઘડો થવાનું સામર્થ્ય હતું એનો નાશ કર્યો. એનાથી થયો.. એનાથી થયો. આહા..હા..! સમજાણું કાંઈ? ધીમે-ધીમે સમજવું, ભગવાન! આ તો વીતરાગનો માર્ગ નાથ. જિનવરદેવનો માર્ગ છે, પ્રભુ! આહા..હા..! જેને ત્રણ જ્ઞાનના ધણી એકાવતારી ગણધરો એ ભવ મોક્ષગામી અને ઈન્દ્રો એકાવતારી (સાંભળે), અરે.. એ વાણી કેવી હોય? પ્રભુ! આહા..હા..! એમાં સત્‌ની સિદ્ધતા સાબિત કેટલી હોય, દશરથલાલજી! આહા..હા..! જુઓ,

કેવળી લોકાલોકને જાણે એ અસદ્‌ભુતવ્યવહાર છે. આહા..હા..! ત્યારે શું તે જાણતા નથી? નિશ્ચયથી પરને જાણતા નથી? નિશ્ચયથી પરને જાણતા નથી. નિશ્ચયથી પરને જાણે તો તન્મય થઈ જાય, પણ પરને જાણવાની શક્તિ પોતાની પોતાથી થઈ છે સ્વપરપ્રકાશક. એમાં લોકાલોક સંબંધી પોતાના જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એને જાણે છે. સમજાણું કાંઈ? કહો, માસ્તર! તમારી દલીલ તો આ છે. આહા..હા..! ભગવાન માસ્તર છે. સમજાણું કાંઈ?

**'નિજરસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુનો અને ક્રોધાદિ ભાવોનો ભેદ,... '** આહા..હા..! એ રાગને જાણવું કહેવું એ પણ વ્યવહાર કહે છે અહીં તો. આહા..હા..! તો રાગથી નિશ્ચય થાય પ્રભુ એ તો ક્યાંય બહાર રહી ગયું, ભાઈ! સમજાણું કાંઈ? પોતામાં જ્ઞાનશક્તિને કારણે સ્વ તરફનો આશ્રય હોવાથી પર્યાયમાં તે જ પ્રકારનું તે સમયે તે

સ્વપરપ્રકાશકની પર્યાય પોતાની શક્તિથી પોતામાં થઈ છે. રાગને કાળે રાગ જેટલો છે એટલા પ્રકારનું જ્ઞાન (થાય), પણ એ રાગને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભાઈ! જિનવરનો માર્ગ બાપા, સૂક્ષ્મ છે. એક-એક તત્ત્વ પોતાનું સ્વતઃ છે. આત્માનું જ્ઞાન સ્વતઃ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. પર છે તો સ્વપરપ્રકાશક છે એમ નથી. આહા..હા..! કાંતિભાઈ! આવો માર્ગ છે, પ્રભુ! આહા..હા..!

સત્‌ની પ્રસિદ્ધિ, સત્‌નો ઢંઢેરો પીટ્યો છે. ભગવાન! એકવાર ભૂલી જા બહારની વાત. તું અને તારો સ્વભાવ જ્ઞાનસ્વભાવ પ્રભુ! તું જ્ઞાનસ્વભાવી છોને. એ તો તારો સ્વભાવ છે. એ સ્વભાવનો આશ્રય લેવાથી જે પર્યાય થઈ, એ સવારે કહ્યું હતુંને કે આત્મા દર્શન છે. આ જ્ઞાન થયું એ આત્મા જ્ઞાન છે. આહા..હા..! સવારમાં બહુ સરસ આવ્યું હતું. આહા..હા..! '**अप्पा दंसणं**' બીજો સર્વ વ્યવહાર છે. આહા..હા..! અહીં એ કહે છે કે વ્યવહારને જાણે છે એ પણ પોતાની પર્યાયની તાકાતથી જાણે છે. એ પર આવ્યું એનું એવું જ જ્ઞાન થયું એ તો પરને કારણે થયું છે (એમ નથી). આહા..હા..! તે સમયની જ્ઞાનની પર્યાય તે જ પ્રકારના ઉત્પાદરૂપે ઉત્પન્ન થઈ છે, એ પોતાનો ઉત્પાદસ્વભાવ છે એનાથી થઈ છે, એ રાગને કારણે થઈ છે (એમ નથી). આહા..હા..! '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તો જ્ઞાનગુણનો જે ઉત્પાદ થયો... આહા..હા..! પર્યાયમાં, એ દ્રવ્યના લક્ષે જે ઉત્પાદ થયો એ જ્ઞાન સ્વપરપ્રકાશક પર્યાયની ઉત્પત્તિ પોતાથી થાય છે. આહા..હા..! રાગથી રાગના જ્ઞાનની ઉત્પત્તિ થઈ (એમ નથી). આહા..હા..! ગજબ વાતું કરે છેને! સમજાણું કાંઈ?

અહીં તો '**स्वरसविकसन्नित्यचैतन्यधातोः**' નિત્યચૈતન્યધાતુ એ વિકસીત પોતાથી થઈ છે એમ કહે છે. છેને? ભાઈ! પંડિતજી! નિત્યચૈતન્યધાતુ એ તો ધ્રુવ, પણ સ્વરસ વિકસીત, પોતાની શક્તિથી વિકસીત થઈ છે પર્યાયમાં. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ..ભાઈ! આવું સાંભળવું મુશ્કેલ પડે, ભગવાન! આવું થઈ ગયું છે. શું થાય? ભગવાનના વિરહ પડ્યા અને ખળભળાટ ઊભો થઈ ગયો.

પ્રભુ! માર્ગ તો આ છે. એ પરનો કર્તા તો નથી, રાગનો હોં! શરીરાદિની અહીં વાત પણ નથી, પણ રાગનું જ્ઞાન થયું એ પણ રાગને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આ ઝઘડા ક્યાં પ્રભુ તારામાં છે? આહા..હા...! તારી શક્તિ એટલી છે કે સ્વપરપ્રકાશના સામર્થ્યમાં જેટલો તારો સ્વનો પ્રકાશ છે એટલી જ તારી પરની પ્રકાશક શક્તિ તારાથી થઈ છે. આહા..હા..! એમ રાગનું કર્તૃત્વ છોડીને, રાગને આત્માથી ભિન્ન કરીને પોતાની પર્યાય સ્વપરપ્રકાશક તરીકે પોતાના સામર્થ્યથી રાગને જાણે છે એમ વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે રાગમાં જ્ઞાન તન્મય થઈને જાણે છે? તન્મય થઈને જાણે તો રાગને જાણે છે એમ ન આવ્યું. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં તન્મય થઈને જાણે છે. રાગસંબંધી જ્ઞાન અને પોતાનું જ્ઞાન પણ પોતામાં તન્મય થઈને જાણે છે. આહા..હા..! સમજાણું

કાંઈ? ઘરમાં શાસ્ત્ર પડ્યા હોય વાંચે કોણ નવરાશે. શેઠ! પણ વાંચે તો પહેલા ખબર તો પડે. આહા..હા..! સત્ જ એવું છે. આહા..હા..! વાત બહુ ફરી ગઈ, ભાઈ! અરેરે..! શું કરે છે?

અહીં તો કહે છે, પ્રભુ! તારે આત્માની શ્રદ્ધા કરવી છે? તો આત્મા સ્વપરપ્રકાશક પર્યાયવાળો છે, ગુણ એવો છે એવી પ્રતીતિ થાય તો સમ્યગ્દર્શન થશે. રાગને કારણે સ્વપરપ્રકાશક (જ્ઞાન) થયું તો તેં આત્માની યથાર્થ પ્રતીતિ કરી જ નથી. સમજાણું કાંઈ? થોડું સૂક્ષ્મ છે, ભગવાન! આ ગાથા એવી આવી ગઈ છે અને એમાં સ્વરૂપગ્રાહીજ્ઞાન કહ્યું રાજમલે! આહા..હા..! કમાલ કરી નાખી છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા અને આવી ટીકા! આત્માને ક્યાં ગૃહસ્થાશ્રમ હતો! આહા..હા..! હવે એવાઓને ઊડાડી દેવા છે બધાને. આહા..હા..! પ્રભુ! એમાંથી તો સમયસાર નાટક બનાવ્યું. સમયસાર નાટક અધ્યાત્મની ભાંગ પીને (બનાવ્યું છે એમ કહે છે). પ્રભુ! આ શોભે નહિ, ભાઈ! તારા આત્માને ઠીક નહિ પડે, બાપા! તને દુઃખ થશે. આહા..હા..! એ દુઃખ વેઠ્યા કઠણ પડશે, નાથ! આહા..હા..! સ્વતંત્ર સુખના પંથને મૂકી અને પરતંત્ર પંથને માનવો... આહા..હા..! મિથ્યા અભિપ્રાયનું દુઃખ વર્તમાન... દશરથલાલજી! અને મિથ્યા અભિપ્રાયનું દુઃખ ભવિષ્યમાં ઘણું થશે, પ્રભુ! અત્યારે દુનિયા રાજી થાય, દુનિયા લોકો માને એથી શું? આહા..હા..!

અહીં તો કહે છે કે આસ્રવને જાણે છે, રાગ કહો કે આસ્રવ કહો અથવા ભાવબંધ રાગ એ અબંધદૃષ્ટિવંત જ્યારે જાણે છે. આહા..હા..! ભગવાન આત્મા તો અબદ્ધસ્પૃષ્ટ છે એમ જાણ્યું એ જ જૈનશાસન છે. આહા..હા..! એની ચર્ચા હતી પહેલી. કેવા? સમજ્યા? જુગલકિશોર. દિલ્હીના મુખત્યાર. બસ! અબદ્ધસ્પૃષ્ટ છે તો બદ્ધસ્પૃષ્ટ શું? અરે..! બદ્ધસ્પૃષ્ટ વ્યવહારમાં રહ્યું છે એનું જ્ઞાન કરે છે, સાંભળને. એ આવ્યું હતું એક ફેરી. (સંવત) ૨૦૧૪ની સાલ લાઠીમાં. પોરબંદર જતા હતા ત્યાં આવ્યા હતા. ત્રણ બોલ છે, પાંચ બોલ એમાં નથી; પણ ભાઈ ટીકામાં પાંચેય લીધા છે અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય.. આહા..હા..! અને એ જાણવું એનું નામ જૈનશાસન કહ્યું.

પોતાની વીતરાગી પર્યાયથી અબદ્ધસ્પૃષ્ટ દૃષ્ટિમાં આવ્યો અને અબદ્ધસ્પૃષ્ટ દૃષ્ટિમાં આવ્યો ત્યારે વીતરાગી પર્યાય થઈ. આહા..હા..! છે? એ વીતરાગી પર્યાય અબદ્ધસ્પૃષ્ટના આશ્રયે થઈ છે. માટે એ પર્યાય છે એ આત્મા છે અને એ જૈનશાસન છે. આ ૧૫મી ગાથા. 'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।' 'तं सुद्धणयं वियाणीहि' એ ૧૪મી.

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।

આહા..હા..! બાર અંગ અને જૈનશાસનનું એને જ્ઞાન થયું, કહે છે. સમજાણું કાંઈ? જેણે ભગવાન આત્માને અબદ્ધસ્પૃષ્ટ દ્રવ્યસ્વભાવ, અનન્ય અનેરી-અનેરી નહિ, એકરૂપ, સામાન્યરૂપ

અને પુણ્ય-પાપના દુઃખથી ભિન્ન સુખરૂપ એવું જેણે જાણ્યું એણે જૈનશાસન જાણ્યું. એ બાર અંગમાં આ કહેવું છે એ જાણી લીધું. સમજાણું કાંઈ? બાર અંગનો અભ્યાસ ભલે ન હોય. આહા..હા..! તેણે જૈનશાસન જાણ્યું અર્થાત્ રાગથી હટીને અબદ્ધસ્પૃષ્ટની દૃષ્ટિ જ્યાં થઈ એ વીતરાગી પર્યાય થઈ. વીતરાગી પર્યાયમાં જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય પ્રગટ થઈ, તો બદ્ધસ્પૃષ્ટ જેટલું છે એનું જ્ઞાન કરે છે, પણ એ બદ્ધસ્પૃષ્ટ છે માટે એનું જ્ઞાન કરે છે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય એટલું સમજવું, પ્રભુ! ત્રણલોકના નાથના આ વેણ છે, ભાઈ! આહા..હા..! દિવ્યધ્વનિમાં ભગવાન આમ કહેતા હતા. સત્‌ને સત્ રીતે સિદ્ધ કરતાં હતા. આ શું કહે છે?

તારું સત્, જ્ઞાન સત્ એ જ્ઞાન સત્‌ની પર્યાય જ્ઞાનની પર્યાય સત્‌રૂપે ઉત્પન્ન થઈ. કેમ કે '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'. જ્ઞાન ધ્રુવ સત્, જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એ ઉત્પાદ સત્. આહા..હા..! અને એ ઉત્પન્ન થઈ તે તારા કારણે દ્રવ્યથી થઈ છે. વ્યવહારાદિ રાગ છે તો ઉત્પન્ન થઈ છે એ સ્વપરપ્રકાશક પર્યાય (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ? કહો, બાબુભાઈ! સમજાય છે? આહા..હા..! અરે..! ભાગ્યશાળી જીવો છે, બાપા! આ વાત ક્યાં છે, ભાઈ! આહા..હા..! ભગવાન એમ ફરમાવે છે.

'**નિત્યચૈતન્યધાતુનો...**' હવે ઓલી વિકસીત પર્યાય બે ભેદ પાડે છેને, ભાઈ! એમ કહે છે. વિકસીત પર્યાય ભેદ પાડે છે. એક કોર નિત્ય ચૈતન્યધાતુ એક કોર રાગ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાખે તો આખું દ્રવ્ય રાખ્યું પાછુ એક બાજુ. સમજાણું કાંઈ? આહા..હા..! આ સંતોની વાણી તો જુઓ. આ પ્રત્યક્ષ મોક્ષગામી જીવો. આહા..હા..! એની શબ્દની શૃંખલા તો જુઓ, પ્રભુ! આહા..હા..! જેના આત્મામાં સત્‌નો ભણકાર વાગે. અરે..! હું સત્, જ્ઞાન સત્. એમાંથી જે નિજરસ શક્તિ ધ્રુવ, એમાંથી ઉત્પન્ન થયેલી જે વિકસીત ચૈતન્યપર્યાય. આહા..હા..! એ ચૈતન્યપર્યાય નિત્યચૈતન્યધાતુનો... આહા..હા..! પાગલ થઈ જવાય એવું છે આ તો ભાઈ! દુનિયાથી તો જુદી વાત છે, બાપા. દૂર દૂરથી આવ્યા છેને સાંભળવા. આ માર્ગ આવો છે, ભાઈ! એની એકવાર હા તો પાડ, પ્રભુ! એ સત્‌ની હા છે, ભાઈ! આહા..હા..!

'**નિજરસથી વિકસતી નિત્યચૈતન્યધાતુનો...**' કોણ? સ્વરસ વિકસીત પર્યાય. સ્વરરસ શક્તિથી સ્વપરપ્રકાશક ચૈતન્યપર્યાય ઉત્પન્ન થઈ એ ચૈતન્ય ધ્રુવનો '**અને ક્રોધાદિ ભાવોનો...**' એમ આવ્યુંને? ભાઈ! આહા..હા..! સવારમાં ઓલું આત્માદર્શન અને બધું વ્યવહારમાંથી નીકળવું કઠણ પડતું હતું. એમ આ પણ. આહા..હા..! આજ તો સવારનું... આજ તો ભાદરવા સુદ એકમ છેને. આહા..હા..! '**अप्पाणं दंसणं**' બાકી બધો વ્યવહાર. એમ અહીં ચૈતન્યધાતુથી પ્રગટ થયેલી ચૈતન્યશક્તિ—પર્યાય એ ચૈતન્યધાતુને અને ક્રોધને ભિન્ન જાણે છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગના મંત્રો પ્રભુ છે. આ કાંઈ સાધારણ વાત નથી. આહા..હા..!

**'નિજરસથી વિકસતી નિત્યચૈતન્યધાતુનો...'** પહેલા તો દૃષ્ટાંત આપ્યું હતું. આ તો સિદ્ધાંત હવે સિદ્ધ કરે છે. આહા..હા..! જેમ વ્યંજન અને લવણની ભિન્નતા વાસ્તવિક જ્ઞાન સ્વનું થયું છે તે એનું વાસ્તવિક જ્ઞાન કરે છે, એમ નિજરસની શક્તિથી સમ્યગ્જ્ઞાન થયું. ચૈતન્યની પર્યાયમાં વિકસીત એ જ્ઞાન નિજચૈતન્યધાતુ ત્રિકાળી અને રાગ એને ભિન્ન જાણે છે. એ ભિન્ન જાણવાનો સ્વભાવ જ એવો થઈ ગયો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'નિજરસથી વિકસતી...'** ભાષા તો સાદી છે, ભગવાન! ન સમજાય એવું કાંઈ નથી. ધ્યાન રાખે તો શું કહે છે એ સમજાય. દશરથલાલજી! આહા..હા..! આમાં પંડિતાઈની જરૂર નથી, અંતરની રુચિની જરૂર છે. સમજાણું કાંઈ? જૈનધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. એને જૈનશાસન કહ્યુંને? વસ્તુ જે અબદ્ધસ્પૃષ્ટ છે એનું પર્યાયમાં ભાન થવું એ જૈનશાસન. ચોથે ગુણસ્થાનથી જૈનશાસનનું ભાન થઈ ગયું. સમજાણું કાંઈ?

**'નિજરસથી વિકસતી...'** આ ચૈતન્યધાતુ છે અને આ રાગ છે. એ નિજરસ શક્તિ જે ચૈતન્યની વિકસીત એ પર્યાય સ્વ અને પરને જાણે છે. આહા..હા..! **'જ્ઞાનથી જ પ્રગટ થાય છે.'** આહા..હા..! **'કર્તૃત્વને ભેદતો થકો...'** અર્થાત્ ચૈતન્યધાતુ પર જે દૃષ્ટિ-જ્ઞાન થયા એ જ્ઞાન ચૈતન્યધાતુ અને રાગને ભિન્ન જાણે છે. કર્તૃત્વ છૂટી ગયું. 'રાગ મારો છે અને હું કરું છું' એ વાત છૂટી ગઈ. વ્યવહારરત્નત્રયનો કર્તા એ પણ મિથ્યાત્વ છે અને વ્યવહારરત્નત્રયનું જ્ઞાન કરે એ પણ પર અપેક્ષિત વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનું જ્ઞાન થાય છે એ તો સ્વપરપ્રકાશક પોતાની શક્તિથી જ્ઞાન એને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાનથી જ પ્રગટ થાય છે.'** જોયું, 'ज्ञानात् एव' એમ શબ્દ છેને? 'एव'નો અર્થ નિશ્ચય કર્યો—જ. અને બીજે ઠેકાણે આવે છે 'एव'નો અર્થ સર્વ પ્રકાર કરે છે. આપણે આવ્યો હતો અને આમાં પણ સર્વ પ્રકારે છે. **'જ્ઞાનથી જ પ્રગટ થાય છે.'**

**'હવે, અજ્ઞાની પણ પોતાના જ ભાવને કરે છે, પરંતુ પુદ્‌ગલના ભાવને કદી કરતો નથી—એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છેઃ— '**

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।

स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्।।६१।।

આહા..હા..! પરની દયા.. પરની દયા.. એ ભગવાનનો ધર્મ છે. એ આવ્યું છે, બહુ આવ્યું છે. અરે ભગવાન! એમ કે પર જીવે છે એ એના ઉપાદાનથી, જીવાડનારનો ભાવ છે એ એમાં નિમિત્ત છે. બે થઈને ત્યાં કાર્ય થાય છે—એમ છે નહિ.

કાર્ય એનાથી થાય. પરથી શું થાય? પર તો નિમિત્ત છે. નિમિત્તથી થાય તો તો ઉપાદાનમાં નિમિત્ત ઘૂસી ગયું. નિમિત્ત હાજર રહ્યું, પણ પરનો કર્તા થતું નથી. આહા..હા..! અનુકૂળ. નિમિત્તને અનુકૂળ કહ્યું છેને. પાણીનો પ્રવાહ જાતો હોય અને અનુકૂળ કાંઠા હોય, કાંઠા બે.

બસ, છે એટલું; પણ કાંઠાને લઈને પાણી ચાલે છે (એમ નથી). અનુકૂળ એમ આવ્યુંને? કુળ નામ કાંઠા. શું કહેવાય? આ નદીના કિનારા બે. કિનારો છે એટલે પાણી ચાલે છે? સમજાણું કાંઈ? કેમકે એટલો કિનારો હોય તો પાણી આટલું ચાલે, થોડો કિનારો હોય તો આટલું ચાલે, વધારે હોય તો નીકળી જાય. પણ કિનારો તો તટસ્થ છે. સમજાણું કાંઈ? પાણીનું ચાલવું તો પોતાથી છે. એમ નિમિત્ત અનુકૂળ છે એ કાંઠે પડ્યું છે, તારા ઉપાદનમાં એ કામ કરે છે એમ છે નહિ. ઉપાદાન તો પોતાના પ્રવાહથી ચાલે છે. આહા..હા..! ભારે કામ આકરું, અમરચંદભાઈ! આવી વાત છે, ભાઈ! તારા સત્‌ની બલિહારી છે, નાથ! તું કોણ છો? કેવડો છો? એ તને બતાવે છે, પ્રભુ! કેટલો છે? ક્યાં છે? કેવો છો તું? આહા..હા..! 'હું આવો છું, હું જ્ઞાનસ્વરૂપ છું અને રાગને જાણવું એ રાગથી નહિ પણ મારી પર્યાયથી હું જાણું છું' એમ કહેવામાં આવે છે. પોતાની તાકાતથી સ્વપરપ્રકાશકની પોતાની તાકાત છે. આહા..હા..! એ અજ્ઞાની પણ હવે એ કહે છે. અજ્ઞાની પણ અજ્ઞાન કરે કાં જ્ઞાન કરે જ્ઞાની, એ સિવાય પરનો તો કર્તા થતો નથી એમ સિદ્ધ કરે છે.

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।
स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्॥६१॥

'**શ્લોકાર્થ :– આ રીતે ખરેખર પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો...**' બસ, એક જ વાત. કાં રાગનો કર્તા થાય છે એ પણ પોતાથી અને રાગને જાણે છે એ પણ પોતાથી, એ સિવાય પરનો તો કર્તા છે નહિ. કર્મનો, શરીરનો, વાણીનો, દેશની સેવા આદિનો... આહા..હા..! સમજાણું કાંઈ? '**આ રીતે ખરેખર...**' '**अञ्जसा**'નો અર્થ કર્યો. '**પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ...**' '**आत्मा आत्मभावस्य कर्ता स्यात्**' જુઓ, અજ્ઞાનને પણ આત્મભાવ કહ્યો અહીંયાં. એની પર્યાય છેને? '**आत्मा आत्मभावस्य कर्ता**' '**આત્મા પોતાના જ ભાવનો કર્તા છે,...**' ચાહે તો રાગભાવનો કર્તા હોય અને ચાહે તો જ્ઞાનનો કર્તા હોય, પણ પોતાના ભાવનો કર્તા છે. પરનું, પુદ્‌ગલનું, કર્મ બંધનનું, શરીરનું, વાણીનું, દેશનું કંઈ કિંચિત્ કરી શકતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પરભાવનો (પુદ્‌ગલના ભાવોનો)...**' અહીં પરભાવ શબ્દે પુદ્‌ગલ લેવું છે. વિકારભાવ નહિ, વિકારભાવ તો પોતાનો લેવો અહીંયા. સમજાણું કાંઈ? '**(પુદ્‌ગલના ભાવોનો) કર્તા તો કદી નથી.**' કર્મબંધન થાય છે એનો કર્તા આત્મા અજ્ઞાનભાવે ત્રણકાળમાં નથી. આહા..હા..! વાણીનો કર્તા નથી, શરીરની હલન-ચલનની ક્રિયાનો કર્તા નથી. આહા..હા..! અહીં કહે, ઉપાદાન અને નિમિત્ત બે થઈને કાર્ય થાય છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં આવે છે, ઉત્પાદ બે પ્રકારે છે—સ્વ અને પરથી. એ તો પરચીજનું જ્ઞાન કરાવે છે, પ્રભુ! આહા..હા..! રાગને ઉત્પન્ન કરો કે જ્ઞાનની ઉત્પત્તિ કરો, તું સ્વતંત્ર છો. પરનો કર્તા કિંચિત્ એક રજકણને હલાવવો, આંખની પાંપણ આમ કરવી એ તારું કર્તવ્ય નથી. સમજાણું કાંઈ? તું રાગ કર કે જ્ઞાન

કરો, અજ્ઞાન કર કે જ્ઞાન કર, પણ શરીરની ક્રિયાનો કર્તા તો ત્રણકાળમાં નથી. આત્મા પરભાવનો કર્તા માનવો એ તો વ્યવહાર... એ આવ્યુંને? **'પરભાવનો કર્તા તો કદી નથી.'** 'એ જ વાતને દઢ કરે છે :—' ૬૨માં કહેશે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## ભાદરવા સુદ-૨, શુક્રવાર, તા. ૨૭-૮-૧૯૭૬,
## શ્લોક-૬૨, ગાથા-૯૮ થી ૧૦૦,
## પ્રવચન નં. ૧૬૮

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।६२।।

સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ... તો પગાર કોણ આપે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોણ પગાર દેતું હતું? આ તમારી વાત કરે છે, દશરથલાલજી! તમે ઓળખો છો? એ રામજીભાઈના દીકરા છે. મહિને આઠ હજારનો પગાર છે. કેટલા બચતા હશે એ જુદી વાત છે, પણ પગાર આઠ હજારનો છે. એસો છેને એસો કંપની, એમાં છે. એના પિતાજી ઈ કહે છે કે તો પૈસા આપે કોણ? કાંઈક કામ કરે તો આપે કે એ વિના પૈસા આપે? એમ કહે છે. કોણ કરે? આ તેલ-તેલ સુધારવાનું. શું કહેવાય? પેટ્રોલ. કોણ પેટ્રોલને સુધારે? અન્યનું કરે કોણ? આહા..હા..! સમજાણું કાંઈ?

બે શબ્દ લીધા. **'आत्मा ज्ञानं'** અને **'स्वयं ज्ञानं'** એ તો જ્ઞાનમૂર્તિ ચૈતન્યઘન ચૈતન્યસૂર્ય. શાંતરસનો કંદ જ્ઞાનસ્વરૂપ પ્રભુ. આહા..હા..! **'ज्ञानात् अन्यत् किम् करोति'** **'તે જ્ઞાન સિવાય બીજું શું કરે?'** શું શરીરની ક્રિયા કરે? વાણીની કરે? વકીલ દલીલ આપે ત્યાં એ કરે? લ્યો ઠીક નાખ્યું, એનું નાખ્યું. દલીલ આપેને દલીલ બરાબર. એ કરી શકે આત્મા? શ્રીપાળજી! ખબર છેને. પાંગળો છે? પર માટે પાંગળો. આ નટુભાઈ રહ્યા, કોર્ટમાં બહુ ધમાલ બોલાવતા હશે. આનું આ છે ને આનું આ છે. વકીલ છે. ધૂળેય કરે નહિ. વાણીનો કર્તા આત્મા ક્યાંથી આવ્યો? કહે છે. એ તો જ્ઞાનસ્વરૂપ છેને. **'स्वयं ज्ञानं'** **'ज्ञानात् अन्यत् किम् करोति'** ત્રણ શબ્દ આવ્યા. આત્મા જ્ઞાન છે, સ્વયં જ્ઞાનસ્વરૂપ છે. **'તે જ્ઞાન સિવાય બીજું શું કરે?'** જોકે અહીં તો જડની મુખ્યતાએ અત્યારે વાત છે. સમજાણું કાંઈ? દલીલ-બલીલ કોણ કરતું હતું? ધૂળ? તમારો છોકરો નહિ? હોંગકોંગમાં ગયો છે ત્યાં નાનો. ત્યાં

આ જ કરતો હશે. ઘણા લાખો રૂપિયા પેદા કરે છે ત્યાં. ચીમનભાઈનો દીકરો ત્યાં મુંબઈ શાંતિભાઈ છેને. એનાથી નાનો છે તે ત્યાં ગયો છે. શું નામ? મધુ-મધુ. કાંઈ કરી શકે નહિ એમ કહે છે.

**શ્રોતા :—** રૂપિયા ઘણા ભેગા કર્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂળેય ભેગા કર્યા નથી. છતાં આપે છેને પાછા એ લોકો. શાંતિભાઈ આપે છે. લાખ રૂપિયા આપ્યાને હમણાં. સાહિત્યની (કિંમત) ઘટાડવા. લાગણીવાળો માણસ આમ તો છે. સમજાણું કાંઈ? કોણ કરે? પૈસા દે એ ક્રિયા આત્મા કરે? એ શેઠ! તમારે તો બહુ કરવું પડે છે. શું કહ્યું?

**શ્રોતા :—** બધું ક્ષેત્રાંતર થતું રહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો એને કારણે જાય છે, તમારે કારણે નહિ. આહા..હા..! '**ज्ञानात् अन्यत् किम् करोति आत्मा परभावस्य कर्ता**' '**આત્મા પરભાવનો કર્તા છે...**' શરીર, વાણી, કર્મબંધન એની ક્રિયાનો કર્તા '**એમ માનવું (તથા કહેવું) તે વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે.**' આહા..હા..! આ તો એ લોકો તો એમ કહે છે કે જો પરનો કર્તા ન માને તો એ દિગંબર નથી. આહા..હા..! અરેરે..! શું કરે છે આ? આ પંડિતે ત્યાં કહ્યું હતું એક ફેરી ઈંદોરમાં અને હવે અહીં કહ્યું લલિતપુરમાં. પરને કર્તા ન માને એ દિગંબર નહિ. એને અહીં દિગંબરનો નિષેધ કરવો છે. કારણ કે પરનો કર્તા માનતા નથી. અરે ભગવાન! પ્રભુ! તને આ ક્યાંથી આવું સૂઝયું? આહા..હા..!

**શ્રોતા :—** એનો પોતાનો નિષેધ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, હા, પોતાનો નિષેધ થયો. કોણ કરે, ભાઈ? ત્યારે એમ કે બોલો છો (શું કરવા)? પણ બોલે કોણ? એ તો વાણીની ક્રિયા છે, આત્માની નહિ. આહા..હા..! બહુ ઝીણું, ભાઈ! આહા..હા..!

ઓલામાં લીધું છેને, ભાઈ! પંચાસ્તિકાય નહિ? ૧૪૬ ગાથામાં બે કળશ આપ્યા છેને. અત્યારે '**तिरयणसुद्धा**' અમૃતચંદ્રાચાર્યે આપ્યા છે. અત્યારે પણ પંચમઆરામાં, કુંદકુંદાચાર્ય કહે છે, મોક્ષપ્રાભૃતની ગાથા છે, '**तिरयणसुद्धा**' પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રથી શુદ્ધ કરીને વર્તમાન પંચમકાળમાં પણ ત્રિરત્નનું આરાધન કરીને સ્વર્ગમાં ઈન્દ્રપણું પામે છે અને ત્યાંથી મુક્તિ પામશે. ત્યાંથી મનુષ્ય થઈને નિર્વાણ પામશે—મોક્ષ જશે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરનું કર્તૃત્વ છોડીને. સમજાણું કાંઈ? પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રનું આરાધન કરીને, નિશ્ચય હોં! આહા..હા..!

સવારે તો એ આવ્યું હતું, આહા..હા..! કે લાખ, કરોડ વર્ષમાં તારા વ્યવહારરત્નત્રય સાધ તો એનાથી મોક્ષમાર્ગ છે? આહા..હા..! અને મુનિ તો, જ્યાં તીર્થંકરને કેવળજ્ઞાન થયું, ત્યાં તો સાંભળીને એકદમ અંતરમાં ઊતરી ગયા. સાધુપણું. આહા..હા..! સમ્યગ્દર્શનસહિત

ચારિત્રદશા થઈ. આહા..હા..! એ તો અંતરના ધ્યાનથી પ્રાપ્ત થયું, કોઈ વ્યવહારત્નત્રયથી પ્રાપ્ત થયું (નથી). કરોડ વર્ષ કરે. આહા..હા..! ત્યાં એ સિદ્ધ કરવું છે. કેવળી પરમાત્માને, તીર્થંકરને કેવળજ્ઞાન થયું, દિવ્યધ્વનિ થઈ, સમવસરણની રચના થઈ એ સમયે સાધુ સાંભળીને એકદમ અંતરમાં ઊતરી ગયા. આનંદના નાથમાં અંદર તળમાં ગઈ દૃષ્ટિ. આહા..હા..! તો ત્યાં ને ત્યાં એ મુનિપણું લીધું, ભગવાન તો હજી મોક્ષમાં પછી જશે. આહા..હા..! આત્મધ્યાનની મહિમા તો જુઓ, એમ કહે છે. તારા વ્યવહારરત્નત્રય, વ્યવહાર કરોડ વર્ષ કરને. અહીં કાંઈ કર્યું નથી એણે. આહા..હા..!

ભગવાન આત્મા અંતર આનંદના નાથને અંદર પકડી અને ધ્યાનમાં આવે તો ક્ષણમાં કેવળજ્ઞાન પામે છે. એમ આવ્યુંને સવારે? ભગવાનને કેવળજ્ઞાન થયું. સોળ તીર્થંકર અને સાધુ અલ્પ કાળમાં એકદમ અંદરમાં આનંદમાં ઊતરી ગયા. આહા..હા..! ત્રાંબાનો તાર હોય છેને ત્રાંબાનો? વીજળી પડેને વીજળી? નીચે ત્રાંબાના (તારમાં) ઊતરી જાય. આહા..હા..! એમ ભગવાનની વાણી નીકળી અને અંતરમાં પેસી ગયા અંદર. આનંદના નાથને અંદર પકડીને અનુભવ થઈ ગયો. આહા..હા..! અને તે જ ક્ષણે કેવળજ્ઞાન અને તે જ ક્ષણે મોક્ષ. સવારે આવ્યું હતુંને શેઠ! સવારે વ્યાખ્યાનમાં આવ્યું હતુંને.

તીર્થંકરને કેવળ થયું. મોક્ષ તો હજી અમુક વર્ષ પછી જશે, પણ ત્યાં સાધુ તો તે ક્ષણે કેવળ પામીને મોક્ષ ગયા. આહા..હા..! કેમકે સાધન જે આત્માનું ધ્યાન એ ધ્યાન કર્યું. કોઈ વ્યવહાર કરતાં-કરતાં થાય છે, તો વ્યવહાર તો છે નહિ ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી સીધી વાત કરી છે. અને અહીંયાં પણ એ કહ્યું. મારે તો બીજું કહેવું હતું જરી. અમૃતચંદ્રાચાર્ય... એક શ્લોક એ કહ્યો અને એક શ્લોક એ કહ્યો. હવે બીજો. શાસ્ત્રનો પાર નથી, પ્રભુ એનું કોણ જ્ઞાન કરે? આહા..હા..! શાસ્ત્રનો પાર નહિ, કાળ થોડો, '**दुम्मेहा**' એમ કરીને લખ્યું છે. અરેરે..! આહા..હા..! ધન્ય અવતાર, પ્રભુ! અમૃતચંદ્રાચાર્ય જેવા કહે છે કે અમે ઠોઠ નિશાળિયા. અમે '**दुम्मेहा**' અમે અલ્પ બુદ્ધિવાળા, મંદબુદ્ધિવાળા. આહા..હા..! છેને ભાઈ? એમાં લખ્યું છે. ૧૪૬ ગાથામાં લખ્યું છે. ટીકામાં હોં! પોતે દાખલો આપ્યો છે. આહા..હા..! જેની આ અત્યારે ટીકા થઈ એવી ટીકા કરનાર બીજા કોઈ ન નીકળ્યા. એ એમ કહે છે હોં. અરે પ્રભુ! તારા શાસ્ત્રના પાર ન મળે. એટલું જ્ઞાન ક્યાંથી અમે કરીએ? અને અમારી બુદ્ધિ ઠોઠ નિશાળિયા જેવી છે. ઠોઠને શું કહે છે? ઠોઠ નિશાળિયા અમારે ગુજરાતી (શબ્દ છે). મંદ બુદ્ધિ તો છે પણ ઠોઠ નિશાળિયા. મંદ બુદ્ધિ લખ્યું છે. ત્રણ અર્થ લખ્યા છેને. ઠોઠ એટલે ઠોઠની ભાષા આપણને આવડે નહિ હિન્દી. ઠોઠ કહે છે? બસ! ત્યારે લ્યો આ અમારે પંડિત રહ્યા. સંસ્કૃતના પંડિત છે. ઠોઠ-ઠોઠ કહે છે. એના શબ્દ લીધા છે, બે-ત્રણ લીધા છે. આહા..હા..! મૂળ પાઠ છે. '**अंतो णत्थि सुईणं**' શ્રુતજ્ઞાનનો અંત નથી, અપાર શાસ્ત્ર ભર્યા છે અને '**कालो थोओ**' અલ્પ કાળ અમારો તો છે. પંચમકાળમાં

આયુષ્ય અલ્પ છે. કામ મોટું કરવાનું છે. અને '**वयं च दुम्मेहा**' અમે તો... '**दुम्मेहा**'ની વ્યાખ્યા કરી છે હોં. ઓલામાં કરી છે. '**ઓછી બુદ્ધિવાળા; મંદબુદ્ધિ; ઠોઠ.**' આહા..હા..! સુમનભાઈ! અમૃતચંદ્રાચાર્ય જેવા જેની ત્રણ ટીકા પ્રવચનસાર, સમયસાર, પંચાસ્તિકાય. એ કહે કે અમે તો ઠોઠ છીએ. અરેરે પ્રભુ! કેવળીજ્ઞાન ક્યાં અને ક્યાં બાર અંગનું જ્ઞાન! એની અપેક્ષાએ અમે ઠોઠ તો અમારે કરવાનું આ અંતરમાં છે એ અમારે કરવાનું છે. ભલે વિશેષ શાસ્ત્રજ્ઞાન ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ? અમારે તો ત્રણલોકનો નાથ ભગવાન, એનું આરાધન કરવું છે, બસ! એનાથી અમને કેવળજ્ઞાન થઈ જશે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ અંદર બિરાજે છે. નિર્વિકલ્પ આનંદનો કંદ છે, એની દૃષ્ટિ કરીને એમાં લીન થવું એ અમારે કરવું છે. ત્યાં તો એમ લીધું છેને પછી. જરા, મરણનો ક્ષય એમ લીધું છે. '**तण्णवरि सिक्खियव्वं**' એ બધું છોડીને એટલું શીખવું કે '**जं जरमरणं खयं कुणइ**' જન્મ-મરણનો ક્ષય થાય એ શીખવાનું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**अज्ज वि तिरयणसुद्धा**' એ ગાથા તો આપણે મોક્ષપાહુડની પણ છે. '**अप्पा झाएवि लहइ इंदत्तं।**' આત્માનું ધ્યાન કરીને અત્યારે પણ ઈન્દ્રપદ પામશે. આહા..હા..! આત્માનું ધ્યાન કરીને, હોં! વ્યવહાર કરીને એમ નહિ. આહા..હા..! વચ્ચે વિકલ્પ છે તો ઈન્દ્રપણું પામશે. આહા..! '**लोयंतिदेवत्तं**' લોકાંતિક દેવ થઈને '**तत्थ चुआ णिव्वुदिं जंति।**' લોકાંતિકમાં અવતરશે અને ત્યાંથી નીકળીને કેવળ પામીને મોક્ષ જશે. આહા..હા..! પછી આ લીધું છે.

અહીં તો વસ્તુ શુદ્ધ ચૈતન્યઘનની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એનું કરવું છે. વ્યવહાર અને નિમિત્તની વાત છોડી દે. આહા..હા..! કરવાલાયક હોય તો આ કરવું. આનંદના નાથ ઉપર લપેટ થઈ જા. ભગવાનને ધ્યાનમાં ધ્યેય બનાવી દે. એ કરવાનું છે. એ કરવાથી પંચમ આરામાં પણ '**इंदत्तं**' લોકાંતિકમાં જશે. દેવ થશે. ત્યાંથી મનુષ્ય થઈને કેવળ પામશે. આહા..હા..! પછી આ કડી મૂકી હોં! '**अंतो णत्थि सुईणं**' શ્રુતનો પાર નથી. બાર અંગમાં પણ અલ્પ વાત છે. ભગવાને કહેલી વાત તો અનંત-અનંત બાકી રહી ગઈ છે. આહા..હા..! '**कालो थोओ वयं च दुम्मेहा**' અમે ઠોઠ નિશાળિયા છીએ. અરેરે..! આહા..હા..! એ પોપટભાઈ! અમારે જે કરવું છે એમાં તો.. બહારમાં ઠોઠ પણ કરવાનું આ છે. '**तण्णवरि सिक्खियव्वं**' આટલું શીખવાનું છે અમારે તો. '**जं जरमरणं खयं कुणइ**' જેનાથી જન્મ-મરણનો નાશ થાય એ શીખવાનું છે અમારે, બીજી વાત નહિ. કહો, પોપટભાઈ! આહા..હા..!

**શ્રોતા :—** બીજું બધું ઘણું કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો કર્યું શું. રાગ કર્યા હતા, બીજું શું કર્યું હતું. રાગ કર્યા હતા અને પુણ્ય-પાપના ભાવ કર્યા હતા. બીજું તો કાંઈ પરનું તો કરી શકતો નથી. અજ્ઞાનપણે પરનું તો કાંઈ કર્યું નથી. સમજાણું કાંઈ? આ સાઈકલ ઉપર જઈને ગામોગામ બીડીના વેપાર, ધંધા પાકા કરે, ફલાણા એ કાંઈ કરી શક્યો નથી એમ કહે છે. વસ્તુ તો જે હોય એમ

હોયને. એ તો આપણે ચાલે છે કે 'आत्मा ज्ञानं' 'ज्ञानात् अन्यत् किम् करोति' એ શરીરનું, પૈસા મેળવવાનું, વેપાર-ધંધાની ક્રિયા એ કેમ કરે? એ આગળ આવશે. જો પરનું કરે તો પરમાં તન્મય થઈ જાય તો પોતાની સત્તા ખોવે છે. આહા..હા..! પોતાની સત્તા ચૈતન્ય ભગવાન પરનું કરે તો પરમાં તન્મય થઈ જાય. તન્મય થઈ જાય તો પોતાના સ્વરૂપનો નાશ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે? પંચાસ્તિકાય ૧૪૬ ગાથા. અમૃતચંદ્રાચાર્યની ટીકા. બે ગાથાનો અહીં આધાર લીધો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં એ કહે છે કે '**જ્ઞાન સિવાય બીજું શું કરે?**' અહીં તો જ્ઞાનમાં કરવું, ઠરવું, બસ એ કરવાનું છે. આહા..હા..! રાગનું શું કરે પ્રભુ, આત્મા? જ્ઞાનસ્વરૂપી રાગનું શું કરે? એમાં ક્યાં વિકારી કોઈ શક્તિ છે કે રાગનું કરે. આહા..હા..! રાગનો કર્તા તો પર્યાયબુદ્ધિવાળો થાય છે. વસ્તુમાં તો એ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જેનાથી જન્મ-મરણનો અંત થાય અને જેનાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય એ અંતરનું શીખવાનું છે. સમજાણું કાંઈ? બાકી બધા વકીલાતના ધંધા મોટા દસ-દસ હજારના પગાર એ બધા મીંડા વાળવા જેવા છે. આહા..હા..! અરે..! બુદ્ધિ થોડી, કાળ થોડો, શ્રુતનો પાર નહિ. આહા..હા..! એ શીખવાનું છે કે પોતાનો આત્મા વસ્તુ.. ત્યાં ધ્યાન લગાવવું કે જેનાથી જન્મ, જરા, મરણનો અંત આવે. બસ, આ વાત છે. અમરચંદભાઈ! આ વસ્તુ છે. આહા..હા..!

અમૃતચંદ્રાચાર્ય જેવા, જેમણે કુંદકુંદાચાર્યના ગણધર જેવું કામ કર્યું, એ કહે છે કે '**वयं च दुम्मेहा**' આહા..હા..! છે શ્લોક કો'કનો પણ પોતે કહે છેને એમ. આહા..હા..! અરેરે..! અમે ઠોઠ નિશાળિયા. આહા..હા..! ક્યાં ચૌદ પૂર્વનું, બાર અંગના જ્ઞાન અને આ ક્યાં અમારા અલ્પ જ્ઞાન! આહા..હા..! અમારે તો એ શીખવું છે જન્મ-મરણ મટવાની વાત. બસ, એક જ વાત અમારે. બીજું જણાય, ન જણાય, દુનિયા જાણે કે ન જાણે, સમજાવતા આવડે કે ન આવડે, વ્યાખ્યાન કરતાં આવડે કે નહિ એની સાથે શું સંબંધ છે? આહા..હા..! આ શીખી લે, નાથ! એમ કહે છે. જેનાથી જન્મ-મરણનો ક્ષય થઈ જાય. આહા..હા..! અર્થાત્ જેનાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. આહા..હા..! એ તો અંતરમાં પરની કર્તાબુદ્ધિ છોડીને રાગ અને પુણ્યભાવની કર્તાબુદ્ધિ છોડીને જ્ઞાનસ્વરૂપી ભગવાન 'स्वयं ज्ञानं' 'आत्मा ज्ञानं स्वयं ज्ञानं' બસ, ત્યાં દૃષ્ટિ લગાવી દે. આહા..હા..! ત્યાં લગની લગાવી દે. સમજાણું કાંઈ? આહા..હા..! આ છે ભગવાન! ઓલું ભલે જાણપણું ઓછું થાય.

એ ૩૪માં પણ કહ્યુંને? પ્રવચનસાર. અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે. આહા..હા..! પ્રભુ! અમારો સ્વભાવ જે છે, એ અમારી દૃષ્ટિમાં આવ્યો અને અમારે સ્થિરતા કરવી છે. વિશેષ જાણપણાના ક્ષોભથી બસ હો. આહા..હા..! જે કાંઈ જ્ઞાનનો ક્ષયોપશમ કરવાની ચીજ છે એ હાથમાં આવી ગઈ છે. અંતરમાં એકાગ્ર થવું, દૃષ્ટિ અને ચારિત્ર છે. હવે વિશેષ જ્ઞાનનો ક્ષોભથી બસ હો. બહુ આવડે છે અને બહુ સમજાવતા આવડે છે એ અમારે કામ નથી.

આહા..હા..! ધન્ય અવતાર છેને! આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય જેવા મુનિરાજ, જેની ટીકા અત્યારે કોઈ કરી શકે નહિ, એવી ટીકા કરનાર એ એમ કહે છે કે અરે પ્રભુ! અમારે તો આ કરવું છે. વિશેષ જ્ઞાનના ક્ષોભથી બસ થાઓ. વિકલ્પથી ક્ષોભ થાય છે. આહા..હા..! આ વાંચવું ને આ વાંચવું, આ કંઠસ્થ કરવું, યાદ કરવું. આહા..હા..! અરેરે..! આહા..હા..! અમે તો ચૈતન્યસ્વરૂપ છીએ, ભગવાન! એને અમે ધ્યાનમાં લીધો. એ કરવાનું છે, બસ. સુમનભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ! અહીં તો જન્મ-મરણના અંતની વાત છે, બાપુ! બહારથી પૈસા મળે ને દેવપદ મળે ને શેઠાઈ મળે ને ધૂળ મળે. આહા..હા..!

**'તે જ્ઞાન સિવાય બીજું શું કરે?'** આત્મા **'વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે.'** એ એમ માને છે કે પરભાવનો હું કર્તા છું. આહા..હા..! સમજાણું કાંઈ? મેં કર્મ બાંધ્યા, શરીરની ક્રિયા મેં વ્યવસ્થિત કરી. વ્યવસ્થિત બોલવાની ક્રિયા હું કરી શકું છું. ધારાવાહી કલાક બોલી શકું છું. અરે.. પ્રભુ! પરનું શું કરે, ભાઈ? આહા..હા..! સમજાણું કાંઈ? **'એમ માનવું (તથા કહેવું) વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે.'** એ ગાથામાં કહે છે.

**ववहारेण दु आदा करेदि घडपडरधाणि दव्वाणि।**
**करणाणि य कम्माणि य णोकम्माणीह विविहाणि।।९८।।**

આહા..હા..! મણિરત્નના હારડા ભર્યા છે, સમ્યગ્જ્ઞાનના. આહા..હા..!

**ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,**
**નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.**

એમ મૂઢ માને છે હોં!

**'ટીકા :- જેથી પોતાના (ઈચ્છારૂપ) વિકલ્પ...'** છેને? **'અને (હસ્તાદિની ક્રિયારૂપ)...'** હસ્તાદિ ક્રિયા કરી શકે છે એ અત્યારે નથી લેવું. અહીંયાં તો હસ્તાદિની ક્રિયા અને ઈચ્છા એમાં થાય છે. **'વ્યાપાર વડે આ આત્મા ઘટ આદિ પરદ્રવ્યસ્વરૂપ બાહ્યકર્મનો કરતો...'** અજ્ઞાની યોગ અને દેહની ક્રિયાથી.. સમજાણું કાંઈ? વિકલ્પથી 'હું પરનો કર્તા છું' આહા..હા..! પૈસાને હું ગણુ છું, પૈસાને ગણીને તિજોરીમાં મૂકું છું, એ મૂઢ જીવ એમ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'(ઈચ્છારૂપ) વિકલ્પ અને (હસ્તાદિની ક્રિયારૂપ) વ્યાપાર વડે આ આત્મા ઘટ...'** કુંભાર એમ માને કે હું ઈચ્છા અને હસ્તાદિની ક્રિયા વડે ઘડો કરું છું, તો એ મૂઢ છે એમ કહે છે. આહા..હા..! એ વ્યવહારી જીવ મૂઢ છે. આહા..હા..! પટનું. ઘટપટ છેને. વસ્ત્ર બનાવી શકું છું. લાંબું, પહોળું બરાબર. દોરા. દોરા કહેને. તાણાવાણા મજબુત છે, પોલું છેને એ હું કરી શકું છું. વણકર હું કરી શકું છું. આહા..હા..! એ વ્યવહારી જીવની મૂઢતા છે. વ્યવહારે તો કર્તા છુંને હું, એમ કહે છે. આહા..હા..! 'હું રોટલી કરું છું, હું દાળ-ભાત કરું છું, પુડલા કરું છું. નિશ્ચય અને વ્યવહાર બધો એક જ છે. 'આ હું વ્યવહાર કરું છું' એ પણ મૂઢ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'પરદ્રવ્યસ્વરૂપ બાહ્યકર્મને કરતો...'** એક વાત. **'પ્રતિભાસે છે...'** આહા..હા..! અજ્ઞાનીને એમ ભાસે છે કે મેં ઘડો બનાવ્યો, મેં રોટલી બનાવી, મેં મકાન બનાવ્યા, કપડા મેં બનાવ્યા. આહા..હા..! એ કપડા મેં ઓઢ્યા બરાબર સરખા, એ ક્રિયા મેં કરી. કહો, સમજાણું કાંઈ? ટોપી છેને ટોપી, આમ ખેંચવાની ક્રિયા મેં કરી. બરાબર આમ લાંબી કરીને પછી (પહેરી). 'પરદ્રવ્યની ક્રિયા મેં કરી' એ વ્યવહારી જીવની મૂઢતા છે. આહા..હા..!

**શ્રોતા :–** વ્યવહારીજીવ વ્યવહારે કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહારે કરી શકતો નથી, માને છે. આહા..હા..! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! તેથી તો કહ્યું, આત્મા તો જ્ઞાનસ્વરૂપ સ્વયં જ્ઞાન છે. એ જ્ઞાન જાણવાનું કાર્ય કરે, જ્ઞાન પરનું કાર્ય કરે? એ વ્યવહારી જીવની મૂઢતા છે એમ કહે છે. આહા..હા..! કહો, આવું સત્ય પ્રસિદ્ધ છે એને એ લોકો એમ કહે છે લ્યો, પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર. મૂળ તો આને દિગંબરથી બહાર કરવા છે. કોણ કરે? સાંભળને, ભાઈ! સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે જે કોઈ વ્યવહારી જીવ એમ માને કે હું પરનું કરું છું, ઘટ, પટ, રોટલી, દાળ, ભાત, શાક.. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** વ્યવહારની બધી ક્રિયાને નકારી દીધી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરની ક્રિયા ક્યાં કરી શકે છે? એ તો પરથી થાય છે. નિશ્ચયથી તો પ્રભુ.. એમ કહ્યું હતુંને પહેલાં? કે પ્રત્યેક દ્રવ્ય અને પ્રત્યેક પરમાણુ અને ચૈતન્ય એની એક સમયની જે પર્યાય થાય છે એ પોતાના ષટ્કારકથી થાય છે. આહા..હા..! એ પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય અપાદાન, પર્યાય સંપ્રદાયન, પર્યાય અધિકરણ. આહા..હા..! પર્યાય કરણ સાધન છે. કર્તા એ, કર્મ એ, કરણ એ. આહા..હા..! એ અજ્ઞાની વિકારના ષટ્કારક પરિણમનને કરે. પણ અજ્ઞાની એમ માને કે હું ઘટ કરું છું, હું પટ કરું છું. હું નિમિત્ત છુંને. તો નિમિત્ત છું તો નિમિત્તથી થયુંને એમ. આહા..હા..! અહંકાર. ઈ વાત છે.

બાપુ! પ્રભુ! તારો માર્ગ જુદી જાતનો. આહા..હા..! અરેરે..! દુનિયામાં બહારની ઈજ્જત અને આબરુ માટે મરી જાય છે બિચારા. આહા..હા..! પરદ્રવ્ય એટલે? દીકરો, દીકરી, બાયડી, મા-બાપ, કુટુંબ એનું કાંઈ કરી શકે, એને પૈસા દે, દહેજ દે, આ દે... કહે છે કે 'એ ક્રિયાનો કર્તા હું છું' એમ માનનારો મૂઢ જીવ અજ્ઞાની છે. આહા..હા..!

હવે એક એ કહ્યું. પાછું ફેર. **'તેથી તેવી રીતે (આત્મા) ક્રોધાદિ પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત અંતરંગ કર્મને...'** જડ. જડ-જડ. કર્મનું બંધન હું કરું છું, ચારિત્રમોહનીય હું બાંધું છું, સમજાણું કાંઈ? આહા..હા..! ઓલું પરદ્રવ્ય હતું. છેને? અને આ એવી જ રીતે અંતરંગ પરદ્રવ્ય હવે. ઓલું બાહ્ય પરદ્રવ્ય હતું. આહા..હા..! છેને અંદર? **'પરદ્રવ્યસ્વરૂપ બાહ્યકર્મ...'** શરીર, વાણી, મન, રોટલી, દાળ, ભાત, ઘટ, પટ, વસ્ત્ર એને હું કરી શકું છું, બરાબર ઓઢી શકું છું, બરાબર આ કરી શકું છું, આ ચશ્મા પણ બરાબર આમ લગાવી શકું છું.

અરેરે..! વાત ભારે આકરી. પ્રભુ! તું કોણ છો, ભાઈ? તને ખબર નથી. તારામાં થાય અજ્ઞાનથી કાં રાગ-દ્વેષ અને જ્ઞાનથી કાં જ્ઞાતા-દૃષ્ટા (રહે). સમજાણું કાંઈ? બીજું કરે શું તું? આ કારીગરો મોટા નથી કરતાં? ગાડા, પૈડા, લુહાર, સુતાર. હા, આ કેવું બનાવ્યું જુઓ. કોણે? આ ધનજીભાઈ મિસ્ત્રી. એ આવ્યું છે હમણા કાલમાં કાંઈક. લખાણ ખાનગી છે. રામજીભાઈને આપ્યું, મારું કામ નહિ આમાં. એમાં આવ્યું છે, ચારસોનો પગાર લે છે, ઓલાને આમ છે, માસ્તર રાખે છે. આને આમ છે, તેમ છે. ત્રણ લાખમાં પાછું સાત રૂપિયા ભાગ છે. આ શું કરે છે? આ તો બિચારા પૈસા આપે છે. ૨૫-૫૦, ૨૫-૫૦ ભેગા કરીને આમ વેડફી નાખે છે. કોઈ ધ્યાન રાખનાર નથી? એમ લખ્યું છે. કો'કે લખ્યું છે. કો'કની ખબર છે. રામજીભાઈ ઉપર પત્ર આવ્યો છે એ. રામજીભાઈની હયાતી જ્યારે હતી ત્યારે વ્યવસ્થિત બધું (હતું). હવે આ બધી રાડ આવી છે પાછળથી. આહા..હા..! એ તો કરે કોણ? પણ કરવામાં કોણ હતું? એટલે નિમિત્ત હતું. એ નિમિત્તે આ કર્યું એમ માનવું એ પણ અજ્ઞાન છે એમ કહે છે. આહા..હા..! છોકરાઓને મેં ભણાવ્યા, પોષીને મોટા કર્યા, દીકરીઓને ઠેકાણે પાડી, કપડા-બપડા, દાગીના આપ્યા પાંચ-પાંચ હજાર, પચ્ચીસ હજાર, પચાસ હજાર, લાખ, બે લાખના. મોટા લાખ, બે લાખ આપે. એ કોણ આપે, પ્રભુ? પણ તને ખબર નથી. એ ક્રિયા આત્માથી થતી જ નથી કદી. આહા..હા..! અરે..!

'**પરદ્રવ્યસ્વરૂપ** બાહ્યકર્મ...' અને એમ '**પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત અંતરંગ કર્મ**...' બે લીધા. શું કહ્યું સમજાણું? શરીર, વાણી, મન આદિ પરદ્રવ્યસ્વરૂપ બાહ્યકર્મ અને અંતરંગમાં કર્મની જડની દશા 'હું કરું છું' એ અંતરંગમાં. ઉપરોક્ત '**બન્ને કર્મો પરદ્રવ્યસ્વરૂપ**...' છે. આહા..હા..! હું રક્ષા કરી શકું છું, હું એનો પતિ છું, એની જે જિજ્ઞાસા છે એને હું આપી શકું છું, બીજી ન હોય તો હું મેળવી શકું છું. એને માટે પચાસ હજાર આપો, ઓછું વ્યાજ ખાય. એ બધું આજીવિકા કરી દ્યો પહેલેથી. કોણ કરે? આ ભારે.

**શ્રોતા** :— પુદ્‌ગલની વ્યવસ્થા પુદ્‌ગલ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ તો પુદ્‌ગલની ક્રિયા છે, બાપુ!

'**તેમનામાં તફાવત નહિ હોવાથી**...' કોણ? શરીર, વાણી, મનની બહારની ક્રિયા અને અંતરમાં કર્મબંધનની ક્રિયા એ બેય પરદ્રવ્ય છે. '**તેમનામાં તફાવત નહિ હોવાથી—**
**—કરે છે, એવો વ્યવહારી જીવોનો વ્યામોહ (ભ્રાંતિ, અજ્ઞાન) છે.**' આહા..હા..! હવે આવી વાત છે એ લોકોને ગોઠતી નથી.

'**ભાવાર્થ :- ઘટ-પટ, કર્મ-નોકર્મ ઈત્યાદિ પરદ્રવ્યોને આત્મા કરે છે એમ માનવું તે વ્યવહારી લોકોનો વ્યવહાર છે, અજ્ઞાન છે.**' આહા..હા..!

'**વ્યવહારી લોકોની એ માન્યતા સત્યાર્થ નથી એમ હવે કહે છે** :—' એ અજ્ઞાનીની માન્યતા યથાર્થ નથી. હું દીકરાનું કરું છું, હું કમાઉં છું, કુટુંબ માટે કમાઉં છું, કુટુંબ મોટું

થઈ ગયું છે અને એને મારો આધાર છે. બીજું કોઈ છે નહિ માટે હું કુટુંબ માટે કમાઉં છું. શેઠ! આ તો બધું પોગળ નીકળે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નવી પરણ્યા હોય, જૂનીના દીકરા હોય બે, ચાર, પાંચ, છ. પછી મરવાની તૈયારી હોય તો એને માટે બે મકાન, અમુક પૈસા બધું કાઢીને રાખે. ઓલા છોકરા વળી પાછળથી આપે, ન આપે અને કોણ જાણે હેરાન થાય તો? એટલે પહેલેથી કરી રાખે. ધૂળેય કરી શકતો નથી. સાંભળને! અભિમાન કરે છે અજ્ઞાનમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** સમાજમાં ડાહ્યો માણસ કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ડાહ્યો કહેવાય. તમારા જેવા કામ કરે એ ડાહ્યા કહેવાય. ત્યારે રામજીભાઈએ સોંપ્યું છેને તમને, રસોડાનું. આહા..હા..! એવું સાંભળ્યું છે. આહા..હા..! અરે..! આમાં થોડા માણસમાં આવું, પણ એમાં ઝઘડા શા આ બધા? થોડા માણસમાં થોડી જાતનું ... એમાં આ તો.. શ્રીમદ્‌ના અનુયાયીઓ તો એકબીજાને એટલા પ્રેમથી બોલે અને અહીં તો થોડા માણસમાં ઝઘડા. હું કરું.. હું કરું.. ઓલો કહે, તને આવડતું નથી, આનું આમ કર્યું. આ શું છે? અરેરે..! આવા માર્ગમાં આવી વાત, બાપા! ૯૯.

**जदि सो परदव्वाणि य करेज्ज णियमेण तम्मओ होज्ज।**
**जम्हा ण तम्मओ तेण सो ण तेसिं हवदि कत्ता।।९९।।**

**પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,**
**પણ તે નથી તન્મય અરે! તેથી નહીં કર્તા ઠરે. ૯૯.**

આહા..હા..! શું ખુલાસો છે! એ શરીરની ક્રિયા, લક્ષ્મીની ક્રિયા, મકાનની ક્રિયા, ઘડાની ક્રિયા, પટની ક્રિયા. આહા..હા..! આ વાસણ બનાવવા લોઢાના, પીત્તળના. કહો, સમજાય છે કાંઈ?

'**ટીકા :—જો નિશ્ચયથી આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મને કરે તો,...**' શરીરની ક્રિયા, વાણીની ક્રિયા, ઘટપટની ક્રિયા, ખાવા-પીવાની જડની ક્રિયા આહા..હા..! એ '**કર્મને કરે તો, પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,...**' તો એ પરિણામ એનું થયું અને પરિણામી દ્રવ્ય થયું. પરનું કામ કર્યું તો પર પરિણામ થયું અને આત્મા પરિણામી થયો, તો પરિણામ-પરિણામી એક થઈ ગયા, પરદ્રવ્ય અને આત્મા એક થઈ ગયા. સમજાણું કાંઈ? વ્યાપ્ય-વ્યાપક થયું. વ્યાપક પોતાનું અને પરના પરિણામ થયા એ પોતાનું વ્યાપ્ય. એ કર્તા થઈ ગયો અજ્ઞાની. પોતાની સત્તા ખોઈ બેઠો. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! '**નિશ્ચયથી આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મને કરે તો,...**' આત્મા ખરેખર કર્મને બાંધે અને ખરેખર ખાવાની ક્રિયા એ આત્મા કરે, ઘટપટ બનાવવાની ક્રિયા આત્મા કરે... આહા..હા..! '**તો, પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,...**' તો એ પરના પરિણામ પોતાના થયા અને પરિણામી

આત્મા, તો બે એકમેક થઈ ગયા, જડમાં આત્મા તન્મય થઈ ગયો. આહા..હા..! આ તો સમજાય એવી ભાષા છે. પોપટભાઈ! આહા..હા..! કહો, જયંતિભાઈ! આ તમારું... તન્મય થઈ જાય એમાં, એકમેક થઈ જાય. પોતાની સત્તાનો નાશ થઈ જાય. આહા..હા..!

'**તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય; પરંતુ તે તન્મય તો નથી,...**' પરરૂપ તો થતો નથી. '**કારણ કે કોઈ દ્રવ્ય અન્યદ્રવ્યમય થઈ જાય તો તે દ્રવ્યના નાશની આપત્તિ (દોષ) આવે.**' આહા..હા..! રોટલી બનાવે તો આત્મામાં તન્મય થઈ જાય રોટલી. મેં બનાવી, મેં કરી, એનો કર્તા હું, તો પોતાની સત્તાનો નાશ થઈને પરની સત્તામાં ચાલ્યો ગયો. આહા..હા..! ભારે વાત, ભાઈ! લોજિકથી તો વાત કરે છે ન્યાયથી. લોજિકથી વાત તો કરે છે. જો પરદ્રવ્યની ક્રિયા તારાથી થાય એ તો પરિણામ થયું અને તું પરિણામી થયો, તો પરિણામ-પરિણામી વ્યાપ્ય-વ્યાપક થઈ ગયા, તો પરદ્રવ્યમાં ચાલ્યો ગયો. આહા..હા..! બે એક થયા. સુમનભાઈ! એ પેટ્રોલના તેલનો સુધારો સુમનભાઈ કરે. સંચો પણ કરે. આહા..હા..! બહુ સરસ. સંચો સંચાના કારણે, પરની ક્રિયા પરને કારણે, બાપુ! જગતને આકરુ પડે છે. એ વસ્તુ વિજ્ઞાનસાર છપાણું છેને આપણે નહિ? બે હજારમાંને? વસ્તુ વિજ્ઞાનસારને? એમાંથી ભૂલો કાઢી છેને ઘણાએ અત્યારે હમણા. એમાં આમ લખ્યું છે.. આમ લખ્યું છે.. અરે ભાઈ! તને ખબર નથી, પ્રભુ! વીતરાગની વાણી એ છે. આહા..હા..!

અહીં તો કહે છે કે એક રજકણને પણ હલાવી શકે, આ પાપણ આત્મા ફેરવી શકે તો આત્મા અને પાપણના પરિણામ બે એક થઈ જાય, તો પોતાના પરિણામ ભિન્ન ન રહ્યા, પરિણામ સાથે પરિણામી એકમેક થઈ ગયો. બરાબર છે? આહા..હા..! જુઓ, આ જિનવરદેવ. જિનવર સંતોની આ કથની તો જુઓ, ઓહો..હો..! પરની દયા હું પાળી શકું છું. તો કહે છે કે પરની પર્યાય અને તારું દ્રવ્ય બે એક થઈ ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,...**' પરના પરિણામ અને પરિણામી પોતે જો પરનો કર્તા થાય તો પરિણામ અને પરિણામી એક થઈ જશે. એમ તો બનતું નથી. '**તો તે દ્રવ્યના નાશની આપત્તિ (દોષ) આવે. માટે આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી.**' વ્યાપ્ય-વ્યાપકભાવથી પણ પરનો કર્તા નથી. નહિતર વ્યાપક આત્મા અને પરકર્મ વ્યાપ્ય એમ થઈ જાય, તો પોતાની સત્તાનો નાશ થઈ જાય અને એની સત્તાનો નાશ થઈ જાય. એનું કર્મ તેં કર્યું, એનાથી કર્મ થયું નહિ. એની ક્રિયાનું કર્મ જે એનાથી થયું એ તેં કર્યું તો એની પર્યાયનો પણ નાશ થયો. આહા..હા..! ઝીણું ભારે, ભાઈ!

૯૯માં તો એ કહ્યું કે વ્યાપ્યવ્યાપકભાવથી કર્તા નથી. સમજાણું કાંઈ? અર્થાત્ આત્મા પ્રસરીને વ્યાપક થઈને પરનું કાર્ય વ્યાપ્ય કરે તો તો પોતાનો નાશ થઈ જાય અને પરનો પણ નાશ થઈ જાય, બે દ્રવ્ય એક થઈ જાય. આહા..હા..! નટુભાઈ! આ તો લોજિકથી

વાત છે. તમારા વકિલાતમાં સરકારે બાંધ્યા એ કાયદા અને દીધે રાખે.

**શ્રોતા :—** એમ હોય? ત્યાં પણ લોજિકથી ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ લોજિક ચાલે તે બધું સમજવા જેવું. આહા..હા..! કર્તાબુદ્ધિ છેને ત્યાં તો. આમ કરવું ને આમ કરવું. એ વાત જૂઠી છે એમ કહેવું છે. આહા..હા..! બહુ સરસ વાત છે. આહા..હા..! ભગવાન! નિરાળો તું છે. રાગથી નિરાળો, પરથી નિરાળો, પરના પરિણામ અને તું પરિણામી એમ વસ્તુ જ નથી. આહા..હા..! વ્યાપક તું અને કર્મ વ્યાપ્ય એમ છે જ નહિ. આહા..હા..!

'**ભાવાર્થ :—એક દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય થાય...**' કહો, આટલું તો સ્પષ્ટ કર્યું છે. તોપણ હજી કહે છે, નહિ. કેમકે સોનગઢવાળા એમ કહે પરદ્રવ્યને કર્તા માને તો મિથ્યાત્વ આપણે તોડવા. અરે પ્રભુ! શું કરે? કોનું તોડવું છે, પ્રભુ? તું કોને કહે છે, ભાઈ? આહા..હા..! એ પણ એક અભિપ્રાય છેને. આત્માને એ અભિપ્રાય બેઠો હોય તો એ પ્રમાણે કહે. આહા..હા..!

અહીં કહે છે કે '**એક દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય થાય તો બન્ને દ્રવ્યો એક થઈ જાય,...**' કહો, સમજાય છે કાંઈ? આ આત્મા જે છે અંદર આત્મા, આ શરીરની આંગળી હલાવી શકે એ આત્માનું કર્તવ્ય અને આત્મા કર્તા છે તો આત્મા કર્તા પેસી ગયો અંદર, જડના પરિણામમાં પેસી ગયો. પરિણામી ત્યાં ગયો તો પોતાનો નાશ થયો અને પરપદાર્થની પર્યાય તેં કરી તો એ પર્યાયનું કર્મ એનું છે તો તેં કર્યું તો, એની પર્યાયનો નાશ થયો તો દ્રવ્યનો પણ નાશ થયો. સૂક્ષ્મ વાત છે આ, ભાઈ! આહા..હા..!

'**કર્તાકર્મપણું અથવા પરિણામ-પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોઈ શકે.**' જુઓ, કાં તો અજ્ઞાની રાગનો કર્તા થાય અને જ્ઞાની જ્ઞાનનો કર્તા થાય એ પોતાના પરિણામમાં છે, પરનો કોઈ કર્તા ત્રણકાળમાં કોઈ દ્રવ્ય કરી શકતું નથી. '**આ રીતે જો એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય, તો તે દ્રવ્યનો જ નાશ થાય એ મોટો દોષ આવે. માટે એક દ્રવ્યને અન્ય દ્રવ્યનો કર્તા કહેવો ઉચિત નથી.**' આહા..હા..! મેં પરદ્રવ્યને જીવાડ્યો. તો શું એ પર્યાય તેં કરી? કર્મ ઉદય નિમિત્ત છે ત્યાં. એનું જીવન રહ્યું, સુખની સામગ્રી મળી એ કર્મને કારણે. સમજાણું કાંઈ? આ કહે, મેં એને અનુકૂળ સામગ્રી આપી. રોટલી, પાણી, વસ્ત્ર (આપ્યા) તો એનો નભાવ થયો. આહા..હા..!

એક માણસને પૂછ્યું એના બનેવીએ કે તમે હવે આ ક્યાં સુધી ધંધો કરશો? આટલા પૈસા છેને. તો એ કહે કે અમે કમાવા માટે કાંઈ રળીએ છીએ? મનુષ્યની રોજગારી એમાં થાય છે. હજારો મનુષ્યો એના ઉપર નભે છે એના માટે અમે કમાઈએ છીએ. એય શેઠ! કહ્યું નહિ? સમજાણું નહિ? એક બનેવી હતો એણે એના સાળાને કહ્યું. સાળા પાસે પૈસા ઘણા. એના બનેવીએ કહ્યું કે હવે તમે શું કરવા રળો છો? કમાવ છો શું કરવા? પૈસા તો ઘણા છે. તો એના સાળાએ જવાબ આપ્યો કે શું અમે કમાવા માટે કરીએ છીએ?

અમારા ધંધાથી હજારો માણસોનું પોષણ થાય છે. રોજગારી મળે છે સૌને એ માટે અમે ધંધો કરીએ છીએ. આહા..હા..! મૂઢ છેને. મોટો પાડો છે. બળદ છે બળદ. આહા..હા..!

આ મીલવાળા એમ કહેને. મીલ હોયને મીલ. એમ કહે, હજારો માણસો નભે છે. પાંચ-પાંચ હજાર માણસ નભે છે એને રોજી મળે છે એ માટે અમે મીલ ચલાવીએ છીએ. આહા..હા..! આ ડોક્ટર એમ કહે, અમે દવાખાનું ચલાવીએ. ભાઈ! ઘણાના રોગ મટે અને એ નિરોગ થાય એ માટે અમે આ દવાખાનું ચલાવીએ છીએ. નહિતર અમારે તો પૈસા ઘણા થઈ ગયા, હવે તો ઉંમર થઈ ગઈ ૬૦-૭૦. પણ અમે કમાઈએ છીએ તો લોકોને એનો લાભ મળે, નિરોગ થઈ જાય. ધૂળેય થતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આમાં કરવું શું? આ દીકરાને પરણાવવો અને પાછું રક્ષણ કરવું એ કાંઈ ન કરી શકે? પાપ કરીને પૈસા ભેગા કર્યા હતા અને એ પાછા સુમનભાઈ માટે ખર્ચ્યા. ભણાવ્યા નહિ એને પૈસા ખર્ચીને? કોણ ભણાવે? એ તો એના પુણ્યથી એને મળ્યું. આહા..હા..! આ વાત બહુ (આકરી છે). એ પુણ્ય પણ નિમિત્ત છે. એ પૈસા આવવાની ચીજ આવવાની હતી. પુણ્યના પરમાણુ ભિન્ન છે અને પૈસા આવવાની ચીજ ભિન્ન છે. આહા..હા..!

'**આત્મા (વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી પરંતુ)...**' શું કહે છે? કર્તાકર્મ તરીકે નહિ, વ્યાપ્યવ્યાપક તરીકે નહિ, પરિણામી-પરિણામ તરીકે નહિ. શું કહ્યું સમજાણું? આત્મા વ્યાપક એટલે કર્તા થઈને પરના પરિણામ કરે તો વ્યાપ્ય-વ્યાપકભાવ થયો. એનો તો નિષેધ છે. સમજાણું કાંઈ? '**આત્મા (વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી પરંતુ) નિમિત્તનૈમિત્તિકભાવથી પણ કર્તા નથી...**' આહા..હા..! ભગવાન આત્મા પરના કાર્યમાં નિમિત્ત છે તો નિમિત્તકર્તા છે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

પરનું કામ, પોતાના પરિણામ અને આત્મા એનો કર્તા એ પરિણામી દ્રવ્ય એમ તો છે નહિ, પણ આત્મા નિમિત્ત છે અને પરના કાર્યમાં નિમિત્ત થાય છે એમ પણ નથી. જો પરના કાર્યમાં નિમિત્ત થાય તો સદાય કસાઈખાના આદિ થાય છે એમાં એના નિમિત્તની હાજરી હોવી જોઈએ. એ કહેશે. ૧૦૦ ગાથા બહુ અલૌકિક છે. આહા..હા..! અરે..! જૈન પરમેશ્વર... કેટલી વાણી અને સંતોએ એટલી ટીકા આદિ રચી કરુણાબુદ્ધિથી. રચાણી એ તો અક્ષર છે. આહા..હા..! ૧૦૦.

जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे।
जोगुवओगा उप्पादगा य तेसिं हवदि कत्ता।।१००।।

**જીવ નવ કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો નવ કરે;**
**ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.**

'**ટીકા :— ખરેખર જે ઘટાદિક તથા ક્રોધાદિક પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...**' એટલે કે કર્તાકર્મભાવે કરે નહિ અર્થાત્

પરિણામી અને પરિણામભાવથી તો કરે નહિ. એ પરિણામ ઘટના પરિણામ અને આત્મા પરિણામી એમ તો છે નહિ. ઘટનું કર્મ અને આત્મા કર્તા એમ છે નહિ. આહા..હા..! '**ખરેખર જે ઘટાદિક તથા ક્રોધાદિક પરદ્રવ્યસ્વરૂપ કર્મ...**' એ પણ અંદર જડ છેને જડ. એને દયાનો ભાવ થયો રાગ, તો અજ્ઞાની રાગનો કર્તા થાય. કેમકે એના પરિણામમાં વ્યાપ્યવ્યાપક છે. પણ કર્મબંધન એણે કર્યું (એમ નથી). સમજાણું કાંઈ? પ્રસંગને અનુસરીને આવ્યું હતુંને ભાઈ, ત્યાં. પંચાસ્તિકાયમાં એ. દ્રવ્યપુણ્ય બંધાય છે એટલે ખરેખર તો ત્યાં શાતાવેદનીયપણે પરમાણુની પર્યાય થવાને કાળે થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પણ એને પ્રસંગને અનુસરીને જે ભાવ થયો એ ભાવને પણ પુણ્ય કહેવામાં આવ્યું છે. શું કહ્યું?

ફરીથી. શાતાવેદનીય આદિ જે પુણ્ય બંધાય છે એ તો એ સમયે પરમાણુની પર્યાયથી એમ થાય છે. પુણ્ય પરમાણુ હોં અંદર. પરિણામને પુણ્ય કેમ કહ્યા? પુણ્ય તો રજકણ પડ્યા એનું નામ પુણ્ય છે. શાતાવેદનીય આદિ બંધાણી એ પુણ્ય છે. એ ભાવને પુણ્ય કેમ કહ્યા? કે એ પ્રસંગને અનુસરીને જે ભાવ થયા નિમિત્તપણે, તો એને પુણ્ય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે થોડી હોં! નહિતર શુભભાવ એ ખરેખર તો કાંઈ પુણ્ય નથી, પાપ છે. કારણ કે રાગ છે એ તો. સમજાણું કાંઈ? શુભભાવ તો રાગ છે. હવે એને પુણ્ય કેમ કહ્યું? કે જે શાતાવેદનીય બંધાય છે એમાં આ નિમિત્ત પડે છે એ ત્યાં શાતાવેદનીયને પુણ્ય કહીએ તો એનું કારણરૂપ નિમિત્ત છે એને પણ પુણ્ય કહેવામાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? ગજબ કામ કર્યું સમયસારે તો! જગતચક્ષુ છે. ચારેય અનુયોગનો સાર એમાં આવી જાય છે. ચારેય અનુયોગમાં કહેવું તો વીતરાગતા છે. ચારેય અનુયોગનો સાર તો વીતરાગતા છે. વીતરાગતા સાર ક્યારે થાય? કે સ્વદ્રવ્યનો આશ્રય કરે તો વીતરાગ થાય. ચારેય અનુયોગમાં સ્વદ્રવ્યનો આશ્રય કરવો એ જ એનું તાત્પર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ખરેખર જે ઘટાદિક તથા ક્રોધાદિક...**' પરમાણુ હોં! એ '**પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...**' વ્યાપ્યવ્યાપક અર્થાત્ એ કર્મ અને આત્મા કર્તા, એ પરિણામ અને આત્મા પરિણામી એ રીતે તો છે નહિ. સમજાણું કાંઈ? વ્યાપ્યવ્યાપકભાવ ને વળી શું હશે આ? વ્યાપ્ય નામ પરિણામ, વ્યાપક નામ પરિણામી, વ્યાપ્ય નામ કર્મ, વ્યાપક નામ દ્રવ્ય કર્તા, એ રીતે તો છે નહિ પર સાથે. પર પોતાનું કર્મ—કાર્ય અને આત્મા કર્તા એ તો છે નહિ. કેમકે '**જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે;...**' એ ૯૯માં લઈ લીધું. પરદ્રવ્યની પર્યાય આત્મા કરે તો પરદ્રવ્યની પર્યાયમાં તન્મય એકમેક થઈ જાય, પોતાની ભિન્ન સત્તા રહે નહિ. પોતાની ભિન્ન સત્તાની હયાતી પરદ્રવ્યમાં ચાલી ગઈ. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું હવે બિચારા કાંઈ.. એ કરતા વ્રત પાળો અને દયા પાળો.. ધૂળેય નથી સાંભળને. વ્રતના પરિણામ એને પણ પુણ્ય કેમ કહ્યા?

કે શાતાવેદનીયના પરમાણુ એ કાળે બંધાય છે એ પ્રસંગને અનુસરીને એને પુણ્ય કહ્યું. આહા..હા..! અને એ કાળે અશાતાવેદનીયના પરમાણુ બંધાય એ પ્રસંગને અનુસરીને અશુભભાવને પાપ કહ્યા. સમજાણું કાંઈ? આહા..હા...!

પણ અહીં તો કહે છે કે એ અશુભ અને શુભ પરિણામ થયા તો એણે કર્મબંધન કર્યું એમ તો છે નહિ. સમજાણું કાંઈ? એક રાંધવાનો અશુભભાવ થયો. અશુભભાવ થયો તો રાંધવાની ક્રિયા થઈ એમ તો કર્તાકર્મ છે નહિ. આહા..હા..! એમ થાય તો એકબીજાની સત્તાનો નાશ થઈ જાય, બે દ્રવ્ય એક થઈ જાય. આહા..હા..! કહો, હસમુખભાઈ! આ લોઢા-બોઢાનું કાંઈ કરી શકતો નથી એમ કહે છે. આને પણ લોઢાનું છે, હિંમતભાઈને. આહા..હા..!

'**વળી નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...**' આહા..હા..! એ પર્યાયને કાળે પરની પર્યાય સ્વયં ક્રમબદ્ધમાં આવે છે એમાં આત્મા નિમિત્તકર્તા કહો, તો એમ પણ નથી. સમજાણું કાંઈ? દ્રવ્યને નિમિત્તકર્તા કહો તો દ્રવ્યની હજારી સદાય પરના કાર્યમાં નિમિત્તપણે રહેવી જોઈએ. કદી એની મુક્તિ થાય નહિ. આહા..હા..! એ વિશેષ વાત છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૩, શનિવાર, તા. ૨૮-૮-૧૯૭૬, ગાથા-૧૦૦, પ્રવચન નં. ૧૬૯

સમયસાર, ગાથા-૧૦૦. ટીકા ફરીને. ૧૦૦-૧૦૦.

'**ખરેખર...**' ખરેખર તો એવી સ્થિતિ છે કે ઘટ, વાસણ, મકાન, પટ એ પરપદાર્થ અને અંતરમાં નવા કર્મ બંધાય જડ જડ, એ બેય ચીજ પર છે. શું કહ્યું ઈ? કે આત્માથી ઘટ, વસ્ત્ર, મકાન આદિ કે આ દેહની ક્રિયા એ બધા પરદ્રવ્ય છે. ઘટમાં એ જાય છે અને '**તથા ક્રોધાદિક પરદ્રવ્યસ્વરૂપ...**' અંદરમાં કર્મનું બંધાવું એ ક્રોધાદિ જડની વાત છે આ. સૂક્ષ્મ વાત છે. એ ક્રોધ જે જડકર્મ બંધાય અને ઘટ, પટ, વસ્ત્ર, રોટલી, મકાન આદિ બને એ '**પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે...**' એ પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે. સમજાણું કાંઈ? કર્મબંધન થવું એ પણ પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે. ઘટપટનું થવું, મકાનનું થવું, ભાષાનું થવું એ બધું પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે. '**તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...**' આહા..હા..! સમજાય છે આમાં? આ તેલને સાફ કરવાની ક્રિયા થાયને, એ પરદ્રવ્યક્રિયા છે એમ કહે છે. આહા..હા..! કુંભાર ઘડો બનાવે છે એમ નથી. ઘડો માટીથી થાય છે એ માટીનું પરદ્રવ્યનું કાર્ય છે. એમ

કર્મ બંધાય છે એ પરદ્રવ્યનું કાર્ય છે. આહા..હા..!

**'તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...'** શું કહે છે? કે જડકર્મ ઘટનું, પટનું, રોટલીનું, દાળ, ભાત, શાક આદિ એ કર્મ પરિણામ જીવના અને જીવ એનો કર્તા પરિણામી એમ હોતું નથી. એ જડ કર્મ આત્માનું વ્યાપ્ય, વ્યાપ્ય એટલે કાર્ય અને આત્મા એનો કર્તા એમ છે નહિ. ઝીણી વાત છે ૧૦૦ ગાથા. સમજાણું કાંઈ? **'આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...'** અર્થાત્ પરનું કાર્ય—પરિણામ આત્માનું અને આત્મા એનો પરિણામી—કર્તા એ રીતે તો બનતું નથી. કેમકે પરની પર્યાય આત્માનું વ્યાપ્ય થઈ શકે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? **'કારણ કે જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે;...'** ઘડો કરે, રોટલી કરે, દાળ-ભાત-શાક કરે, મકાન બને, તેલ સુધરે સુમનભાઈનું. ભાઈ! ત્યાં તો એના ઓલા છે. શું કહેવાય? મેનેજર. આઠ હજારનો પગાર મફત આપતા હશે ત્યાં? આહા..હા..! આ તો દૃષ્ટાંત છે. એમ કાપડવાળાનો ધંધો, કાપડ છેને. આમ ફેરવે ને આમ કરે એ બધી ક્રિયા પરદ્રવ્યની ક્રિયા છે. આ રોટલી બને એ પરદ્રવ્યની ક્રિયા છે. દાળ-ભાત-શાક બને એ પરદ્રવ્યની ક્રિયા છે. એ પરદ્રવ્યની ક્રિયા આત્માનું કર્મ નહિ, કર્મ નામ કાર્ય નહિ. કેમકે પરદ્રવ્ય જો કર્મ એનું હોય તો વ્યાપક પરમાં તન્મય થઈ જાય. પરદ્રવ્યની ક્રિયામાં આત્મા તન્મય નામ એમાં ભળી જાય, જુદો રહી શકે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, પોપટભાઈ! એ લાદી જે થાય છે એ લાદીની ક્રિયા એ બધી પરદ્રવ્યની ક્રિયા છે. કારીગર અને પોપટભાઈ કાંઈ કરે નહિ. પોપટભાઈ જોવે ત્યાં. છોકરા એ કાર્ય ન કરી શકે એમ કહે છે. કેમકે એ કાર્ય છે એ વ્યાપ્ય તો પરદ્રવ્યનું વ્યાપ્ય છે, પરદ્રવ્યનું કર્મ છે. વ્યાપ્ય કહો કે કર્મ કહો કે કાર્ય કહો. એ પરદ્રવ્યનું કાર્ય છે. એને આત્મા જો કરે તો પરદ્રવ્યમાં ભળી જાય અને જુદો રહી શકે નહિ. તન્મય થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** આવી વાત છોકરા સાંભળે તો ઢીલા પડી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઢીલા શેના પડે? વસ્તુ સમજે તો.. એમાં થવા કાળે થાય છે એને કરે કોણ? આહા..હા..!

એવો એક છોકરો હતો કે મહારાજ કહે છે કે શરીરની ક્રિયા આત્મા ન કરી શકે. મારે ધબો (અને કહે કે) એ હું નથી કરતો. એ શરીરની ક્રિયા છે. એવું થયું છે અહીં. મહારાજ કહે છે કે આ શરીરની ક્રિયા મેં ક્યાં કરી છે? પણ તને શરીરની ક્રિયાનો વિકલ્પ થયો કે હું કરું, વિકલ્પનો કર્તા થયો, રાગનો કર્તા થયો તો એમાં નિમિત્તકર્તા પણ તને એમાં કહેવામાં આવે છે. નિમિત્તકર્તા, ઉપાદાન તો હાથ આમ થયો એ તો એની ક્રિયા તો હાથથી થઈ. સમજાણું કાંઈ? પણ જેણે રાગ કર્યો, રાગનો કર્તા થયો એ પરની ક્રિયાકાળે નિમિત્તકર્તા અજ્ઞાનીને કહેવામાં આવે છે, ઉપાદાનકર્તા તો એને કારણે થાય છે. આહા..હા..! આ વાતું. સમજાણું કાંઈ? આ ૧૦૦ ગાથા અલૌકિક છે. એવી વાત જૈનદર્શનમાં બીજે ક્યાંય છે નહિ.

આહા..હા..!

જ્યાં અનંત પદાર્થ હોય ત્યાં આ પ્રશ્ન ઉઠે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય ન કરે. એ તો બીજું દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! જીવ પરદ્રવ્યની દયાનો ભાવ કરે, ભાવનો કર્તા થાય, પણ પરની દયામાં નિમિત્તકર્તા એને કહેવામાં આવે, નિમિત્તકર્તા. કેમકે રાગનો કર્તા થયો. યોગ અને રાગનો કર્તા જે થાય છે એ પરની ક્રિયાકાળે તેને નિમિત્તકર્તા કહેવામાં આવે. ઉપાદાન તો એની પર્યાયનો કાળ છે તો એનાથી થયું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઘટ, પટાદિ ગાડું, પટ, વસ્ત્ર, લાડવા, દાળ-ભાત-શાક. સમજાણું કાંઈ? આમ લાડવા બનેને એ બધી પરદ્રવ્યની ક્રિયા, પરદ્રવ્યનું કાર્ય, પરદ્રવ્યનું એ વ્યાપ્ય અને એનો વ્યાપક એ પરદ્રવ્ય. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! સર્વજ્ઞ વીતરાગે અનંત પદાર્થ દેખ્યા, તો કહે છે, એક પદાર્થ બીજાનું કાર્ય કરે તો એ કાર્ય તો એનાથી થયું છે. એનાથી થયું ત્યાં આ કરે? મિથ્યાદૃષ્ટિ તન્મય થઈ જાય પર સાથે તો તો, પોતે ભિન્ન રહી શકે નહિ. આહા..હા..! '**તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી કારણ કે જો એમ કરે તો...**' આહા..હા..! '**તન્મયપણાનો પ્રસંગ આવે;...**' મહાસિદ્ધાંતો છે આ. આ કાંઈ સાધારણ વાર્તા નથી. સમજવું બહુ કઠણ છે, ભાઈ! આહા..હા..! જેટલા આત્મા સિવાય પરપદાર્થ કર્મ, શરીર, વાણી, મન, ઘટ, પટ, મકાન એ બધા કાર્યો જડના પરના છે. એ પરનું કાર્ય જો આત્મા કરે તો વ્યાપ્ય એનું થઈ જાય અને વ્યાપક એ થઈ જાય અને એમાં તન્મય થઈ જાય. એમ તો બનતું નથી. કહો, શેઠ! સમજાણું કાંઈ? આ બહુ ઝીણી વાત છે.

**શ્રોતા :—** સમજવા માટે આવ્યા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અમે તો એમ કહેતા હતા, બરાબર આ ટાણે આવ્યા છો. સો ગાથા ટાણે. શેઠ! કીધું ભાઈ સો ગાથા ટાણે આવ્યા છે અહીંયાં. આ સોમી ગાથા છેને. સમજવાની ચીજ છે. આહા..હા..! મુદ્દાની રકમ. ચૈતન્ય શું કરી શકે? આહા..હા..!

કહે છે કે '**આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...**' અથવા કર્તા આત્મા અને કર્મ એ જડની ક્રિયા એમ તો થતું નથી. આહા..હા..! આ રોટલીના અંદર મોઢામાં ટૂકડા થાય છે એ દાંતથી તો ટૂકડા નથી થયા, પણ ટૂકડાનું કાર્ય રોટલીથી થયું એ કર્મ આત્મા ન કરી શકે. દાંતથી એ ટૂકડો થયો નથી, ટૂકડાની પર્યાયનું કાર્ય તો એ રોટલીથી થયું છે. આહા..હા..! આ વાત. દશરથલાલજી! છે? આહા..હા..! હવે કાલે મોટો દિવસ છે પર્યુષણનો. પહેલો દિવસ છે રવિવારને. સમજાણું કાંઈ? બપોરે કાલે આલોચના થશે. વર્ષો વર્ષ ચાલે છેને. સવારમાં દસલક્ષણી પર્વમાં ઉત્તમ ક્ષમાનું થોડું ચાલશે. પછી પરમાત્મપ્રકાશ ચાલશે. આહા..હા..!

કહે છે કે જે ભાષાની પર્યાય થઈને એ ભાષા તો પરમાણુનું કાર્ય છે. એ કાર્ય જો

આત્માનું હોય તો આત્મા ભાષાના પરમાણુ સાથે તન્મય એકાકાર થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! આ બીડી વળે છેને આમ એ ક્રિયા તો પરમાણુનું કાર્ય છે. ટીમરુનું મોટું પાંદડું એક હોય અને આપ્ટાના બે-ત્રણ નાખે નાના-મોટા. એ તો અમારે દુકાને ચાલતું હતુંને. દુકાનમાં ધંધો પહેલો એ હતો કુંવરજીભાઈને. ૬૪-૬૫, પાંચ-પાંચ હજારની તમાકુ રાખતા. ૬૪-૬૫, કુંવરજીભાઈની દુકાનમાં પાંચ-પાંચ હજારની તમાકુ લાવતા ત્યાંથી આગળ કે નડિયાદ બીજેથી. પછી બીડી વાળીને અહીં દેશમાં મોકલતા. બીડી વાળે ઘણા રાખે અને દેશમાં મોકલતા. આહા..હા..! કહે છે કે બીડી જે આમ વળે છે એ ક્રિયા તો પરમાણુનું કાર્ય છે. એ કાર્ય જો આત્માનું હોય તો આત્મા જડની પર્યાયમાં એકમેક તન્મય થઈ જાય. નવરંગભાઈ! સમજાણું કાંઈ? બીડી બની જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

કપડા હોય છેને કપડા? દસ, પચાસ હજાર, લાખના કપડા પડ્યા હોય દુકાનમાં. ઘરાક આવે, તાકો ઉતારે નીચે અને લ્યો આ. એ કાર્ય તો પરમાણુનું કાર્ય છે, હાથનું નહિ, આત્માનું નહિ. આહા..હા..! એ કાર્ય કાળે એ કાર્યનો કર્તા એ પરમાણુ છે. એ કાર્યનો કર્તા જો આત્મા હોય તો જડની પર્યાયમાં તન્મય થઈ જાય. આહા..હા..! ગજબ વાત છે.

આ પહેલો એક બોલ કે આત્મા સિવાય જેટલા પરદ્રવ્ય છે એ પરદ્રવ્યની જો તે સમયે એની પર્યાય થાય છે એ પર્યાયને કર્મ કહેવામાં આવે છે. એ પરદ્રવ્યસ્વરૂપ કર્મ. એમ કહ્યુંને? એ પરદ્રવ્યસ્વરૂપ કર્મ. આહા..હા..! એ કર્મ જો વ્યાપ્યવ્યાપકભાવે કરે તો આત્મા એમાં તન્મય થઈ જાય. માટે વ્યાપ્યવ્યાપકથી કરતો નથી. વ્યાપ્યવ્યાપકનો અર્થ કે એ કાર્ય પરિણામ અને આત્મા પરિણામી એમ છે નહિ. એ પદાર્થ પરિણામી અને એનું પરિણામ થયું એ પરિણામીનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી વ્યાપ્યવ્યાપક નામ કર્તાકર્મ, વ્યાપ્ય એટલે કર્મ અને વ્યાપક એટલે કર્તા. કર્તાકર્મપણાના ભાવથી તો કરતો નથી. આહા..હા..! ક્યાં ગયા હિંમતભાઈ? આ શું તમારે ઓલા લોઢાના ફરે છે તે? અમારે હસમુખ છે એને પણ લોઢાનો ધંધો છે. લોઢું આમ ફરે, કહે છે કે એ તો પરમાણુનું કર્મ છે, પરમાણુનું કાર્ય છે.

**શ્રોતા :—** જુદી જુદી જાતની જાળી બનાવવી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ બધા પરમાણુના કાર્ય છે. આહા..હા..! હા, હા, છેને એ બધી ખબર છેને. આહા..હા..! નકશા બનાવે એના કે આ પ્રમાણે કરવું, આમ કરવું. એ નક્શાની પર્યાય જે થઈ એ તો પરમાણુનું કાર્ય છે. એ પરમાણનું કાર્ય આત્મા કરે તો પરિણામી-પરિણામ એક થઈ જાય, પરના પરિણામ અને પરિણામી એક થઈ જાય. સમજાણું કાંઈ? કહો, હસમુખભાઈ! આવું છે આ. કોઈ દિ' બાપ-દાદાએ સાંભળ્યું ન હોય એણે.

**શ્રોતા :—** એન્જિનિયરને બોલાવવા નહિ હવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈજનેર કોણ બોલાવતું હતું? આહા..હા..! એવી વાત છે, બાપુ! આ મકાનનું કાર્ય છે એ પરમાણુનું કાર્ય છે એમ કહે છે. એય ગીરધરભાઈ! હવે ગીરધરભાઈને

માથે નાખ્યું છેને થોડું રસોડાનું? આહા..હા..!

શું પરમાત્માના તત્ત્વની સ્થિતિ અસ્તિત્વની સિદ્ધિની યુક્તિ! આહા..હા..! પરપદાર્થ જે છે એની વર્તમાન પરિણતિ તો એનાથી થઈ છે. એ પરિણતિ એ એનું કાર્ય અને પરિણામી એ પદાર્થ એનો કર્તા, પણ એનો આત્મા કર્તા થાય તો એ પરિણામ અને પરિણામી જેમ અભેદ છે, એમાં પરિણામ આ આત્મા કરે તો બે અભેદ થઈ જાય, એની સાથે તન્મય થઈ જાય, આહા..હા..! વાતું ભારે, ભાઈ! અરે બાપુ! તારું સ્વરૂપ શું છે એની એને ખબર ન મળે. અને જ્યાં ત્યાં અમે આ કામ કરીએ, અમે આમ કામ કરીએ. વ્યવસ્થિત કામ કરીએ. બહુ ડાહી બાઈ હોયને એને સેવ કરતા બહુ આવડે. ઓલી સેવ હોયને સેવ-સેવ. પાટીયા ઉપર. બધું જોયું છેને અમે તો બધું ઘણું જોયું છે. જોતા વખતે અમને વિચાર તો બધા ઘણા આવતા ત્યાં. ઓલા ખાટલામાં નાખેને. સૂકવી નાખો, જાવ સૂકવી નાખો. એ શું કીધું સમજાણું? સેવ-સેવ. સેવ સમજો છો? ઘઉંની થાય છેને ઘઉંની. સેવ હોય છે, વડી હોય છે, વડી-વડી. વડી નહિ? આટલી આવે. એ કાર્ય તો પરમાણુનું કાર્ય છે. સુમનભાઈ! આહા..હા..! એ પરમાણુનું પરિણામ છે, એ પરમાણુનું વ્યાપ્ય છે, એ પરમાણુનું કાર્ય છે. આહા..હા..! એને આત્મા જો કરે તો આત્મા પરના પરિણામમાં પરિણામી અભેદ થઈ જાય, તો એમ બની શકે નહિ. આહા..હા..! આ તો વાસ્તવિક તત્ત્વની પ્રતીતિ કેવું તત્ત્વ છે એની પ્રતીતિ કરાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો વાત એક કોર રાખો, કહે છે. તન્મય થઈ જાય.

'**વળી નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...**' શું કહે છે? એ જે કામ કર્યું એમાં આત્મા નિમિત્ત અને એ નૈમિત્તિક એમ પણ નથી. આહા..હા..! હજી ધીમેથી. '**નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...**' અર્થાત્ પરના કાર્યકાળમાં ઉપાદાન તો એનાથી થયું કાર્ય, પણ જે દ્રવ્ય છે આત્મા એ નિમિત્તકર્તા પણ નથી. આહા..હા..! દ્રવ્ય નિમિત્તકર્તા નહિ, ઉપાદાનકર્તા તો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તત્ત્વની વાત ઝીણી બહુ, ભાઈ! આહા..હા..! હમણા કહ્યું હતુંને તંબોળીએ કહ્યું હતું. એક શ્વેતાંબર સાધુ છે. એ સમયસાર વાંચીને કહે ઓહો..હો..! આ સમયસાર, ઘણું કરીને તો એ છે. આ રિખવદાસના ગામમાં વિરોધ કર્યો હતો ઈ. જંબુસર. એ સમયસાર વાંચીને કહે, ઓહો..હો..! સમયસાર સમજ્યા વિના સત્ય નહિ સમજાય, એમ કહ્યું. સમજાણું કાંઈ? અને તે પોતાની દૃષ્ટિ છોડે તો સમજાય. આહા..હા..! આ કૈલાસસાગર લ્યો, પુસ્તક લઈ જાય છે બધા વાંચવા ત્યાં. અહીં નહોતા ભાઈ, શિહોર.

**શ્રોતા :—** એનો હેતુ જુદો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, એ જુદો-જુદો. વાંચીને અમને આવડે છે. એ છેને એ તો. મહેસાણાના ભાઈ આવ્યા છેને. એ કહેતા હતા મારી પાસે પુસ્તક હોય એ લઈ જાય

છે બધા. કૈલાસસાગર લઈ જાય છે વાંચવા. વાંચીને પછી અમને પણ આવડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આકરું કામ, બાપા! અરેરે..! જગતને આ રીતે કહેવું.. પ્રભુને ગાળ દેવી છે એને. પ્રભુ! તું પરનો કર્તા? મિથ્યાત્વની ગાળ છે ભાઈ, તને. આહા..હા..! અરે..! એ તો નહિ, પણ તે તે દ્રવ્યના તે તે કાળે તે ક્રમબદ્ધના કાળે જે જે પરમાણુમાં પર્યાય થઈ રહી છે તે આ આત્માની કે બીજા આત્માની પણ જે પર્યાય થઈ રહી છે એનો આત્મા નિમિત્તકર્તા પણ નથી. કેમ?

'**કારણ કે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.**' શું કહ્યું? કે પરદ્રવ્યની પર્યાય તે કાળે તેનામાં થઈ, તો પરદ્રવ્યની પર્યાયનું કાર્ય પરદ્રવ્યનું છે. આત્મા જો એનું કાર્ય કરે તો તન્મય—એકમેક થઈ જાય. એવું તો કદી બનતું નથી. એક વાત. હવે અહીંયાં જે પરદ્રવ્યનું કાર્ય થાય છે ત્યાં આત્માને નિમિત્તકર્તા કહો, તો જ્યાં-જ્યાં કાર્ય થાય ત્યાં તેની ઉપસ્થિતિ હોવી જોઈએ. કસાઈખાનાની ક્રિયા થાય છે એ એનું કર્મ છે કસાઈખાનાનું. જો દ્રવ્ય આત્મા નિમિત્ત હોય તો એ કસાઈખાના વખતે પણ એની હાજરી—ઉપસ્થિતિ હોવી જોઈએ. આહા..હા..! ઝીણી વાત છે થોડી. સમજાય છે કાંઈ? આહા..હા..! થોડી ગુજરાતી આવી જાય અંદર. જયંતિભાઈ ગયા? સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રભુ! તું કોણ છો? આત્મા. એમ! બહુ સારી વાત છે. તો એ આત્મા પરદ્રવ્યનું કાર્ય થાય તે કરી શકે? એ તો નહિ કરે પણ પરદ્રવ્યના કાર્યકાળે એ આત્મા નિમિત્ત હો? આહા..હા..! નિમિત્ત પણ નથી. કેમકે '**નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.**' તો આત્માને નિત્ય પરની ક્રિયા વખતે એની હાજરીમાં નિત્યકર્તૃત્વ રહે. કદી રાગથી ભિન્ન થઈને પોતાનું ભેદજ્ઞાન કરી શકે નહિ. આહા..હા..! ઝીણી વાત છે બહુ! ૧૦૦મી ગાથા. ગાથા-૧૦૦. પૂર્ણ બતાવ્યું તત્ત્વ ત્યાં તો. આહા..હા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય ગજબ કામ છે, ભાઈ! આ સંતો જગતને.. ઈ એમ કહે છે કે આ અક્ષર જે બને છે, શાસ્ત્રના અક્ષર બને છે એની પર્યાયના અમે કર્તા તો નથી, પણ એ પર્યાયકાળે અમારું દ્રવ્ય પણ નિમિત્ત નથી. આહા..હા..! કેમકે જો દ્રવ્ય નિમિત્ત એ કાર્યમાં હોય તો દરેક કાર્યમાં તેની હાજરી રહે, નિત્યકર્તૃત્વ પ્રસંગ આવે. પરના કાર્યમાં નિમિત્તપણે નિત્યપણે એને રહેવું જોઈએ. ન્યાય સમજાય છે? આહા..હા..! ધીમે-ધીમે સમજવું, ભગવાન! આ તો અંતરના માર્ગ છે, બાપા! અને તે સર્વજ્ઞથી સિદ્ધ છે અને ન્યાયમાં બેસી શકે એવું છે. જરી વિચારે ન્યાયથી તો એને બેસી જાય. આહા..હા..! ભગવાન! તારી ચીજ જે આત્મા છે—દ્રવ્ય, એ જગતના કાર્યકાળે નિમિત્ત હોય તો તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે. જે જે કાર્ય જ્યાં જગતના થાય ત્યાં ત્યાં એની નિમિત્તપણે હાજરી રહેવી જોઈએ. તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવતા કદી રાગથી ભિન્ન પડવાનો પ્રસંગ એને રહે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યારે છે શું હવે?

'**અનિત્ય (અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા)...**' આત્મામાં જે

જોગ થાય છે—કંપન્ન અને જે રાગ. ઉપયોગ એટલે રાગ ત્યાં લેવો. '**યોગ અને ઉપયોગ...**' નામ રાગ. છે? '**નિમિત્તપણે તેના કર્તા છે.**' શું કહ્યું ઈ? ઘડો બને છે એ તો એને કાળે બને છે અને માટીથી બને છે, એટલે ઘડાનું કાર્ય તો આત્મા કરી શકે નહિ. એક વાત. અને ઘડાના કાર્યકાળે દ્રવ્યને નિમિત્ત કહો તો જ્યાં જ્યાં એવું કાર્ય હોય ત્યાં નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે. જીવ પરનો નિત્યકર્તા થઈ જાય. નિમિત્તપણે હોય તોપણ નિત્યકર્તા થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે છે શું? આહા..હા..!

'**અનિત્ય (અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા)**' શું કહે છે? આત્મામાં જે કંપન્ન થાય છે અને રાગ જે થાય છે ઈચ્છા, એ રાગ અને ઈચ્છા, પરનું કાર્ય તો તેને કાળે તેનાથી થયું છે, પણ આ બાજુમાં જે યોગ અને રાગનો કર્તા થાય છે એ એવા કાર્યકાળે તેને નિમિત્તકર્તા અજ્ઞાનીને કહેવામાં આવે છે. આવી વાતું હવે. શું કહે છે? એ ઘડો બને છે, રોટલી બને છે, દાળ-ભાત બને છે, સેવ બને છે એનું કર્મ-કાર્ય તો એ પરમાણુનું. આત્મા દ્રવ્ય જો એનું નિમિત્ત હોય, ઉપાદાન તો એ જ છે, પણ દ્રવ્ય જો નિમિત્ત હોય તો ત્રિકાળી કર્તૃત્વ નિમિત્તમાં થઈ જાય. જ્યાં જ્યાં કાર્ય હોય ત્યાં ત્યાં એની નિમિત્તપણે કર્તાની હાજરી હોવી જોઈએ. ન્યાય સમજાય છે? આહા..હા..! ત્યાર છે શું? જીવનો જે યોગ, કંપન્ન અને ઈચ્છા-રાગ એ પરના કાર્યકાળે (નિમિત્ત છે). પરનું કાર્ય આનાથી થયું એ તો પ્રશ્ન નથી, પણ પરના કાર્યકાળે, પરનું કાર્ય તો તે સમયે તેનાથી થાય જ છે, આહા..હા..! એ કાળે યોગ અને રાગને નિમિત્ત કહેવામાં આવે છે. યોગ અને રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. દ્રવ્યને નહિ. ન્યાય સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** આત્મા હોય તો ત્રણે કાળે થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આત્મા હોય તો ત્રણે કાળે એને નિમિત્તપણે કર્તાની હાજરી રહેવી જોઈએ. બોકડા કાપે ત્યાં પણ નિમિત્તપણે હાજરી રહેવી જોઈએ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! જિનનો માર્ગ આ તો શુરાનો માર્ગ છે. આહા..હા..!

કહે છે કે એ કાર્ય તો કાર્યકાળે થયું છે એનાથી. આહા..હા..! ઘડાનું કાર્ય તો માટીથી થયું છે અને એ સમયે થનારી એ પર્યાય થઈ તો આત્મા તો એનો કર્તા નથી. પરિણામ પરિણામિકભાવે. હવે દ્રવ્ય પણ કર્તા નથી. કેમકે દ્રવ્ય જો કર્તા હોય તો વિકારી કાર્યકાળમાં પણ નિમિત્ત એનું હોવું જોઈએ. ત્યારે છે શું? એ કાર્યકાળે જે ઘડો થાય છે એ વખતે કુંભારના જે યોગ અને રાગ છે એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કેમ? કે અજ્ઞાની યોગ અને રાગનો કર્તા છે, યોગ ને રાગનો કર્તા અજ્ઞાની (છે), એ રાગ ને યોગને રોટલી, ઘડો બનવા કાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

રોટલી બને છે એ તો એના પરમાણુનું કાર્ય અને કર્મ છે તો બને છે. એક વાત. હવે એ પરિણામ રોટલીનું કાર્ય જીવનું તો નથી. એ છોડી દીધું, પણ એ કાર્યકાળે જીવદ્રવ્ય

નિમિત્ત છે એમ પણ નથી. નિમિત્ત હોય તો કાર્યકાળે એની નિત્યપણે હાજરી રહેવી જોઈએ. તો જગતના જેટલા કાર્ય થાય જ્યાં-જ્યાં ત્યાં-ત્યાં એની હાજરી રહેવી જોઈએ. આહા..હા..! નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે. ત્યારે છે શું? યોગ અને રાગ જે ઉપયોગ છે, શબ્દ ઉપયોગ લીધો છે પણ રાગ, એ યોગ અને રાગ એ રોટલી કાળે, ઘડા કાળે, મકાન કાળે, અક્ષર લખવાને કાળે એ અક્ષરથી જે આ શાસ્ત્રની રચના થઈ એ તો પરમાણુની પર્યાય છે. એમાં દ્રવ્ય તો કાંઈ કરતું નથી, પણ દ્રવ્ય એને નિમિત્ત પણ નથી. આહા..હા..! દ્રવ્ય નિમિત્ત નથી તો નિમિત્ત છે કોણ? બીજી કોઈ ચીજ છે કે નહિ ત્યાં? એ અક્ષર બનવાને કાળે, રોટલી બનવાને કાળે, ઘડો બનવાને કાળે, સેવ બનવાને કાળે, બોલવાની પર્યાયને કાળે... આહા..હા..! આવું અત્યારે ઓલા સમજે નહિ ને ઈચ્છામી પડિક્કમણા ઈરિયા.. તસ્સમિચ્છામી થઈ રહ્યું જાવ. એય પોપટભાઈ! કર્યું હતું કે નહિ તમે? આહા..હા..!

અહીં તો કહે છે કે અપ્પાણં વોસરામી જે ભાષા છે એ તો ભાષાને કાળે ભાષા થઈ છે. એનો આત્મા તો વ્યાપ્યવ્યાપકભાવે કર્તા તો નથી, પણ દ્રવ્ય નિમિત્તથી કર્તા નથી. ભાષાની પર્યાયનો આત્મદ્રવ્ય નિમિત્ત છે માટે કર્તા છે એમ નથી. આહા..હા..! ગજબ વાત છે. ત્યારે છે શું? કે યોગ અને રાગ એ કાર્યકાળ તો કાર્ય એનું છે. યોગ અને રાગથી થયું નથી, પણ એ થયું છે, છે એમાં યોગ અને રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કેમકે યોગ અને રાગનો કદાચિત્ અજ્ઞાનભાવે કર્તા આત્મા છે. એ અજ્ઞાનભાવે કર્તા છે રાગ અને યોગનો એ યોગ અને રાગ બીજામાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! જુઓ, મારગડા. એ જિનવરના માર્ગ તો જુઓ, ભાઈ! આહા..હા..! બીજાનું કરી દઈએ.. બીજાનું કરી દઈએ.. ઓલા ટી.જી. શાહ હતાને વઢવાણવાળા? એ અહીં બહુ કહેતા, મહારાજ! તમે મોક્ષ-મોક્ષ કરો છો. સિદ્ધ કરે શું? મેં કીધું કાંઈ કરે નહિ કોઈનું. એ તો આનંદનો અનુભવ કરે. કોઈનું કાંઈ નહિ? હેં! એવા મોટા પુરુષ કાંઈ ન કરે? અમે સાધારણ તોપણ કેટલું કરીએ છીએ. અરે ભગવાન! એમ ને એમ ભવ હારીને ચાલ્યા ગયા. આહા..હા..! પ્રભુ! એને ખબર નથી, બાપુ! પાત્ર હોય તો આવું મળેને ભાઈ! આહા..હા..! કહો, કાંતિભાઈ! સમજાય છે કાંઈ? આહા..હા...!

જુઓ આ, એ કાર્ય તો પરમાણુ કરે તો એ પરિણામ જીવના નહિ, એ તો જડના. એટલે પરિણામ પરિણામીભાવે વ્યાપ્યવ્યાપકભાવે તો કર્તા નથી, પણ એ પરિણામકાળે જીવ દ્રવ્યકર્તા કહો તો જ્યાં જ્યાં આવી ક્રિયા થાય છે ત્યાં તો જીવને નમિત્ત ત્રિકાળ કર્તૃત્વ રહેશે. જીવ તો નિત્ય છે. આહા..હા..! ત્યારે છે શું? નિમિત્ત કોઈ ચીજ છે કે નહિ? છેને, પણ નિમિત્ત થયું તો કાર્ય થયું એ તો પ્રશ્ન ઊડાડી દીધો. એમાં આત્મા નિમિત્ત છે એ પ્રશ્ન ઊડાડી દીધો. ત્યારે છે કોણ? રાગ અને યોગનો ભાવ તે કાર્યકાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કોના? કે જે રાગ અને યોગનો કર્તા અજ્ઞાની થાય છે એના યોગ અને રાગ

કાર્યકાળમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

આ સુમનભાઈ બરાબર આવી ગયા આમાં. ભાઈને વળી ૯૪ વર્ષ બેસે છે. આ ગાથા બહુ ઊંચી છે. આહા..હા..! ભગવાનથી સિદ્ધ થયેલી, ત્રણલોકના નાથ કેવળીએ દિવ્યધ્વનિમાં કહેલી આ વાતું છે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ! અને એમાં તો એમ સિદ્ધ થાય છે કે એક જ દ્રવ્ય નથી. એક દ્રવ્ય હોય તો બીજા દ્રવ્યનું કાર્ય આ કરે કે ન કરે એ પ્રશ્ન ઉઠતો નથી. એટલે દ્રવ્ય અનંત છે એમ સાથે સિદ્ધ થયું અને અનંત દ્રવ્યની પરિણતિ તે કાળે તેને કારણે પોતાથી થાય છે. આહા..હા..! તો એ પરિણામનો કર્તા ભગવાન આત્મા નથી, પણ એ પરિણામકાળે નિમિત્તકર્તા દ્રવ્ય નથી. ત્યારે છે શું? કાર્યકાળ તો કાર્યકાળે જ થાય છે. હવે એ વખતે નિમિત્તકર્તા કોને કહેવા? સમજાણું કાંઈ? આહા..હા..! છે?

'**સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી...**' આત્મામાં. આત્મામાં યોગ અને રાગ દરેક અવસ્થામાં નથી વ્યાપ્યા. સમજાણું કાંઈ? '(**અર્થાત્ સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા**) **યોગ અને ઉપયોગ જ...**' આહા..હા..! '**નિમિત્તપણે તેના** (**-પરદ્રવ્યસ્વરૂપ કર્મના**) **કર્તા છે.**' આહા..હા..! મોટી તકરાર આ. હવે આવું પંડિતો એવું કહે કે પરદ્રવ્યનો કર્તા ન માને એ મિથ્યાદષ્ટિ દિગંબર જૈન નથી. અહીં તો કહે છે કે પરદ્રવ્યનો કર્તા તો નથી, પણ નિમિત્તપણે કર્તા હોય તે પણ યોગ અને રાગનો કર્તા તે અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો આ પર્યુષણનો દિવસ છેને કાલે, ભાઈ! આહા..હા..! સાચા પર્યુષણ એ છે. ચારિત્રનું આરાધન છે. દસ પ્રકાર એ ચારિત્ર છે. સમકિતસહિત ચારિત્રનું આરાધન એ પર્યુષણ છે. આહા..હા..! શ્વેતાંબરના પર્યુષણ તો કલ્પિત. એમાં એક પાંચમ છે પછી સાત દિવસ લગનમાં કરે છેને જેમ? પાંચમે દિવસે લગન હોય તો પાંચ વર્ધીએ નાખે માંડવા. એમ લૌકિક પેઠે. પાંચમનું પર્યુષણ એને સાત દિવસ મોઢા આગળ કરીને બનાવી દીધા. અહીં તો દસ પ્રકારના દસ લક્ષણ ધર્મ. આહા..હા..! સમ્યક્ આત્માના અનુભવસહિત ક્ષમા કરવી એનું નામ ઉત્તમક્ષમા કહેવામાં આવે છે. હવે એ ઉત્તમક્ષમાવંત પ્રાણી એ પરના કાર્યકાળે નિમિત્તકર્તા પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! નિમિત્તકર્તા તો જે યોગ અને રાગનો કર્તા અજ્ઞાની થાય છે, એ યોગ અને રાગ પરના કાર્યકાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કર્તાનો અર્થ કે એમાં ઉપાદાન થાય છે તો આને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. એનાથી, નિમિત્તથી પરમાં કાંઈ થયું છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? (ટીકા) ઘણી ગંભીર છે. પોપટભાઈ! ત્યાં કાંઈ મુંબઈમાં મળે એવું નથી. આહા..હા..! ભગવાનની દુકાન તો આ છે, પ્રભુ! ત્રણલોકના નાથ જગતને જાહેર કરે છે.

ભગવાન! તું આત્મા છોને, પ્રભુ! પરદ્રવ્યથી ભિન્ન છોને. તું ભિન્ન છો અને તારાથી પરદ્રવ્ય ભિન્ન છે, તો કોઈપણ પરદ્રવ્યનું કાર્ય તું કર એમ તો બનતું નથી. આહા..હા..!

સમજાણું કાંઈ? એ તો નથી, પણ પરદ્રવ્યનું કાર્ય તો પરદ્રવ્યથી થયું, એમાં આત્મા નિમિત્તકર્તા પણ નથી, તો ત્રિકાળી આત્મામાં નિત્યકર્તૃત્વ પ્રસંગ આવે. આહા..હા..! ત્યારે કોણ કર્તા છે? નિમિત્તકર્તા કોને કહેવામાં આવ્યો? કે જે પ્રાણી રાગ અને યોગનો કર્તા પર્યાયબુદ્ધિવાળો છે, આહા..હા..! જેની દૃષ્ટિ દ્રવ્યથી ખસી ગઈ છે, ભગવાન જ્ઞાયકમૂર્તિ ચૈતન્યમાંથી જેની દૃષ્ટિ ખસી ગઈ છે. ખસી ગઈ સમજો છો? હટી ગઈ છે. એ યોગ અને રાગના ઈચ્છાનો કર્તા અજ્ઞાની થાય છે. એ યોગ અને રાગ પરના કાર્યકાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! શ્રીપાળજી! આવી વાતું છે, ભગવાન! આહા..હા..! જુઓ તો મારગડા પ્રભુના! આ તો પરનું કરી દઈએ, પરનું આમ કરીએ, બીજાને સુખ દેવું, બીજાને આ કરવું ને બીજાને આ કરવું ભગવાને એમ કહ્યું હતું. આહા..હા..! એક શબ્દ છે.

**શ્રોતા :—** એ શબ્દે ભગવાને લોકોને ઉદ્ધાર્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો વિકલ્પ હતો. કહે છેને. ઋષભદેવ ભગવાને અસિ, મસિ અને કૃષિ કર્યા. કરે કોણ, બાપા? તને ખબર નથી, ભાઈ! એનો યોગ અને ઈચ્છાના કર્તા એ નથી. સમકિતી તો યોગ અને રાગનો કર્તા નથી, એ પરના કાર્યકાળે નિમિત્ત પણ હોઈ શકે નહિ. આહા..હા..! યોગ અને રાગ નિમિત્ત નહિ. કેમકે યોગનો રાગનો કર્તા આત્મા નથી. આહા..હા..! એટલે કોના યોગ અને રાગ નિમિત્તપણે કર્તા? કે જે કોઈ રાગ ને યોગનો કર્તા માને એના. સમજાણું કાંઈ? કાંતિભાઈ! આવી વાત છે આ. કાંતિભાઈ આ વખતે રોકાણા ઠીક કર્યું. માર્ગ બાપા, શું કહીએ? આહા..હા..!

ઓહો..! ગજબ કામ એક સો ગાથાએ તો! આહા..હા..! ભગવાન આત્મા તો પોતાના જ્ઞાતાદૃષ્ટાના પરિણામને કરે એ પણ ઉપચારથી. રાગ અને યોગનો કર્તા તો જ્ઞાની આત્મા નથી. પણ આત્મા જ્ઞાનના પરિણામને કરે એ પણ વ્યવહાર ને ભેદ પાડ્યો. અને પરનો કર્તા તો ઉપચારથી પણ નથી. આહા..હા..! ત્યારે કહે કર્તા કહેવામાં આવે છેને પર કાર્યકાળે? હા. જે કોઈ યોગ અને રાગની બુદ્ધિ જેની છે, ભગવાન જ્ઞાતા-દૃષ્ટા સહજાત્મસ્વરૂપની દૃષ્ટિ નથી. આહા..હા..! જેના અસ્તિત્વમાં રાગ અને યોગ જ અસ્તિત્વ જેણે માન્યું છે, આહા..હા..! જેણે યોગ અને રાગથી ભિન્ન ભગવાન જ્ઞાયકમૂર્તિ સર્વજ્ઞસ્વભાવી એની જેને દૃષ્ટિ થઈ નથી, આહા..હા..! એ યોગ અને રાગનો કર્તા થઈને, પરના કાર્યકાળે તો તે સમયે પરથી કાર્ય થયું છે પણ, એને યોગ અને રાગનો એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સુજાનમલજી! આહા..હા..! અરે..! ભગવાનનો માર્ગ તો જુઓ, આ તો કહે, પરની દયા પાળવી એ ધર્મ. ગજબ બાપા! ભાઈ! તને શું કહેવું? પરની દયા, જીવવું, ટકવું તો એને કારણે છે. એનું કાર્ય તો એનાથી છે. એમાં તું દયા પાળવાનું કાર્ય કર એમ પરિણામ-પરિણામી, વ્યાપ્યવ્યાપક હોઈ શકે નહિ. આહા..હા..!

હવે કહે છે કે પરની દયાનું કાર્ય પરમાં થયું એમાં આત્મા નિમિત્ત છે એમ કહો તો

આત્મા તો નિત્ય છે તો પરના કાર્યકાળે તેને નિમિત્તપણે રહેવું પડે, તો નિમિત્ત પણ નથી આત્મા. આહા..હા..! કહો. આ પાણી ગળવાનું આવ્યું. ભાગ્યશાળી. એના બાપથી ભાગ્યશાળી છે. એને આવું બધું સાંભળવાનું નહોતું મળ્યું. આહા..હા..! ભાઈ! માર્ગ આ છે ભાઈ, હોં.

**શ્રોતા :—** ભાગ્ય હોય એને મળે એમ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આહા..હા..!

પ્રભુ તું કોણ છે? શું તું રાગ છો? કંપન્ન તું છો? તું તો આત્મા જ્ઞાનસ્વરૂપ છેને. આહા..હા..! એ જ્ઞાનસ્વરૂપ ભગવાન જેને જ્ઞાનમાં આવ્યો એ તો પરના કાર્યકાળે નિમિત્તકર્તા પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પરનું કાર્ય તો તેને કાળે તેના પરમાણુથી કે તેના જીવથી થયું છે. સમજાણું કાંઈ? પરમાં પર્યાય જ્ઞાનની થાય છે, એ કાર્ય તો (પર)જીવનું છે. જાણવાનું કાર્ય થયુંને? હવે એ (પર જીવના) જાણવાના કાર્યનો આત્મા તો કર્તા નથી, પણ જાણવાના પરિણામનો દ્રવ્ય કર્તા નથી. દ્રવ્ય કર્તા નથી, પણ જાણવાના પરિણામનો નિમિત્તકર્તા કોણ? આહા..હા..! કે જે કોઈ રાગ અને યોગનો કર્તા થાય તે રાગ અને યોગ તે કાર્યમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! કહો, રિખવદાસજી! આ તમારા ગામમાં મોટી તકરાર થઈ હતી. એ બિચારા આવ્યા, પાછા બધા આવ્યા હોં! મહારાજ! ફરીને આવો, નહિતર ગામમાં સાધુને ઘૂસવા નહિ દે કોઈ. અમે તો ચાલ્યા ગયા. અમારે કાંઈ નહિ, બાપા! અમે વયા જશું હોં. તોફાન કર્યા. વયા જાવ અહીંથી. બાપુ! જાશું હોં! આહાર કરી અને અહીંથી જશું. પછી આખા ગામે વિરોધ કર્યો કે સ્વામીજી જો અહીં ન આવે તો ગામમાં શ્વેતાંબર કોઈ સાધુને ગરવા નહિ દઈએ. સમજાણું કાંઈ? એ રિખવદાસના ગામમાં. આહા..હા..! એ આવ્યા ભાઈ, .. હતા તો બધા વિનંતી કરવા. ભાઈ! અમે આવશું હોં, બાપુ! અમને કાંઈ છે નહિ. એ લોકો બધા વિરોધી આવ્યા વિનંતી કરવા. મહારાજ! આવશુ બાપુ! અમે કાલે સવારમાં. સવારમાં ત્યાં તમારે ગામ આવશું. અમને કાંઈ છે નહિ. મહારાજ! આપ નહિ પધારો તો આમ થશે. આવશું. ગયા તો લોકોએ બહુ પ્રેમથી.. માથે ચડાવેને? માટીના ઘડા ને એવું. અને વ્યાખ્યાનમાં પછી વધારે માણસ. આહા..હા..! બાપુ! આ વસ્તુ, ભાઈ! આહા..હા..!

જેના યોગ એટલે કંપન્ન અને ઉપયોગ એટલે રાગ કે દ્વેષ. એ ભાવનો જે કર્તા અજ્ઞાની છે, એ ભાવનો અજ્ઞાની કર્તા છે, રાગ અને યોગનો કર્તા અજ્ઞાની છે. જ્ઞાની રાગ-યોગનો કર્તા નથી, રાગ-યોગનો જ્ઞાતા છે. આહા..હા..! એ ધર્મીજીવ રાગ અને કંપન્નનો કર્તા છે નહિ. અરેરે..! એ પરના કાર્ય કરે? આહા..હા..! અને ભગવાને એમ કહ્યું છે, પરને સુખ આપો બહારનું. આહા..હા..! આના અર્થમાં ત્યાં બંધ અધિકારમાં ... હમણા જોતો હતોને ઈ કે જ્ઞાની પરનું કાર્ય છે એમાં એને સંયોગ મળે. દાળ-ભાત આપે ને. એ એના પુણ્યને કારણે આપે છે. સમજાણું કાંઈ? તો જ્ઞાની જાણે કે હું તો નિમિત્ત છું, નિમિત્તકર્તા નહિ.

દાળ-ભાત આપે, પૈસા આપે, કપડા આપે એ ક્રિયા તો જડની. સમજાણું કાંઈ? પણ એ જડની ક્રિયામાં જ્ઞાની યોગ અને રાગનો કર્તા નથી તો યોગ-રાગનો કર્તા નથી તે જ્ઞાની પરનો નિમિત્તકર્તા પણ નથી. અમરચંદભાઈ! આહા..હા..!

**શ્રોતા :—** જ્ઞાનીને દેશનાલબ્ધિમાં એમ કહે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ કાંઈ છે નહિ. કાર્ય એનાથી થાય નહિ એમ કહે છે. દેશનાલબ્ધિ તો પરમાણુ પડ્યા કાને. તે કાળે જ્ઞાન તો પોતાથી થયું છે અને એ જ્ઞાનનો કર્તા એનો આત્મા છે. એનો કર્તા મેં દેશના કરી માટે જ્ઞાન એને થયું (એમ નથી). નિમિત્તકર્તા પણ નથી દ્રવ્ય. અને જે યોગ અને રાગનો કર્તા છે એ એના જ્ઞાનની પર્યાયનો નિમિત્તકર્તા થાય છે. ગજબ વાત છે, ભાઈ! આહા..હા..! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પૃથક્ પદાર્થની ક્રિયાનો પૃથક્ પદાર્થ કર્તા નહિ, પણ પૃથક્ આત્મા દ્રવ્ય એ પણ એનો નિમિત્તપણે કર્તા નહિ, પણ યોગ અને કંપન્ન જે અનિત્ય અને ક્ષણિક છે એ પરના કાર્યકાળે તે યોગ ને રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કોના? કે જે રાગ અને યોગનો કર્તા થાય છે એના. એય અમરચંદભાઈ! આહા..હા..! છે?

'**(-પરદ્રવ્યસ્વરૂપ કર્મના) કર્તા છે. (રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ) પોતાના વિકલ્પને અને (આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપરને કદાચિત્ અજ્ઞાનથી આત્માને કરતો હોવાથી...**' આહા..હા..! અજ્ઞાની કદાચિત્ રાગ જે ઇચ્છા અને યોગ અને કંપન્ન એનો કર્તા અજ્ઞાનકાળે થાય છે. એ અજ્ઞાની પોતે રાગ અને યોગનો કર્તા છે એ યોગ અને રાગ પરના કાર્યકાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે. જ્ઞાનીને પરના કાર્યકાળે એ જ્ઞાની આત્મા તો કર્તા નથી, એનો યોગ-ઉપયોગ પણ કર્તા નથી, કારણ કે યોગ-ઉપયોગ આત્માના નથી. આહા..હા..! સાંભળો! પોતાના જ્ઞાનસ્વભાવનું ભાન થયું છે તો યોગ અને રાગનો કર્તા નથી, પણ જે જ્ઞાનની પર્યાય પોતાથી થઈ છે એમાં રાગ અને યોગ ને પરની ક્રિયા નિમિત્ત આમ કહેવામાં આવે છે. નિમિત્ત. આહા..હા..! આવું લોજિક ક્યાં તમારે તેલમાં હતું ત્યાં! આહા..હા..! અરે..! સત્યને સમજે નહિ અને ધર્મ થઈ જાય. અહીંયાં તો કહે છે કે એ ઇચ્છાનો કર્તા જે થાય છે એ અજ્ઞાની છે. પરનો કર્તા તો નહિ, પણ ઇચ્છાનો કર્તા થાય છે એ અજ્ઞાની છે, એ ઇચ્છા પરના કાર્યકાળે તેને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વાત! આવી વાત છે ક્યાં? શેઠ! સમજાય એવી છે. ભાષા કાંઈ એવી (કઠણ) નથી. આહા..હા..! અમારે ... છે. માર્ગ તો ભગવાન આવો છે. એમાં કોઈ ના પાડી શકે નહિ. આહા..હા..! અરે..! લોકો એમ કહે કે આ તો નિશ્ચયની (વાત છે). પણ સાંભળને નાથ. આ નિશ્ચય એટલે સત્યની વાત છે પ્રભુ, આ. જ્યાં યોગ અને રાગનો ઇચ્છાનો કર્તા ભગવાન નહિ એનું નામ સત્ય છે અને એ રાગ અને યોગનો કર્તા જ્ઞાની સમકિતી નહિ. માટે સમકિતીના યોગ અને રાગ નિમિત્તકર્તાપણે પણ નહિ. પણ

એ આત્મા જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થયું છે એ યોગ અને રાગના જ્ઞાનનું ઉપાદાન તો પોતાથી થયું છે. જ્ઞાનમાં યોગ અને રાગને જાણવું અને પોતાનું જાણવું એ પોતાથી થયું છે. એ જ્ઞાન પોતાથી થયું છે એ જે જ્ઞાનીનું કાર્ય છે તેમાં યોગ અને રાગ અને પરની ક્રિયા જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. એય સુમનભાઈ! ઠીક બરાબર આવ્યા છે. આહા..હા..! પ્રભુ! તું સાંભળતો ખરો, નાથ! તારી કેટલી શક્તિની કેટલી બલિહારી છે! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! છે એમાં?

'**(રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ)...**' જોયું! પાછા ચૈતન્યના પરિણામ એ. જેણે રાગ અને યોગને આત્માના પરિણામ માન્યા છે એથી ચૈતન્યના પરિણામ એ. આહા..હા..! સમજાણું કાંઈ? છે? આ તો ગજબ વાત છે! આત્મા તો જ્ઞાયક છે. એનો સ્વભાવ જાણવું-દેખવું છે, બસ. હવે એ જાણવા-દેખવાનું કાર્ય તો પોતાથી થાય છે અને જાણવા-દેખવાના કાર્યનો કર્તા જીવ એ ઉપચારથી કહેવામાં આવે છે. ખરેખર તો જાણવા-દેખવાનું કાર્ય પર્યાયથી થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જાણવા-દેખવાનું સમકિતીનું કાર્ય પણ દ્રવ્યથી નહિ. દ્રવ્યનું કાર્ય તો ઉપચારથી કહેવામાં આવે છે. આહા..હા..! ધન્ય નાથ! તો રાગનું કાર્ય તારું અને પરના કાર્ય તારાથી થયા એ પ્રભુ ક્યાં રહે છે વાત? આહા..હા..! સમજાણું કાંઈ? બાબુભાઈ! આવી વાત છે. આહા..હા..! આ પર્યુષણના દિવસનો આગલો દિવસ છેને આ. આહા..હા..! ભાષા તો સાદી છે, ભાવ જરી ભલે સૂક્ષ્મ હો, પણ પકડાય એવા છે એમાં કાંઈ (અઘરા નથી). ખ્યાલમાં આવી શકે છે કે 'આમ કહે છે' એમ તો એણે જાણવું જોઈએને. આહા..હા..!

'**(રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ) પોતાના વિકલ્પને અને (આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી...**' આહા..હા..! યોગનું કંપન્ન અને ઈચ્છાનો ઉપયોગ એ કદાચિત્ નામ અજ્ઞાનભાવે કરે છે. સમજાણું કાંઈ? તો અજ્ઞાનભાવે કરે છે રાગ અને યોગ એ પરના કાર્યકાળે, કાર્ય તો એનાથી થયું છે, પણ યોગ અને રાગનો કર્તા થાય છે એ અજ્ઞાની, કદાચિત્ કેમ કહ્યું? અજ્ઞાન કાંઈ સદાય નથી રહેતું. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી રાગ અને યોગનો કર્તા છે, ત્યાં સુધી પરના કાર્યકાળમાં એ યોગ અને રાગનો કર્તા જે થાય છે એ યોગ અને રાગ પરમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! બહુ ધ્યાન રાખવું પડે શેઠ! આ કાંઈ ઓલી બીડી અને તમાકુ જેવું નથી. આહા..હા..! આવી વાત છે. આ તો 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' શકટ-ગાડુ ચાલતું તો હોય બળદથી, નીચે કૂતરું હોયને, ઠાઠું અડે એટલે મારાથી ગાડુ ચાલે છે. ભાઈ! તું મરી જઈશ જો ગાડુ પડશે તો. તારાથી શું ચાલે? એમ આ જગતના બધા કામો મારાથી થાય, મારાથી થાય. સમજાણું કાંઈ? આહા..હા..! એ જરીએ ન થાય

એ વાત કહે છેને. .. શું? હા, એ કરે. યોગ અને રાગનો કર્તા થાય. યોગ અને રાગનો કર્તા અજ્ઞાની થાય. બસ. એનાથી આગળ કોઈ વાત હોઈ શકે નહિ. આહા..હા..! આ પોકાર કરે છેને. જુઓ, પાંચ-છ લીટીમાં કેટલું ભર્યું છે! આહા..હા..!

'(રાગાદિવિકારવાળા...' રાગ, દ્વેષ, વિષય, વાસના વગેરે એનો જે અજ્ઞાની કર્તા થાય છે... આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! વિષયના ભોગ કાળે શરીરની જે ક્રિયા થાય છે એ પરમાણુનું કાર્ય છે, આત્માનું નહિ. પરમાણુના કાર્યકાળે જીવ નિમિત્ત પણ નહિ. નિમિત્ત હોય તો ત્રિકાળી કાર્યમાં નિમિત્ત હોવું જોઈએ; અને યોગ અને રાગ અજ્ઞાનીના, જે યોગ અને રાગનો કર્તા થાય છે એના યોગ અને રાગ પરના એ જડની ક્રિયા છે એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! વિશેષ આવશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

❊ ❊ ❊

## ભાદરવા સુદ-૬, સોમવાર, તા. ૩૦-૮-૧૯૭૬, ગાથા-૧૦૦, પ્રવચન નં. ૧૭૦

દસલક્ષણી પર્વનો આ બીજો દિવસ છે. માર્દવ. ઉત્તમક્ષમા છે અને આ ઉત્તમાર્દવ. એ ઉત્તમમાર્દવ સમકિતીને અને ચારિત્રવંતને હોય છે. અંશે શ્રાવકને પણ હોય છે, પણ વિશેષ તો મુનિપણામાં હોય છે. એ વ્યાખ્યા બીજા માર્દવધર્મની. ઉત્તમ પુરુષ જાતિનો ગર્વ નથી કરતાં. માર્દવ છેને? માતાની ઉત્તમ જાતિનું, પિતાના કુળનું અભિમાન નથી કરતાં. એમ બળ અને જ્ઞાનનું પણ અભિમાન નથી કરતાં. એમ શરીરની સુંદરતા.. એ ત્યાગને માર્દવધર્મ કહે છે. એ પ્રકારના ગર્વનો—માનનો ત્યાગ, નિર્માનપણું એને અહીંયાં માર્દવધર્મ કહે છે. ચારિત્રના આરાધનાના બોલે છેને દસ. દસલક્ષણીપર્વ ચારિત્રના દસ બોલ છે. તો ચારિત્ર સમ્યગ્દર્શનસહિત થાય છે એની વાત છે. સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિને આ દસ લક્ષણ હોતા નથી. સમજાણું કાંઈ?

આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપનું જ્યાં વેદન છે એને માન શેનું? પોતાનું માન પોતાથી મળે છે. 'લહી ભવ્યતા મોટુ માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન.' ભગવાને જ્યાં સ્વીકાર્યું કે આ સમકિતી છે, જ્ઞાની છે એ માન (મળ્યા) પછી બીજાનું શું માન? સમજાણું કાંઈ? એવા નિર્માની જીવ '**જ્ઞાનમય ચક્ષુથી સમસ્ત જગતને સ્વપ્ન અથવા ઈન્દ્રજાળ સમાન**

દેખનાર સાધુઓ શું તે **માર્દવધર્મ ધારણ કરતાં નથી? અવશ્ય ધારણ કરે છે.'** એને નિર્માનપણું હોય છે. હવે બીજી ગાથા. બે ગાથા છેને. **'જો અત્યંત મનોહર ભી હૈ, કિન્તુ જિસકે ચારોં તરફ અગ્નિ જલ રહી હૈ.'** મકાન. પાંચ લાખ, દસ લાખ, પચ્ચીસ લાખના મકાન હોય સુંદર મનોહર. પણ ચારે બાજુ અગ્નિ બળતી હોય. આહા..હા..!

**'ઐસે ઘર કે જલને સે બચને કી, જિસ પ્રકાર અંશ માત્ર ભી આશા નહીં કી જાતી; ઉસી પ્રકાર જો શરીર, વૃદ્ધાવસ્થા સે સહિત હૈ...'** અગ્નિ લાગી છે આ શરીરને. ક્યારે જીર્ણ થઈ જશે અને ક્યારે દેહ છૂટી જશે. સમજાણું કાંઈ? **'પ્રતિદિન એક અવસ્થા કો છોડકર, દૂસરી અવસ્થા કો ધારણ કરતાં રહતા હૈ.'** આ શરીર સદાકાળ રહેશે એ ક્યારે વિશ્વાસ થાય? ક્ષણમાં પડી જાય. જુવાન માણસ. ૨૮ વર્ષનો યુવાન માણસ. બે મિત્ર બેઠા હતા. વાત કરતાં હતા. કાંઈ રોગ નહિ. બસ, આટલું ફૂ થયું. દેહ છૂટી ગયો. ૨૮ વર્ષનો જુવાન માણસ. શેઠ! મલકાપુરથી આવ્યા હતા. આમ વાત કરતાં. કાંઈ રોગ નહિ, કાંઈ નહિ, પણ દેહની સ્થિતિ પૂરી થતાં વાર શું, ભાઈ! આહા..હા..! અને ફૂ થયું દેહ છૂટી ગયો. એમ આ શરીરની વૃદ્ધાવસ્થા આદિ **'પ્રતિદિન એક અવસ્થા કો છોડકર, દૂસરી અવસ્થા કો ધારણ કરતા રહતા હૈ. ઐસા શરીર સદાકાલ રહેગા? ઈસકા વિશ્વાસ કૈસે હો સકતા હૈ? ઈસ પ્રકાર વિવેકપૂર્વક નિર્મલ હૃદય સે વિચાર કરનેવાલે મુનિ કે સમસ્ત પદાર્થોંમેં અભિમાન કરને કા અવસર હી નહીં હૈ;...'** આહા..હા..! હું તો આનંદ જ્ઞાનમૂર્તિ છું. મને માન કોણ આપે અને નિર્માન શું? મારી વસ્તુ જ મારી નિર્માન વસ્તુ છે. એવું અંદરમાં પ્રગટ કરીને **'ઈસલિયે મુનિયોં કો સદા ઐસા હી ધ્યાન કરના ચાહિયે.'** અભિમાન છોડીને.

હવે આપણે ૧૦૦ ગાથા. ૧૦૦ ચાલે છેને? ક્યાં સુધી આવ્યા? ટીકા ફરીને લઈએ.

**'ટીકા :—ખરેખર...'** તો એમ છે કે... સૂક્ષ્મ વિષય છે, અલૌકિક વિષય છે. સમજાણું કાંઈ? **'ઘટાદિક તથા ક્રોધાદિક...'** જડકર્મ, જડકર્મ. ચારિત્રમોહનીયની પર્યાય જડની. એ **'પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે...'** શું કહ્યું સમજાણું? ઘડો બને છે, પટ બને છે, લાડુ બને છે, દાળ-ભાત બને છે, મકાન બને છે એ બધા પરદ્રવ્યરૂપ કર્મ છે, એ પરદ્રવ્યનું કાર્ય છે. **'તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...'** આહા..હા..! એ આત્મા વ્યાપક-કર્તા અને એ પરિણામ એનું વ્યાપ્ય—કર્મ એમ તો કદી બનતું નથી. આહા..હા..! કહો, પૂનમચંદજી! આ મોટા મોટા મકાન કરતાં નથી? શેઠ તો બહુ બનાવે છે મકાન.

**'આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...'** શાંતિથી સાંભળો. અલૌકિક વાત છે થોડી. જેટલા ઘટપટ આ શરીર, વાણી, મનની જે ક્રિયા થાય છે એ બધા કર્મ જડના છે અને બીજા આત્માના પરિણામ થાય છે એ પણ ચૈતન્ય એનું કાર્ય છે. એ કાર્યનો આત્મા કર્તા થઈને કર્મને કરે એમ કદી બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'એમ જો કરે**

**તો તન્મયપણાનો પ્રસંગ આવે;...'** જો એમ હોય તો જડની પર્યાયમાં પોતાનો આત્મા એકમેક થઈ જાય, ભિન્નતા ન રહે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મકાન બને, ધર્મશાળા બને, દાળ-ભાત-રોટલી બને, જડ કર્મ બને, ઘટપટ, રથ બને એ કર્મ નામ કાર્ય એ જડનું પરનું છે. આત્મા એ કાર્ય કરે, આત્મા કર્તા અને એનું એ કર્મ નામ કાર્ય, તો પરના પરિણામમાં પોતાની પરિણામી ચીજ ઘૂસી જાય, તો તન્મય થઈ જાય, એકમેક થઈ જાય. ઘડાને કરનાર કુંભાર જો હોય તો કુંભારની પર્યાય ઘટમાં પેસી ગઈ. સમજાણું કાંઈ? તન્મય થઈ ગઈ; તો એમ કરી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વળી નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...'** આહા..હા..! નિમિત્તનૈમિત્તિકભાવે પણ કરતો નથી. કેમકે આત્મા વસ્તુ છે ત્રિકાળ. એ કાર્યકાળમાં જો નિમિત્ત દ્રવ્ય થઈ જાય તો શાશ્વત એને પરના કાર્યકાળે હાજરી રહેવી જોઈએ. ઝીણું છે ભાઈ, બહુ ૧૦૦મી ગાથા. સમજાણું કાંઈ? આ દાળ-ભાત બને છે, શાક બને છે, કપડા. જુઓ, આ કપડું છે કે નહિ? આ ટોપી ઓઢે છે. એ કપડું આમ થાય છે એ ક્રિયા જડની છે. આ ક્રિયા જડની છે. એ જડનું કાર્ય છે. એ કાર્ય જો આત્મા કરે તો આ પરિણામ છે એમાં પરિણામી પેસી જાય, તો પોતાની ભિન્નતા રહે નહિ. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ?

દાળ-ભાત ખાય છેને આમ.. આમ. એ ક્રિયા તો જડનું કર્મ છે. એ જડના કાર્યમાં જો આત્મા કર્તા થઈને કરે તો એના પરિણામ અને આત્મા પરિણામી બે એક થઈ જાય. સુમનભાઈ! આહા..હા..! છે? **'કારણ કે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.'** એટલે જગતના જ્યાં-જ્યાં કાર્ય થાય ત્યાં-ત્યાં આત્મા જો નિમિત્ત હોય તો દ્રવ્યની ત્યાં હાજરી રહેવી જોઈએ. એનાથી હટીને પોતાના સ્વભાવનું જ્ઞાન એ કરી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? **'કારણ કે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.'** પ્રસંગ આવે. અત્યારે છે શું હવે? મકાન બને છે, ઘટ બને છે, પટ બને છે, રથ બને છે, ગાડા બને છે, ગાડી બને છે, સમજાણું કાંઈ? આ ખુરશી બને છે, એ ખુરશી આમ ચાલે છે. એનું કાર્ય જો આત્મા કરે તો આત્મા એ પરિણામમાં પેસી જાય અને પોતાની ભિન્નતા રહે નહિ. પોતાનો નાશ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

**'(અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા) યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના કર્તા છે.'** શું કહે છે? આહા..હા..! શરીર આમ ચાલે છે, પાંપણ આમ ચાલે, દાળ-ભાત-રોટલીના ટૂકડા થઈને અંદર કામ કરે એ કાર્યમાં આત્મદ્રવ્ય જો નિમિત્ત થાય તો આત્મા ત્રિકાળી શાશ્વત એ કાર્યકાળમાં નિમિત્તની હાજરી રહેવી જોઈએ. આહા..હા..! ત્યારે હવે છે કોણ? ઉપાદાન તો ત્યાં એને કાળે એમાં થાય છે. આ શરીરમાં દાળ-ભાત-રોટલીના ટૂકડા થવા, ઘડો બનવો, વસ્ત્ર બનવા એ કાર્યમાં આત્મદ્રવ્ય છે એ તો કર્તા નથી. ઉપાદાન તો એમાં થયું છે, પણ એમાં આત્મા ઉપાદાનના પરિણામને કરતો નથી. કેમકે

કરે તો એકમેક થઈ જાય. હવે આત્મા દ્રવ્ય નિમિત્ત એને કહો તો દ્રવ્ય શાશ્વત એ કાર્યકાળે રહેવું જોઈએ. પુનમચંદજી! ઝીણું છે. આહા..હા..! ત્યારે છે શું?

**'યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના કર્તા છે.'** આહા..હા..! એ કાર્ય જે થાય છે શરીરનું, પુસ્તકનું, વાણીનું, દાળ-ભાતનું, કપડા ઓઢવાનું, કપડા છોડવાનું, ટોપી ઓઢવાની, ટોપી છોડવાની... આહા..હા..! સમજાણું કાંઈ? એ કાર્યકાળ એમાં છે માટે થયું છે. આત્મા એનો કર્તા નથી, આત્મા એને નિમિત્ત પણ નથી. આહા..હા..! ભારે. ક્રમબદ્ધ સિદ્ધ કરી છે વાત. સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા નિમિત્ત નહિ પણ આત્મા જે યોગ અને રાગ છે એ યોગ-કંપન્ન અને રાગનો કર્તા જીવ છે એ અજ્ઞાનીનો યોગ અને રાગ એ કાર્યકાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શેઠ! આહા..હા..! શું કહ્યું?

એ કાર્યકાળે તો પરમાં એ કાળે એનું કાર્ય થાય છે, એ તો કોઈ કરી શકતું નથી; પણ એમાં નિમિત્ત પણ કોણ છે? દ્રવ્ય નિમિત્ત પણ નથી. તો નિમિત્ત કોણ? કે જે પ્રાણીની દૃષ્ટિ રાગ ને ઈચ્છા ને યોગનો કર્તા બને છે એ અજ્ઞાની રાગ અને યોગનો કર્તા છે, એ રાગ ને યોગ એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે. છે?

**'યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના કર્તા છે. (રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ) પોતાના વિકલ્પને અને (આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્માને કરતો હોવાથી...'** આહા..હા..! શુભભાવ છે તો લક્ષ્મી આમ દે છે. સમજ્યા? લક્ષ્મીનું જવાનું કાર્ય તો લક્ષ્મીથી થયું છે, પણ એ સમયે જે આત્મા દ્રવ્ય છે એ તો નિમિત્ત નથી. એ સમયે શુભભાવ જે છે એનો જે કર્તા થાય એ શુભભાવ પરમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! શું કહે છે આ? સમજાણું કાંઈ?

જે કોઈ પ્રાણી બીજાને આહાર દે, પાણી દે, વસ્ત્ર આદિ દે કે મકાન દે કે ભાઈ, અહીંયાં રહો. એ સમયે પરની ક્રિયા તો એના કાળે એના કર્મે થાય છે. એમાં નિમિત્ત કોણ? આત્મા પણ નિમિત્ત નથી, પણ આત્માના પુણ્યભાવનો અજ્ઞાની એ સમયે કર્તા થાય છે, પુણ્યભાવનો કર્તા થાય છે એ પુણ્યભાવ એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! કહો, પોપટભાઈ! અજ્ઞાની પુણ્યનો કર્તા થાય છે એમ કહ્યુંને પહેલું. કે જે કોઈ શુભભાવનો કર્તા થાય છે એને લક્ષ્મી દેવામાં, આને આહાર-પાણી દેવાની ક્રિયા તો એનાથી થાય છે, પણ એ શુભભાવનો કર્તા થાય છે એ શુભભાવને એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વાહા પૂજામાં કરે છેને. એ ક્રિયા તો જડની જડથી થઈ છે. એમાં આત્મા એ પરિણામનો કર્તા નથી. કેમકે એ પરિણામનો કર્તા હોય તો પરિણામી અને પરિણામ એક હોવાથી એમાં આત્મા એકમેક થઈ જાય. આહા..હા..!

હવે એ ક્રિયાકાળમાં આત્મા-દ્રવ્ય નિમિત્ત કહીએ તો એમ પણ નથી. (કારણ કે) નિમિત્ત હોય તો શાશ્વત એને નિમિત્ત રહેવું પડે. હવે એ કાળે જેને શુભભાવ થયો છે પૂજા, ભક્તિનો એ શુભભાવનો કર્તા જે અજ્ઞાની થાય છે એ ક્રિયામાં પુણ્ય-શુભભાવ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! પદમચંદજી! આવું ક્યાંય છે નહિ આખા હિન્દુસ્તાનમાં ક્યાંય. આહા..હા..! વીતરાગના માર્ગ તો જુઓ,

કહે છે કે **'પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી...'** આહા..હા..! દાનમાં પાંચ લાખ રૂપિયા આપ્યા. એ ક્રિયા તો જડની હતી ત્યાં પરમાણુની જવાની. તો આત્મા એનો કર્તા છે નહિ. જો આત્મા એનો કર્તા થાય તો એ પરિણામમાં પરિણામી પેસી જાય. પરિણામી અને પરિણામ તો પોતપોતામાં રહે છે. એ પરિણામ પરમાં જાય એમ છે નહિ. આહા..હા..! પણ જો આત્મા એને નિમિત્ત કહીએ, એ કાર્યમાં એ વખતે નિમિત્ત થાય છે પૈસા દાન દેવામાં. બોલ્યા કે ભાઈ, આ પાંચ લાખ આપું છું. એ ભાષાની પર્યાય તો ભાષાથી થઈ છે. લક્ષ્મી પણ ગઈ છે એ એને કારણે ત્યાં ગઈ છે. હવે અજ્ઞાની જો ત્યાં શુભભાવનો કર્તા થાય તો એને એ ક્રિયાકાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે અને જ્ઞાની જે છે... આહા..હા..! એ શુભભાવનું જ્ઞાન જ્ઞાનીને થાય છે. સમજાણું કાંઈ?

એ તો એલો દાખલો હમણાં યાદ આવ્યો હતો, ભાઈ! ઓલો. ૨૯૪ છેને, ૨૯૪. બંધ લક્ષણને, નહિ? ૨૯૪ ગાથા. ત્યાં એમ કહે... આહા..હા..! ગજબ વાત છે. યાદ આવ્યું ત્યારે હાથમાં આવ્યું આ પુસ્તક. નવું છેને. આ મારું નથી. એ ૨૯૪માં આવે છેને કે દીવાનો પ્રકાશ છેને, દીવાનો પ્રકાશ? એ પ્રકાશ ઘટપટને પ્રકાશે એમ નથી. એ દીવો. દીવો સમજો છોને? દીપક. એ પોતાના પ્રકાશની દ્વિરૂપતાને પ્રકાશે છે અર્થાત્ દીવો પોતાના પ્રકાશને પ્રકાશે છે અને સાથે ઘટપટના પ્રકાશને પ્રકાશે છે, ઘટપટને નહિ. સાંભળ્યું નથી કોઈ દિ' શેઠ! એમને એમ આખી જિંદગી ગાળી. વાત તો સાચી છે. આહા..હા..!

ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર એમ કહે છે કે એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! આહા..હા..! ભગવાન તરીકે તો બોલાવે છે પરમાત્મા. ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! આહા..હા..! અરે..! તને ધર્મ કેમ થાય અને અધર્મ કેમ થાય એ વાત ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વસ્તુ જાય છે, થાય છે, ઘટપટ બને છે, લક્ષ્મી જાય, લક્ષ્મી આવે, એનું કાર્ય કરનારી તો એ ચીજ છે, પણ એ કાર્યકાળમાં આત્મા એનો કર્તા નથી થતો. કેમકે કર્તા થાય તો એ પરિણામ અને પરિણામી ચીજ બેય એક થવી જોઈએ. તો પરિણામ આત્માના અને પરિણામી આત્મા એમ એક થવી જોઈએ. એ પરિણામ પરના અને આત્મા પરિણામી તન્મય થઈ ગયા, પરદ્રવ્યમાં એકમેક થઈ ગયા. સમજાણું કાંઈ? આહા..હા..! અને આત્મા જો નિમિત્ત હોય તો કાયમ રહેવું પડે એ કાર્યકાળમાં. જગતના

કાર્યકાળ તો સદા ચાલતા જ રહે છે. એને કાયમ રહેવું પડે. ત્યાંથી હટીને ધર્મ તો થઈ શકે નહિ એને. આહા..હા..! ત્યારે છે શું? આહા..હા..! સમજાણું કાંઈ?

કે એ કાર્ય તો તે સમયે તે કપડાના, ઘટના, પટના, દાળના, ભાતના, મકાનના, કપડા આમ થાય તેમ થાય. કપડા ઓઢે છેને? તો એ ક્રિયાનો કાળ તો એનો છે. સુમનભાઈ! એ કપડાનું કાર્ય તો કપડાએ એને કારણે કર્યું છે, હાથે નહિ, પણ એના કાર્યકાળમાં પરિણામી પરપદાર્થ છે એનું એ પરિણામ છે, પરિણામી એ પદાર્થના પરિણામ છે. એ પરિણામ આત્મા કરે તો પરિણામ અને પરિણામી એક થઈ જાય તો પરમાં ઘૂસી જાય. એમ તો કદી બનતું નથી. આહા..હા..!

**શ્રોતા :—** એ વખતે જીવના પરિણામ જીવે કર્યા... કપડાનું પરિણામ કપડાએ કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો .. વાત તો ચાલે છેને. એ તો છે. અહીં તો કોને નિમિત્ત કહેવું એ તો વાત ચાલે છે હજી. એ વખતે એણે વિકલ્પ કર્યો, એ વિકલ્પનો કર્તા થાય છે એ પરમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. ઝીણી વાત છે, ભગવાન! ૧૦૦મી ગાથા તો આખા જૈનદર્શનનું કર્તાકર્મનું માખણ રહસ્ય છે. સમજાણું કાંઈ? એ પરમાણુની પર્યાય કપડાની એની, લાડુ, દાળ, ભાત, લાડુ આમ વળે, રોટલી થાય, મકાન બને એ તો પરમાણુની પર્યાયના કાર્ય છે. પણ એ સમયે જીવ જે છે એ અશુભરાગ આવ્યો અને અશુભનો કર્તા થયો, અજ્ઞાની અશુભનો કર્તા થાય છે. એ અશુભભાવ પરના કાર્યકાળમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. અને શુભભાવ થયો તો શુભભાવનો કર્તા થાય છે અજ્ઞાની, તો એ દરેક કાર્યકાળ જે ધર્માસ્તિ, આકાશ વગેરેમાં એ શુભભાવને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :—** જ્ઞાનીને શુભભાવ નિમિત્તકર્તા થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ થાય. એ તો ચાલે છે. એ તો વાત કરી હમણા ન કહી દીપકની? સાંભળો! આ તો અલૌકિકની વાતું છે, ભાઈ!

દીવો જે છે એ પ્રકાશે છે, તો એ પ્રકાશના કાળે ઘટપટનો પ્રકાશ આ ઘટ છે અને પટ છે એ પ્રકાશ નહિ. એ તો પોતાના પ્રકાશને પ્રકાશે છે અને ઘટપટનો પ્રકાશ એ દ્વિરૂપ પ્રકાશ એનું કાર્ય છે. આહા..હા..! એમ જે જ્ઞાની છે એને શુભ અને અશુભરાગ આવ્યો એના એ જ્ઞાતા છે. કેમકે જ્ઞાની છે એ પોતાના જ્ઞાનને રાગથી ભિન્ન જાણે છે. ભિન્ન જાણ્યું તો જ્ઞાનીને પોતાનું જ્ઞાન થયું અને રાગસંબંધી પોતાનું જ્ઞાન પોતાથી થયું. રાગ છે માટે જ્ઞાન થયું એમ નથી. આહા..હા..!

જે પ્રકારનો રાગ આવ્યો અને જે પ્રકારની શરીરની ક્રિયા થઈ. એ વખતે તો શરીરની પૂજા, ભક્તિની ક્રિયા થઈને શુભ હોય ત્યારે, એ ક્રિયાના પરિણામનો કર્તા તો ભગવાન નહિ, પણ એ કાળે અજ્ઞાની રાગનો કર્તા થાય છે એ રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. હવે જ્ઞાની? જ્ઞાની રાગથી ભિન્ન પોતાનું જ્ઞાન કરે છે, કર્યું છે. એ કાળે રાગનું પણ

જ્ઞાન થાય છે. પોતાના જ્ઞાનમાં પોતાનું જ્ઞાન થાય છે. .. અને એ કાળે શરીરાદિની જે ક્રિયા થઈ એ ક્રિયા પોતાના પરિણામપણે આત્માના સ્વપરપ્રકાશક જ્ઞાનમાં પોતાના જ્ઞાનમાં એ ક્રિયા નિમિત્ત પડે છે. નિમિત્તનો અર્થ એ કર્તા નથી.

**શ્રોતા :—** ક્રિયા નિમિત્ત પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, નિમિત્ત નથી પડતી. અહીં જ્ઞાન થયું એમાં નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તનો અર્થ એ જ્ઞાનને કરતું નથી. ઝીણી વાત, બાપુ! આ ગાથા તો ૧૦૦મી એવી ઝીણી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૦૦એ ૧૦૦ ટકાની વાત છે આ. નિમિત્તનો એક અંશ પણ પરને કરે નહિ. ઓલા કહે, ૫૦ ટકા કરે અને ૫૦ રાખો કહે. ઓલા જીવનધર આવ્યા હતા, ઈંદોરવાળા. ઈંદોરવાળા હતાને. જીવનધર પંડિત. અહીં આવ્યા હતા પહેલાં. ૫૦ ટકા નિમિત્ત અને ૫૦ ટકા ઉપાદાન રાખો. ભાઈ! ૧૦૦એ ૧૦૦ ટકા રહેવા દેને, કીધું. એ વાત જ નહોતી. ગડબડ મોટી ગડબડ. અજ્ઞાનીને જે કાંઈ શુભાશુભભાવ થયો એમાં એની દૃષ્ટિ આત્મા ઉપર તો છે નહિ. તો એ રાગનો કર્તા થાય અને કંપનનો કર્તા અજ્ઞાની થાય છે. એ એની કંપન અને ઈચ્છા... કાર્ય તો એમાં (પરમાં) થયું છે, એનાથી પરથી થયું છે. એમાં અજ્ઞાનીનો કંપન અને રાગ નિમિત્તકર્તા અજ્ઞાનીનો કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :—** મખ્ખનલાલજીનો પણ એ જ મત હતો. ૫૦ ટકા નિમિત્ત અને ૫૦ ટકા ઉપાદાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ જ ચાલતું હતુંને. ભાઈ! તને ખબર નથી. જ્ઞાનીને રાગ અને પરથી ભિન્ન જ્ઞાન થયું છે એ કારણે જ્ઞાનીને જે કાંઈ ક્રિયા થતી પૂજા, ભક્તિ આમ.. એ ક્રિયાનું જ્ઞાન એ કાળે એ ક્રિયા-સંબંધીનું જ્ઞાન, પોતા-સંબંધીનું જ્ઞાન પોતાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૨૯૪માં લેશે. ૨૯૪ છેને ભાઈ? કે જેમ દીપક ઘડાને પ્રકાશે છે એમ નથી. ઘટપટની જાહેરાત કરે છે એમ નથી. દીપક પોતાનો પ્રકાશ અને ઘટપટ-સંબંધી પ્રકાશે એવો પોતાનો પ્રકાશ, એ સ્વપરપ્રકાશક છે એને જ દીપક પ્રકાશે છે. આહા..હા..!

એમ ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ જીવ, ભેદજ્ઞાની જીવ રાગથી પોતે ભિન્ન (પરિણમે છે). કેમકે રાગ જે વિકાર, પુણ્ય છે અને પાપ છે, કોઈપણ હોય. એ પુણ્ય અને પાપનો ભાવ રાગ છે એ કાળે જ્ઞાનીને પોતાનું જ્ઞાન પણ થાય છે અને એ કાળે જે પ્રકારનો રાગ છે એ સંબંધી અહીં જ્ઞાન થાય છે, એ પોતાથી થાય છે. ભક્તિમાં રાગ આવ્યો શુભભાવ, તો શુભભાવથી ક્રિયા થતી નથી. હવે શુભભાવ થયો એવું જ્ઞાન આત્મા કરે છે, એ પણ શુભભાવ થયો તો જ્ઞાન થયું એમ પણ નથી. લોજિક છે. સમજાણું કાંઈ? કાંઈ વસ્તુની ખબર ન મળે અને ધર્મ થઈ ગયા... ધર્મ થઈ ગયા. ધૂળેય નથી થયા. એય પોપટભાઈ!

એ પૂજા-ભક્તિમાં સ્વાહા. ચોખા રંગેલા. ટોપરાના. એ ક્રિયા તો આંગળીની આંગળીથી

થઈ છે આમ.. આમ. અને બહારની ક્રિયા આમ સ્વાહા એ ભાષા પણ બાહ્ય પર્યાયથી થઈ છે અને ત્યાં એ જાતની ક્રિયા એ પણ પરથી જડથી થઈ છે, પણ એ સમયે જે કોઈ શુભભાવ છે એ શુભભાવનો કર્તા જે અજ્ઞાની જીવ છે, તો એ શુભભાવને જ ક્રિયામાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે; પણ એ કાળે ભેદજ્ઞાની જીવ છે એ શુભભાવ થયો એમાં પોતાનું જ્ઞાન પણ છે અને શુભભાવનું જ્ઞાન પોતાથી થયું છે એમ માને છે. અમરચંદભાઈ! સમજાણું કાંઈ? માર્ગ બહુ ઝીણો છે, ભાઈ! લોકોને તો બિચારાને મળ્યું નથી. જિંદગી ચાલી જાય છે. આહા..હા..!

જ્ઞાનીએ રાગ અને પરદ્રવ્યના કાર્યકાળથી તો ભગવાનને ભિન્ન જાણ્યો છે. જ્ઞાનીનું જ્ઞાન એને રાગ થયો એનું જ્ઞાન એને થયું. જ્ઞાનીને પોતાનું જ્ઞાન છે અને જે શુભ-અશુભરાગ થયો એનું જ્ઞાન છે. એનું જ્ઞાન એનાથી નથી. પોતાથી પોતાનું જ્ઞાન અને એનું જ્ઞાન પણ પોતામાં (પોતાથી) સ્વપરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થાય છે, એ જ્ઞાતા, એને રાગાદિ અહીં જ્ઞાનમાં નિમિત્ત છે. નિમિત્તનો અર્થ એ રાગસંબંધી જ્ઞાન જે થયું એ તો પોતાથી થયું છે. રાગ અને ક્રિયા આ બાજુ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! કોઈએ ગાળ આપી. સાંભળી. એ સમયે જ્ઞાનીને એ સંબંધીનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? એટલો ફેર છે, ભગવાન! બહુ ફેર, ભાઈ! આહા..હા..! ગાળ દીધી એ સમયે જ્ઞાનીને જ્ઞાનની પર્યાયમાં એ સંબંધીનું જ્ઞાન થવાનું હતું. સમજાણું કાંઈ? એ પોતાથી જ્ઞાન થયું છે. રાગ કે ગાળ બેયનું જ્ઞાન પોતાથી થયું છે. સમજાણું કાંઈ? પણ એ નિમિત્ત કહેતા લોકોને એમ થઈ જાય કે નિમિત્ત છે. પણ એટલે શું? નિમિત્ત એટલે કાંઈ કરતું નથી એનું નામ નિમિત્ત કહેવામાં આવે છે.

આ લોકાલોક છે એ કેવળજ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. એનો અર્શ શું થયો? લોકાલોક નિમિત્ત છે તો અહીં કેવળજ્ઞાન છે? એમ છે? અને લોકાલોકમાં કેવળજ્ઞાન નિમિત્ત છે. શું કહ્યું? લોકાલોક કેવળજ્ઞાનમાં નિમિત્ત છે અને કેવળજ્ઞાન લોકાલોકમાં નિમિત્ત છે. એનો અર્થ શું? એ બીજી ચીજ છે. પોતાથી કેવળજ્ઞાન થયું છે, એમાં બીજી ચીજ છે એ સંબંધી જ્ઞાન પોતાથી પોતાને થયું છે. લોકાલોક છે માટે જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કર્તાકર્મ અધિકાર આચાર્યે વર્ણવ્યો છે. કુંદકુંદાચાર્ય. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનીને રાગથી ભિન્ન જ્ઞાન થયું છે. સમયે સમયે જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. જ્યારે કેવળજ્ઞાન કહ્યું એનો પણ સ્વપરપ્રકાશક સ્વભાવ છે, તો કેવળજ્ઞાન પોતાને પણ જાણે અને લોકાલોકને પણ જાણે. લોકાલોકને જાણે એમ કહેવું એ અસદ્ભુતવ્યવહાર છે. લોકાલોકસંબંધી પોતાની પર્યાય જ્ઞાનમાં થઈ એને જ જાણે છે. ઝીણી વાતું બહુ, ભાઈ! કેવળજ્ઞાની લોકાલોકને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. એ પરમાં ક્યાં ઘૂસી જાય છે. એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી થયું, પોતાનું જ્ઞાન અને એ સંબંધી જ્ઞાન પોતાથી પોતામાં

થયું એમાં લોકાલોક નિમિત્ત કહેવામાં આવે છે. નવરંગભાઈ! આહા..હા..! આવી વાત છે, બાપુ! અને લોકાલોકમાં કેવળજ્ઞાન નિમિત્ત છે. એનો અર્થ શું થયો? કેવળજ્ઞાન છે તો લોકાલોક છે? એનો અર્થ કે પૃથક્-પૃથક્‌ને નિમિત્ત કહેવામાં આવે છે એટલી વાત. કેવળજ્ઞાન જે છે એ લોકાલોકને નિમિત્ત કહેવામાં આવે છે. ઉપાદાન તો છે નહિ એનું. આ નિમિત્ત કહેવામાં આવે છે. કેમકે કેવળજ્ઞાન છે એમાં સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાથી થયું છે એમાં એ નિમિત્ત છે અને એ ચીજ જે છે એમાં કેવળજ્ઞાન નિમિત્ત છે. પોતાથી એ ચીજ ઉત્પન્ન થાય છે એમાં કેવળજ્ઞાન નિમિત્ત થયું. નિમિત્તનો અર્થ એનાથી થયું એ વાત છે જ નહિ. આહા..હા..! ગોટો અત્યારે એ વાળેને. નિમિત્ત છેને.. નિમિત્ત છેને... એટલે નિમિત્તકર્તા પછી કર્તા માને છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ કુંભાર હોય. તે વખતે ઘડો બન્યો એ તો માટીથી બન્યો, એ જ્ઞાનીના રાગથી અને જ્ઞાનીના દ્રવ્યથી બન્યો નથી. હવે એ જ્ઞાની જ્યારે કુંભાર છે એનાથી ઘડો થયો અને એ સંબંધીનો વિકલ્પ થયો એ બેનું એને જ્ઞાન થાય છે. ભારે આવી વાતું. શું કહ્યું? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે કુંભાર હોય. સમજાણું કાંઈ? મુનિની વાત નથી આવતી મુનિની? કેવા? કુંભાર. કુંભાર મુનિ. મુનિ થયા એમાં ક્યાંક વરસાદ થયો અને કોઈ કુંભારની દીકરી હશે. એને ત્યાં પાણી ન પડ્યું. વાસણ ન બગડ્યું. એટલે કુંવારી કન્યા આના ઉપર ફીદા થઈ ગઈ. એમાં એને પણ ભાવ એવો આવ્યો કે મુનિ હતા ને ઘર માંડ્યું અને સમકિત રહ્યું હોં! સમજાણું કાંઈ? એ પછી ઘડો બનાવે છે. કુંભાર થયાને પછી. એ કથા શાસ્ત્રમાં છે. તોપણ એ જ્ઞાનથી ભ્રષ્ટ નથી થયા. એ સમયે રાગ આવ્યો, રાગનું જ્ઞાન કર્યું. પોતાનું પણ જ્ઞાન કર્યું અને રાગનું જ્ઞાન કર્યું એ ક્રિયા થઈ છે એનું જ્ઞાન થયું અહીં. ઝીણી વાત, બાપુ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ ઘણો અને લોકોમાં કર્તાકર્મની વાત એવી ઘુસી ગઈ છે ઊંધી. અમે નિમિત્ત તો થઈએને. નિમિત્ત તો થઈએને. એમ કહ્યું. ઓલા હતાને અમારે ઢેબરભાઈ. એ વળી એમ કહે, નિમિત્ત થયા. પણ નિમિત્ત થયા એ શું? શું તમે કહો છો? એ કાળે તેનો કાર્યકાળ થાય એમાં નિમિત્ત થાય એ કોણ નિમિત્ત થાય? એ તો કાર્યકાળ વખતે એને નિમિત્ત કહેવામાં આવે. એ તો કાર્યકાળે થયું તેની અપેક્ષાએ વાત છે. હું નિમિત્ત કોને થાઉં? સમજાણું કાંઈ? માર્ગ ઝીણો બાપુ, બહુ. આહા..હા..!

એ કુંભાર .. રોટલી બને છે જુઓને. વેલણુ. વેલણુ કહે છેને? શું કહે છે? એ ક્રિયાકાળ એનો છે. વેલણ ફરે અને રોટલી પહોળી થાય એ વેલણથી પણ નહિ. એનું કાર્ય તો પરમાણુ રોટલીથી એમ બન્યું છે. હવે જ્ઞાની છે સમ્યગ્દૃષ્ટિ જીવ એને એ જ્ઞાન થયું, પણ એ રાગનું જ જ્ઞાન છે, રાગનો કર્તા નથી એ. સમજાણું કાંઈ? અને એ જ્ઞાનમાં રોટલી બની એવું જ્ઞાન અહીં થયું. પોતાથી હોં! રોટલી બની એના કારણે નહિ. આહા..હા..! માણસને ફૂરસદ ક્યાં છે સત્ય શું છે એ સમજવાની. આ દુનિયામાં કમાવાનું ને રળવું ને બાયડી-છોકરા

ને કુટુંબ. મરી ગયો એમાં. મારી નાખ્યા. આને નભાવવા, આને આ કરવા, છોકરાનું આ કર્યું. કોણ હતો છોકરો? તારે છોકરા કેવા આત્માને? સમજાણું કાંઈ? પોપટભાઈ! આહા..હા..!

રોટલી બને છે... આહા..હા..! નાળીયેર ફૂટે. નાળીયેર હોય છેને? તો એ હથોડીથી નાળીયેર ફૂટ્યું નથી, નાળીયેર ફૂટવાની ક્રિયાનો નાળીયેર કર્તા છે. સમજાણું કાંઈ? પણ એ સમયે અજ્ઞાની જે છે એ રાગનો કર્તા (થાય છે), એ ક્રિયા ઉપાદાનથી એમાં જ થઈ છે. રાગનો કર્તા છે એ રાગને એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! હવે જ્ઞાનીને? જ્ઞાનીને એ સમયે પોતાનું જ્ઞાન પણ છે અને એ નાળીયેર તૂટ્યું એ જ્ઞાનમાં નિમિત્ત થયું. ઉપાદાન તો પોતાથી જ્ઞાન થયું. તૂટવાની ક્રિયાનું જ્ઞાન તો પોતાથી થયું છે. પણ એ પોતાથી થયું એમાં ક્રિયા જ્ઞાનમાં નિમિત્ત પડી આ બાજુ. અજ્ઞાનીનું નિમિત્ત આમ જાતું હતું. આહા..હા..! જ્ઞાનીને જ્ઞાનમાં નિમિત્ત થયું. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! પણ નિમિત્ત છે માટે એનાથી જ્ઞાન થયું એમ નથી. આવી વાત, બાપા!

**શ્રોતા** :— સમજવા જેવી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— સમજવા જેવી છે. આ તો શાંતિની વાત છે. આહા..હા..! એમને એમ હાલી નીકળ્યા. અમે આમ કરીએ ને અમે આમ કરીએ. ભાઈ! માર્ગ જુદાં નાથ! તારી સ્થિતિની દશા... આહા..હા..! એ ભગવાન તો સર્વજ્ઞસ્વભાવી છેને. આ આ ભગવાન હોં! સર્વજ્ઞસ્વભાવી. આહા..હા..! સર્વજ્ઞસ્વભાવીની જેને પ્રતીત અને અનુભવ થયો એ તો સર્વજ્ઞ. એ સમયે પણ પોતાનું જ્ઞાન થાય છે અને એ સમયે જે કાંઈ ક્રિયા પરથી ભજે છે કે રાગ આવ્યો એ જ્ઞાનમાં નિમિત્ત પડે છે. એનો અર્થ? ઉપાદાન તો પોતાથી જ્ઞાન થયું છે. રાગની ક્રિયાનું જ્ઞાન પોતાથી થયું છે એનું નામ ઉપાદાન, પણ એ ક્રિયામાં રાગ અહીં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :— ક્રિયામાં કોણ નિમિત્ત...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ક્રિયામાં નિમિત્ત કીધુંને. અજ્ઞાની નિમિત્ત છે. એમાં રાગનો કર્તા જે થાય છે એ રાગનો કર્તા અજ્ઞાની, રાગ એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. એ તો કહ્યું હતું પહેલેથી. હવે જ્યારે રાગ અને પરની ક્રિયાના કાળમાં એ ક્રિયા થાય છે પરમાં. રાગ પણ એને કાળે થયો, પણ જ્ઞાનીને તો એ કાળે પોતાના જ્ઞાનની સાથે, પોતાનું જ્ઞાન રાગ અને પરક્રિયા થાય છે એ સંબંધી પોતાનું જ્ઞાન પોતાથી થાય છે. એમાં રાગ અને ક્રિયા એ નિમિત્ત કહેવામાં આવે છે. એ સંબંધી જ્ઞાન પોતાથી થયું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓહો..! ગજબ કામ કર્યું છે સંતોએ તો! આ વાત બીજે ક્યાંય છે નહિ. ઓહો..! દિગંબર સંતો એ તો કેવળજ્ઞાનના કેડાયતો. એકવાર સાંભળ તો ખરો, કહે છે. આહા..હા..!

તારી ઋદ્ધિ તો જ્ઞાન છે. રાગ ઋદ્ધિ નહિ, પરઋદ્ધિ પણ તારી નહિ. આહા..હા..!

એવું જેને જ્ઞાન થયું, આહા..હા..! એને નબળાઈને કારણે રાગ આવે છે, પણ એ સમયે જે રાગ આવ્યો એનો એ પ્રકાશક થઈને જ્ઞાન એ સમયે ઉત્પન્ન થાય છે. રાગ ઉત્પન્ન થયો એ જ કાળે પોતાનું જ્ઞાન અને રાગસંબંધી જ્ઞાન પોતાથી ઉત્પન્ન થાય છે. ન્યાય સમજાય છે? ત્યારે રાગ અને બીજી ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તનો અર્થ ઉપાદાન તો પોતાથી થયું છે. આહા..હા..! છોટાભાઈ આવી શક્યા નહિ. બ્લડ પ્રેશર છે કહે છે. આહા..હા..! કોણ નટુ? સંભળાય છે આ? એ આખો દિ' ધંધામાં ત્યાં બહુ રોકાય છે. આહા..હા..! બહુ વાત આકરી, બાપા!

તારું તત્ત્વ ક્યારે રહે? તારું સત્ સત્પણે ક્યારે રહે? કે તારું સત્ રાગથી ભિન્ન થઈને પરથી ભિન્ન થઈને જ્ઞાન કર્યું તો જ્ઞાન જ્ઞાનપણે સત્ રહેશે. આહા..હા..! અને તે જ્ઞાન સત્પણે ઉત્પાદ થયો એ રાગ અને પરચીજનું જ્ઞાન તો પોતાથી થાય છે અને એ સમયે રાગની, પરની જે ક્રિયા થઈ એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ ટોપી ઓઢે છેને. એ ક્રિયા તો એનાથી—ટોપીથી થઈ છે. આંગળીથી નહિ. આંગળી આમ થઈ એ પણ આંગળથી થઈ. ટોપી આમ થઈ એ એને કારણે નહિ અને આત્માને કારણે નહિ. આહા..હા..! ભારે આવી વાતું. કહો, સુરેશભાઈ! એ ટોપી આમ કરે... એ ક્રિયાનો કાળ તો કર્મ તો એ જડનું છે, પણ જ્ઞાનીને પોતાના જ્ઞાનમાં, પરનું જ્ઞાન એ સંબંધી ઉત્પન્ન થાય એ સંબંધી જ્ઞાનમાં એ ચીજ નિમિત્ત કહેવામાં આવે છે. એનો અર્થ કે જ્ઞાન થયું છે પોતાના ઉપાદાનથી. રાગનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, ક્રિયા એ સમયે થાય છે એનું જ્ઞાન એ થયું તો પોતાથી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ઉપાદાન-નિમિત્તનો મોટો ઝઘડો. અત્યારે તો એટલું કરી નાખે. ઉપાદાનવાદી આવા છે. નિમિત્તવાદી આવા. અરે બાપુ! રહેવા દે, બાપા! ભાઈ! લોકોને ખબર ન મળે. માંડ વખત કલાક-બે કલાક મળે એમાં પૂજા ને ભક્તિ ને કાંઈક સામાયિક, દિગંબરમાં બહુ સામાયિક નથી. શ્વેતાંબરમાં સામાયિક કરે ને પડિક્કમણું કરે. આહા..હા..!

ભગવાન આમ કહે છે. જુઓ, જે કોઈ '**પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાની આત્મા કરતો હોવાથી યોગ અને ઉપયોગનો કર્તા...**' ઉપયોગ શબ્દે રાગ એનો પણ '**આત્મા પણ કર્તા (કદાચિત્) ભલે હો તથાપિ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો (નિમિત્તપણે પણ કદી) નથી.**' આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્યની વાત કીધી હોં એ. પર્યાયનો કર્તા છે અને પર્યાય ભલે એમાં નિમિત્ત કહેવામાં આવે છે, પણ આ તો દ્રવ્ય તો નિમિત્તપણે પણ કદી કર્તા નથી. આહા..હા..! છે? '**આત્મા પણ કર્તા ભલે હો તથાપિ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો (નિમિત્તપણે પણ કદી) નથી.**' દ્રવ્યનો નિષેધ કરવો છેને. પર્યાય પરમાં નિમિત્ત હોય એ પણ પર્યાય કોની? જે રાગ અને યોગનો કર્તા છે એની. આહા..હા..! આ ઈશ્વરકર્તા.. ઈશ્વરકર્તા.. મારી નાખ્યાને જગતને. તો એ કર્તાની વ્યાખ્યા આચાર્યે એટલી

સ્પષ્ટ કરી નાખી. સમજાણું કાંઈ? ઈશ્વરકર્તા તો છે નહિ પણ પરદ્રવ્યના પરિણામમાં કર્તા તું એ નહિ. સમજાણું કાંઈ? તારા પરદ્રવ્યના પરિણામ... પરિણામ તો એમાં એને કારણે થાય છે. એમાં તારો આત્મા પણ નિમિત્ત નથી. ત્યારે છે કોણ હવે? આહા..હા..!

એ પરમાં કાર્ય તો તેને કાળે થયું છે. સમજાણું કાંઈ? એ કાર્યકાળમાં રાગ અને યોગનો કર્તા જે અજ્ઞાની છે એ રાગ અને યોગ એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. જ્ઞાનીને... આહા..હા..! ૨૯૪નો દાખલો. આ પુસ્તક જોયુંને એમાં હાથ આવ્યું. ચિહ્ન કર્યું હતું ઓલામાં. બીજું વાંચતાને વ્યાખ્યા એટલે હાથ ન આવ્યું પહેલું. પછી જોયું હતું. ડબલ લખાણ અને એ યાદ આવ્યુંને એમાં (છે). અને પ્રજ્ઞાછીણી.. શ્લોક પહેલા એ છે. પછી પ્રજ્ઞાછીણીનો કળશ છે ૧૮૧. આહા..હા..! સમજાય એટલું સમજો, બાપુ! આ તો ભગવાનનો અમૃત માર્ગ છે. આહા..હા..! કીધુંને માર્દવમાં કે ઘર સળગી રહ્યું છે. એને બચાવવા માટે શું? આહા..હા..! શરીરની સ્થિતિ બદલી છે. ક્ષણમાં બદલી જશે. આહા..હા..!

**'આ યોગ અને ઉપયોગ ઘટાદિક તથા ક્રોધાદિકને નિમિત્ત છે તેથી તેમને તો ઘટાદિક તથા ક્રોધાદિકના નિમિત્તકર્તા કહેવાય પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય.'** દ્રવ્ય છે એ એનો કર્તા નથી. યોગ-કંપન્ન અને રાગનો કર્તા જે અજ્ઞાની છે એ યોગ અને રાગ સામે બીજા કાર્યમાં નિમિત્તકર્તા કહેવાય, આત્મા નહિ. આત્મા તો ત્રિકાળી ધ્રુવ છે. આહા..હા..! કહો, રતિભાઈ! આવું ઝીણું છે આ. આવો માર્ગ પ્રભુનો. દુકાનમાં વેપારમાં આખો દિ' ઘૂંચ્યા ઘૂચ હોયને એટલે આ બધું અમે કરીએ છીએ, પણ એ ક્રિયાકાળમાં પણ તને જે રાગ થયો એ રાગનો કર્તા તું હો તો એ કાળમાં એને નિમિત્તકર્તા કહેવામાં આવે. બાકી તો જ્ઞાની છે એ તો રાગનો પણ કર્તા નથી, પરની ક્રિયાનો કર્તા નથી, પણ પોતાનું જ્ઞાન અને પરનું જ્ઞાન થાય એ પોતાથી થાય છે એમાં રાગ અને જે ક્રિયા થાય એ આમ નિમિત્ત થાય છે. આહા..હા..! કેટલું યાદ રાખવું આમાં?

આ ઈંજેક્શન દે છેને આ. બીજું કહેવું છે. ઈંજેક્શન છે એ ક્રિયા તો જડની છે. અહીં થાય એ જડની ક્રિયા છે. એમાં ડોક્ટરને જે રાગ થયો એ રાગનો કર્તા થાય છે તો એ ક્રિયામાં નિમિત્તકર્તા રાગને કહેવામાં આવે છે. આહા..હા..! રાગનો કર્તા જે અજ્ઞાની છે તો ઈંજેક્શનના કાળમાં કાર્ય તો એનાથી થયું છે. એ રાગનો કર્તા થાય છે એ રાગ એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સુમનભાઈ! તમારે ત્યાં ક્યાં ડૉક્ટર. તમારે ઓલું છેને પેટ્રોલનું. ઝીણું ભારે બહુ, બાપા! આહા..હા..! ભાઈ! આ તો ધીરાના કામ છે. આહા..હા..! વીતરાગમાર્ગને સમજવો એ ઘણો પ્રયત્ન (માગે છે), ધીરાનું કામ છે. આહા..હા..! એ સ્તુતિમાં ક્યાંક આવતું 'ધીરજ ધરને અધીરા...' એવું આવે છે. ઓલી છેને સજ્ઝાયમાળા. ચાર ચોપડી છેને એમાં એ આવતું હતું. દુકાન ઉપર. આહા..હા..!

**'યોગ એટલે (મન-વચન-કાયના નિમિત્તવાળું) આત્મપ્રદેશોનું ચલન અને ઉપયોગ**

**એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપયુક્ત થવું-જોડાવું. આ યોગ અને ઉપયોગ ઘટાદિક તથા ક્રોધાદિકને નિમિત્ત છે...'** આહા..હા..! રાગમાં જોડાઈ ગયોને. રાગથી ભિન્ન રહ્યો તો તો નિમિત્તકર્તા પણ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાત હવે. ઓલું તો સહેલુંસટ હતું. દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા. ...ભાઈ! શું પાળે? સાંભળને!

અહીં તો કહે છે, પરનું આયુષ્ય હતું તો પર બચ્યો. એ ક્રિયા તો પરને લઈને થઈ. હવે એમાં એને નિમિત્ત કોને કહેવું? એ જે કોઈ તે વખતે દયાનો ભાવ આવ્યો એનો એ કર્તા થાય તો એ અજ્ઞાનીનો દયાનો ભાવ એ ક્રિયાનો નિમિત્તકર્તા કહેવામાં આવે. ઓલો બચ્યો એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે, બચ્યો તો એનાથી. આ વાત. ૧૦૦મી ગાથા ગજબ કામ કર્યું છે. આહા..હા..!

**'તેથી તેમને તો ઘટાદિક તથા ક્રોધાદિકના નિમિત્તકર્તા...'** આ ક્રોધ એટલે જડ લેવું હોં કર્મ. **'નિમિત્તકર્તા કહેવાય, પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય.'** આહા..હા..! **'આત્માને સંસારઅવસ્થામાં અજ્ઞાનથી માત્ર યોગ-ઉપયોગનો કર્તા કહી શકાય.'** એનો નિમિત્તકર્તા પણ નહિ. આહા..હા..! ભાષા તો સાદી છે. સમજાય એવું છે. બહુ એવી આકરી ભાષા નથી. ભાવ ગંભીર છે. આહા..હા..! કહો, કપુરચંદભાઈ! આવી વાત છે ઝીણી. આહા..હા..! કહો, ફૂલચંદજી!

તીર્થરક્ષાનું કાર્ય એનાથી થયું. બીજો કહે 'મેં તીર્થરક્ષાનું કાર્ય કર્યું' એ તો વાત જૂઠી છે. એ વખતે એની ક્રિયા ત્યાં થવાની હતી તે થઈ, પણ એમાં જે રાગ થયો એ રાગનો કર્તા થાય છે એ અજ્ઞાની રાગનો કર્તા થયો તો એ કાર્યકાળે રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! અને જ્ઞાની... આહા..હા..! ભારે વાતું, બાપા! આકરી બહુ. તીર્થરક્ષામાં પુણ્ય કર્યા, પૈસા ભર્યા, આ કર્યા. કહો, ચાંદમલજી! આવી વાતું છે.

અહીંયાં કહે છે કે ભાઈ! એકવાર સાંભળ તો ખરો. પ્રભુ! સત્યને સત્ય તરીકે તો કબુલ કર. એ ક્રિયા જે જડમાં રક્ષાની થવાની છે એ તો એને કારણે (થઈ), પણ એણે જે પૈસા આદિ દીધા અને રાગાદિ (થયા), એ ક્રિયા તો એના પૈસાથી થયા, તે કાળે રાગ થયો અને મલિનતા થઈ. હવે એ રાગ ઉપર જેની દૃષ્ટિ છે એ રાગનો કર્તા છે, તો એ રાગ ક્રિયાકાળમાં તો એને કારણે થયો, એ રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. જ્ઞાનીના જ્ઞાનમાં સ્વ અને પરનું જ્ઞાન થયું એ સમયે રાગ અને યોગક્રિયા થઈ એ પોતાના જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. પોતાનું જ્ઞાન, પોતાને જાણવું, પરને જાણવું એમ ઉત્પન્ન થયું એ પરથી થયું નથી. એ જ્ઞાનને પરમાં નિમિત્ત કહેવામાં આવે છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૭, મંગળવાર, તા. ૩૧-૮-૧૯૭૬, ગાથા-૧૦૦-૧૦૧, પ્રવચન નં. ૧૭૧

વીતરાગનો માર્ગ સૂક્ષ્મ વિષય છે. '**દ્રવ્યદૃષ્ટિથી તો કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનું કર્તા નથી;...**' આહા..હા..! આત્મા દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો પરની કોઈ ક્રિયા થાય છે એનો એ કર્તા નથી. શરીરની, વાણીની. તમારે શું છે? રમકડા? રમકડા છેને. એ રમકડાની ક્રિયા આત્મા નથી કરી શકતો, આમ લાવવું અને દેવું, એમ કહે છે. પદમચંદજી! તમારે શું છે? શરાફ બજાર. શરાફ છે. આગ્રા.

અહીંયાં તો કહે છે કે પરજીવની દયામાં જ્યારે એનું આયુષ્ય હોય અને દયા (કરે છે) એ પરિણામ તો એના પરપદાર્થથી થયા છે. આત્મા દ્રવ્યદૃષ્ટિએ તો એ પરિણામનો કર્તા છે જ નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! પરની દયા પાળવાના પરિણામ હોય, પણ એ પરિણામ પરની દયા પાળી શકે એવી વસ્તુ નથી. સમજાણું કાંઈ? કહો, દશરથલાલજી! છે?

'**દ્રવ્યદૃષ્ટિથી...**' દ્રવ્ય એટલે આત્મદૃષ્ટિથી જુઓ તો '**કોઈ દ્રવ્ય...**' એટલે બીજા દ્રવ્યનું '**અન્ય કોઈ દ્રવ્યનું કર્તા નથી;...**' આહા..હા..!

**શ્રોતા :—** દ્રવ્યનું કર્તા નથી, પર્યાયનું તો કર્તા છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પછી પર્યાયની વાત આવશે. દ્રવ્યનું તો નહિ, હવે પર્યાય-પર્યાય વચ્ચે શું છે એ વાત ચાલે છે. શેઠ!

**શ્રોતા :—** આ થોડું કઠણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કઠણ. કોઈ દિ' સાંભળ્યું જ નથી. પૈસા ને પૈસા, આ કર્યું ને ધૂળ કર્યું. અહીંયાં કહે છે કે દ્રવ્ય નામ વસ્તુદૃષ્ટિથી જુઓ તો વસ્તુ જે આત્મા છે એ પરદ્રવ્યની કોઈ પર્યાય કરે એવી વસ્તુ નથી. આહા..હા..! '**પરંતુ પર્યાયદૃષ્ટિથી...**' વર્તમાન એની પર્યાયદૃષ્ટિથી જુઓ તો '**કોઈ દ્રવ્યનો પર્યાય...**' આત્માની જેમ કે રાગની પર્યાય '**કોઈ વખતે...**' અજ્ઞાન છે ત્યાં સુધી. કોઈ વખતનો અર્થ ઈ છે. જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી '**કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે...**' એ રાગાદિ જે પર્યાય છે એ રાગને કરનારો અજ્ઞાની છે ત્યાં સુધી. આહા..હા..! ઝીણી વાત ઘણી, બાપુ! અત્યારે તો મોટો ગોટો છે. આહા..હા..!

પરદ્રવ્યની દયાની, પૈસા દેવા-લેવાની, આ શરીર હલે છે, આ વાણી બોલાય છે એ બધી ક્રિયા જડની છે. એ પર્યાયને આત્મા દ્રવ્યથી તો કરતું નથી. કેમકે એ પર્યાય તો એ

સમયે એમાં થાય છે, તો દ્રવ્ય શું કરે? હા, હવે એના નિમિત્તપણે કોણ થાય? કે જ્યાં સુધી રાગ અને પુણ્ય-પાપના વિકલ્પનો કર્તા અજ્ઞાની થાય છે. એ છેને? **'પર્યાય કોઈ વખતે...'** અજ્ઞાનના કાળમાં, એમ. **'કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે...'** આહા..હા..! બહુ વાતું. પૈસા દીધા મેં, આ પૈસા હોય છેને? એ ક્રિયા તો જડની જડમાં થાય છે, આત્માથી નહિ. આત્મા દ્રવ્યથી પણ એમાં નિમિત્ત નથી.

હવે અજ્ઞાનીની રાગની જે પર્યાય છે એ રાગનો કર્તા અજ્ઞાની જે સમયે અજ્ઞાનમાં છે અને માને છે કે આ રાગ મારું કર્તવ્ય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ મારું કર્તવ્ય છે એમ અજ્ઞાની માને છે. ત્યાં સુધી એ કોઈ વખતે નામ જ્યાં સુધી અજ્ઞાનપણે છે ત્યાં સુધી. આહા..હા..! ઝીણી વાતું, બાપા! **'અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે...'** સમજાણું કાંઈ? આહા..હા..! આ નોટ હોયને તમારા પૈસાની નોટ. નોટું છેને. આમ જાય છે તો એ ક્રિયા તો જડને કારણે જડમાં પર્યાય થઈ છે. એ પર્યાયના કાળે દ્રવ્ય જે જીવ છે એ તો નિમિત્તકર્તા પણ નથી. એ દ્રવ્યની પર્યાય જે રાગની છે, રાગની પર્યાય જે છે એ રાગનો કર્તા જે અજ્ઞાની થાય છે એ રાગ પરની પર્યાયમાં નિમિત્ત કહેવામાં આવે છે. શરતું ભારે, ભાઈ! મૂળચંદભાઈ! ત્યાં રખડવા ગયા એમાં ક્યાંય ન મળે ત્યાં અમેરિકામાં ધૂળમાં. આહા..હા..! અરેરે..! એને સત્ય સાંભળવા મળે નહિ, પ્રભુ! એ શું કરે? આહા..હા..!

અહીંયાં તો મહાસિદ્ધાંત સિદ્ધ કર્યો કે કોઈ જડની પર્યાય થાય છે—ખાવાની, પીવાની, લક્ષ્મી આવવાની, લક્ષ્મી જવાની, શરીર આમ ચાલે, ભાષા બોલાય છે એ જડની ક્રિયા છે. જડની ક્રિયાના કાળમાં જડ એનો કર્તા છે અને એ પર્યાય એનું કર્મ નામ કાર્ય છે. હવે એને બીજી ચીજને શું કહેવું? કે બીજી ચીજ જે છે આત્મા, એ જ્યાં સુધી રાગમાં છે અને રાગમાં છે નામ રાગનો કર્તા થાય છે. અર્થાત્ રાગમાં છે એનો અર્થ શું કર્યો? કે 'હું રાગ કરું છું' એવી દૃષ્ટિ જ્યાં સુધી અજ્ઞાનીની છે, આહા..હા..! ત્યાં સુધી એ રાગને એ ક્રિયામાં નિમિત્ત કહેવામાં આવે છે. એય..! આહા..હા..!

એ તો કહ્યું હતુંને કે કેવળજ્ઞાન જે છે કેવળજ્ઞાન. ભાઈ! એ પ્રભુનો માર્ગ બહુ દુર્લભ. અત્યારે તો ક્યાંય છે જ નહિ. એય દશરથલાલજી! આહા..હા..! કેવળજ્ઞાન જે છે એ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે છે. એ લોકાલોક જે જગતની ત્રિકાળ ચીજ છે એને કેવળજ્ઞાન નિમિત્ત છે. નિમિત્તનો અર્થ? એ લોકાલોકને એણે રચ્યું નથી. સમજાણું કાંઈ? લોકાલોક તો પોતાને કારણે છે, એમાં કેવળજ્ઞાનને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત કહેવામાં આવે છે એનો અર્થ એ કેવળજ્ઞાન એને રચતું નથી અને લોકાલોકને બનાવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને લોકાલોક જે છે એ કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણવાની પર્યાય પ્રગટ થઈ એ જ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. એનો અર્થ? લોકાલોક છે માટે કેવળજ્ઞાન થયું એમ છે? આહા..હા..! સમજાણું કાંઈ?

એમ અહીંયાં કહે છે... આહા..હા..! એ ત્યાં લોકાલોકની સાથે નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ બતાવ્યો. કર્તા-ફર્તા કોઈનું કોઈ નહિ. આહા..હા..! એમ નીચેના દરજ્જામાં જ્યાં સુધી રાગી પ્રાણી રાગનો કર્તા થાય છે, સ્વભાવનું ભાન નથી, સમ્યગ્દર્શન શું ચીજ છે અને એનો વિષય શું છે એની ખબર નથી, મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સુધી શુભ-અશુભરાગનો વિકલ્પ જે આવે છે એનો એ કર્તા થાય છે. એ કર્તા થાય છે એ રાગ, એની ક્રિયાકાળે તો એના કારણે થયું છે. આ હાથ ચાલે છે, વાણી બોલાય છે ભાષા, ચીજ આવે છે, જાય છે, પૈસા દેવા-લેવાની ક્રિયા થાય છે એ તો એને કારણે થઈ છે. એમાં અજ્ઞાનીનો રાગ, રાગનો કર્તા છે તેથી એ ક્રિયાકાળમાં રાગી પ્રાણી અજ્ઞાનીનો રાગ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! અરે..! આ તે કાંઈ બેસે?

આ બધા મોટા વેપાર કરે લાખોના, કરોડોના. એય.. શેઠ! લ્યો, એ તો મોટા શેઠ છે. ૬૦-૬૦ તો મોટરું છે ઘરે. કરતાં હશેને એ બધું? એ કરી શકતા હશેને? ધૂળેય કરતો નથી હવે. એ સાગરવાળા જાણો છો? કૈલાસચંદજી! ભગવાનદાસ. સાગર. એના નાના ભાઈ શોભાલાલ. બેય ભાઈ આવ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છે, બાપા!

દાળ, ભાત, શાક જે અહીંયાં મોઢામાં આવે છેને? એ ક્રિયા તો જડની જડથી થઈ છે. એ જડમાં આત્મા દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય એમાં નિમિત્ત પણ નથી, પણ એ પર્યાયને કાળે અજ્ઞાની રાગનો કર્તા જે થાય છે એટલે કે જેની પર્યાય ઉપર બુદ્ધિ છે, રાગ ઉપર બુદ્ધિ છે એવો અજ્ઞાની એ ક્રિયાકાળમાં એને નિમિત્ત કહેવામાં આવે છે. રાગને નિમિત્ત કહેવામાં આવે છે, દ્રવ્યને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ વાત છે, ભાઈ! એણે કદી સાંભળી જ નથી અંદરથી. અને એ શું છે અને સર્વજ્ઞ શું કહે છે એની ખબર જ નથી. આમ આમ અમે કરીએ છીએ, આમ કરીએ ને આમ કરીએ. વાત એવી છે ખબર છેને, બાપુ! અમે તો આખું હિન્દુસ્તાન જોયું છે. આહા..હા..! ઈ શેઠ કહે છે. આહા..હા..!

જુઓ, આ આંગળી છેને? આમ આમ થાય છે. એ ક્રિયા તો જડની છે. એ કાળે જડની ક્રિયા આંગળીની છે. એમાં આત્મા દ્રવ્ય જે વસ્તુ છે એ નિમિત્ત પણ નથી. ફક્ત આત્મા જે અજ્ઞાની છે, જેની દૃષ્ટિ પર્યાય ને રાગ ઉપર ને વિકલ્પ ઉપર છે એ વિકલ્પનો કર્તા જે અજ્ઞાની થાય છે એ કર્તા વિકલ્પનો થાય છે એ વિકલ્પ એ ક્રિયાકાળે નિમિત્ત કહેવામાં આવે છે. લોજિક તો આમ છે, ભાઈ! સમજાણું કાંઈ? એ સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય છે નહિ ભાઈ! ત્રણલોકના નાથ ઈન્દ્ર અને ગણધરની વચ્ચે દિવ્યધ્વનિ દ્વારા આ વાત કહેતા હતા. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આહા..હા..! આ શું તમારે હવે લાદી-ફાદીનું કરવું છે? આહા..હા..!

શું કહે છે? એક રોટલી ઉપડેને. રોટલી છેને નીચે. આમ ઉપડી. એ આંગળીથી પણ નથી ઉપડી. એ તો પોતાની ક્રિયાવર્તી શક્તિથી ઊંચી ઉઠી છે, આત્માથી નહિ, આંગળીથી

નહિ. હવે એ પર્યાયમાં નિમિત્ત કોણ? એટલું. કર્તા નહિ. આહા..હા..! ઉપાદાનની ક્રિયા ઉપાદાનથી પોતાથી થઈ છે. એમાં નિમિત્ત કોને કહીએ બીજા દ્રવ્યને? કે જે પ્રાણી રાગ અને વિકલ્પનો કર્તા અજ્ઞાની થાય છે, જેની દૃષ્ટિ રાગ અને વિકાર ઉપર છે, સ્વરૂપ ઉપર નથી, એવા રાગને કરનારો પ્રાણી એ ક્રિયાકાળમાં એ રાગને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! અરેરે..! આ શું છે આ તે! ચીમનભાઈ! આવો માર્ગ છે, બાપુ! આહા..હા..! આ તો અમે પરનું કરી દઈએ, પરની દયા પાળી દઈએ. આહા..હા..! બહુ વાત ફેર છે, બાપુ! મૂળ શ્રદ્ધામાં ફેર છે. સમજાણું કાંઈ? દશરથલાલજી!

**શ્રોતા :—** મોટી સ્વતંત્રતા છે કણ-કણની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કણ-કણની સ્વતંત્રતા. આહા..હા..!

**'પરંતુ પર્યાયદૃષ્ટિથી કોઈ દ્રવ્યનો પર્યાય...'** જેમ માટીમાંથી ઘડો બને છે. દૃષ્ટાંત. એ ઘડાનું કાર્ય માટીએ કર્યું છે, કુંભારે નહિ. જેને એનું નિમિત્ત કહીએ તો જે કુંભાર રાગનો કર્તા થાય છે અજ્ઞાની એ ક્રિયાકાળમાં એ રાગને નિમિત્ત કહેવામાં આવે છે. દ્રવ્યને નહિ, રાગને. આહા..હા..! નવરંગભાઈ! સમજાણું કાંઈ? સત્ય વસ્તુ એવી છે, ભગવાન! અત્યારે તો ગડબડ એટલી બધી ચાલી છે કે એનો ક્યાંય મેળ નથી. આહા..હા..!

અહીં કહે છે કે એ પર્યાયમાં એ દ્રવ્યની પર્યાય રાગની (છે)... **'કોઈ વખતે...'** કહ્યું ને? દ્રવ્યની પર્યાય એટલે રાગને કરનાર જીવ, **'કોઈ વખતે...'** એટલે રાગ કરે છે ત્યાં સુધી **'કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને...'** ઘડો જેમ થયો એ પર્યાયને કુંભાર જે રાગનો કર્તા છે એ ઘડાનો કર્તા તો નહિ, પણ માટીથી ઘડાની જે પર્યાય થઈ એને કુંભાર જે અજ્ઞાની છે, રાગનો કર્તા છે એ રાગ એને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી પરમાં બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શેઠ! બહુ ઝીણું, બાપા! અરેરે..! હજી સત્ય શ્રદ્ધાનું સ્વરૂપ શું છે? મિથ્યાશ્રદ્ધા કોને કહે એની ખબર ન મળે. એ તો કહે છે કે જેટલો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ થયો એ ભાવ રાગ છે, એ રાગનો કર્તા જે થાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિ જીવ અનેરી પર્યાય એનાથી થઈ છે—પરથી, એ પર્યાયમાં અજ્ઞાનીનો રાગ નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સુજાનમલજી! આકરી વાત, બાપા!

**'તેથી આ અપેક્ષાએ...'** આ અપેક્ષાએ અર્થાત્ જે કોઈ પ્રાણી શુભરાગ થાય છે એનો કર્તા થાય છે કે મારું કર્તવ્ય આ છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ રાગને કરનારો મિથ્યાદૃષ્ટિ છે એ રાગ ઘડાને કાળે માટીથી ઘડો થવાનો હતો એ તો થયો છે, એને રાગનું નિમિત્ત કહેવામાં આવે છે. રાગવાળાનો રાગ જે છે એ એમાં નિમિત્ત કહેવાય છે. આહા..હા..! ભારે આકરું, બાપા! કૈલાસચંદજી માંડ આવ્યા છે એમાં આવું આવ્યું. આ તો બહેન લાવ્યા હશે કે ચાલો. આવ્યા છે કે નહિ? આહા..હા..! મારગડા બાપા, શું કહીએ? મૂળચંદભાઈ! આહા..!

**'તેથી આ અપેક્ષાએ...'** કઈ અપેક્ષાએ? જ્યારે એ ઘડાની પર્યાય થઈ, અરે..! રોટલીની

પર્યાય થાય છે. એ વેલણ વેલણ કહે છે? શું કહે છે? રોટલી જે થાય છે એ વેલણથી નહિ. એ રોટલી જે પહોળી થાય છે એ ક્રિયા જડથી જડમાં એ પરમાણુથી (થાય છે). વેલણથી નહિ. એ રોટલીના જે પરમાણુ છે એ પરમાણુથી આમ લાંબી પર્યાય થઈ તો એ પરમાણુ એ પર્યાયનો કર્તા છે. આહા..હા..! એ આંગળી કર્તા નથી, બીજો જીવ છે એ જીવદ્રવ્ય કર્તા નથી. બીજો જીવ છે એ જ્ઞાની છે તો જ્ઞાનની પર્યાય પણ એની કર્તા નથી. આહા..હા..! અજ્ઞાની જે છે એ રાગનો કર્તા થાય છે, પુણ્યભાવનો કર્તા થાય છે, એ રાગ રોટલીના કાળે નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વાત છે, બાપા! આહા..હા..! સમજાણું કાંઈ? ઘરાકને જ્યારે ભાષા દ્વારા સમજાવે છે... સાંભળો! આ વેપારીને માટે. ભાઈ! વેપારીની વાત નાખીએ. એઈ..! આ મોટા વેપારી છે. આહા..હા..! ધૂળનાય વેપારી નથી. ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! સત્યનું સ્વરૂપ શું છે? સત્યના વેલણા કઈ જાતના છે? આહા..હા..! કહે છે કે એ ચીજ ભાષા દ્વારા ઘરાકને સમજાવવામાં આવે છે કે આવો ભાઈ! એ ભાષાની પર્યાય તો શબ્દવર્ગણાથી થઈ છે, આત્માથી નહિ, આ હોઠથી નહિ.

**શ્રોતા :—** જીભથી તો ખરીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જીભથી પણ નહિ. આ તો થોડા-થોડો દાખલો આપીએ છીએ. તો એને સમજાય, ખ્યાલમાં આવે. કહો, જાંજરી! પરમસત્ય છે. એ ત્યાંના મંત્રી છે. મક્ષી-મક્ષી. મક્ષી છેને? શું? તીર્થધામ. એના એ મંત્રી છે જાંજરી. આહા..હા..! આત્મા શું કરે છે? અરે..! સાંભળ તો ખરો એકવાર.

જ્યારે ભાષા બોલાય છે એ ભાષાની પર્યાયનો કર્તા એ ભાષાવર્ગણા છે, એનું એ ભાષાની પર્યાય કાર્ય છે. હવે એમાં નિમિત્ત કોને કહીએ? તો કહે છે, ત્રિકાળી દ્રવ્યને નિમિત્ત કહેવામાં આવતું નથી. હવે જેને રાગ છે.. જ્ઞાનીને પણ નિમિત્ત કહેવામાં આવતા નથી. આહા..હા..! કેમકે જ્ઞાની રાગને જાણનાર છે, રાગને કરનાર નથી. સમજાણું કાંઈ? માટે જ્ઞાની એ ભાષાની પર્યાયમાં નિમિત્ત પણ નથી. આહા..હા..! ઊલટો ભાષાની પર્યાય જે થાય છે એ, જ્ઞાનીએ પોતાનું જ્ઞાન કર્યું છે એમાં પરપ્રકાશકનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થયું છે, એમાં ભાષાની પર્યાય નિમિત્ત કહેવામાં આવે છે. એ જ્ઞાનમાં આમ નિમિત્ત કહેવામાં આવે છે. એની પર્યાયમાં જ્ઞાની નિમિત્ત છે એમ નથી. આહા..હા..! આવી વાતું. સમજાણું કાંઈ?

ત્યારે હવે નિમિત્ત કોને કહીએ? કાર્ય તો થયું છે એ કાળે. ભાષાનું ભાષાથી હોં! આત્માથી નહિ. પણ એ ભાષાની પર્યાયના કાળમાં જે અજ્ઞાની રાગનો કર્તા થાય છે. બોલવાની ઈચ્છા થઈ અને ઈચ્છાનો કર્તા થાય છે એ ઈચ્છાને ભાષાની પર્યાયમાં નિમિત્તકર્તા કહેવામાં આવે આવે છે. અજ્ઞાનીને. આહા..હા..! ઝીણું છે, બાપા! ઝીણી વાત છે આ. એમાં બહારને બહાર રહ્યા અને સમજાઈ ગયું એવી નથી આ ચીજ. આહા..હા..! બહુ ઝીણું તત્ત્વ વીતરાગનું.

બહારમાં તો આટલું ઝીણું બોલાય નહિ. કારણ કે સાધારણ માણસ હોય. અહીં તો સોનગઢ એટલે (લેવાય). જાડી બુદ્ધિ બિચારાને અને સાધારણ માણસ. એને તત્ત્વનું શું નિમિત્ત અને શું કર્તા અને શું કાર્ય ને... આહા..હા..!

અહીં કહે છે કે એ ભાષાની જે પર્યાય થાય છે એમાં હોઠ પણ કર્તા નથી, જીભ પણ કર્તા નથી, આત્મા કર્તા નથી, આત્માનો રાગ એ પણ એનો કર્તા નથી, પણ એ કાળે રાગને કરનાર અજ્ઞાની એ રાગને ભાષાની પર્યાયના કાળમાં રાગને નિમિત્ત કહેવામાં આવે છે. એકપણ શબ્દ ફરેફાર થાય તો આખું તત્ત્વ ફરી જશે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે બાપા, વીતરાગ સર્વજ્ઞ પ્રભુનો. અરેરે..! સત્ય સાંભળવા મળે નહિ એ સત્યને ક્યારે વિચારે અને ક્યારે બેસે એને? આહા..હા..! સમજાણું કાંઈ? ગીરધરભાઈ! શું આ બધા તમારા કામ કર્યાને તમે. અભિમાન કર્યા. એ કાર્યકર્તા છે દેશના. આહા..હા..! આ કાર્યકર્તાઓ કેવા છે એમ કહે છે.

પરમાં કાર્ય તો એનાથી પોતાથી થયું છે, પણ એ કાર્યકાળમાં જીવદ્રવ્ય જે છે એને નિમિત્ત કહેવામાં આવતું નથી અને જે રાગનો કર્તા નથી-જ્ઞાની છે એને પણ એમાં નિમિત્ત કહેવામાં નથી આવતો. આહા..હા..! પણ જે કોઈ રાગનો કર્તા થાય છે, બુદ્ધિ રાગ ઉપર પડી છે, ભગવાન આમ જ્ઞાયક ભિન્ન છે એનું ભાન નથી, તો જેને ભાન નથી એ રાગનો કર્તા થાય છે એ કાર્યકાળે રાગને નિમિત્ત કહેવામાં આવે છે, બસ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! વાત એવી છે સૂક્ષ્મ! આ દેહની ક્રિયા થાય છેને. સાંભળો! વિષયના ભોગ કાળે દેહની ક્રિયા જે થાય છે. સાંભળો ભગવાન વાત. આહા..હા..! ભગવાન ત્રણલોકનો નાથ આમ કહે છે કે એ દેહની ક્રિયા ભોગની જ્યારે થાય છે એ ક્રિયાનો કરનારો એ દેહના પરમાણુ છે. સમજાણું કાંઈ? એ દેહની ક્રિયા આમ-આમ થાય છે એ પર્યાયનો કર્તા એ પરમાણુ છે. આહા..હા..! તો એ દેહની ક્રિયામાં નિમિત્ત કોને કહીએ?

કહે છે કે જે જ્ઞાની છે એને રાગ આવે એનો એ જાણનાર રહે છે. એ રાગ મારું કર્તવ્ય છે એમ જ્ઞાની માનતો નથી. આહા..હા..! જ્ઞાનીમાં જ્ઞાનીની પર્યાય એ ભોગની દેહની ક્રિયાકાળે એ પર્યાય નિમિત્ત પણ નથી. આહા..હા..! ગજબ છે, પ્રભુ! તારી દશા સ્વતંત્ર કેવી રીતે થાય છે (એની ખબર નથી); પણ અજ્ઞાની જે રાગનો કર્તા થાય છે એ દેહની ક્રિયાના કાળે દેહની ક્રિયા દેહથી થાય એમાં અજ્ઞાની રાગનો કર્તા થાય છે તો રાગ એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે, પ્રભુ! એ તો અહીં સોનગઢમાં ચાલે આવું ઝીણું. બહાર બધું ચાલે. બિચારા માણસ કો'ક દિ' બે-ચાર દિ' સાંભળવા આવ્યા હોય એમાં આવું નાખે તો સમજે કોણ ત્યાં? આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા કહેવાય છે.'** આહા..હા..! નિમિત્તકર્તા નામ નિમિત્ત છે તો ત્યાં કાર્ય તો એનાથી થયું.

આરોપ અહીં અજ્ઞાનીમાં આવ્યો. નિમિત્તકર્તા એને કહેવામાં આવે છે. કહો, મૂળચંદભાઈ! આહા..હા..! અમેરિકામાં ત્યાં ક્યાં હતું કાંઈ ઠેકાણું? ઓલા ભાઈ અમેરિકા ગયા છે. ડાહ્યાભાઈ નહિ, જજ? જજ છેને જજ. એ અમેરિકા ગયા છે. ત્યાં કાંઈક વાંચતા હતા અહીંનું. હુશિયાર માણસ છે. ડાહ્યાભાઈ જજ-જજ છેને. અહીં જજ હતાને અમદાવાદમાં. કોર્ટના જજ હતા. છોડી દીધું. એ ત્યાં ગયા હતા. ત્યાં વાંચતા હતા અમેરિકામાં. આવી ગયા છે કહે છે. આહા..હા..! હુશિયાર માણસ છે જજ મગજવાળો માણસ છે. આ વાત એને બહુ રુચિ છે, બેઠી છે.

શું કહ્યું? આહા..હા..! આ દેહના રજકણ છેને આ માટી ધૂળ. એ દેહની ક્રિયા થાય છે તો દેહના પરમાણુ એની ક્રિયાના પરિણામનો કર્તા છે. એ સમયે દ્રવ્ય જે આત્મા છે એ પર્યાયનો આત્મા દ્રવ્ય છે એ કર્તા નથી. જો દ્રવ્ય કર્તા હોય તો જ્યાં-જ્યાં કાર્ય થાય ત્યાં-ત્યાં દ્રવ્યની હાજરી રહેવી જોઈએ. તો કસાઈખાના પણ હોય તે કાળે દ્રવ્ય જો નિમિત્ત હોય તો તે વખતે નિમિત્તની હાજરી હોવી જોઈએ, તો કદી એ રાગથી છૂટે અને રાગ ઘટે એવો અવસર એને મળે નહિ. માટે દ્રવ્ય નિમિત્ત નથી. હવે દ્રવ્યની પર્યાય જે રાગ છે. આહા..હા..! એ રાગ જે છે એનો જે અજ્ઞાની કર્તા થાય છે એ રાગને દેહની ક્રિયાના કાળમાં, ઉપાદાન તો એનાથી થયું છે, આ રાગ એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત પ્રભુ શું છે? ભાઈ! એ મારગડા બહુ પ્રભુના જુદા છે, બાપા! આ દુનિયાએ બહારથી મનાવીને માની લીધા.

અહીં તો કહે છે કે પરની દયા પાળવાના પરિણામ તો પરથી થયા છે. એમાં મહાવ્રતનો રાગ આવ્યો, હું આને ન મારું એવો રાગ. મહાવ્રતનો ભાવ રાગ છે, એ ધર્મ નથી. એ રાગનો જે કર્તા થાય છે કે 'રાગ મારું કર્તવ્ય છે અને રાગથી હું પરની દયા પાળી શકું છું' એવી જેની દૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ છે. તો મિથ્યાદૃષ્ટિનો રાગ, દયા પાળવાના પરિણામ તો પરમાં એનાથી થયા છે, આ રાગને એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! અને જે ધર્મીજીવ છે એને રાગ આવ્યો છે, પણ અહીંયા જ્ઞાનમાં સ્વપરપ્રકાશકનું ભાન થયું છે તો પોતાના પરપ્રકાશમાં રાગ નિમિત્ત છે. આમ નિમિત્ત છે, આમ નિમિત્ત નથી. અરેરે..! આ શું કહે છે આ તે કાંઈ? એય નવરંગભાઈ! બાપા! મારગડા બાપુ, આ તો ત્રણલોકના નાથ જિનવરદેવ, ગણધરો અને ઇન્દ્રોની વચમા પ્રભુ ફરમાવતા હતા એ વાત છે આ. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. સાક્ષાત્ ત્રણલોકનો નાથ. એ આ કહેતા હતા. કુંદકુંદચાર્ય ત્યાં ગયા હતા અને સાંભળીને આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**દ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા કહેવાય છે.**' આહા..હા..! '**પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનું કર્તા છે,...**' અજ્ઞાની રાગનો કર્તા થાય, પણ પરનો કર્તા તો ત્રણકાળમાં નથી. આહા..હા..! '**અન્યના પરિણામનું અન્યદ્રવ્ય કર્તા નથી.**' અન્ય દ્રવ્યના જે પરિણામ

તે કાળે થાય છે એનો આત્મા કર્તા થતો નથી. આહા..હા..! લ્યો, હવે ગાથા આપે છે. આહા..હા..!

‘**હવે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે એમ કહે છે :—**’ જુઓ, અજ્ઞાની રાગનો કરનારો છે. ‘રાગ મારું કર્તવ્ય છે. મહાવ્રતના પરિણામ રાગ છે એ મારું કર્તવ્ય છે’ એમ માનનારા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની પરની ક્રિયાકાળમાં એ રાગને નિમિત્ત કહેવામાં આવે છે. હવે જ્ઞાની, જેને આત્મજ્ઞાન થયું છે... આહા..હા..! હું તો સ્વપરપ્રકાશક જ્ઞાયકસ્વભાવ છું. હું રાગ નહિ, નિમિત્ત નહિ, પર નહિ. આહા..હા..! એવો સમ્યગ્દૃષ્ટિ જીવના પરિણામ કેવા છે એ બતાવે છે. આહા..હા..! ૧૦૧. મૂળ ગાથા.

**जे पोग्गलदव्वाणं परिणामा होंति णाणआवरणा।**
**ण करेदि ताणि आदा जो जाणदि सो हवदि णाणी।।१०१।।**

નીચે હરિગીત.

**જ્ઞાનાવરણાદિક જે પુદ્ગલ તણા પરિણામ છે,**
**કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.**

આહા..હા..! ટીકા. પહેલા દૃષ્ટાંત આપે છે. બહુ અસલ ગાથાઓ છે. ૧૦૦થી.. ૯૯, ૯૮ બધી ગાથા અલૌકિક વાત છે! શાંતિથી સાંભળવું, પ્રભુ! આ વાત તો અપૂર્વ અનંત કાળમાં નથી થઈ એવી વાત કહે છે.

‘**ટીકા :— જેવી રીતે દહીં-દૂધ કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈને...**’ ગોરસ છેને દૂધ આદિ? ગોરસ. એ ગોરસ દ્વારા દૂધ-દહીંના પરિણામ થયા છે. દૂધ-દહીંના પરિણામ ગોરસ છેને. ગાયનું દૂધ રસ. એમાં ખાટા-મીઠા પરિણામ જે થયા એ ગોરસ દ્વારા થયા છે. ‘**ગોરસ વડે વ્યાપ્ત થઈને (-વ્યપાઈને) ઊપજતા...**’ આહા..હા..! એ ‘**ગોરસના ખાટા-મીઠા પરિણામ છે,...**’ ગોરસ સામાન્ય કીધું. એના જે ખાટા-મીઠા જે પરિણામ છે એ એનું કાર્ય છે. આહા..હા..! ખાટા-મીઠાની અવસ્થા ગોરસનું કાર્ય છે. ગોરસ કર્તા અને ખાટા-મીઠા પરિણામ એનું કર્મ છે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય દૃષ્ટાંત કેવું આપે છે!

‘**તેમને ગોરસનો તટસ્થ જોનાર પુરુષ...**’ આ દૂધ ઊનું કરે છેને? પછી બાયું બેસે. અધમણ-મણ દૂધ હોય તો બાયું બેસે ત્યાં ધ્યાન રાખવા. કોઈ માખી ન પડે. કહે છે કે સમકિતી જીવ છે ત્યાં એ દેખનારો જીવ છે. એ ‘**તટસ્થ જોનાર પુરુષ કરતો નથી,...**’ ખાટા-મીઠાના પરિણામ જોનાર પુરુષ કર્તા નથી. ખાટા-મીઠાના પરિણામનો કર્તા તો ગોરસ છે. ખાટા-મીઠાના પરિણામ ‘**તટસ્થ જોનાર પુરુષ કરતો નથી,...**’ આહા..હા..! આવી હવે નવરાશ ક્યાં હતી. ધંધા આડે એક તો નવરો નથી. એય પોપટભાઈ! એમાં કો'ક દિ' કલાક વખત મળે બે કલાક એમાં માથે જે કહે, જી હા. અરે પ્રભુ! જીંદગી જાય પ્રભુ, તારી. અને જેટલા સમયો જાય છે એ મૃત્યુની સમીપ જાય છે. આહા..હા..! જેટલી સ્થિતિ

એટલી સ્થિતિ રહેવાની છે. એક સમય ઘટે નહિ અને એક સમય વધે નહિ. આહા..હા..! જેટલો સમય જાય છે એ મૃત્યુના કાળમાં સમીપ જાય છે. આહા..હા..! એમાં જો આ કાર્ય ન કર્યું... આહા..હા..! પ્રભુ! ક્યારે અવસર મળશે તને? સમજાણું કાંઈ? બાયડી ને છોકરા ને કુટુંબ ને આબરુ ને કરવા માટે મરી ગયો આખો દિ'. ધૂળેય નથી. એ તો પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! સ્ત્રીને રાજી રાખવામાં, પુત્રને રાજી રાખવામાં આખી જીંદગી એમને એમ આઠ-આઠ, દસ કલાક જાય. સૂવાના ટાણે સૂતો હોય ત્યાં એને ક્યાં એ વખતે.. છ કલાક. આહા..હા..!

કહે છે... ભારે દૃષ્ટાંત. અજબની વાતું છે આ તો. ગોરસના પરિણામની ખાટા-મીઠી જે અવસ્થા છે એ ગોરસ વ્યાપ્ત થઈને ખાટા-મીઠા પરિણામ થયા છે. જોનારે અંદર ઘૂસીને ખાટા-મીઠા પરિણામ કર્યા છે એમ છે નહિ. એક વાત. છે? એ **'ગોરસનો તટસ્થ...'** તટસ્થ, તટસ્થ. ઊભો છે, જોવે છે કે આ ખાટા-મીઠા પરિણામ છે. એ તટસ્થ. જેમ કાંઠે ઊભો હોયને માણસ. કાંઠે નદી કિનારે. નદી ચાલતી હોય તો એ કાંઠો તટસ્થ છે. એ નદીને ચલાવતો નથી. તટ-સ્થ. નદીના કિનારાને આખો તટ કહીએ. સ્થ-એ કિનારો કિનારાના સ્થાને છે, એ નદીને ચલાવવામાં કર્તા નથી. આહા..હા..! એમ ગોરસના પરિણામ ખાટા-મીઠાના થાય છે. બહુ દૂધ હોયને અધમણ-મણ દૂધ. એને થોડું ગરમ કરે પછી થોડી છાશ નાખે અને પછી થોડીવાર ઠારે. આમ એકદમ ઊનું હોય છે એટલે ન રાખે. બાયું બેસે થોડી વાર પાંચ-દસ મિનિટ. ઠરેને પછી ઢાંકીને એક કોર મૂકી દે. તો કહે છે કે એ તટસ્થ માણસ ત્યાં બાઈ બેઠી હોય કે આદમી હોય, એ ખાટા-મીઠા પરિણામને દેખે છે. ખાટા-મીઠા પરિણામને એ કરતો નથી. આહા..હા..! છે?

**'તેમને ગોરસનો તટસ્થ જોનાર...'** તટસ્થ જોનાર. કાંઠે બેઠો જેમ. કાંઠો અવસ્થા તટ છે. નદી ચાલી જાય છે એમાં તટસ્થ છે એ તો એમાં નિમિત્ત છે, પણ કર્તા નથી. આહા..હા..! એમ **'જોનાર પુરુષ કરતો નથી, તેવી રીતે...'** જરી સૂક્ષ્મ વાત આવી. ભગવાન. **'જ્ઞાનાવરણ ઈત્યાદિ કે જેઓ...'** કર્મ બંધાય છે. આહા..હા..! શાસ્ત્ર સાંભળેને કે જ્ઞાનાવરણીય કર્મ છે, ચોથે ગુણસ્થાને જ્ઞાનાવરણીય કર્મ છે, એકલા જ્ઞાનનું લઈએ છીએ, હોં! પછી આઠનું લેશું. એ સમજે છે કે આ જ્ઞાનાવરણી કર્મ એ કર્મની પર્યાય જ્ઞાનાવરણીય પુદ્ગલથી થઈ છે, આત્માથી નહિ. આહા..હા..! તે કાળે જ્ઞાનાવરણીય કર્મની પર્યાય જ્ઞાનાવરણીય પુદ્ગલથી થઈ છે, આત્માના કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનાવરણ આદિ છે. પછી દરેકને ભિન્ન પાડશે. **'જેઓ ખરેખર પુદ્ગલદ્રવ્ય વડે વ્યાપ્ત થઈને...'** આહા..હા..! એ જ્ઞાનાવરણીય કર્મની પર્યાય જે થાય છે એ પુદ્ગલદ્રવ્ય વડે વ્યાપ્ત થઈને થાય છે. આત્મા એમાં વ્યાપ્ત થઈને થાય છે એમ નથી. આહા..હા..! **'ઊપજતા પુદ્ગલદ્રવ્યના પરિણામ છે,...'** એ તો પુદ્ગલદ્રવ્યના, જ્ઞાનાવરણીય પરિણામ પુદ્ગલના

છે. આહા..હા..! '**તેમને જ્ઞાની કરતો નથી;...**' જ્ઞાનાવરણીય પર્યાયનો આત્મા—જ્ઞાની કર્તા નથી. અજ્ઞાની રાગનો કર્તા થાય છે એ મિથ્યાદૃષ્ટિ કર્મની પર્યાયમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! જેમ એ ખાટા-મીઠા પરિણામનો કર્તા ગોરસ છે, તટસ્થ દેખે છે, બસ, એમ જ્ઞાનીને કાનમાં પડી વાત. પોતાના જ્ઞાનનું ભાન છે, હું તો ચૈતન્યમૂર્તિ છું, હું તો જાણકસ્વભાવી ભગવાન આત્મા છું એવું ભાન થયું એવા સમ્યગ્દૃષ્ટિને જે કર્મની પર્યાયની વાત કાને પડી તો ખ્યાલ આવ્યો કે આ જ્ઞાનાવરણીય છે. તો એ જ્ઞાનાવરણીય પરિણામનો કર્તા એ જ્ઞાની નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

'**પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે, તેમને જ્ઞાની કરતો નથી;...**' જ્ઞાનાવરણીય પર્યાય બંધાય એનો કર્તા જ્ઞાની આત્મા નહિ, સમકિતી નહિ. આહા..હા..! છ કારણે જ્ઞાનાવરણીય બંધાય છેને. જ્ઞાનની અશાતના, જ્ઞાનને ઓળવવું આદિ છ બોલ. હા, એ. તત્વાર્થસૂત્ર. એ છ બોલનો કર્તા જે થાય છે એ જ્ઞાનાવરણીય કર્મમાં એ રાગની પર્યાયને નિમિત્ત કહેવામાં આવે છે, પણ જ્ઞાનીને તો નિમિત્તકર્તા પણ નથી કહેવાતું. આહા..હા..! ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને કર્મ બંધાય છે એમ જ્ઞાનીને ખ્યાલમાં આવ્યું, પણ એ જ્ઞાની જ્ઞાનાવરણીય પર્યાય બંધાય છે એનો કર્તા તો નથી. આહા..હા..! '**પરંતુ જેવી રીતે તે ગોરસનો જોનાર,...**' આહા..હા..! ગજબ વાત છે! '**ગોરસને જોનાર, પોતાથી (જોનારથી) વ્યાપ્ત થઈને ઊપજતું જે ગોરસ-પરિણામનું દર્શન (જોવાપણું)...**' ગોરસના પરિણામ જે દેખાય છે એ દર્શનમાં વ્યાપ્ત છે, જોવાના પરિણામમાં વ્યાપ્ત છે, પણ ગોરસના પરિણામમાં એ વ્યાપ્ત નથી. આહા..હા..! આ તો કર્તાકર્મની બેહદ વાત છે. આહા..હા..!

આ દુકાને ડાહ્યો માણસ બેસેને પછી બરાબર ઘરાક સાચવીએ છીએ, અમે આમ કરીએ છીએ, અમે આમ કરીએ છીએ. એ તો પરદ્રવ્યની પર્યાયનો કર્તા થાય છે એ તો મૂઢ છે, પણ પરદ્રવ્યની પર્યાયમાં રાગનો કર્તા નિમિત્ત કહેવું એ મૂઢ છે. આહા..હા..! '**ગોરસને જોનાર, પોતાથી (જોનારથી)...**' જુઓ, પોતાથી જોનાર કહ્યો. એ ગોરસની પર્યાય છે માટે એનાથી જોવે એમ નહિ. સ્વતઃ પોતાથી દેખે છે. આહા..હા..! ખાટા-મીઠા પરિણામને જોવે છે એ સ્વતઃ પોતાથી જોવે છે. ગોરસના પરિણામ જણાયા માટે એનાથી અહીં જણાય છે એમ નથી. એ સ્વતઃ પોતે જ્ઞાતા-દૃષ્ટા પરિણામથી જોવે છે. ભારે ઝીણું, બાપુ! આહા..હા..!

'**ઊપજતું જે ગોરસ-પરિણામનું દર્શન (જોવાપણું) તેમાં વ્યાપીને,...**' એ ખાટા-મીઠા પરિણામને જોનાર, જોનારા પરિણામમાં વ્યાપ્ત થઈને '**માત્ર જુએ જ છે,...**' આ કોઈ દિ' વાંચ્યું પણ નથી, શેઠ! ઘરમાં રાખ્યા. ઓલા ચોપડા-પૈસા ફેરવ્યા. આ શું છે એ વાંચ્યું પણ નથી અને સાંભળ્યું પણ નથી. આમ તો કરોડો રૂપિયા ભેગા કર્યા છે ત્યાં. ૬૦-૬૦ તો મોટી મોટરું છે ઘરે. મોટરનું ઓલું છે શું કહેવાય સુધારવાનું? ગેરેજ. અમારો ઓલો મોટરવાળો હતો એ પણ સુધરાવતો હતો ત્યાં. મફત છે ચાલો ઘરનું છે. અરે..!

ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એ મોટરની પર્યાય જે મોટરથી સુધરે કે બગડે એ પરિણામનો કર્તા તો એ મોટર છે. એ પરિણામના કાળે, જેમ ગોરસના ખાટા-મીઠા પરિણામ જોનાર પોતાના જોવાના પરિણામમાં વ્યાપીને જોવે છે, એમ મોટરની થવાવાળી પર્યાયને જ્ઞાની પોતાના જોવાના પરિણામમાં વ્યાપીને એને જોવે છે, એનો નિમિત્તકર્તા પણ નથી.

**શ્રોતા :—** વગર પેટ્રોલે મોટર ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વગર ઓલે મોટર ચાલે છે. પેટ્રોલથી ચાલે? પરદ્રવ્યથી પરદ્રવ્ય ચાલે કેવી રીતે? અરે..! માર્ગ બહુ ફેર છે, બાપા! ખબર છેને. અમે તો આખું હિન્દુસ્તાન જોયું છેને. આહા..હા..! સૂક્ષ્મ વાત.

શું કહે છે? જ્ઞાનાવરણીય છ પ્રકારે બંધાય છે. એ જ્ઞાનાવરણીય બંધમાં પરિણામ તો જ્ઞાનાવરણીથી થયા, પણ જ્ઞાનાવરણીય બંધમાં જે નિમિત્ત પરિણામ છે એ પરિણામનો જ્ઞાની કર્તા નથી, એ પરિણામને જાણનાર છે. આહા..હા..! તો એ પરિણામને જાણનાર ધર્મી એ જ્ઞાનાવરણીય પર્યાયમાં નિમિત્ત પણ નથી. આહા..હા..! એને તો જ્ઞાનાવરણીયના પરિણામ જણાયા એ પોતાના જ્ઞાનમાં વ્યાપ્ત છે. આવો તે ઉપદેશ કઈ જાતનો! ભાઈ! માર્ગ એવો છે, બાપુ! એ જન્મ-મરણ કરીને મરી ગયો છે. એવા ભવ કર્યા, અનંતા કર્યા અને હજી આ મિથ્યાત્વ છે ત્યાં સુધી અનંતા કરશે માથે. ભલે સાધુ થાય ને બધા વ્રત પાળે, પણ એ ક્રિયાનો કર્તા માને છે કે એ ક્રિયા અમે કરીએ છીએ અને અમારી છે, એ બધા મિથ્યાદષ્ટિ ચાર ગતિમાં રખડવાના છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શું કહ્યું? '**તેમને જ્ઞાની કરતો નથી; પરંતુ જેવી રીતે તે ગોરસનો જોનાર, પોતાથી (જોનારથી) વ્યાપ્ત થઈને ઊપજતું જે ગોરસ-પરિણામનું દર્શન...**' ઊપજતું જે ગોરસ-પરિણામનું દર્શન. આહા..હા..! '**તેમાં વ્યાપીને, માત્ર જુએ જ છે, તેવી રીતે જ્ઞાની,...**' સમ્યગ્દષ્ટિ જીવ ચોથે ગુણસ્થાને. આહા..હા..! '**પોતાથી વ્યાપ્ત થઈને ઊપજતું,...**' પોતાના જ્ઞાનમાં વ્યાપીને પોતાની પર્યાયને કરે છે. '**ઊપજતું, પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે...**' શું કહે છે? '**પોતાથી (જ્ઞાનીથી) વ્યાપ્ત થઈને ઊપજતું, પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે...**' દેખો ભાષા! આહા..હા..! અજ્ઞાની જ્ઞાનાવરણીય પરિણામમાં રાગનો કર્તા છે. એ છ બોલ જે થાય છે એનો કર્તા છે એને જ્ઞાનાવરણીય કર્મમાં નિમિત્ત કહેવામાં આવે છે. હવે જ્ઞાની એ જ્ઞાનાવરણીય પરિણામને દેખવાની જે પર્યાય, એ પર્યાયમાં વ્યાપીને પોતાનું જ્ઞાન સ્વપરપ્રકાશક પોતાથી થયું છે એમાં જ્ઞાનાવરણીય પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! આ શું કહે છે! સમયસાર છે આ તો, બાપુ! આહા..હા..! દશરથલાલજી!

લોજિકથી તો કહેવામાં આવે છે, પણ હવે દરકાર નહિ એને. મરી ગયો અનંતકાળથી. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આત્મજ્ઞાન...' શું ચીજ છે એની ખબર નહિ. સમજાણું કાંઈ? છ ઢાળામાં આવે છેને. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક

ઉપજાયો, પણ આતમજ્ઞાન..' આ રાગથી ભિન્ન મારી ચીજ શું છે, રાગનો હું કર્તા નહિ અને મારી ચીજ તો જ્ઞાનાનંદ, સહજાનંદ મૂર્તિ છે એનું સુખ મળ્યું નહિ એને પંચમહાવ્રત પાળ્યા તોપણ, મિથ્યાદષ્ટિ છે અને જેણે રાગથી ભિન્ન થઈને પોતાના જ્ઞાતા-દૃષ્ટાનો અનુભવ કર્યો તો એમાં આનંદનો સ્વાદ આવ્યો. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એમ કહ્યુંને? આ સુખ પામ્યો. એવો જ્ઞાની.. જ્ઞાનાવરણીય કર્મની પર્યાય એમાં નિમિત્તમાં થાય છે, પણ એ જ્ઞાનાવરણીય પરિણામમાં નિમિત્ત પણ નથી. ઉપાદાન તો એનાથી થયું છે, નિમિત્ત પણ નથી. ત્યારે? પોતાના જ્ઞાન પરિણામમાં વ્યાપ્ત એવું જે જ્ઞાન એનો કર્તા થઈને, સ્વપરપ્રકાશક જ્ઞાનમાં વ્યાપ્ત થઈને તેને, કર્તા થઈને કરે છે એમાં જ્ઞાનાવરણીય પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાતું છે. દાખલો બહુ સરસ અમૃતચંદ્રાચાર્યે આપ્યો. હજાર વર્ષ પહેલાં થયા. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં. આ એક હજાર વર્ષ પહેલાં. આહા..હા..! (શ્રોતા :- એક હજાર વર્ષ બાદ આપ થયા અને અમને...) સમજાણું કાંઈ? કહો, શ્રીપાલજી! આવો માર્ગ છે. આહા..હા..!

ગોરસને જોનાર જીવ પોતાના જોવાના પરિણામમાં વ્યાપીને જોવે છે, એમ જ્ઞાનાવરણીય પર્યાયમાં પુદ્ગલથી જે થઈ એને જોનાર જ્ઞાની પોતાના જ્ઞાનમાં વ્યાપીને જ્ઞાનનો કર્તા થઈને જ્ઞાતા રહે છે. એ જ્ઞાનાવરણીય પર્યાય જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે, ઉપાદાન તો પોતાથી છે. નિમિત્તનું અહીં જ્ઞાન થયું એ તો પોતાથી થયું છે. જ્ઞાનાવરણીય પર્યાયનું જ્ઞાન થયું એ તો પોતાથી થયું છે. એ પોતાથી થયું એમાં જ્ઞાનાવરણીય પર્યાય નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! આ શું કહે છે? સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, શેઠ! આહા..હા..! આ ગાથા તો અલૌકિક છે! કુંદકુંદાચાર્ય સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા, આઠ દિન રહ્યા હતા. પ્રભુ તો અત્યારે પણ બિરાજે છે. સંવત્ ૪૯માં ગયા હતા. ભગવાનનું આયુષ્ય તો કરોડ પૂર્વનું છે. એક પૂર્વમાં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ જાય છે. ભગવાન અત્યારે મહાવિદેહમાં બિરાજે છે સમવસરણમાં સાક્ષાત્. આહા..હા..! આઠ દિવસ દિવ્યધ્વનિ સાંભળી. આ તો મુનિ, જ્ઞાની પણ આઠ દિવસ ત્યાં રહ્યા. આવીને આ બનાવ્યું. શું સંદેશ લાવ્યા ભગવાન પાસે જઈને? આહા..હા..!

અહીં પણ એનો બાપ કે પતિ ક્યાંક જાતો હોય, પાંચ-પંદર દિ' રહી આવે દેશાવરમાં. શું લાવ્યા મારા માટે? છોકરા કહે, ઘડિયાળ લાવ્યા મારા માટે કાંડાની? બાયડી કહે, સાડલો લાવ્યા મારા માટે? આ મુંબઈ જાય તો હલવો-બલવો લાવ્યા? એમ કે આ હલવો નથી, શું કહેવાય? શું કહેવાય ઈ? આ મુંબઈનો હલવો. હલવોને? ધોળો. છોકરા માટે અમે ઘડિયાળ લાવ્યા છીએ, છોકરી માટે ચુંદડી લાવ્યા છે, બાયડી માટે સાડલો લાવ્યા છીએ અને એક દાગીનો લાવ્યા છીએ. આહા..હા..! અહીં પૂછે છે પ્રભુને, કુંદકુંદ પ્રભુ તમે ગયા હતાને ભગવાન પાસે તો શું લાવ્યા? આ માલ લાવ્યા. કહો, હિંમતભાઈ! આહા..હા..!

ચોથે ગુણસ્થાને જ્ઞાનાવરણીય બંધાય છે. કહે છે કે એ બંધાવાની પર્યાય જડથી બંધાણી છે. એમાં જ્ઞાનાવરણીયની પર્યાય તો જડથી થઈ છે, પણ જ્ઞાની એમાં નિમિત્ત પણ નથી. આહા..હા..! ગજબ વાત છે! એના ખ્યાલમાં આવે છે કે આ ગુણસ્થાને આટલું હોય એ જ્ઞાન થયું. પોતાનું જ્ઞાન અને એ સંબંધીનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થયું. એ જ્ઞાનમાં જ્ઞાનાવરણીય પર્યાયને આ બાજુ નિમિત્ત કહેવામાં આવે છે જ્ઞાનમાં. જ્ઞાન થયું તો છે પોતાથી. આહા..હા..! અરે પ્રભુ! કેટલી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? કહો, બાબુભાઈ! આ હીરા-બીરાના તમારા ધંધા. કોણ હતુ? ઓલું નહોતું કો'ક? કોનું કર્યું તમે? ક્યાં ગયા હતા? જયપુર. જયપુર ગયા હતાને? ઝવેરાતનું નીકળ્યું હતું. કોનું? રાણીનું. કિંમત કરવા ગયા હતા. કરોડોનું પડ્યું છેને એનું. ઝવેરીને બોલાવ્યા હતા મુંબઈથી. કેટલા કર્યા? કેટલાનું આવ્યું હતું? ગણ્યું હતું કાંઈ? સાડા ચાર કરોડનું. આ ગયા હતા ત્યાં ઝવેરી. સરકાર તરફથી કેટલું છે.. સાડા ચાર કરોડ. કાંઈક આપ્યું હશે એને. લાખે કાંઈક. શું કીધું? એક લાખ. આહા..હા..! એ લાખ આવ્યા અને લાખનો વિકલ્પ થયો અને ભાષા જે થઈ એ ભાષાની પર્યાય તો ભાષાની પર્યાયથી થઈ છે અને એ પર્યાયમાં આત્મા નિમિત્ત પણ નથી. આહા..હા..! ગજબ વાત નાથ! તારી બલિહારી, પ્રભુ! તારી કિંમત કેટલી જ્ઞાનસ્વભાવની છે. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતૈ વચનભેદ ભ્રમ ભારી નિજરૂપા જ્ઞેય સ્વપર પ્રકાશી, નિજરૂપા સ્વભાસી..' પરરૂપા પરમાં ભાસી. આહા..હા..!

એ જ્ઞાનાવરણીય પરિણામ જ્ઞાનમાં ભાસ્યા. એ ભાસ્યા એની ઉત્પન્નની પર્યાયનો આત્મા કર્તા. એ પોતાના ઉપાદાનથી સ્વપરપ્રકાશક પર્યાયનો કર્તા. એમાં જ્ઞાનાવરણીય જે પર્યાય બંધાણી ખ્યાલમાં આવી એ જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! જ્ઞાની કર્મને બાંધતો નથી એમ કહે છે. અજ્ઞાની પણ બાંધતો નથી, પણ અજ્ઞાની રાગનો કર્તા થાય છે તો બંધનક્રિયામાં નિમિત્ત કહેવામાં આવે છે. આવો માર્ગ તત્ત્વનો ભગવાનનો છે. સમજાણું કાંઈ? આહા..હા..! જાડી બુદ્ધિમાં સાધારણ પડે અને માની લે કે અમે કાંઈક સમજ્યા છીએ. અરે ભાઈ! એ જિનના માર્ગ બહુ સૂક્ષ્મ અને ઝીણા છે, પ્રભુ! અને એના ફળ પણ મોટા છેને. આ મોક્ષનો માર્ગ પ્રગટે એના ફળ અનંત આનંદ, અનંતજ્ઞાન. ભવિષ્યમાં અનંતજ્ઞાન અને અનંત આનંદ સાદિઅનંત રહેશે. આહા..હા..!

આ રીતે જ્ઞાની ધર્મીજીવ. એટલે કે પોતાનું સ્વરૂપ જ્ઞાનાનંદ છે. 'રાગ પણ નહિ, પુણ્યની ક્રિયા પણ મારી નહિ' એવી જેને ધર્મદૃષ્ટિ થઈ છે એ પોતે જાણતો હોવાથી. એ જ્ઞાનાવરણીયના પરિણામ જે થયા એનાથી જાણે છે એમ નહિ, પોતાથી સ્વતઃ જાણનારો. આહા..હા..! સમજાણું કાંઈ? એને વાત કાને પડી કે ચોથે ગુણસ્થાને જ્ઞાનાવરણીય બંધાય છે, એટલું. તો કહે છે કે એનું જે અહીં જ્ઞાન થયું એ સ્વતઃ થયું છે. એ કાને પડી વાત માટે જ્ઞાન થયું છે એમ નથી. આહા..હા..! ક્ષણ-ક્ષણમાં વિવેક બતાવે છે, પ્રભુ! તને ખબર નથી,

ભાઈ! આહા..હા..!

**'તેવી રીતે જ્ઞાની, પોતાથી વ્યાપ્ત થઈને...'** પોતાની જ્ઞાનની પર્યાયમાં જ્ઞાની વ્યાપ્ત થઈને **'ઊપજતું, પુદ્ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે...'** જુઓ, આહા..હા..! જ્ઞાનીને પોતાનું જ્ઞાન થયું અને પરનું જ્ઞાન પોતાનું પોતાથી થયું, એવી સ્વપરપ્રકાશક પર્યાય જે ધર્મીની છે એમાં પુદ્ગલપરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું, ભાઈ! લોકોને બિચારાને જોડી દીધા. આ ભક્તિ કરો ને વ્રત કરો ને પૂજા કરો ને જાત્રા કરો. એ જડની ક્રિયા જડથી થાય છે. એમાં ભાવ હોય અંદર તો એ શુભભાવનો કર્તા થઈને રોકાય ત્યાં. ત્યાં ધર્મ ક્યાં છે? આહા..હા..! એ ક્રિયાકાળમાં જડની જે ક્રિયા થઈ, હાલવું-ચાલવું એ ક્રિયા તો જડને કારણે ત્યાં થાય છે. એ ક્રિયાકાળમાં જોનાર જ્ઞાની, સ્વ અને પરને જોનાર જ્ઞાની પોતાથી જે જ્ઞાતાપણાના પરિણામ ઉત્પન્ન થયા એમાં એ જડની પર્યાય અહીંયા આ બાજુ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! આરે..! આવી વાત હવે. આવી ઝીણી વાતું. પોપટભાઈ!

**'એવું જે જ્ઞાન તેમાં વ્યાપીને,...'** સમકિતી જ્ઞાની તો પોતાના પરિણામને જાણનાર, પોતાના દ્રવ્ય-ગુણને જાણનાર અને જે જ્ઞાનાવરણીય બંધાય છે એને પણ પોતાના સ્વતઃ જ્ઞાનથી જાણનાર. એ છે તો સ્વપરપ્રકાશક જ્ઞાન અહીંયા ઉત્પન્ન થયું એમ નહિ. ધર્મીને સ્વપરપ્રકાશકની પર્યાય ઉત્પન્ન થઈ એમાં જ્ઞાનાવરણીય પર્યાયને આ બાજુ નિમિત્ત કહેવામાં આવે છે. ઉપાદાન તો પોતાથી સ્વતઃ થયું છે. આહા..હા..! બહુ ઝીણું, બાપુ! સવારમાં બહુ આવ્યું હતું. આહા..હા..! આ તો પર્યુષણ છે. ભગવાનના દસ પ્રકારના આરાધનના દિવસ છે. ચારિત્રની આરાધના હોં! એ સમકિતી હોય એને આરધાના...

**'એવું જે જ્ઞાન તેમાં વ્યાપીને, માત્ર જાણે જ છે.'** 'જ' એકાંત કર્યું જુઓ. આહા..હા..! જ્ઞાનાવરણીયની પર્યાય જ્ઞાનાવરણીય પુદ્ગલથી થાય છે. એને જાણનારો ધર્મી પોતાના જ્ઞાનને જાણે છે અને એ સંબંધીનું જ્ઞાન પોતામાં વ્યાપીને સ્વયં સ્વપરપ્રકાશક થયું છે. એ સ્વયં સ્વપરપ્રકાશકમાં જ્ઞાનાવરણીયને નિમિત્ત આમ કહેવામાં આવે છે એને જ્ઞાની કહેવામાં આવે છે. બાકી અજ્ઞાની રાગનો કર્તા થાય છે અને એમાં 'હું નિમિત્ત છું' એ અજ્ઞાની છે. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

## ભાદરવા સુદ-૮, બુધવાર, તા. ૦૧-૯-૧૯૭૬, ગાથા-૧૦૧, પ્રવચન નં. ૧૭૨

સમયસાર, ગાથા-૧૦૧. જ્ઞાનાવરણીયની વાત ચાલીને. સૂક્ષ્મ વાત છે, ભાઈ! અપૂર્વ વાત છે. અહીંયાં કહે છે કે જેમ ગોરસમાં ખાટા-મીઠા પરિણામ જે ઉત્પન્ન થાય છે.. ગોરસ, એ ખાટા-મીઠા પરિણામનો તટસ્થ માણસ જોનાર છે, એ ખાટા-મીઠા પરિણામનો એ કર્તા નથી. સમજાણું કાંઈ? એમ જ્ઞાનાવરણીય છ પ્રકારે બંધાય છે. પંડિતજી! હા, એ મોઢે છેને. તત્ત્વાર્થસૂત્રના શબ્દ છે. જ્ઞાનને અંતરાય પાડવો સમ્યગ્જ્ઞાનાદિને એવા જે ભાવ, આહા..હા..! એવા જે ભાવ થાય છે એ ભાવનો અજ્ઞાની કર્તા થાય છે તો જ્ઞાનાવરણીય બંધનમાં એ વિકારી પરિણામ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

હવે જ્ઞાની—ધર્મી જેને આસ્રવતત્ત્વ અને આત્મતત્ત્વનું ભેદજ્ઞાન થયું છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને તો એ રાગની ક્રિયા મારી છે એમ માને છે. 'રાગ હું છું' એમ માને છે તો રાગથી ભિન્ન જ્ઞાન થયું નહિ, એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે કાંઈ દયા, દાનનો વિકલ્પ ઉઠે છે એ આ મોહનીયમાં આવશે. શાતાવેદનીય. દયા, દાનનો ભાવ થયો રાગ, તો જ્ઞાની એ રાગનો કર્તા નથી થતો. કેમકે રાગથી ભિન્ન આત્માનું જ્ઞાન છે. આહા..હા..! ધર્મીજીવને રાગથી જ્ઞાયકભાવ ભિન્ન છે એવું તત્ત્વજ્ઞાન થયું છે. તેથી એ જે ભાવ વિકાર થયો એ જ્ઞાનીને સ્વપરપ્રકાશક જ્ઞાનનું પરથી ભિન્ન જ્ઞાન થયું છે, તો પોતાના જ્ઞાનમાં એ રાગ નિમિત્ત થયો. ઝીણી વાત, બાપુ! માર્ગ વીતરાગનો બહુ સૂક્ષ્મ છે. આહા..હા..!

આ દસ બોલ છે એ દસલક્ષણી વીતરાગભાવની આરાધનાના છે. વીતરાગભાવની આરાધના ક્યારે થાય? કે જેને રાગથી ભિન્ન ભગવાન ભાસ્યો હોય... આહા..હા..! એ દયા, દાન, વ્રતનો વિકલ્પ હો, પણ એનાથી ભિન્ન તત્ત્વજ્ઞાન જેને થયું હોય એને રાગ આવે છે પણ એ રાગનું જ્ઞાન સ્વપરપ્રકાશક કાળમાં રાગથી નહિ પણ પોતાથી સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આસ્રવ ભિન્ન છે. દયા, દાન, વિકલ્પ એ આસ્રવ છે. હિંસા, જૂઠું પરિણામ એ પણ આસ્રવ છે, તો જેને એ તત્ત્વજ્ઞાન નામ તત્ત્વથી, આસ્રવથી આત્મા ભિન્ન છે એવું સમ્યગ્જ્ઞાન થયું એને આસ્રવ છે એનું જ્ઞાન પોતાથી પોતામાં થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આસ્રવ આવ્યો એનો અજ્ઞાની કર્તા થાય છે. રાગ અને આત્માને મિથ્યાદૃષ્ટિ એક માને છે. આહા..હા..! અમરચંદભાઈ! ઝીણી વાત, બાપુ! અત્યારે તો એવી ગડબડ ચાલે છે એમાં આ વાત. દશરથલાલજી! આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનાવરણીયનું આવ્યુંને કે જે ભાવે જ્ઞાનાવરણીય બંધાય છે એ ભાવનો કર્તા જ્ઞાની થતો નથી. કેમકે એને આસ્રવ અને આત્માનું ભેદજ્ઞાન થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય તો જડની પર્યાય છે, કર્મ જે છે એ તો જડની પર્યાય છે, એમાં નિમિત્ત થાય છે વિકારભાવ. હવે એ વિકારભાવના બે પ્રકાર. જે—મિથ્યાદૃષ્ટિએ એ વિકારભાવનું આત્મા સાથે એકત્વ માન્યું છે, તો એ વિકારભાવ જડની પર્યાયમાં, કર્મની પર્યાયમાં એ ભાવ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. ઉપાદાન તો જડની પર્યાય પોતાથી થાય છે. આહા..હા..!

અને જ્ઞાનીને આસ્રવ, અજીવ અને આત્મા ત્રણે ભિન્ન-ભિન્ન છે એવું સમ્યગ્જ્ઞાન ભેદજ્ઞાન થયું છે એને એ ભાવ... એ ભાવ જે થયો જ્ઞાનાવરણીય બંધમાં નિમિત્તભાવ થયો તો એ ભાવ પોતાના સ્વપરપ્રકાશકજ્ઞાનમાં, પોતાથી સ્વનું જ્ઞાન અને રાગ આવ્યો એનું જ્ઞાન પોતાથી થાય છે જ્ઞાનીને, એમાં એ રાગ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! આવું કોણ સમજે? પલાખા આકરા. ચીમનભાઈ! આવો માર્ગ છે પ્રભુનો, ભાઈ! દુનિયાએ તો કંઈક-કંઈક મનાવીને બેઠા છે. આહા..હા..! સમજાણું કાંઈ? શેઠ! આહા..હા..!

જ્ઞાનાવરણીય પ્રકૃતિ જડ કર્મ છે. તો એ જડની પર્યાય તો જડથી થાય છે. હવે એમાં નિમિત્ત કોણ? અને એ પરિણામ કોને જ્ઞાનમાં નિમિત્ત છે? સમજાણું કાંઈ? વિકારીભાવ થયો તો એ વિકારીભાવ અને કર્મ એ અજીવ અને આત્મા જ્ઞાયક. એ ત્રણનું જેને ભેદજ્ઞાન થયું છે એને તો આસ્રવભાવ પોતાના આત્મામાં જ્ઞાનના પરિણામ પોતાથી ઉત્પન્ન થાય છે એમાં આસ્રવ નિમિત્ત કહેવામાં આવે છે. અરેરે..! આ શું કહે છે? સમજાણું કાંઈ? અને જેને એ વિકારભાવ થયો, ચાહે તો દયાનો ભાવ આવ્યો. દયાનો ભાવ છે એ શુભરાગ વિકાર છે. હવે એ કાળે.. કર્મ આવશે શાતાવેદનીય. શાતાવેદનીય કર્મ બંધાય છે એ તો જડની પર્યાય જડથી થાય છે, પણ એમાં જે અનુકંપા આદિનો ભાવ થયો 'એ ભાવ અને જ્ઞાયક એક છે' એમ માનનારનો રાગ અનુકંપા ભાવ, શાતાવેદનીય પોતાથી બંધાય છે એમાં આ ભાવ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! કૈલાસચંદજીએ કોઈ દિ' સાંભળ્યું પણ નથી અને દરકાર પણ કરી નથી બધી. અમારા બહેન વળી લાવ્યા લાગે છે કે લાવો અહીંયાં. આહા..! પ્રભુ! માર્ગ એવો છે, ભાઈ! સૂક્ષ્મ માર્ગ છે, બાપુ! આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જેમ ગોરસમાંથી ખાટા-મીઠાં પરિણામ. દહીંના પરિણામ થાય છેને. દહીં કહે છેને? ગોરસમાંથી દહીના પરિણામ એ તો દહીંથી થયા છે, એ જોનારથી થયા નથી. જોનારો જોવે છે કે આ થયું. સમજાણું કાંઈ? એ જોનારો ખાટા-મીઠા પરિણામનો કર્તા નથી થતો. સમજાણું કાંઈ? પણ જોનાર એ ખાટા-મીઠા પરિણામ જે છે એ રાગથી ભિન્ન જ્ઞાની જે છે એ પોતાના જ્ઞાનમાં, પોતાનું જ્ઞાન અને ખાટા-મીઠાનું જ્ઞાન એવું સ્વપરપ્રકાશક જ્ઞાન ઉત્પન્ન થાય છે. આહા..હા..! એવું સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાથી થયું એમાં ખાટા-મીઠા પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. ભાઈ! વીતરામાર્ગ સૂક્ષ્મ છે. અત્યારે તો બહુ ફેરફાર

કરી નાખ્યો, પ્રભુ! એકાંત છે.. એકાંત છે... એમ કહે છે. સાંભળ તો ખરો, પ્રભુ! એ માર્ગ વીતરાગનો એવી ચીજ છે કે જેમાં એ અનુકંપા પરનો ભાવ થયો એ રાગ છે. આહા..હા..! શાતાવેદનીય તો જડથી બંધાય છે, એમાં રાગ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કારણ કે ઉપાદાન તો જડની પર્યાય જડથી થાય છે, અજીવની પર્યાય અજીવથી થાય છે. આસ્રવપર્યાયથી અજીવની પર્યાય ઉત્પન્ન થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનીને અનુકંપાનો વિકલ્પ આવ્યો. એ રાગ અને પોતાનું બેયનું સ્વરૂપ જ્ઞાનીને સાથે ઉત્પન્ન થાય છે, સ્વને જાણવું અને રાગને જાણવું એવું સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાથી ઉત્પન્ન થાય છે. એ રાગથી નહિ. પોતાથી સ્વપરપ્રકાશક છે. કેમકે રાગથી ભિન્ન આત્મા છે એવું જ્ઞાન—થયું છે. તો રાગથી ભિન્ન જે જ્ઞાયક ભગવાન છે એને પોતાનું જ્ઞાન અને રાગનું જ્ઞાન એવું એક સમયમાં સ્વપરપ્રકાશક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. એ જ્ઞાતાનું-ધર્મીનું કાર્ય છે. એ જ્ઞાતા-દ્રષ્ટા પરિણામમાં રાગ જે અનુકંપા થઈ એ અહીં જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે, ઉપાદાન તો પોતાનું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નવ તત્ત્વ ભિન્ન-ભિન્ન શું છે ખબર ન મળે કાંઈ. આહા..હા..! એ શાતાવેદનીય બંધાય એ જડની અજીવની પર્યાય છે. એક વાત. અને રાગ થાય છે એ આસ્રવભાવ, વિકારીભાવ છે. બે વાત. રાગથી ભિન્ન ભગવાન જ્ઞાયક છે, જ્ઞાતા છે, એ ત્રીજી વાત. હવે પોતે જ્ઞાતા છે એવું જેને રાગથી ભિન્નનું ભાન નથી એ રાગનો કર્તા અથવા રાગથી અભિન્ન આત્માને જાણે છે. અભિન્ન જાણે છે તો એ રાગનો કર્તા અજ્ઞાની થાય છે, શુભરાગનો. શાતાવેદનીય જે બંધાય એ તો જડની પર્યાય તે કાળે પરમાણુમાં તે પ્રકારે પર્યાયની ઉત્પત્તિ થવાનો એનો કાળ હતો. આહા..હા..! જન્મક્ષણ આવ્યું વળી. (પ્રવચનસાર) ૧૦૨ ગાથામાં છે.

એ જડની પર્યાય જડમાં ઉત્પન્ન થવાનો કાળ હતો. અહીંયાં એણે અનુકંપા કરી તો ત્યાં શાતાવેદનીય બંધાણી એમ નથી. આહા..હા..! એ શાતાવેદનીય જે બંધાણી એ તો જડની પર્યાય જડથી થઈ, એમાં રાગ છે એ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કોને? કે જેણે રાગ અને આત્મા એક માન્યા છે એવા અજ્ઞાનીનો રાગ એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! આ તો તત્ત્વની ભિન્ન ભિન્નની વ્યાખ્યા છે. ખબર ન મળે કાંઈ. આહા..હા..! અને જે જ્ઞાની છે એ આસ્રવતત્ત્વ અને અજીવતત્ત્વથી જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. નવ તત્ત્વ છેને? તો નવમાં જ્ઞાયકતત્ત્વ આત્મા, રાગ આસ્રવતત્ત્વ, બંધન કર્મની પર્યાય અજીવતત્ત્વ. આહા..હા..! સુજાનમલજી! ભાષા તો સાદી છે, ભગવાન! આ તત્ત્વ તો એવું છે, નાથ! શું કરીએ? સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યે તો ગજબ કામ કર્યાં છે! ૧૦૧ ગાથા. સોળ બોલ તો ભાઈ, પહેલાં આવ્યા હતાને. ૩૨માં ૩૩માં સોળ બોલ આવ્યા છે. આમાં તો આઠ કર્મ અને સોળ બોલ ચોવીસ બોલ થાય છે. આહા..હા..! શાંતિથી સમજવું, પ્રભુ! આ તો ધર્મ વીતરાગમાર્ગ છે. એ પદમચંદજી! પૈસા દાન દીધા આટલા અને રાગ થયો તો

મને ધર્મ થયો. એ જડ ને રાગ ને આત્માને એક માને છે. આ બધા દાનવાળા છેને. આહા..હા..! ધૂળ છે.

એ દાનના પૈસા જે જડ છે એ એને કારણે ત્યાં ગયા છે, એની પર્યાયનો કર્તા એ જડ પરમાણુ છે. પણ એમાં નિમિત્તકર્તા કોણ? જેણે રાગને પોતાનો માન્યો છે, શુભભાવ આવ્યો તો શુભને આત્માની સાથે, આસ્રવને આત્માની સાથે એક માન્યા છે એવા રાગના પરિણામ શાતા બંધાય એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે; અને જ્ઞાનીને—ધર્મીને જેણે રાગ અને અજીવતત્ત્વથી ભગવાન આત્મા ભિન્ન જાણ્યો છે, આહા..હા..! એને રાગના કાળે પોતાનું જ્ઞાન સ્વપરપ્રકાશક પોતાથી ઉત્પન્ન થાય છે તો એમાં એ રાગ આમ નિમિત્ત કહેવામાં આવે છે. ઉપાદાન તો પોતાથી ઉત્પન્ન થયું છે. આહા..હા..! ચીમનભાઈ! માર્ગ એવો છે, બાપુ! લોકો તો બહુ બિચારા ખબર નથી. એકાંત છે રે એકાંત. કહો, બાપા! તમને શું ચીજ છે એની ખબર નથી. ભાઈ! સમ્યક્ એકાંત જ છે આ. આહા..હા..!

જુઓ, એ જ્ઞાનાવરણીયનું કહ્યું. પછી પલટીને.. છે? દર્શનાવરણીય લેવું. તો દર્શનાવરણીય એ જડની પ્રકૃતિ કર્મ છે. તો એ દર્શનાવરણી પ્રકૃતિ એ સમયે પરમાણુમાં એ દર્શનાવરણીય પર્યાય થવાની તાકાતથી થઈ છે. એ કાળે એ રીતે જ થવાનું હતું. આહા..હા..! એમાં જેણે દોષ ઉત્પન્ન કર્યો છે—દર્શનદોષ, એ દર્શનદોષ જે ઉત્પન્ન થયો એનો જે કર્તા થાય છે એટલે જ્ઞાયકની સાથે દર્શનદોષને એક કરે છે એ દર્શનદોષ કર્મમાં, દર્શનાવરણીય કર્મ તો એને કારણે બંધાણું છે, પણ આ દોષ છે એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આવી વાત હવે નવ તત્ત્વની. અને ધર્મીજીવ સમ્યગ્દૃષ્ટિ છે એણે તો અજીવ ને રાગ ને આત્મા ત્રણેનો ભેદ જાણ્યો છે. આહા..હા..! અહીં તો આપણે ત્રણની વાત લેવી છેને મુખ્ય તો. આહા..હા..! સમજાણું કાંઈ? જે દર્શનાવરણીય કર્મ બંધાણા એ તો જડની પર્યાય અને એ સમયે દર્શનાવરણીય બંધાણા એવા અવગુણ પરિણામ કર્યા, અવગુણના પરિણામ કર્યા, એ અવગુણ પરિણામનો કર્તા જે થાય છે, હું જ્ઞાતા છું એવું ભાન નથી, એનો કર્તા થાય છે એ અવગુણ પર્યાય દર્શનાવરણીય બંધમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. એક વાત.

હવે એ અવગુણ પર્યાય જે દર્શનાવરણીયમાં નિમિત્તકર્તા કહેવામાં આવતી હતી, એ રાગ અને અવગુણ આત્માને એક માનવાની વાત. પણ જેને રાગ ને અવગુણ ને આત્મા ભિન્ન છે એવું ભાન થયું સમ્યગ્દૃષ્ટિને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કર્મ સિદ્ધાંતમાં પણ કેટલું રહસ્ય છે! એમ ને એમ કર્મ બાંધ્યા ને આમ કર્યું. શું પણ સાંભળ તો ખરો. આહા..હા..! સમજાણું કાંઈ? જે પ્રકારે દર્શનાવરણીય બંધાય એવા છ પ્રકાર છે. જેવા જ્ઞાનાવરણીય, એવા દર્શનાવરણીય. નિહ્નવ આદિ છ બોલ તત્ત્વાર્થસૂત્રમાં છે. એ બોલના વિકારીભાવ છે એ નવા દર્શનાવરણીય કર્મ તો અજીવની પર્યાયથી થઈ છે. એમાં દોષ છે એ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કેમકે ઉપાદાન તો એનાથી છે. આ તો નિમિત્તકર્તા એનું

છે. પણ જ્ઞાનીને ‘રાગ અને અજીવથી ભગવાન જ્ઞાયક ભિન્ન છે’ એવું ભાન થયું છે. હું તો જાણનાર-દેખનાર જ્ઞાતા-દૃષ્ટા છું. એ રાગ હું નહિ અને અજીવ પણ હું નહિ. આહા..હા..!

ધર્મીને ચોથે ગુણસ્થાને... આહા..હા..! રાગ જે દર્શનાવરણી બંધમાં નિમિત્ત હતો, એ અહીંયાં જ્ઞાનીએ રાગ અને અજીવને ભિન્ન જાણ્યા છે, તો રાગના કાળે જ્ઞાનીને સ્વપરપ્રકાશક પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. આવું બધું ક્યાં? નવરા ક્યાં છે? રમકડાનાં રાજા. કૈલાસચંદજી! ઈ છેને તમારે રાજા ટોયસ. કોઈકને મેં પૂછયું કે આ ટોયસ એટલે શું? આજે પૂછયું હતું. કહે રમકડાં. કોઈકે કીધું. તેં કહ્યું હતું. લ્યો આણે જ કહ્યું હતું. એને મેં પૂછયું કે આ...

અહીં તો પ્રભુ, સાંભળ ભાઈ! તું તો જ્ઞાતા-દૃષ્ટાનો રાજા છો. રાગનો પણ રાજા નથી તો રમકડાનો રાજા ક્યાંથી થયો? આહા..હા..! તમારી વાત લ્યો તમાકુની. એને તમાકુના મોટા ગોદામ ભર્યા છે. એમના ઘર પાસે. ત્યાં ઉતર્યા હતાને હમણા ગયા હતા ત્યારે. છ લાખનું મકાન છે એમને ઉતરવાનું. છ લાખનું મકાન એમાં એકલા રહેતા હતા. ત્યાં અમે ઉતર્યા. તમાકુના ગોદામના ગોદામ ભર્યા હોય બધા. શેઠ કહે ભરો, રાખો. હવે એ ગોદામની ક્રિયા અને ત્યાં રહેવાની એ પોતાથી થઈ છે. કોઈ ગાડાવાળો લાવ્યો અને તમે લાવ્યો માટે ત્યાં છે એમ નથી. હવે એમાં જે રાગ થયો તો રાગ અને ભગવાન આત્મા જેણે એક માન્યા છે, તો રાગનો કર્તા થાય છે તો એ રાગ એની ક્રિયા સ્વતંત્ર ત્યાં રહી. શું કહેવાય? ગોદામ. એ ગોદામની ક્રિયાને આ રાગ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! અને જ્ઞાનીને રાગ આવ્યો એ રાગ નવા કર્મમાં નિમિત્ત છે એ વાત અહીં નથી લેવી. એ તો રાગ અને નવા જે કર્મ બંધાય છે એ અહીં સ્વપરપ્રકાશક જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આહા..હા..! કેમકે ભગવાન આત્મા તો જ્ઞાયકસ્વભાવ ચૈતન્યસ્વરૂપ સ્વપરપ્રકાશક (સ્વભાવ છે). આહા..હા..!

એ આત્મા સ્વપરપ્રકાશક જ્ઞાતા છે એમ જે રાગથી અને અજીવથી ભિન્ન થયો એને રાગ અને જે કર્મ બંધાણું એ. અથવા બહારની ચીજ એ પછી લઈશું. એ ચીજ જ્ઞાનીને પોતાના સ્વપરપ્રકાશકજ્ઞાનના કાળે એ રાગ અને બાહ્ય ચીજ નિમિત્ત થાય છે. ઉપાદાન તો પોતાથી થયું છે એ સંબંધીનું જ્ઞાન. આટલી વાતું કોણ... અમરચંદભાઈ! આહા..હા..! અરેરે..! આ જગત લૂંટાણું છે. રાગનો ભાવ એ મારો અને મારું કર્તવ્ય છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહે છે કે અનુકંપાનો રાગ આવ્યો, દયાનો આવ્યો, દાન દેવાનો આવ્યો. છે રાગ હિંસા. પંડિતજી! સવારે બોલ્યા હતાને તમે? હા, એમને મોઢે છે. રાગની ઉત્પત્તિમાં હિંસા છે. આહા..હા..!

અહિંસા પરમો ધર્મ એટલે પરની દયા પાળવી એ અહિંસા પરમો ધર્મ એમ છે નહિ. આહા..હા..! હું પરની દયા પાળી શકું છું અને મને દયાભાવ આવ્યો તો પરની દયા પળી એ તો પરની ક્રિયા, રાગની ક્રિયા અને આત્માની ક્રિયા ત્રણેને એક માની. આહા..હા..! .. રાખ્યું છે? નથી બેઠા? નથીને ઓલું? ટેપરેકોર્ડર છે. પ્લેનમાં પંદરસોનો પગાર હતો.

છોડી દીધી. બાળબ્રહ્મચારી છે. લાખોપતિ છે. આ પ્લેન નહિ પ્લેન? એમાં હતા. પંદરસોનો માસિક પગાર હતો. .. નિવૃત્તિ લઈ લીધી. પૈસાની શું કિંમત ધૂળની? આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા સ્વતત્ત્વ અને પરતત્ત્વના ભેદજ્ઞાનની શું દશા છે એ બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ...' આવે છે? આહા..હા..! 'શીતળ ચિત્ત ભયો જિમ ચંદન.' રાગના ભાવને પણ પોતાના સ્વપરપ્રકાશક જ્ઞાનથી જાણનારો રાગના કર્તા નથી. દયા, દાન, મહાવ્રતનો વિકલ્પ આવ્યો... સાંભળો પ્રભુ! વાત ઝીણી, નાથ! એ મહાવ્રતનો વિકલ્પ એ રાગ છે, આસ્રવ છે. તત્ત્વાર્થસૂત્રમાં છઠ્ઠા અધ્યાયમાં લીધું છે. પુણ્ય-પાપના ભાવ બેય આસ્રવ છે. શાતસ્ય. એ છેને. બહુ સૂત્ર નથી કહેતા. હવે અહીંયાં સાર સાર કહીએ છીએ. સમજાણું કાંઈ? એ વ્રતનો ભાવ છે, હું દયા પાળું, હું જૂઠ ન બોલું, બ્રહ્મચર્ય પાળું એ બધો શુભભાવ છે. એ શુભભાવ રાગ છે, એ આસ્રવ છે. એ આસ્રવને પોતાના માને છે એ મિથ્યાદૃષ્ટિનો આસ્રવ નવા બંધમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. ઉપાદાન તો ત્યાં એનાથી થયું.

એમ જ્ઞાનીને એવા ભાવ તો નબળાઈને કારણે આવે છે. સમજાણું કાંઈ? પણ જ્ઞાની એ રાગથી ભિન્ન મારી ચીજ છે અને મારી ચીજથી રાગ ભિન્ન છે એવા બે વચ્ચે કટકા કરી નાખ્યા છે. આહા..હા..! કરવત વડે, ભેદજ્ઞાનની કરવત વડે. કરવત સમજો છો? કરોંત. કરોંત કહે છે? એમ વિકલ્પ રાગ અને ભગવાન આત્મા... આહા..હા..! ભેદજ્ઞાન દ્વારા બેને ભિન્ન કર્યા છે. એવા ધર્મીને એ રાગ અને રાગથી બંધાયેલા કર્મ, એ જ્ઞાનીને પોતાના જ્ઞાનથી સ્વપરપ્રકાશક પોતાથી ઉત્પન્ન થયું એમાં રાગ અને બંધન આ બાજુ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વાત પ્રભુ! આચાર્યે સંકેલ્યું છે. આહા..હા..! કહો, સુરેન્દ્રજી! આહા..હા..!

આ દુકાન ઉપર બેસે છે અજ્ઞાની. રાગ થયો કે આને કહું, આ માલ દઉં. એ માલ લેવા-દેવાની ક્રિયા તો માલથી થાય છે, એ આત્માથી નહિ, પણ માલ લેવા-દેવાની ક્રિયા વખતે ગ્રહણ-ત્યાગનો જે રાગભાવ છે એ રાગને અજ્ઞાની પોતાનો માની રાગનો સ્વામી થાય છે. આહા..હા..! તો એ રાગ નવા કર્મમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે; પણ ધર્મીને રાગ અને અજીવથી ભિન્ન પોતાના આત્માનું ભાન છે એ કારણે રાગ અને અજીવ સ્વપરપ્રકાશક જ્ઞાનમાં એ બધા આ બાજુ નિમિત્ત પડે છે. આહા..હા..! આનું સ્પષ્ટીકરણ બહુ નથી આવ્યું. આહા..હા..! બહુ માણસો વિરોધ કરે છેને એને બિચારાને ખબર નથી. વ્યવહારથી આમ થાય ને વ્યવહારથી આમ થાય. અરે.. ધૂળ! સાંભળ તો ખરો, પ્રભુ! વ્યવહાર એ તો જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે છે. વ્યવહાર છે એ રાગની ક્રિયા પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ તો જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે વસ્તુ છે. આહા..હા..! એવું જ્યારે જ્ઞેય અને જ્ઞાયકનું ભિન્ન ભાન થયું, એને એ મહાવ્રતના પરિણામ જે છે એ કાળે પોતામાં સ્વપરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થઈ છે ઉપાદાનથી તો એમાં એ પર્યાય રાગાદિ મહાવ્રતની આ બાજુ નિમિત્ત કહેવામાં આવે

છે. આહા..હા..! અરે પ્રભુ! તું જો તો ખરો. તારું સત્ તો જો. સત્ તો જો. સત્નું શું સ્વરૂપ છે! આહા..હા..!

ભગવાન સત્સ્વરૂપ છે, તું જ્ઞાનસ્વરૂપી સત્સ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપે સત્સ્વરૂપે છે. એવું રાગથી અને અજીવથી ભિન્ન ભાન થયું, તો કહે છે કે એ સમયે ભલે રાગ આવ્યો, પણ એ રાગને કાળે એનું અને સ્વના સ્વપરપ્રકાશક જ્ઞાનની ઉત્પત્તિ પોતાથી થાય છે. એમાં રાગ અને જે કર્મબંધન થયું એને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**દર્શનાવરણીય, વેદનીય,...**' શાતાવેદનીય કર્મ બંધાય છે. કર્મ છેને? શાતાવેદનીય તો એ પરમાણુની એ પર્યાય કર્મ થવાની ક્રિયાથી થાય છે. એ વેદનીયના પરિણામનો કર્તા એ કર્મ છે. સમજાણું કાંઈ? પણ એ સમયે શાતાવેદનીય બંધના કાળે... આહા..હા..! શાતાવેદનીય બંધાય છે એ પોતાની જન્મક્ષણ છે. એ શાતાવેદનીયપણે ઉત્પન્ન થવું એ પરમાણુનો ઉત્પત્તિનો કાળ છે. એ રાગ-અનુકંપા થઈ તો શાતાવેદનીય બંધાણી એમ છે નહિ. આહા..હા..! અને એ અનુકંપાનો ભાવ થયો તે કાળે જ્ઞાની રાગ અને અજીવથી ભિન્ન પોતાને જાણે છે. એ કારણે અનુકંપાના કાળે પોતાના કાળમાં સ્વપરપ્રકાશક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે એમાં એ અનુકંપાનો રાગ અને શાતાવેદનીય બંધાણી એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..! એનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અરેરે..! ભગવાને આમ કહ્યું એ સાંભળે નહિ, હવે એની શું દશા થાય, ભાઈ? આહા..હા..! એમ અશાતાવેદનીય. પરને દુઃખ દેવાનો ભાવ થયો. તો એ ભાવ છે એ આસ્રવ છે અને આસ્રવ જ્ઞાયકભાવની સાથે એકત્વ કરે છે તો એ આસ્રવનો કર્તા થાય છે. આસ્રવનો કર્તા થાય છે તો અશાતાવેદનીય બંધાણી એ તો એના પરમાણુની પર્યાયના કાળે જ બંધાણી છે, એમાં અશાતાનું નિમિત્ત જે રાગ છે એ રાગ એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે.

જ્ઞાનીને... આહા..હા..! શાતાવેદનીય બંધના કાળે રાગ પણ થયો અને અહીંયાં સ્વપરપ્રકાશક જ્ઞાન પણ થયું. ઝીણી વાત છે. કોઈ દિ' સાંભળી નહિ હોય એવી વાત છે. આહા..હા..! ધંધા આડે નવરો કે દિ' હતો. આખો દિ' હોળી આ કરું ને આ કરું ને આ કરું. આહા..હા..! પ્રભુ! તારો માર્ગ જુદો છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે આ વાત કરતાં હતા. એ વાત આ છે. સમજાણું કાંઈ? સાક્ષાત્ ભગવાન બિરાજે છે. ઈન્દ્રો, ગણધરો ત્યાં બિરાજે છે. આહા..હા..! ઈન્દ્ર એકાવતારી છે. એની પત્ની પણ એકાવતારી-એકભવતારી છે. સુધર્મ દેવલોક, ૩૨ લાખ વિમાન, એક-એક વિમાનમાં અસંખ્ય દેવ, એની કરોડો અપ્સરાઓ ઈન્દ્રની. એમાં એક મુખ્ય ઈન્દ્રાણી છે. ઈન્દ્રાણી અને ઈન્દ્ર પોતે બેય એકાવતારી છે. ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને કેવળજ્ઞાન પામીને મોક્ષ જશે, એવો પાઠ છે.

તો એ જે ૩૨ લાખ વિમાન, સ્ત્રીઓ છે એ તો પરદ્રવ્ય છે. એમાં રાગ થયો એ આસ્રવ છે. હવે એ તો જ્ઞાની છે શક્રેન્દ્ર અને પત્ની છે એ પણ જ્ઞાની છે. તો રાગનું

અહીં જ્ઞાન થાય છે. રાગનો એ સ્વામી નહિ થઈને જ્ઞાન કરે છે. જ્ઞાન પણ રાગ છે માટે જ્ઞાન થયું એમ નહિ. જ્ઞાનનો સ્વભાવ સમયે-સમયે સ્વપરપ્રકાશક છે તો સ્વપરપ્રકાશકની પર્યાય પોતાથી થઈ છે. તો એમાં રાગ આ બાજુ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ઉપાદાન અને નિમિત્તની દશા તો જુઓ. આ તો તકરાર બહારથી અમે આ કરીએ ને અમે આ કરીએ ને નિમિત્ત થઈને આ કર્યું, અગ્નિ આવી તો પાણી ગરમ થયું, કુંભારે ઘડો કર્યો. અરે ભગવાન! શું કહે છે પ્રભુ, તું? એક તત્ત્વને બીજા તત્ત્વ સાથે ભેળવે છે તો બે એક થઈ જાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ચોખા પાણીમાં જાય તો ચડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ચોખા પાણી વિના જ ચડે છે. જ્યારે એનો ચડવાનો કાળ છે તો પોતાથી એ ચોખા પાકે છે, પાણીથી નહિ. ચોખા સમજો છો? ચાવલ. આ ગરમ પાણી કરે છેને. એમાં ચડે. ફદીયા પડે ફદીયા. એમાં ચોખા નાખે તો એનાથી ચડે. ખોટી વાત છે. પાણી જુદું છે, ચોખા જુદાં છે. ચોખાની પર્યાય પોતાથી ત્યાં ચડી છે. એ પાણીથી ચડ્યા એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહા..હા..! આવી વાત, આવો માર્ગ. મિથ્યાદષ્ટિ જીવ .. છે એ ચોખાના કાળે, ચોખાની પર્યાય તો ચોખાથી પાકે છે. એ માને કે હું ચોખાને ચડાવું છું. આહા..હા..!

**શ્રોતા :—** પાણી તો ચડાવે છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પાણી ચડાવતું નથી, એ ચડાવતો નથી. પાણી પરદ્રવ્ય છે, ચોખા પરદ્રવ્ય છે. પરદ્રવ્યની પર્યાય પરદ્રવ્યને કેવી રીતે કરે? અમારે કૈલાસચંદજીએ કોઈ દિ' સાંભળ્યું નહિ હોય એવી વાત છે. અમારા બહેન લાવ્યા છે તો કહે, આવો, સાંભળો તો ખરા. આહા..હા..! મારા નાથ, પ્રભુ! આ તો તારા હિતની વાત પ્રભુ છે. આહા..હા..! તારું હિત ક્યારે થશે?

રાગ આવે છે એ કાળે પણ ભેદજ્ઞાન કરવું નથી પડતું, ભેદજ્ઞાન થઈ ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીની વાત ચાલે છેને? તો રાગ અને અજીવની ક્રિયા જે પરમાં થઈ, એ કાળે પણ ભેદજ્ઞાન તો થઈ ગયું છે, ભેદજ્ઞાન કરવું નથી પડતું. આહા..હા..! એ કાળે રાગનું પણ જ્ઞાન પોતાથી થાય છે અને જે કર્મબંધન અશાતા બંધાય છે.. આહા..હા..! એનું જ્ઞાન પણ સ્વપરપ્રકાશકને કારણે પર્યાય ઉત્પન્ન થઈ છે. એ કર્મથી કે રાગથી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ છે એમ નથી. કેમકે ભગવાન આત્માનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. એ સ્વભાવ પોતાથી ઉત્પન્ન થાય છે, પરથી ઉત્પન્ન થતો નથી. આહા..હા..! ગજબ વાત છે, નાથ! એ ત્રણલોકનો નાથ જેને જિનવરદેવ ઇન્દ્રોની સમક્ષમાં આમ કહેતા હતા. આ વાત આખી પડી છે અત્યારે. અત્યારે તો આ વ્રત કરો ને અપવાસ કરો. શું કરે? પછી પોતે ત્યાગ કરી શકે નહિ અને બીજા ત્યાગ કરે તો કહે જય મહારાજ. અરે..! સાંભળ તો ખરો,

ત્યાગ કોને કહેવો? હજી અજ્ઞાનનો ત્યાગ નથી ત્યાં બાહ્ય રાગનો ત્યાગ ક્યાંથી આવ્યો? એય..! આહા..હા..!

અહીંયાં વેદનીય આવ્યું છે. અશાતાવેદનીય બંધાય છે. હિંસા આદિ, પરને દુઃખ દેવાનો ભાવ એવા ભાવ નિમિત્ત અશાતાવેદનીય બંધાવામાં. અશાતાવેદનીય બંધાય છે એ તો કર્મની પર્યાય પોતાથી થઈ છે. એ અશાતાવેદનીય બંધાવાનો જે ભાવ છે એ નિમિત્ત, એ અજ્ઞાનીને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કેમકે રાગ અને આત્માને એક માનનારા રાગ મારું કર્તવ્ય છે હિંસાનો, દયાનો એમ માનનાર રાગનો કર્તા છે, એ રાગ નવા બંધનમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. જ્ઞાની તો રાગ અને પરની પર્યાયથી અજીવથી રાગથી ભિન્ન પોતાનું ભાન કરે છે. એમાં રાગ અને પર નિમિત્ત, પોતાથી સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એ ઉપાદાન. એમાં રાગ અને કર્મ બંધનનું લક્ષ ન થયું તો એ નિમિત્ત પણ થતું નથી. ..ભાઈ! આવો માર્ગ છે પ્રભુનો. અત્યારે તો લોપ થઈ ગયો. આહા..હા..! શું કહીએ? અત્યારે તો ચોર કોટવાલને દંડે એવું થઈ ગયું છે. ચોર ઝાઝા હોયને, કોટવાલને દંડે. આહા..હા..! પ્રભુ! માર્ગ આ છે હોં! લાખ દુનિયા ફરે ગમે તે માને. વેદનીય. એ વેદનીયનો બોલ થયો. હા, એ. એનાથી વિરુદ્ધ.

**'મોહનીય,...'** હવે અહીં મોહનીયમાં દર્શનમોહનીય નથી લેવું. અહીંયાં મોહનીય બંધાય છે નવું ચારિત્રમોહનીય. જ્ઞાની છેને. અહીંયાં જે મોહનીય શબ્દ છે એ ચારિત્રમોહનીની પર્યાય. દર્શનમોહની પર્યાય જ્ઞાનીને છે જ નહિ. આહા..હા..! હવે નવા ચારિત્રમોહની પર્યાય જડમાં કર્મની થાય છે એમાં રાગ, રાગ થાય છેને? રાગ-દ્વેષ પરિણામ બંધનમાં નિમિત્ત છે. એ અજ્ઞાનીને રાગાદિ છે એ નવા બંધનમાં નિમિત્ત કહેવામાં આવે છે. જ્ઞાનીને અજીવ અને રાગથી મોહના પરિણામ પરમાં સાવધાની જરી અને એનાથી ચારિત્રમોહનીય બંધાણું ઈ, એનું તો એ જ સમયે સ્વપરપ્રકાશક જ્ઞાન ઉત્પન્ન થાય છે. એ કારણે એને રાગ અને ચારિત્રમોહનીય કર્મ બંધાણા એ આ જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રીપાલજી! આવો માર્ગ, પ્રભુ! શું કરે? વસ્તુની સ્થિતિ તો આ રીતે સ્વતંત્ર છે. આહા..હા..!

કહે છે કે તેં રાગ કર્યો તો મોહ (કર્મને) બંધાવું પડ્યું એમ નથી. એ તો અજીવતત્ત્વ ભિન્ન છે. અજીવતત્ત્વની પર્યાય અજીવથી થઈ છે. અને રાગ જે સાવધાની પર તરફ મોહ છેને? પર તરફ સાવધાની છે થોડી. એ સાવધાનીનો ભાવ દોષ છે. એ દોષનો કર્તા થાય છે એ ચારિત્રમોહનીય બંધનમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. પણ દોષને જાણનાર આત્મા છે એવું ભેદજ્ઞાન જેણે કર્યું છે એને એ દોષ જેનાથી ચારિત્રમોહ બંધાણા અને દોષ, બેયને અહીંયાં સ્વપરપ્રકાશક જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે આ બાજુ. આહા..હા..! સમજાણું કાંઈ? શેઠ! આવી વાત છે, ભગવાન! આહા..હા..! ત્રણલોકના નાથ જિનવરદેવ તો આમ

ઈન્દ્રો અને ગણધરો વચ્ચે ફરમાવે છે. લોકોને ખબર ન મળે કાંઈ. આંધળી દોડે પડ્યા ત્યાં પડ્યા. આહા..હા..! આ ઉપાદાન-નિમિત્તની ભિન્નતા. ઉપાદાન-નિમિત્ત, નિમિત્ત-ઉપાદાન ઝઘડા. વ્યવહાર, નિશ્ચય, ઉપાદાન, નિમિત્ત અને ક્રમબદ્ધ—પાંચના વાંધા. આજે આવ્યું છે ક્રમબદ્ધ ન હોય, ક્રમબદ્ધ ન હોય. મોટું આવ્યું છે આમાં. અરે.. ભગવાન! એમ કે ક્રમબદ્ધ હોય તો પુરુષાર્થ રહેતો નથી. પણ પ્રભુ! ક્રમબદ્ધનો નિર્ણય કરવામાં જ પુરુષાર્થ છે. આહા..હા..! એ લખ્યું છે એણે. કે ભગવાને દીઠું એમ થશે, દીઠું એમ થાશે એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? અરે ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ!

એ તો અમારે (સંવત) ૧૯૭૨ની સાલમાં ચર્ચા થઈ હતી. ૭૨. ૬૦ વર્ષ થયા. સંપ્રદાયમાં. અમને તો પૂર્વના સંસ્કાર હતાને. ૭૨ની સાલમાં ચર્ચા ઉઠી. ગુરુભાઈ હતા એક. ગુરુભાઈ એમ કહેતા હતા કે ભગવાને દીઠું એમ થશે. આપણે શું કરી શકીએ? કેવળજ્ઞાની પરમાત્મા છે એમણે જેમ દીઠું એમ થશે. આપણે શું કરી શકીએ? એમ બે વર્ષ તો સાંભળ્યું. ૭૦માં દીક્ષા. સત્તર કહે છેને? ૭૦માં દીક્ષા. ફાગણ મહિનો હતો. ૭૨ના ફાગણ મહિનામાં. કેટલા વર્ષ થયા? ૬૦. તમને કેટલા વર્ષ થયા? ૬૦. એટલે અમે કહેતા હતા તમારા જન્મ કાળ (પહેલાં) એ મોટી ચર્ચા થઈ હતી. ભાઈને બતાવ્યું હતું ત્યાં. સરવા બતાવ્યું હતું.

એ .. દરબાર. દરબારને ત્યાં ઉતારો હતો. ત્યાં અમે આહાર કરતા હતા. .. એ રહેતા હતા ગામમાં. આહાર વખતે આ પ્રશ્ન ઉઠ્યો કે ભગવાને દીઠું એમ થશે એમાં આપણે શું કરી શકીએ? પછી રાત્રે કહ્યું, તમારી વાત સાચી નથી. ભગવાને દીઠું એમ થશે એ તો બરાબર છે, પણ ભગવાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે છે એવી જ્ઞાનની પર્યાયની સત્તા જગતમાં છે એની કબુલાત કોણે કરી? આ તો ૭૨ની સાલની વાત છે. પ્રશ્ન કર્યો હતો અંદરમાં. ભગવાને દીઠું એમ થશે એ વાત બરાબર છે, પણ ભગવાન કોને છે? એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે છે એવી જ્ઞાનની એક પર્યાય, એવી જગતમાં છે એવી સત્તાનો સ્વીકાર કોણ કરે છે? પોતાના જ્ઞાયક તરફ વળ્યા વિના સત્તાનો સ્વીકાર નથી થતો. એ પુરુષાર્થ આવી ગયો, કીધું. મોટી ચર્ચા થઈ હતી. એક દિવસ તો બધાને છોડી દીધા. બિલકુલ છોડી દીધું. નહિ, અમારે નથી રહેવું. સત્ય હોય ત્યાં અમે રહીએ. અસત્યની વાત અમે સાંભળતા નથી. ગુરુભાઈ ... હતા. બહુ શાંત. એણે કબુલ કર્યું કે વાત તો તારી સાચી છે. પણ આ વાત ચાલતી નહોતી એટલે બીજે દિવસે મારો પક્ષ કરવા બીજા બોલ્યા. અમારો પક્ષ કર્યો. અરે મૂળચંદજી! મૂળચંદજી ગુરુભાઈ. આ ફાગણ માસની વાત છે. ફાગણ માસ સુદ ૧૩-૧૪. ૭૨ની ૧૩-૧૪ ફાગણ. બપોરે ચાલ્યું. એને ખટક્યું. ભદ્રિક માણસ. પ્રકૃતિ બહુ શાંત. આબરુ ઘણી મોટી. એને ખટક્યું અંદર. અરે મૂલચંદજી! એમ હોય તો પાંચ સમવાય સિદ્ધ થશે. જે કાળે જે થાય એ સિદ્ધ થશે. એક બીજા સાધુ હતા ....

વિપાકસૂત્રમાં આવે છે કે જેણે આહાર દીધો એને પરિત સંસાર થયો. એને પંદર ભવ..

ઘટ્યો? એવો પ્રશ્ન કર્યો. કીધું, એવો પ્રશ્ન અહીં છે નહિ. અહીં તો કહેવું છે કે એક સમયમાં અનંતગુણ છે આત્મામાં. એમાં એક જ્ઞાનગુણની એક સમયની ગુણની એક પર્યાય એક સમયની. એમાં ત્રિકાળ દ્રવ્ય જાણ્યું, ત્રિકાળ ગુણ જાણ્યા અને ત્રિકાળ લોકાલોક જાણ્યા એ પર્યાયની તાકાત કેટલી? એ પર્યાયની સત્તાનો સ્વીકાર કર્યા વિના દીઠું એમ થશે એ કોણ માને? પંડિતજી! આ તો ૬૦ વર્ષ પહેલાં. પ્રશ્ન કર્યો હતોને કે તમારા જન્મ (પહેલાં). આહા..હા..! અમારે તો ચર્ચા પહેલેથી ચાલતી હતી. સંપ્રદાયમાં આવી ગયા માટે અમે સંપ્રદાયને માનીએ છીએ એમ ન માનવું. અમે તો સત્ય છે એના પક્ષમાં છીએ.

**શ્રોતા :—** એ લોકો ક્રમબદ્ધને નહોતા માનતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્રમબદ્ધ નહોતા માનતા. ખબર નહિ, એ ચર્ચા હતી જ નહિ. એ વાત જ નહોતી. .. દીઠું એમ જ થાય છે. પરમાં એની પર્યાય એનાથી થાય છે, પણ ભગવાને દીઠું કે આ સમયે આ થાશે એમ જ થાય છે. પણ જે કેવળજ્ઞાનની પર્યાય, પ્રભુ એ કેવળજ્ઞાન.. એ ૮૦ ગાથાનો સાર આવ્યો હતો. પ્રવચનસાર છેને એની ૮૦ ગાથા છે. **'जो जाणदि अरहंतं'** ત્યારે પ્રવચનસાર જોયું પણ નહોતું. પ્રવચનસાર તો જોયું ૭૮માં. પણ એ પ્રવચનસારનો સાર અંદરથી આવ્યો હતો. ભગવાનની પર્યાય જેણે માની. જુઓ, પછી પાછળથી કહ્યું. **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય જાણે એ **'सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।'** નાશ થાય. એના દર્શનમોહનો નાશ થાય છે. પછી તો ઝઘડા ઘણા થતા. શેઠિયા આવ્યા બધા. નાની ઉંમર. ૨૫ વર્ષની ઉંમર હતી. ૨૬ વર્ષની. ૬૦ વર્ષ પહેલાંની વાત છે. યુવાન અવસ્થા અને સુંદર શરીર. ૨૫ વર્ષ તે દિ'. આ તો ૮૭ થયા. આહા..હા..! શેઠિયા આવ્યા. કહે મહારાજ પધારો, ફરીને આવો. ગયા હતા પછી. રહ્યા .. આહા..હા..!

ભાઈ! એ આજે આવ્યું ભાઈ, આમાં. લ્યો, કેવળીએ દીઠું એમ થશે. દીઠું એમ થશે. પણ દીઠું એ કોણે માન્યું? સાંભળ તો ખરો. આ જગતમાં કેવળજ્ઞાની છે, અનંત સિદ્ધો છે, લાખો કેવળીઓ બિરાજે છે મહાવિદેહમાં. એના એક-એક કેવળજ્ઞાનીની એક સમયની પર્યાયમાં અનંતા કેવળી જણાય છે. લોકાલોક જાણે છેને, તો એમાં સિદ્ધ અનંત છે, અનંત કેવળી. એ કેવળજ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધ જણાય છે. એવી એક સમયની પર્યાયની તાકાત જગતમાં છે, સત્તા જગતમાં છે એવી માન્યતા કોને છે? કૈલાસચંદજી! ન્યાયથી વાત છેને લોજિકથી. જેણે માન્યું કે એક સમયની પર્યાય ... છે. પર્યાયના લક્ષે એ પર્યાયની સત્તાની કબુલાત નહિ થાય. એ પર્યાય જેમાંથી આવે છે, સર્વજ્ઞસ્વભાવ ભગવાન આત્મા છે એની દૃષ્ટિ કરે તો સર્વજ્ઞની પર્યાયની સત્તાનો સ્વીકાર થશે. નહિતર ... થશે. સમજાણું કાંઈ? બહુ લાંબી વાત ચાલી હતી. આખો દિવસ ચાલી હતી. પછી સાંજે શેઠિયા આવ્યા તો ગયા. નાની ઉંમર, એકલા ક્યાં રહેવું?

અહીં કહે છે.. આહા..હા..! જે ભાવથી મોહનીયકર્મ બંધાય. ચારિત્રમોહનીય હોં. જેમ કે ચારિત્રમોહનીયમાં વેદ બંધાય વેદ. વેદ છેને? વેદ-વેદ. સ્ત્રીવેદ, પુરુષવેદ કર્મ છેને? એ કર્મ બંધાય એ તો જડની પર્યાય છે, પણ એમાં જે વેદની વાસના જેને થઈ. સ્ત્રીને પુરુષની, પુરુષને સ્ત્રીની એ વાસના જે ઉત્પન્ન થઈ એ વાસના એ મેલ અને દોષ છે. તો એ દોષ મારો છે એમ માની લીધું છે, જ્ઞાતા-દ્રષ્ટાની ખબર નથી એને એ દોષ નવા વેદનીય કર્મમાં જડથી બંધાય છે એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. હવે જ્ઞાની. અહીં જ્ઞાનીની વાત છે. એ વિષયની વાસનાની વૃત્તિ ધર્મીને આવી, પણ એનાથી હું ભિન્ન છું એવું જ્ઞાન તો એ ક્ષણમાં છે. એ કારણે વિષયની વાસનાના કાળમાં, વિષયની વાસનાનું જ્ઞાન, પોતાનું જ્ઞાન, વેદ બંધાય છે એનું જ્ઞાન પોતાની સ્વપરપ્રકાશક શક્તિથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. આહા..હા..! વાસના આવી તો વાસનાને કારણે પરપ્રકાશક જ્ઞાન થયું એમ નથી. આહા..હા..! ગજબ વાત છે. આ જિનવરદેવનો માર્ગ બાપા! ત્રણકાળમાં ક્યાંય બીજે છે નહિ. સમન્વય કરવા માગે છે. સમન્વય કરો, સમન્વય કરો. કોની સાથે સમન્વય કરે? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** એક સમયમાં ત્રણેનું જ્ઞાન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એક સમય. કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે. બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. પર્યાય છે, ગુણ નથી. ગુણ તો ત્રિકાળ છે. કેવળજ્ઞાન તો પર્યાય છે. જ્ઞાનગુણ એ ત્રિકાળ છે, પણ કેવળજ્ઞાન છે એ તો નવી પર્યાય ઉત્પન્ન થાય છે. એક સમય રહે છે, બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. આહા..હા..! એ મોટી ચર્ચા થઈ હતી મથુરામાં પંડિતો સામે. કેવળજ્ઞાનની પર્યાય એક સમય રહે છે. ભડક્યા બધા. કારણ કે એ ચર્ચા, તત્ત્વની વાત જ નહોતી. કૈલાસચંદજી હતા તે કહે સાંભળો તો ખરા, શું કહે છે. ભાઈ! કેવળજ્ઞાન પણ પર્યાય છે. એક સમયનું પરિણમન પર્યાય છે. એક સમયની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક જણાય છે, અનંતા સિદ્ધો જણાય છે. આહા..હા..! ભાઈ! હજી તને અરિહંતની પર્યાય કેટલી તાકાતવાળી એની તને ખબર નથી, તો તારા દ્રવ્યની તને ક્યાંથી ખબર પડે? આહા..હા..! સમજાણું કાંઈ? એવી અનંતી-અનંતી એક સમયની પર્યાયમાં સિદ્ધને જાણવાની તાકાત, એવી અનંતી પર્યાયનો પિંડ એ જ્ઞાનગુણ છે અંદર. આહા..હા..! આ તો એક સમયની પર્યાય છે. એવી અનંતી પર્યાયનો પિંડ જ્ઞાનગુણ છે. એ જ્ઞાનગુણ જેમાં છે એવા દ્રવ્યની દૃષ્ટિ થઈ એને સમ્યગ્દર્શન થાય છે, એ પુરુષાર્થ છે. કૂદવું છે કાંઈ પુરુષાર્થ બહારમાં? આહા..હા..! સમજાણું કાંઈ? એ મોહનીય થયું. આહા..હા..!

રતિનો ભાવ થયો, રતિ. તો એક સમયે રતિકર્મ બંધાય છે એ તો પરમાણુની પર્યાય છે. એનો કર્તા આ રતિભાવ નથી અને રતિભાવ છે એ મારી ચીજ છે એમ અજ્ઞાની કર્તા માને છે એનો અર્થ કે હું જ્ઞાતા નથી. હું જાણનાર-દેખનાર આત્મા નથી, હું તો રાગને

કરનારો, રતિને કરનારો આત્મા. એમ અજ્ઞાનીને રતિદોષ રતિકર્મમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. જ્ઞાનીને રાગ અને કર્મથી ભિન્ન પોતાના આત્માનું જ્ઞાન છે તો એ કાળમાં રતિ અને રતિથી બંધાયેલા કર્મને કારણે એનું સ્વપરપ્રકાશક જ્ઞાન જ્ઞાનીને થાય છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિ આનું નામ છે, બાપા! એય..! દર્શનલાલજી! બાપુ! આ તો પર્વ છે દસ પર્વ. દસલક્ષણી ત્રણલોકના નાથે ચારિત્રના આરાધનની આ દશા... આહા..હા..! જેમાં એક જ્ઞાનગુણની એક પર્યાયની એટલી તાકાત છે. એવો ચારિત્રગુણ જે આત્મામાં છે ત્રિકાળ, એની અંતર લીનતા, આનંદની લીનતા. એવી એક સમયની લીનતા ચારિત્ર છે, એવી અનંતી લીનતાનો ગુણ તે ચારિત્રગુણ છે. આહા..હા..!

જેને રાગની રતિ થઈ એ રતિને જાણનાર હું છું, હું કર્તા નથી. તો પોતાના સ્વપરપ્રકાશકને કાળે પોતાથી સ્વપરપ્રકાશક પર્યાય થઈ છે એમાં રતિને નિમિત્ત કહેવામાં આવે છે. ગજબ વાત છે, નાથ! ઉપાદાન અને નિમિત્તની બલિહારી. આહા..હા..! સમજાણું કાંઈ? 'ઉપાદાન બલ જહા તહાં નહિ નિમિત્ત કો દાવ?' આહા..હા..! દાવ નથી કહેતા? રમે છેને? શું? પાસા. પાસા પડે છેને. એમ બનારસીદાસ કહે છે, 'ઉપાદાન બલ જહા તહા નહિં નિમિત્ત કો દાવ.' દાવ .. દાવ જ આવતો નથી. આ તો એમ કહે છેને દાવ નાખે છે. ... બનારસી વિલાસ ગ્રંથ. બનારસી વિલાસ નામનો ગ્રંથ બનારસીદાસે બનાવ્યો છે. એ અમે જોયો હતો બહારમાં કે ઓહો..! આવી વાત તો અહીંયાં ગુપ્ત રહી ગઈ. છપાવો કીધું. મોક્ષમાર્ગ પ્રકાશક છપાઈ ગયા છે. એવો બનારસી વિલાસ ગ્રંથ જૂનો છે એમાં છે. 'ઉપાદાન બલ જહાં તહાં નહિ નિમિત્ત કો દાવ.' દરેક દ્રવ્યની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે, નિમિત્તનો દાવ એમાં આવતો નથી. આહા..હા..! નિમિત્તથી થાય છે. મોટો ઝઘડો છેને સોનગઢના નામે. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધ—આ પાંચની તકરાર છે. અમારે કૈલાસચંદજી. .. બાપા! પ્રભુ! તું સાંભળ તો ખરો, નાથ! આહા..હા..!

અહીં તો કહે છે કે... મોહનીય કહ્યુંને? એ ચારિત્રમોહનીયની પર્યાય જે બંધાય છે એ પોતાથી છે. કર્મની પર્યાયનો ઉત્પત્તિ કાળ ચારિત્રમોહનો.. અહીંયાં રતિ કહ્યું ચારિત્રમોહમાં એમ લીધું. એમ અરતિ. શોક થયો શોક. શોક થયો ત્યાં અરતિ નામ શોક નામનું કર્મ બંધાય છે ત્યાં. એ તો જડની પર્યાય છે. એ જડને શોક પરિણામ છે એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કોને? કે જે શોકને પોતાનો માને છે, શોકથી ભિન્ન આત્માને જાણતા નથી, એનો શોક એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. અને એ શોક પરિણામ જેને ભેદજ્ઞાન, રાગ શોકથી હું ભિન્ન, ... હું ભિન્ન. આહા..હા..! નવ તત્ત્વ છેને? તો નવમાં એક ક્યાંથી થાય? રાગ તત્ત્વ, અજીવતત્ત્વ, જીવતત્ત્વ ભિન્ન-ભિન્ન તત્ત્વ છે. બે એક થાય તો મિથ્યાદષ્ટિ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ મોહનીયકર્મ. આ તો પાર નથી એટલી વાત છે. એક પ્રકૃતિની વાત કરવા બેસે તો પાર ન આવે એટલી વાત છે. આહા..હા..! ઘણી ગંભીરતા.. ઘણી

ગંભીરતા!! સમયસારની ટીકા ઘણી ગંભીરતા! આહા..હા..! એક-એક શબ્દમાં ગહન ગહન ગંભીર વિષય ભર્યું છે. આહા..! એનો ઉકેલ કરવા જાય તો એક ગાથામાંથી બહાર ન નિકળી શકાય. આહા..હા..!

'આયુ,...' આયુષ્ય. પરના આયુષ્યનું બંધન થાય છે એ તો પરમાણુની પર્યાય છે. એ કાળે જે ભાવે નિમિત્ત થયું એમાં એવો જે આયુષ્યનો ભાવ, બંધનમાં આયુષ્યનો ભાવ. સમજાણું કાંઈ? દેવના બંધનમાં ભાવમાં રાગની મંદતા સરાગસંયમ એ દેવબંધનના આયુષ્યમાં નિમિત્ત છે, પણ એ દેવનું આયુષ્ય બંધાણું એ તો એને કારણે કર્મની પર્યાયથી. અને દેવના આયુષ્યનો ભાવ જે થયો એ.. એ ભાવ મારો છે એ માનનારને આયુષ્ય બંધનમાં એ ભાવ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. જ્ઞાનીને આયુષ્યનો ભાવ અને આયુષ્ય જે ભાવે બંધાય એ ભાવ અને આયુષ્ય બેનું ભિન્ન જ્ઞાન છે. કર્મ પણ નહિ, આયુષ્ય પણ નહિ, હું તો જ્ઞાયક આત્મા છું. આહા..હા..! એને સ્વપરપ્રકાશક જ્ઞાનના કાળમાં આયુષ્યનો ભાવ અને આયુષ્ય બંધન આ બાજુ નિમિત્ત પડે છે. સમજાણું કાંઈ? આહા..હા..! થોડું લખ્યું ઘણું કરીને જાણજો. નથી લખતા? કહે છેને? પત્રમાં લખતા નથી? થોડું લખ્યું ઘણું કરીને જાણજો. એમ આવે છેને, ભાઈ! કોઈ જમાઈને દુઃખ ન થાય. અમારા મંડપ છે. તમને અમારી દીકરી .. તમે પણ આવશો તો મંડપની શોભા વધશે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. એવું લખેને ભાઈ! એમ આ ભગવાન કહે છે કે થોડું લખ્યું ઘણું કરીને જાણજો. આહા..હા..! અરે.. ભગવાન! આહા..હા..!

તારી ચીજ છે એ તો જ્ઞાનસ્વરૂપ છે. ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. જેમ સાકર મીઠાશનો પિંડ છે, જેમ અફીણ કડવાશનો પિંડ છે એમ ભગવાન જ્ઞાનનો પિંડ છે. આત્મા તો સ્વનું અને પરનું જ્ઞાન કરે. એ કરે શું બીજું? સમજાણું કાંઈ? આહા..હા..!

આયુષ્યના બે પ્રકાર. સમકિતીને બે આયુષ્ય બંધાય છે. એક દેવ અને એક મનુષ્ય, બસ. નરક અને તિર્યંચનું આયુષ્ય સમકિતીને—જ્ઞાનીને ન હોય. જે કોઈ મનુષ્યમાં છે એ સમકિતીને સ્વર્ગનું આયુષ્ય બંધાય અને જે સ્વર્ગમાં છે સમકિતી ઈન્દ્ર, સમકિતી એ તો મનુષ્યમાં આવશે. એ મનુષ્યનું આયુષ્ય બંધાય. એને નરક અને તિર્યંચનું આયુષ્ય હોતું નથી. હવે અહીંયાં કહે છે કે જે મનુષ્યમાં છે એને દેવનું આયુષ્ય બંધાય છે. કેમકે સમકિતી સ્વર્ગમાં જ જાય. જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામે તો સ્વર્ગમાં જાય. પણ એ સ્વર્ગ દેવનું જ્યારે આયુષ્ય બંધાય છે એ તો પરમાણુની પર્યાય છે. આહા..હા..! એ સમયે જે ભાવ થયો એ વિકારી ભાવ છે. એ વિકારી ભાવનો આત્મા જ્ઞાતા છે. એ સમયે પોતાના જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક જ્ઞાનમાં આયુષ્યના ભાવનું જ્ઞાન છે, આયુષ્ય બંધાય છે એનું જ્ઞાન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૯, ગુરુવાર, તા. ૦૨-૯-૧૯૭૬,
## ગાથા-૧૦૧,
## પ્રવચન નં. ૧૭૩

સમયસાર, ૧૦૧ ગાથા. પહેલા દૃષ્ટાંત આવ્યું. જેમ ગોરસ છે, ગોરસ—ગાયનો રસ. એમાંથી ખાટી-મીઠી અવસ્થા થાય છે. ગોરસને તટસ્થ જોનાર ખાટા-મીઠાની અવસ્થાના સમયે પોતામાં સ્વયં વ્યાપીને એના જાણવાના પરિણામનો ઈ કર્તા છે. આ સમજવું કેમ? સમજાણું કાંઈ? ગોરસ જે છે એ ગોરસનું દૃષ્ટાંત આપ્યું. ગોરસ—ગાયનો રસ છે એ ખાટો-મીઠો થાય છે એનાથી. ખાટા-મીઠામાં વ્યાપ્ત ગાયનો રસ છે. એને જોનાર ખાટા-મીઠાને જોવે છે એ જોવાના પરિણામ પોતે જોનાર છે એમાં વ્યાપીને એ પરિણામ ઉત્પન્ન થયા છે. આવી વાત હવે ક્યાં પકડવી? કહો, કૈલાસચંદજી! એમ રમકડા. જાય છેને એ લે છે. એની અવસ્થા રમકડામાં એનાથી થાય છે. એને જોનારો એને જોવે છે. એ કઈ અપેક્ષાએ? પોતાના જોવાના પરિણામમાં જોનારમાં વ્યાપીને. આહા..હા..! એ પર્યાય જોવે છે. એ જોવાના પરિણામ જોનારથી વ્યાપ્ત છે. એ રમકડાની પર્યાયથી જોનારની પર્યાય વ્યાપ્ત નથી. રમકડાની પર્યાય આમ જાય છે એ પોતાને જોનારની પર્યાય સાથે વ્યાપ્ત નથી. અરે..! આ તે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ધર્મ કેમ થાય એ કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ ધર્મ થાય. આ કહે છે. ઓલો અધર્મ થાય એમ માને એને. સમજાણું કાંઈ? ધર્મ એમ થાય છે.

'હું જ્ઞાયકસ્વભાવી ચૈતન્યસ્વરૂપી હું છું' એવી દૃષ્ટિમાં જ્યારે પરચીજનું પરિણમન થાય છે એ સમયે એ એમ જોવે છે કે જોવાના પરિણામ જે છે એ પોતાથી વ્યાપીને થયા છે, એનું નામ ધર્મ કહેવામાં આવે છે. અરે..! અમરચંદભાઈ! સમજાણું કાંઈ? કહો, સુમનભાઈ! આ તમારા પેટ્રોલ. પેટ્રોલને સાફ કરે છેને. તો એ પેટ્રોલ જે મેલવાળું હતું અને પછી મેલરહિત થયું. એ તો નિર્મળ પર્યાયથી વ્યાપ્ત તેલ-પેટ્રોલ છે. એને જોનાર છે, એ સમયે એને જોનાર છે, કરનાર તો છે નહિ, પણ જોનાર જે છે એ પોતાના જોવાના પરિણામ જોનારથી વ્યાપીને જોવે છે. એમાં જોવાના પરિણામમાં એ ચીજ નિમિત્ત પડે છે. ઉપાદાન તો પોતાથી થાય છે. આહા..હા..! ભારે ઝીણું તત્ત્વ એવું સૂક્ષ્મ છે. આહા..હા..!

એમ કેવળજ્ઞાનાવરણીય પર્યાય જડથી ઉત્પન્ન થાય છે. સાંભળો! કેવળજ્ઞાનાવરણીય કર્મની પ્રકૃતિ પરમાણુથી કેવળજ્ઞાનની પ્રકૃતિ ઉત્પન્ન થાય છે, આત્માથી નહિ. એ તો જડની પર્યાય છે. કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ જે જ્ઞાનાવરણીયના પાંચ ભેદ છે એમાં કેવળજ્ઞાનવરણીય પ્રકૃતિનું પરિણમન જે છે એ પરમાણુ ધ્રુવ જે છે એનાથી કેવળજ્ઞાનાવરણીય પર્યાય પ્રાપ્ત થાય છે.

આહા..હા..! શું કહે છે કાંઈ સાંભળ્યું નથી. બહારમાં માની બેઠા કાંઈક દયા ને વ્રત કર્યા અને ધર્મ થઈ ગયો. ધૂળેય નથી ધર્મ. મરી જવાનો એ અનંતકાળમાં અજ્ઞાનથી. સમજાણું કાંઈ? આહા..હા..!

પરને આહાર દે છે. તો એ આહારની પર્યાય તો એનાથી ઉત્પન્ન થાય છે. દેવાની પર્યાય આમ છે એ તો જડના પરમાણુથી પર્યાય ઉત્પન્ન થાય છે. એને જોનારો પોતાના જોવાના પરિણામથી આત્મામાં વ્યાપીને આત્મા સાથે એકમેક થઈને એ પર્યાય જે થાય છે એને જોવાના પરિણામનું વ્યાપ્ય પોતાનું છે. એ જોવાના પરિણામમાં જે પર્યાય થાય છે એને નિમિત્ત કહેવામાં આવે છે. ઉપાદાન તો પોતાથી જોવાના પરિણામ થયા. આહા..હા..! નવ તત્ત્વની ભિન્નતાની ખબર ન મળે અને ધર્મ થઈ ગયો. મરી ગયો છે અનાદિ કાળથી. સત્યને અસત્ય કરી, અસત્યને સત્ય માનીને મિથ્યાત્વનું સેવન છે. આહા..હા..! સમજાણું કાંઈ? દશરથલાલજી! આ માસ્તરપણું ભિન્ન જાતનું છે. એ માસ્તર છે. આહા..હા..!

કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ. આ તો પ્રશ્ન કેમ ઉઠ્યો, ભાઈ? ઓલું સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં છેને કે કેવળજ્ઞાનાવરણીયની પ્રકૃતિની શક્તિ એટલી છે કે કેવળજ્ઞાનને રુંધે છે. એવો શબ્દ છે ત્યાં. એનો અર્થ શું? એ શક્તિ શું? એ તો એની પરણતિ પર્યાયમાં, પરમાણુમાં. જ્ઞાનાવરણીયની પર્યાય પરમાણુથી ઉત્પન્ન થઈ છે. આહા..હા..! એને જોનાર... આહા..હા..! એ પર્યાયનો કર્તા તો આત્મા નથી. જે પ્રાણી રાગ અને દ્વેષનો શુભભાવ રાગ છે એ કેવળજ્ઞાનાવરણીય બંધમાં નિમિત્ત છે રાગ કરનારો. ભલે શુભભાવ હોય પણ એ ઘાતિકર્મને બાંધે છે. ઘાતિકર્મ એનાથી બંધાય છે. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ. એ ઘાતિકર્મની પર્યાય જે પોતાથી થાય છે એમાં આ રાગ જે છે એ રાગને એ ઘાતિની પર્યાયમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. અરે.. અરે..! આટલું કોને યાદ રહે? સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે.

નવ તત્ત્વની ભિન્નતાની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય (એમ ન બને). વ્રત કર્યા વ્રત. વ્રત તો રાગ છે. એ રાગ છે. નવા કર્મ બંધાય છે એ તો પોતાની પર્યાયથી બંધાય છે ત્યાં જડમાં, એમાં આ રાગ નિમિત્ત કહેવામાં આવે છે. કોનો રાગ? કે જે રાગનો કર્તા અજ્ઞાની થાય છે કે 'રાગ મારું કર્તવ્ય છે, વ્રતના પરિણામ મારું કાર્ય છે' એવું અજ્ઞાની મિથ્યાદષ્ટિના પરિણામમાં.. સમજાણું કાંઈ? પરની જે જડની પર્યાય થઈ એમાં આ પરિણામને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. બહુ ઝીણું, બાપુ! વીતરાગનો માર્ગ એટલો સૂક્ષ્મ. નવ તત્ત્વની ભિન્નતાની ખબર ન મળે. સમજાણું કાંઈ?

અર્થાત્ અજીવ કર્મ જે છે એ મારા આસ્રવના પરિણામ થયા તો અજીવની કર્મની પર્યાય થઈ. એ જૂઠ છે. એય..! અને આસ્રવના પરિણામ રાગ, દયા, દાન, વ્રતાદિ એ આસ્રવના પરિણામ છે. એનાથી નવા રજકણ બંધાય છે એ બંધાવામાં આસ્રવ પરિણામ નિમિત્તકર્તા

કહેવામાં આવે છે. કોને? કે જે આસ્રવ પરિણામ મારા છે, એ આસ્રવતત્ત્વ જ્ઞાયકતત્ત્વથી ભિન્ન છે એ ભિન્ન ન માનતા એ મારા છે એમ માનનાર અજ્ઞાનીના પુણ્ય પરિણામ આસ્રવ નવા કર્મની પ્રકૃતિ પોતાથી બંધાણી છે, એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. એક શબ્દ ફરે તો આખું તત્ત્વ ફરી જાય એવું છે. કૈલાસચંદજી! આ રમત નથી રમકડાની. ઠીક આવ્યા બરાબર આવ્યા. હિન્દી ચાલે છેને એમાં બરાબર આવ્યા. નહિતર ગુજરાતી ચાલે. આ દસલક્ષણીમાં. આ વખતે આમ કર્યું. કેમકે ઘણા લોકો આવ્યા છે તો સાંભળે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયા એ કહ્યું.

૧૦૧ ગાથામાં તો દૃષ્ટાંત આપીને તો કમાલ કરી નાખી છે! આહા..હા..! જેમ આ આંગળી આમ ચાલે છે. પરને બચાવવા, જીવ પાણીમાં પડ્યો હોય માખી, આંગળીની જે પર્યાય આમ થાય છે એનાથી એ બચી નથી. એ તો એને કારણે જીવનું આયુષ્ય હતું તો બચી. એક વાત. હવે આંગળીની પર્યાય જે આમ થાય છે એ પર્યાય પરમાણુમાં વ્યાપીને રહી છે, આત્મામાં નહિ. હવે આત્મા જે ઈચ્છા કરે છે કે હું એને બચાવું. એવી ઈચ્છા કરનારો ઈચ્છાનો કર્તા થાય છે, આંગળીની પર્યાય આંગળીથી થઈ છે એમાં ઈચ્છાને કરનાર નિમિત્તકર્તા કહેવામાં આવે છે. એય પોપટભાઈ! ભિન્ન ભિન્ન છે, ભાઈ! એને કાંઈ ખબર ન મળે શું કરીએ?

નવ તત્ત્વમાં આસ્રવતત્ત્વ ભિન્ન છે. એ આસ્રવમાં પુણ્ય-પાપ સમાઈ જાય છે. અને બંધતત્ત્વ. રોકાય છે એ બંધતત્ત્વ છે. આસ્રવ પુણ્ય, પાપ આદિ દયા, દાન, વ્રતના વિકલ્પ છે એ પુણ્ય છે અને પુણ્ય છે એ તો પુણ્યાસ્રવ છે. એનાથી નવા આસ્રવ બંધાય છે એ પરમાણુની પર્યાય તો પોતાથી થાય છે. આહા..હા..! ગજબ વાત કરે છે. અહીંયાં શુભભાવ થયો તો શાતાવેદનીયની પર્યાયપણે બંધાવું પડે એમ નથી. લ્યો, વળી આવ્યું. સાંભળો! આ એક બોલમાં પાંચ બોલની સિદ્ધિ છે. ઉપાદાન, નિમિત્ત, નિશ્ચય, વ્યવહાર અને ક્રમબદ્ધ બધાનો ખુલાસો એમાં છે. આહા..હા..! શું કહે છે?

જ્યારે શુભરાગ થયો વ્રત પાળવા, અહિંસા, સત્ય, દત્ત વગેરે શુભભાવ છે. વ્રત છે એ તો શુભભાવ છે, ધર્મ નથી. ધર્મ તો રાગથી ભિન્ન થઈને પોતાના આનંદકંદમાં રમણતા કરવી એનું નામ ધર્મ છે. આ વાત કોણ સાંભળે, ભાઈ! સાંભળ્યા વગર આખી જીંદગી ચાલી ગઈ. એક જુવાન માણસ આવ્યો હતો બિચારો હમણાં. ક્યાંકના હતા નહિ? તમારા ગામના. દમોહ જોડે. દમોહની બાજુમાં કોઈ અભાનાનો. જુવાન હતો જુવાન ૩૦-૩૫ વર્ષનો. અહીંનું સાંભળ્યું. સાંભળીને અંદર આવ્યો. રોવા માંડ્યો. અરે મહારાજ! અમે તો કાંઈક દૃષ્ટિ વિપરીત અને કાંઈક જિંદગી ગાળી. અરે..! જીંદગી નિરર્થક ગઈ. જુવાન માણસ હતો. આ ભાઈ નહિ કેવા? પદમચંદજીનું ગામ. દમોહ પાસે. પદમચંદજીનું ગામ. અભાના. એ અભાના લ્યો. એ અભાના કહેતો હતો. જુવાન માણસ છે. સાંભળીને એમ થયું.. આહા..હા..! અરે..

આ વાત અમે સાંભળી જ નથી. અમે તો શાસ્ત્ર વાંચીએ છીએ પણ આ દૃષ્ટિ ફેર અમારી વાતથી. જિંદગી નિરર્થક ગઈ. ચાલી ગઈ ૩૫-૩૫, ૪૦-૪૦ વર્ષ. અમારે કૈલાસચંદજીને તો વળી ૬૦ ગયા. કાલે કહેતા હતાને ભાઈ. અહીં ૬૩ વર્ષની દીક્ષા થઈ છે. તમારા જન્મ પહેલા ત્રણ વર્ષ. આહા..હા..!

ભગવાન! આચાર્ય આત્માને ભગવાન તરીકે બોલાવે છે. ૭૨ ગાથામાં આવ્યું છે. ૭૨ ગાથામાં. પુણ્યભાવ જે છે દયા, દાન, વ્રત, પૂજા ભાવ એ અશુચિ છે. ત્યારે ભગવાન આત્મા એ શુચિ નિર્મળ છે એમ લીધું છે. ૭૨ ગાથામાં. સમજાણું કાંઈ? પુણ્યના પરિણામ પણ અશુચિ મેલ છે. આ જડમાં તો મેલ છે. આ તો લોહી, પરુ. લોહીને શું કહે છે? ખુન, પરુ, વીર્ય, માંસ, હાડકા, ચામડા.. આહા..હા..! ઉપર તો જેમ ગાર કરે છેને ગાર. ગારને શું કહે છે? લીપણ-લીપણ. આ ચામડીનું લીપણ છે ઉપર. બાકી ઉપરની લીપણ છોડો તો અંદર માંસ અને હાડકા છે. સમજાણું કાંઈ? અહીં તો શું કહેવું છે કે એ વસ્તુ જે જડની અવસ્થા થાય છે એમાં એ જડના પરિણામમાં એ સમયે ક્રમમાં થવાવાળી પર્યાય થઈ છે. અહીંયાં તો એમ કહેવું છે કે જ્યારે શુભરાગ આવ્યો ત્યારે જ્ઞાનાવરણીય બંધાણા. શુભભાવ ઘાતિમાં પણ નિમિત્ત છે. ભાઈ! શું કહ્યું? ઘાતિકર્મમાં પણ નિમિત્ત છે શુભભાવ. અઘાતિમાં તો પુણ્ય બંધાય પણ એ પુણ્ય રજકણ શાતાના બંધાય છે એ પણ એ સમયમાં એ પરમાણુની પર્યાય પોતાથી થઈ છે. એ ક્રમમાં એ શાતાવેદનીય પર્યાય પરિણમવાની તાકાતથી પરિણમન થયું છે. એમાં જે દયા, દાનના ભાવ છે એ ભાવનો કર્તા થાય છે. કેમકે એ ભાવ અને આત્મા બે ભિન્ન છે એવું ભાન નથી તો એ ભાવનો અભેદથી કરનારો થાય છે. એ ભાવ નવા જે શાતાવેદનીય બંધાણી એ સમયે ઘાતિની પર્યાય પણ જડની થઈ એમાં એ ભાવ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. ઉપાદાન તો એનાથી થયું છે. આહા..હા..! ઉપાદાન અને નિમિત્તનો મોટો ગોટો. સમજાણું કાંઈ?

અહીંયા તો બીજું કહેવું છે થોડું. કર્મનો ઉદય છે એ તો જડની પર્યાય છે અજીવ. રાગ આવે છે એ તો આસ્રવ છે. અજીવની પર્યાયથી આસ્રવ થયો? કર્મથી રાગ થાય છે, કર્મથી રાગ થાય છે. કર્મથી.. પણ શું તું કહે છે? કર્મ તો જડ છે, અજીવ છે અને અજીવતત્ત્વ નવમાં ભિન્ન તત્ત્વ છે અને એનાથી આસ્રવ થયો તો અજીવથી આસ્રવ થયો? આહા..હા..! પોતાની પર્યાયમાં નબળાઈને લીધે જે પુણ્ય-પાપના ભાવ થાય છે એ વિકાર પરિણામનો કર્તા અજ્ઞાની છે, જ્ઞાની નહિ. જ્ઞાનીને વિકાર થાય છે પણ એ વિકાર અને વિકારથી જે કર્મ બંધાણા એમાં નિમિત્ત કહ્યું, એનું જ્ઞાન કરે છે જ્ઞાની તો. કેમકે પોતાનો સ્વભાવ જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું સૂક્ષ્મ છે, ભાઈ! આ અધિકાર ઘણો સૂક્ષ્મ છે. ૧૦૧ ગાથામાં તો ઓહો..હો..! સમજાણું કાંઈ?

કેટલાક એમ કહે છે કે.. હમણા છાપામાં આવ્યું. ધ્રુવ એ સ્વરૂપ છે. ઉત્પાદ-વ્યય એનું

કાયમી સ્વરૂપ નથી. એ તો નિમિત્તથી ઉત્પાદ-વ્યય થાય છે. છાપામાં આવ્યું હતું. અરે ભગવાન! આ શું કરે છે તું? આહા..હા..! 'उत्पादव्ययध्रुवयुक्तं सत्'. એ ત્રણે પોતાની વસ્તુ છે. 'उत्पादव्ययध्रुवयुक्तं सत्' છે? તત્ત્વાર્થસૂત્રમાં. 'उत्पादव्ययध्रुवयुक्तं सत्' અને 'सत् द्रव्य लक्षणं'. એ ત્રણે દ્રવ્યના લક્ષણ છે. ઉત્પાદ થાય છે એ પોતાની પર્યાયમાં પોતાથી થાય છે. આહા..હા..! આસ્રવના પરિણામ થયા દયા, દાનના, વ્રતના એ આસ્રવના પરિણામ પોતાથી ઉત્પન્ન થયા છે. એમાં કર્મ નિમિત્ત છે, પણ નિમિત્તથી ઉત્પન્ન થયા છે, એ નિમિત્ત કર્તા અને આસ્રવ કાર્ય એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યુષણના દિવસ છે, ભગવાન! આ વાત તો ભગવાનના ઘરની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયા તો પાંચ બોલ સિદ્ધ કરવા છે. જ્યારે અહીંયા શુભભાવ થયો એ જ સમયે શાતાવેદનીયની પરમાણુની પર્યાય થવાની એ તો ક્રમમાં પરમાણુની જ હતી. સુમનભાઈ! શાતાવેદનીય અથવા જ્ઞાનાવરણીય બંધાયા. શુભ નિમિત્ત છેને અહીંયાં? એ બંધની પર્યાય તો એ ક્રમમાં એ પરમાણુમાં એ થવાનો કાળ હતો અને થઈ છે. એને શાસ્ત્રમાં ૧૦૨ ગાથામાં કહ્યું જન્મક્ષણ. તે પરમાણુમાં તે ઉત્પત્તિનો કાળ હતો તો તે ઉત્પન્ન થઈ છે. કર્મની પર્યાય હોં. આહા..હા..! એક વાત. એ ક્રમબદ્ધ થયું. હવે એમાં જે રાગ થયો, એ રાગ છે એ એમાં બંધમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? રાગ જે છે એનાથી નિશ્ચય થાય એમ છે નહિ. રાગ તો બંધમાં નિમિત્ત છે, રાગ મોક્ષના માર્ગમાં નિમિત્ત નથી-કારણ નથી. આહા..હા..! શું કહે છે? સમજાણું કાંઈ? શુભરાગ જે છે, એ નવા કર્મ તો પોતાથી બંધાય છે. પરમાણુની પર્યાયની યોગ્યતાથી. એમાં શુભભાવને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કોનો? કે જે કોઈ શુભભાવનો કર્તા થાય છે એ અજ્ઞાનીનો શુભભાવ બંધનમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. એક વાત.

હવે એ રાગ છે એ શુભ છે, આસ્રવ છે, દુઃખ છે, અશુચિ છે, દુઃખ છે, દુઃખનું કારણ છે અને શુભરાગ નિશ્ચયથી અચેતન છે. એ ૭૨ ગાથામાં આવ્યું છે. અચેતન કેમ? કે એમાં જ્ઞાનાનંદ પ્રભુ જ્ઞાનનું કિરણ એમાં નથી. સૂર્યનું કિરણ હોય એ સફેદ હોય છે. કોલસાની કણી એ કાંઈ સૂર્યનું કિરણ નથી. એમ ભગવાન આત્મા ચૈતન્યનો પુંજ નૂર એનું, એનો પ્રકાશ થાય તો જ્ઞાનની પર્યાયમાં આવે છે. રાગની પર્યાય તો અંધ છે. અરેરે..! આહા..હા..! ૭૨ ગાથામાં આવી ગયું છે ઈ. રાગ અશુચિ છે, દુઃખ છે અને જડ છે. ભગવાન શુચિ છે, ચેતન છે અને સુખનું કારણ છે. આહા..હા..! એવો ભેદ કરાવ્યો છે.

અહીં તો બીજી વાત લેવી છે. પાંચ બોલ સિદ્ધ કરવા છે. કાલે પછી વિચાર એ આવ્યો હતો. અહીંયાં તો જે સમયે જ્ઞાનાવરણીયની પ્રકૃતિ પરમાણુથી બંધાય છે એ કર્મ થવાને લાયક તો ઘણા પરમાણુ છે, પણ એટલા જ પરમાણુ જેમાં જ્ઞાનાવરણીય કેવળજ્ઞાનપણે પરિણમવાને લાયક છે એ પરિણમ્યા છે. એનો સ્વકાળ એ છે. કેટલું આમાં યાદ રાખવું?

એય.. અમરચંદભાઈ!

**શ્રોતા :—** એનો સ્વકાળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, સ્વકાળ છે. એ ક્રમબદ્ધ થયું.

હવે અહીં જે રાગ થયો એ રાગ ધર્મનું કારણ નથી. રાગ આકુળતા, દુઃખ છે. આહા..હા..! વ્યવહારથી નિશ્ચય ધર્મ થાય છે એ વાત ઊડી ગઈ. સમજાણું કાંઈ? આહા..હા..! નિમિત્તથી થયું એ પણ ઊડી ગયું અને વ્યવહારથી નિશ્ચય થયો એ વાત પણ ઊડી ગઈ. વ્યવહારથી નિશ્ચય નહિ પણ નિશ્ચય પોતાના આનંદકંદના આશ્રયથી આનંદની પર્યાય ઉત્પન્ન થાય છે. એ રાગના આશ્રયે નહિ. લાખ રાગ કરો, કરોડ કરે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' આહા..હા..! આવી વાત! આવી પણ! અત્યારે તો બહુ ફેરફાર કરી દીધો. આહા..હા..! ચીમનભાઈ! જે પરમાણુમાં શાતાવેદનીય પરિણામરૂપ પરિણમવાના હતા એ પરિણમ્યા. એ એનો સ્વકાળ છે. પહેલો સમય, બીજો સમય એ ક્રમ છે એનો. અને એમાં જે રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે અજ્ઞાનીના, તો એ રાગ પણ એ સમયે ઉત્પન્ન થવાનો કાળ જ હતો. સમજાણું કાંઈ? એક વાત. અને એ સમયે જ્ઞાનીને રાગ અને કર્મબંધન જે છે એ પર્યાય જાણવાના પરિણામમાં નિમિત્ત થાય છે.

જેમ ગોરસના પરિણામ ખાટા-મીઠા જોનારના પરિણામમાં નિમિત્ત છે. જાણવાવાળા પરિણામ જાણનારથી વ્યાપ્ત છે—આત્માથી વ્યાપ્ત છે. આહા..હા..! અરે..! ભગવાનનું તત્ત્વ બાપુ અલૌકિક છે, ભાઈ! આહા..હા..! હવે એમ થયું કે ક્રમબદ્ધમાં એ પર્યાય થઈ, રાગ પણ એ સમયે આવવાનો હતો એ આવ્યો એ જન્મક્ષણ છે અને રાગને જાણવો, અહીંયા રાગને જાણવો, હું જ્ઞાનસ્વરૂપ છું એવું જેને ભાન છે સમ્યગ્દષ્ટિને, તો એના જ્ઞાનના પરિણામ એમાં વ્યાપીને ઉત્પન્ન થયા. એ જ્ઞાનના પરિણામમાં રાગ નિમિત્ત કહેવામાં આવે છે અને કર્મબંધન જે થયું એને પણ અહીં નિમિત્ત કહેવામાં આવે છે. રાગથી નિશ્ચય થાય એ વાત ઊડી ગઈ, વ્યવહારથી નિશ્ચય થાય એ વાત ઊડી ગઈ અને નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય એ વાત ઊડી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? તો વ્યવહારથી નિશ્ચય થાય એ ઊડી ગઈ, નિમિત્તથી ઉપાદાનમાં થાય એ વાત ઊડી ગઈ અને ક્રમબદ્ધ થાય છે એમાં અક્રમ થાય એ વાત ઊડી ગઈ. આ પાંચના વાંધા છે સોનગઢની સામે. જુઓ, એની સામે આવે છે બધા ઘણા. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહ્યું જુઓ.

'**વળી એવી જ રીતે 'જ્ઞાનાવરણ' પદ પલટીને...**' પહેલાં તો જ્ઞાનાવરણીય કહ્યું. હવે તો એમ લેવું છે કે કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ જે પરમાણુમાં આવે છે, સાંભળો! એમાં અજ્ઞાનીના રાગ-દ્વેષ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. એ દયા, દાનના પરિણામ જ્ઞાનાવરણીયમાં બંધનું નિમિત્ત છે. કારણ કે બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને ધર્મીને... આહા..હા..! જેને રાગ અને અજીવથી ભિન્ન આત્માનું જ્ઞાન થયું, તત્ત્વ ભિન્ન છે એવું ભાન

થયું એને રાગને કાળે અને બંધને કાળે પોતાના જ્ઞાન પરિણામમાં વ્યાપીને જ્ઞાતા પરિણામ કરે છે એમાં રાગ અને બંધની પર્યાય નિમિત્ત થાય છે. આહા..હા..! એય સુમનભાઈ! એ તમારા કાયદા-બાયદા ભણવા ગયા હશે ત્યાં અમેરિકામાં આવા નહિ હોય ત્યાં બધા. ગપ્પા માર્યા હોય બધાએ. આહા..હા..!

આ તો ત્રણલોકના નાથ.. આહા..હા..! ચૈતન્યસૂર્ય ભગવાન કેવળજ્ઞાની એનું કથન છે. ભાઈ! તારે સમજવા માટે ઘણો પ્રયત્ન જોઈશે. સમજાણું કાંઈ? નિમિત્તથી ઉપાદાનમાં થાય છે એ વાત ઊડી ગઈ. કેમકે અહીં રાગ થયો તો કર્મની પર્યાય ઉપાદાન પોતાથી થઈ છે, રાગથી થઈ એ તો રહ્યું નહિ; અને અહીંયાં જ્ઞાન થયું, રાગ અને કર્મબંધની પર્યાયનો જ્ઞાતા-દૃષ્ટા જીવને—ધર્મીને જ્ઞાનની પર્યાય થઈ તો એ રાગ નિમિત્ત છે, તો રાગથી જ્ઞાનની પર્યાય થઈ એમ ન રહ્યું. ત્યાં કર્મબંધનું જ્ઞાન થયું એનાથી જ્ઞાનપર્યાય થઈ એમ પણ ન રહ્યું. આહા..હા..! કહો, કાંતિભાઈ! આ તમારા પ્લેન-બ્લેન કરતા બીજું પ્લેન છે આ તો. પ્લેનમાં હતાને નોકર. કાલે નહોતા બેઠ? પ્લેન કહે છેને? હવાઈજહાજ. એમાં નોકર. એમાં પંદરસોનો માસિક પગાર હતો. છોડી દીધી. બાળબ્રહ્મચારી છે. લાખોપતિ છે. છોડી દીધી. એ તો છૂટું જ પડ્યું છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે કે જેને નવ તત્ત્વનું યથાર્થ સમ્યગ્દર્શન થયું... આહા..હા..! એને જે રાગ થાય છે એ રાગને અહીંયા જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણે છે એ જ્ઞાન પરિણામમાં રાગ નિમિત્ત કહેવામાં આવે છે. રાગનો કર્તા આત્મા નથી. કેમકે આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્યબિંબ પ્રભુ છે. એ તો ચૈતન્યના પરિણામનો કર્તા છે. આહા..હા..! મૂળચંદભાઈ! આહા..હા..! આવું છે, પ્રભુ! ઝીણું તો છે પ્રભુ, પણ એકવાર... આહા..હા..! એ કેવળજ્ઞાનાવરણી પ્રકૃતિ પડી એ પરમાણુની પર્યાયમાં પોતાથી કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ, અહીંયા રાગ થયો માટે એનાથી ઉત્પન્ન થઈ એમ નથી. સમજાણું કાંઈ? રાગ નિમિત્ત છે, પણ પ્રકૃતિ ઉત્પન્ન થવામાં એ નિમિત્તથી ઉત્પન્ન થઈ છે એમ નથી. આહા..હા..! અને જે રાગ આવ્યો એ રાગ ઉપર, જેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર નથી, હું તો ચૈતન્યમૂર્તિ છું એવી દૃષ્ટિ નથી એને દયા, દાન, વ્રતનો વિકલ્પ જે છે એ નવા બંધમાં નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને પોતાના જ્ઞાનનો એ વિરોધ કરે છે. રાગને પોતાનો માને છે એ પોતાના સ્વભાવનો ઘાત કરે છે. આહા..હા..! ભારે ભાઈ, ઝીણું.

ધર્મીજીવ સમ્યગ્દૃષ્ટિ જીવ એને કહીએ કે એને જ્ઞાયકસ્વરૂપમાં ચિદાનંદ પ્રભુ ચૈતન્યજ્યોત છું. આહા..હા..! હું તો જ્ઞાનના પ્રકાશનો નૂરનું તેજ છું. એવું જ્ઞાનનું રાગથી ભિન્ન ભાન થયું તો એ જ્ઞાનની પર્યાય રાગના કાળે જેવો રાગ છે એવા જ્ઞાનપરિણામ પોતાથી પોતામાં વ્યાપીને જ્ઞાતાપરિણામના પરિણામ ઉત્પન્ન થાય છે. એય..! આહા..હા..! આવો માર્ગ ક્યાં છે, બાપા! શું કહે? લોકોને ઊંધે રસ્તે ચડાવી દીધા. આહા..હા..!

ભગવાનનો સત્ માર્ગ તો આ છે કે જે જ્ઞાનસત્ સ્વરૂપ પ્રભુ છે, જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ પ્રકાશની મૂર્તિ પ્રભુ છે, એવું જેને રાગથી અને કર્મથી ભિન્ન થઈને ભાન થયું એને ધર્મ થયો, સમ્યગ્દર્શન થયું. એ સમ્યગ્દૃષ્ટિને રાગ આવે છે, પણ રાગને કાળે એ રાગનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! એ રાગનું નિમિત્ત છે માટે જ્ઞાન ઉત્પન્ન થયું એમ પણ નથી. આહા..હા..! પોતાના જ્ઞાનસ્વભાવને કારણે સ્વનું જ્ઞાન અને રાગનું જ્ઞાન પોતાથી પોતામાં પોતાને કારણે ઉત્પન્ન થયું છે. આહા..હા..! એમાં રાગને નિમિત્ત કહેવામાં આવે છે, ઉપાદાન નહિ. ઉપાદાન તો પોતાના પરિણામ પોતાથી થયા છે. રાગનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એ પોતાની જ્ઞાનની પર્યાયમાં વ્યાપીને પોતાથી થયું છે. આમાં ક્યાં ધ્યાન.. દયા પાળવી એ ઝટ દઈને થઈ જાય. ધૂળેય નથી સાંભળને હવે. દયા કોણ પાળતા હતા પરની? તારી દયાની તને ખબર નથી. તારી દયા ત્યારે પાળી કહેવાય કે રાગથી હું ભિન્ન છું અને રાગને કાળે મારું જ્ઞાન મારાથી ઉત્પન્ન થયું છે, ત્યારે એણે આત્માની દયા પાળી. એટલે? કે જેવી એની જીવનસ્થિતિ છે એવી એણે કરી. જ્ઞાનનું ટકવું જેમ છે એવું એણે જાણ્યું. તો એ જ્ઞાનનું જીવનદાન એણે દીધું. આહા..હા..! વાતે-વાતે ફેર બાપુ, ઘણો. સમજાણું કાંઈ? કહો પકડાય છેને શેઠ? વાત પકડાય છેને?

ધર્મીજીવ એને કહીએ કે જેને રાગ ઉત્પન્ન થયો અને એ સમયે કર્મની પર્યાય કર્મથી થાય, પણ ધર્મીજીવ, ‘અજીવ અને રાગ-આસ્રવથી મારી ચીજ ભિન્ન છે’ એવું જેને જ્ઞાન થયું છે એ જ્ઞાનની પર્યાયમાં પોતાથી વ્યાપક થઈને સ્વની અને પરની જ્ઞાનની પર્યાયનો એ કર્તા છે. રાગ અને નિમિત્ત અને બંધનો કર્તા એ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ ભગવાનના લોજિક આ ન્યાય છે. કાયદા તો આ ભગવાનના છે. અરે..! એ કાયદાને સમજવું નહિ અને થઈ ગયો ધર્મ. આહા..હા..! બાપુ! એમને એમ અનંતકાળ ગયો.

અહીં તો જરી પાંચ બોલનો વિચાર આવ્યો હતોને એ (કહ્યો). કેમકે જે રાગ થયો એ તો એ સમયે ઉત્પત્તિનો જન્મકાળ હતો અને એ સમયે જે પ્રકૃતિ બંધાણી એ પણ એમાં પરમાણુ એ પર્યાયમાં એવી પ્રકૃતિ ઉત્પન્ન થવાનો કાળ હતો. બે વાત. ત્રીજી, જ્યારે આત્માનું જ્ઞાન છે એવું ભાન થયું એ સમયે રાગ અને નિમિત્તનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થવાનો સ્વકાળ હતો. આહા..હા..! પ્રભુ! ગજબ છે તારી વાત. આહા..હા..! કહો, દરબાર! એવી વાત ક્યાંય નથી. બધું ગીતા-બીતામાં લખ્યું છે ઈ બધું સમજવા જેવું છે. તમારો કાગળ આવ્યો વાંચ્યો આજે. ગરાસિયા છે. આહા..હા..!

આ તો પરમાત્મા એક સમયની પર્યાયમાં... આહા..હા..! સવારે કહ્યું હતુંને? કે કેવળજ્ઞાનની પર્યાય એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પોતાનું દ્રવ્ય અનંતગુણનો પિંડ એક સમયની પર્યાય જાણે છે. એ પર્યાય દ્રવ્યમાં પેઠા વિના, દ્રવ્યના કાંઠે રહીને (જાણે). આહા..હા..! એ જ્ઞાનની એક સમયની દશા લોકાલોકને જાણે છે અને સ્વદ્રવ્યને જાણે છે, પણ એ પર્યાય દ્રવ્યમાં

પેસીને નથી જાણતી અને એ પર્યાય લોકાલોકમાં પેસીને નથી જાણતી. પોતામાં રહીને સ્વ અને પરને પૂર્ણ જાણે-દેખે છે. આહા..હા..! એય..! ભાઈ! કોણે .. કીધું? માસ્તરે કહ્યું? વાત સાચી માસ્તર. વાત એવી છે, પ્રભુ! તારી બલિહારી છે, નાથ! તારી ચીજ શું છે એની તને ખબર નથી. આહા..હા..!

અહીં તો એ કહેવું છે કે એક સમયની કેવળજ્ઞાનની જે પર્યાય કહી, એ પર્યાય પરમાં પ્રવેશ કર્યા વિના લોકાલોકને જાણે છે અને એક સમયની પર્યાય દ્રવ્ય-ગુણ જે ધ્રુવ છે એમાં પ્રવેશ કર્યા વિના જાણે છે. ..ભાઈ! આવી વાત છે, ભાઈ! હવે મારે બીજું કહેવું છે કે એક સમયની પર્યાય દ્રવ્યમાં પેસ્યા વિના જાણે છે દ્રવ્યને, પરને પણ પેસ્યા વિના જાણે એવી એક ગુણની એક પર્યાયની એટલી તાકાત. તો એવી-એવી અનંતી પર્યાય તો વર્તમાનમાં બીજા ગુણની છે. શ્રદ્ધાગુણની, ચારિત્રગુણની, આનંદગુણની. એવી તાકાત બધામાં એટલી છે. હવે અહીંયાં એક-એક પર્યાય એવી અનંતી પર્યાય ભવિષ્યમાં થાય છે એ બધાનો સમુદાય જ્ઞાનમાં પડ્યો છે અને એવા એક એક ગુણની એવા અનંત ગુણનો પિંડ પ્રભુ એની પ્રતીતિની કિંમત કેટલી? એ સમ્યગ્દર્શનની પર્યાયમાં તાકાત કેટલી? આહા..હા..! સમ્યગ્દર્શન ..માને એ સમ્યગ્દર્શન છે. દેવ-ગુરુ-શાસ્ત્ર માને. ધૂળેય નથી સાંભળને. એ શેઠ! આ તો ધ્યાન રાખે તો સમજાય એવી વાત છે. આ કાંઈ વાર્તા નથી. શું કહે છે? કર્યું છે જ ક્યાં તમાકુ આડે? રૂપિયા ભેગા કરવા માટે. અમે સાંભળ્યું હતું એકવાર હોં! પહેલા શેઠ શરૂઆતમાં સાયકલ લઈને જતા હતા. ગામડામાં બીડીયુંનો પ્રચાર કરવા. પૈસા માટે. ઠીક છે. આહા..હા..!

અરે..! માર્ગ તો પ્રભુ આ છે. શું કહીએ? અરેરે..! પોતાના આત્માની દયા પાળી એમ ક્યારે કહેવામાં આવે? અને આત્માની હિંસા ક્યારે કહેવામાં આવે? એ વાત ચાલે છે. આત્મા એક સમયની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક અને પોતાના અનંતગુણને પર્યાયમાં, દ્રવ્યમાં એક થયા વિના, લોકાલોકમાં એક થયા વિના જાણે છે. આહા..હા..! લોકાલોક નિમિત્ત છે તો જાણે છે એમ નથી. દ્રવ્ય-ગુણની એવી સત્તા છે તો પર્યાય એટલી સત્તાના સામર્થ્યથી જાણતી નથી. પોતાની પર્યાયના સામર્થ્યથી જ દ્રવ્ય-ગુણ અને લોકાલોકને જાણે છે. આહા..હા..!

એક પર્યાય એ જ્ઞાનગુણની એટલી એક સમયની પર્યાય એટલી તાકાત રાખે છે એવી અનંતી પર્યાયનો જ્ઞાનગુણ પિંડ છે. એવા-એવા અનંતગુણનો પિંડ દ્રવ્ય છે. આહા..હા..! એની શ્રદ્ધા કરવામાં કેટલી તાકાત શ્રદ્ધામાં છે? કે એ પર્યાય શ્રદ્ધા જે અંતર્મુખમાં વળે છે એનું એટલું સામર્થ્ય છે કે વિકલ્પથી ભિન્ન પડી જાય છે. વિકલ્પથી ભિન્ન પડી નિર્વિકલ્પ પ્રતીત થાય છે. આહા..હા..! સમજાય છે થોડું? ગંભીર વાત છે, ભગવાન! આહા..હા..! અમરચંદભાઈ! આહા..હા..!

જુઓ, સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યગ્દર્શન ચોથે ગુણસ્થાને હોં! આહા..હા..! એ પર્યાયમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાય થઈ એની પ્રતીતિ છે, લોકાલોક છે એની પ્રતીતિ છે અને એવી

અનંતી પર્યાય દ્રવ્યમાં છે એની પ્રતીતિ છે. એ સ્વપર વસ્તુ જે છે એની પ્રતીતિ સમ્યગ્દર્શનની પર્યાયમાં છે. એ સમ્યગ્દર્શનની પર્યાયની તાકાત કેટલી? કે આખા દ્રવ્ય-ગુણ અને લોકાલોકને પાચન કરે છે. જેમ અગ્નિ દાણાને પકવે છે. પકાવે છે. એમ શ્રદ્ધાની એક સમયની પર્યાય લોકાલોક અને દ્રવ્ય-ગુણને પચાવે છે, પ્રતીત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાત હવે નીકળી થોડી થોડી. આહા..હા..! ભાઈ! તેં તારી ચીજને સાંભળી નથી નાથ! એક આ વ્રત કર્યા, ભક્તિ કરી, પૂજા કરી, જાત્રા કરી, થઈ ગયો ધર્મ. ધૂળેય નથી સાંભળને. ધૂળ નથી અર્થાત્? સારુ પુણ્ય પણ એમાં નથી. આહા..હા..! સમ્યગ્દષ્ટિને જે પુણ્ય બંધાય એવું મિથ્યાદૃષ્ટિને પુણ્ય પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અંતરમાં તો વાત ઘણી આવતી હતી. થોડી-થોડી આવી. આહા..હા..! અહીંથી ઉઠ્યા પછી પાંચ બોલ કહ્યા હતાને તમને. રસ્તામાં કહ્યા હતા. આહા..હા..! આ તો ભગવાનના સમીપની વાત છે, પ્રભુ! આહા..હા..! ઓહો..હો..! ૧૦૧ ગાથા. જ્ઞાનાનંદનો દરિયો ઉછાળ્યો છે. ભગવાન આનંદકંદની પર્યાય ઉછાળી છે. આહા..હા..! જેણે પોતાનો આત્મા એ કેવળજ્ઞાનની પર્યાય આદિ અનંત પર્યાયનો પિંડ એક ગુણ અને એવા અનંતગુણનો પિંડ પ્રભુ, એનું જ્ઞાન કરીને, એ જ્ઞેયનું જ્ઞાન કરીને પ્રતીતિ કરે છે, ભાઈ! એ પ્રતીતિનું સામર્થ્ય કેટલું? સમજાણું કાંઈ? આહા..હા..! એ પ્રતીતિની પર્યાયની કિંમત કેટલી? એ કિંમતની ખબર વિના, પ્રતીતિના અનુભવના સમકિત વિના જે કાંઈ વ્રત ને તપ ને કરે એ બધા એકડા વિના મીંડા ચાર ગતિમાં રખડવાના છે. સમજાણું કાંઈ? એય! શેઠ! કરવું આ. આત્મા કેટલો સામર્થ્યવાળો છે અને કેટલી શક્તિવાળો છે એવી પર્યાયમાં શ્રદ્ધા કરવી એ કરવાનું છે પહેલું. આહા..હા..!

સમ્યગ્દર્શનનો અર્થ શું? સમ્યક્-સત્યદર્શન. સમ્યક્નો અર્થ સત્યદર્શન. તો સત્યદર્શનનો અર્થ શું? કે જેટલો સત્ય પ્રભુ પૂર્ણાનંદ અનંત પર્યાયનો પિંડ અને અનંતગુણનો પિંડ એવું જે પૂર્ણ સત્ છે, વિકારથી ભિન્ન છે, નિમિત્તથી ભિન્ન, અજીવથી ભિન્ન છે. આહા..હા..! અને પોતાના પૂર્ણસ્વભાવથી અભિન્ન છે. સમજાણું કાંઈ? એની પ્રતીતિ કરવી એ વિકલ્પથી ભિન્ન થઈને પ્રતીતિ થાય છે. એટલી તાકાત શ્રદ્ધામાં છે. આહા..હા..! ચીમનભાઈ! વાત તો આવી ભાઈ! આવું તો સ્પષ્ટીકરણ આવ્યું. આહા..હા..! ભાઈ! તારી ચીજ શું છે? અને પ્રતીતિમાં--સમ્યગ્દર્શનમાં કેટલું સામર્થ્ય છે? સમજાણું કાંઈ? પછી ચારિત્ર. સમ્યગ્દર્શન વિના ચારિત્ર કેવું? વ્રત ને તપ એ બધા બાળતપ અને બાળવ્રત છે. સમજાણું કાંઈ? એ મૂર્ખાઈ ભરેલા વ્રત અને મૂર્ખાઈ ભરેલા તપ. બંધ અધિકારમાં લીધું છે સમયસારમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મા જે પોતાની કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ કરે છે એક જીવની, એવા તો અનંત સિદ્ધો છે, એવા તો લાખો કેવળી છે. એ બધાની કેવળજ્ઞાનની પર્યાય પણ, એક કેવળજ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધોની પર્યાય પણ જણાય છે. આહા..હા..! એવું જે એક સમયની પર્યાયનું

અસ્તિત્વ એવી અનંતી પર્યાયનો પિંડ જે ગુણનું અસ્તિત્વ અને એવા અનંતગુણનો પિંડ જે દ્રવ્યનું અસ્તિત્વ સમ્યક્ સત્ જેવડું છે એવડા સત્‌ની અંદર પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમ્યગ્દર્શન કહ્યુંને? સમ્યક્ એટલે સત્ય. સત્યદર્શન. તો સત્ય એવડું પરિપૂર્ણ છે એનું દર્શન—શ્રદ્ધા નામ સત્યદર્શન. જાંજરીજી! આહા..હા..!

ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ. આહા..હા..! વીતરાગી કરુણાથી આ વાત કરી છે. આહા..હા..! પ્રભુ! તું સાંભળ તો ખરો. તારા ઘરની ચીજ શું છે એની ખબર નથી તને. 'અબ હમ કબહુ ન નિજઘર આયે, પર ઘર ભમત અનેક નામ ધરાયે, અબ હમ કબહુ ન નિજઘર આયે.'

નિજઘર ક્યાં છે? કેવડું છે? એની ખબર ન મળે. કો'કના ઘરમાં જાવું હોય અને કો'કના ઘરમાં ઘૂસી જાય ચંડાળિકાના ઘરમાં. એય..! પોતાનું નિજાનંદ ઘર છે એમાં ન જતાં રાગ ને પુણ્ય ને નિમિત્તના ઘરમાં ઘૂસી ગયો. આહા..હા..! શેઠ! આહા..હા..! એ તો આવવાની હોય ત્યારે આવે. ભાષાનો કર્તા કાંઈ આત્મા છે? આહા..હા..! બહુ-બહુ અંદર ભાસે છે, થોડું થોડું કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ક્રમબદ્ધ સિદ્ધ થાય છે, વ્યવહારથી નિશ્ચય થાય નહિ એ સિદ્ધ થાય છે, નિમિત્તથી ઉપાદાનમાં થાય એનો પણ નિષેધ થઈ જાય છે અને એક સમયની પર્યાયમાં આત્મા જાણે એવી અનંતી પર્યાયનો તે જ્ઞાતા એની પ્રતીતિ સમ્યગ્દર્શન કરે છે, ભવનો અંત નિર્ગ્રંથ છે. મને વળી એક શબ્દ એ આવ્યો. પૂર્ણાનંદના નાથ તરફ ઢળીને પ્રતીતિ થઈ તો રાગથી ભિન્ન થયો તો નિર્ગ્રંથ દશા થઈ ગઈ. સમજાણું કાંઈ? પ્રથમ સમ્યગ્દર્શનમાં નિર્ગ્રંથદશા એમ કહેવામાં આવે છે. ગ્રંથ નામ રાગથી ભિન્ન થઈને પૂર્ણાનંદના નાથનો અનુભવ કરવો એનું નામ નિર્ગ્રંથદશા કહેવામાં આવે છે. છઠ્ઠે ગુણસ્થાને નિર્ગ્રંથદશા એ વળી જુદી. એ તો અલૌકિક વાત છે. એ તો વાતું ભાઈ, અત્યારે... હા, એ તો બીજી વાત.

અહીં તો સમ્યગ્દર્શનમાં જેટલું પૂર્ણ સત્ વસ્તુ જે પોતાની છે એ તરફ વળવાથી રાગથી ભિન્ન થઈ જાય છે. રાગથી ભિન્ન થઈ જાય એટલી નિર્ગ્રંથતા, ગ્રંથ નામ રાગ એમાંથી નીકળી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આજનું વળી બધું ઝીણું છે, બાપુ! આહા..હા..!

એવી જ્ઞાનાવરણીયની પ્રકૃતિ પાંચ. પાંચ છેને? મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યય અને કેવળજ્ઞાન. એ પરમાણુની પર્યાય તો પરમાણુથી ઉત્પન્ન થાય છે, આત્માથી નહિ. એ કાળે જે રાગાદિ પુણ્યાદિનો ભાવ થયો એ ભાવ એમાં નિમિત્ત કહેવામાં આવે છે. કોનો? કે જે રાગભાવ પોતાના જ્ઞાયક સાથે ભેળવીને કર્તા થાય છે એ રાગ નવી પ્રકૃતિ એને કારણે બંધાય છે એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે, જ્ઞાનીનો રાગ નહિ. કારણ કે જ્ઞાનીનો રાગ નથી, જ્ઞાનીનું તો જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પણ આવી ગયું છે. જ્ઞાની, જે રાગથી ભિન્ન, વિકલ્પથી ભિન્ન, નિમિત્તથી ભિન્ન, એક

સમયની પર્યાયથી ભિન્ન... આહા..હા..! એવો પૂર્ણાનંદ પૂર્ણસત્ય પ્રભુ એનો વિશ્વાસ, પ્રતીતિ, દૃષ્ટિમાં આવ્યો.. આહા..હા..! તો એ તો રાગથી એકત્વબુદ્ધિ મિથ્યાત્વમાં હતી એ વિકલ્પબુદ્ધિ છૂટી ગઈ. નિર્ગ્રંથદશા થઈ ગઈ. આહા..હા..! ચોથા ગુણસ્થાનને લાયક. આહા..હા..! અને એવી દશા થયા વિના મુનિપણાની નિર્ગ્રંથદશા કદી આવતી નથી. સમજાણું કાંઈ? એય સુમનભાઈ! બરાબર આવ્યા છે. બરાબર ઠીક પણ. આવી વાત પહેલીવહેલી નીકળે છે હોં! આટલું સ્પષ્ટીકરણ અત્યાર સુધી આટલા વર્ષમાં થયું નથી. આજે આવી ગયું. આહા..હા..! એ પાંચ આવરણ લીધા.

એમ 'દર્શનાવરણ,...' દર્શનાવરણીયમાં પણ કેવળદર્શનાવરણીય જે પર્યાય છે જડની એ તો જડથી થાય છે, પણ એમાં નિમિત્તકર્તા કોને કહીએ? કે જે દર્શનાવરણીય બંધમાં નિમિત્ત વિકાર છે એ વિકારનો કર્તા થાય છે એ વિકારના પરિણામ એમાં નિમિત્ત કહેવામાં આવે છે, જ્ઞાનીને નહિ. આહા..હા..! કેમકે જ્ઞાની તો જ્ઞાનસ્વભાવ છે. સવારે આવ્યું હતું. વસ્તુનો સ્વભાવ ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ. ધોકડા-ધોકડા હોય છેને? ધોકડા સમજો છો? આ રૂ-રૂ. રૂનો પચ્ચીસ મણનો.. શું કહે છે? ધોકડા કહે છે? રૂ-રૂની ગાંઠડી. પચ્ચીસ મણની ગાંઠડી નથી હોતી રૂની? એમાં એકલું રૂ જ ભર્યું છે. એમ ભગવાન જ્ઞાનની ગાંઠડી છે. અરેરે..! સમજાણું કાંઈ? નમુનો કાઢે છેને થોડો કે જુઓ, આ રૂ આવું છે. લ્યો, તમારે કેટલા પૈસા દેવા છે? એમ આત્મા જ્ઞાનની ગાંઠડી છે. એમાંથી સમ્યગ્જ્ઞાનનો અંશ કાઢી લીધો અંદરથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો બહુ ભર્યું છે, ભાઈ! આમાં લાંબુ-લાંબુ કરે તો ઓહોહો..! ૧૪૮ પ્રકૃતિનું વર્ણન છે, ભાઈ! ૧૪૮ પ્રકૃતિ આવે છેને છેલ્લે? કર્મફળ. છેલ્લે સમયસારમાં આવે છે, એ ૧૪૮ પ્રકૃતિનના ફળને હું ભોગવતો નથી. આહા..હા..! ધન્ય અવતાર! પ્રકૃતિ હોય. ૧૪૮ આવે છે. કર્મ આઠ એની પ્રકૃતિ ૧૪૮. આહા..હા..!

કહે છે કે ૧૪૮ પ્રકૃતિનો ઉદયભાવ જે છે એ ફળને હું ભોગવતો નથી. હું તો એનો જ્ઞાતા-દૃષ્ટા થઈને જ્ઞાનને ભોગવનારો આત્મા છું. આહા..હા..! જુઓ, આ ધર્મદશા! સમજાણું કાંઈ? આહા..હા..! સમયસાર તો ગજબ કામ કર્યું છે. ભરતનું અદ્વૈતચક્ષુ છે. અજોડચક્ષુ સમયસાર. એ સમયસાર શબ્દ અને સમયસાર આત્મા—બે. સમજાણું કાંઈ? આહા..હા..! એ એમાં આવ્યું છે. બનારસી વિલાસ છેને? પ્રણવમંત્રનું માહાત્મ્ય લખ્યું છે. આપણે છપાઈ ગયા છે, (સંવત) ૧૯૯૫ની સાલમાં. ૐકાર શબ્દના બે પ્રકાર—એક વાણી અને એક ભાવ. એક આત્મિક અને એક પુદ્ગલ. ૐ વિકલ્પ જે ઉઠે છે એ પુદ્ગલનો ભાવ અને વિકલ્પની પાછળ ભગવાન આખો પડ્યો છે એ ભાવ ૐ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં છે ઈ. જુઓ, આ પુસ્તક છપાયું હતું. 'ૐકાર' શબ્દ વિશદ યાકે ઉભયરૂપ, એક આતમીક ભાવ એક પુદ્ગલકો; આહા..હા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ છે એ તો ભાવૐકાર છે અને વિકલ્પ ઉઠે છે ૐ... ૐ... ૐ... એ પુદ્ગલનો વિકાર છે. આહા..હા..! લોકો કહે છે કે

.. ૐ... ૐ.. પણ એ તો વિકલ્પ છે. પોતાનું ૐ સ્વરૂપ જે ત્રિકાળ પંચપરમેષ્ઠીના પૂર્ણ પુંજરૂપ આત્મા એમાં એકાગ્ર થવું એ ધ્યાન છે. ૐ-ૐ જપવું એ તો વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાણી છેને એટલે લીધું છે. આહા..હા..! એમાં ત્યાં સુધી લીધું છે.

બનારસીદાસ... 'ઐસો ૐકાર કંઠ પાઠ તોહિ આયો હૈ' તારા કંઠમાં ૐ જે આવ્યો, તો ૐભાવ શુદ્ધતા લઈને ઉઠ્યો છે અંદરથી. એનું નામ ૐ ધ્યાન કરવાલાયક કહ્યું. છે? અને 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે...' ત્રણલોકના નાથ જિનેશ્વરની ધ્વનિ ૐ વાણી કંઠ હલે નહિ. ૐધ્વનિ છૂટે. આવી ભાષા ન હોય કેવળીને. ૐ ધ્વનિ હોઠ બંધ, કંઠ બંધ. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ચાર જ્ઞાનના ધણી ગૌતમ આદિ ગણધરો એ સૂત્રમાંથી અર્થ કાઢે છે અને બાર અંગની રચના કરે છે. છે? 'સો સત્યાર્થ શારદા...' સત્યાર્થ શારદા. આહા..હા..! પૂર્ણાનંદના નાથની વાણી સત્યાર્થ શારદા છે. અન્યમતિમાં છેને? વાઘ ઉપર સરસ્વતી બેસાડેને. એ નહિ. આહા..હા..! આ તો વાકેશ્વરી. દિવ્યધ્વનિ વાકેશ્વરી છે એ. અંદર લખ્યું છે હોં! જુઓ, 'નમો દેવી વાકેશ્વરી જૈનવાણી.' વાક-ઈશ્વર હોં. વાણીમાં ઈશ્વર વાણી ધ્વનિ ભગવાનની. 'નમો દેવી વાકેશ્વરી...' વાકેશ્વરી. વાગેશ્વરી નહિ. સમજ્યા? મારે તો અહીં બીજું કહેવું છે.

'ચિદાનંદ ભુપાલ કી રાજધાની...' ભગવાનની વાણી સંસ્કૃતમાં હોય, પ્રાકૃતમાં હોય કે દેશભાષામાં હોય. ભાઈ! ત્રણ લીધી ત્રણ. ભગવાન ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ ચાહે તો સંસ્કૃતમાં હોય, પ્રાકૃતમાં હોય, દેશભાષામાં હોય, પણ 'ચિદાનંદ ભુપાલ કી રાજધાની...' જ્ઞાનાનંદ ભુપાલ નામ રાજા એની વાણી રાજધાની છે. આહા..હા..! 'નમો દેવી વાકેશ્વરી જૈનવાણી.' એ તે દિ' છપાવ્યું છે હોં! ૩૭ વર્ષ પહેલાં. આહા..હા..! કોઈ વખતે કામ આવી ગયું. આહા..હા..!

અહીં કહે છે કે દર્શનાવરણીય એની પાંચ પ્રકૃતિ છે. એ પ્રકૃતિ બંધાય છે તો પરમાણુની પર્યાયનો સ્વકાળ છે માટે બંધાય છે. આણે અશાતના કરી માટે બંધાય છે એમ નથી. એ અશાતના તો નિમિત્ત છે અને એ અશાતના નિમિત્તકર્તા પણ કોને કહે છે? કે જે અશાતનાના પરિણામ જે વિકાર છે એનો કર્તા થાય છે એને બંધની પ્રકૃતિમાં નિમિત્ત કહેવામાં આવે છે, પણ ધર્મીજીવ એને જે દોષ થોડો થયો એનો પણ જ્ઞાતા છે. કેમકે આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. એ રાગસ્વરૂપ નથી. તો રાગનું પણ જ્ઞાન અને પોતાનું પણ જ્ઞાન, સ્વપરપ્રકાશક જ્ઞાન કરે છે એમાં રાગ અને બંધન જે છે એ તો નિમિત્ત કહેવામાં આવે છે. જ્ઞાનને જાણવામાં નિમિત્ત. ઉપાદાન તો પોતાથી થયું છે. આહા..હા..! અરે..! આવો વીતરાગમાર્ગ! અરે..! જેને કાને ન પડે એ બિચારા ક્યાં જશે? આ..હા..! સત્યના ઢંઢેરા છે. સત્યનો પોકાર છે.

ભાઈ! તું સત્ પ્રભુ છો, તેમાં વિકાર નથી, તેમાં પર નથી, તેમાં અલ્પજ્ઞપણું નથી.

આહા..હા..! સમજાણું કાંઈ? એવો પૂર્ણાનંદનો નાથ ભગવાન રાગથી ભિન્ન થઈને જેને સમ્યક્ અનુભવ થયો એને તો એ રાગ અને બંધ છે એ જ્ઞાન પોતાથી વ્યાપક થઈને ઉત્પન્ન થયું એમાં એ ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી જ્ઞાન થયું એમ પણ નહિ. સ્વપરપ્રકાશક જ્ઞાન નિમિત્તથી થયું એમ નથી. પોતામાં વ્યાપક થઈને પોતાથી ઉત્પન્ન થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ આ લાકડી છે. એ લાકડી સંબંધી જ્ઞાન અહીં થયું, પણ એ જ્ઞાન તો પોતાથી પોતામાં થયું છે. પોતાને જાણીને અને એને જાણવાની પર્યાય પોતાથી થઈ છે, એમાં એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! એનું જ્ઞાન જે થયું એ તો પોતાના જ્ઞાનથી થયું. એ જ્ઞાન પોતાથી થયું એમાં નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી જ્ઞાન ઉત્પન્ન થયું એમ નથી. આહા..હા..!

અરે..! જ્યારે જ્ઞાનની પર્યાય સ્વતઃ ઉત્પન્ન થાય છે તો રાગથી નહિ, તો રાગથી નિશ્ચય સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે.. અરે ભગવાન! ક્યાં લઈ ગયો તું? સમજાણું કાંઈ? મોટી અત્યારે ઝંઝટ ઉઠી છે. વ્યવહારને સાધન કહો નહિતર એકાંત છે. અરે પ્રભુ! સાંભળ તો ખરો. એ રાગ તો વિકલ્પ છે. એ રાગ બંધનું કારણ છે એ મોક્ષનું કારણ કેમ થાય? લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે? આહા..હા..! સમયસાર છે ભાઈ, આ. એ તો બહેન પાસે હશે. તમારી પાસે હોય... ... સમયસારનો તો ઘણો પ્રચાર થયો છેને. આજે સવારમાં જરી નવું હતું. પરમાત્મપ્રકાશ. આહા..હા..! ભાઈએ જોયું કે આ શું છે? સમયસાર છે ભગવાન! આહા..હા..!

ત્રણલોકનો નાથ ચૈતન્યબિંબ પ્રભુ આત્મા એ સમયસાર છે. આ તો શબ્દ સમયસાર છે. સાકર શબ્દ છે એ સાકર પદાર્થને બતાવે છે, પણ એ સાકર પદાર્થમાં સાકર શબ્દ નથી, તેમ સાકર શબ્દમાં સાકર પદાર્થ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ સમયસાર તો શબ્દ છે, એમાં આત્મા નથી, તેમ આત્મામાં સમયસાર શબ્દ નથી. આહા..હા..! આવી વાત છે, ભગવાન! આહા..હા..! લ્યો ટાઈમ થઈ ગયો. વિશેષ આવશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૧૦, શુક્રવાર, તા. ૦૩-૯-૧૯૭૬, ગાથા-૧૦૧, પ્રવચન નં. ૧૭૪

સમયસાર, ગાથા-૧૦૧. દૃષ્ટાંતથી જ્ઞાનાવરણીયનું સિદ્ધ કર્યું એમ મોહનીયકર્મ સુધી આવ્યું છે આપણે. શું કહે છે? કે જેમ ગોરસના ખાટા-મીઠાં પરિણામ જે થાય છે એ ગોરસથી થાય છે. એ ગોરસને જોનાર પોતાના જોવાના પરિણામથી પરિણામી આત્માથી વ્યાપ્ત થઈને... આહા..હા..! સમજાણું કાંઈ? એ ગોરસના પરિણામને દેખે છે, એમ. એ તો દૃષ્ટાંત થયું.

પોતાના આત્મામાં જે રાગ અને દ્વેષાદિ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ થાય છે એ વિકાર છે. નવું કર્મ બંધાય છે, નવું જે કર્મબંધન થાય છે એ તો પોતાની પર્યાયથી કર્મ બંધાય છે. તે કાળે એ જ પરમાણુની કર્મરૂપ પરિણમન થવાની લાયકાતથી થાય છે, એમાં આત્મા એનો કર્તા નથી. અને જેને રાગ-દ્વેષ પરિણામ થયા દયા, દાન, વ્રત, ભક્તિ આદિના, એ પરિણામનો અજ્ઞાની કર્તા થાય છે. કેમકે ભગવાન આત્મા તો જ્ઞાનદર્શનસ્વરૂપ છે. આત્મા તો જ્ઞાનદર્શનસ્વભાવનો પિંડ છે, એ તો જાણવા-દેખવાની ક્રિયા કરનારો છે. આહા..હા..! બરાબર છે? એ બહારની વસ્તુને જાણવાની અહીંયા વાત નથી. જ્ઞાનસ્વભાવ અને દર્શનસ્વભાવ એ ત્રિકાળી જ્ઞાનદર્શનસ્વભાવનો તો પિંડ આત્મા છે. એની જેને અનુભવની દૃષ્ટિ નથી એ રાગાદિનો કર્તા થાય તો રાગ નવા કર્મબંધનમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! અરે..! આ તે કાંઈ નવ તત્ત્વની ભિન્નતા. સમજાણું કાંઈ?

જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથે ગુણસ્થાને હોય, પણ 'હું જ્ઞાનદર્શનસ્વભાવસ્વરૂપ છું' મારામાં એ રાગ દયા, દાનનો વિકલ્પ એ મારી ચીજ નથી, મારામાં છે નહિ, હું એનો કર્તા નથી. આહા..હા..! એવો ભગવાન જ્ઞાન-દર્શનસ્વભાવ સર્વજ્ઞે કહ્યો અને એવો અહીંયા છે. એવો જ્ઞાન, દર્શનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટાનો રાગથી ભિન્ન થઈને, અજીવ જે બંધન થાય છે એનાથી પણ ભિન્ન થઈને પોતાના જ્ઞાનનો વેદન-સ્વભાવનો અનુભવ કર્યો, જેને જ્ઞાનની સાથે જ્ઞાનના અનુભવમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એને સમકિતદૃષ્ટિ કહે છે. આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિ જીવને વ્યવહાર રાગ આવે છે, પણ એ રાગનો કર્તા નથી થતો. રાગના કાળે પોતાના જ્ઞાતા-દૃષ્ટાનું ભાન છે એ કારણે રાગને કાળે પોતાનું જ્ઞાન અને પરના જ્ઞાનપણે આત્મા પરિણમે છે. અરે..! ઝીણી વાતું બહુ, બાપુ! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ ધર્મી એને કહીએ કે જેને આત્મા જ્ઞાન-દર્શન-આનંદનો અનુભવ થયો. એ અનુભવમાં અપૂર્ણતા છે, પૂર્ણતા નથી તો રાગ આવ્યા વિના રહેતો નથી. તો જે પ્રકારનો જેટલો રાગ આવે છે દયા, દાન, વ્રત, ભક્તિ, અરે..! અશુભરાગ પણ થાય છે, તો જે

પ્રકારનો રાગ અને દ્વેષ વાસના આદિ થાય એ પ્રકારે અહીંયાં આત્મા સ્વનું જ્ઞાન અને પરના જ્ઞાનપણે પોતાથી પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એમાં જ્ઞાતા-દ્રષ્ટાના ભાનમાં ધર્મીને રાગનું જ્ઞાન થાય છે તો પોતાનું જ્ઞાન પોતાથી થાય છે એમાં રાગ નિમિત્ત કહેવામાં આવે છે અને કર્મ બંધન જે થાય છે એ પણ અહીં જ્ઞાનમાં જાણવામાં નિમિત્ત કહેવામાં આવે છે. જાણવું તો રાગનું અને કર્મબંધનનું પોતાથી પોતાને કારણે સ્વપરપ્રકાશક પરિણમનમાં વ્યાપીને પોતાથી પરિણમે છે. આવી વાતું ભારે, ભાઈ! ઓલું સહેલુંસટ હતું. આ વ્રત કરવા, અપવાસ કરવા એ ધર્મ છે એ બધું સહેલું હતું અજ્ઞાન. એ તો અનાદિનું કર્યું છે અજ્ઞાનમાં. સાંભળ તો ખરો. તારી ચીજ શું છે?

એ તો જ્ઞાન-દર્શનનો અપ્રતિહત સ્વભાવનો પિંડ છે એને આત્મા કહીએ. એવા આત્માની સ્વસન્મુખ થઈને વ્યવહારનો રાગ છે એનાથી પણ વિમુખ થઈને પોતાના સ્વભાવસન્મુખ થઈને જ્ઞાનનું વેદન આનંદનું આવ્યું એ જ્ઞાનીને રાગ આવે તો એ રાગનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન પોતાથી કરે છે. આટલું બધું કોને આવડે? અનંતકાળ થયો, ભાઈ! નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, નરક અને નિગોદના અનંતભવ કર્યા, બાપુ! આહા..હા..! નિગોદમાં એક શ્વાસમાં ૧૮ ભવ. નિગોદ સમજ્યા? આ લીલ, ફૂગ, કાય આ પાણી ઉપર (થાય). એક શ્વાસમાં ૧૮ ભવ એ મિથ્યાત્વને કારણે. મિથ્યાત્વનો અર્થ રાગ અને અજીવ એ ભિન્ન ચીજ છે એને પોતાની માને છે અને એનાથી—રાગથી લાભ થાય છે. એ મિથ્યાત્વને કારણે એણે નરક અને નિગોદના અનંતભવ કર્યા. સમજાણું કાંઈ? કઠણ વાત, પ્રભુ! પરમાત્માની વાત તો આ છે. ભગવાનનો સંદેશ તો આ છે. આહા..હા..! જગતને ન બેસે, ઓછું બેસે એટલે કાંઈ ચીજ ફરી જાય છે? ચીજ તો છે ઈ છે. આહા..હા..!

અહીંયાં મોહનીય સુધી આવ્યું. હવે આયુષ્ય. સમ્યગ્દ્રષ્ટિ જે આત્મજ્ઞાની છે, જે દયા, દાનના વિકલ્પનો પણ કર્તા નથી અને આત્મા એનો જ્ઞાતા છે એવા જીવને આયુષ્ય બંધાય છે. હજી પૂર્ણ વીતરાગતા નથી થઈ તો આયુષ્ય બંધાય છે. આયુષ્ય બાંધવામાં મનુષ્યમાં જે સમકિતી થાય છે એને પરિણામ આવે છે સ્વર્ગના દેવના બંધનના ભાવ. સરાગ પરિણામ એ પરિણામથી આયુષ્યનું જે બંધન થાય છે એ તો આયુષ્યના પરમાણુ આયુષ્યને કારણે બંધાયા છે, પણ એ સમયે જે રાગ આવ્યો, આયુષ્ય બાંધવામાં નિમિત્ત; જ્ઞાનીને એ જ્ઞાનમાં રાગ અને આયુષ્યબંધનું જ્ઞાન થાય છે. આહા..હા..! નવ તત્ત્વ ભિન્ન ભિન્નની ખબર ન મળે. સમજાણું કાંઈ?

એ કહે છે આયુષ્ય. અહીં તો મોટી ચર્ચા છે, પણ હવે ટૂંકું-ટૂંકું કરીએ છીએ. આચાર્યે તો ગોરસનું દૃષ્ટાંત આપીને આખી વાતને સ્પષ્ટ કરી નાખી છે. આહા..હા..! ધર્મીજીવ સમ્યગ્દ્રષ્ટિ ચોથે ગુણસ્થાને હોય ત્યારથી એને રાગ થાય અને આયુષ્ય પણ બંધાય, આયુષ્ય બંધાય એ તો અજીવની પર્યાય અજીવથી થઈ છે અને રાગ આવ્યો એ આસ્રવ છે, પણ એ આસ્રવનો

સમકિતી જ્ઞાતા છે, કર્તા નહિ. એ કારણે આસ્રવ અને બંધનની જે પ્રકૃતિ થઈ એનો સ્વપરપ્રકાશક જ્ઞાતા પોતાની પરિણતિથી એને જાણે છે. આહા..હા..! આમાં કેટલું સમજવું? સમજાણું કાંઈ? આયુષ્ય. મનુષ્ય હોય સમકિતી કે સાધુ આત્મજ્ઞાની ધર્માત્મા (હોય). પંચમકાળ છે તો એમને તો સ્વર્ગમાં જ જવાનું છે. સમજાણું કાંઈ? સ્વર્ગનું આયુષ્ય જે બંધાય એ તો પ્રકૃતિ પરમાણુની યોગ્યતાથી બંધાય છે, પણ એમાં જે રાગ આવ્યો એ રાગને આયુષ્ય બંધનમાં નિમિત્ત કહેવામાં આવે છે અને એ જ્ઞાનીને આયુષ્ય બંધાણું અને જે રાગ થયો એ રાગ અને આયુષ્ય બંધનો અહીં જ્ઞાતા થાય છે—એનું જ્ઞાન થાય છે. આહા..હા..! કેમકે જીવસ્વભાવ છે એ તો જ્ઞાનદર્શન છે. એ જ્ઞાન-દર્શનમાં રાગનો જ્ઞાતા-દૃષ્ટા અને કર્મબંધનનો જ્ઞાતા-દૃષ્ટા થાય છે. કારણ કે એનો સ્વભાવ તો જ્ઞાન-દર્શન છે. આહા..હા..! શેઠ!

અને દેવનું આયુષ્ય. સમકિતી દેવ થાય છે. શક્રેન્દ્ર અત્યારે છે. ઈન્દ્ર, ઈન્દ્રાણી પહેલા સ્વર્ગમાં છે, સમકિતી છે, આત્મજ્ઞાની અનુભવી છે. રાગથી પૃથક્ પોતાના આનંદનો અનુભવ કર્યો છે. સ્વર્ગના જીવ છે તો મનુષ્યનું આયુષ્ય બાંધે. કોણ? સમકિતી. અજ્ઞાની જે મિથ્યાદૃષ્ટિ છે ત્યાં એ તો તિર્યંચમાં પણ જાય, સ્વર્ગમાંથી નીકળીને તિર્યંચ-ઢોર-પશુમાં જાય છે, એકેન્દ્રિયમાં પણ જાય છે. જેણે રાગને પોતાનો માન્યો છે એ મિથ્યાદૃષ્ટિ સ્વર્ગમાંથી એકેન્દ્રિય લીલોતરીમાં ચાલ્યા જાય છે. પૃથ્વી... સમજાણું કાંઈ? આહા..હા..! પાણી. પૃથ્વીના એક કણમાં અસંખ્ય જીવ છે. ખાણમાં. ખાણ હોય છેને, પૃથ્વી. એક કણમાં અસંખ્ય જીવ છે. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ છે અને વનસ્પતિ લીંબડાનું એક પાંદડુ લ્યો તો એક પાંદડામાં અસંખ્ય જીવ છે. આ પાંદડા નથી? અસંખ્ય શરીર અને શરીરદીઠ એક-એક જીવ છે. આહા..હા..! અને લસણનો ટૂકડો આટલો લ્યો તો એમાં અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં અનંત અનંત જીવ છે. આહા..હા..! સ્વર્ગનો દેવ કોઈ પુણ્ય કર્યું હતું, ધર્મનું ભાન નહોતું. દયા, દાન, વ્રત, ભક્તિ કર્યા તો પુણ્ય બંધાણા, સ્વર્ગમાં ગયો. છે મિથ્યાદૃષ્ટિ. આસ્રવથી ભિન્ન પોતાના આત્માનો અનુભવ તો છે નહિ. એ સ્વર્ગમાં ગયો ત્યાંથી જે આયુષ્ય બંધાય એ તો કોઈ મનુષ્યમાં પણ જાય અને કોઈ તિર્યંચ—પશુમાં પણ જાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** સ્વર્ગમાં ઉપદેશ મળતો હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સ્વર્ગમાં ઈન્દ્ર આદિ ભગવાન પાસે આવે છે. અત્યારે આવે છે ભગવાન પાસે મહાવિદેહ ક્ષેત્રમાં. ઈન્દ્ર, ઈન્દ્રાણી આ કહ્યુંને. બાવન જિનાલય છે, આઠમો નંદીશ્વર દ્વીપ છે. આ પહેલો દ્વિપ છે જંબું, ધાકતી એવા આઠમો દ્વિપ છે. ત્યાં બાવન જિનાલય છે. એક-એક જિનાલયમાં ૧૦૮ રત્નની પ્રતિમા છે. અષ્ટાહ્નિકા જ્યારે હોય છેને કારત સુદ આઠમથી પુનમ, ફાગણ સુદ આઠમથી પૂનમ, અષાઢ સુદ આઠમથી પુનમ. ત્રણ અષ્ટાહ્નિકા આવે છેને? અષ્ટાહ્નિકા એટલે આઠ અહ્નિકા દિવસ. સમકિતી જીવ છે, રાગ આવે છે. ભગવાન પાસે જાય છે ત્યાં નાચે છે, પણ એ નાચવાની ક્રિયાનો પણ જ્ઞાતા છે,

અને રાગ આવ્યો એનો પણ જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાની છે તો રાગનો કર્તા થાય છે અને નાચવાની ક્રિયા પણ મારાથી થાય છે એમ માનીને મિથ્યાત્વનું સેવન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત આકરી, ભાઈ! વર્તમાન એ સ્થિતિ એવી થઈ ગઈ, ગડબડ બધી થઈ ગઈ.

અહીંયા કહે છે કે મનુષ્ય જ્યારે સ્વર્ગનું આયુષ્ય બાંધે છે તો એને કષાયની મંદતા હોય છે. એનાથી (સ્વર્ગનું) આયુષ્ય બંધાઈ જાય. પણ એ કષાયની મંદતાનો પણ એ સમયે જેટલો કષાય મંદ રહ્યો અને (સ્વર્ગનું) આયુષ્ય બંધાણું એ પોતાના જ્ઞાનમાં પોતાથી સ્વપરપ્રકાશકનું પરિણમન, જ્ઞાતાનું પરિણમન આત્મા કરે છે. એ રાગનો કર્તા નથી અને આયુષ્ય બંધાય એનો કર્તા ધર્મી નથી. આહા..હા..! ભારે આકરી વાતું, ભાઈ! બાપા! મારગડા જુદાં પ્રભુના માર્ગ છે, ભાઈ! અરે..! એણે કદી સાંભળ્યું જ નથી. સાંભળ્યું તો શું ચીજ કહે છે એનો ખ્યાલ કર્યો નહિ. એમ બફમને બફમ અનાદિ કાળથી કાઢી નાખ્યો. એ અહીં આયુષ્યની વાત.

અને નરકમાં પણ સમકિતી છે. અત્યારે શ્રેણીક રાજા છેને. પહેલી નરકમાં છે શ્રેણીક રાજા. અહીંથી તીર્થંકરગોત્ર બાંધીને (ગયા છે), ક્ષાયિકસમકિતી. હજારો રાજા જેની તહેનાતમાં ચામર ઢાળતા, 'પણ અંદરમાં રાગ વિકલ્પ જે છે દયા, દાન, વ્રત, ભક્તિનો એનાથી ભિન્ન મારી ચીજ છે' એવો અનુભવ કરીને જેને ક્ષાયિકસમકિત થયું છે અને એણે તીર્થંકરગોત્ર બાંધ્યું છે. ભગવાનના સમવસરણમાં ગયા હતા અને એવો વિકલ્પ આવ્યો રાગ, તો તીર્થંકરગોત્ર બંધાઈ ગયું. એ આત્મા પણ એ રાગનો પણ જ્ઞાતા છે અને બંધ થયો એનો પણ જ્ઞાતા છે. રાગના કર્તા નથી અને તીર્થંકરગોત્ર બંધના કર્તા નથી. આહા..હા..! આવી વાત છે, ભગવાન! શું કરીએ? એ આત્મા જ્ઞાન-દર્શનનો પિંડ જ છેને. એમાં રાગ પુણ્ય, દયા, દાન, વ્રતના પરિણામ એ વિકલ્પ એમાં છે જ ક્યાં! એ તો વિકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તીર્થંકરગોત્ર બાંધીને ગયા એ અત્યારે પહેલી નરકમાં છે. અઢી હજાર વર્ષ ગયા, સાડી એક્યાસી હજાર વર્ષ રહ્યા. જ્યારે સાડી એક્યાસી વર્ષ પૂરા થશે ત્યારે અહીંયાં રાણીને કૂખે આવશે. તીર્થંકરગોત્ર બાંધ્યું છે તો ત્યાં મનુષ્યનું આયુષ્ય બાંધશે. છ મહિના બાકી રહેશે... પહેલી નરકમાં છે શ્રેણીકરાજા સમકિત હતા. ચારિત્ર નહિ, વ્રત નહિ, નિયમ નહિ, તપ નહોતું, પણ સમ્યક્ અનુભવ આત્માનો આનંદ એ તો મૂળ ચીજ હતી. આહા..હા..! એનાથી તીર્થંકરગોત્ર બંધાણું અને ત્યાં પણ હજી બાંધે છે સમયે-સમયે હોં નરકમાં, પણ એ રાગ અને બંધનની પર્યાયના જ્ઞાતા-દ્રષ્ટા છે. આહા..હા..! આ વાત. કેમકે એનો સ્વભાવ આત્માનો જ્ઞાન અને દર્શન છે. સમજાણું કાંઈ? એવી જેને અનુભવમાં પ્રતીતિ થઈ તો... ત્યાંથી મનુષ્ય આયુ બંધાશે, રાણીની કૂખે આવશે. શ્રેણીક રાજા પ્રથમ તીર્થંકર થશે. આગામી ચોવીસીમાં પહેલા તીર્થંકર. ચારિત્ર નહોતું, વ્રત નહોતા પણ સમકિતનો અનુભવ હતો. આહા..હા..! સમજાણું

કાંઈ? એવી દૃષ્ટિ લઈને ગયા છે. ત્યાંથી નીકળશે ત્યારે મનુષ્યનું આયુષ્ય બાંધશે ત્યારે સરળતાના પરિણામ આવશે રાગની મંદતાના. આહા..હા..!

સમકિતીને અશુભભાવ આવે છે, પણ અશુભભાવ વખતે એને આયુષ્ય નથી બંધાતું. સમજાણું કાંઈ? ત્યાં સમકિતી હોય, ચક્રવર્તી તીર્થંકર સમકિતી આત્મજ્ઞાની, છન્નું હજાર સ્ત્રીનો વિષય છે, વાસના છે, રાગ છે. સમજાણું કાંઈ? કહે છે કે એ રાગના જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! અને અશુભભાવ વખતે ભવિષ્યનું આયુષ્ય નહિ બંધાય. જ્યારે શુભભાવ આવશે ત્યારે આયુષ્ય બંધાશે એટલી તો સમ્યગ્દૃષ્ટિની બલિહારી છે અંદર. આહા..હા..! બાપુ! સમ્યગ્દર્શન શું ચીજ છે એ લોકોએ સાંભળી નથી. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો અને આ નવ તત્ત્વની શ્રદ્ધા એ સમકિત. બાપુ! એ તો અનંતવાર કર્યા. સાંભળને. એ તો રાગ છે, એ સમકિત નહિ. આહા..હા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ જ્ઞાન અને દર્શન જેનો સ્વભાવ. પંચાસ્તિકાયમાં લીધુંને, ભાઈ! છેલ્લે? પંચાસ્તિકાય. એ તો જ્ઞાનદર્શન સ્વભાવ જ છે, એમાં રમણતા કરે એ ચારિત્ર છે. પંચમહાવ્રતનો વિકલ્પ એ ચારિત્ર નથી. આહા..હા..! સ્વસમય લીધું છેને? પરસમય લીધું છે. પંચાસ્તિકાયમાં લીધું છે. બહુ સ્પષ્ટ. દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે, ભાઈ! અનુભવી છઠ્ઠે ગુણસ્થાને હતા. આહા..હા..! જેની અપ્રમત્તદશા ક્ષણમાં આવતી હતી. ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું હજારો વાર અંતર્મુહૂર્તમાં આવે છે સાચા મુનિ હોય એને. શું કહ્યું ઈ?

આત્માનુભવી સમ્યગ્દૃષ્ટિ સાચા સંત નિશ્ચય છે એને તો અંતર્મુહૂર્તમાં સપ્તમ અપ્રમત્તદશા આવે છે અને ત્યાંથી ખસીને છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ ઉઠે છે તો પ્રમત્ત થાય છે. એમ એક અંતર્મુહૂર્તમાં હજારો વાર આવે છે. ભાવસંત જેને કહીએ નિશ્ચય સંત સાધુ, એને અંતર્મુહૂર્તમાં હજારો વાર છઠ્ઠું-સાતમું ગુણસ્થાન આવે છે. આહા..હા..! એમાં પણ જ્યારે એને શુભભાવ થશે ત્યારે ભવિષ્યનું આયુષ્ય બંધાશે. શુભ(ભાવ) પુણ્ય, ધર્મ નહિ. જેનાથી બંધ પડે એ ધર્મ નહિ. આહા..હા..! શુભભાવ આવશે ત્યારે આયુષ્યનો બંધ પડશે. એ શુભભાવનું પણ એ સમયે પોતાનું જ્ઞાન કરે છે એમાં પરનું જ્ઞાન પણ પોતાથી ઉત્પન્ન થાય છે, એમાં રાગ નિમિત્ત કહેવામાં આવે છે અને આયુષ્ય બંધાણું એ પણ જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. ઉપાદાન તો પોતાથી જ્ઞાનપર્યાયમાં ઉત્પન્ન થઈ છે. આહા..હા..! કહો, સુજાનમલજી!

એ નારકીનો જીવ સમકિતી પણ મનુષ્યમાં આવશે અને સ્વર્ગનો જીવ પણ મનુષ્યમાં આવશે; અને નારકીનો જીવ જે મિથ્યાદૃષ્ટિ છે એ પણ કોઈ મનુષ્યમાં જશે અને કોઈ તિર્યંચમાં જશે. આહા..હા..! જ્યારે રાગ આવ્યો અને આયુષ્ય બંધાણું તો એ રાગનો કર્તા થાય છે, રાગ મારું કર્તવ્ય માને છે અજ્ઞાની. વસ્તુ તો જ્ઞાન-દર્શનસ્વરૂપ છે. એનો રાગકર્તા ક્યાંથી થયો? એ જ્ઞાતાદૃષ્ટાને ભૂલીને પુણ્યનો કર્તા થાય છે. એ કર્તા થાય છે એને આયુષ્ય બંધાઈ જાય. આહા..હા..! મનુષ્યનું આયુ બંધાઈ જાય, તિર્યંચનું આયુ બંધાઈ જાય. આહા..હા..!

મિથ્યાદષ્ટિને. એમ સ્વર્ગમાં પણ મિથ્યાદષ્ટિ દેવ છે. એને પણ કોઈને તિર્યંચનું આયુષ્ય બંધાઈ જાય. આઠમા સ્વર્ગ સુધી હોં. આઠમું સ્વર્ગ છેને? ત્યાં દયા, દાનના કાંઈક શુભભાવ કર્યા હોય તો એના પુણ્યથી સ્વર્ગ મળ્યું પણ છે તો મિથ્યાદષ્ટિ. સમજાણું કાંઈ? તો આઠમા સ્વર્ગમાં ગયો. ત્યાંથી નીકળીને કોઈ તિર્યંચમાં જશે અને બીજા દેવલોક સુધી કોઈ સમ્યગ્દર્શન વિના ગયા હોય દયા, દાન અને વ્રતના પરિણામથી કોઈ તો ત્યાંથી એકેન્દ્રિયમાં ચાલ્યો જશે. આહા..હા..! ગજબ વાત છે, બાપુ! આહા..હા..! સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન વચ્ચે કેટલી કિંમત છે એ લોકોને ખબર નથી. સમજાણું કાંઈ? બાહ્યનો ત્યાગ અને ક્રિયા એનું માહાત્મ્ય આવે જગતને. આહા..હા..! એ તો અનંતવાર એવો બાહ્યત્યાગ કર્યો. એ તો રાગ મંદ હોય તો એમ થાય. એમાં શું થયું?

અહીં તો કહે છે કે સમકિતીને નરકમાં મનુષ્યનું આયુષ્ય બંધાય. તિર્યંચ છે, અસંખ્ય તિર્યંચ છે અત્યારે. અઢીદ્વીપ બહાર અસંખ્ય તિર્યંચ સમકિતી છે. સાંભળ્યું છે? હજાર યોજનના મચ્છ, હજાર યોજનના મચ્છ. ચાર હજાર ગાવ લાંબો. એવા અસંખ્ય તિર્યંચ સ્વયંભુરમણસમુદ્ર છે છેલ્લો એમાં છે અને કેટલાક તો પંચમ ગુણસ્થાનવાળા છે. જેને આત્માનો અનુભવ છે એને અંદરથી શાંતિ વધી ગઈ. આનંદની શાંતિ વધી ગઈ એવા તિર્યંચ અસંખ્ય છે. સાંભળ્યું છે કે નહિ? લે, અત્યાર સુધી સાંભળ્યું નથી? કેટલા વર્ષ થયા? શેઠ! આવે છેને. ખામણામાં આવે છે. અઢી દ્વીપ, અઢી દ્વીપ બહાર અસંખ્ય તિર્યંચ શ્રાવક-શ્રાવિકા છે. સ્વયંભુરમણસમુદ્રમાં અસંખ્ય તિર્યંચ. અસંખ્ય હોં! એક સમકિતી અને અસંખ્ય મિથ્યાદષ્ટિ એવા-એવા અસંખ્ય સમકિતી અને એથી અસંખ્યગુણા મિથ્યાદષ્ટિ છે.

**શ્રોતા :—** એથી અનંતગુણા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** છેને. સમકિતી તો થોડા હોયને. છે તોપણ અસંખ્ય છે. એને જ્યારે મનુષ્યપણાનું આયુષ્ય બંધાશે તો દેવનું બાંધશે, એ મનુષ્યમાં નહિ આવે. સમકિતી આત્માનુભવી, આત્માના જ્ઞાનનો સ્વાદ આવ્યો છે, આહા..હા..! એ સમકિતી. એ આયુષ્ય બાંધીને સ્વર્ગમાં જશે, મનુષ્યમાં નહિ આવે. આહા..હા..! એ આયુષ્યના બંધનું કારણ જે રાગ છે અને આયુષ્ય બંધાશે એ કર્મની પ્રકૃતિ છે એ રાગની પ્રકૃતિ સમકિતી પોતાના જ્ઞાનમાં સ્વપરપ્રકાશકની પરિણતિ કરે છે, રાગ કરતો નથી, બંધને કરતો નથી. આહા..હા..! તિર્યંચ-તિર્યંચ પશુ. આહા..હા..! જેને આત્મજ્ઞાન આનંદનો નાથ જાગી ઉઠ્યો છે. આહા..હા...! જ્ઞાન અને દર્શનના સ્વભાવના પિંડનો અનુભવ છે. આહા..હા..! ભલે તિર્યંચ હોય. આહા..હા..!

આયુષ્ય બંધાય છે તો આયુષ્ય બંધનું પણ જ્ઞાન કરે છે અને જે કારણે બંધ પડ્યો એ કારણ રાગનું પણ જ્ઞાન કરે છે. એને અહીંયાં ગોરસનું દૃષ્ટાંત આપીને રાગ અને બંધનો જાણનાર છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ગોરસ તો એને કારણે ત્યાં ખાટો-મીઠો થયો છે. જોનારો પોતાના પરિણામથી આત્મામાં વ્યાપીને જાણે છે.

એમ અહીંયા જ્ઞાની કર્મબંધન થાય, રાગ થાય એ તો એના પરિણામથી થયા છે, પોતાનો સ્વભાવ નથી. એ સ્વભાવમાં રાગ અને બંધથી પોતામાં પોતાને કારણે સ્વપરપ્રકાશની પરિણતિમાં એ ચીજ નિમિત્ત કહેવામાં આવે છે. કેટલું યાદ રાખવું આમાં? કહો, અમરચંદભાઈ! એવી વાત છે. આચાર્યે તો ઘણું ભર્યું છે આમાં. એટલી પ્રકૃતિ સંકેલી લીધી છે દૃષ્ટાંત આપીને. આઠ કર્મ આવ્યા. હજી તો સોળ બોલ બીજા કહેશે. આહા..હા..! એ આયુષ્યનું કહ્યું.

હવે '**નામ,...**' નામકર્મ. સમકિતીને તીર્થંકરગોત્રનો વિકલ્પ આવે છે. વિકલ્પ જે આવે એ પણ આસ્રવ અને દુઃખ છે. આહા..હા..! ધર્મીજીવને-સમકિતીને જ એવો તીર્થંકરગોત્રનો વિકલ્પ આવે છે. મિથ્યાદૃષ્ટિને તીર્થંકરગોત્રનો વિકલ્પ આવતો જ નથી. અજ્ઞાનીને એ વિકલ્પ અને તીર્થંકરગોત્ર (બંધાતું નથી). શોડષકારણ ભાવના આવે છે કે નહિ? શોડષકારણ ભાવના. એ આત્મજ્ઞાનનું ભાન છે, આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે એવું વેદન છે એને વિકલ્પ આવે છે તો એનાથી તીર્થંકરગોત્ર પ્રકૃતિ બંધાય છે, પણ એ સમકિતી એ પરિણામનો અને બંધ પ્રકૃતિનો જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! એ નામકર્મમાં આવે છે. એક નામકર્મ એકમાં ૯૩ પ્રકૃતિ છે. આ નામ શબ્દ પડ્યો છેને? આ તો સાર-સાર કહે છે. એક નામકર્મની ૯૩ પ્રકૃતિ છે. એમાં છેલ્લી તીર્થંકરપ્રકૃતિ છે. આહા..હા..! પાછળ છે આમાં સમયસારમાં.

આ શ્રેણિક રાજાએ તીર્થંકરગોત્ર બાંધ્યું જ્યારે ભગવાનના સમવસરણમાં. તો શુભ વિકલ્પ આવ્યો એ બંધનું કારણ થઈ ગયો. રાગ છેને, એ કાંઈ ધર્મ નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી. ધર્મથી બંધ નથી અને બંધનના ભાવથી ધર્મ નથી. આહા..હા..! એ વાત તો અમારે સંપ્રદાયમાં ઘણી ચાલી હતી. ઘણી ચાલી હતી. ૮૧ની સાલ. ૮૧. ૮૦ ને ૧. કેટલા વર્ષ થયા? ૧૯ ને ૩૨, ૫૧ વર્ષ. એક છે હેંથળી છે. બોટાદ પાસે હેંથળી નાનું ગામ છે. અમારે ગઢડે ચોમાસુ કરવા જવાનું હતું. વરસાદ બહુ આવ્યો હતો તો અમે ગામડામાં ગયા હતા. ત્યાં આગળ આ વાત આવી. મહારાજ! આ મૂળચંદજી એમ કહે છે, અમારા ગુરુભાઈ હતા એ સંપ્રદાયમાં. અમે તો છોડી દીધું. એ એમ કહે છે કે તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ ભાવ ધર્મ છે, પરના વયાવચ્ચ કરવી એ ધર્મ છે. બિલકુલ જૂઠ છે કીધું. પરની વયાવચ્ચ કરવાનો ભાવ છે એ શુભરાગ છે, પુણ્ય છે અને પુણ્ય છે તો બંધન થાય છે. પ્રકૃતિનું બંધન ધર્મથી થાય? ઘણી ચર્ચા. મૂળ આ વાત હતી જ નહિ. આખા સંપ્રદાયાં ગડબડ.. ગડબડ. બધી મૂળમાં ભૂલ.

**શ્રોતા** :— કેટલી ભૂલ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— મૂળમાં ભૂલ. આઠ પાંચશેરીની ભૂલ મણમાં. આપણે કહેતા નથી? મણમાં આઠ પાંચશેરી તમારે કહે છે કે કાંઈક. શું ભાષા છે? અમારે કાઠિયાવાડમાં કહે છે. મણમાં મણની ભૂલ. આહા..હા..!

ભગવાન! એકવાર સાંભળ તો ખરો નાથ! તારી ચીજ તો અંદર જ્ઞાનદર્શનના સાગરથી

ભરી છેને. આહા..હા..! એમાંથી શું રાગ આવે છે? એમાંથી નીકળે તો જ્ઞાન-દર્શન-આનંદ નીકળે. એમ નહિ માનીને 'રાગ આવ્યો એ મારું કર્તવ્ય છે' એમ માનનારા મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે, અધર્મી છે. આહા..હા..! એને તીર્થંકરગોત્રનો ભાવ થતો જ નથી. અહીં નામ કર્મ પ્રકૃતિ એક લીધી હોં. છે તો ૯૩. આઠ કર્મમાં નામ એક કર્મ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. એક નામમાં ૯૩ પ્રકૃતિ છે. ત્રસ, સ્થાવર, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, સ્થૂળ, સૂક્ષ્મ, બાદર, આહારક, અંગોપાંગ એવી ૯૩ પ્રકૃતિ છે. ૯ અને ૩. એમાં અહીં તો હું છેલ્લી પ્રકૃતિની વાત કરું છું. નામમાં તીર્થંકરગોત્રની પ્રકૃતિ એક છે.

સમકિતીને જ્યારે શુભભાવ આવ્યો, શ્રેણિક રાજાએ તીર્થંકરગોત્ર બાંધ્યું એ સમયે પણ રાગના એ જ્ઞાતા છે અને રાગથી તીર્થંકરગોત્ર બંધાણું એનો પણ જ્ઞાની જ્ઞાતા છે અને તે રાગ અને બંધન થયું એથી અહીંયા જ્ઞાન થયું એમ પણ નથી. પોતાનું જ્ઞાન પોતાથી સ્વપરપ્રકાશકનું જ્ઞાન થયું છે એમાં એ ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! જિનવરનો માર્ગ બહુ ઝીણો, ભાઈ! સમજાણું કાંઈ? એ નામ. નામમાં તો મનુષ્યગતિ, તિર્યંચગતિ, દેવગતિ, નરકગતિ બધી આવે છે. નામકર્મમાં ચાર ગતિ છેને એ આવે છે. આયુષ્ય છે એ આયુષ્યમાં આવે છે. હા, એ. ખબર છેને. બધું કેટલું કહેવા જઈએ? આ તો ગંભીર ભાવ ભર્યા છે આચાર્યે તો. ગજબ વાત! એક ગોરસનું દૃષ્ટાંત આપીને ગજબ કામ કર્યું છે! આહા..હા..! વ્યાપક આ તો સિદ્ધાંત છે. આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો.

એ ખાટા-મીઠાં પરિણામ થાય છે એ તો ગોરસથી થાય છે, કોઈ બીજાથી નથી થતા; એમ જ્ઞાનીને રાગ થાય છે એ પોતાથી નથી થતો, વિકારનો ભાવ નિમિત્તને આધીન થઈને વિકાર થાય છે એ પોતાનો નથી, જ્ઞાની એને જાણે છે. આહા..હા..! કર્તા થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાણું કાંઈ? એ નામમાં ૯૩ પ્રકૃતિ છે. એક નરકગતિ, મનુષ્યગતિ આદિ ચાર ગતિ છે. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય એ છે. ઘણી પ્રકૃતિ છે. ત્રસ, સ્થાવર, પર્યાપ્ત, અપર્યાપ્ત ઘણી પ્રકૃતિ છે.

હવે 'ગોત્ર...' ગોત્ર કર્મ છેને સાતમું? તો ગોત્ર કર્મ બંધાય એ તો પ્રકૃતિના પરિણામથી બંધાય છે, આત્માથી નહિ. એ પ્રકૃતિનું બંધન આત્મા નથી કરતો. નીચ-ઉચ્ચગોત્ર બંધાય છેને? નીચ-ઉચ્ચગોત્ર. નીચ-ઉચ્ચગોત્રમાં જે પોતાના પરિણામ છે એ વિકારીભાવ છે. તો વિકારીભાવ નીચગોત્રમાં નિમિત્ત છે, શુભવિકાર છે એ પણ ઉચ્ચગોત્રમાં નિમિત્ત છે. બેય વિકાર છે. ઉચ્ચગોત્રની પ્રકૃતિ બંધાય છે એમાં શુભવિકાર નિમિત્ત છે, નીચગોત્ર બંધાય એમાં અશુભવિકાર નિમિત્ત છે. એ શુભ અને અશુભવિકારનો અજ્ઞાની કર્તા થઈને પરમાં નિમિત્તકર્તા થાય છે. જ્ઞાની તો શુભભાવ આવ્યો તો ઉચ્ચ ગોત્ર બંધાણું, અશુભ આવ્યો તો નીચ ગોત્ર

બંધાણું, તો જ્ઞાની તો પોતામાં સ્વપરપ્રકાશક જ્ઞાનમાં રહેનાર છે. તેથી પ્રકૃતિ અને પરિણામ બેયનો જ્ઞાતા-દૃષ્ટા છે. આવી વાત હવે ક્યાં? કહો, ચીમનભાઈ! પર્યુષણના દિવસ છે, ભગવાન! આ તો ત્રણલોકના નાથની વાણી છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે..! સત્યને ક્યાં ગોપવી દીધું પ્રભુએ. પોતે પ્રભુ છેને ઊંધો પડે તોપણ. પ્રભુ તો જ્ઞાન-દર્શનનો પિંડ પ્રભુ છેને. એમાંથી નીકળે તો જ્ઞાન ને દર્શન ને આનંદની પર્યાય નીકળે. શું રાગની પર્યાય એમાંથી નીકળે? એ તો નિમિત્તાધીન થઈને રાગને કરે છે માટે રાગનો કર્તા થાય છે તો મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો સ્વર્ગ મળે. આહા..હા..! એ ગોત્રની વાત.

હવે '**અંતરાય...**' પાંચ અંતરાય છેને? દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, વીર્યાંતરાય, ઉપભોગાંતરાય, એ પાંચ પ્રકૃતિ બંધાય છે એમાં રાગ-વિકાર છે એ નિમિત્ત છે, પણ જ્ઞાનીને એ રાગનું પણ જ્ઞાન છે અને પ્રકૃતિ બંધાણી એનું પણ જ્ઞાન થાય છે. ઈ એને કારણે નહિ, પોતાને કારણે થાય છે. આહા..હા..! એ અંતરાય. એમાં તો ઘણી લાંબી વાત છે. આચાર્યે તો ગજબ કામ કર્યા છે! ૧૦૧ ગાથા, આહા..હા..!

હવે '**સાત સૂત્રો તથા તેમની સાથે મોહ,...**' લેવો હવે. એ મોહ નામ અહીં દર્શનમોહ ન લેવો. ચારિત્રમોહ લેવો. સમકિતી છેને જ્ઞાની છે. રાગથી રહિત આત્માનું ભાન થયું છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ આસ્રવ પરિણામ છે. 'આસ્રવ મારા છે' એમ માનનાર તો મિથ્યાદૃષ્ટિ છે, પણ 'આસ્રવથી ભિન્ન પોતે જ્ઞાતા-દૃષ્ટા છે એ મારો સ્વભાવ છે' એમ માનનારને જરી મોહ આવે છે. વીતરાગ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી પર તરફની વૃત્તિ ઉઠે છે. પણ એ વૃત્તિનો પણ જ્ઞાતા છે અને એનાથી થોડા કર્મ બંધાય છે એનો પણ જ્ઞાતા છે. કેમકે આત્માનો સ્વભાવ તો જ્ઞાનદર્શન છે. આહા..હા..! ભગવાન તો જ્ઞાનદર્શનનો પિંડ છે. જ્ઞાયક અને દૃષ્ટાથી અપરિમિત સ્વભાવનો સાગર આત્મા છે. એમાં કોઈ રાગ વિકાર બંધ થાય એ ચીજમાં નથી. નવી પર્યાય ઉત્પન્ન કરીને નવું બંધન થાય છે તો જ્ઞાની એનો જાણનાર રહે છે. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! ભગવાને ૧૦૧ ગાથામાં ઓહો..હો..! મૂળ ગાથા તો સાધારણ છે, પણ એનું દૃષ્ટાંત આપીને સ્પષ્ટ કરી દીધું છે. અમૃતચંદ્રાચાર્ય. આ કુંદકુંદાચાર્યની ગાથા છે. ટીકા છે એ અમૃતચંદ્રાચાર્યની. આ બાજુ છેને અમૃતચંદ્રાચાર્ય. ત્યાં પ્રવચનસાર લીધું છે. અહીં કુંદકુંદાચાર્યનું સમયસાર લીધું છે. આ પદ્મપ્રભમલધારીદેવમાં નિયમસાર લીધું છે. ત્રણે મુનિ સંત હતા. આહા..હા..! એ અમૃતચંદ્રાચાર્ય એની આ ટીકા છે. આહા..હા..! ભાવલિંગી આનંદમાં ઝુલવાવાળા. આહા..હા..! લખતા-લખતા, બોલતા-બોલતા પણ એમને અપ્રમત્તદશા આવે છે. સાચા મુનિ તો એને કહે છે, ક્ષણમાં અપ્રમત્ત આવે અને ક્ષણમાં છઠ્ઠું આવે. એવું હજારો વાર સાચા સંતને હજારો વાર છઠ્ઠું-સાતમું આવે છે. અને સાચા સંતને એક સેકન્ડની નિદ્રા હોય છે. એક સેકન્ડથી વધારે નિંદ્રા આવી જાય તો મુનિપણું રહેતું નથી. આહા..હા..! આ દશા તો જુઓ, જેને ત્રણ કષાયનો અભાવ. આ વીતરાગી

મુનિ છે. ભગવાનતુલ્ય છે. આહા..હા..!

એ કહે છે કે મોહ પર તરફનો જરી રાગ આવે. સમુચ્ચય વાત લીધી છે. પછી પેટાભેદ કરશે. જ્ઞાની તો રાગનો જ્ઞાતા છે અથવા જે પ્રકારની પર તરફની વૃત્તિ ઉઠી સાવધાનીની એ પ્રકારનું પોતામાં એ જ સમયે સ્વપરપ્રકાશક જ્ઞાનનો જ્ઞાતા છે. આહા..હા..! **'મોહ, રાગ,...'** રાગ આવ્યો. દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો. અરે..! અશુભરાગ પણ આવે છે. વિષય વાસના (આવે છે), હજી સમકિતી છે. સમજાણું કાંઈ? અરે..! મુનિને છઠ્ઠે ગુણસ્થાને પણ આર્તધ્યાન આવી જાય છે. રૌદ્રધ્યાન પાંચમા સુધી છે. પછી રૌદ્રધ્યાન નથી. છઠ્ઠે આર્તધ્યાન થાય છે તો જરી.. તો એ રાગનો જ્ઞાતા-દ્રષ્ટા છે. સમજાણું કાંઈ? રાગનો કર્તા નથી અને એનું બંધન થયું એનો પણ આત્મા કર્તા નથી. એનો પણ જ્ઞાતા છે, ઝીણું પડે ભગવાન! માર્ગ તો આવો છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'દ્વેષ,...'** સમકિતી છે, લડાઈ કરવા પણ જાય છે. છ ખંડના ચક્રવર્તી છેને. છ ખંડ સાધવા માટે લડાઈ કરે છે. દ્વેષ તો થયો થોડો, પણ એ દ્વેષનો કર્તા નથી અને દ્વેષથી હાથમાં બંધુક છે તો એનો પણ કર્તા નથી. આહા..હા..! એ સમયે બંધુક અને દ્વેષ, પોતાના આનંદનું ભાન અને સમકિતનો અનુભવ છે તો એ રાગ-દ્વેષનો અને લડાઈનું જ્ઞાન થાય છે. દશરથલાલજી! આવો માર્ગ વીતરાગનો છે, ભાઈ! એમ ... પરમાત્મા કહે છે. ત્રણલોકના નાથ સીમંધર ભગવાન બિરાજે છે. સમવસરણની આ ભાષા છે. આહા..હા..! આવ્યું? **'દ્વેષ,...'** લડાઈ કરે છે ત્યાં રાગ છે? રાગ નથી ત્યાં. સમકિતી પણ લડાઈ કરે છે.

**શ્રોતા :—** અહીં તો ના પાડી, જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ કીધુંને, લડાઈ કરે છે ઈ દેખે છે. એ તો જાણે છે કે આ કરે છે. બાહુબલી અને ભરત બેય સમકિતી લડાઈ (કરે છે) પાણીમાં. પહેલી દૃષ્ટિ છે. એમાં ભરત હારી ગયા. બીજા પાણીમાં. બાહુબહલીને સવા પાંચસો ધનુષનું શરીર, ભરત પાંચસો ધનુષના હતા. આમ પાણી ઉલાળે તો એની માથે ચડી જાય અને એ પાણી આમ ન કરી શકે. એમાં હારી ગયા. સમજાણું કાંઈ? પછી મલ્લયુદ્ધ. મલ્લયુદ્ધ. બથંબથા. બેય સમકિતી હોં! એ ક્રિયાને જાણનારા છે. એ ક્રિયા મારાથી થાય છે એમ નથી માનતા. અરે પ્રભુ! આ તે શું માર્ગ છે.

**શ્રોતા :—** લડતા સમયે પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ સમયે જ્ઞાતાદ્રષ્ટા છે. એ વાત ચાલે છે. આ શું કહે છે? જે સમયે દ્વેષ થયો.. આહા..હા..! એ જ સમયે દ્વેષનું જ્ઞાન પોતામાં થયું છે. કેમકે અનુભવ છે, સમ્યગ્દર્શન છે. આહા..હા..! બાપુ! સમ્યગ્દર્શન શું ચીજ છે એની લોકોને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દ્વેષ આવ્યો ને?

સ્ત્રીને ઠપકો આપે, છોકરાને ઠપકો આપે તો થોડો દ્વેષ થાય છે ગૃહસ્થાશ્રમમાં. મુનિને

પણ થોડો દ્વેષ આવે છે શિષ્યને ઠપકો આપે ત્યારે, પણ એ દ્વેષના પરિણામ... આત્માનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક જ્ઞાતાદષ્ટા છે. એનું જેને ભાન થયું તો દ્વેષનું જ્ઞાન કરે છે, દ્વેષનો કર્તા થતો નથી. એય મૂળચંદભાઈ! આવી વાતું છે. આ અમેરિકા-ફમેરિકામાં ધૂળેય નથી ત્યાં. હેરાન થઈ ગયા મફતના જઈને. છોકરા ગયા હોય અમેરિકા તો બાપાને બોલાવે રખડવા માટે. આહા..હા..! અરે પ્રભુ! અમેરિકા તો અહીં આનંદનો નાથ છેને અંદર. ત્યાં જાને તને મજા આવશે. આહા..હા..!

ભાઈ કહેતા હતાને, અંદરમાં ગેલ કરાવશે, તમને ગેલ થશે, આનંદ થશે. કુતરીના બચ્ચા ગેલ કરે છેને. કુતરીના બચ્ચા નહિ? એમ આત્મામાં રાગથી રહિત અંતર દૃષ્ટિ થાય છે તો ગેલ થઈ જાય. આત્મા સાથે રમત થાય છે. હમણાં ભાઈ બોલ્યા હતા. તમારા મહેન્દ્રભાઈના પિતાજી. એય શેઠ! મહેન્દ્રભાઈના પિતાજી તમારે નહિ? હા, એ બસ. મીઠાલાલ નામ છે? ઠીક. અંદરમાં ગેલ કરે છે. આહા..હા..! કૂતરીના બચ્ચા એની મા સાથે ગેલ કરે. અરે..! કૂતરા-કૂતરી બહુ ગેલ કરે આમ.. આમ.. એ તો પાપના ગેલ છે. ભગવાન આત્મા રાગથી ભિન્ન થઈને પોતાની પર્યાયમાં આત્મા સાથે ગેલ કરે એ આનંદનો અનુભવ છે. આહા..હા..! અરેરે.. શું ચીજ! અહીં તો કહે છે કે દ્વેષ થયો એનો પણ સમકિતી અનુભવી જીવ પોતાનું એ સમયે તે પ્રકારનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થાય છે એનો જ્ઞાતા રહે છે. 'ક્રોધ,...' ક્રોધ થયો. ભરતે બાહુબલી ઉપર ચક્ર ચલાવ્યું કે નહિ? શુભભાવ છે ત્યાં? ક્રોધ છે, અશુભભાવ છે, છતાં એ ક્રોધનો સમકિતી જ્ઞાતા-દૃષ્ટા છે. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતૈ વચન ભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, સ્વરૂપા પરરૂપા ભાસી.'

આહા..હા..! આ તે કાંઈ વાત છે! સમજાણું કાંઈ? ક્રોધનો પણ જ્ઞાની જ્ઞાતા છે. ક્રોધના પરિણામનો કર્તા થતો નથી. આહા..હા..! માન આવ્યું, લો. ભરત હારી ગયા. હાય.. હાય..! ઊંચે કરીને આમ. બાહુબલીએ ઉપાડ્યા છેને ઊંચે આમ. હાય.. હાય...! ચક્ર ઉપાડ્યું ચક્ર. શું કહેવાય? ગોત્ર. ગોત્ર વધ ન કરે. અને એ તો ચરમશરીરી હતા. બાહુબલી ચરમશરીરી છે. એ ભવે મોક્ષ છે એનો. બેયનો એ ભવે મોક્ષ છે. તો ચક્ર વધ ન કરે. ચક્ર છોડ્યું તો હાથમાં આવી ગયું. અરે..! તારું ... ચક્ર. બાહુબલી બોલ્યા. કષાય છેને. પણ આત્માનો અનુભવ બાપા! સમકિત એટલે શું ચીજ! આહા..હા..! સમજાણું કાંઈ? જેણે આનંદના નાથને જાગૃત કર્યો. આહા..હા..! જેને દ્વેષ ક્રોધ થયો, માન આવ્યું એનો પણ જ્ઞાતા-દૃષ્ટા છે. એ માનથી જ્ઞાન થયું છે એમ નહિ. જ્ઞાન તો માનના કાળે પોતાથી જ્ઞાન થયું છે. કેમકે ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવવાળો છે. એનો અનુભવ થયો તો જ્ઞાન-દર્શન સમકિતીને થાય છે.

'માયા,...' થોડી માયા થઈ જાય છે. માયા—કપટ. સમજાણું કાંઈ? વિષ્ણુકુમાર મુનિ હતા કે નહિ? સમકિતી હતા કે નહિ? માયા થઈ કે નહિ? નાનો વેષ બનાવીને માગ્યું રાજ

પાસે. બ્રાહ્મણનો વેષ પહેર્યો. માયા થઈ કે નહિ? પણ એ સમકિતી હતા. ચારિત્ર નહોતું. ચારિત્ર ભ્રષ્ટ થઈ ગયું, પણ સમકિત દર્શન બરાબર હતું. આહા..હા..! સમજાણું કાંઈ? સમકિત તો અંતર આનંદના નાથને જાગૃત દેખે છે. એ કાળે. આહા..હા..! અરે બાપુ! મારગડા જુદાં, નાથ! એ તારા પ્રવાહ જુદી ચીજ છે, ભાઈ! અંદરમાં તો જ્ઞાન અને દર્શનનો પ્રવાહ ચાલે છે. જ્ઞાનીને તો જ્ઞાન અને દર્શનનો પ્રવાહ ચાલે છે. રાગનો પ્રવાહ નહિ, રાગના તો જ્ઞાતા-દૃષ્ટાનો પ્રવાહ છે. આહા..હા..! લાલજી! એક જ સમય. જે સમયે માયા થઈ એ જ સમયે માયાના જ્ઞાનપણે પોતાનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થાય છે. ગજબ વાત, બાપા! પ્રભુ તો સ્વપરપ્રકાશક જ્ઞાતા છેને, તો રાગનો પણ પ્રકાશક જ્ઞાતા છે. એ માયાનો રાગ થયો તો એનાથી જ્ઞાન થયું એમ નથી. પોતે પોતામાં પોતાનું અને પરનું જ્ઞાન પોતામાંથી ઉત્પન્ન થયું છે એનો જ્ઞાની જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીને માયા થઈ તો માયામાં એકત્વ છે, તન્મય છે. કર્તા છે. નવા કર્મબંધનમાં એની માયા નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! આત્મામાં આ બાજુ તો લાભ છે નહિ કાંઈ. આહા..હા..!

'**લોભ,...**' લોભ થયો લોભ. ઈચ્છા. ઈચ્છા થઈ. અજ્ઞાની ઈચ્છાને પોતાનું કર્તવ્ય માને છે એ વખતે જે કર્મબંધન થયું એમાં ઈચ્છાને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. ધર્મીને, સમ્યગ્દૃષ્ટિને ઈચ્છા થઈ એ કાળે ઈચ્છાનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થાય છે. પોતાનું જ્ઞાન અને પરનું જ્ઞાન એક સમયમાં પોતાથી ઉત્પન્ન થાય છે. એમાં ઈચ્છા નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! જડ અને ચૈતન્ય બંને પ્રગટ ભિન્ન. એમ આસ્રવ અને ભગવાન પ્રગટ ભિન્ન. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું સંકેલ્યું છે આચાર્યે! ગજબ કર્યું છે. ૧૪૮ પ્રકૃતિનું કહેવા જાય તો વાર લાગે એટલે પછી.. આહા..હા..!

'**નોકર્મ,...**' હવે શું કહે છે એ? નોકર્મમાં શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, મેડી, મોટર, ગાડી એ બધાને નોકર્મ કહે છે. જ્ઞાનીને એ તરફ લક્ષ જાય છે તો રાગ થાય છે, પણ રાગનો એ જ્ઞાતા છે અને નોકર્મનો પણ એ જ્ઞાતા છે. આહા..હા..! ગાડી મોટર ચલાવે છે એમ નહિ, એમ કહે છે. આહા..હા..! ડ્રાઈવર હોય છે કે નહિ સમકિતી જ્ઞાની? એય પોપટભાઈ! તે દિ' તો મોટર ક્યાં હતી. તે દિ' તો ઘોડાગાડી. પણ એ ઘોડાગાડી આમ ચાલતી હોય એમાં સમકિતી બેઠા હોય તો જ્ઞાનીના જ્ઞાનમાં ચાલતી ક્રિયા અહીંયા જ્ઞાનમાં નિમિત્ત થાય છે. એ ક્રિયાનો કર્તા નથી અને એમાં રાગ આવ્યો એનો કર્તા નથી. રાગ અને એ ક્રિયા જ્ઞાનમાં નિમિત્ત થાય છે. એ જ્ઞાન પોતાથી સ્વપરપ્રકાશક એ કાળે ઉત્પન્ન થાય છે. આહા..હા..! અરે..! આટલા દાખલા! એય..!

નોકર્મ. નોકર્મમાં બધું લેવું. પોતાના આત્મા સિવાય બધી બહારની ચીજો છેને. મકાન, મહેલ, કપડા, ઝવેરાત એ બધા નોકર્મ છે. તો જ્ઞાની જ્યારે નોકર્મને જાણે છે ત્યારે નોકર્મ પોતાના જ્ઞાનમાં નિમિત્ત થયું. આહા..હા..! જ્ઞાની છે, આત્મજ્ઞાની જેને આત્મજ્ઞાન થયું એ

શું ચીજ, બાપુ! એ શું ચીજ છે? આહા..હા..! છ ખંડના રાજમાં રહે છે પણ જેને આત્માનો અનુભવ છે અને મુનિપણું અનંતવાર લીધું પણ જેને આત્માનો અનુભવ નથી–આત્મજ્ઞાન નથી! આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મજ્ઞાન વસ્તુ જુદી આ જુદી ચીજ છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે જ્યારે નોકર્મ નજરમાં આવે છે તો એ સંબંધીનું જ્ઞાન પોતામાં પોતાથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! લાડવા ખાય છે લાડવા. એ લાડવાની ક્રિયા તો જડની છે, પણ ખાનારો જ્ઞાની જે લક્ષમાં છે તો જ્ઞાની પોતાના જ્ઞાનમાં એ ક્રિયાનું નિમિત્ત જ્ઞાનમાં છે અને એ સમયે રાગ થયો એ જ્ઞાનમાં નિમિત્ત છે, પરમાં નિમિત્ત નહિ. પરની ક્રિયામાં જ્ઞાની નિમિત્ત નથી. આહા..હા..! ભારે ભાઈ આવું સમજવું. સમ્યગ્દર્શન બાપુ! આહા..હા..! જાણન જાણન છે. આહા..હા..! શું આવ્યું? નોકર્મ.

'**મન,...**' આવ્યું હવે. અહીંયાં મન છેને મન. છાતીમાં મન છે. આઠ પાંખડીના કમળના આકારે જડ મન છે. એ જડ મનનો ખ્યાલ આવ્યો તો જ્ઞાન પોતાથી થયું છે, એમાં જડ મન નિમિત્ત છે જ્ઞાનીને. અજ્ઞાનીને મન ઉપર લક્ષ જાય છે તો રાગ થાય છે, રાગનો કર્તા થાય છે તો મનના રજકણમાં નિમિત્તકર્તા અજ્ઞાનીને કહેવામાં આવે આવે છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભારે ભાઈ! પલાખું ભારે આકરું. મન છેને?

એમ વાણી '**વચન,...**' વચન બોલે છે એ તો ભાષાની પર્યાય છે. આત્માની નહિ. ભાષાની પર્યાય આત્મા કરતો નથી. એ સમયે ભાષાની પર્યાય થાય છે એ જડથી થાય છે. આહા..હા..! જ્ઞાનીને એ ભાષાનું જ્ઞાન અને ભાષા બોલવાની ઈચ્છા થઈ એનું જ્ઞાન થાય છે. ભાષાનો કર્તા અને ઈચ્છાનો કર્તા જ્ઞાની નથી. આહા..હા..! આવી વાતું, ભાઈ! કેટલાયે તો જિંદગીમાં સાંભળી નહિ હોય હજી આ. પરમસત્ય પરમાત્મા. આહા..હા..! વાણીનો કર્તા આત્મા નથી. વાણી તો જડ છે, માટી, ધૂળ છે અવાજ ઉઠે છે. પરમાણુનો અવાજ છે, એ આત્માનો નહિ. આહા..હા..! વાણીની પર્યાય તે કાળે શબ્દવર્ગણાથી થાય છે, આત્માથી નહિ. જ્ઞાનીની વાણી જે કહેવામાં આવે છે એ તો નિમિત્તથી કથન છે, વાણી તો જડની છે. ભગવાનને પણ દિવ્યધ્વનિ ઉઠે છે એ વાણીનો કર્તા આત્મા નથી. આ વાત! દિવ્યધ્વનિ ઉઠે છે. ભગવાનને ૐ ધ્વનિ. કંઠ ધ્રુજે નહિ. એ વાણીનો કર્તા આત્મા નથી. કેમકે વાણી તો જડની પર્યાય છે. આહા..હા..!

અષ્ટપાહુડમાં આવ્યું છે. શબ્દવિકાર, નહિ? બોધપાહુડમાં. શાસ્ત્ર એ શબ્દનો વિકાર છે. આહા..હા..! મારી ચીજ નથી. શબ્દવિકાર આવ્યું છે. અષ્ટપાહુડમાં છે છેલ્લી ગાથામાં. આહા..હા..! ભગવાન! તું તો આત્મા છોને, નાથ! એ વાણીનો અવાજ શું તારાથી થાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? છેને એ? અષ્ટપાહુડ છે? અષ્ટપાહુડ છે ભગવાન કુંદકુંદાચાર્યનું. બોધપાહુડની ૬૧મી ગાથા છે. ૬૦ અને ૧. '**सद्दविचारो हूओ भाषा**' શાસ્ત્ર બન્યા એ

શબ્દના વિકાર છે. અમે બનાવ્યા નથી, અમારી ચીજ નથી. ૬૧ ગાથા છે. '**સદ્દવિચારો**' '**શબ્દના વિકારથી ઊપજેલ આ પ્રકારે અક્ષરરૂપે પરિણમેલ ભાષાસૂત્રોમાં...**' એ અમારું કરેલું નથી. આહા..હા..! આ તો જ્યાં હોય ત્યાં મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... મને ભાષણ કરતાં બરાબર આવડે છે એક કલાક. અરે પ્રભુ! તું કોણ છો? તું તો જ્ઞાનદર્શન સ્વભાવનો પિંડ છો. ભાષાની પર્યાય તો ભાષા જડથી થાય છે. આહા..હા..! જોયું!

'**શબ્દના વિકારથી ઊપજેલ આ પ્રકારે અક્ષરરૂપે પરિણમેલ ભાષાસૂત્રોમાં જિનદેવે કહ્યું તે જ શ્રવણમાં અક્ષરરૂપ આવ્યું અને જેવું જિનદેવે કહ્યું તેવું જ પરંપરાથી ભદ્રબાહુ નામના પાંચમા શ્રુતકેવળીએ જાણ્યું...**' બોધપાહુડ છે. ૬૧ ગાથા છે. ગાથા ૬૨ છે. ૬૧માં આ છે. આહા..હા..! આ બધા ભગવાનના કાયદા છે. આ વકીલ કોર્ટમાં કાયદા બતાવે કે નહિ? પ્રભુ સર્વજ્ઞ.. આહા..હા..!

ભાષા. આહા..હા..! પ્રભુ! ભાષા તો જડની પર્યાય છેને. એ તારું કર્તવ્ય છે? ગજબ વાત. જે કહેવું છે એ ભાષામાં આવે તો.. ભાષામાં સ્વપર કહેવાની શક્તિ છે. તારામાં તો સ્વપર જાણવાની શક્તિ છે. તારામાં સ્વપર જાણવાની શક્તિ છે, ભાષામાં સ્વપર કથન કરવાની શક્તિ છે. આહા..હા..! એવો માર્ગ પ્રભુનો છે, ભાઈ! તેં સાંભળ્યું ન હોય એટલે લાગે એને આ તે શું છે? આહા..હા..! માર્ગ એ છે. જુઓ, ભાષા. ભાષાનો કર્તા આત્મા નહિ, પણ ભાષાના કાળે અજ્ઞાનીને રાગ થાય છે તો રાગનો કર્તા થાય છે તો ભાષામાં રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..!

સમકિતીને ભાષાનું પરિણમન થયું એ પોતાના જ્ઞાનમાં, પોતાનું જ્ઞાન અને પરનું જ્ઞાન પોતાથી થયું એમાં ભાષા નિમિત્ત કહેવામાં આવે છે. પોતાનું જ્ઞાન પોતાથી થયું એમાં નિમિત્ત કહેવામાં આવે છે. આત્મા ભાષામાં નિમિત્ત છે એમ પણ નહિ. આહા..હા..! આ વાત કેટલી! નવ તત્ત્વ ભિન્ન-ભિન્ન છે. અજીવ ભિન્ન છે, પુણ્ય-પાપ આસ્રવ ભિન્ન છે, ભગવાન આત્મા ભિન્ન છે. સંવર-નિર્જરા ભિન્ન છે. નવ છેને નવ? નવમાં એકબીજાને એક કરે તો નવ તત્ત્વ રહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વચન થયુંને?

હવે '**કાયા,...**' આ શરીર. એ શરીર જડની અવસ્થા છે. આ આમ ચાલે છે ને આમ થાય એ બધી જડની અવસ્થા છે, આત્માથી નહિ. આહા..હા..! આ કાયા ચાલે છે એ ક્રિયા જડમાં થાય છે એ કાળે અજ્ઞાની રાગનો કર્તા થઈને ક્રિયાના કર્તામાં રાગ નિમિત્તકર્તા કહેવામાં આવે છે, અજ્ઞાની. જ્ઞાનીને પોતાના જ્ઞાનમાં જ્યારે જડની ક્રિયા થાય છે તો પોતાના જ્ઞાનમાં સ્વપરપ્રકાશકની ઉત્પત્તિ થાય છે એમાં ક્રિયા નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ઉપાદાન-જ્ઞાન તો પોતાથી થયું છે. દેહનું જ્ઞાન પણ પોતાથી થયું છે અને સ્વનું જ્ઞાન પણ પોતાથી થયું છે. આવી વાતું કોને હવે.. એ કરતા બિચારા દયા પાળે અને ભક્તિ કરે થઈ રહ્યું. મરી જવાના હવે ત્યાં. સાંભળને. એવા જ્ઞાન તો અનંતવાર કર્યા.

વસ્તુ તારી ચીજ શું છે? તારામાં તો જ્ઞાન-દર્શન ભર્યા છે, તો ભાષાના કાળે એનું જ્ઞાન થાય છે કે ભાષાના કાળે તારાથી ભાષા થાય છે? શું કહ્યું સમજાણું? તારો સ્વભાવ તો જ્ઞાન-દર્શન છે. ભાષાના કાળે જ્ઞાન-દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે કે ભાષાની પર્યાય ઉત્પન્ન થાય છે? આહા..હા..! એ કાયા સુધી આવ્યું. હવે પાંચ ઇન્દ્રિય લેશે. હજી પાંચ ઇન્દ્રિય બાકી છે, હોં! એ લેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૧૧, શનિવાર, તા. ૦૪-૯-૧૯૭૬, ગાથા-૧૦૧-૧૦૨, પ્રવચન નં. ૧૭૫

સમયસાર, ૧૦૧-ગાથા. અંતરાયની વાત થોડી રહી ગઈ હતી. રાત્રે પ્રશ્ન કર્યો હતો કોઈએ. સૂક્ષ્મ અધિકાર છે, ભાઈ! કર્તાકર્મ અધિકાર છેને? દાનાંતરાય, પોતાનું સ્વરૂપ આનંદ અને જ્ઞાન છે એનું પોતે દાન ન દે, આહા..હા..! અને રાગાદિના વિકલ્પને કરીને પોતામાં રાખે એ દાનાંતરાય છે. ઝીણી વાત છે, ભાઈ! પરનું લક્ષ્મી આદિનું દાન દેવું એ તો આત્મા ક્રિયા કરી શકતો જ નથી. એમાં કોઈ શુભભાવ આવે છે તો એ શુભ એ રાગ છે, તો રાગની રચના કરનારું વીર્ય.. ઝીણી વાત છે, ભાઈ! એને ભગવાને નપુંસક કહ્યા છે. પંચમહાવ્રતના પરિણામ એ શુભ છે, એની રચના કરનારને ભગવાન નપુંસક કહે છે. ઝીણી વાત છે, ભાઈ! અત્યારે ચાલતી નથી. અત્યારે તો પાંચ મહાવ્રત ને.. એ પણ ઠેકાણા ક્યાં છે પાંચ મહાવ્રતના. અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ છે એ પણ રાગ અને આસ્રવ છે. આહા..હા..! એને સમ્યગ્દર્શન નથી એટલે એમ માની લે છે કે આ મારો ધર્મ છે. સમજાણું કાંઈ? ઝીણું છે, ભાઈ!

એ વીર્યની રચનામાં શુભ-અશુભરાગની રચના કરે તો ત્યાં અંતરાય છે. પોતાના સ્વભાવમાં એણે અંતરાય નાખી. ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એની પરિણતિ નિર્મળ થવી જોઈએ, એને નહિ કરીને રાગની રચના કરીને પોતાને કાંઈક લાભ થયો એમ માનનારને લાભાંતરાય કર્મ બંધાય છે. પોતાના આત્માનું દાન કરતો નથી અને રાગ કરે છે તો એ પણ દાનાંતરાય કર્મ બંધાય છે. ઝીણી વાત, ભગવાન! અનંતકાળથી સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર પણ નથી. સમજાણું કાંઈ? દાનાંતરાય, ભોગાંતરાય. આત્માના આનંદનો અનુભવ એનું નામ ભોગ. એનાથી વિરુદ્ધ રાગનો ભોગ છે તો ભોગાંતરાય બાંધે છે. આહા..હા..! એમ ઉપભોગાંતરાય, એમ વીર્યાંતરાય. આહા..હા..! પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદ એની સ્ફુરણા સ્વરૂપની રચના કરવી એનું નામ વીર્ય છે. શુભની રચના પાંચ મહાવ્રત કે અઠ્યાવીશ

મૂળગુણની રચના કરવી એ વીર્ય નહિ. પરનું તો કરી શકતો નથી. આહા..હા..!

ભગવાન ૪૭ શક્તિમાં કહે છે કે વીર્ય જે આત્માનો ગુણ એક છે, આત્માનું બળ છે એ પોતાની શુદ્ધ ચૈતન્ય આનંદની રચના કરે. અતીન્દ્રિય આનંદની સમ્યગ્દર્શનમાં રચના કરે એનું નામ વીર્ય કહેવામાં આવે છે. એ વીર્ય શુભ-અશુભની રચના કરે તો વીર્યાંતરાય આત્મબળમાં અંતરાય પાડી એણે. આહા..હા..! વાત ક્યાં? સમ્યગ્દર્શન શું અને એની ચીજ શું એની ખબર જ નથી. બહારની પ્રવૃત્તિ ક્રિયા કરી અને થઈ ગયો ધર્મ. આહા..હા..! મિથ્યાત્વનો ભાવપોષક છે. સમજાણું કાંઈ? એ અંતરાયની લાંબી વાત છે. દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એ પાંચેયમાં પોતાની પર્યાયમાં ઊલટું પરિણમન કરવું એનાથી અંતરાયકર્મ બંધાય છે. અંતરાયકર્મમાં વિકારી પર્યાય જે થઈ એ નિમિત્ત કહેવામાં આવે છે.

જ્ઞાનીને, ધર્મીને આત્માના આનંદનો સ્વાદ છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિ તો એને કહીએ અને મુનિ પણ એને કહીએ કે જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહા..હા..! કહ્યું હતુંને એ મોહરછાપ છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ. રાગ નહિ, રાગ નહિ. રાગ થાય છે, પણ એનો અનુભવ નથી. આહા..હા..! કહો, શેઠ! કદી સાંભળ્યું જ નથી, પ્રભુ! તેં સત્ય માર્ગ શું છે. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ અનાકુળ સુખ એનો પ્રભુ સાગર છે. એની દૃષ્ટિ વિના, એના અનુભવ વિના એમાં રાગ થયો તો લાભ થયો, પુણ્ય પરિણામ દયા, દાનના વ્રત કર્યા તો અમને લાભ થયો. મિથ્યાત્વ છે. ઝીણી વાત ભાઈ! સમજાણું કાંઈ? એ અંતરાયની લાંબી વાત છે.

હવે આપણે અહીં ૧૦૨ ગાથા લેવી છેને. હવે પાંચ ઇન્દ્રિયનું લઈએ થોડું. શ્રોત્ર ઇન્દ્રિય છે ત્યાં સુધી આવ્યું છે, કાય સુધી. આ શ્રોત્ર ઇન્દ્રિય છેને આ શ્રોત્ર? સાંભળવામાં ઇન્દ્રિય મારો અવયવ છે. આ તો જડના અવયવ છે, માટીનો છે, આત્માનો નહિ; પણ અજ્ઞાની એમ માને છે કે આ મારો અવયવ છે અને એનાથી હું જ્ઞાન કરું છું, એનાથી હું સાંભળું છું. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! એ શ્રોત્ર ઇન્દ્રિયને પોતાની માની. જડ ઇન્દ્રિય છે એને પોતાની માની. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી જ્ઞાની શ્રોત્ર ઇન્દ્રિયથી સાંભળે પણ એ ઇન્દ્રિય મારી નથી. અમે એનાથી સાંભળતા જ નથી. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? એમ પાંચેય ઇન્દ્રિય લઈ લેવી.

'**શ્રોત્ર, ચક્ષુ,...**' આંખથી દેખે છે એ મારો અવયવ ચક્ષુ છે એનાથી હું ભગવાનને જોઉં છું કે સ્ત્રીને જોઉં છું આદિ જે છે એ બધા ઇન્દ્રિયના વિષયને પોતાના માને છે એ ઇન્દ્રિયનું ભેદજ્ઞાન નથી એને. હસુભાઈ! ઝીણી વાત છે. આહા..હા..! એમ '**ઘ્રાણ,...**' નાક. હું નાકથી સુંઘું છું. જ્ઞાની કહે છે, હું ઘ્રાણથી સુંઘતો જ નથી. આહા..હા..! હું તો મારા જ્ઞાનથી ઘ્રાણનું અને ગંધનું જ્ઞાન, હું મારું જ્ઞાન કરું છું તો એની સાથે એનું જ્ઞાન પોતાથી થાય છે. એમ '**રસન...**' દાળ, ભાત, રોટલી રસ એ પણ જડની પર્યાય છે અને

ઇન્દ્રિય પણ જડ છે આ. એનાથી હું ચાખું છું એમ અજ્ઞાની માને છે એ મિથ્યાત્વ છે. જ્ઞાની જાણે છે કે હું રસથી ચાખતો નથી. હું તો ઇન્દ્રિય અને રસથી જુદો મારું સ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ છે, એનું મને જ્ઞાન છે, તો સ્વપરપ્રકાશક પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે એમાં રસ અને જીભેન્દ્રિય પોતાના જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. ઝીણી વાત, બાપુ! આહા..હા..! અરે..! મૂળ વાત પડી રહી છે અત્યારે આખી. મૂળમાં ભૂલ છે. આહા..હા..!

એમ '**સ્પર્શન...**' આ સ્પર્શ છેને સ્પર્શ ઇન્દ્રિય. 'સ્પર્શ ઇન્દ્રિયથી હું ભોગ લઉં છું' એ મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ પોતાના આનંદનું ભાન છે અતીન્દ્રિયનું સમ્યક્. ચોથે ગુણસ્થાને હોં. છટ્ઠાની મુનિની તો વાત જ શું કરવી? એ તો અલૌકિક દશા છે. દશા એ તો દેખાવી કઠણ પડે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં તો કહે છે કે સ્પર્શ ઇન્દ્રિયને કાળે જ્ઞાની પોતાની સ્પર્શ ઇન્દ્રિયથી ભિન્ન અને સ્પર્શ ઇન્દ્રિય તરફના વિકલ્પથી પણ ભિન્ન પોતાના જ્ઞાનાનંદનો સ્વાદ છે, એ સ્વાદમાં પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન ઉત્પન્ન થાય છે એમાં સ્પર્શેન્દ્રિય જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ઝીણી વાત, બાપા! એ તારો માર્ગ બહુ સૂક્ષ્મ, ભાઈ! જન્મ-મરણરહિત થવાની સમ્યગ્દૃષ્ટિની એ અલૌકિક વાત છે. હવે એટલું કહ્યું.

'**સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં;...**' છે? '**અને આ ઉપેદશથી બીજાં પણ વિચારવાં.**' જેટલા વિકલ્પ છે એટલા બધાની વ્યાખ્યા એમાં લઈ લેવી.

'**વળી અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી એમ હવે કહે છે :—**' હવે ૧૦૨. આ ત્રણ-ચાર દિ' તો વાત ચાલી. આહા..હા..! હવે ૧૦૨.

जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता।
तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा।।१०२।।

**જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,**
**તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.**

બહુ અલૌકિક ગાથા છે. એક પછી એક ગાથા... આહા..હા..!

'**ટીકા :—પોતાનો અચલિત વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ...**' આહા..હા..! ભગવાન આત્માનો વિજ્ઞાનઘન એક સ્વાદ છે. સમજાણું કાંઈ? અચલિત—ન ચળે એવો પોતાનો '**વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ હોવા છતાં પણ આ લોકમાં જે આ આત્મા અનાદિ કાળના અજ્ઞાનને લીધે...**' આહા..હા..! '**પરના અને પોતાના એકપણાના અધ્યાસથી મંદ અને તીવ્ર સ્વાદવાળી પુદ્ગલકર્મના વિપાકની બે દશાઓ...**' આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગની મંદતા, પુદ્ગલના પરિણામ છે નિશ્ચયથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા વિજ્ઞાનઘન આનંદકંદ એકરૂપ છે, એના અજ્ઞાની બે ભાગ પાડે છે. શુભક્રિયા એ મારી. દયા, દાન, વ્રત, ભક્તિ એ શુભપરિણામ મારા અને અશુભ મારા. એને અજ્ઞાનનો વિકારનો સ્વાદ આવે છે. ઝીણી વાત, ભાઈ! ૧૦૧ કરતાં

પણ આગળ લઈ ગયા વિશેષ. છે?

પોતાનું સ્વરૂપ તો વિજ્ઞાનઘન આનંદઘન સ્વરૂપ છે. આહા..હા..! એમ '**હોવા છતાં પણ આ લોકમાં જે આ આત્મા અનાદિ કાળના અજ્ઞાનને લીધે...**' પોતાનો વિજ્ઞાનઘન આનંદનું ભાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરના અને પોતાના એકપણાના અધ્યાસથી...**' પર નામ રાગ. ચાહે તો વ્રતનો રાગ હોય કે ચાહે તો અવ્રતનો રાગ હોય એ રાગ ભિન્ન ચીજ છે. એ પરના અને પોતાના એકપણાના જ્ઞાનથી.. આહા..હા..! છે? '**મંદ અને તીવ્ર...**' રાગ શુભ છે એ મંદ છે, અશુભ છે એ તીવ્ર છે. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ જે છે એ રાગ મંદ છે અને અવ્રતનો ભાવ છે એ રાગ તીવ્ર છે. એ પુદ્ગલનો વિપાક છે, પોતાનો સ્વભાવ નહિ.

એ '**મંદ અને તીવ્ર સ્વાદવાળી...**' અજ્ઞાનીને એ રાગ મંદ ... છે એનો સ્વાદ આવે છે. આહા..હા..! અમરચંદભાઈ! કહો, હસમુખભાઈ! આ હસમુખ એમના દીકરા નથી આવ્યા આજે. એ લઈ આવ્યા છે આ મશીન ઇટાલીથી. આ ભાઈ આજે આવ્યા છે. આ એમના દીકરા છે. છ દીકરા છે એને. બે કરોડ છે. ધૂળ-ધૂળ. અહીં તો અનંત આનંદનું વિજ્ઞાનઘન આનંદનો સ્વાદ નહિ લેનારો, આહા..હા..! મિથ્યાદૃષ્ટિ શુભરાગનો સ્વાદ લે છે એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. પૈસાનો તો સ્વાદ આવતો નથી, એ તો જડ છે. સ્ત્રીના શરીરનો પણ સ્વાદ આવતો નથી, એ તો માટી-ધૂળ છે. આહા..હા..! દાળ, ભાત, ચૂરમું, મૈસુબ કહે છેને મૈસુબ એ તો જડ-માટી છે, એનો સ્વાદ નથી આવતો. પણ અજ્ઞાનીને પોતાનો વિજ્ઞાનઘન આનંદની દૃષ્ટિ છોડીને, આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ છોડીને મિથ્યાદૃષ્ટિ એ શુભરાગનો સ્વાદ લે છે એ મિથ્યાત્વ છે. આહા..હા..! કહો, નવરંગભાઈ! આવી વાત છે, પ્રભુ! આહા..હા..!

પાણીનો પ્રવાહ ચાલતો હોયને, પાણીનો પ્રવાહ એકરૂપ. વચ્ચે શું કહેવાય? પુલ-પુલ આવેને પુલ? બે ત્રણ દરવાજા. એમ પાણીના કટકા થઈ જાય છેને. એકરૂપ પાણી નીકળે એમાં ત્રણ ભાગ પડી જાય; એમ ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો પ્રવાહ એકરૂપ છે. આહા..હા..! એમાં શુભ-અશુભરાગમાં.. શું કહ્યું એ? પુલ-પુલ હોય છેને, પુલ? એમ કહે છે અહીંયાં કે ભગવાન આત્મા તો વિજ્ઞાનઘન છે. સમ્યગ્દૃષ્ટિની તો વિજ્ઞાનઘન ઉપર દૃષ્ટિ છે. ધર્મી તો વિજ્ઞાનઘનનો આનંદનો સ્વાદ લે છે. આહા..હા..! એનું નામ ધર્મી છે. ધર્મી એટલે આ વ્રત પાળા, આ કરવું એ બધા તો અધર્મી છે. એ કહે છે જુઓ.

'**મંદ અને તીવ્ર સ્વાદવાળી પુદ્ગલકર્મના વિપાકની બે દશાઓ...**' આહા..હા..! આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો ઘન એક પ્રવાહરૂપ છે, એમાં અજ્ઞાની રાગ મંદ અને તીવ્રના બે ભાગ પાડી દે છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! અમરચંદભાઈ! આહા..હા..! હજી એને ખ્યાલ પણ નથી જ્ઞાનમાં કે શું ચીજ છે અને કેમ થાય છે? આહા..હા..! ભગવાન ત્રિલોકના નાથ સંતો એ કહે છે એ ભગવાનની વાણી કહે છે. સંતો એ ભગવાનના

આડતિયા છે. આહા..હા..! કહે છે કે એકવાર સાંભળ તો ખરો પ્રભુ! તેં અનંતવાર એ વ્રત પાળ્યા, અવ્રત કર્યા, મહાવ્રત લીધા અનંતવાર, એ અજ્ઞાનથી વ્રતનો મંદ રાગનો સ્વાદ તને આવ્યો. સમજાણું કાંઈ? આવ્યું? '**મંદ અને તીવ્ર સ્વાદવાળી પુદ્‌ગલકર્મના વિપાકની...**' આહા..હા..! એ તો કર્મના વિપાકનું ફળ શુભ-અશુભ છે, આત્માનું ફળ એ નથી. આત્મા આનંદકંદ છે એનું ફળ તો અતીન્દ્રિય આનંદ આવે છે. સૂક્ષ્મ વાત છે. આહા..હા..! વાત સાંભળવા ન મળે બિચારાને. શું કરે? દૃષ્ટિ ક્યાંથી લાવે? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે શુભ અને અશુભ '**સ્વાદવાળી પુદ્‌ગલકર્મના વિપાકની બે દશાઓ વડે પોતાના (વિજ્ઞાનઘનરૂપ) સ્વાદને ભેદતો થકો...**' શું કહે છે એ? પોતાનો આનંદગુણ પ્રભુ આત્મશક્તિને તોડી નાખે છે અજ્ઞાની. '**અજ્ઞાનરૂપ શુભ કે અશુભ ભાવને કરે છે,...**' જુઓ, એ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ અને અશુભભાવ—હિંસા, જૂઠું એ બેય ભાવ અજ્ઞાનરૂપ છે. આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! છે? વાંચ્યું પણ નથી, દરકાર પણ કરી નથી આખો દિ'. રૂપિયા મળે આ ધૂળના. સલવાઈ ગયા ત્યાં અને નિવૃત્તિ લઈને સાધુ થાય તોપણ શુભભાવમાં સલવાઈ ગયો પાછો. એ શુભભાવની ક્રિયા એ અમારો ધર્મ. એ અહીંયાં કહે છે. '**અજ્ઞાનરૂપ શુભ કે અશુભ...**' આહા..હા..! કેમ? કે શુભભાવમાં આત્માના જ્ઞાનનો કણ નથી. એ અચેતનભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત એવી છે, બાપુ! આ તો વીતરાગમાર્ગ, ભાઈ! વીતરાગી પર્યાયને પ્રગટ કદી કરી જ નથી. અને એ સમ્યગ્દર્શન વિના વીતરાગી પર્યાય કદી થતી નથી અને સમ્યગ્દર્શનમાં ત્રિકાળી આનંદનો નાથ, એને દૃષ્ટિ કબ્જામાં લ્યે છે ત્યારે એને આનંદ આવે છે, ત્યારે એને સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન થાય છે. આહા..હા..!

અહીં કહે છે કે '**અજ્ઞાનરૂપ શુભ કે અશુભભાવ...**' ભાષા જુઓ, એ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ બેય અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ એ આત્માના ચૈતન્ય જ્ઞાનની દશા નથી. એ શુભરાગ છે એ અચેતન છે. આહા..હા..! એ ૭૨ ગાથામાં આવી ગયું છે પહેલાં. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ છે એ શુભભાવ છે, એ અચેતન છે. એટલે? અર્થાત્ જ્ઞાનસ્વરૂપ ભગવાનનું કિરણ એમાં નથી. અને શુભરાગ છે એ પોતાને જાણતો નથી અને શુભરાગ ચૈતન્યને જાણતો નથી, પણ શુભરાગ છે એ ચૈતન્ય દ્વારા જણાય છે, માટે એ અચેતન છે. આહા..હા..! ન્યાય-લોજિકથી સમજે તો ખરો. આ તો પ્રભુનો માર્ગ છે, બાપા! આહા..હા..! ત્રણલોકનો નાથ ઈન્દ્રો અને ગણધરો વચ્ચે આ કહેતા હતા. એ વાણી કુંદકુંદાચાર્ય જગત પાસે જાહેર કરે છે. આહા..હા..!

પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારી ચીજ તો વિજ્ઞાનઘન આનંદકંદ પ્રભુ છે. એકરૂપ પ્રવાહમાં તું શુભ અને અશુભ બે રાગ કરીને...આહા..હા..! તેને ભંગ કરી નાખ્યો. નાળા પાડી દીધા. પાણી એકરૂપ ચાલતું હતું એમાં નાળા પાડીને બે ભાગ પાડી દીધા.

આહા..હા..! એય હસમુખભાઈ! આવી વાત છે અહીં. તમને રોગ હતોને તે દિ'? કે દિ'? ઓલો રોગ હતો એ એમને હતો? તે દિ' એં.. એં.. થઈ ગયું હતું, ખબર છેને? આહા..હા..! એ તો થવાનું હતું તે થઈ ગયું. કોનાથી થાય? બીજાથી થતા હશે? એ વાત થઈ, પણ કુદરતે એને થવાને કાળે થયું છે. પરથી થયું નથી. એ વાત છે અહીં તો.

અહીં તો પરમાત્મા—આત્મા પરનો કર્તા તો છે જ નહિ, પણ શુભ-અશુભભાવનો કર્તા થાય છે એ પણ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. એ કહે છેને, જુઓ, શું કહ્યું? '**મંદ અને તીવ્ર સ્વાદવાળી...**' શુભભાવનો સ્વાદ કલુષિત છે અને અશુભભાવનો સ્વાદ પણ તીવ્ર કલુષિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**સ્વાદવાળી પુદ્‌ગલકર્મના વિપાકની બે દશાઓ...**' આહા..હા..! કર્મના નિમિત્તનો પાક થવાને એ શુભ-અશુભભાવ થયા છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! આ તો ભગવાનની વાણી છે, ભાઈ! આ કાંઈ કથા નથી, વાર્તા નથી કાંઈ. 'ચકલી લાવી ચોખાનો દાણો અને ચકલો લાવ્યો મગનો દાણો, એની બની ખીચડી.' નાની ઉંમરમાં કરતા એ. ખબર છેને. 'કુંભારને ત્યાં ગયા ખીચડી આપી. એણે એક ઘડુલો આપ્યો, ઘડુલો ઓલાને આપ્યો અને એણે ખજૂર આપ્યો.' એવી વાતું કરે નાની ઉંમરમાં. આહા..હા..! એ તો બધી વિકથા, કુકથા છે.

આ તો વીતરાગની ધર્મકથા, પ્રભુ! જેમાં આત્મા વિજ્ઞાનઘન સ્વરૂપ પ્રભુ, એક અતીન્દ્રિય આનંદના સ્વાદયુક્ત પ્રભુ એવી સમ્યગ્દૃષ્ટિ જેને નથી... આહા..હા..! એ પુણ્ય અને પાપના બે ભંગ પાડીને તીવ્ર અને મંદ વિકારનો સ્વાદ લે છે. સમજાય છે કાંઈ? શેઠ! શું છે તમારું ઓલું છ લાખનું મકાન. ત્યાં રહેવું અને ખુશ થવું એ અશુભભાવ છે, એ પાપ છે એમ કહે છે. શું કહ્યું? ઓઘે પણ ત્યાં રહો છોને તમે? અમે જોયું હતું તમે એક રૂમમાં હતા. દવા-બવા ને બે-ચાર-પાંચ-સાત-દસ ચીજો પડી હતી. આહા..હા..! છ લાખનું મકાન છે એને રહેવાનું. એમાં એકલા રહે છે. આહા..હા..! ધૂળ એ તો. એ તરફ લક્ષ જાય છે તો અશુભભાવ છે. એ અશુભનો સ્વાદ મીઠો નથી, કડવો છે અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ મીઠા નથી કડવા છે, એમ કહે છે. સાંભળ તો ખરો એકવાર.

**શ્રોતા :—** કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કરવો આત્માના આનંદનો અનુભવ કરવો. એ વાત અહીં તો એ ચાલે છેને. આહા..હા..! ભગવાન! આ તો વીતરાગ ત્રણલોકના નાથ ઈન્દ્ર અને ગણધરો વચ્ચે આ કહેતા હતા એ વાત છે. આ કાંઈ સાધારણ વાત આલિદુઆલીની નથી. અહીંયાં તો પરમાત્મા જિનેશ્વરદેવ ગણધરો અને એકાવતારી એકભવતારી ઈન્દ્રોની વચ્ચે કહેતા હતા, ભગવાન! તું તો વિજ્ઞાનઘન છોને. અતીન્દ્રિય આનંદનો કંદ છે સુખકંદ. એમાં નથી આવતું? અપને નિજઘર કબહુ ન દેખા. એ. 'અબ તો કબહુ નિજઘર આયે..' આવે છે સુખકંદ? એ સુખનો કંદ છે. આહા..હા..! પ્રભુ! જેમ મૂળા, લસણ કંદ છેને કંદ? બટેટા, શક્કરકંદ.

લ્યોને શક્કરકંદ. આ શક્કરકંદ નથી હોતા? શક્કરિયા.

સાંભળો. એ શક્કરિયા જે છે એની ઉપરની છાલ છેને છાલ? એ શક્કરકંદ નથી. શક્કરકંદનો અર્થ સાકર જેવી મીઠાશનો પિંડ. તો એ લાલ છાલ ન જુઓ તો આખું શક્કરકંદ-શક્કરકંદ સાકરની મીઠાશનો કંદ છે એ તો. આહા..હા..! એ માટે શક્કરકંદ નામ પાડ્યું છે. એય..! એમ ભગવાન આત્મા આ શુભ-અશુભ જે વિકલ્પ એ ઉપરની છાલ છે. આહા..હા..! વ્રત-અવ્રત, દયા-દાનનો ભાવ છે એ શુભરૂપી છાલ છે, એ આત્મા નહિ. એ છાલ ઉપરનું લક્ષ છોડી દ્યો તો અંદરમાં આનંદકંદ, શક્કરકંદની જેમ આનંદનો કંદ પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શક્કરકંદ બાફતા નથી શિવરાત્રીમાં? વૈષ્ણવ બહુ ખાય. શિવરાત્રી હોય છેને. મહા વદ ૧૪. એ શક્કકંદ બાફીને ખાય. તો એ શક્કરકંદ એટલું મીઠું, સાકરનો પિંડ છે એ તો. સાકરનો પિંડ-મીઠાશનો પિંડ છે. ઉપરની છાલ એ કાંઈ શક્કરકંદ નથી. એમ અહીંયાં પરમાત્મા કહે છે... આહા..હા..! ભગવાન! તું તો વિજ્ઞાનઘન આનંદકંદ છોને. એમાં આ શુભ-અશુભભાવ થાય એ તો છાલ છે, ઝેર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં એ કહે છે, જુઓ. આહા..હા..!

**'સ્વાદને ભેદતો થકો...'** અતીન્દ્રિય આનંદરૂપ એકરૂપ વિજ્ઞાનઘન છે એ તરફની દૃષ્ટિ છોડીને એકરૂપ સ્વાદને ભેદતો થકો, છેદતો થકો, ભેદ કરતો થકો **'અજ્ઞાનરૂપ શુભ...'** આહા..હા..! એ શુભભાવ એ અજ્ઞાનરૂપ છે. અહીંયાં તો એ માને શુભભાવ ક્રિયાકાંડ એ અમારો ધર્મ છે. આહા..હા..! અરેરે..! દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? **'અજ્ઞાનરૂપ શુભ કે અશુભભાવને કરે છે,...'** એ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ પોતાના વિજ્ઞાનઘન સ્વાદને છોડીને શુભ-અશુભરાગનો સ્વાદ લે છે અને એ ભાવનો કર્તા થાય છે. પદમચંદજી! આવી વાતું ભારે, ભાઈ! સાધુ હોય અને અઠ્યાવીશ મૂળગુણ પાળે છે. કહે છે કે એ તો શુભરાગ છે, ઝેર છે. એ સ્વાદ કલુષિત છે, તારો નહિ. આહા..હા..! એ શુભ-અશુભ અજ્ઞાન છે, તારું જ્ઞાન નથી, તારો આનંદ એમાં નથી આવતો. આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! શું થાય? એવો માર્ગ લોકોએ લૂંટી નાખ્યો છેને. હવે એને આ બેસવું કઠણ પડે.

અહીં તો કહે છે કે વિજ્ઞાનઘન પિંડ પ્રભુ, આનંદકંદ એકરૂપસ્વરૂપ ભગવાન આત્માનું છે. અજ્ઞાની એ તરફની દૃષ્ટિ ન કરતાં સ્વાદને ભેદે છે, સ્વાદને છેદે છે. શુભ-અશુભભાવમાં વેદન કરે છે. આહા..હા..! ચાહે તો વ્રત પાળે તો શુભભાવનું વેદન અજ્ઞાનનું છે. આહા..હા..! ગજબ વાત, બાપા! એ અજ્ઞાનરૂપ છે, તારી ચીજ નથી. કેમકે શુભભાવ રાગ છે એ પોતાને જાણતો નથી એ બીજા દ્વારા જણાય છે—ચેતન દ્વારા. માટે રાગને અચેતન કહેવામાં આવે છે. આહા..હા..! આ વાત કેમ બેસે જગતને? જેમાં અહિંસા, સત્ય, દત્, બ્રહ્મચર્ય એવા ભાવ એ ભાવ શુભ છે. એ આનંદના સ્વાદને ભેદીને શુભભાવ થાય છે. અજ્ઞાની શુભભાવનો કર્તા થાય છે. કહો, પોપટભાઈ! આહા..હા..! ગાથા અલૌકિક છે ભાઈ, આ તો.

'**અચલિત વિજ્ઞાનઘન એક સ્વાદ હોવા છતાં પણ...**' આહા..હા..! એ તો સચ્ચિદાનંદ આનંદનો કંદ પ્રભુ આત્મા છે. એમ હોવા છતાં એ '**આ લોકમાં જે આ આત્મા અનાદિ કાળના અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાના અધ્યાસથી...**' એ શુભરાગ અને આત્માની એકત્વબુદ્ધિથી... આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો શુભ આચરણ કરે એટલે ધર્મ થઈ ગયો એમ માને અજ્ઞાની. અહીં તો કહે છે કે વિજ્ઞાનઘનમાં ભેદ કર્યો ત્યારે શુભભાવ થયો. આહા..હા..! '**પોતાના સ્વાદને ભેદતો થકો...**' અતીન્દ્રિય આનંદ એકરૂપ પ્રભુ શક્કરકંદની પેઠે.. આહા..હા..! પણ પોતાના સ્વાદને ભેદતો થકો, તોડતો થકો '**અજ્ઞાનરૂપ શુભ...**' એ શુભભાવ છે એ અજ્ઞાનરૂપ છે, જ્ઞાન નથી. એ જ્ઞાનની ચીજ આત્માની નથી. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ શુભભાવ આત્માની ચીજ નથી. આહા..હા..! આ તે કેમ બેસે? પાણી ઉતરી જાય એવું છે આ તો મોટા માંધાતાનું. સમજાણું કાંઈ? 'કરે કર્મ સો હી કર તારા, જો જાણે સો જાણનહારા, કર્તા સો જાણે નહિ કોઈ, જાણે સો કર્તા નહિ હોઈ.' અજ્ઞાની પોતાના ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ છોડીને શુભભાવનો કર્તા થાય છે, એ જ્ઞાતા રહેતો નથી, એ સમકિતી નથી એમ કહે છે. આહા..હા..! બહુ ગાથા ઊંચી આવી છે. ૧૦૨. આહા..હા..!

'**અજ્ઞાનરૂપ શુભ કે અશુભ ભાવ...**' ભાવ છેને? પરિણામ અંદર શુભ-અશુભ છે એ બેય ભાવ છે. અજ્ઞાનરૂપ ભાવ બેય છે. એ આત્માના જ્ઞાનનો સ્વભાવ નથી. આહા..હા..! ધીરાનું કામ છે બાપુ, આ તો. એવી વાત છે. જેને નિજરસના આનંદનો (સ્વાદ આવ્યો છે). સમ્યગ્દર્શનમાં તો સ્વરૂપ વિજ્ઞાનઘન ઉપર દૃષ્ટિ હોવાથી એને તોડતા નથી વિજ્ઞાનઘનને. તો વિજ્ઞાનઘન આનંદકંદ ઉપર સમ્યગ્દર્શન હોવાથી એકરૂપ આનંદનો સ્વાદ જ્ઞાનીને આવે છે. અજ્ઞાની વિજ્ઞાનઘન દ્રવ્યસ્વભાવ તોડીને શુભભાવ અને અશુભભાવ અજ્ઞાનરૂપ છે એનો કર્તા થાય છે અને એનો સ્વાદ લે છે. આહા..હા..! ભારે આકરી વાતું. સમજાણું કાંઈ? કહો, શેઠ! છે અંદર? તેથી તો સામે પુસ્તક રાખીએ છીએ. ક્યા શબ્દનો અર્થ થાય છે. આહા..હા..! ભગવાન એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારી ચીજ તો એ શુભ-અશુભભાવથી ભિન્ન ચીજ છે. જે ભાવથી વ્રત પળાય અને જેનાથી અવ્રત પળે એ બેય ભાવથી તારી ચીજ ભિન્ન છે. આહા..હા..!

અહીંયાં તો શુભ-અશુભભાવનો કર્તા છે. સમજાણું કાંઈ? અજ્ઞાની એ શુભભાવ અને અશુભભાવનો કર્તા થાય છે. એ જ્ઞાતા નથી રહી શકતો. આહા..હા..! અને જ્ઞાતા હોય એ કર્તા ન હોઈ શકે. 'હું તો જ્ઞાન ને આનંદનો નાથ પ્રભુ હું છું' એવી અનુભવદૃષ્ટિ થઈ, એને રાગ આવે છે, કર્તા નથી થતો. એ જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આહા..હા..! કેમકે આત્મા તો જ્ઞાન-દર્શનનો સ્વભાવ આત્મા છે. રાગને કાળે સ્વભાવની દૃષ્ટિ છે સમકિતીને, તો રાગનો જ્ઞાતા રહે છે, રાગનો કર્તા થતો નથી. આહા..હા..! આવી વાત તે ક્યાંય આકરી ભારે

પડે. કૈલાસચંદજી! હૃદય કોમળ છે થોડું. આજે સવારમાં.. હૃદય કોમળ છે. સવારમાં આંખમાંથી આંસુ ચાલ્યા ગયા. ઓહોહો..! નરમ હૃદય છે. સવારમાં બે વાર જોયા હતા. ભાઈએ પણ જોયા હતા. અમરચંદ. આહા..હા..! પ્રભુ! આ તો માર્ગ એવો છે, નાથ! અરે..! શું કહીએ? અરે..! અત્યારે પ્રથા આખો ફેર પડી ગયો છે, ભાઈ!

અહીં તો ત્રિલોકના નાથ અને સંતો કુંદકુંદાચાર્ય, અરે..! હજાર વર્ષ પહેલાં અમૃતચંદ્રાચાર્ય થયા એની આ ટીકા છે. અમૃતચંદ્રાચાર્યની આ ટીકા છે અને આ ગાથા બે હજાર વર્ષ પહેલાંની કુંદકુંદાચાર્યની છે. તો ગાથામાં જે ભાવ ભર્યા છે એની ટીકા કરીને સ્પષ્ટીકરણ કરે છે. જેમ ગાયની અને ભેંસની આઉ હોય છેને. એમાં દૂધ હોય છેને દૂધ. તો બળુકી બાઈ હોય તો એમાંથી કાઢે છે. આંચળ નહિ? એ કાઢવાની પણ એક કળા છે. અમે તો બધું ધ્યાન રાખતાને. આમ ને આમ એમ નથી કાઢતા. ચાંદા પડી જાય એને. અહીં ચાંદા પડી જાય; પણ આ ખૂણો છેને, ખાડો આમ કરે છે. અમારે તો બહેનના ઘરે ભેંસ હતીને તો જોતા હતા. બધું પોતાની નજરે જોયું છે. સમજાણું કાંઈ? અધમણ દૂધ હોય ભેંસના આઉમાં. ગાયને થોડું હોય, પાંચ શેર-દસ શેર. એ બાઈ શું કહેવાય? બોઘરું-બોઘરું. બોઘરાને શું કહે છે? પિત્તળનું વાસણ. આમ રાખેને? પણ અંદરમાં છે એ નીકળે છે. એમ આ ગાથામાં ભાવ છે એ ભીંસીને તર્ક કરીને કાઢ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! આઉમાં જેમ દૂધ ભર્યું છે એમ આ ગાથામાં ભાવ ભર્યા છે. કુંદકુંદાચાર્ય ત્રણલોકના નાથ પાસે ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આહા..હા..! પ્રભુ તું શું ચીજ છો? તું તો વિજ્ઞાનઘન આનંદકંદ છોને, નાથ! એની દૃષ્ટિ છોડીને તું શુભભાવનો કર્તા થાય છે અને એ શુભભાવનો કષાયનો સ્વાદ લે છે. આહા..હા..! શુભભાવ કષાય છે. છ ઢાળામાં આવે છે, 'રાગ આગ દાહ દહે સદા, રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઇએ,' છ ઢાળામાં આવે છે.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીં તો એટલું અમારે કહેવું છે.

રાગ આગ છે. ચાહે તો શુભ હોય... આહા..હા..! ભગવાન! એણે સાંભળ્યું નથી, નાથ! તારી ચીજ શું છે? આહા..હા..! એ શુભરાગ એ આગ છે, દાહ છે, 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' એ શુભ-અશુભ રાગથી રહિત ભગવાન આત્મા એની દૃષ્ટિ કર, એનું સેવન કર તો તને ધર્મ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? અમારે બહેન ઠીક લાવ્યા છે અહીં ખેંચીને. માતા છેને. સવારે તો માતા.. વાત તો એવી છે. કહ્યું હતુંને, ભાઈ! પરમ દિ' કહ્યું હતું. આહા..હા..! આ વાત ક્યાં છે, પ્રભુ? આહા..હા..! શું કહીએ? આહા..હા..! ભૂલા પડ્યા ને ભરતમાં આવી ગયા છીએ. આ તો એવી વાત છે. આહા..હા..!

ભગવાન ત્રણલોકના નાથ પોકાર કરે છે, પ્રભુ! ભગવાન તરીકે જ બોલાવે છે ૭૨

ગાથામાં. ભગવાન! તું તો આનંદઘન છોને, નાથ! અને શુભભાવ-અશુભભાવ તો પ્રભુ એ તો અચેતન છેને. આહા..હા..! ૭૨ ગાથામાં આવી ગયું. એ વાત અહીં સ્પષ્ટ કરે છે. શુભભાવ હોય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા. ભગવાનની ભક્તિ, ભગવાનનું સ્મરણ નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... અરેરે..! એય..! પદમચંદજી! આ તમારે પૈસાવાળાને જાણે દાન દઈએ તો ધર્મ તઈ જાય. ગઈ સાલે આપણે શિક્ષણ શિબિર ચાલી હતીને, એ સમયે પૈસા આપ્યા. ૨૦ હજાર હતાને? કેટલા? ૨૦-૨૧ હજાર. શિબિરમાં હોય છેને. આ વખતે ખર્ચ વધારે થયો. આ વખતે માણસ બહુ આવ્યા હતા. સાડા પાંચસો માણસ તો લગભગ બહારગામથી આવ્યા હતા. ૧૫૨ ગામના. ૧૫૨? ૧૯૨. ૧૯૨ હશે. અને બાકી ૪૦ અહીંના હતા. એટલે ૬૦૦. ૫૮૬ માણસ હતા. એકલા આદમી. બાયું ૨૫૦-૩૦૦ અલગ. પણ શિબિરમાં બેસવા માટે નહિ. નહિતર તો અહીં હજારો આવે. બાયું નહિ. અહીં તો આદમી. પણ લોકોએ ૨૦ દિવસ બહુ સાંભળ્યું. બાપુ! સાંભળો ભાઈ! આહા..હા..! આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ એની દિવ્યધ્વનિનો સાર છે. સમયસાર છેને? સમય નામ આત્માનો સાર. આહા..હા..! અરે ભગવાન! એક પણ વાક્ય સત્ય સાંભળ તો ખરો.

કહે છે કે પોતાના આનંદકંદનો સ્વાદ એકરૂપ છે એને અજ્ઞાની ભેદ-તોડીને શુભ-અશુભભાવનો સ્વાદ લે છે. આહા..હા..! કહો, સુરેન્દ્રજી! આહા..હા..! વેપારના ધંધે દુકાને બેઠા હોય તો અશુભભાવનો સ્વાદ અને ભગવાનની ભક્તિ, નામ સ્મરણ આદિ દયા, દાન અને વ્રતમાં આવ્યો તો શુભભાવનો સ્વાદ. બેય રાગનો સ્વાદ છે, એ ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આવી વાત છે, પ્રભુ! લોકોને એવી લાગે. અત્યારે ચાલતી નથી એટલે લાગે કે આ શું છે? માર્ગ તો આવો છે, પ્રભુ! દુનિયા ગમે તે ચલાવે, શુભભાવની ક્રિયાકાંડથી ધર્મ છે. ચલાવો બાપુ! એમાં તો આત્માનું નુકસાન છે. સમજાણું કાંઈ? ભગવાન તો શુદ્ધોપયોગથી પ્રાપ્ત થાય છે. એ શુભાશુભભાવથી નહિ. આહા..હા..! એ શુભ-અશુભભાવનો કર્તા થાય છે.

'**તે આત્મા તે વખતે...**' તે વખતે '**તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી...**' કેમકે રાગનો કર્તા થઈને, રાગમાં વ્યાપીને એનો કર્તા થાય છે રાગનો. જે શુભભાવ આવ્યો એનો કર્તા થઈને શુભભાવમાં વ્યાપક આત્મા પ્રસરી જાય છે, 'એ ભાવ મારો છે' એમ માને છે. આહા..હા..! ઝીણી વાત બાપા બહુ ભાઈ. આહા..હા..! શું કહ્યું? '**તે આત્મા તે વખતે...**' તે વખતે એટલે ભાવનો કર્તા થાય એ વખતે. '**તન્મયપણે...**' રાગમાં તન્મય થઈ ગયો. એ રાગ તે હું છું. આહા..હા..! શુભરાગ થયો 'શુભોપયોગ એ મારો છે' એમ તન્મય થઈ ગયો એમાં. તન્મય—તે મય. આહા..હા..! '**તે ભાવનો વ્યાપક હોવાથી...**' તે ભાવનો આત્મા વ્યાપક હોવાથી '**તેનો કર્તા થાય છે...**' આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! સર્વજ્ઞ વીતરાગ સિવાય આ વાત ક્યાંય છે નહિ અને તે પણ દિગંબર ધર્મ

એ સિવાય આ વાત ક્યાંય છે નહિ. આવી સ્પષ્ટ વાત મુનિઓએ દાંડી પીટીને કહી છે. દુનિયાની શરમ રાખી નથી. દુનિયા શું માનશે? સમાજ શું માનશે? સમાજ એને ઘરે રહ્યો. ધર્મના માર્ગથી વિરુદ્ધ ભાવ જે શુભ-અશુભ છે એનો સ્વાદ લેનાર કર્તા થાય છે એને અમે અજ્ઞાની માનીએ છીએ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ ભાઈ, અંદર? આહા..હા..! જુઓ, '**તન્મયપણે...**' શુભભાવમાં તન્મય થઈ ગયો. અશુભભાવમાં પણ તન્મય થઈ ગયો. આહા..હા..! પોતાના જ્ઞાતાસ્વભાવને છોડીને શુભ-અશુભભાવમાં તન્મય—એકાકાર થઈ ગયો. આહા..હા..! '**તેનો કર્તા થાય છે અને તે ભાવ પણ...**' એ શુભ-અશુભભાવ પણ '**તે વખતે તન્મયપણે તે આત્માનું વ્યાપ્ય હોવાથી...**' આત્માની સાથે પુણ્ય-પાપનો ભાવ વ્યાપ્ય નામ કાર્ય હોવાથી. કર્તાનું એ કાર્ય અજ્ઞાનીનું છે. આહા..હા..! ભારે ભાઈ, ટીકા આવી. આવી ટીકા તો અત્યારે ભરતક્ષેત્રમાં ક્યાંય નથી એવી. અમૃતચંદ્રાચાર્ય ચાલતા સિદ્ધ! અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલાં થયા. એણે આ ટીકા કરી. 'એ ટીકા કરી' એમ કહેવું એ નિમિત્ત છે. વિકલ્પ આવ્યો એના પણ કર્તા નથી અને અક્ષરની ક્રિયા તો અક્ષરથી થઈ ગઈ. (ટીકા) કરું એવો વિકલ્પ ભાવ તો શુભ છે. અહીં તો કહે છે શુભભાવનો પણ હું કર્તા નથી. આહા..હા..! તો 'ટીકાનો કર્તા હું છું' એમ તો છે નહિ. આહા..હા..! '**હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.**' ગાડી-ગાડી મોટી. કૂતરું નીચે ચાલે એ જાણે કે મારાથી ગાડું ચાલે છે. એમ અજ્ઞાની જ્યાં ત્યાં બેસે, મારાથી કામ થયું, મારાથી કામ થયું, મેં કર્યું, મેં કર્યું. શું કર્યું? સાંભળ તો ખરો. પરનું તો કરી શકતો નથી, પણ રાગ આવ્યો એનો કર્તા તું માને તો મિથ્યાદૃષ્ટિ છે. ગજબ વાત, નાથ! બહુ કઠણ પડે જગતને. ચાલતા પંથની પ્રરૂપણા અને માર્ગથી આ તો વિરુદ્ધ છે. આહા..હા..! ઓહો..હો..! એક ગાથામાં તો અમૃત ભર્યું છે અમૃતચંદ્રાચાર્યે!

ભગવાન! તું તો અમૃતનો સાગર છોને. શુભભાવમાં આવ્યો તો તારું મૃત્યુ થયું. આહા..હા..! એટલે? શુભભાવનું અસ્તિત્વ હું છું, પણ અંદર શુદ્ધ ચિદાનંદનું અસ્તિત્વ હું નથી, તો છે એનો નકાર કર્યો તો મૃત્યુ થઈ ગયું એનું અને શુભભાવનું જીવન થઈ ગયું તારું. આહા..હા..! મડદાનું જીવન તારું છે. આહા..હા..! ગજબ વાત છે! મંત્ર ભર્યા છે એકલા. રામચંદ્રજીનું બાણ પડતું હતુંને. બાણ ફરે નહિ. રામબાણ કહે છેને. બાણ મારે, ખલાસ થઈ જાય. એવી આ રામબાણ વાણી છે. આહા..હા..!

પ્રભુ! તું સાંભળ તો ખરો. પૂર્વાગ્રહ છોડી દે. જે આગ્રહ માન્યો હોય કે શુભભાવ ધર્મ છે અને શુભભાવ કરનાર ધર્મી છે. છોડી દે, છોડી દે. સમજાણું કાંઈ? એય સુરેન્દ્રજી! આહા..હા..! શું કહે છે? '**તન્મયપણે તે આત્માનું વ્યાપ્ય હોવાથી તેનું કર્મ થાય છે;...**' શું? અજ્ઞાનીનું શુભ-અશુભભાવ કાર્ય નામ કર્મ થાય છે. પોતે વ્યાપક થઈને કર્તા આત્મા અને પુણ્ય-પાપના ભાવ અજ્ઞાનીનું કર્મ નામ કાર્ય થાય છે. આહા..હા..! પરનું તો નહિ.

શરીર, વાણી, મનની ક્રિયાને કરતો નથી. આહા..હા..! ફક્ત અજ્ઞાનપણે પુણ્ય ને પાપના ભાવનો અજ્ઞાની તન્મય થઈને કર્તા થાય છે અને એ વ્યાપ્ય થઈને એનું કર્મ થાય છે. આહા..હા..! વ્યાપક આત્મા અને પુણ્ય-પાપના ભાવ વ્યાપ્ય નામ કાર્ય અજ્ઞાનીનું. આહા..હા..! ભારે ભાઈ! એને બદલવું પડશે. આહા..હા..! માને છે, માને છેને કે હું એકમેક થઈ ગયો. જ્ઞાતા ભિન્ન છે એનું ભાન તો નથી. ભાન નથી. માને છે કે હું તન્મય થઈ ગયો. આહા..હા..! માન્યતા તો એવી છે કે એ જ હું છું. એમ થયુંને? આ વિજ્ઞાનઘન ભિન્ન છે એની તો ખબર નથી. આહા..હા..! સમ્યગ્દર્શન તો છે નહિ. એથી રાગમાં તન્મય થઈને 'મારું કર્તવ્ય છે અને હું કરું છું' એમ માને છે.

**'વળી તે જ આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો ભાવક હોવાથી...'** હવે ભોક્તાની વાત કરે છે. અહીંયાં પહેલા કર્તા લીધો કે શુભ અને અશુભભાવ થયો એમાં તન્મય આત્મા વિજ્ઞાનઘન છે એને છોડીને શુભાશુભભાવમાં લીન થયો. એને શુભાશુભભાવનો સ્વાદ કષાયનો આવે છે અને કષાયનો સ્વાદ એનું કાર્ય થયું અને કર્તા આત્મા થયો. હવે ભોક્તાની વાત કરે છે.

**'વળી તે જ આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો ભાવક હોવાથી...'** એ શુભ-અશુભભવાનો ભાવક નામ કરનાર ભોગવનાર હોવાથી **'તેનો અનુભવનાર...'** આહા..હા..! શુભ-અશુભભાવનો અજ્ઞાની ભોક્તા છે. છે? એ રાગ અને હરખ-શોકમાં તન્મય થઈ ગયો એ. આહા..હા..! તન્મયતાને કારણે એ ભાવનો ભાવક હોવાથી. એ વિકારભાવનો ભાવ કરનાર હોવાથી અનુભવનાર ભોક્તા છે. એ વિકારીભાવનો ભોક્તા એ અનુભવ કરનારો ભોક્તા અજ્ઞાની છે. આહા..હા..!

શરીરનો ભોક્તા તો આત્મા થતો નથી. શરીર તો જડ. સ્ત્રીનું શરીર છે માંસ, હાડકા, ચામડા એ તો રૂપી જડ છે, એનો ભોગવટો જીવને નથી. જીવને એ સમયે જે અશુભભાવ થાય છે એમાં તન્મય થઈને અશુભભાવનો ભોક્તા થાય છે. એ અજ્ઞાની. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીજીવ સમકિતીને છન્નું હજાર સ્ત્રી હોય, વિષય-વાસનાનો વિકલ્પ પણ હોય, છતાં જ્ઞાની તો વિકલ્પનો કર્તા નથી પણ વિકલ્પનો જ્ઞાતા-દ્રષ્ટા છે. આહા..હા..! અને એ ક્રિયા થાય એ પણ પોતાના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. એમાં નિમિત્ત આત્મા નથી, પણ પોતાના જ્ઞાનમાં નિમિત્ત પડે છે. આહા..હા..! ગુલાંટ ખાધી. એ વાત છે. ગુલાંટમાં પલટો ખાધો. પર્યાયબુદ્ધિ હતી તો રાગનો કર્તા અને રાગનો ભોક્તા (થતો હતો); પરનો તો નહિ, પણ પર્યાયબુદ્ધિ છૂટીને જ્ઞાયકબુદ્ધિ સમ્યગ્દર્શન થયું, ચિદાનંદ મૂર્તિ પ્રભુ હું છું. હું પર્યાય જેટલો નહિ, હું રાગ નહિ, નિમિત્ત નહિ. આહા..હા..! એ સમયે જ્ઞાની જ્ઞાનનો ભોક્તા છે, આનંદનો ભોક્તા છે, રાગનો અને પરનો ભોક્તા નથી. આ વાત. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ભરત ચક્રવર્તીની વાત આવે છેને? ભરત ચક્રવર્તીને એક સોની હતો. પોતે રાત્રે

નીકળ્યા હતા જભ્ભો પહેરીને. સોની કહે, આ ભરત ચક્રવર્તી આ કહે છે. આટલા-આટલા રાજ અને કહે કે અમે જ્ઞાની છીએ. આટલા રાજ કરે છે, છન્નું હજાર સ્ત્રીનો ભોગ લે અને કહે કે અમે જ્ઞાની છીએ. એણે સાંભળ્યું. સવારમાં બોલાવ્યા. સોની મહાજન આવો. અયોધ્યામાં મોટી સભા ભરાણી છે. તમને એક તેલનો કટોરો આપીએ છીએ. તેલ-તેલ. કળશો દે તો તો ચાલે. કટોરો આવો. તેલ નાખે અને પાછળ પોલીસ છે એ ઉઘાડી તલવારે રહેશે. જો એક ટીપું પડશે તો માથુ કાપી નાખશે. ગામમાં .. આખી અયોધ્યા શણગારી છે. ફરો. કેમ સોની મહાજન કેવું છે અયોધ્યા? મહારાજ! અમારું ધ્યાન જ નહોતું. કટોરામાંથી તેલ પડી જાય તો..? એમ હે સોની! અમારા આત્મા ઉપર અમારું ધ્યાન છે, પર ઉપર અમારું ધ્યાન છે નહિ. આહા..હા..! અમારા રાજ અને રાગ ઉપર અમારું લક્ષ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવે છેને? કથા આવે છે. અહીં બનાવી હતી. આહા..હા..!

અજ્ઞાની શુભાશુભને અનુભવનાર ભોક્તા થાય છે. આહા..હા..! એ પરનો તો ભોક્તા નથી, પણ શુભ-અશુભભાવનો ભોક્તા થાય છે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહા..હા..! ગજબ વાત છે. કહો, હસમુખભાઈ! આ પૈસા-ફૈસા તો ક્યાંય રહી ગયા અહીં. પૈસાને આત્મા ભોગવી શકતો નથી, બંગલા ને દાળ-ભાત ને મોસંબી, હલવો. મુંબઈનો હલવો નથી આવતો મુંબઈનો? ધોળો હલવો આવે છે. આ હલવા નામ શીરો નહિ. મુંબઈનો હલવો આવે છે. એ આત્મા નથી ખાઈ શકતો, આત્મા ભોક્તા નથી. એ સમયે રાગ થયો એ રાગને અજ્ઞાની ભોગવે છે. આહા..હા..! અને સમ્યગ્દૃષ્ટિ એ કાળે રાગ આવ્યો તો રાગની દૃષ્ટિ નહિ પણ સ્વભાવની દૃષ્ટિ હોવાથી રાગ પોતાના જ્ઞાનમાં નિમિત્ત પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ગુલાંટની દૃષ્ટિ છે, ભગવાન! એ મોટી વિચિત્રતા છે. આહા..હા..! ધર્મદૃષ્ટિ થવી એ અલૌકિક વાતું છે, ભાઈ! એ સાધારણ કોઈ મુનિપણું લઈ લીધું અને બાયડી-છોકરા છોડ્યા માટે ધર્મ થઈ ગયો (એમ નથી). આહા..હા..!

‘**અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે તે આત્માનું ભાવ્ય હોવાથી...**’ પુણ્ય અને પાપનો ભાવ એનો ભાવ્ય ભોગવનારી ચીજ છે. ભોગવનાર આત્મા અને પુણ્ય-પાપભાવ એનું ભાવ્ય એ ભોગવનારી ચીજ, દાળ-ભાત ભોગવવાની ચીજ નથી. આહા..હા..! છે? ‘**અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે...**’ પુણ્ય-પાપના ભાવના હરખ-શોકમાં તન્મય એકમેક હોવાથી ‘**આત્માનું ભાવ્ય હોવાથી...**’ આત્મા પુણ્ય-પાપભાવનો ભાવક નામ ભોગવનાર હોવાથી અને પુણ્ય-પાપ એનું ભાવ્ય છે, ભોગવવાની ચીજ છે. પુણ્ય-પાપભાવ અજ્ઞાનીને ભોગવવાની ચીજ છે અને ભોગવનાર આત્મા છે અજ્ઞાની. આહા..હા..!

‘**તેનું અનુભાવ્ય થાય છે.**’ લ્યો! ‘**અનુભાવ્ય (અર્થાત્ ભોગ્ય) થાય છે. આ રીતે અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી.**’ અજ્ઞાની પણ શરીરની ક્રિયા, વાણીની ક્રિયા એનો કર્તા તો છે નહિ, એમ કહે છે. વિષયકાળે દેહ આમ ચાલે એનો કર્તા તો અજ્ઞાની

પણ નથી, એમ કહે છે. ફક્ત એ સમયે પાપના અશુભભાવ જે થાય છે એનો અજ્ઞાની કર્તા અને અશુભભાવનો ભોક્તા (છે). સમજાણું કાંઈ? એમ ભગવાનનું મંદિર અને ભગવાનની પ્રતિષ્ઠા થઈ એ ક્રિયા આત્મા નથી કરી શકતો. એ કહે છેને, પરભાવનો કર્તા. ફક્ત એ સમયે જે શુભભાવ થયો એનો અજ્ઞાની કર્તા થઈને એને ભોગવે છે. જ્ઞાની એ સમયે રાગ આવ્યો એનો કર્તા ન થતા જ્ઞાતા-દૃષ્ટા રહીને એનો ભોક્તા નથી થતો. આહા..હા..! આવી વાતું છે. ઉલટપલટની વાત છે આખી. આહા..હા..!

**'અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી.'** એમ કહે છે. એ દાળ, ભાત, શાક, મોસંબી એ ખાય છે? કે ના, એ ક્રિયા એની છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! મખમલમાં સૂવે તો એ મખમલની ક્રિયામાં સૂવે એ ક્રિયા એની નથી. એની ક્રિયામાં તો અશુભભાવ થયો એનો એ કર્તા અને એ ક્રિયા અજ્ઞાનીની છે. આહા..હા..! અને દયા, દાન, વ્રતને કાળે, પૂજા-ભક્તિના કાળે જ્ઞાનીને શુભભાવ આવે છે, પણ શુભનો જ્ઞાતા રહે છે, કર્તા નહિ. આહા..હા..! આ વાત ભારે, ભાઈ! સમજાણું કાંઈ? બહુ સરસ ગાથા. આહા..હા..! કર્તા-ભોક્તાનો ખુલાસો.

પ્રભુ! તું વિજ્ઞાનઘન દળ છેને. અતીન્દ્રિય આનંદનું સુખકંદ છે. તો એ સુખના કંદ ઉપર જેની દૃષ્ટિ નથી, પોતાનો અનુભવ નથી એને રાગના અનુભવના કાળે રાગનો કર્તા એ થાય છે. આહા..હા..! અને તન્મય થઈને રાગનો ભોક્તા થાય છે, પણ પરનો કર્તા અને ભોક્તા તો છે નહિ. અજ્ઞાની સ્વનો કર્તા-ભોક્તા નથી, પરનો કર્તાભોક્તા નથી, ફક્ત પુણ્ય-પાપનો કર્તાભોક્તા થાય છે. જ્ઞાની પરનો કર્તા નથી, શુભાશુભભાવનો કર્તા-ભોક્તા નથી, પોતાના જ્ઞાનાનંદનો કર્તા અને જ્ઞાનાનંદનો ભોક્તા છે. આહા..હા..! ભારે વાતું ભાઈ, આવી. આ ધર્મ આવી ચીજ છે. સમજાણું કાંઈ? ભાવાર્થમાં વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૧૨, રવિવાર, તા. ૦૫-૯-૧૯૭૬, ગાથા-૧૦૨-૧૦૩, પ્રવચન નં. ૧૭૬

આ સમયસારની ૧૦૨ ગાથા છે. એનો 'ભાવાર્થ :—પુદ્ગલકર્મનો ઉદય થતાં,...' ઝીણી વાત છે. અનંતકાળથી સમ્યગ્દર્શન કેમ થાય અને સમ્યગ્દર્શન થાય તો કેવી દશા થાય છે એની ખબર નથી. કહે છે કે ભગવાન આત્મા તો શુદ્ધ આનંદકંદ છે, પણ એમાં કર્મનો

ઉદય થતાં '**જ્ઞાની તેને જાણે છે...**' શુભાશુભભાવ થાય છે, વ્રત, દાન, દયા ભાવ શુભ એ કર્મના વિપાકનું ફળ છે. આત્માનો ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના એ પાપભાવ છે એ પણ કર્મનો પાક છે. પોતાનું સ્વરૂપ નથી. આહા..હા..! જ્ઞાની જેને રાગથી, કર્મથી ભિન્ન આત્મા છે, પૂર્ણાનંદ પ્રભુ હું છું એવો અનુભવ થયો છે એવા સમકિતી ભલે ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ એને જાણે છે. શુભ-અશુભભાવ એ કર્મનું ફળ છે, એ મારી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યસિંધુ-ચૈતન્યનો દરિયો-સમુદ્ર પ્રભુ છે. એની દશામાં કર્મના નિમિત્તે જે શુભ-અશુભભાવ, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ ભાવ થાય છે એ બધા શુભભાવ કર્મનો વિપાક છે, આત્માનું સ્વરૂપ નથી. અહીં તો વ્રત પાળે એટલે ધર્મ થઈ ગયો અજ્ઞાનીને. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે એ પંચમહાવ્રતના પરિણામ પણ કર્મના વિપાકનું ફળ શુભરાગ છે. એ આત્મા નહિ અને આત્માનો ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાની તેને જાણે જ છે...**' એ થયું એમ પોતાના જ્ઞાનમાં રહીને, જ્ઞાનસ્વરૂપમાં રહીને એ છે તેમ જાણે છે. આહા..હા..! એનું નામ ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. '**અર્થાત્ જ્ઞાનનો જ કર્તા થાય છે...**' આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ એને જાણનાર સમકિતી ધર્મી પોતાના જ્ઞાન અને આનંદની પર્યાયનો જ કર્તા થાય છે. એ શુભરાગનો કર્તા સમકિતી જ્ઞાની થતો નથી અને રાગનો કર્તા હોય તે જ્ઞાની નહિ, અજ્ઞાની છે. આહા..હા..! ગજબ વાત, પ્રભુ! સમજાણું કાંઈ?

'**અજ્ઞાની અજ્ઞાનને લીધે...**' પોતાનો જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ પ્રભુ, એના સ્વભાવના જ્ઞાનના અભાવને લીધે '**કર્મોદયના નિમિત્તે થતા પોતાના અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવો...**' આહા..હા..! અજ્ઞાનરૂપ શુભાશુભભાવ. ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ ધ્રુવ એની તો અજ્ઞાનીને ખબર નથી. એ વ્રતના પરિણામ આવ્યા અને અવ્રતના આવ્યા એ મારી ચીજ છે અને હું એનો કર્તા છું. આહા..હા..! ભારે આકરું કામ. હવે વ્રત પાળે અને વ્રતના ભાવ કરે તો કહે અજ્ઞાની. છે કે નહિ અંદર? આહા..હા..! ખબર નથી સમ્યક્ શું ચીજ છે? બહારમાં ધર્મ મનાવી લીધો અને લોકોએ માન્યા કે આ વ્રત કરે એ ધર્મ છે. આહા..હા..! અનાદિની મિથ્યાશ્રદ્ધા અજ્ઞાનીની એવી છે. એ કારણે '**અજ્ઞાની અજ્ઞાનને લીધે...**' અજ્ઞાનીને અજ્ઞાનને લીધે 'હું શુદ્ધ ચૈતન્ય આનંદ છું, હું તો જાણનાર-દેખનાર સ્વભાવી વસ્તુ છું,' એનું અજ્ઞાનીને ભાન નથી એ કારણે '**કર્મોદયના નિમિત્તે...**' કર્મના નિમિત્તે '**થતા પોતાના અજ્ઞાનરૂપ શુભાશુભભાવો...**' આહા..હા..! સમજાણું કાંઈ?

દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનની પૂજા, ભક્તિ આદિ ભાવ, શાસ્ત્ર સાંભળવાનો ભાવ એ વિકલ્પ કર્મ ઉદયનો ભાવ છે. ઝીણી વાત, બાપા જગતને ચીજ મળી નથી. સમજાણું કાંઈ? શું કહ્યું જુઓને, '**અજ્ઞાનરૂપ શુભાશુભભાવો...**' એ શુભ અને અશુભભાવ

બેય અજ્ઞાન છે, આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! '**ભાવોનો કર્તા થાય છે.**' આહા..હા..! એ મારું કાર્ય છે, એ મારું કર્તવ્ય છે. 'વ્રત પાળવા એ મારું કર્તવ્ય છે' એમ અજ્ઞાની માનીને એ રાગનો-શુભભાવનો કર્તા થાય છે. આહા..હા..! એ વાત સાંભળી નથી જગતે. બહારની ક્રિયાકાંડમાં ધર્મ માની લીધો અને એણે ધર્મ મનાવ્યો. એ બધી મિથ્યાશ્રદ્ધા અને અજ્ઞાન છે, પાખંડ છે. આહા..હા..! આવી વાત. છે?

જ્ઞાની પોતાના રાગ અને દ્વેષનો જ્ઞાતા થઈને પોતાના જ્ઞાનમાં જાણે છે કે એ વિકાર છે એ મારી ચીજ નથી. અજ્ઞાની એ પુણ્ય-પાપના ભાવને પોતાના માનીને કર્તા થાય છે. ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ? આ વેપાર-ધંધામાં અશુભભાવ થાય છે. અશુભ થાય છે? આહા..હા..! ધંધા આખો દિ' આ કરો... આ કરો... આ કરો... ચોવીસે કલાકમાં ભલે ૭-૮ કલાક ઊંઘમાં જાય કદાચ. બે કલાક ખાવામાં જાય ૨૪ કલાકમાં અને ૧૦-૧૨ કલાક એમાં જાય ધંધા. આહા..હા..! એ બધા અશુભભાવ છે. જેને આત્મજ્ઞાનની ખબર નથી, હું તો સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ છું એની ખબર નથી એ અશુભરાગનો કર્તા થઈને મિથ્યાત્વને સેવે છે. સમજાણું કાંઈ? અને આ શુભભાવ છે—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, રાગાદિ એ અશુભ છે અને આ શુભ છે. 'એ શુભ મારું કર્તવ્ય છે, મારું શુભ આચરણ છે' એમ અજ્ઞાની માનીને એ શુભભાવનો અજ્ઞાનપણે કર્તા થાય છે. આહા..હા..! એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આવી વાત આકરી ભારે.

**શ્રોતા :—** બહુ લાંબી વ્યાખ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ કહે છેને જુઓ.

નોકર્મ ઉદયથી થતાં '**પોતાના અજ્ઞાનરૂપ...**' એમ ભાષા છેને? આહા..હા..! બહુ આ તો ગંભીર ચીજ છે. આ કાંઈ વાર્તા કથા નથી, ભાઈ! આ તો અનંતકાળની ભૂલ ક્યાં રહે છે? મુનિપણું પાળે, પાંચ મહાવ્રત લે, સમિતિગુપ્તિ પાળે, બાળબ્રહ્મચારી જાવજીવનું હોય છતાં એ શુભભાવ છે, એ ધર્મ નથી. અજ્ઞાની એ શુભભાવનો કર્તા થઈને મિથ્યાત્વને સેવે છે, એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમકિતી નથી. આવી વાત છે, ભાઈ! બહુ આકરું કામ. વીતરાગનો માર્ગ સર્વજ્ઞ જિનેશ્વરનો માર્ગ એ વીતરાગભાવ એ વાત એક કોર પડી રહી અને 'રાગની ક્રિયા એ મારું કર્તવ્ય છે' એમ માનીને અજ્ઞાની શુભરાગનો કર્તા થાય છે.

'**આ રીતે જ્ઞાની પોતાના જ્ઞાનરૂપ ભાવનો...**' ધર્મી તો પોતાના જાણન-દેખનભાવનો જ કર્તા થાય છે. આહા..હા..! '**અને અજ્ઞાની પોતાના અજ્ઞાનરૂપ...**' પોતાના અજ્ઞાનરૂપ હોં! એમાં થયેલા શુભાશુભભાવ એ આસ્રવ છે. '**અજ્ઞાનરૂપ ભાવનો કર્તા છે; પરભાવનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી.**' શરીરની ક્રિયા આત્મા કરે, વાણી બોલી શકે, પરની દયા પાળી શકે એમ તો અજ્ઞાની અને જ્ઞાની બેયને નથી. આહા..હા..! પરની ક્રિયા કરી શકે એ તો જ્ઞાની-અજ્ઞાની બેમાંથી એકેય નહિ. ફક્ત પોતામાં ઉત્પન્ન થયેલો શુભાશુભભાવ

અજ્ઞાનીની દૃષ્ટિ વિકાર ઉપર હોવાથી પોતાના ત્રિકાળી આનંદકંદના નાથનો અનાદર કરવાથી એ શુભાશુભભાવનો અજ્ઞાની કર્તા થાય છે, પણ શરીરની ક્રિયા અને પરની ક્રિયા તો એ કરી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાની કે અજ્ઞાની કોઈ...'** પરભાવનો કર્તા થતો નથી. સ્ત્રી, કુટુંબને નભાવવું, પૈસા કમાવા, પૈસા વાપરવા એ તો પરની-જડની ક્રિયા છે. એય હસમુખભાઈ! આવી વાત છે. આહા..હા..! એ જડની ક્રિયાનો તો અજ્ઞાની પણ કર્તા નથી, એ કરી શકતો નથી. માને અજ્ઞાની, પણ કરી શકે નહિ. કરે તો અજ્ઞાની પોતાના સ્વરૂપને ભૂલીને શુભાશુભભાવને કરો. એ અજ્ઞાન છે. આહા..હા..! જ્ઞાની પરનો તો કર્તા નથી, પણ એ શુભ-અશુભભાવનો પણ ધર્મી સમકિતી કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છે? **'જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી.'**

**'પરભાવને કોઈ (દ્રવ્ય) કરી શકે નહિ એમ હવે કહે છે :—'** હવે ૧૦૩ ગાથા.

जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।
सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं।।१०३।।

**જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;**
**અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને? ૧૦૩.**

ટીકા, ટીકા. બહુ ગાથા સરસ. આહા..હા..! 'ઈશ્વર જગતનો કર્તા છે' એમ માને એ મિથ્યાદૃષ્ટિ છે, એમ જૈન સંપ્રદાયમાં રહ્યો છતાં 'આ શરીરને હું હલાવી શકું, ભાષા હું બોલી શકું, પરની દયા હું પાળી શકું' એ પણ ઈશ્વર જેમ કર્તા નથી, એમ મિથ્યાદૃષ્ટિ છે. મહાવ્રત ક્યાં હતા એને. સમકિત હજી આત્માનું જ્ઞાન અનુભવ તો છે નહિ. એને મહાવ્રતના પરિણામ એ તો શુભરાગ છે, આસ્રવ છે, બંધનું કારણ છે. આહા..હા..! આકરી વાત ભાઈ! પંચમહાવ્રત તો શુભભાવ છે, આસ્રવ છે, અજીવ છે, જડ છે, અચેતન છે, ઝેર છે. શું કરવું છે તારે? એ કહ્યુંને ૨૦માં મોક્ષશાસ્ત્રમાં છેલ્લે. મોક્ષ અધ્યાયમાં કે વિષકુંભ છે. આહા..હા..! ગજબ વાત છે, નાથ! તારી ચીજ તો અમૃતનો સાગર અમૃતસ્વરૂપ અનાકુળ આનંદનો કંદ છે. એનાથી વિપરીત શુભભાવ છે એ તો ઝેર છે. અરેરે..! ઝેરનો કર્તા થાય છે એ અજ્ઞાની મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આકરી વાતું ભાઈ. સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી. સમજાણું કાંઈ? એ કહે છે.

**'ટીકા :—જગતમાં જે કોઈ જેવડી વસ્તુ...'** અનંત પરમાણુ, અનંત આત્માઓ જેટલી વસ્તુ. **'જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ...'** જેવડા ચૈતન્યસ્વરૂપ. અનંત આત્માઓ ચૈતન્યસ્વરૂપ અને પરમાણુ આદિ અચેતનસ્વરૂપ જડ. એ **'દ્રવ્યમાં અને ગુણમાં નિજ રસથી જ અનાદિથી જ વર્તે છે...'** શું કહે છે? આત્મા જે છે એ પોતાની પર્યાયમાં વર્તે છે અને જડ પણ પોતાની પર્યાયમાં વર્તે છે. આ શરીર જુઓ આમ ચાલે છે. એ પર્યાય એની છે. તો પરમાણુ પોતાની પર્યાયમાં રહે છે. આહા..હા..! આત્મા

એને હલાવી શકે ત્રણકાળ, ત્રણલોકમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ કહે છે જુઓ, ઝીણી વાત છે, બાપુ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. અત્યારે તો લોપ થઈ ગયો છે આખા માર્ગનો. બહારથી માની લીધો. આહા..હા..!

કહે છે, ચૈતન્યસ્વરૂપ અનાદિથી નિજ દ્રવ્યમાં. ગુણ એટલે પર્યાય એમ લેવું. નિજ દ્રવ્યમાં અને નિજ પર્યાયમાં નિજરસથી અનાદિથી વર્તે છે. આહા..હા..! શું કહે છે? આત્મા જે છે એ પોતાના દ્રવ્ય વસ્તુમાં અને પોતાની પર્યાયમાં, ચાહે તો નિર્મળ હો કે વિકારી હોય. આહા..હા..! સમજાણું કાંઈ? મહાસિદ્ધાંત છે ભાઈ! આ તો. આ તો વીતરાગની વાણી, ભાઈ. આ કાંઈ સાધારણ વાત નથી. આહા..હા..!

'**જગતમાં જે કોઈ જેવડી વસ્તુ જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ...**' એ દરેક પદાર્થ પોતાની વસ્તુમાં રહે છે અને પોતાની પર્યાયમાં '**નિજરસથી જ અનાદિથી જ વર્તે છે...**' આહા..હા..! સમજાણું કાંઈ? મહાસિદ્ધાંત સૂક્ષ્મ. શું કહે છે? પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ. આ પરમાણુ એક-એક રજકણ છે.. આ તો અનંત રજકણનો પિંડ આંગળી છે. આ આંગળી છે એ તો અનંત રજકણનો પિંડ છે. પૈસા જે છે એ પણ અનંત રજકણનો પિંડ છે. એ જડ પોતાના દ્રવ્યમાં અને પોતાની પર્યાયમાં અનાદિથી વર્તે છે. પરની પર્યાય કરતો નથી અને પરની પર્યાયમાં વર્તતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ. અનાદિ કાળ.. નવી ગ્રૈવેયકે ગયો અનંતવાર. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો..' એ તો રાગ છે. આહા..હા..!

'હું જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ, હું તો આત્માના આનંદનો રસીલો હું છું' એમ ભૂલીને રાગનો રસીલો અજ્ઞાની થાય છે. એ ચાહે તો વ્રત પાળતો હોય કે મુનિ હોય તોપણ એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! કેમ? કે પ્રત્યેક પદાર્થ પોતાના દ્રવ્ય અને પર્યાયમાં વર્તે છે. રજકણ જે છે એ પણ પોતાના દ્રવ્યમાં અને એની પર્યાયમાં વર્તે છે. આત્મા દ્રવ્યની પર્યાયમાં વર્તે અને આત્મા આ શરીરને ચલાવી શકે એમ ત્રણકાળ, ત્રણલોકમાં નથી. સમજાણું કાંઈ? આ પૈસા છે ધૂળ એ પણ પોતાના દ્રવ્ય અને પોતાની પર્યાયમાં વર્તે છે. એ પૈસા આત્મા કમાય છે અને આત્મા દઈ શકે એ વાત બિલકુલ મિથ્યાભ્રમ અને અજ્ઞાન છે. સારુ એટલે પૈસા રાખી શકે છે? પૈસા તો પૈસામાં છે. એ શું કહ્યું?

નિજ દ્રવ્ય અને ગુણમાં નિજ રસથી નિજ શક્તિથી જ અનાદિ. આ તો બાપા મહાસિદ્ધાંત છે, ભાઈ! દરેક આત્મા અને દરેક પરમાણુ... આહા..હા..! પોતાની દ્રવ્ય શક્તિ જે દ્રવ્ય વસ્તુ છે એમાં રહે છે અને વર્તમાન ત્રિકાળમાં રહે છે અને વર્તમાન પર્યાયમાં રહે છે. એની પર્યાય બીજા કરે અને પોતાની પર્યાય બીજો કરે એમ ત્રણકાળમાં અજ્ઞાનીને પણ હોતું નથી. વસ્તુસ્વરૂપ એવું છે. ભગવાને દીઠું એમ કહે છે. ભાન નહિ એટલે વસ્તુ બીજી થઈ જાય? હું દેશસેવા કરી શકું, પરની દયા પાળી શકું, પરને હું ઉપદેશ દઈ શકું. ઉપદેશ તો વાણી

જડ છે. વાણી તો પોતાના દ્રવ્યમાં અને પોતાની પર્યાયમાં વર્તે છે. આત્મા વાણી કરી શકે? એ જડ પદાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભોજન કાળે રોટલી છે, દાળ છે, શાક છે, ચટણી છે. ચટણી હોય છેને? આ આંગળીથી રોટલીનો ટૂકડો કરે. તો એ ના પાડે છે કે આંગળીથી ટૂકડો થતો જ નથી. કેમકે આંગળી પોતાના દ્રવ્ય પર્યાયમાં વર્તે છે અને એ ટૂકડો થાય એ પોતાના દ્રવ્ય, પર્યાયમાં વર્તે છે. આત્માથી નહિ અને આંગળીથી પણ ટૂકડો થતો નથી. આહા..હા..! ઝીણી વાત, બાપુ! આ વસ્તુના વીતરાગના માર્ગનું આ રહસ્ય છે કે એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ કરી શકે નહિ. આવે છેને એમાં? પરસ્પર ઉપગ્રહો. એ તો બહુ લખે છે. આમ બનાવીને નીચે લખે, પરસ્પર ઉપગ્રહો જીવાનામ. અરે..! એનો અર્થ જુદો છે ભગવાન! અને એનું એ છે. શું કહેવાય? ટીકા નથી તત્ત્વાર્થસૂત્રની? સર્વાર્થસિદ્ધિ નહિ, બીજી બનાવી નથી કોકે? કહ્યું હતું. ઘણીવાર આવ્યું આ તો. સર્વાર્થસિદ્ધિ વચનિકા. જયચંદ્ર પંડિતે સર્વાર્થસિદ્ધિ વચનિકા બનાવી છે એમાં આ લખ્યું છે. આ શબ્દનો અર્થ લખ્યો છે પરસ્પર ઉપગ્રહનો. અમને તો બધી ખબર છેને. ભાઈ! પરસ્પર ઉપગ્રહનો અર્થ શું? કે પોતાની પર્યાય પ્રત્યેક પદાર્થથી પોતાથી થાય છે તો નિમિત્ત છે એને ઉપગ્રહ કહેવામાં આવે છે. ઉપગ્રહ પરથી થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અત્યારે તો બહુ નાખે છે ઠેકઠેકાણે. આ ૨૫ વર્ષ થયા. લોક ઊભા રાખે અને પછી નીચે લખે 'પરસ્પર ઉપગ્રહ જીવા નામ' એય..! એનો અર્થ પ્રત્યેક દ્રવ્ય અને પ્રત્યેક આત્મા પોતાના દ્રવ્ય અને પોતાની પર્યાયમાં વર્તે છે તો જે ચીજ બીજી છે એને ઉપગ્રહ નામ નિમિત્તથી કહેવામાં આવે છે. પરનું ઉપગ્રહ કોઈ કરે એમ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! એ સર્વાર્થસિદ્ધિ વચનિકામાં લખ્યું છે જયચંદ્ર પંડિતે. કહે આમ છેને. તમે કહો કોઈનું કરી શકે નહિ. અહીં તો ઉપગ્રહ છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. પરનો ઉપગ્રહ કરે એ ત્રણકાળમાં વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**નિજ રસથી જ...**' એક આત્મા પણ પોતાની નિજશક્તિથી જ, પોતાનું દ્રવ્ય એટલે વસ્તુમાં અને પોતાની પર્યાયમાં, ગુણ એટલે પર્યાય અહીંયાં છે. પોતાના નિજરસથી જ વર્તે છે. એમ પરમાણુ. દાળ, ભાત, શાક, પૈસા, ઝવેરાત, કપડા એ પ્રત્યેક પદાર્થ પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ અને એ સમયની પર્યાયમાં વર્તે છે. એની પર્યાય બીજો કરે અને વર્તાવે એમ ત્રણકાળમાં બનતું નથી. હજી તો નવ તત્ત્વની ભિન્નતાનું ભાન ન મળે અને એને સમકિત થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? ગાથા તો એક પછી એક બહુ અલૌકિક આવી છે તાકડે પર્યુષણમાં. આહા..હા..! છે? ઓહો..હો..!

અનંત સંખ્યાએ આત્મા અને અનંત સંખ્યાએ પરમાણુ. આ પરમાણુ અનંત છે, આ એક નથી. આ તો અનંત રજકણનો પિંડ છે. એમાં એક-એક રજકણ એ પોતાથી રહ્યો છે, પરથી નહિ. પ્રત્યેક પરમાણુમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એવી

છ શક્તિ છે તો એ પરમાણુ પોતાની શક્તિમાં, ગુણમાં અને પોતાની પર્યાયમાં વર્તે છે. પરની પર્યાય વર્તાવે અને પરની પર્યાયમાં પોતે વર્તે એમ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! ભારે આકરું કામ. એય હસમુખભાઈ! તમારે તો મોટા વેપાર કરવા દુકાનના. આહા..હા..!

**શ્રોતા :—** ઈટાલીથી મોટો સંચો લઈ આવ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કાંઈ કરી શક્યો નથી. આ સંચા આવ્યાને, ભાઈ! કૈલાસચંદજી! આ સંચા આવ્યાને આ આપણે પોણા ચાર લાખ અક્ષરો લખવા એ સંચા ઈટાલીથી એ ભાઈ લાવ્યા છે. એમના દીકરા પોપટભાઈના. એ લાવ્યા છે. એ લાવ્યા એમ નિમિત્તથી કહેવામાં આવે છે. ત્યાં ગયા અને કહ્યું કે ભાઈ! અમને એક.. સંચો છેને આપણે છે. જોયો ભાઈ? તમે જોયો નથી. પ્રેસમાં છે. જોયો? એ ૨૯ હજારનો છે અને ૧૯ હજારના .. છે અને ૨૦ હજાર લાવવાનો ખર્ચ થયો. લેવા એ ગયા હતા. એ કહે, અમારે તો ભાઈ ત્યાં ધર્મનું કામ છે. અમારે કાંઈ ત્યાં કોઈ વેપાર-ધંધો નથી કરવો. નહિતર હિન્દુસ્તાનમાં પહેલોવહેલો સંચો આવ્યો. પહેલાવહેલા. ગીતા છે ને? એ બધું કોતરીને કર્યું છે. સંચાથી નહિ. સંચો તો અહીં પહેલાવહેલા આ સંચાથી બનાવ્યું છે આખું. એ સંચાનો એક એક રજકણ પોતાની શક્તિથી નિજરસથી પર્યાયમાં વર્તે છે. પરથી એ ભરે એમ ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! એ કહે છે. એ છેને. અમે તો પહેલેથી કહીએ છીએ.

એક શબ્દ છે એનું શું વાચ્ય છે? કે '**જગતમાં...**' એટલે જગત એટલે આ લોક. '**જે કોઈ જેવડી વસ્તુ...**' છે. જેટલી સંખ્યાએ આત્મા અને પરમાણુઓ. '**જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ...**' એ પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ અને ગુણ એટલે પર્યાય. પોતાના દ્રવ્ય અને પર્યાયમાં અનાદિથી વર્તી રહ્યો છે. કઈ રીતે? નિજશક્તિથી. '**નિજ રસ...**' છેને? નિજરસ નામ નિજશક્તિથી. આહા..હા..! કહો, હસમુખભાઈ! આ તમારા લોઢા-બોઢાના ધંધા. કહે છે એ લોઢાની પર્યાય લોઢાને લઈને વર્તે છે એમ કહે છે. લોઢાનો ધંધો છેને એને. લોઢા-લોઢાનું. સમજાણું કાંઈ? એ લોઢાનો એક રજકણ છે, અનંત રજકણનો પિંડ છે એ લોઢાનો ટૂકડો. આખા અનંત રજકણનો. એમાં એક-એક રજકણ જે પરમાણુ છે, તો અહીંયાં ભગવાન કહે છે કે એ પરમાણુ પોતાની શક્તિથી પોતાના દ્રવ્યમાં અને પોતાની પર્યાયમાં વર્તે છે. પરથી નહિ અને પરને વર્તાવે એવું કોઈ દ્રવ્ય છે નહિ. આહા..હા..!

હમણા એ લખાણ આવ્યું હતું. એક પરમાણુ બીજા પરમાણુમાં પ્રભાવ નાખે છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! અરે..! મૂળ તત્ત્વની વાત જ આખી ભૂલ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? મૂળમાં ભૂલ. એક ને બે ચાર થઈ ગયા પછી ચાર ચોકુ સોળ અને સોળ તેરી અડતાલીસ એ બધામાં એક ભૂલ ચાલી આવે છે. એમ પહેલાથી હું પરનું કરી શકું, આહા..હા..! સ્ત્રીને પાળી શકું, પુત્રને ભણાવું છું, પુત્રની .. મારાથી થઈ. મૂળમાં ભૂલ છે. આહા..હા..! ભગવાન માર્ગ... જડ અને ચૈતન્ય અને તે સ્ત્રીનો આત્મા કે પુત્રનો આત્મા

એ આત્મા તો અહીંયાં પ્રભુ કહે છે કે પોતાની જે શક્તિ છે દ્રવ્ય એમાં છે અને એની પર્યાયમાં એ તો અનાદિથી વર્તે છે.

'**નિજ રસથી જ અનાદિથી જ...**' નિજ દ્રવ્ય અને પર્યાયમાં વર્તી રહ્યો છે. આહા..હા..! છે? '**તે, ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી,...**' આહા..હા..! જુઓ તો સિદ્ધાંત! '**ખરેખર અચલિત વસ્તુસ્થિતિ...**' એવી છે. પરમાણુ પરમાણુની પર્યાયમાં વર્તે છે, આત્મા આત્માની પર્યાયમાં વર્તે છે, આત્મા કર્મને બાંધે એમ પણ નથી. સમજાણું કાંઈ? અને કર્મ જે છે એ આત્માને વિકાર કરાવે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! બહુ ફેર છે. આ તો ૭૧ની સાલથી અમારે વાત ચાલે છે કે કર્મથી વિકાર નથી થતો. વિકાર પોતાની પર્યાયમાં પોતાને કારણે થાય છે અને વિકારને ટાળવાનું પણ પોતાના પુરુષાર્થથી બને છે, પરની વાત છોડી દ્યો. ૭૧ની સાલ. કેટલા વર્ષ થયા? ૬૧ વર્ષ થયા. ગુરુએ સાંભળ્યું. ગુરુ સાંભળતા હતા. ભદ્રિક હતા. સાંભળતા હતા. દૃષ્ટાંત આપીને અમે કહેતા હતા. ૭૧ની સાલમાં હોં! ત્યારે તો આ દિગંબર શાસ્ત્ર જોયું પણ નહોતું. શ્વેતાંબરનું શાસ્ત્ર ભગવતી સૂત્ર છે એ જોયું હતું. ચાર માસ એક ટંક ખાવાનું, એક દિ' અપવાસ. એમ ચાર માસ કર્યા. ૭૧. શાસ્ત્ર વાંચવામાં એ ઉપધાન કહેવામાં આવે છે. ચારેય માસ હોં. ૭૧. ૨૫ વર્ષની ઉંમર હતી. ૨૬ વર્ષ. એક દિવસ એક ટંક ખાવાનું અને બીજે દિવસે આખો દિવસ પાણી વિનાનો ઉપવાસ. ચારેય માસ. અમે શ્વેતાંબરના શાસ્ત્ર વાંચતા હતા. ભગવતી સૂત્ર. અંદરમાંથી આવ્યું. કર્મથી વિકાર થાય એમ અજ્ઞાની કહે છે એ વાત સાવ ખોટી છે. કેમકે કર્મ જડમાં વર્તે છે અને વિકારી પર્યાય આત્મામાં વર્તે છે. એ વિકારી પર્યાય જડ વર્તાવે અને જડકર્મની પ્રકૃતિ આત્મા બાંધે એમ ત્રણકાળમાં બનતું નથી. જરી ખળભળાટ થઈ ગયો હતો. કારણ કે એ વાત અમને ગુરુએ આપી નહોતી, પણ અંદરથી આવી હતી એટલે જરી (ખળભળાટ થયો). એક શેઠ હતા, દામોદર શેઠ. ૭૦ વર્ષ પહેલાંની વાત છે. દસ લાખ રૂપિયા હતા એ વખતે હોં. ગૃહસ્થ. ૪૦ હજારની તો ઉપજ હતી. ઘરે ગામ હતું એક. ઘરનું ગામ. દસ હજારની ઊપજ. એ કહે, આ કાનજીસ્વામી આવું કહે છે. અમારા ગુરુએ તો કહ્યું નહિ. એમ પહેલા વાત ઊડાવી.

સાંભળો! કીધું, માર્ગ આ છે. એક દ્રવ્યની પર્યાય—અવસ્થા બીજું દ્રવ્ય ત્રણકાળમાં કરી શકતું નથી. સમજાણું કાંઈ? કહે છેને અહીંયાં, શું કહ્યું? કે આત્મા પણ પોતાની શક્તિમાં, દ્રવ્યમાં અને પોતાની વિકારી, અવિકારી પર્યાયમાં વર્તે છે. એ અનાદિથી વસ્તુમર્યાદા છે. એ બીજાથી પર્યાય થાય અને બીજાની પર્યાય આત્મા કરી શકે એમ ત્રણકાળ, ત્રણલોકમાં નથી. સમજાણું કાંઈ? એ શું કહે છે? આહા..હા..! આ તો સિદ્ધાંત. ભગવાનની દિવ્યધ્વનિ એ અમૃતચંદ્રાચાર્ય. અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. મૂળ શ્લોક કુંદકુંદાચાર્યના છે. આ શ્લોક છે એ બે હજાર વર્ષ પહેલાં. સંવત ૪૯ અને આ એક હજાર વર્ષ પહેલાં. આહા..હા..! પ્રભુ!

તું સાંભળ તો ખરો, કહે છે. આહા..હા..!

શું કહ્યું? '**ખરેખર અચલિત વસ્તુસ્થિતિ...**' આત્મા ને પરમાણુની પોતાની શક્તિ અને પર્યાયની અચલતિ વસ્તુસ્થિતિ. એ કોઈ બીજાથી થાય અને બીજો કરાવી દે એમ વસ્તુની સ્થિતિની મર્યાદામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**મર્યાદાને તોડવી અશક્ય હોવાથી...**' આહા..હા..! ભાષા તો જુઓ, એક પરમાણુ અને એક આત્મા પોતાની શક્તિ અને પર્યાયમાં વર્તે છે એ મર્યાદા તોડવી અશક્ય છે. આહા..હા..! બીજાથી એમાં પર્યાય થાય અને પોતાની પર્યાય છોડીને બીજાની પર્યાય આત્મા કરે એ અચલતિ મર્યાદાની વસ્તુ તોડી નાખે છે. સમજાણું કાંઈ? માર્ગ આવો છે. આહા..હા..! જુઓ, શાસ્ત્ર જુઓ. આ સત્‌શાસ્ત્ર કહેવાય કે જે સત્‌ની પ્રસિદ્ધિ કરે છે. આ માથાના પરમાણુ જે અહીં રહ્યા છે એ આત્માને આધારે નથી રહ્યા એમ કહે છે. એમ જે ઉપરના પરમાણુ જે છે એ નીચેના પરમાણુને આધારે નથી રહ્યા એમ કહે છે. સાંભળો, પ્રત્યેક પરમાણુ એક-એક રજકણમાં ષટ્‌કારકની શક્તિ પડી છે—કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. બહુ ઝીણી વાત, બાપા! એક રજકણ પોતાના કારણે પોતાની પર્યાયમાં ત્યાં ટકી રહ્યો છે. પરને કારણે નહિ અને પરના કારણે ત્યાં ટક્યો એમ પણ નથી. એય હસમુખભાઈ! આહા..હા..! જીવ નીકળી જાય તો આ શરીર આમ થઈ જાય. અને અત્યારે જીવ છે તો આવું છે. અહીં ના પાડે છે. જીવ છે તો આ શરીર આમ રહ્યું છે?—ના. એ તો પોતાની શક્તિની પર્યાયમાં વર્તી રહ્યું છે. પરને કારણે નહિ. આહા..હા..! હસમુખભાઈ! તમારે રોગ થઈ ગયો હતો બહુ જબરો તે દિ'. ભાઈ ગયા હતાને. આ સપના આવે છે આકરા ને ઢીંકણું.. પૈસા તો ઘણા હતા કરોડો. કરોડ ત્યાં ધૂળ કામ કરે? કરોડ રૂપિયા પરમાણુ છે ધૂળ અને આત્મા એનાથી ભિન્ન છે. એ બધી વાતું. પરદ્રવ્યથી થતું નથી. આહા..હા..! ભગવાન! આહા..! મહાસિદ્ધાંત સર્વજ્ઞ પરમેશ્વર... આહા..હા..! બાપુ! ભગવાન તું છે જ. તારી શક્તિ તો ભગવાન જ છે, તને ખબર નથી. આહા..હા..!

ઓલા પત્રમાં આવ્યું છેને કાલે? નહિ? ભાઈ! પુરાવલી કેવું ગામ? અહીંનું આપણું છેને જમનલાલ ગયા છે ક્યાંય? અહીં છે? જમનલાલ. ત્યાં હશે. એ બ્રહ્મચારી છે. તો ત્યાં આગળથી કાલે પત્ર આવ્યો. અમે ગયા હતા એકવાર. બે દિવસ રહ્યા હતા. ઉદયપુર પાસે છે. ત્યાં નેમિચંદભાઈ ઉદયપુરવાળાએ સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન કર્યું છે. હવે ત્યાં મંદિર થઈ ગયું છે. તો આપ પધારોને. પંચકલ્યાણક અમારે કરવા છે એમ કહેતા હતા. પત્ર આવ્યો છે. મારે તો બીજું કહેવું છે. એમાં ૧૬ તો વિશેષણ આત્માના દીધા છે. આપ આત્માને આમ કહો છો. એ પત્ર છે. આપ આત્માને વૈભવની વિભૂતિ, અનંતગુણની વૈભવની વિભૂતિ કહો છો. પરમેશ્વર કહો છો, પુરુષાર્થનો પિંડ કહો છો. આહા..હા..! અને શું કીધું ઓલું? પરમાત્મા.. હા આપ ગુણનું ધામ કહો છો, ગુણનું ગોદામ કહો છો. વાત સાચી. અને પોતાની

શક્તિનો સંગ્રહાલય છે. અનંત શક્તિ પ્રભુ પોતામાં છે. એનો સંગ્રહાલય, સંગ્રહનો આલય-સ્થાન છે અને સ્વભાવનો સાગર છે, શાંતિનું સરોવર છે, એવા ૧૬ બોલ લીધા છે. કાલે વિનંતીનો પત્ર આવ્યો છે. આપ અમને આત્માને એવી રીતે કહો છો. એ જમનલાલે નાખ્યું હશે. પડ્યો છે. એણે કીધું હશે જમનલાલે કદાચ એવું લાગે છે. ૧૬ બોલ લીધા છે હોં. બહુ સરસ છે ૧૬ બોલ. આહા..હા..! પછી હું તો એ સમયે કક્કાવારી મેં કીધું કક્કાવારી ક્યાંય છે? એટલે નીકળ્યું ભઈયા ભગવતીદાસમાં. કક્કો-કક્કો. હું તો એમાં ઉતારતો હતો. કક્કો કેવળજ્ઞાનનો કંદ છે. સમજાણું કાંઈ? ખખ્ખા ખબરદાર તું આત્મા છો. ગગ્ગા જ્ઞાનનો ભંડાર છે, ઘઘ્ઘા નિજઘરમાં તું રહ્યો છો. એમ ૧૬ બોલ ઉતાર્યા થોડા-થોડા. અહીં તો નિવૃત્તિમાં અમારે ધંધો તો આ છે. કકકામાં આત્માને ઉતાર્યો હતો. આહા..હા..! સમજાણું કાંઈ? ક, ખ, ગ, ઘ, ચ. પોતાની શક્તિમાં ચંચળતા બિલકુલ છે નહિ. ફરી આત્મા આનંદનો કંદ છે. ચૈતન્ય ચમત્કારનો પ્રભુ પિંડ છે. સમજાણું કાંઈ? છ—રાગ-દ્વેષાદિ છોડી દે, એ આત્મામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવા ૧૬ અક્ષર છે. આહા..હા..!

પ્રભુ! તું તો તારી પર્યાય અને તારા દ્રવ્યમાં છોને. તું પરદ્રવ્યમાં જતો નથી અને પરદ્રવ્ય તારામાં આવતું નથી. આહા..હા..! અરે..! આ ભેદજ્ઞાન તો દેખો પ્રભુનું! સમજાણું કાંઈ? થોડું થોડું ઉતાર્યું છે મેં. ભઈયા ભગવતીદાસ છેને, એનું બ્રહ્મવિલાસ છે. ભગવતીદાસ ઉપાદાન-નિમિત્તના દોહરા એ બ્રહ્મવિલાસ પુસ્તક છે. એમાં આ બધી વાત છે. બનારસી વિલાસમાં બનારસીદાસનું મેં જોયું, એમાં ન નીકળ્યું. ભાઈએ પછી કાઢ્યું હતું, ભઈયા ભગવતીદાસનું. ભઈયા ભગવતીદાસનું છે. ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી. આહા..હા..! ૪૭ બોલ. પોતાની પર્યાય પોતાથી થાય છે, પરથી થતી નથી. પર્યાય નામ કાર્ય. પોતાના દ્રવ્યનું કાર્ય પોતાથી થાય છે, પરથી નહિ. પરદ્રવ્યનું કાર્ય પરથી થાય છે, પોતાથી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પોપટભાઈ નથી, નહિ? નથી આવ્યા. પોપટભાઈ નથી. એના સાળા છેને ત્યાં હતા. ગુજરી ગયા ગોવામાં. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે. ગોવા-ગોવા. દિવ, દમણ ને ગોવા કહે છેને ત્યાં. એની પાસે બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. ૨૪૦ કરોડ રૂપિયા છે. એકવાર એના બનેવી આવ્યા. પોપટભાઈ છેને. પોપટભાઈની દિકરી છે આપણે અહીં બાળબ્રહ્મચારી. એકવાર પોપટભાઈએ કહ્યું એને કે આટલા પૈસા (થઈ ગયા), હવે શું કરવા ધંધો કરો છો? પણ પાવર ચડી ગયોને મગજમાં કે ધંધો અમે અમારા માટે કરીએ છીએ? દુનિયાના પોષણ માટે કરીએ છીએ. કૈલાસચંદજી! એય..! એ પોપટભાઈ કહેતા હતા. પોપટભાઈના સાળા થાયને એ. સગા સાળા. દસ મિનિટમાં મરી ગયો બિચારો. ત્યાં આવ્યો હતો મુંબઈ. એની વહુને શું કહેવાય? હેમરેજ. હેમરેજ થયેલું. આવ્યા હતા અહીંયાં. એમાં બે-ચાર દિ' કે થોડા દિ' બહેન દિકરીને ખબર હશે, અહીં છે એને. તો એમાં પૂછ્યું ..ભાઈએ. બોલાવો ડોક્ટર. જ્યાં ડોક્ટર આવ્યા ત્યાં ભાઈસાહેબ (ઉપડ્યા). તારા રૂપિયા શું કરે? એય હસમુખભાઈ!

ઓળખો છો? એમની બહેનની દિકરી છેને આપણે અહીં બાળબ્રહ્મચારી. ૬૪ દિકરીઓ છેને. બાળ બ્રહ્મચારી ૬૪ દિકરીઓ છે. એમાં એની બે દિકરીઓ છે. સગી બહેનની દિકરી. આહા..હા..! એણે કહ્યું અમારા નભવા માટે નહિ. હજારો માણસોને આજીવિકા મળે છે. એય અમરચંદભાઈ! આ અભિમાન અજ્ઞાનના. તારી મમતા છે એમ નથી કહેતો અને લોકોને માટે કરે. ત્યાં મેંગેનિઝ નીકળે છે. મેંગેનિઝ કહે છે? લોઢું. મેંગેનિઝ ધાતુ. ૩૦૦ તો લાખ-લાખની આગબોટ છે. મેંગેનિઝ એક ગામથી બીજે ગામ. ૩૦૦. એક-એક લાખની ૩૦૦. ૩ કરોડ. બહુ પૈસા છેને. તો અમે કાંઈ અમારા માટે કરીએ છીએ? એય પોપટભાઈ! લોકો નભે છે હજારો માણસ. અરે મૂઢ! એમ છે નહિ. પર માટે શું કરે? આહા..હા..! તારી પર્યાય તારાથી થાય છે. એની પર્યાય એનાથી થાય છે. એમાં તું પરનું કરી દે છે? આહા..હા..! આવા બધા પૈસાવાળા અને મૂઢ.

**શ્રોતા :—** બચાવ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બચાવ એવો હોય નહિ. એની સ્ત્રી પડી છે ૧૩-૧૪ મહિનાથી અત્યારે હજી હેમરેજમાં પડી છે. ૧૩-૧૪ મહિનાથી અસાધ્ય. અસાધ્ય. ધૂળ. ૪૦ ચાલીસ લાખના બંગલા છે. બે ૧૦-૧૦ લાખના. ૬૦ લાખના છે ગોવામાં. અસાધ્ય પડી છે. ઓલી શું કહેવાય તમારે સ્ત્રી સેવા કરે એ? નર્સ-નર્સ. એ નર્સ રાખી છે. દિવસનો ૫૦૦ રૂપિયાનો ખર્ચ છે. ૧૩-૧૪ મહિના થયા. ધૂળેય નથી કાંઈ, સાંભળને. કોણ કોની પર્યાય કરે? કોણ કોનું કાર્ય કરે? આહા..હા..! તારામાં બીજાની પર્યાય આવીને તને સાજો કરી દે એમ થાય છે? ડોક્ટર તો કરી દે કે નહિ? નવરંગભાઈ! આ ડોક્ટર રહ્યા. ધૂળેય નથી કરી શકતો. ઈંજેક્શનની ક્રિયા તું કરી શકે છે? એ તો એના દ્રવ્ય અને પર્યાયમાં ઈંજેક્શનની પર્યાય થાય છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! ગાંડા કહે એવું છે આ તો, પાગલ લોકો જ્ઞાનીને પાગલ કહે, જ્ઞાની દુનિયાને પાગલ કહે. પરમાત્મપ્રકાશમાં આવે છે. સમજાણું કાંઈ? અને તે દિ' એ થયું હતુંને ઓલા ચીમન ચકુ વકીલ-વકીલ છે મોટો. સ્થાનકવાસી. અહીં સવા મહિના રહ્યો હતો. જો ભાઈ.. લ્યો આ મેં કર્યું. અરે ભગવાન! શું કર્યું તેં? એ તો જડની ક્રિયા થઈ છે, તારા જ્ઞાનથી અને વિકલ્પથી નહિ. વકીલ ને મોટા.. ધૂળેય નથી હવે તારા વકીલાત. ત્રણલોકના નાથની વકીલાત તો સાંભળ. એય..! આહા..હા..! પ્રભુ! અહીંયાં તો કહે છે કે...

**શ્રોતા :—** ભોળા લોકો આપની વાત માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એને બિચારાને ભાન ક્યાં છે. આ રામજીભાઈ ભોળા હશે. એમ કે આ.. શું કરે એને? પોતાની મોટપ એને ભાસે છેને.

અહીં તો કહે છે કે... આહા..હા..! સાંભળો, પાણી છે એ ગરમ થાય છે, અગ્નિથી ગરમ થાય. ગરમ કહે છેને? અગ્નિથી નહિ, એમ કહે છે. શું દેખાય છે?

**શ્રોતા :—** અગ્નિથી પાણી ગરમ થાય છે એમ દેખાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો તું એને જોવે છે. ગરમ શું થયું? પાણી ગરમ થયું કે અગ્નિ ગરમ થઈ? એ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? તું સંયોગથી જોવે છે અને જ્ઞાની તો અંદર સ્વભાવથી જોવે છે. એ પાણી જે ઠંડુ હતું એ પોતાની પર્યાય ગરમમાં પોતે વર્તી એ તો પર્યાયમાં વર્તે છે, અગ્નિથી નહિ. અગ્નિની પર્યાય પાણીની ઉષ્ણતામાં પેઠી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

શાક હોય છેને શાક કહે છેને? તરકારી. આમ કાપે છે દૂધીને. તો કહે છે, છરીથી ટૂકડા થયા નથી. છરીની પર્યાય છરીમાં રહી અને ટૂકડાની પર્યાય ટૂકડાની ત્યાં વર્તે છે. ઝીણી વાત છે, બાપુ! આહા..હા..! ચોખા છે એ પાણીથી નથી ચડતા એમ કહે છે અહીંયાં. કેમકે પાણીના પરમાણુ અને એની પર્યાયમાં પરમાણુ વર્તે છે અને ચોખા પોતાની શક્તિમાં અને પાકવા કાળે પર્યાયમાં વર્તે છે, બીજાની પર્યાયથી પાક્યા એમ ત્રણકાળમાં છે નહિ. આવી વાતું હવે. કોઈ દિ' સાંભળ્યું ન હોય. અવલદોમ. આહા..હા..! આખો દિ' આ ઘર તોડે ને મકાન તોડે, ફલાણા તોડે. કોણ તોડે? સાંભળ તો ખરો. પ્રત્યેક પદાર્થ... ઈજનેર કરે. ઈજનેર કરે રાગ. આ ખેડુ નહિ, તમારે દરબાર? હળ હાંકે. બે-બે બળદ સાથે. કહે છે કે એ પર્યાય જડની જડમાં થાય છે, આત્મા કરી શકતો નથી. આહા..હા..! વાત તો બાપા આ છે, ભાઈ! અહીં તો તત્ત્વજ્ઞાનની વાત છે. જેને હજી તત્ત્વની ખબર પણ નહિ, શું થાય? એને ધર્મ કેમ થાય? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

જુઓ, ૧૦૩ છેને? ઓહો..હો..! ગજબ વાત છે! '**અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી,...**' આહા..હા..! બીજા પરમાણુમાં પર્યાય જે થાય છે એને બીજો કરી શકે એ મર્યાદા અશક્ય છે. આહા..હા..! એક આત્મા બીજા પરમાણુમાં કાંઈ કરી શકે એ મર્યાદા જૂઠી છે. એ મર્યાદા તો નહિ રહે. દરેક પદાર્થ અનાદિથી પોતાની દ્રવ્ય નામ ગુણ-શક્તિ દ્રવ્ય અને પોતાની પર્યાયમાં વર્તી રહ્યો છે. અનાદિથી વર્તી રહ્યો છે. એમાં કોઈ પરને કારણે વર્તી રહ્યો છે અને પર વર્તાવી શકે એવી મર્યાદા ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! મેં પરની દયા પાળી. શું કર્યું તે? તેં તો રાગ-વિકલ્પ કર્યો. પરની દયા તો એને કારણે પળી છે. એની પર્યાય એનાથી થઈ છે. ત્યાં જીવવાની પર્યાય આયુષ્ય હતું અને એને કારણે ત્યાં થઈ છે, તારાથી થઈ નથી. આ વાત.. આહા..હા..!

**શ્રોતા :—** પાણીમાં માખી પડી હોય તો કાઢે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોણ કાઢે? એ પરમાણુની હાથની પર્યાય એમ થવાની હોય તો પોતાથી થાય છે અને માખી પણ પોતાની પર્યાયથી નીકળે છે. પ્રભુ! પાગલ જેવી વાત છે એવું અજ્ઞાનીને લાગે. કૈલાસચંદજી! આ મોટા રમકડાના રાજા છે. 'રાજા ટોયસ' એમ કહે છે. રમકડા ઊંચા. રમકડા લઈ શકે છે? દઈ શકે છે? એ તો બહારની વાત. એ

રમકડાની એક-એક પરમાણુની પર્યાય પોતાથી ક્ષેત્રાંતર થાય તો પોતાથી થાય છે, પરથી થતું નથી. આહા..હા..! આવી વાત છે, હસમુખભાઈ!

**શ્રોતા :—** અહીં તો હા પાડવી કે ના પાડવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બાપા! સમજીને હા પાડવી. આહા..હા..!

ભાઈ! પરમાત્મા એમ કહે છે કે અનંત દ્રવ્ય છે કે નહિ? સાંભળો હવે ન્યાય. અનંત દ્રવ્ય છે કે નહિ? અનંત આત્મા અને અનંત પરમાણુ, તો અનંતઅનંતપણે ક્યારે રહેશે? પોતાની શક્તિ અને પર્યાયમાં વર્તે તો અનંત અનંતપણે રહેશે. બીજાથી બીજામાં થાય તો અનંત તૂટી જાય છે, અનંત દ્રવ્ય રહેતું નથી. આહા..હા..! ન્યાય ન સાંભળે, શું કરે પ્રભુ? વીતરાગનો માર્ગ તો .. છે. આહા..હા..! આ વકીલ દલીલ કરે કોર્ટમાં. એ દલીલ આત્મા કરી શકે? એય..! તમારે શું છે વકીલ છે? શેનો ધંધો તમારે? કારખાનું છે. એ કારખાનાના એક-એક રજકણ પોતાની પર્યાયમાં પરિણમે છે, બીજા રજકણથી નહિ અને બીજા આત્માથી પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અનંત રજકણ અને અનંત આત્માઓ પ્રત્યેક પૃથક્-પૃથક્ પોતામાં વર્તે છે અને પોતામાં ન વર્તે પરમાં વર્તે અને પરથી પોતામાં વર્તે તો અનંતપણું પૃથક્ રહેતું નથી. આહા..હા..! આવી વાત છે, ભાઈ! હજી તત્ત્વની દૃષ્ટિની ખબર ન મળે. આહા..હા..! છે? બહુ સિદ્ધાંત, ઘણા સિદ્ધાંત મૂક્યા. ટૂંકા શબ્દોમાં તો ગજબ! અમૃતચંદ્રાચાર્ય મહારાજ જંગલમાં વસનારા, આનંદકંદમાં ઝુલનારા. જરી વિકલ્પ આવ્યો તો પણ એના કર્તા નથી અને વિકલ્પ થયો એ પણ પોતાના અપરાધથી થયો છે, પરથી થયો એમ પણ નથી. આહા..હા..!

હવે કહે છે, '**અશક્ય હોવાથી, તેમાં જ (પોતાના તેવડા દ્રવ્ય-ગુણમાં જ)...**' પોતાના તેવડા દ્રવ્ય એટલે વસ્તુ અને ગુણ એટલે પર્યાય. '**(પોતાના તેવડા દ્રવ્ય-ગુણમાં જ) વર્તે છે...**' દરેક વસ્તુ પોતાના કાર્યમાં વર્તે છે. બીજું એનું કાર્ય હોય, બીજાથી બીજાનું કાર્ય થાય એમ બનતું નથી. આહા..હા..! આ બધા તકરાર કરેને. બે ઉત્પાદ હોય તો એ બે કારણથી થાય છે. એ તો બે કારણનું તો જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? શું કહ્યું જુઓ, '**પરંતુ દ્રવ્યાંતર...**' એક વસ્તુ બીજા દ્રવ્યમાં પેસી જાય કે ગુણાંતર શક્તિ પર્યાયમાં થાય '**સંક્રમણ પામતી નથી;...**' આહા..હા..! આ આંગળીની પર્યાય છે, તો કહે છે કે એ પોતાની પર્યાયમાં ત્યાં રહે છે. આત્માની પર્યાય ત્યાં સંક્રમણ કરીને એને પર્યાય કાર્ય બનાવે એમ ત્રણકાળમાં છે નહિ. પ્રત્યેક પદાર્થ વર્તમાન પર્યાય પરમાં સંક્રમણ કરીને બદલી શકે એમ બનતું નથી. આહા..હા..! આ બધી વાતું એ કરતા કહે, દયા પાળો, વ્રત કરો. હવે મરી જઈશ દયા પાળીને. સાંભળને, તત્ત્વની તો ખબર ન મળે ને દયા પાળે, વ્રત કર્યા, ધૂળ કરી.

**શ્રોતા :—** પોતાની દયા પાળવાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ તો તારી દયાની વાત છે. સાંભળ તો ખરો. આહા..હા..! પરનું કાર્ય તું કરી શકતો નથી અને તારું કાર્ય પરથી થતું નથી, એવી સ્વતંત્રતાનો ઢંઢેરો પીટે છે. એ વાત એમ ન બેસે તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! ૧૦૩ ગાથા.

'**દ્રવ્યાંતર...**' એટલે એક વસ્તુ બીજા દ્રવ્યમાં પેસે-સંક્રમે, એક ગુણ પર્યાય બીજી પર્યાયમાં પ્રવેશે એમ બનતું નથી. '**સંક્રમણ પામતી નથી;...**' મહાસિદ્ધાંત. ત્રણલોકના નાથ જિનવરદેવની અનંત તત્ત્વની શક્તિ સ્વતંત્ર પર્યાય સમય-સમયમાં પ્રત્યેક આત્મા અને પ્રત્યેક રજકણ પોતાની પર્યાયનો કર્તા છે, પરની પર્યાયનો નહિ અને પરથી પોતાનું કાર્ય કરતો નથી. આહા..હા..! સ્ત્રી, કુટુંબ, પરિવારને નભાવે છે કે નહિ? કહે છેને. ગાંડો છે પાગલ. એય..! આ તો ત્રણલોકના નાથ કહે છે કે એક પર્યાય બીજાનું કાર્ય કરે એ મોટો મૂર્ખ છે, પાગલ છે, અજ્ઞાની છે, પાખંડ છે.

**શ્રોતા :—** બીજાનું કામ કરવું હોય તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બીજું કોણ કરે?

કીધું હતુંને, ટી.જી. શાહે, છેને મકાન મુંબઈમાં. મુંબઈમાં. એ આવ્યા હતા અહીં એક ફેરી. મહારાજ! સિદ્ધ ભગવાન શું કરે? પરમાત્મા સિદ્ધ. મેં કીધું, કોઈનું કાંઈ ન કરે. એ તો પોતાની પર્યાયમાં આનંદને અનુભવે. હેં! મોટા પુરુષ થઈને કાંઈ ન કરે? અમે આટલા છીએ તોપણ કાંઈક દુનિયાનું કરીએ છીએ. ધૂળેય કરતાં નથી, કીધું. એમ કે સિદ્ધ ભગવાન કોઈનું કરે? કોઈનું કરે નહિ. કીધું, કોઈનું કરે નહિ. પોતાની પર્યાયના અનુભવ સિવાય કોઈનું કરે નહિ. આહા..હા..! ટી.જી. શાહ નહિ? મુંબઈમાં છેને. .. બંગલો. મરી ગયો એ તો. એની દિકરી તો ક્રિશ્ચનને પરણી છે. આહા..હા..!

'**ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી; અને દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી તે,...**' પોતાનું દ્રવ્ય પરમાં ન જાય, પોતાની પર્યાય પરમાં ન જાય, પરની પર્યાય પોતામાં ન આવે. '**અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે?**' પરવસ્તુમાં પોતાની પર્યાય ગયા વિના પરને કેવી રીતે પરિણમાવે? આહા..હા..! પાણી પોતાથી ગરમ થાય છે. અગ્નિની પર્યાય ઊનાપણામાં પેસતી નથી તો એ ગરમ કેમ કરે? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**(કદી ન પરિણમાવી શકે.) માટે પરભાવ કોઈથી કરી શકાય નહિ.**' અજ્ઞાની પોતાના શુભ-અશુભભાવને કરે અને જ્ઞાની પોતાના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ કરે, પણ પરનું કરી શકે દેશની સેવા કરે કે બીજાને આહાર-પાણી દે, દુઃખીને ભોજન દે, તૃષાને પાણી દે, નાગાને વસ્ત્ર દે, (સ્થાન ન હોય તેને) સ્થાન દે એ ત્રણકાળમાં કરી શકતો નથી એમ કહે છે. શું કરે? અજ્ઞાન માને છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૧૩, સોમવાર, તા. ૦૬-૯-૧૯૭૬, ગાથા-૧૦૪, પ્રવચન નં. ૧૭૭

સમયસાર, ગાથા-૧૦૪. ભાવાર્થની એક લીટી છે. એનો સાર આવી જશે એમાં. ૧૦૪.

दव्वगुणस्स य आदा ण कुणदि पोग्गलमयम्हि कम्मम्हि।
तं उभयमकुव्वंतो तम्हि कहं तस्स सो कत्ता।।१०४।।
આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્‌ગલમયી કર્મો વિષે,
તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને? ૧૦૪.

પહેલા દૃષ્ટાંત આપે છે.

'ટીકા :—જેવી રીતે—**માટીમય ઘડારૂપી કર્મ...**' ભાષા. માટીમય ઘડારૂપી કાર્ય. એ માટીથી ઘડાનું કાર્ય થયું છે, કુંભારથી નહિ. આ વાત ભારે. નિમિત્તથી પરમાં થતું નથી એ સિદ્ધ કરવું છે. એ અત્યારે મોટા ઝઘડા છેને. નિમિત્તથી થાય છે.. નિમિત્તથી થાય છે. એ અહીં નિષેધ કરે છે. '**માટીમય ઘડારૂપી કર્મ કે જે માટીરૂપી દ્રવ્યમાં...**' માટીરૂપી પદાર્થમાં અને માટીરૂપી પર્યાયમાં, ગુણ એટલે પર્યાય એમાં '**નિજરસથી જ વર્તે છે...**' ઘટરૂપી કાર્ય, માટીરૂપી દ્રવ્ય—વસ્તુ અને માટીરૂપી પર્યાય એ નિજરસથી શક્તિથી ઘડો થયો છે. માટીથી ઘડાનું જે કાર્ય થયું એ નિજશક્તિથી થયું છે, કુંભારથી નહિ. આહા..હા..! એય..! રોટલી બને છે તો રોટલી લોટથી બને છે એમ કહે છે, સ્ત્રીથી નહિ. બાપુ! વસ્તુ ભિન્ન. સમજાણું કાંઈ? રોટલી બને છે એ પરમાણુ જે લોટ છે એનાથી રોટલીની પર્યાયરૂપી કાર્ય થયું છે. એ લોટ એ પોતાના પરમાણુમાં અને એની પર્યાયમાં વર્તી રહ્યો છે. રોટલી તવાથી નથી થઈ, સ્ત્રીથી નથી થઈ, વેલણથી નથી થઈ. એવી ઝીણી વાત છે. તત્ત્વની દૃષ્ટિ બહુ ગૂઢ. એ તત્ત્વની ખબર વિના, શ્રદ્ધા વિના, શ્રદ્ધા પછી કરે ક્રિયાકાંડ મિથ્યાત્વસહિત. આહા..હા..! પરની દયા તું પાળી શકતો નથી એમ કહે છે. કેમકે પરની દયાનો જે ભાવ છે, એ તો પરમાણુમાં અને પરનાં આત્માની પર્યાયમાં એ વર્તી રહ્યો છે. 'હું પરની દયા પાળી શકું' એ ત્રણકાળમાં નથી. આહા..હા..! આવી વાત ક્યાં બેસે? જ્યાં હોય ત્યાં મેં કર્યું.. મેં કર્યું...

**શ્રોતા :—** દયા ધર્મનું મૂળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ કઈ દયા? એ તો રાગની અણુત્પત્તિ કરવી એ પોતાની દયા, એ ધર્મનું મૂળ છે. વાત ફેર છે, ભાઈ! પુરુષાર્થસિદ્ધિ બોલ્યાને. હિંસા, અહિંસા. સંસ્કૃતના પ્રોફેસર છેને. એ દયા છે. પરની દયા તો નામમાત્ર કથન છે. કોણ કરી શકે? પરનું આયુષ્ય

છે ત્યાં સુધી એ જીવે. એની ક્રિયા આત્મા કરી શકે? આત્મા પરને મારી શકતો નથી એમ કહે છે. પરને મારવાની ક્રિયા પરમાં થાય છે, આત્મા કરી શકતો નથી. આહા..હા..! એ તો જગતની બહારની ક્રિયા બને એ બને. અહીં તો આત્મા એનો કર્તા નથી એ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ કહે છે કે ઘડારૂપી કાર્યમાં માટી પોતે વર્તી રહી છે, એમાં કુંભાર છે નહિ. આહા..હા..! આ હાથથી જે આમ ક્રિયા થાય છે એ હાથની પર્યાય હાથથી પરમાણુમાં વર્તે છે, આત્માથી નહિ. આત્મા તો પોતાની પર્યાયમાં, ગુણમાં વર્તી રહ્યો છે. એ પરની પર્યાયમાં આત્મા વર્તી રહ્યો નથી. આહા..હા..!

આંખની પાપણ આમ થાય એ ક્રિયા પરમાણુમાં પરમાણુથી વર્તી રહી છે, આત્માથી નહિ. બાપુ! તત્ત્વની દૃષ્ટિ. જીવ અને અજીવની ભિન્નતા પછી આસ્રવ અને આત્માની ભિન્નતા. હજી જીવ-અજીવની ભિન્નતાની ખબર ન મળે એને આસ્રવ દયા, દાન, વ્રત, ભક્તિ, પરિણામ એનાથી પણ ભગવાન તો ભિન્ન છે. આહા..હા..! પરનું કાર્ય તો કરી શકતો નથી, પણ પોતામાં રાગનું કાર્ય કરે છે એ પણ મિથ્યાદૃષ્ટિ જીવ છે. આહા..હા..! કેમકે અજીવતત્ત્વનું કાર્ય કરતો નથી તો અજીવતત્ત્વ ભિન્ન છે. આસ્રવતત્ત્વનું કાર્ય કરતો નથી સમ્યગ્દૃષ્ટિ તો. અજ્ઞાની માને છે કે આસ્રવ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ મારા છે અને હું કરું છું, તો આસ્રવ અને આત્મા બે એક થઈ ગયા, ભિન્ન રહ્યા નહિ. આહા..હા..! ઝીણી વાત. આ વાત બહાર આવી તો ઝઘડા ઉઠ્યા મોટા. અમરચંદભાઈ! આહા..હા..! લોકોને બિચારાને બેસવી કઠણ વાત. પહેલી સમ્યગ્દર્શન જ અપૂર્વ વાત છે કોઈ. ચારિત્ર તો ક્યાંય રહ્યું. એ તો ચીજ શું છે એ તો.. આગળ સમજે તો સમજે. આહા..હા..! સમજાણું કાંઈ?

અજીવની કોઈપણ ક્રિયાનો અંશ જીવ-અંશ કરી શકે એ ત્રણકાળમાં નથી અને જીવની અવસ્થા જે પોતાની છે શુભ-અશુભભાવ કે શુદ્ધભાવ એ ક્રિયા જડ કરે અને કર્મથી થાય એમ ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! જીવ, અજીવ, આસ્રવ, સંવર ભિન્ન છે. એ કહે છે. '**માટીમય...**' ઘડો શું છે? '**માટીમય ઘડારૂપી કર્મ...**' કર્મ એટલે કાર્ય. '**કે જે માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં...**' ગુણ એટલે પર્યાય. '**નિજરસથી જ વર્તે છે...**' આહા..હા..! '**તેમાં કુંભાર પોતાને કે પોતાના ગુણને નાખતો-મૂકતો-ભેળવતો નથી...**' આહા..હા..! કુંભાર રાગ કરે છે કે 'હું ઘડાને કરું' એ રાગ ઘડામાં પ્રવેશતો નથી. એ રાગ પર્યાય અંદર પ્રવેશતી નથી તો ઘડાને શું કરે એ? આહા..હા..! મોટી ચીજ. એય..! અજ્ઞાની રાગનો ભાવ કરે. એ તો કહ્યુંને. રાગ છે, આસ્રવ છે એ અજ્ઞાની કરે છે. માને છે કે હું રાગ કરું છું અને રાગથી મને ધર્મ થશે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. અનાદિનો જે છે એ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો પહેલાં પરની પર્યાય નથી કરતો એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? સિદ્ધ તો એ કરવું છે કે જે અજ્ઞાની જ્ઞાનાવરણીયનો નિમિત્ત થાય છે અવર્ણવાદ આદિ બોલીને,

સત્યનો વિરોધ કરે ભાવમાં, તો એ ભાવ કર્મબંધનમાં નિમિત્ત થાય છે; પણ કર્મબંધન આત્મા કરે.. કર્મ તો જડની પર્યાય છે. જડની પર્યાય આત્મા ત્રણકાળમાં કરી શકે નહિ. અંદર કર્મબંધનને આત્મા કરી શકે નહિ. એ વાત છે. એ વાત સિદ્ધ કરવા માટે ઘડાનું દૃષ્ટાંત આપ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે? જુઓ, '**માટીમય ઘડારૂપી કર્મ..**' માટી '**નિજરસથી વર્તે છે તેમાં કુંભાર પોતાને કે પોતાના ગુણને...**' કુંભાર પોતાના રાગને અથવા પોતાના દ્રવ્યને—વસ્તુને કુંભાર ઘડાની પર્યાયમાં નાખતો નથી. પોતાની રાગની પર્યાયને એમાં નાખતો નથી. આહા..હા..! કહો, દરબાર! આવી વાત છે. આ તમારે ખેડ-બેડ કરે એ આત્મા કરી શકતો નથી, એમ કહે છે.

**શ્રોતા :—** .. ગાંડા કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ગાંડા કહે તો ગાંડા છે. અહીં તો, પાગલ છે. આહા..હા..!

આ મીરાંબાઈનું નહોતું સાંભળ્યું? મીરાંબાઈનું. (સંવત) ૧૯૬૪ની સાલની વાત છે. અમે દુકાનથી ભરૂચ ગયા હતા. સ્થાનકવાસી હતાને અમે તો. સ્થાનકવાસી સાધુ આવ્યા હતાને તો અમારું ઘર મુખ્ય છે તો અમારા ઘરમાંથી હું જાતો હતો એને લેવા, દેવા, એની સંભાળ કરવા. ભરૂચ-ભરૂચ છે. પાલેજથી આઠ માઈલ ભરૂચ ગામ છે. ત્યાં ગયા હતા. ૬૪ની સાલની વાત છે. તો તપાસ કરી ગામમાં અને સંબંધી હતા, તપાસ કરી ક્યાંય મળ્યા નહિ. પછી ભરૂચનું જે સ્ટેશન છે એની સામે ધર્મશાળા છે ત્યાં સાધુ ઉતર્યા હતા. પછી મળી ગયા. પછી આઠ વાગ્યા. નિવૃત્ત થઈને એક સાધુ છે આપણે પાલેજ આવશે કાલે.

પછી મીરાંબાઈનું નાટક હતું. ડાહ્યાભાઈ ધોળશા, વાંકાનેરવાળા. મોટી કંપની હતી. આઠ દિવસમાં ત્રણવાર નાટક કરતાં હતા તે વખતે અને ત્રણવારમાં એક રાતના ૧૫૦૦ રૂપિયા આપતા હતા એને. ૬૪ની સાલ. એમાં મીરાંબાઈનું નાટક જોવા ગયા. હું ને અમારે ફાવાભાઈ હતા, બે. આ મનહરનો બાપ. અત્યારે મનહર પાસે ૬૦ લાખ રૂપિયા છે. સુરત-સુરત. આવે છેને. મનહરનો દીકરો આવ્યો હતોને હમણા. એ એના બાપ હતા. ત્યાં પાલેજમાં દુકાન હતી એની હતી. અમે જોવા ગયા. એમાં સારા નાટક બનાવે એ વખતે. આ તો અત્યારે ફિલ્મ-બિલ્મમાં તો કાળાકેર કરી નાખ્યા છે. આ બાયડી આમ જોવે, આમ દેખાવ કરે એ સજ્જન કહેવાય? આ ફોટા કરે છેને બજારમાં, નહિ? એક સ્ત્રી આમ હાથ નાખે.. અરરર..ર..! રસ્તા ઉપર આવી અનીતિના આચરણ આવા હોય, ભાઈ?

એ વખતે નાટક પણ એવા વૈરાગ્યના હતા. મીરાંબાઈ સાધુનો સંગ કરે છે. મીરાંબાઈએ રાણા સાથે લગ્ન કર્યા. શું છે અત્યારે? નહિ? ઉદયપુર પાસે ચિત્તોડ, ચિત્તોડ. અમે ગયા હતાને. ચિત્તોડના રાણા સાથે લગ્ન કર્યા. પછી સાધુ એણે માનેલા સાધુ ઈશ્વરના કર્તા. એની સાથે સંગ થયો તો રાણા કહે છે કે અરે રાણી! મારા ઘરમાં આવ તને પટરાણી બનાવું. આ રાણીની તો દૃષ્ટિ ફરી ગયેલી. ઈશ્વરની પ્રીતિ. ઈશ્વરની એને એ જાતની.

કહે છે, 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ નહિ રે બાંધુ.' આ મીંઢોળ નથી હોતા? આ તો ૬૪ની સાલની વાત છે. ભરૂચમાં જોવા ગયા હતા. સમજાણું કાંઈ? ૧૮ વર્ષની ઉંમર હતી. ૧૮ વર્ષની. આ તો ૮૭ થયા. પણ એ બાઈ એમ બોલેને વૈરાગ્ય. એ વખતે વૈરાગ્ય.. એ બાઈ એમ બોલે. હતો તો છોકરો પણ સ્ત્રીનો વેષ પહેરીને 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ નહિ રે બાંધુ.' મેં મારા ઈશ્વરની સાથે મારી સગાઈ કરી. હવે રાણા તારી સાથે પતિપણું નહિ રહે. આહા..હા..! સમજાણું કાંઈ? 'નહિ રે જાવ રે રાણા નહિ રે પરણું, પરણી મારા પીયુજીની સાથે રે બીજાના મીંઢોળ નહિ રે બાંધું. નહિ રે બાંધુ રે રાણા નહિ રે બાંધુ.' આહા..હા..! વૈરાગ્ય એ વખતે બહુ હતો.

**શ્રોતા :—** નહિ રે બાંધુને ને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ, પછી આ કહ્યું કે 'રાણા પાગલ ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ.' ત્યાં ઘેલી થઈ ગઈ છે. ઘેલી સમજ્યાને? ગાંડી—પાગલ. હું તો પાગલ થઈ ગઈ. તું પતિ નહિ. મારો પતિ મારો પરમાત્મા છે. હું એની દાસ છું. આહા..હા..! સમજાણું કાંઈ? મારી અંદરમાં આત્માનો ઈશ્વર સાથે ભેટો થઈ ગયો. આહા..હા..! મને બીજો પતિ ન હોય. આહા..હા..! એમ સમ્યગ્દૃષ્ટિ અંતરની રાગથી ભિન્ન પરિણતિ થઈ... આહા..હા..! એ કહે છે કે મારો સ્વામી તો મારી પરિણતિનો હું સ્વામી છું, મારો સ્વામી બીજો નહિ. રાગનો હું સ્વામી નહિ અને રાગ મારો સ્વામી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત છે. તે દિ' વૈરાગ્ય હતોને એટલે સાંભળીને ધૂન ચડે. ઊંઘ ન આવે. દોઢ વાગે, બે વાગ્યા સુધી ચાલે નાટક. મગજ ઉપર ચડી જાય. ધૂન ચડતી. ૧૮ વર્ષની ઉંમરની વાત છે. ૭૦ વર્ષ થયા ૬૯. આહા..હા..! એ તો એ લોકોમાં..

અહીં તો પરમાત્મા કહે છે, પ્રભુ! તારી ચીજ જે આત્મા છે અને એની પરિણતિ... આહા..હા..! બ્રહ્મચર્યમાં આવશે. શુભાશુભ પરિણતિ-વિકાર સાથે લગ્ન કરે એ વ્યભિચાર છે. શુભાશુભભાવ. ભાઈ! બહુ ઝીણી વાત, નાથ! વ્રત-અવ્રતના પરિણામ એ શુભ-અશુભભાવ. એ આવ્યું હતુંને સમયસાર નાટકમાં કે પરિણતિ સાથે સ્ત્રીનો વ્યભિચાર છે એ પરસ્ત્રી સાથે વ્યભિચાર છે. આત્મા આનંદનો નાથ પ્રભુ જ્ઞાયકસ્વરૂપ જે પુણ્ય-પાપની પરિણતિ સાથે જોડાય જાય એ વ્યભિચારી છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાનો આનંદસ્વરૂપ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન, એની જેને લગની લાગી એ તો આનંદની પરિણતિ કરે છે. ધર્મી તો આનંદ અને જ્ઞાનની પરિણતિનો કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગનો કર્તા નહિ. અહીં તો હજી પરદ્રવ્યની પર્યાયનો કર્તા નહિ અજ્ઞાની એ સિદ્ધ કરવું છે. આહા..હા..! આ હાથથી હું લઈ શકું, હોઠથી હું બોલી શકું એ બધી મિથ્યાશ્રદ્ધા છે. એ બતાવે છે. છે?

'**કુંભાર પોતાને**...' એટલે દ્રવ્યને '**પોતાના ગુણને**...' પોતાની પર્યાય—અવસ્થાને '**નાખતો-મૂકતો-ભેળવતો નથી**...' ઘડામાં. '**કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે**

**સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે;...**' આહા..હા..! કુંભારના આત્માનું દ્રવ્ય ઘડાની પર્યાયમાં ભળી જાતું નથી. કુંભારની પર્યાય રાગની છે એ પલટીને ઘડામાં જતી નથી તો ઘડાને શું કરે એ? ઝીણી વાત, ભગવાન! આહા..હા..! તારી ચીજ તો એવી છે ભાઈ! આહા..હા..!

એ તો આમ કહ્યુંને, ૧૬ બોલમાં આવ્યું હતું. જ્ઞેયનો જ્ઞાતા છે આત્મા. એ કાલે નહોતા આવ્યા ૧૬ બોલ? રાત્રે વંચાવ્યા નહોતા? એ પત્ર વાંચ્યો નહિ તમે રાત્રે? એ. જ્ઞેયનો જ્ઞાતા, દશ્યનો દષ્ટા... આહા..હા..! ભગવાન તો જ્ઞેય જે જગત છે, રાગથી માંડીને શરીરાદિ સર્વ જ્ઞેય એનો તો આત્મા જ્ઞાતા છે, કર્તા-હર્તા પરનો નહિ, દશ્યનો દષ્ટા છે. જોવાની ચીજ રાગથી માંડીને એનો તો દષ્ટા ભગવાન આત્મા છે. એને કર્તા બનાવવો રાગનો અથવા પરદ્રવ્યની પર્યાયનો એ મિથ્યાત્વની મોટી વિટંબણા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહ્યું જુઓ,

'**કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર...**' એટલે એક દ્રવ્યની ઘડાની પર્યાયમાં કુંભારની પર્યાય પલટીને જતી નથી. એક વાત. '**ગુણાંતર...**' કુંભારની પર્યાય જે રાગ છે એ ઘડામાં પેસતી નથી કે પલટાવી શકે. ઘડાને પલટીને ઘડો બનાવે એ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? દાળ, ભાત, શાક બને છે એ પોતાની પર્યાયથી બને છે. એ જડનું કાર્ય છે. જડનું દ્રવ્ય અને જડની એ પર્યાય છે. એમાં શું સ્ત્રી પોતાની પર્યાય નાખે કે રોટલી કરી શકે? આહા..હા..! ગજબ વાત છે, નાથ! બાપુ! વીતરાગમાર્ગ... 'જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન.' આહા..હા..! એ જડની પર્યાય જડથી થાય છે. એ શું પોતાનું દ્રવ્ય નામ પદાર્થ અને પોતાની પર્યાય એમાં ભેળવે છે તે પરને કરે? આહા..હા..! આત્મા-આત્મા કરે આ બધા હુશિયાર માણસો. રમકડાં બનાવે, રમકડા ફેરવે, આપે-દે. તમારે શું છે? કાંઈ છે નહિ. અમારા શેઠને બીડીયું છે, લ્યોને. બીડી બનાવવી અને બીડી જ્યાંત્યાં રવાના કરવી એ ક્રિયા આત્મા કરી શકતો નથી ત્રણકાળમાં એમ કહે છે. એય..! આહા..હા..! એ બીડી વાળે છેને, બીડી? તો કહે છે કે બીડીની જે આમ પર્યાય થાય છે એમાં શું આત્મા પોતાનું દ્રવ્ય નાખે છે તો એ બીડી વાળી શકે? અને એ બીડીની પર્યાયમાં શું આત્મા રાગ ઘૂસી જાય છે કે બીડી વાળી શકે? આહા..હા..! પોતાનું દ્રવ્ય નામ વસ્તુ અને ગુણ નામ પોતાની અવસ્થા પરમાં ગયા સિવાય પરનું શું કરી શકે? પરમાં તો જઈ શકતી નથી. આહા..હા..! કહો, સુજાનમલજી! આ બધા હુશિયાર-બુશિયાર કહે, હું કરું.. હું કરું. સવારથી સાંજ સુધી ધંધા અને આ.. એય હસમુખભાઈ! તમે તો લોઢાનો મોટો વેપાર કરો છો. લાખો રૂપિયાના. બીજા કોણ છે લોઢાના? ઘણા છેને. હિંમતભાઈ. આ લ્યો હિંમતભાઈ છે ભાવનગર, લોઢાના વેપારી બધા. ધૂળેય નથી. લોઢાના રજકણ જે છે લોઢાના ટૂકડા એ તો પરમાણુથી બને છે અને એ પરમાણુની પર્યાય લોઢાની છે. એ પર્યાય લોઢાને દૂર કરી શકે એ ત્રણકાળમાં ન કરી શકે. કેમકે પરમાણુની પર્યાયમાં શું પોતાનો રાગ અને પોતાનું

દ્રવ્ય અંદર ઘૂસે છે કે પરને પલટાવી શકે? સિદ્ધાંત ઝીણો છે, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :—** વાત કરી ત્યારે કહે ગાંડા થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ગાંડા જ છે અહીં તો પાગલ છે. દુનિયાથી તો પાગલ છે. સમજાણું કાંઈ? આ વસ્ત્ર છે એ વસ્ત્ર અહીં આવ્યું. તો કહે છે કે એ વસ્ત્રની પર્યાય જે અહીં આવી એ આંગળીથી આવી છે? નહિ. એ પર્યાયમાં શું આંગળીનું દ્રવ્ય અને આંગળીની પર્યાય ઘુસી ગઈ છે કે અહીં લાવે? પોતાનો આત્મા એમાં પ્રવેશ કરે છે કે કપડાને આમ ઓઢે? વાતું ગજબ છે, બાપુ! જૈન સિદ્ધાંતની. અત્યારે તો લોકો બહારની ક્રિયા કરીને આ કરીએ તે કરીએ. કર્તા થઈને મિથ્યાત્વને સેવે છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! આહા..હા..! અહીં તો હજી...

**શ્રોતા :—** હા તો પાડે, પણ માનવાનું કઠણ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માનવાનું આ તો વીતરાગ માને. જેને સત્ય માનવું હોય તો આ માનવું પડશે. અસત્ય તો અનાદિથી માને છે. સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જે નવ તત્ત્વ કહે છે એવું ભિન્ન-ભિન્ન જેને માનવું હોય એને તો આમ માનવું પડશે. આ વર્તમાનમાં એ ઝઘડા છેને કે સોનગઢવાળા નિમિત્તથી થાય એમ ના પાડે છે. લાખ વાર ના પાડે છે અનંતવાર. અહીં પછેડો ક્યાં રાખ્યો છે ખાનગી. અહીં તો ઢંઢેરો પીટીએ છીએ. આહા..હા..! આ પાનું ફરે એ પર્યાય પાનાની પાનું કરે છે, આંગળી નહિ અને આત્મા નહિ. આહા..હા..! બાપુ! જગતની ચીજો વર્તમાન કાર્યરૂપે પરિણમે એ પરિણમનાર બીજો પરિણમાવી શકે નહિ. આહા..હા..! ગંભીર વાત છે. માર્ગ આવો છે, ભાઈ! જ્યારે તમે એમ કહો કે અનંત આત્મા છે અને અનંત અજીવ-જડ છે, તો અજીવ અનંત અનંતપણે ક્યારે રહેશે? કે અનંત દ્રવ્ય પોતાના દ્રવ્યથી અને પોતાની પર્યાયથી પરિણમીને રહે તો અનંત રહેશે. પરથી પરિણમે તો અનંત રહેશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? મુદ્દાની વીતરાગની વાત તો મુદ્દાની રકમની વાત છે. આહા..હા..!

ઓલા માણસ કહે છેને ભાઈ, કે પાંચ લાખ તને આપ્યા. આઠ આના. પહેલા આઠ આના હતા. હવે દોઢ રૂપિયો થઈ ગયો. વ્યાજ. પહેલા તો આઠ આના. બેંક તો ત્રણ આના આપતી હતી. બેંક તો ત્રણ આના આપતી હતી હોં! અને આઠ આના વ્યાજ. અમારે અહીંયાં હતાને દામોદરશેઠ હતા. અહીં ..દરબારને બબ્બે લાખ આપતા હતા. બબ્બે લાખ. તે દિ' તો બે લાખ એટલે.. તે દિ' એ વખતના એક લાખ અને અત્યારના પચ્ચીસ લાખ સરખા. ભાવ વધી ગયાને. બધાના ભાવ વધી ગયા. પૈસાની કિંમત ઘટી ગઈ. એ આઠ આના તરીકે આપે તો વ્યાજ તો લીધું. પચ્ચીસ વર્ષ પછી કહે, ભાઈ! વ્યાજ ખાધું હવે મુદ્દાની રકમ? કહે મુદ્દાની રકમ નથી. અરે..! સમજાણું કાંઈ? અને એવું બન્યું હતું ભાઈ, ત્યાં. એ લોકોનું વડોદરા છેને વડોદરા. ગાયકવાડ સરકાર ખબર છેને. ગાયકવાડ સરકારે કાયદો

કાઢ્યો હતો. ૬૦ વર્ષની વાત છે. ગાયકવાડ સરકાર. આ દામનગર ગાયકવાડ સરકારનું છે. જેણે ગરાસિયાનું ૨૦ વર્ષ વ્યાજ ખાધું હોય એ છોડી દ્યો. એ ગરાસ તમારો નથી હવે. ખબર છેને અમને તો. અમારે શેઠ હતાને એ દામોદર શેઠ ગયા હતા. દરબાર ત્યાં ગાયકવાડ સરકાર પાસે. કેમકે એમાં એક મૂળિયાપર નામનું ગામ હતું. દસ હજારની ઊપજનું ઘરનું ગામ હતું. ૪૦ હજારની ઊપજ હતી. આ ૬૦ વર્ષ પહેલાંની વાત છે. તો ગાયકવાડ સરકારે કાયદો કાઢ્યો કે જે વાણિયાએ ગરાસિયાનું ૨૦ વર્ષ વ્યાજ ખાધું હોય એ ગરાસ છોડી દ્યો. તમારો હક નથી હવે. હાય.. હાય..! ગયા ત્યાં શેઠ સરકાર પાસે. ગાયકવાડ સરકાર ત્યારે. ગયા ત્યાં. ગાયકવાડ સરકાર કહે, જુઓ શેઠ! તમારા એકલા માટે કાયદો નથી કાઢ્યો. અમે તો આખા રાજ માટે કાઢ્યો છે. ૨૦-૨૦ વર્ષથી તમે ગરાસિયાનું વ્યાજ ખાધું અને હવે છોડી દ્યો હવે. એને એની જમીન દઈ દ્યો. તમારો જમીન ઉપર હક્ક નથી. આહા..હા..! મુદ્દાની રકમ તો આ છે.

એમ અહીંયાં કહે છે કે પરની પર્યાય આત્મા ન કરી શકે એ મુદ્દાની રકમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ એ તત્ત્વની ક્યાં ખબર? આમ કરો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો. અહીં તો કહે છે કે મંદિર આત્મા બનાવી શકતો નથી ત્રણકાળમાં, એમ કહે છે. એય..!

**શ્રોતા :—** કારીગરે તો બનાવ્યુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કારીગરે પણ નથી બનાવ્યું એમ કહે છે અહીંયાં. એ પરમાણુની પર્યાય દ્રવ્ય જે છે એ પોતાની પર્યાયનું કાર્ય દ્રવ્યે કર્યું છે. ત્યાં કારીગરે પોતાનું દ્રવ્ય એમાં નાખ્યું અને પોતાની પર્યાય એમાં નાખી કે પલટાવી શકે? એ વાત તો ચાલે છે. આહા..હા..! મંદિર બનાવી શકે નહિ આત્મા, ધર્મશાળા બનાવી શકે નહિ આત્મા. એય શેઠ! લ્યો તમે ધર્મશાળા બનાવીને પોર? અમે ગયા હતાને ત્યાં. ત્રણ લાખની. ત્રણ લાખ આપીને ધર્મશાળા બનાવી લોકો માટે. કોણ બનાવે? આહા..હા..! આવી વાત! મકાન બનાવી શકે નહિ, પૈસા બીજાને આપી શકે નહિ. આહા..હા..! પૈસા એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત હુંડી-હુંડી શું કહેવાય તમારે? એ ગણી શકે એ વાણીની ક્રિયા આત્મા કરી શકતો નથી. આહા..હા..! એય..!

બાપુ! જડતત્ત્વ અને ચૈતન્યતત્ત્વની ભિન્નતા છે. એક પણ અજીવની પર્યાયનો અંશ જીવ કરે તો જીવ જડ થઈ જાય. સમજાણું કાંઈ? અજીવને જીવ માને તો મિથ્યાત્વ એમ આવે છે. તો એમાં શું આવ્યું? એ અજીવની ક્રિયા ઘડાની જે ઘડો થયો એને કુંભાર કરે તો તો કુંભાર જીવ છે એ અજીવ થઈ ગયો. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! ખજૂર છેને ખજૂર? ખજૂર કહે છેને? અંદરના ઠળિયા હોયને ઠળિયા તો આમ કરે. એ કાર્ય આંગળીએ કર્યું નથી અને આત્માએ કર્યું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એકલો ખજૂર ખાઈ શકે નહિને. ઓલો ઠળિયો છે અંદરમાં એને કાઢી નાખે છેને. ઠળિયો સમજો

છો? અંદર હોય કઠણ. કહે છે કે પ્રભુ! જેમ કુંભાર ઘડો બનાવી શકતો નથી એમ આત્મા ખજૂરનો ઠળિયો દૂર કરી શકે નહિ. દરબાર ઝીણી વાત છે આ. ત્યાં સાંભળી નથી.

**શ્રોતા :—** વાત કરે તો ગાંડા કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ગાંડા કહે ભલે પાગલ કહે. અમને ઘણા કહે છે બહારમાં. એકાંત છે, એકાંત છે.. એકાંતવાદીઓ છે એમ કહે છે બધા. કહો. સમ્યક્ એકાંત તો આ છે. સમજાણું કાંઈ? બધાય કહે છે. સાધુ.. એકાંત છે. કહો, બાપુ! તમને ખબર નથી ચીજની. એ સમ્યક્ એકાંત જ છે. આત્મા શરીરની, વાણીની.. એ ભાઈ! આવ્યું છેને ઓલામાં મોક્ષમાર્ગ પ્રકાશક નહિ? કે 'હું હાથથી લઈ શકું, આંખથી જોઈ શકું' એ બધું મિથ્યાદષ્ટિનું કાર્ય છે. બંધ અધિકાર. ચોથો બંધ અધિકારમાં. આહા..હા..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો બહુ સારુ લીધું છે ટોડરમલે. મારી નાખ્યા પણ બિચારાને. લોકોને વિરોધ હતો તો સહન ન થયું. ખુલ્લું કરી દીધું.

**શ્રોતા :—** રાજા કેવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ રાજા બધા એવા જ હોયને. આ અત્યારે જુઓને મારે છેને. પણ એ પછી રાજા તો બિચારા ભોળા માણસ. એ દુનિયા કહે એમ માને. એને કે દિ' ભાન હતા? મોટા મૂરખના સરદાર એ રાજા. આહા..હા..!

એ આપણે આવે છે. 'રાજ્યતિ શોભતિ ઈતિ રાજા.' આ તો આત્મા આનંદની પર્યાયને કરે એ રાજા. ૧૭-૧૮મી ગાથામાં આવે છે. એ રાજા. બાપુ! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! એ રાગને કરે નહિ, પરને કરે નહિ, પોતાના જ્ઞાતા-દૃષ્ટાની આનંદની પર્યાયને કરે એ રાજ્યતે શોભતે ઈતિ રાજા. પોતાના આનંદને શોભે એ રાજા કહેવામાં આવે છે. ૧૭-૧૮માં સમયસારમાં બધું ભર્યું છે. ૧૭-૧૮ ગાથામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** બીજા તો ભિખારી જને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ભિખારા જ છે બધા. રાગને પોતાનો માને રાંકા ભિખારી છે. રાગ પુણ્ય, દયા, દાન, વ્રતથી મારું કલ્યાણ થાય તો ભિખારી થયો. વિકારથી મારું કલ્યાણ? રાંકો છો તું? ભિખારી છો? તારી ચીજમાં અંદર આનંદ પડ્યો છે, તારી શુદ્ધ પરિણતિથી એ ચીજ મળે છે. રાગ અને વ્યહારથી ત્રણકાળમાં મળતી નથી. એ જ વાંધા છેને અત્યારે. વ્યવહારથી કહો, નહિતર તમારો એકાંત છે. અરે..! સાંભળ તો ખરો હવે.

કુંદકુંદાચાર્ય તો બંધ અધિકારમાં કહે છે. અધિકાર છે એમાં. અધ્યવસાય. પરને જીવાડું, પરને મારી શકું, પરને આહાર-પાણી દઈને સુખી કરી શકું, પરને દુઃખી કરી શકું, પરને બંધ કરાવી શકું, પરને મોક્ષ કરાવી શકું—મિથ્યાદષ્ટિ છે, મૂઢ છે. એટલું કહ્યા પછી અમૃતચંદ્રાચાર્યે કહ્યું કે કુંદકુંદાચાર્ય મહારાજ એમ કહે છે કે પરને જીવાડે, મારે એ તો મિથ્યાદષ્ટિ છે. પરને હું જીવાડું, પરને મારી શકું, પરને સુખી કરી શકું આહાર-પાણી દઈને. મૂઢ છે. આહાર-પાણી દેવાની ક્રિયા તારાથી થાય છે? સમજાણું કાંઈ? આહા..હા..!

તો ત્યાં એમ કહે છે કે જ્યારે ભગવાન એમ કહે છે કે પરને જીવાડવા-મારવા, સુખી કરવા.. એમાં છે. લેવું છે? ૩૮૬ પાનું છે. ૧૭૩ શ્લોક છે. ૧, ૭ અને ૩. હિન્દીમાં ૩૮૬ પાનું છે. ત્યાં પાનું ફેર હશે. જુઓ, **'આચાર્યદેવ કહે છે કે :—' 'सर्वत्र यद् अध्यवसानम्' 'સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે...'** હું પરને જીવાડી શકું, મારી શકું, સુખી કરી શકું એવો અધ્યવસાય મિથ્યાત્વ છે, છોડવાલાયક છે. આવ્યું, ભાઈ? પદ્મચંદજી! ૧૭૩ કળશ છેને? **'તેથી અમે એમ માનીએ છીએ...'** હવે આચાર્ય કહે છે અમૃતચંદ્રાચાર્ય. ૧૭૩ કળશ છેને. ૧, ૭ અને ૩. કળશ છે. નીચે અર્થ છે. ચોપડા જોયા ન હોય આ હજી. ઓલા ચોપડા ઝટ હાથ આવે. પાના ફેર હોય. આવ્યું ને હવે?

**'આચાર્યદેવ કહે છે કે સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે...'** પરપદાર્થની પર્યાય હું કરું છું, હું જીવાડું, મારું છું, સુખી-દુઃખી કરું એ **'અધ્યવસાન થાય છે તે બધાંય જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે, તેથી અમે એમ માનીએ છીએ કે 'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે'...'** આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પરઆશ્રયથી થાય છે, પરના લક્ષે થાય છે એને છોડાવ્યો છે. આહા..હા..! **'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે. તો પછી, આ સત્પુરુષો...'** આહા..હા..! **'એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્મસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા નથી?'** આહા..હા..! એકલા નિશ્ચયમાં રહેવું એ સમ્યક્ છે. વ્યવહારને છોડીને દયા, દાન, વ્રત, પરિણામને છોડી દે, એ બંધનું કારણ છે. આહા..હા..! કેમકે એમાં પરનો આશ્રય લક્ષ આવે છે. પોતાના સ્વભાવનો આશ્રય લઈને નિશ્ચયમાં સ્થિર રહે એ તારો મોક્ષનો ઉપાય અને મોક્ષનો માર્ગ છે. આહા..હા..! એકલા નિશ્ચયની વાત અહીં કહી છે. વ્યવહારને છોડાવ્યો છે. એ લોકો એમ કહે છે કે વ્યવહારથી નિશ્ચય થાય એમ કહો તો અનેકાંત થશે, નહિતર એકાંત છે એમ બધા કહે છે. બધા કહે છે. સાધુ કહે છે, આર્જિકા કહે છે, બધા કહે છે. એકાંત છે... એકાંત છે... એકાંત છે... અમને ખબર છે દુનિયા શું કહે છે. અમૃતચંદ્રાચાર્ય કહે છે.

ત્યારે ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહે છે કે પરને જીવાડવાના, મારવાના પરિણામ ખોટા છે એ છોડાવ્યા. અમે તો એનાથી આગળ વધીને કહીએ છીએ કે જેટલો પરને આશ્રયે વ્યવહાર ઉત્પન્ન થાય છે દયા, દાન, વ્રત, ત્યાંથી દૃષ્ટિ છોડી દે. સ્વમાં આવ, તો તને સમ્યગ્દર્શન-જ્ઞાન થશે, નહિતર થશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છે? **'एकम् सम्यक् निश्चयम्'** જુઓ સંસ્કૃત. **'एव निष्कम्पम् आक्रम्य'** આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એમાં એકાગ્ર થઈને નિષ્કંપપણે ત્યાં રહેને. એ તારો મોક્ષનો માર્ગ છે. આહા..હા..!

વ્યવહારક્રિયાકાંડ જેટલા વ્રત ને નિયમ ને તપ ને ભક્તિ ને પૂજા એ બધા બંધના કારણ છે. આહા..હા..! આ આકરું લાગે છે લોકોને. સાંભળી નથીને એ વાત સાંભળી નથી. હિન્દુસ્તાનમાં એ વાત હતી નહિ ત્યારે. સમજાણું કાંઈ? ૫૦ વર્ષ પહેલાં. શ્રીમદ્‌માં હતી પણ એ ગૃહસ્થાશ્રમમાં હતા માટે એની વાત લાંબી ચાલી નહિ. દિગંબરમાં ન ચાલી. કેમકે વસ્ત્રસહિત હતા અને થોડી શ્વેતાંબરની પણ રહી ગયેલી એમાં. પછી ભિન્ન કર્યું, પણ પહેલાં હજી રહી ગયું. કેવળી છદ્મસ્થનો વિનય કરે, એ શ્વેતાંબરની વાત છે. કેવળજ્ઞાન હોય અને ગુરુ છદ્મસ્થ હોય તો વિનય કરે. એ વાત સાચી નથી. છે? શ્રીમદ્‌માં આવે છે. 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.' એ શ્વેતાંબરની વાત જૂઠી છે. શ્વેતાંબરમાં દસ વૈકાલિકમાં પાઠ છે. અમને તો બધા શ્લોક કંઠસ્થ હતાને. છ હજાર શ્લોક. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ એના ગુરુ છદ્મસ્થ હોય તો એનો વિનય કરે? કેવળી તો વીતરાગ પૂર્ણ હોય. વિનય કોનો કરે? સમજાણું કાંઈ? એવી થોડી વાત રહી ગયેલી. એને પણ ઠીક ન પડ્યું. અમે અર્થ એવો કર્યો (સંવત) ૧૯૯૫ની સાલમાં. ૯૫ રાજકોટ. ૩૭ વર્ષ થયા. ગાંધીજી આવ્યા હતા વ્યાખ્યાનમાં. મોહનલાલ ગાંધી, કસ્તુરબા આવ્યા હતા બાર વાર. કસ્તુરબા બાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. દેસાઈ એના .. હતાને. દેસાઈ-દેસાઈ હતા. મહાદેવ દેસાઈ. એ પણ ત્રણવાર વ્યાખ્યાનમાં આવ્યા હતા અને પછી ગાંધીજી પણ આવ્યા હતા. અમે તો એ વખતે આ કહેતા હતા. પરને જીવાડે કે સુખી કરે એ માન્યતા મૂઢ અજ્ઞાનીની છે. સાંભળ્યું તો ખરું પણ પછી કેટલા વર્ષ પછી કોઈને કહ્યું, એક મહારાજ મને મૂઢ કહેતા હતા એ મહારાજ ક્યાં છે? મેં તો સિદ્ધાંત કહ્યો હતો. એ ગાથા છે આમાં બંધ અધિકારમાં. છેને અહીંયાં. અબંધની ગાથા કહી હતી. છે? ૨૬૧ ગાથા.

मारिमि जीवावेमि य सत्ते जं एवमज्झवसिदं ते।
तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६१।।

૨૬૧ ગાથા છે. ૨૫૩ છેને. એ પહેલા ૨૫૩. ૨૫૩ જુઓ,

जो अप्पणा दु मण्णदि दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२५३।।

આ વાત કરી હતી ૯૫માં. ૨૫૩ છે. '**जो अप्पणा दु मण्णदि**' જે કોઈ આત્મા એમ માને કે પરને હું દુઃખી અને સુખી કરું છું, '**सो मूढो अण्णाणी**' એ મૂઢ અને અજ્ઞાની છે. છે? હું પરને જીવાડી શકું, પરને મારી શકું, પરને આહાર-પાણી દઈને, ઔષધિ દઈને, કપડા દઈને સુખી કરું છું. મૂઢ છે. કેમકે પર ચીજ શું તું દઈ શકે છે? અને એનાથી તે સુખી થાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? '**सो मूढो अण्णाणी**' આહા..હા..! મૂઢ છે અને અજ્ઞાની છે. એ પહેલાં પણ આવ્યુંને? ૨૫૦. જુઓ,

जो मण्णदि जीवेमि य जीविज्जामि य परेहिं सत्तेहिं।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२५०।।

'**जो मण्णदि जीवेमि**' 'પર જીવોને હું જિવાડું છું...' '**जीविज्जामि**' 'હું પર જીવોને જિવાડું છું' '**मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो**' મૂઢ અજ્ઞાની છે પરને હું જીવાડી શકું અને પરથી હું જીવું છું. મારી શેઠિયાએ મદદ કરી તો હું જીવ્યો. મૂઢ છે. શું આયુષ્ય તને આપી શકે છે કે જેથી તું જીવ્યો? શું બીજાને આયુષ્ય આપ્યું કે તેં એને જીવાડ્યો? આહા..હા..! કાલે કહ્યું નહોતું એ? શેઠનું નહોતું કહ્યું? બે અબજ ને ચાલીસ કરોડ. ગોવા. શાંતિલાલ ખુશાલ. સમજ્યાને? એના બનેવી હતા. એને કહ્યું કે હવે તમારે પૈસા ઘણા છે. હવે શું કરવા કામ કરો છો? તો કહે, અમારા માટે અમે કરીએ છીએ? હજારો માણસોને આજીવિકા મળે છે માટે કરીએ છીએ. એય કૈલાસચંદજી! એવી મૂર્ખાઈ કરે છે. સમજાણું કાંઈ? એના દીકરાનો દીકરો છે અહીં. બે દીકરી બ્રહ્મચારી છે અહીં. એની બહેન છે અબજપતિની. બહેનની દીકરી છે આમાં. આપણે ૬૪ છેને બાળબ્રહ્મચારી. એમાં બે દીકરીઓ છે. એના બહેનની દીકરી છે. એક છોકરો આવે છે. આજે તો નિશાળે ગયો હશે. આહા..હા..! કહે, આ મારા માટે કરું છું? હજારો માણસ (નભે છે આમાં). પરને પોષી શકે છે આત્મા? મૂઢ છે. પરને આજીવિકા મળે એ માટે અમે આ બધા વેપાર ને ધંધા કરીએ છીએ. મીલવાળા-જિનવાળા એમ માને. મૂઢ છે અજ્ઞાની પાખંડી. શું કરે એ? આચાર્ય તો એમ કહે છે. મીઠાશ છે, કરુણા છે. ભાઈ! પરચીજનું તું કરી શકતો નથી અને તું માને છો તો, પ્રભુ! તારી મૂઢતા છે. ભગવાન! તને મૂઢતાનું બિરૂદ મળે છે. ચાર ગતિમાં...

**શ્રોતા** :— જ્ઞાનીઓની દૃષ્ટિમાં મૂઢને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— જ્ઞાનીની જ વાત છેને. અજ્ઞાની તો પાગલ ગમે તેને સારા માને. પાગલમાં પાગલ હુશિયાર હોય એને બહુ માને. આ પાગલ છેને શું કહેવાય? હોસ્પિટલ. એમાં બહુ ગાંડો પાગલ હોય એને બહુ હુશિયાર માને બધા પાગલો. એય..! આહા..હા..!

અહીં તો આચાર્યે જુઓ, બંધ અધિકારમાં એમ કહ્યું. અધ્યવસાયમાં પણ એમ કહ્યું. આહા..હા..! ઓહો..હો..! એક-એક ગાથા. એક-એક ગાથામાં તો જડ ને ચૈતન્ય ને રાગ ને આત્મા ભિન્ન કરીને બતાવ્યો. ભગવાન! તારી ચીજ તો પરનું કરી શકે ત્રણકાળમાં નહિ. આહા..હા..!

**શ્રોતા** :— અમારે સમજી લેવુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— સમજે બધા. કોની વાત છે આ? આહા..હા..!

આ મોક્ષમાર્ગ પ્રકાશક છેને. ચોથો અધ્યાય છેને ચોથો. ૮૦થી શરૂ છે. '**એક તો પોતે આત્મા તથા અનંત પુદ્‌ગલપરમાણુમય શરીર એ બંનેના એક પિંડબંધાનરૂપ છે.**' એ પર્યાય હોય. '**તેમાં આ જીવને 'આ હું છું'—એવી અહંબુદ્ધિ થાય છે.**' શરીર

હું છું, આ જડ છે એ હું છું. મોક્ષમાર્ગપ્રકાશક છે? છે? ક્યાંથી આવ્યું? અહીં તો બધા રાખીએ છીએ. છે? જુઓ આગળ હવે. '**વળી જીવ અને શરીરને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તેથી જે ક્રિયા થાય છે તેને પોતાની માને છે;...**' આ શરીરની ક્રિયા થાય એ મારાથી થાય છે. હું આમ હાથ ચલાવું છું, શરીર ચલાવું છું, પગ ચલાવું છું. આહા..હા..! '**પોતાનો સ્વભાવ દર્શન-જ્ઞાન છે, તેની પ્રવૃત્તિને નિમિત્તમાત્ર શરીરનાં અંગરૂપ સ્પર્શનાદિક દ્રવ્ય ઇંદ્રિયો છે. હવે આ જીવ તે સર્વને એકરૂપ માની એમ માને છે કે, ''હાથ વગેરેથી મેં સ્પર્શ્યું,...''** હાથ દ્વારા મેં સ્પર્શ વડે સ્પર્શ્યું. મૂઢ છે. હાથ તારો ક્યાં છે? એ તો જડ છે. છે? '**જીભ વડે મેં સ્વાદ લીધો,...**' છે? આ જીભ વડે મેં ચાખ્યું. મૂઢ છે. જીભ તો જડ છે. આહા..હા..! '**નાસિકા વડે મેં સૂંઘ્યું, નેત્ર વડે મેં દીઠું, કાન વડે મેં સાંભળ્યું, મનોવર્ગણા રૂપ આઠ પાંખડીવાળા ફૂલ્યા કમળના આકારે હૃદયસ્થાનમાં શરીરના અંગરૂપ દ્રવ્યમન છે જે દૃષ્ટિગમ્ય નથી, તેનું નિમિત્ત થતાં સ્મરણાદિરૂપ જ્ઞાનની પ્રવૃત્તિ થાય છે. એ દ્રવ્યમન તથા જ્ઞાનને એકરૂપ માની એમ માને છે કે ''મેં મન વડે જાણ્યું.'''** આહા..હા..!

'**વળી પોતાને જ્યારે બોલવાની ઇચ્છા થાય ત્યારે પોતાના પ્રદેશોને જેમ બોલવાનું બને તેમ હલાવે છે ત્યારે એકક્ષેત્રાવગાહ સંબંધથી શરીરનું અંગ પણ હાલે છે. તેના નિમિત્તથી ભાષાવર્ગણારૂપ પુદ્ગલો વચનરૂપ પરિણમે છે, એ બધાને એકરૂપ માની આ એમ માને કે, ''હું બોલું છું.'** હું બોલું છું. મારા શરીરની ગમનાદિકની ક્રિયા મારાથી થાય છે—મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહા..હા..! કહો, હસમુખભાઈ! આ મોક્ષમાર્ગ વાંચ્યું છે કે નહિ? વાંચવાનો વખત ક્યાંથી મળ્યો હોય? વાંચ્યું છે? થોડું ઘણું વાંચ્યું હશે ઉપરટપકે. અમારે શેઠે પણ વાંચ્યું નહિ હોય. થોડું ઘણું વાંચે. નવરા ક્યાં છે દુનિયાની હોળી આડે. આહા..હા..! આખો પેરેગ્રાફ એ છે હોં! આહા..હા..!

'**હું ગમનાદિ કાર્ય કરું છું, વા હું વસ્તુનું ગ્રહણ કરું છું અથવા મેં કર્યું.**' આહા..હા..! રાગ થતાં, ક્રોધ થતાં આંખમાં લાલપ થઈ જાય. તો એ મેં લાલપ કરી. ક્રોધ એણે કર્યો. ક્રોધથી આંખ લાલ થઈ જાય છેને? એ તો જડની ક્રિયા છે. ક્રોધથી નથી થઈ. ઝીણી વાત છે, ભાઈ! આ જડ પરમાણુ ભિન્ન-ભિન્ન છે. આહા..હા..! સમજ્યા? '**હાસ્યાદિક થતાં પ્રફુલ્લિત વદનાદિક થઈ જાય...**' હાસ્ય કરેને ત્યારે મોઢુ આમ થઈ જાય. એ જાણે મેં કર્યું મોઢું. આ તો જડ છે. જડને મેં હલાવ્યું. છે? આહા..હા..!

'**અને પુરુષવેદાદિ થતાં લિંગકાઠિણ્યાદિ થઈ જાય.**' વિષય વખતે ઇન્દ્રિય કઠણ થાય એ આત્મા કરે છે એમ માને અજ્ઞાની. ઝીણી વાત ભગવાન! એ તો રાગ કરે છે અજ્ઞાની. ઇન્દ્રિયનું કઠણ થવું એ તો જડની પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બધું છે એમાં હોં! '**હવે એ સર્વને એકરૂપ માની આ એમ માને છે કે, ''એ બધા કાર્ય**

હું કરું છું.''' આહા..હા..! '**શરીરમાં શીત-ઉષ્ણ, ક્ષુધા-તૃષા અને રોગાદિ અવસ્થાઓ થાય છે તેના નિમિત્તથી મોહભાવવડે પોતે સુખ-દુઃખ માને છે. એ બધાને એકરૂપ જાણી શીતાદિક વા સુખ-દુઃખ પોતાને જ થયાં એમ માને છે.**' આહા..હા..! મોટી લાંબી વાત છે. ચોથો અધિકાર છે.

અહીંયાં એમ કહે છે કે ઘડાની પર્યાય માટીથી થઈ છે એમાં કુંભાર શું કરે? અજ્ઞાની તો કહે, કુંભાર વિના ઘડો થતો જ નથી. અહીં કહે કે માટી વિના ઘડો થાય નહિ, કુંભાર વિના થાય છે. આહા..હા..!

**શ્રોતા :—** જગતથી ન્યારી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દુનિયા ગાંડી એનાથી નિરાળો માર્ગ છે. પાગલથી પાગલનો માર્ગ ભિન્ન છે. આહા..હા..! છે?

**શ્રોતા :—** આપ બહુ દૂર બિરાજો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કામ કરવું... ગામમાં આવે તો બે વાત રહે. જો ગામમાં આવે તો વેપાર પણ થાય અને સંભળાય, બે કામ થાય; અને અહીં એકલું સાંભળવાનું મળે, વેપાર થાય નહિ એટલે ત્યાં આવો એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં કહે છે કે '(**કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર...**' એટલે એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં જાય નહિ, 'ગુણાંતર...' એક પર્યાય બીજા દ્રવ્યમાં પેસે નહિ '**સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે; દ્રવ્યાંતરરૂપે (અર્થાત્ અન્યદ્રવ્યરૂપે) સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી,...**' પોત બીજા દ્રવ્યની પર્યાય કેમ કરે? આત્માની પરિણતિથી અંદરમાં સંક્રમણ તો થતું નથી. પોતાની સત્તાને છોડીને પરમાં સત્તા તો પેસતી નથી, તો પરને કેવી રીતે પરિણમાવે? આહા..હા..! ભારે આવો માર્ગ, બાપા! લોકોને આવું... એટલે પછી આ તત્ત્વની વાત પડી રહી સમ્યગ્દર્શનની. વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, મંદિરો બનાવો. થઈ ગયો જાવ ધર્મ. ધૂળેય નથી. કોણ બનાવે? સાંભળ તો ખરો. એય..!

**શ્રોતા :—** આકરું લાગે એટલે એવું જ કરેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માર્ગ આ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ તો આ છે. દુનિયા માનો, ન માનો એથી શું છે? દુનિયા તો એકાંત પણ કહે. સમજાણું કાંઈ? કહે છે બધા કે એકાંત છે. કેમકે વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય એમ તો કહેતા નથી. ખબર છેને અમને. સમજાણું કાંઈ? અહીં કહે છે કે એકાંત જ છે. વ્યવહાર કરતાં-કરતાં આત્માનો નિશ્ચય થાય એમ ત્રણકાળમાં બનતું નથી. પંચમહાવ્રત ને ક્રિયાકાંડ ને અપવાસ મહિના-મહિનાના કરીને મરી જાને. એ તો રાગની ક્રિયા છે. એનાથી આત્માનું સમ્યગ્દર્શન થાય છે? સમજાણું કાંઈ? એ નિમિત્ત કહેવામાં આવે છે. 'કરે...' છ ઢાળામાં આવે છે.

ખબર છેને. નિમિત્ત કહેવામાં આવે છે જો સ્વનો આશ્રય કરે તો. 'હેતુ નિયત કો હોઈ...' હેતુ એટલે નિમિત્ત. અંદર કરી શકે નહિ.

'**પોતાના દ્રવ્ય અને ગુણ—બન્નેને તે ઘડારૂપી કર્મમાં નહિ નાખતો એવો તે કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી;...**' કુંભાર ઘડાનો કર્તા ત્રણકાળમાં અમને તો પ્રતિભાસતો નથી એમ કહે છે. દુનિયાથી ઊંધું છે. છે? આચાર્ય કહે છે. અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય, અનંત સંતો, અનંત કેવળીઓ એમ કહે છે. ઘડો બને છે એમાં કુંભાર પોતાના દ્રવ્યને નાખતો નથી, પોતાની પર્યાયને ભેળવતો નથી, તો પરનો કર્તા ક્યાંથી થાય? અમે તો ના પાડીએ છીએ. '**પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી;...**' અમને તો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેવી રીતે...**' એ તો દૃષ્ટાંત થયું. હવે સિદ્ધાંત તો એ સિદ્ધ કરવો છે મૂળ ગાથામાં. કે જો આત્મા રાગ-દ્વેષના પરિણામ કરે છે અજ્ઞાની, ત્યારે જે કર્મ બંધાય એ આત્મા બાંધે છે એ વાત જૂઠી છે. સિદ્ધાંત તો એ સિદ્ધ કરવો છે. આ તો દૃષ્ટાંત આપ્યો. જેમ ઘડાની પર્યાય કુંભાર કરી શકતો નથી, એમ અજ્ઞાની પોતાની પર્યાયમાં પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામ કરો અજ્ઞાનથી, પણ એનાથી આત્માને કર્મબંધન થાય છે એમ છે નહિ, કર્મબંધન જડની પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે જુઓ.

'**પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ...**' જેમ ઓલા '**માટીમય ઘડારૂપી કર્મ...**' એમ '**પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ...**' જડ બંધાય છે આઠ કર્મ. '**કે જે પુદ્ગલદ્રવ્યમાં અને પુદ્ગલના ગુણમાં નિજ રસથી જ વર્તે છે...**' એ તો કર્મબંધનની પર્યાય પુદ્ગલ દ્રવ્ય અને પુદ્ગલની પર્યાયમાં વર્તે છે. '**નિજરસથી જ વર્તે છે...**' પોતાની શક્તિથી વર્તે છે. '**તેમાં આત્મા પોતાના દ્રવ્યને કે પોતાના ગુણને ખરેખર નાખતો-મૂકતો-ભેળવતો નથી...**' આહા..હા..! અંદરમાં આઠ કર્મ બંધાય એ આત્મા આઠ કર્મને બાંધી શકતો નથી, એ જડની અવસ્થા છે. સમજાણું કાંઈ? અરે..! આ વાત સાંભળવા ન મળે બિચારાને. અને મળે તો એકાંત છે રે એકાંત છે. ઠીક બાપા, ભાઈ! સરવાળો આવશે આકરો તને. ખરે ખબરું થાશે બાપા! સરવાળો આવશે ત્યારે મિથ્યાત્વનો મહાદુઃખરૂપ. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** સરવાળો એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સરવાળો નથી સમજતા? ૨ + ૫ = ૭, ૭ + ૫ = ૧૨ એમ સરવાળો આવેને છેલ્લો. પરિણામ—જોડ છેલ્લો. આહા..હા..! એ ભાષા થોડી ભાઈ તમારી હિન્દી..

'**પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ...**' પહેલાં શું કહ્યું હતું? '**માટીમય ઘડારૂપી કર્મ...**' એમ કહ્યું હતું. '**માટીમય ઘડારૂપી કર્મ...**' કર્મ એટલે કાર્ય. એમ અહીંયાં '**પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ...**' આહા..હા..! અજ્ઞાની પોતાના વિકારનો કર્તા થાય, પણ કર્મબંધનનો

કર્તા અજ્ઞાની ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! અજીવની પર્યાય કર્મની અજીવથી થાય છે. જીવે રાગ કર્યો તો કર્મની પર્યાય થઈ એમ નથી. આહા..હા..! એ સમયે પુદ્ગલમય, એમ છેને? '**જ્ઞાનાવરણાદિ કર્મ...**' કર્મ એટલે કાર્ય અહીંયાં જડનું. એ પુદ્ગલદ્રવ્ય જડમાં અને જડની પર્યાયમાં નિજરસથી જ વર્તે છે '**તેમાં આત્મા પોતાના દ્રવ્યને...**' પોતાની ચીજ બંધમાં નાખતો નથી અને પોતાની પર્યાય નાખતો નથી. '**ખરેખર નાખતો-મૂકતો-ભેળવતો નથી કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર...**' પોતાનું દ્રવ્ય બીજા દ્રવ્યમાં જાય, પોતાની પર્યાય બીજી પર્યાયમાં સંક્રમણ થવું અશક્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! અજ્ઞાની જે વિકારભાવ કરે છે એટલા પ્રમાણમાં સામે કર્મ બંધાય, છતાં એ કર્મબંધની પર્યાય આત્મા ન કરી શકે. કેમકે પ્રકૃતિ જડ છે, પરમાણુ છે. આહા..હા..!

**શ્રોતા :—** આત્મા કર્મ બાંધે અને કર્મ છોડે એ બધું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કર્મ બાંધે અને છોડે એમ છે જ નહિ. એ તો વિકાર કરે અને વિકાર છોડે એમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો નિમિત્તનું કથન છે. 'નમો અરિહંતાણં' કર્મરૂપી વેરીને જેણે હણ્યા. એ તો નિમિત્તનું કથન છે. કર્મ તો જડ છે. વિકારનો ભાવ હણ્યો એનું નામ અરિહંત કહેવામાં આવે છે. કર્મ તો એને કારણે જડની પર્યાય તો એને કારણે નાશ થાય છે. ઝીણી વાત, બાપુ! 'જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન' કોઈનું શું કરે? જડનું શું ચૈતન્ય કરે? અને ચૈતન્યની પર્યાયને શું જડ કરે? જ્યાં હજી બેની ભિન્નતાની જ ખબર નથી એને પુણ્ય-પાપના ભાવ પુણ્યથી આત્મા ભિન્ન છે એવી દૃષ્ટિ કેમ થાય? આહા..હા..! અને એવી દૃષ્ટિ વિના સમ્યગ્દર્શન નહિ થાય અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર-ફારિત્ર જ્ઞાન સાચું થતું નથી. બધા એકડા વિનાના મીંડા છે. શું કહે છે? બિંદી. એક વિના બિંદી (શૂન્ય) છે.

'**પોતાના ગુણને ખરેખર નાખતો-મૂકતો-ભેળવતો નથી કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવું અશક્ય છે; દ્રવ્યાંતરરૂપે સંક્રમણ પામ્યા વિના...**' પરની પર્યાયમાં આત્માની પર્યાય પેઠા વિના '**અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, પોતાના દ્રવ્ય અને ગુણ-બન્નેને તે જ્ઞાનાવરણાદિ કર્મમાં નહિ નાખતો એવો તે આત્મા પરમાર્થે તેનો કર્તા કેમ હોઈ શકે?**' આહા..હા..! જ્યાં રાગ કર્યો, વિકાર કર્યો એ જ સમયે કર્મબંધન થયું તો એ કર્મબંધનની પર્યાય આત્મા કેમ કરી શકે? એમ કહે છે. આહા..હા..! એની પર્યાયમાં રાગ કરે. અજ્ઞાનથી રાગ કરે, પુણ્ય કરે, મારું પુણ્ય છે, મારો રાગ છે, તો કરો અજ્ઞાનભાવે, પણ એનાથી—તારા રાગથી કર્મબંધન થાય છે એમ છે નહિ. '**(કદી ન હોઈ શકે.) માટે ખરેખર આત્મા પુદ્ગલકર્મોનો અકર્તા ઠર્યો.**' ઓહો..હો..! જડની પર્યાયનો આત્મા અજ્ઞાની પણ કર્તા છે નહિ એવું અકર્તા સિદ્ધ થયું. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૧૪, મંગળવાર, તા. ૦૭-૯-૧૯૭૬, ગાથા-૧૦૫, પ્રવચન નં. ૧૭૮

સમયસાર, ૧૦૫ ગાથા. ચાર પૂરી થઈ. પાંચ છે.

जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं।
जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण।।१०५।।

જીવ હેતુભૂત થતાં અરે! પરિણામ દેખી બંધનું,
ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.

આ ગાથા અલૌકિક વાત છે ભાઈ! ભગવાન! આહા..હા..!

'**ટીકા :—આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં...**' આહા..હા..! શું કહે છે? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે. એ આત્મા નવા કર્મમાં નિમિત્ત નથી થતો અર્થાત્ શુદ્ધ ચૈતન્યઘન ભગવાન આત્મા બંધના નિમિત્તરૂપે વિકારનો કર્તા નથી. ઝીણી વાત, બાપુ! આહા..હા..! '**આ લોકમાં ખરેખર આત્મા...**' પોતાનો સ્વભાવ જે જ્ઞાતા-દ્રષ્ટા આનંદકંદ પ્રભુ એનાથી '**પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં...**' નવા કર્મમાં સ્વભાવદૃષ્ટિથી તો નવા કર્મમાં નિમિત્તપણું પણ આત્માને થતું નથી. આહા..હા..! ભારે વાતું, બાપુ! રાગ, પુણ્ય-પાપના ભાવ એનાથી ભગવાનનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન ભિન્ન છે. એવી જેની દૃષ્ટિ થઈ એ પણ નવા કર્મમાં નિમિત્તભૂત નથી. આહા..હા..! શું કહે છે? ભગવાન! લોકોને એ વ્યવહાર છેને વ્યવહાર. વ્યવહારથી નિશ્ચય હોય તો એ વ્યવહાર માન્યો કહેવાય એમ કહે છે.

**શ્રોતા :—** નિશ્ચય તો વ્યવહારને નિષેધે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વ્યવહાર તો બંધનું કારણ છે. પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ શુદ્ધાત્માનો અનુભવ દૃષ્ટિ સમ્યક્ થઈ, તો એમાં તો રાગનો નિષેધ આવે છે; છતાં રાગ જ્ઞાનીને પણ પૂર્ણ વીતરાગદશા પ્રગટ ન થાય તો અશુભથી બચવા શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના આવે છે, પણ એ તો બંધમાં નિમિત્ત છે એમ કહે છે. અહીં તો સ્વભાવદૃષ્ટિવંત તો બંધમાં નિમિત્ત પણ નથી એમ કહે છે. આહા..હા..! ઝીણી વાત, ભગવાન! ચૈતન્ય જ્ઞાતા શુદ્ધ પ્રભુ, એ તો વ્યવહારરત્નત્રયના વિકલ્પથી તો ભિન્ન છે. એ ભિન્ન વસ્તુ નવા કર્મમાં નિમિત્ત થાય એવો વિકાર એમાં છે જ નહિ. આહા..હા..!

અને જ્ઞાની પણ જ્યારે જીવસ્વભાવની દૃષ્ટિ થઈ, વ્યવહાર જેટલો પંચમહાવ્રત આદિ પરિણામ એ બંધનું કારણ છે, આસ્રવ છે એનાથી ભિન્ન થઈને... આહા..હા..! પોતાના જ્ઞાતા-

દૃષ્ટા જ્ઞાયકભાવનું ભાન થયું, તો જેમ જીવસ્વભાવ નવા કર્મમાં નિમિત્ત નથી, એમ સમ્યગ્દૃષ્ટિ પણ નવા કર્મમાં નિમિત્ત નથી. ઝીણી વાત છે, ભાઈ! અત્યારે તો વ્યવહારને એટલો બધો કલ્પ્યો છે માનેલો વ્યવહાર, એનાથી નિશ્ચય થશે, વ્યવહાર એ કારણ છે એ બધી શ્રદ્ધા મિથ્યાત્વ છે. જ્ઞાનીને સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાનનું ભાન થયું કે હું તો જ્ઞાતા-દૃષ્ટા છું, એવા ભાવવાનને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય તો એને વચ્ચે રાગની મંદતાનો દયા-દાનનો ભાવ આવ્યા વિના રહે નહિ, પણ એ તો બંધમાં એ પરિણામ નિમિત્ત છે. અહીં તો જ્ઞાનીનું બંધમાં નિમિત્ત થવું એનો નિષેધ કરે છે. આહા..હા..! એને રાગ થતો જ નથી એમ કહે છે. આહા..હા..! જ્ઞાનીને રાગ થયો એનું જ્ઞાન કરે છે. ઝીણી વાત, બાપુ! અત્યારે તો ભારે મુશ્કેલ પડી ગઈ છે. લોકોને એમ કે અરે..! આ કાનજીસ્વામી નિશ્ચયની વાત કરે છે અને વ્યવહારની વાત કરતાં નથી. એમ કહે છે. અરે ભગવાન! સાંભળ તો ખરો. એ તો અમને ખબર નથી? ખબર તો છેને બધી. સમજાણું કાંઈ?

અહીંયાં તો રાગ પુણ્યાદિનો ભાવ થાય છે, પણ એને કારણે સમ્યગ્દર્શન નિશ્ચય દ્રવ્યનો આશ્રય થતો નથી. કહો, આહા..હા..! એ કારણે અહીં તો એટલે નિષેધ કર્યો છે કે '**આ લોકમાં ખરેખર આત્મા...**' એટલે વસ્તુસ્વભાવ જ્ઞાતા-દૃષ્ટાસ્વભાવ જેનો એ નવા કર્મમાં નિમિત્તભૂત નહિ હોવાથી. એ નવા કર્મમાં નિમિત્ત વસ્તુનો સ્વભાવ હોતો નથી. અરે..! આ વાત! એમ દ્રવ્યસ્વભાવ ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા એને કર્મબંધનમાં નિમિત્ત થવું એ ભાવ એને છે જ નહિ. આહા..હા..! એમ સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટાનો અનુભવ થયો, રાગના વિકલ્પથી ભિન્ન પ્રભુ ચૈતન્યચમત્કાર પ્રભુ છે એનો અનુભવ થયો તો અનુભવી જીવને પણ નવા કર્મમાં નિમિત્ત થવું એ પરિણામ એને છે જ નહિ. આહા..હા..! શેઠ! જરી ઝીણી વાત છે. છેલ્લો દિવસ છે આજે. ચૌદશ છે દસલક્ષણી પર્વમાં. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે વસ્તુ જે આત્મા છે એ તો શુદ્ધસ્વરૂપી આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! એ આનંદકંદ જેનો સ્વભાવ છે એને નવું બંધન તો કર્મથી થાય છે, પણ બંધનમાં નિમિત્ત થવું એ એના પરિણામ જ્ઞાનીના છે નહિ. આહા..હા..! ફરીથી સમજવું થોડું, ભાઈ! અનંતકાળથી શલ્ય રહી ગયું છે કે વ્યવહાર કરશું અને પંચમહાવ્રત પાળશું, પાળતા-પાળતા સમકિત થશે. એ તદ્દન મિથ્યાશલ્ય છે. સમજાણું કાંઈ? એ કહે છે કે ખરેખર ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા આનંદનો નાથ પ્રભુ, એમાં નવા કર્મ બંધાય છે એનું નિમિત્ત વિકાર તો જ્ઞાની અથવા આત્માને થતો જ નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! શું કરે? અત્યારે તો એટલો ગોટો ઉઠ્યો છે. ઘણા એમ કહે છે હવે કાંઈક સમન્વય કરો. થોડું અમે ઢીલું મૂકીએ અને થોડું તમે ઢીલું મૂકો. એય કૈલાસચંદજી!

વાણિયા હોય છેને વાણિયા. વાણિયાએ કણબીને પાંચ હજાર આપ્યા હતા. પાંચ હજાર આપ્યા હતા. ખેડૂત પાસે તો માંડ બે હજારની મૂડી હતી. એની પાસે બીજી ચીજ નહોતી.

એની પાસે ગયો અને કહે કે મારા પાંચ હજાર લાવો. વાણિયો સમજતો હતો કે એની પાસે દેવા માટે પાંચ હજાર રૂપિયા છે નહિ. પાંચ હજાર આપો. અમે તો પાંચ હજાર લઈશું. ઓલો કહે કે એક હજાર સિવાય અમારી પાસે વધારે છે નહિ, ખેડુત કહે. કરતાં-કરતાં વાણિયો કહે, ચાર હજાર આપો. ઓલો કહે ભાઈ, અમારી પાસે એટલા નથી. બારસો લ્યો. પછી એમ કરતાં-કરતાં ત્રણ હજાર લાવો. ત્યારે ઓલો કહે પંદર સો લ્યો. કરતાં-કરતાં સમાધાન થયું કે બે હજાર લ્યો. શું કરે છે આ કરે છેને, ભાઈ? જપ્તી નથી કરતાં? સરકાર તરફથી જપ્તી મકાન-બકાન, .. ચીજ હોય એ બધી વેચે. તો એની કિંમત બે હજારની માંડ હતી ખેડૂત પાસે. એ સમજ્યા કે ભાઈ, પહેલાથી હજાર કરતાં-કરતાં બે હજારે આવ્યો અને ઓલો પાંચ હજાર કરતાં-કરતાં બે હજારે આવ્યો. એવી ચીજ છે આ? સમજાણું કાંઈ? એમ કે આત્મા વ્યવહારથી નથી થતું એવું થોડું મંદ કરો કે વ્યવહાર કરતા કરતા ક્યારેક કોઈને થાય છે. તો અમે પણ થોડું કહીએ કે નિશ્ચય થાય ત્યારે વ્યવહારને કારણ કહેવામાં આવે છે. એય.. દશરથલાલજી!

ભગવાન! અહીં તો એમ કહે છે, ભાઈ! આ કાંઈ વાણિયાવડ નથી કે પાંચ હજારમાંથી બે હજાર કરી દીધા અને ઓલા હજારમાંથી બે હજાર કર્યા. એ કહેતા, નહિ? પુનમચંદ નથી ઘાસીલાલ? મુંબઈમાં છેને પુનમચંદ ઘાસીલાલ. એનું મંદિર છેને. એના ભાઈએ તો દીક્ષા લીધી છે. એ આવ્યા હતા અમારી પાસે. દીક્ષા લેતા પહેલાં આવ્યા હતા. દીક્ષા લીધી. કાંઈ ખબર નહિ. પછી પુનમચંદ કહેતા હતા. અમારે હિંમતભાઈ લાવ્યા હતા. હિંમતભાઈ છેને જોબાળિયા? અમારે ચંદુભાઈના કાકા. એ લાવ્યા હતા કે સ્વામીજી થોડું પોચુ મૂકે અને અમે થોડું ઢીલું મૂકીએ એમ કરીને આપણે એક થઈ જઈએ. એ વ્યવહારથી નથી થતું એમ કહે છે અને નિમિત્તથી પરમાં થતું નથી. થોડું-થોડું કથંચિત્ થાય એમ કહો. અરે.. ભગવાન! એ તો વાત આવી હતીને કે ઘડાનું કાર્ય માટીથી થાય છે. કેમકે માટી પોતાના દ્રવ્યમાં અને પોતાની પર્યાયમાં વર્તે છે. એ કુંભારનું દ્રવ્ય અને કુંભારની પર્યાય એમાં ભળતી નથી. તો કુંભારથી ઘડો થાય એમ ત્રણકાળમાં નથી. એમ કહો કે વ્યવહારથી થાય અને નિશ્ચયથી નહિ.

**શ્રોતા :—** બેય વાત કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ છે નહિ કથંચિત્. પોતાથી છે, માટીથી ઘડો થયો, કુંભારથી નહિ એનું નામ કથંચિત્ અનેકાંત છે. આહા..હા..! એમ ભગવાન આત્મા ત્રિલોકનાથ પ્રભુ એને સમ્યગ્દર્શન થવામાં વ્યવહારની અપેક્ષા છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? નિયમસાર બીજી ગાથામાં. પરમાત્મપ્રકાશમાં પણ એ આવ્યું છે. બધે ઠેકાણે એ આવે છે પણ લોકોને.. કામના હોતી જ નથી વ્યવહારધર્મની. આવ્યું હતુંને સવારમાં. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એનો વિનય એ બધો વ્યવહાર છે, પુણ્ય છે. આહા..હા..! ધર્મીને--સમ્યગ્દૃષ્ટિને પોતાની શુદ્ધ ચૈતન્યની ભાવના આગળ એ ધર્મરૂપી પુણ્યની વાંછા હોતી નથી.

હોય છે, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એ ભાવ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! પણ એની ભાવના નથી કે આવે તો ઠીક છે. સમજાણું કાંઈ? મુનિને પણ છઠ્ઠે ગુણસ્થાને આનંદકંદમાં ઝુલનારા એને પણ ભગવાનની ભક્તિ, સ્મરણ, પંચમહાવ્રતના વિકલ્પ આવે, પણ એ બંધનું કારણ છે. જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી દૃષ્ટિ તો સ્વભાવ ઉપર છે અને શુદ્ધ ચૈતન્યની પરિણતિ અવસ્થા પણ છે, પણ પૂર્ણ નથી માટે શુભરાગ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! અશુભથી બચવા અથવા અસ્થાનથી-કુસ્થાનથી બચવા માટે શુભભાવ આવે, પણ છે એ બંધનું કારણ. શ્રદ્ધામાં એવું બંધનું કારણ ન માને અને શ્રદ્ધામાં મોક્ષના કારણમાં મદદ માને, મિથ્યાશ્રદ્ધા છે એમ અજ્ઞાની છે. આહા..હા..! આ વાત મોટી ગંભીર જગતને! આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો એટલું ગંભીર લીધું છે પહેલાં. પાઠમાં તો એમ છે કે જીવ નવા બંધમાં નિમિત્તભૂત થાય છે. પાઠ તો એવો છે. હવે પાઠમાંથી બીજું કાઢ્યું કે ખરેખર આ જગતની અંદર આ આત્મા પ્રભુ **'આત્મા સ્વભાવથી...'** પોતાનો સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા છે એનાથી **'પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત...'** એ પુદ્‌ગલ કર્મબંધમાં એ નિમિત્ત એ આત્મસ્વભાવ છે જ નહિ. સમજાણું કાંઈ? આવી વાત. એક લીટીમાં કેટલું ભર્યું છે, લ્યો! આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો પરમાત્માની વાણી છે. આહા..! આત્મકથા છે, પ્રભુ! શું કહે છે?

**'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી...'** આત્માનો જે સ્વભાવ છે જ્ઞાતા-દૃષ્ટા એનાથી **'પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ,...'** નવા કર્મમાં નિમિત્તભૂત આત્મા સ્વભાવદૃષ્ટિથી તો છે જ નહિ. સમજાણું કાંઈ? સ્વભાવથી જો નિમિત્તભૂત હોય તો સદાય ત્રિકાળ એને વિકાર કરવો જ પડે અને બંધમાં નિમિત્તપણું એની હાજરી રહેવી જોઈએ. શું કહે છે આવી વાત? એ કરતા તો ઓલી દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવો એ ધર્મ. થઈ રહ્યું જાવ. ધૂળેય નથી સાંભળને. આવે, શુભભાવ જ્ઞાનીને પણ આવે, પણ એને બંધનું કારણ જાણે છે. અહીં તો એ વાત પણ લીધી નથી.

અહીં તો નવું બંધન જ્ઞાનીને થતું જ નથી એમ કહે છે. કેમકે જ્ઞાનીની દૃષ્ટિ આત્મા આનંદ ઉપર છે. સ્વભાવ ઉપર છે તો એને સ્વભાવની જ પરિણતિ ઉત્પન્ન થાય છે. વ્યવહારની પરિણતિ થાય છે એને ગૌણ કરીને એનું એ કાર્ય નથી તો નવા બંધનમાં નિમિત્ત પણ નથી. આહા..હા..! આવી વ્યાખ્યા હવે આવી ઝીણી. આ મોટો દિવસ અને.. એમ કહે અપવાસ કરો, રસ છોડો, બ્રહ્મચર્ય પાળો, હરિકાય ન ખાવ. એ તો અશુભના પરિણામના ત્યાગની અપેક્ષાએ વાત છે, એ ધર્મ નથી. આહા..હા..! હસમુખભાઈ! આહા..હા..! અરેરે..! જીવન ચાલ્યા જાય છે. ત્રસની સ્થિતિ ભગવાન તો એમ કહે છે કે આ ત્રસમાં રહે છે આત્મા એ બે હજાર સાગર રહે. બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય, નારકી, મનુષ્ય, દેવમાં બે હજાર સાગર. જો એમાં આત્મજ્ઞાન ન કર્યું, સમ્યગ્દર્શન કર્યું તો એ ત્રસની

સ્થિતિ પૂરી થઈને નિગોદમાં ચાલ્યો જશે. આહા..હા..! એવો અવસર મળ્યો ભગવાન તને. સમજાણું કાંઈ? આ ત્રસ સમજ્યાને? બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય. એમાં બે હજાર સાગર રહે, તો એ આત્મા જે જ્ઞાનાનંદસ્વભાવ શુદ્ધ ચૈતન્ય વિકારથી રહિત, વ્યવહારથી રહિત, બંધથી રહિત, અરે..! બંધના નિમિત્તપણાથી પણ ભગવાન રહિત. આહા..હા..! એ કહ્યુંને?

**'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત...'** નવા કર્મ તો કર્મથી બંધાય છે, પણ એમાં નિમિત્તભૂત આત્મા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્ત નહિ હોં! ઉપાદાન તો કર્મથી બંધાય છે. આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ શુદ્ધાત્મા ચૈતન્યરત્નાકર જેમાં ચૈતન્યનો રત્ન આકર દરિયો ભર્યો છે, એવો ભગવાન ચૈતન્યચમત્કારી રત્નાકર પ્રભુ, એનો સ્વભાવ તો જ્ઞાતા-દૃષ્ટા અને આનંદ છે. એ દ્રવ્યસ્વભાવ નવા કર્મમાં નિમિત્ત કેમ થાય? નવા કર્મમાં નિમિત્ત તો જે વિકાર છે એ નિમિત્ત થાય છે, તો જ્ઞાની અથવા આત્મા તો વિકારરહિત છે. આહા..હા..! એ દયા, દાન, પંચમહાવ્રતના વિકલ્પથી ભગવાન આત્મા તો રહિત છે. એવો આત્મા નવા કર્મમાં નિમિત્ત પણ નથી. નવું કર્મ બાંધતા તો નથી, કેમકે નવા કર્મ રજકણ છે એ એને કારણે બંધાય છે, પણ એમાં નિમિત્તભૂત પણ આત્મસ્વભાવથી નિમિત્ત પણ નથી. આહા..હા..! શેઠ! બધું સાંભળ્યું નથી આ બધું. એમને એમ વખત ગાળ્યા બધા. બહાર પૈસા થયા, ધૂળ થઈ ને આ થઈ. આ વખતે વળી રોકાણા અને હિન્દી થયા તો ઠીક થયું. નહિતર પર્યુષણમાં હિન્દી નથી કરતાં, ગુજરાતી કરીએ છીએ. આહા..હા..! અરે ભગવાન!

**શ્રોતા :–** હિન્દીભાષી ઘણા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગુજરાતીમાં આવે એવું હિન્દીમાં ન આવે. ગુજરાતી ભાષા સહજ છેને, તો એમાં ઊંડાણથી વિચારપૂર્વક વાત આવે છે. આમાં તો થોડું હિન્દી ભાષામાં રોકાવું પડે. પણ હવે ચાલે છે. કામ ચાલે. આહા..હા..! એક લીટીમાં તો ઘણા ગંભીર ભાવ ભર્યા છે. ૧૦૫ ગાથા. ભગવાન આત્મા ચિદાનંદસ્વરૂપ જેને કહીએ, એ આત્મા તો પુણ્ય-પાપના વ્યવહારના વિકલ્પથી રહિત છે કેમકે આત્મા સ્વભાવથી... એમ લીધુંને? એનો સ્વભાવ છે એ તો જ્ઞાતા-દૃષ્ટા અને આનંદસ્વભાવ છે. નવા કર્મ તો એને કારણે બંધાય છે રજકણથી, પણ એમાં સ્વભાવથી આત્મા નિમિત્ત પણ નથી થતો. કેમકે એને વિકાર થતો જ નથી. હિંમતભાઈ! આવી વાત આકરી પડે માણસને. આહા..હા..!

ભાઈ! તારી ચીજ શું છે અંદર? આહા..હા..! એ તો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય સુખનો સાગર છે. એ અતીન્દ્રિય સુખનો સાગર આત્મા, એમાં વિકાર નથી તો પછી નવા કર્મમાં નિમિત્ત થવું એમાં છે ક્યાં? આહા..હા..! છે? એ એક લીટીમાં ઘણું ભર્યું છે. આહા..હા..! ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! આહા..હા..! એ આત્મા તો શરીર, કર્મ પરથી તો ભિન્ન છે, પણ એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા

એનાથી પણ રહિત છે એને અહીં આત્મા કહે છે અને આનંદ અને જ્ઞાનસ્વભાવસહિત છે એને આત્મા કહે છે. આહા..હા..! એવો ભગવાન આત્મા પોતાના ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી નવા બંધનમાં નિમિત્ત થવું એ આત્મામાં છે નહિ. આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિને જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થયું. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હોય પણ એ હું નથી કેમકે આસ્રવ છે, એ મારી ચીજ નથી, મારામાં નથી. આહા..હા..! એમ સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથે ગુણસ્થાને પોતાના સ્વભાવ—સ્વરૂપની દૃષ્ટિ થવાથી એને વિકારના ભાવનો અભાવ હોવાથી સમ્યગ્દૃષ્ટિને પણ, જેમ ખરેખર આત્મસ્વભાવ નવા બંધમાં નિમિત્ત નથી, એમ સમ્યગ્દૃષ્ટિ પણ નવા બંધમાં નિમિત્ત નથી અર્થાત્ એને બંધ થતો નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? સુરેશભાઈ! આહા..હા..! ગજબ છે.

નિર્મળ હોય એ બંધમાં નિમિત્ત કેમ થાય? બંધનું નિમિત્ત તો વિકાર છે, વસ્તુમાં વિકાર છે નહિ. જેનાથી કર્મ બંધાય એવો ભાવ તો આત્મામાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! ચોર્યાસીના અવતારમાં દુઃખી થઈને રઝળે છે, ભાઈ! એ સાધુ પણ અનંતવાર થયો દિગંબર મુનિ. પંચમહાવ્રત અત્યારે નથી, એવી તો ક્રિયા કરી નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે. એવા ભાવ તો અત્યારે છે જ નહિ. એવો શુભભાવ, શુક્લલેશ્યા. શુક્લધ્યાન નહિ હોં! શુક્લધ્યાન બીજી ચીજ, શુક્લલેશ્યા બીજી ચીજ. શુક્લધ્યાન તો આઠમે ગુણસ્થાને સમકિતીને હોય છે અને શુક્લલેશ્યા તો અભવિને પણ હોય છે. નવમી ગ્રૈવેયકે અનંતવાર (ગયો) આ ચૌદ રાજૂલોક શરીર.. આખું શરીર આમ હોયને એવો ચૌદ રાજૂલોક છે. ગ્રીવા છેને ગ્રીવા ત્યાં. ગ્રૈવેયક એટલે ગ્રીવા. ગ્રીવાના સ્થાનમાં નવ પાંસડા છે. એમાં એક-એકમાં આત્મા અનંતવાર ગયો છે અને તે કોણ જઈ શકે નવમી ગ્રૈવેયકે અથવા નવમી ગ્રીવાએ? દિગંબર મુનિ હોય, અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા પાળતો હોય અને એટલી શુભ એની શુક્લલેશ્યા હોય કે દેહ છૂટીને નવમી ગ્રૈવેયકે ચાલ્યો જાય. પણ છે મિથ્યાદૃષ્ટિ. આહા..હા..! એ શુભભાવથી પોતે ધર્મ માને છે અને શુભભાવ પોતાનો છે એમ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુભવિકલ્પ રાગ છે અને આત્મા નિર્મળ વીતરાગ છે, તો નિર્મળ વીતરાગસ્વભાવમાં રાગની એકતા માને છે. ભલે નવમી ગ્રૈવેયકની ક્રિયા હોય પણ જન્મ-મરણ મટાડવાની ક્રિયા એની પાસે નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**ખરેખર...**' યથાર્થમાં '**આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને...**' પ્રકૃતિને કારણે જે નવું બંધન થાય છે એમાં '**નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ,...**' ભગવાન આત્મા તો કર્મબંધનમાં નિમિત્ત પણ નથી. આહા..હા..! દ્રવ્યસ્વભાવ જો નિમિત્ત હોય તો સદાય નિમિત્તપણે રહેવું પડે, નિત્ય રહેવું પડે એ ૧૦૦મી ગાથામાં આવી ગયું છે. સમજાણું કાંઈ? આત્મા પરનો કર્તા તો નથી પણ પરને દ્રવ્યસ્વભાવ જો નિમિત્ત હોય તો શાશ્વત આત્માને જ્યાં-જ્યાં કર્મ—કાર્ય થાય છે કસાઈખાના આદિ, તો એમાં નિમિત્તપણે એની હાજરી

રહેવી જોઈએ. આહા..હા..! કદી એનું લક્ષ ત્યાંથી છોડીને સ્વભાવમાં આવી શકે નહિ. આહા..હા..! આવી વાત શું છે! '**અનાદિ અજ્ઞાનને લીધે...**' હવે આત્મા દ્રવ્યસ્વભાવે એવી ચીજ છે કે વિકારનું પરિણમન એમાં છે જ નહિ. વિકાર નથી તો નવા બંધનમાં નિમિત્ત પણ નથી. આહા..હા..! સમજાય છે? વિષય સૂક્ષ્મ છે. આહા..હા..! એવો સ્વભાવ હોવા છતાં પણ જેનું સ્વરૂપ અને સ્વભાવ નવા બંધનમાં નિમિત્ત ન હોવા છતાં પણ '**અનાદિ અજ્ઞાનને લીધે...**' પણ પોતાનું સ્વરૂપ ચૈતન્ય શુદ્ધનું જ્ઞાન નથી, ભાન નથી. હું તો રાગનો કર્તા છું, પુણ્યનો કર્તા છું, દયા-દાનનો કર્તા છું એવા અજ્ઞાનથી. અનાદિ અજ્ઞાનથી. એ અજ્ઞાન અનાદિનું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ સમયસારની એક-એક ગાથામાં ઘણી ગંભીરતા છે. સમયસાર તો જગતચક્ષુ છે અત્યારે. આહા..હા..! ભગવાનની સાક્ષાત્ દિવ્યધ્વનિ એમાંથી આવેલું આ સમયસાર છે. ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર, ઈચ્છા વિના ધ્વનિ નીકળે છે. ભગવાનને ઈચ્છા હોતી નથી. ધ્વનિ નીકળે છે. ૐ ધ્વનિ નીકળે છે. હોઠ બંધ, કંઠ હલે નહિ. આહા..હા..! ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. આહા..હા..! એવી દિવ્યધ્વનિ કુંદકુંદાચાર્ય સાંભળવા ગયા, આઠ દિવસ રહ્યા. સાંભળવાનો પણ વિકલ્પ હતો, પણ અંદરમાં વિકલ્પનું લક્ષ નહોતું, અંદર આનંદનું લક્ષ હતું. આહા..હા..! સમજાણું કાંઈ? આવે, વિકલ્પ આવે, સાંભળવાનો આવે, કહેવાનો આવે એ બધા વિકલ્પ છે. ઉપદેશ કરવાનો વિકલ્પ પણ શુભરાગ છે. સમજાણું કાંઈ? પણ રાગનો આત્મા કર્તા નથી. પ્રભુ તો શુદ્ધ ચૈતન્ય છે. રાગનો આત્મા તો જ્ઞાતા છે. એ જ્ઞેયનો જ્ઞાતા છે. રાગ એ જ્ઞેય છે, પરજ્ઞેય છે. આહા..હા..! એનો ભગવાન આત્મા જ્ઞાતા છે. દૃષ્ટનો એ દૃષ્ટા છે. રાગાદિ પરવસ્તુ દેખવાલાયક છે એને આત્મા દેખનાર છે. આહા..હા..!

એવો આત્મા પોતાના સ્વભાવથી બંધમાં નિમિત્ત જ નથી. આહા..હા..! '**અનાદિ અજ્ઞાનને લીધે...**' પોતાની શુદ્ધ ચૈતન્યધાતુ ભગવાન એનું ભાન નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ મારા છે, મને લાભ થશે એવા અજ્ઞાનને લીધે. સમજાણું કાંઈ? '**પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા...**' શું કહે છે? પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મ જે બંધાય છે એ તો પ્રકૃતિ કર્મથી બંધાય છે એમાં '**નિમિત્તરૂપ થતા એવા...**' અજ્ઞાનીનો વિકારભાવ નવા બંધનમાં નિમિત્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાંચન જોઈએ બાપુ, આ તો. ઘરના ચોપડા કેટલા ફેરવે છે સવાર-સાંજ? આ લખવાના ચોપડા હોય છેને એને ફેરવે છે સાંજ-સવાર. આની પાસે માંગેને આની પાસે.. અરે પ્રભુ! એ તો થોથા છે. આ શાસ્ત્ર શું કહે છે એનું વાંચન જોઈએને. સ્વાધ્યાય જોઈએ. હંમેશા બે કલાક સ્વાધ્યાય જોઈએ, શાસ્ત્રનું વાંચન મનન કરવું જોઈએ તો એને વાતનો ખુલાસો મળે કે આ શું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ વાત એક કોર પણ.. એમ કે સ્વાધ્યાય કરવાવાળા ઊંધા પડે.. એ આપણે અહીં ન લેવું. અમે તો દીક્ષા લીધા પછી આઠ-આઠ

કલાકનો સ્વાધ્યાય કરતાં હતા. શાસ્ત્રનો આઠ-આઠ કલાક હોં! એક ૭૬નું ચોમાસું ૭૬નું. કેટલા વર્ષ થયા? ૨૪ ને ૩૨, ૫૬. ૫૬ વર્ષ પહેલાં એક ચોમાસામાં. ૭૬નું ચોમાસુ. પાંચ મહિના થતા. ચાર મહિનામાં આવેને. અધિક આવ્યું. એ ચોમાસામાં અધિક આવ્યું. પાંચ મહિનામાં ૪૫ સૂત્ર આખા શ્વેતાંબરનું ટીકાસહિત પાંચ મહિનામાં જોયું. ૫૬ વર્ષ પહેલાં. અને દરરોજ વ્યાખ્યાન આપવું પડે. અમારે માથે હતું. વ્યાખ્યાન બીજા કોઈ ન કરે. શ્વેતાંબરના એક ભગવતી સૂત્રમાં ૧૬ હજાર શ્લોક છે. ૧૬ હજાર અને સવા લાખની સંસ્કૃત ટીકા છે. એ બધી ટીકા અને ૪૫ સૂત્ર પાંચ મહિનામાં વાંચી નાખ્યા, પણ વસ્તુ કાંઈ નહિ. સમજાણું કાંઈ? અને જ્યારે સમયસાર હાથ આવ્યું ૭૮માં. મેં તો સંપ્રદાયમાં શેઠને કહ્યું, શેઠ! આ અશરીરી થવાની ચીજ છે. આહા..હા..! ભગવાન! આ તો શરીરરહિત થવાની ચીજ છે. શ્વેતાંબરમાં એવી ચીજ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? લોકોને ડર તો લાગ્યો કે આ છોડી દેશે. આ સંપ્રદાયમાં નહિ રહે. આહા..હા..!

દિલ્હીના એક આવ્યા હતા ૮૮ની સાલમાં. ઝવેરી હતા સ્થાનકવાસી. નામ કહ્યું હતું. ગોકળચંદ. ગોકળચંદ ઝવેરી દિલ્હીના સ્થાનકવાસી. એ ૮૮ની સાલમાં અમને વિનંતી કરવા આવ્યા, સ્થાનકવાની કોન્ફરન્સ ભરાણી હતી ત્યાં ક્યાંક. અજમેર, અજમેરમાં. બધા શેઠિયા આવ્યા. મોટા-મોટા બધા ગોકળચંદજી, બીજા હતા ભૂલી ગયા. ઘણા વર્ષ થઈ ગયા. હા, જ્વાલાપ્રસાદ. આ ૩૨ સૂત્ર બનાવ્યું એ, જ્વાલાપ્રસાદ છેને. એના દિકરા છે અત્યારે તો. જ્વાલાપ્રસાદ છે. આ ૩૨ સૂત્ર બનાવ્યાને એણે સ્થાનકવાસીના. એણે બનાવ્યા. પૈસા આપ્યા હતા. એ બધા આવ્યા વિનંતી કરવા. મેં કીધું, ભાઈ! હું નહિ આવી શકું. હું આવી ચીજમાં... પણ વ્યાખ્યાન સાંભળીને ગોકુળચંદજીને એમ લાગ્યું.. ખાનગીમાં કહે, આ મહારાજ આ સંપ્રદાયમાં નહિ રહે એવું લાગે છે. વ્યાખ્યાન કરે છે એ કોઈ જુદી ચીજ છે. સમજાણું કાંઈ?

શ્વેતાંબરમાં એક કથા છે જ્ઞાતાસૂત્રમાં. એક દિવાન હતા-તેતલીપ્રધાન. એક સોનારણ સાથે લગ્ન કર્યા એણે. સોનારણ સમજ્યા? આ સોની-સોની. એવો પાઠ છે. એની વૃદ્ધ અવસ્થા હતી. મોટી ઉંમર હતી અને સોનારણની નાની ઉંમર હતી. એની સાથે લગ્ન કર્યા. પછી એ બાઈને દીક્ષા લેવાનો ભાવ થયો. એમાં એવો પાઠ છે. તેતલીપ્રધાન કહે છે કે.. એની ઉંમર મોટી છે, એની નાની છે. પણ કહે છે કે જો તું દીક્ષિત થઈને સ્વર્ગમાં જઈશ તો મારું સંબોધન કરવા સ્વર્ગમાંથી આવવું પડશે. સમજાણું કાંઈ? એ વખતે બીજા ઢબથી વાત કરતા હતા. મેં કીધું જુઓ, પોતાની ઉંમર મોટી છે, કન્યાની નાની ઉંમર છે. તેતલીપ્રધાનની અને સોનારણની. દીક્ષા થવામાં એ ક્યાં ખબર પડી કે હું પહેલાં મરી જઈશ કે એ મરશે? એને એવી ખબર અંદરમાં અવ્યક્તપણે આવી ગઈ કે આ બાઈ થકી હું ધર્મ સમજીશ એમ લાગે છે. દીક્ષા માગી. એણે કહ્યું તેતલીપ્રધાને. આપ દીક્ષિત થઈને સ્વર્ગમાં જશો ત્યાંથી

મને સંબોધન કરવા આવજો. હું ઘૂસી ગયો છું. એ વખતે જરી એ વિચાર આવ્યો તો જરી ઝીણું બતાવ્યું. કહ્યું, જુઓ ભાઈ! જેને હજી જ્ઞાન નથી અવધિ, મનઃપર્યય છતાં તેતલીપ્રધાનને એવો ખ્યાલ આવ્યો કે આ બાઈ સ્વર્ગમાં જશે. મારા મૃત્યુ પહેલાં એનું મૃત્યુ થશે અને એ સ્વર્ગમાં જશે એમ મને લાગે છે. એ સ્વર્ગમાં જશે મુનિ થઈને અને પછી મને સંબોધન કરવા આવશે ત્યારે હું ધર્મ પામીશ. ત્યાં એ ગોકળચંદજી કહે, આવી વાત અમે જ્ઞાતાસૂત્ર સાંભળ્યું સાધુ પાસે, એવી વાત સાંભળી નહોતી. ત્યારે એણે બીજાને કહ્યું કે ભાઈ.. વીરજીભાઈ હતા. આ મહારાજ આપણા સંપ્રદાયમાં રહેશે નહિ. આ છોડી દેશે. ૮૮ની વાત છે. ૮૮. ૯૧માં અહીં આવ્યા. ૯૧માં ત્રણ વર્ષ પછી. આ ૪૨નું ચોમાસુ છે.

એ તો અંદરમાંથી એવી વાત આવી કે આ બાઈની પાસે એનો આત્મા છે, મને એમ લાગે છે કે હું દિવાનપણામાં ઘૂસી ગયો છું. પછી સંબોધન કરવા આવશે. સ્વર્ગમાં જઈને પછી આવ્યા તેતલીપ્રધાનને સંબોધન કર્યું. અરે પ્રધાન! છોડ. તારી ચીજ કોઈ જુદી છે. આ રાજ ને પાટ તારી ચીજ નથી. એને સંબોધન કર્યું તો જ્ઞાન થયું એને સ્ત્રીના નિમિત્તથી. કીધું, આ શું લાગે છે? જેને છદ્મસ્થપણું છે, વૃદ્ધ છે, બાઈની ઉંમર નાની છે, તો એમ કહે છે કે તું સ્વર્ગમાં જઈને પછી મને સંબોધન કરશે. તો પહેલાં એ મરશે એવી ખાત્રી કેમ થઈ? સમજાણું કાંઈ? એવો ભાવ આવે છે, કીધું. અંદર એ ચીજ છે. તારે જ મને સમજાવવા આવવું પડશે. તો હું તને દીક્ષા લેવાની રજા આપું. પછી આવી સંબોધન કરવા તેતલીપ્રધાનને. સમજાણું કાંઈ?

એવો નિર્ણય કર અત્યારે કે હું દીક્ષિત થઈને સ્વર્ગમાં જઈશ અને પછી મારી પાસે આવવું પડશે તમારે, તો દીક્ષા લેવાની રજા આપું. એવું આવે છે એમાં. જ્ઞાતાસૂત્ર છેને. એમાં એ આવે છે. એ વ્યાખ્યાન ચાલતું હતું. ઘણા માણસો. આખો સંઘ આવ્યો હતો વિનંતી કરવા. ગોકળચંદજી, જ્વાલાપ્રસાદ બીજા હતા કો'ક. નામેચા મોટા કો'ક. ભૂલી ગયા ઘણા વર્ષ થઈ ગયાને. ૧૨ ને ૩૨ કેટલા વર્ષ થઈ ગયા. હું તો ભાઈ ક્યાંય જતો નથી. સિદ્ધાંત પ્રમાણે તમે કરો તો અમને માન્ય છે. હવે સિદ્ધાંત કોને કહેવો એ તો અમને માન્ય છેને, કીધું. બાકી અમે તો એમાં આવી શકીએ નહિ. અમારી લાઈન જુદી છે. સમાજમાં અજમેરના કોન્ફરન્સમાં નહિ આવી શકીએ. તો કોઈકે કલ્પના કરી કે આ તો કાંઈક જુદું જ લાગે છે. કરો કલ્પના. અમે તો છોડશું જ. એ તમને અત્યારે શું કહીએ? આત્મા ભગવાન આનંદનો નાથ પ્રભુ... આહા..હા..!

**શ્રોતા :—** આપને તે દિ' નિષેધ થઈ ગયો હતો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** થઈ ગયો હતો.

અહીં કહે છે કે ઓહો..હો..! અહીંયાં આત્મા ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એમાં તો વિકાર

વ્યવહાર ઉદયભાવ પુણ્ય, દયા, દાનનો છે નહિ. એવી ચીજ નવા કર્મમાં નિમિત્ત થાય એ ચીજ છે જ નહિ. એવો સમ્યગ્દષ્ટિ જીવ, ધર્મીજીવ ચોથે ગુણસ્થાને પોતાનો શુદ્ધ આત્મા વ્યવહારના વિકલ્પથી ભિન્ન અનુભવ થયો એ સમકિતીને પણ નવા બંધમાં નિમિત્ત થાય એવો વિકાર હોતો નથી, એમ કહે છે અહીં તો. આહા..હા..! જુઓ, ઓલો વિકાર તો થાય છેને, પણ એને ગણવામાં આવ્યો નથી. આહા..હા..!

નવો બંધ એમાં નિમિત્ત કોણ છે? નવો બંધ પડે છે તો ઉપાદાનથી એમાં. એમાં નિમિત્ત કોણ? કે '**અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...**' એ અજ્ઞાની રાગ અને દ્વેષ ને પુણ્ય-પાપમાં પરિણમતો હોવાથી. છે? '**નિમિત્તભૂત થતાં,...**' આહા..હા..! અજ્ઞાની રાગ અને પુણ્ય અને દયા, દાન વિકલ્પમાં પરિણમતો હોવાથી.. આહા..હા..! પોતાનું શુદ્ધ સ્વરૂપ છે એનું પરિણમન તો શુદ્ધ થાય છે, પણ અજ્ઞાનીને શુદ્ધ ચૈતન્યનું ભાન નથી તો એ પુણ્ય-પાપના પરિણમનમાં રાગનું પરિણમન કરે છે. અજ્ઞાનીનો રાગનો ભાવ નવા બંધનમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! નવો બંધ આત્મા કરતો નથી, એ તો પુદ્‌ગલની પર્યાય છે. પણ એમાં અજ્ઞાનીનું અજ્ઞાનરૂપ પરિણમન નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! આત્મા દ્રવ્ય નહિ, એમ દ્રવ્યદષ્ટિવંત નહિ. ઝીણી વાત છે, ભગવાન! જૈનમાર્ગ બાપા! ઘણો ગંભીર. લોકોએ તો બહાર સાધારણ કરી નાખ્યો છે. એક વ્રત પાળે તો ધર્મ થઈ ગયો, બ્રહ્મચર્ય પાળ્યું તો ધર્મ થઈ ગયો. આહા..હા..!

'**પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...** ' આહા..હા..! જ્યાં આનંદનો ઉલ્લાસ થયો.. આહા..હા..! બાહ્યની ચીજનું આકર્ષણ અંદર મટી ગયું. સમકિતીને અંતરસ્વરૂપનું આકર્ષણ થયું. આહા..હા..! બહારની કોઈ ચીજમાં એને ચમત્કાર દેખાતો નથી. ચાહે તો ઈન્દ્રાણી હોય અને ઈન્દ્રને, આપણો આહાર હોય એ એને નથી. એને તો કંઠમાંથી અમૃત ઝરે છે. એને વિષયની વાસના જે છે એ ઝેર દેખાય છે. આહા..હા..! સમકિતી ચોથે ગુણસ્થાને હોં! આહા..હા..! પોતાના આનંદસ્વરૂપનું ભાન થયું. હું તો આનંદ છું, હું તો અતીન્દ્રિય આનંદનો કંદ છું. જેમ શક્કરકંદ કહ્યું હતુંને? શક્કરકંદ. એ છાલ વિનાનું. છાલ છે એ વ્યવહાર છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ છાલ છે. એનાથી રહિત ભગવાન આનંદકંદ છે. એવી દષ્ટિ જેને થઈ એ પણ નવા કર્મમાં નિમિત્ત નથી. નવું કર્મ એને બંધાતું જ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહો, બહુ ગંભીર ટીકા છે. આવી ટીકા હિન્દુસ્તાનમાં અત્યારે ક્યાંય બીજે છે નહિ. શ્વેતાંબરમાં તો છે જ નહિ, પણ દિગંબરમાં આ ટીકા એવી બીજા શાસ્ત્રમાં નથી. એવી ટીકા! આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય અમૃતનું ઝરણું ઝરે છે. આહા..હા..! એમણે કહ્યું, ૯૬ ગાથામાં આવી ગયું આપણે, કે આ મૃતક કલેવર શરીર છે. મૃતકકલેવર આ છે. અત્યારે હોં. ૯૬ ગાથામાં આવી ગયું છે. મૃતકલેવરમાં અમૃતનો સાગર મૂર્છિત થયેલો છે અનાદિથી.

આહા..હા..! મૃતકકલેવરમાં અમૃતનો સાગર પ્રભુ! એ ૯૬ ગાથામાં આવી ગયું છે. જોવું છે? આધાર લ્યો આધાર. છેલ્લી લીટી એ બાજુ છે. ૧૬૨ પાનું છે હિન્દી. '**કેવળ બોધ (-જ્ઞાન) ઢંકાયેલ હોવાથી અને મૃતક કલેવર** (-શરીર) વડે...' છે પદમચંદજી? શું છે? વાંચો. ક્યાં આવ્યું? વાંચો તો ખરો ચોપડા. હા, 'મૂર્છિત થયો હોવાથી...' એ મહાસિદ્ધાંત છે.

'**મતૃક કલેવર (-શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...**' ભગવાન અમૃતરૂપ આનંદઘન વિજ્ઞાનઘન '**મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો...**' શુભ અને અશુભભાવનો '**કર્તા પ્રતિભાસે છે.**' અજ્ઞાની. આહા..હા..! ત્રણલોકનો નાથ અમૃતનો સાગર છલોછલ ભર્યો છે અમૃત. એ પોતાને ભૂલીને મૃતક કલેવરમાં મૂર્છિત થઈને પોતાનો માને છે અને એ રાગનો કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ ટીકા. છે? '**તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**' છે છેલ્લે? છેલ્લા શબ્દો છે. આવ્યું કે નહિ? ક્યાં હતા અત્યાર સુધી? આહા..હા..! ભગવાન આત્મા તો અમૃતસ્વરૂપ છે, અતીન્દ્રિય સુખનું સ્વરૂપ છે. એવો અમૃતસ્વરૂપ ભગવાન માંસ ને હાડકા ને ચામડા એવું મૃતક કલેવર. અત્યારે હોં અત્યારે મૃતક. જીવ નીકળ્યા પછી મૃતક એમ નહિ. અત્યારે મૃતક કલેવર છે. મૃતક કલેવરમાં અમૃતસાગર પ્રભુ મૂર્છાઈ ગયો છે. એ હું છું એમ થઈ ગયું એને. આહા..હા..! એની ક્રિયા બધી હું કરું છું. એવા અજ્ઞાનને લીધે એ વિકારનો કર્તા થાય છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે જ્ઞાની... અહીંયાં આપણે. '**અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...**' આહા..હા..! રાગભાવ એ અજ્ઞાનભાવ છે, એ ચૈતન્યભાવ નથી. જ્ઞાયક ચૈતન્યભાવ અમૃતસાગરનો એ ભાવ નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગ એ અજ્ઞાનભાવ છે. આહા..હા..! કેમકે રાગમાં જ્ઞાન નથી, રાગ પોતાને જાણતો નથી, રાગ જ્ઞાનને જાણતો નથી. રાગ બીજાથી જણાય છે. એ કારણે રાગને અચેતન અને અજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આજે આવ્યું છે એમાં જૈન સંદેશમાં એમ કે... કો'ક છે. ધૂલિયા ધૂલિયા છેને? એના કો'ક કનૈયાલાલ છે. કહે છે, ભાઈ! કાનજીસ્વામી થોડું પોચુ મૂકે. આપણે સમન્વય કરવો છે. મુંઝાણા છે. કારણ કે ગામોગામ માણસ થઈ ગયા છે અહીંના થોડા. ગામોગામ આખા હિન્દુસ્તાનમાં થઈ ગયા છે. એટલે એ કહે છે એની સામે વિરોધ કરનારા થઈ ગયા છે કે નહિ, એ માર્ગ એમ નથી. બે ફાંટા કરતાં હવે બે એક થઈ જાય એમ કરો. પણ કેમ કરે પ્રભુ? આહા..હા..!

નેતર-નેતર હોય છેને. નેતર સમજો છો? નેતરની સોટી. એની છાલ કાઢે અને છાલ કાઢીને સુતરના દોરા સાથે વણે. વણાશે? નહિ રહી શકે. એમાં નહીં વીંટાય. સુતરનો દોરો અને એ છાલ કઠણ એમાં કેમ રહી શકે? એમ અજ્ઞાન અને જ્ઞાનમાં મેળ કદી થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માનો, ન માનો, ગમે તે માનો, પ્રભુ! સત્ય છે એ તારે માનવું

પડશે. એ સત્ય માન્યા વિના તારો છૂટકારો છે નહિ. ભગવાન તારા હિતનો માર્ગ છે, પ્રભુ! શુભ રાગથી લાભ થાય એ તો અહિતનો માર્ગ છે, અજ્ઞાન છે, નુકસાન છે મોટું. આહા..હા..! શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે, પ્રભુ! કે વ્રત ને તપ ને અપવાસના જે શુભભાવ છે એની રચના કરે તો એને નપુંસક કહે છે. આહા..હા..! વીર્ય અધિકારમાં છે ૪૭ શક્તિમાં. વીર્ય તો એને કહીએ કે શુભાશુભભાવથી રહિત પોતાની શુદ્ધ પરિણતિની રચના કરે, વીતરાગી પરિણતિની રચના કરે એને અમે વીર્ય કહીએ છીએ. શુભની રચના કરે એને અમે નપુંસક કહીએ છીએ. નપુંસકને કદી પુત્ર થતો નથી એમ શુભભાવના પરિણામમાં આત્માની નવી પર્યાય કદી થતી નથી. આહા..હા..! આવી ભાષા! મોટો નપુંસક છે. નપુંસકને પુત્ર નથી હોતો. વીર્ય ન હોય એને. હીજડો. સમજાણું કાંઈ? આહા..હા..!

જામનગરમાં એવું થયું હતું. પહેલાં નપુંસકના શું કહેવાય? શું કહેવાય ભાઈ? ત્યાં હીજડાના સ્થાન હતા. મઠ. મઠ-મઠ હતું. હીજડાના મઠ હતા. ભૂલી જઈએ તમારી ભાષા. એ રામજીભાઈ રહે છે એ પાવૈયાનું મકાન હતું. રામજીભાઈ જ્યાં રહેતા એ પાવૈયાની શેરી હતી. ગોંડલમાં ગોંડલ. પાવૈયા—હીજડાની શેરી. અમારા ગામમાં પણ પાવૈયા હતા. આ જામનગરના રાજા હતા.

**શ્રોતા :—** એનું નામ હવે આર્ય શેરી કર્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, એ પછી કરેને હવે તો. નહિતર પાવૈયાની શેરી.

એ હીજડા હતા. હજારો હીજડા—પાવૈયા. લશ્કરી માણસને તો પૈસા વધારે દેવા પડે. ૧૦૦-૧૦૦. તે વખતે ૧૦૦-૧૦૦. તો ઓલા હીજડા ગયા રાજા પાસે. સાહેબ! અમને થોડા પૈસા આપો અમે બરાબર લશ્કરનું કામ કરીશું. વિભા કહે ભાઈ! હીજડા તમારું કામ નહિ. રાખો તો ખરા. થોડો પગાર અમે લઈશું. એને ૧૦૦ આપો તો અમે ૨૫માં રહીશું. એ રાખ્યા ભાઈ લશ્કરમાં. એવો પહેલાં રિવાજ હતો કે સાંજે મોટુ ગામ હોયને એની ગાયું હોયને ગાયું. ગાયું બહાર જતી હોય એ સાંજે ગામમાં આવે. ગાયું ગામમાં આવે. રાજા લડાઈ કરવા આવે તો એ ગાયને પાછી વાળે તો સમજવું કે લડાઈ કરવા આવ્યા. ગાયનું ધણ ગામમાં આવતું હોય તો એને પાછું વાળે રાજા. જે લડાઈ કરવા આવે એ. વિભાને ખબર પડી કે ગાયનું ધણ પાછળ છે. બોલાવો લશ્કર માણસને. હીજડા આવ્યા. જાવ ત્યાં. ગયા ભાઈ. એ મોટા શરીર. વીર્ય પડે નહિ એને. વીર્ય ન હોય. આમ મોટા ઘોડા જેવા. ઓલા દેખીને.. રાજા દેખીને... આહા..હા..! ભારે લશ્કર. ભાગો ભાઈ! ભાગ્યા. પણ એક નદી હતી એ નદીમાં ઉતરતા હતા પાવૈયા-હીજડા તો કાંઈક એની ભાષા બોલ્યા. .. એવી કાંઈક ભાષા બોલ્યા. ઓલા સમજ્યા આ તો પાવૈયા-હીજડા છે. પાછા હટ્યા અને ગામમાં ચાલ્યા ગયા હીજડા. વિભા તારા ખીચડા ખાઈએ અને ગીતડા ગાઈએ. કહ્યું નહોતું તમને પહેલું? લશ્કરમાં તમારું કામ નહિ હીજડાઓ. એય..!

એમ અહીંયાં કહે છે કે પુણ્ય કરનારા હીજડાઓ આત્માના ધર્મના કામના નહિ એ. સમયસારમાં છે, હોં! બે વખત છે. પુણ્ય-પાપ અધિકારમાં છે અને એક ૩૯-૪૦ ગાથામાં છે. નપુંસક. ક્લીવ. સંસ્કૃતમાં ક્લીવ શબ્દ છે. ક્લીવ-પાવૈયા-હીજડા. બે ઠેકાણે આવ્યું છે. આહા..હા..! આનંદના નાથને ભૂલીને, ચૂકીને પુણ્ય પરિણામમાં રોકાઈ જાય અને રચના કરે એ નવા બંધનમાં એના પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. જ્ઞાની તો શુદ્ધ પરિણમનની રચના કરે છે. આહા..હા..! રાગ આવે એને ગૌણ કરીને શુદ્ધ પરિણમનની રચના છે. નવું કર્મ બંધાતું નથી માટે એમાં નિમિત્ત થતું નથી. આહા..હા..!

'પોદ્‌ગલિક કર્મ ઉત્પન્ન થાય છે,... ' દેખો. '**અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં, પૌદ્‌ગલિક કર્મ ઉત્પન્ન થાય છે, તેથી પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું એવો...**' આ પુદ્‌ગલ કર્મ તો એનાથી બંધાય છે, પણ અજ્ઞાનીનો રાગ અને પુણ્ય-પાપ નિમિત્ત થાય છે તો ત્યાં બંધાણું એટલું દેખીને... છે? '**કર્મ આત્માએ કર્યું...**' એ કર્મબંધન આત્માએ કર્યું '**એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી, ભ્રષ્ટ,...**' આહા..હા..! પોતાનું સ્વરૂપ નિર્વિકલ્પ ચૈતન્ય રાગરહિત વિજ્ઞાનઘન. આહા..હા..! વિજ્ઞાનનો ઘન. એવા સ્વભાવથી ભ્રષ્ટ. આહા..હા..! એવો અજ્ઞાની '**વિકલ્પપરાયણ...**' રાગમાં તત્પર. વિકલ્પ નામ રાગમાં તત્પર અજ્ઞાની છે. આત્માના સ્વભાવમાં નહિ. આહા..હા..! રાગમાં તત્પર. વિકલ્પપરાયણ રાગમાં તત્પર. આહા..હા..! '**અજ્ઞાનીઓનો વિકલ્પ છે;...**' કર્મબંધનમાં અજ્ઞાનીનો વિકલ્પ નિમિત્ત છે તો એ અજ્ઞાની માને છે કે હું ઉપચારથી વ્યવહારને કરું છુંને. એ ઉપચાર અજ્ઞાનીને લાગુ પડે છે. સમજાણું કાંઈ? ગાથા બહુ ઊંચી, ભાઈ! આહા..હા..!

'**નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી, ભ્રષ્ટ,...**' મિથ્યાદષ્ટિ, જેને આત્માનું જ્ઞાતા-દ્રષ્ટાનું ભાન નથી અને '**વિકલ્પપરાયણ...**' નામ રાગમાં તત્પર છે એવા '**અજ્ઞાનીઓનો વિકલ્પ છે;...**' નવા કર્મમાં નિમિત્ત કહેવામાં આવે છે અને કર્મ આત્માએ બાંધ્યા એમ ઉપચારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે આવી વાત. બિચારા અજાણ્યા હોય એ શું સાંભળે આમાં? ઓલું તો કહે, ભાઈ! વ્રત કરો, અપવાસ કરો, દયા પાળો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો, રથયાત્રા કાઢો, તો સમજાય ખરું. અરે ભગવાન! એ બધી વાત.. કોણ કરે બાપા? મંદિર કોણ કરે? એ તો જડની અવસ્થા છે. રથયાત્રા કોણ કાઢે? એ તો પરપદાર્થની પરિણતિથી નીકળે છે. આહા..હા..! કાલે નીકળશે. સવારમાં છેને. વ્યાખ્યાન બંધ છે. રથયાત્રા શાસ્ત્રની નીકળશે. હોય, શુભભાવ હોય છે, પણ એ પરની ક્રિયા કરે છે શુભભાવ એમ છે નહિ. રથને ચલાવે છે, ભગવાનની પ્રતિમાને રથમાં બેસાડી શકે છે (એમ નથી). ભગવાન! મારગડા પ્રભુ! એ વીતરાગનો માર્ગ નાથ! બહુ જુદો છે, ભાઈ! દુનિયામાં ક્યાંય છે નહિ. આહા..હા..! અને એ માર્ગ જે સમજે એને ભવ રહે નહિ. આહા..હા..!

એવી ચીજ છે. ભવનો અભાવ થઈ જાય. ભવ રહે નહિ, ભવ રહે નહિ. એકાદ-બે હોય તોપણ એ જ્ઞાતાનું જ્ઞેય થઈ જાય. આહા..હા..! શું કહ્યું?

'**તે વિકલ્પ ઉપચાર જ છે, પરમાર્થ નથી.**' આહા..હા..! નવા કર્મમાં અજ્ઞાનીનો રાગ નિમિત્ત છે, પણ પરમાર્થ છે નહિ. આહા..હા..! ભારે ગાથા, ભાઈ! બહુ સરસ આવી છે ગાથા. સમજાણું કાંઈ? પર્યુષણનો છેલ્લો દિવસ છે.

'**ભાવાર્થ :—કદાચિત્ થતા નિમિત્તનૈમિત્તિકભાવમાં કર્તાકર્મભાવ કહેવો તે ઉપચાર છે.**' કદાચિત્ નામ અજ્ઞાનપણે વિકારનો કર્તા અજ્ઞાની થાય છે ત્યારે બંધનમાં એનો વિકાર નિમિત્ત કહેવામાં આવે છે. ત્યાં કર્તાકર્મભાવ કહેવો તે ઉપચાર વ્યવહાર છે. યથાર્થ પ્રકારે તો કર્તા તો વ્યવહારે છે નહિ, પણ ઓલું નિમિત્ત કર્મ એમાં બંધાય છેને. રાગને કરનાર એટલું નિમિત્ત થયું તો મેં એનું કર્યું એવું ઉપચારથી અજ્ઞાની માને છે. ખરેખર બંધનો કર્તા આત્મા છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૧૫, બુધવાર, તા. ૦૮-૯-૧૯૭૬,**
**ગાથા-૧૦૬-૧૦૭,**
**પ્રવચન નં. ૧૭૯**

૧૦૬ ગાથા. '**હવે, એ ઉપચાર કઈ રીતે છે તે દૃષ્ટાંતથી કહે છે :—**' આ ગાથામાં એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય કરી શકતું નથી એમ સિદ્ધ કરવું છે. માટીમય ઘટ જે કાર્ય છે એ માટીનું કાર્ય છે, કુંભારથી થયું નથી, એ સિદ્ધ કરવું છે. આકરી વાત.

**શ્રોતા :—** આખી દુનિયાથી ઊંધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આખી દુનિયા ઊંધી છે. સમજાણું કાંઈ? એ માટે તો આ ગાથા ચાલે છે.

આત્મા અજ્ઞાનપણે રાગ-દ્વેષ કરે, પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એને ભૂલીને પુણ્ય-પાપનો ભાવ કરે એ સમયે જે કર્મ બંધાય એ પુણ્ય-પાપના ભાવથી બંધન થતું નથી. એ પ્રકૃતિ પરમાણુ પોતાથી બંધાય છે. એમાં પુણ્ય-પાપના પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ૧૦૪ ગાથામાં દૃષ્ટાંત આપ્યુંને. માટીમય ઘટકાર્ય. માટીમય ઘટનું કાર્ય એ કુંભારથી નથી થયું. આહા..હા..! આ ઊંધુ જગતથી. કહો, હસમુખભાઈ! આ તમારા વેપારની ક્રિયામાં આમ આંગળી થાય, આમ દેવું-લેવું શું તમારી લાદી. એય શેઠ! લાદી છેને તમારે. શું કહેવાય? થાણા-થાણામાં લાદીનું છેને. મોટું કારખાનું છે. અમે ઉતર્યા હતા ત્યાં. એ લાદીનો ટૂકડો

આમ જાય એ પર્યાયનો કર્તા આત્મા નથી એમ કહે છે. આહા..હા..!

મજૂરે કર્યું. ત્યાં શેઠ તો કોણ કરે? એ તો હુકમ કરે. હસમુખભાઈ કહે, આમ કરો.. આમ કરો.. લાદીમાં આમ છાંટ નાખો ડિઝાઈન. એ જોયું છેને અમે. રાજકોટમાં મોટું કારખાનું છે. ત્યાં દૂધ પીવા ગયા હતા. બધી ડિઝાઈન બતાવી હતી. અરે ભગવાન! કોણ કરે? અહીં તો એ વાત છે. આહા..હા..! લ્યો, ભગવાનભાઈ! તમારે શું છે? એને પ્લાસ્ટિકનું છે લ્યો. મોટું કારખાનું થાણામાં. આજે આવ્યા. મોટું કારખાનું છે. એ પ્લાસ્ટિકનો એક-એક પરમાણુ પોતાની પર્યાયથી પરિણમે છે, એ પર્યાયને બીજો પરમાણુ કરે કે બીજો આત્મા કરે એમ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..!

અહીંયાં તો હજી પરદ્રવ્યની પર્યાયમાં આત્મા પુણ્ય-પાપ કરે તો નિમિત્ત થાય, પણ એ પુણ્ય-પાપના ભાવથી કર્મબંધની પર્યાય આત્મા કરે એમ છે નહિ, એટલું સિદ્ધ કરવું છે. પછી આત્મામાં જેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ થાય છે એટલા પ્રમાણમાં એને બંધનમાં નિમિત્ત છે, તો જ્ઞાની પણ રાગનો કર્તા થાય તો એ જ્ઞાની નથી. રાગનો કર્તા હોય એ જ્ઞાની-ધર્મી નથી. પરનો કર્તા તો નથી અજ્ઞાની પણ, આહા..હા..! પણ જ્ઞાની આત્મ સમ્યગ્દર્શન, હું ચૈતન્ય પરમાત્મસ્વરૂપ છું, પરમેશ્વરનું સ્વરૂપ જ મારું સ્વરૂપ છે. આહા..હા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો...' સમ્યગ્દૃષ્ટિ ધર્મીની ચોથે ગુણસ્થાને 'હું સિદ્ધ સમાન છું' એવી દૃષ્ટિ અનુભવમાં થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને પણ પંચપરમેષ્ઠીની ભક્તિનો ભાવ આવે, પણ એ રાગ અનર્થનું કારણ છે એમ કહ્યું. પંચાસ્તિકાય ૧૬૮. સમજાણું કાંઈ? અમૃતચંદ્રાચાર્ય. આ ટીકા અમૃતચંદ્રાચાર્યે કરી છે. એ અમૃતચંદ્રાચાર્ય. સમજાણું કાંઈ? આહા..હા..!

આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! એ પંચમહાવ્રતના વિકલ્પો, પાંચ સમિતિ, ગુપ્તિનો વિકલ્પ, નિર્દોષ આહાર લેવાનો વિકલ્પ એ બધો રાગ છે, એ આસ્રવ છે. આહા..હા..! એનો કર્તા આત્મા માનવો એ મિથ્યાત્વ છે અને એ રાગથી ધર્મ થાય છે એમ માનવું એ તો મિથ્યાત્વમાં મિથ્યાત્વ છે. આહા..હા..! ઝીણી વાત ભગવાન! અરે..! જુઓને આ પીપળા-લીંબડા જુઓ. એક-એક પત્તામાં અસંખ્ય જીવ છે, ભાઈ! તને સત્તાની ખબર નથી. એક-એક પાંદડું છેને લીંબડાનું? એક પાંદડું આટલું હોં! એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. ભગવાન ત્રિલોકાનાથે કહ્યું કે એક એક શરીરમાં એક એક જીવ છે. આહા..હા..! એને મારી શકતો નથી, બચાવી શકતો નથી, પણ જ્ઞાનનો વિષય છે કે અનંત જીવો છે એટલું જ્ઞેયના પ્રમાણમાં જ્ઞાન કરે છે. આહા..હા..! એમાંથી જે પ્રમાણજ્ઞાન થયું એમાં થોડો રાગ થયો પરની દયા પાળવાનો એ દુઃખદાયક છે કહે છે. સમજાણું કાંઈ? આ કુંદકુંદાચાર્યે બનાવ્યું છે પંચાસ્તિકાય. એની ટીકા છે અમૃતચંદ્રાચાર્યની. જેમ આમાં છેને એવી. જુઓ, આહા..હા..!

**'આ, રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ છે...'** આહા..હા..! મિથ્યાદૃષ્ટિ વ્યવહારથી મોક્ષ માને છે એ તો મહા અનર્થ છે, પણ સમ્યગ્દૃષ્ટિને આત્માનું ભાન છે કે હું શુદ્ધ ચૈતન્ય

છું, એને પણ પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ આવે છે, પણ એ રાગ લવ-લવ, રાગનો લવ થોડો એ દોષપરંપરાનું નિરૂપણ છે, એનાથી પણ દોષપરંપરા થાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? શુભરાગ હો પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ. ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, બાપુ! આહા..હા..! શું છે? રાગ આવે તો થાય છે, પણ છે રાગ, આવે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એવો ભાવ આવ્યા વિના રહે નહિ. જુઓ,

'**આ લોકમાં...**' '(**અર્થાત્ અલ્પ રાગ જેનું મૂળ છે એવી દોષોની સંતતિનું અહીં કથન** છે).' અલ્પ રાગ પણ દોષની સંતતિ પરંપરા દોષ ઉત્પન્ન કરે છે. ઓલામાં તો વળી નિંદ્ય છે. બાર ભાવના. કુંદકુંદાચાર્યની. અહીં તો ચોખ્ખી આ વાત છે. જુઓ, '**આ લોકમાં...**' આ ગુજરાતી છે. '**ખરેખર અર્હંતાદિ પ્રત્યેની ભક્તિ...**' અર્હંતાદિ એટલે પાંચેય પરમેશ્વર. કૈલાસચંદજી! ભાગ્ય છે સાંભળવા મળ્યું. અમારા બહેન લઈને આવ્યા છે ખરેખર. નહિતર મૂકીને ચાલ્યા જવું.. ચાલ્યા જવું... આ તો વીતરાગનો માર્ગ છેને પ્રભુ! આ કોઈનું કલ્પેલું નથી. '**ખરેખર અર્હંતાદિ...**' ગુજરાતી છે. હિન્દી છે બીજું. '**પ્રત્યેની ભક્તિ પણ રાગપરિણતિ વિના હોતી નથી.**' આહા..હા..! '**રાગાદિપરિણતિ હોતાં, આત્મા બુદ્ધિપ્રસાર વિનાનો..**' હોતો નથી. ચિત્તમાં રાગનો વિસ્તાર હોય છે. આહા..હા..! અને '**બુદ્ધિપ્રસાર હોતાં (-ચિત્તનું ભ્રમણ હોતાં), શુભ વા અશુભ કર્મનો નિરોધ હોતો નથી.**' શુભભાવમાં તો આસ્રવ આવે છે. '**માટે, આ અનર્થસંતતિનું મૂળ...**' આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત વનવાસી. '**અનર્થસંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ જ** છે.' રાગ તો ક્લેશનો વિલાસ છે. આહા..હા..!

હવે રાગ વ્યવહાર કરતાં-કરતાં પરંપરા મુક્તિ થશે એમ ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! એમાં પણ છે અને નીચે છે. જયસેનાચાર્યની ટીકા. '**એમ ઠર્યું કે સમસ્ત અનર્થપરંપરાઓનું રાગાદિવિકલ્પો જ મૂળ છે.**' શુભરાગ પણ અનર્થનું કારણ છે. રાગ છેને, બાપુ! ઝેર છે, વિકાર છે. આહા..હા..! આવે રાગ સમકિતીને પણ. મુનિ, સાચા મુનિ છે એને મહાવ્રતનો વિકલ્પ, ભક્તિનો રાગ આવે, પણ છે તો ઝેર. જુઓ, અનર્થનું મૂળ છે. છે? ૬૯માં એમ લીધું છે. ૧૬૯ હોં. ૬૯ સમજ્યા? ૭૦માં એક ઓછો. ૧૦૦.

'**આ, રાગરૂપ ક્લેશનો નિઃશેષ નાશ કરવાયોગ્ય હોવાનું નિરૂપણ છે.**' અંશ પણ રાગ છે એ નાશ કરવાલાયક છે, રાખવાલાયક છે નહિ. આહા..હા..! અહીં તો હજી પંચમહાવ્રતના પણ ઠેકાણા ન હોય અને પંચમહાવ્રત અમારે સંવર છે અને અપવાસ કરવો એ નિર્જરા છે, એ તપ છે. અરે ભગવાન! પંચમહાવ્રતના પરિણામ એ તો મિથ્યાદૃષ્ટિને તો મહાવ્રત હોતા જ નથી. જે મહાવ્રતના પરિણામથી ધર્મ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે પણ એને શુભભાવ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો બંધનું કારણ છે, એનાથી મુક્તિનું કારણ પરંપરા માનવું એ મહામિથ્યાત્વનું શલ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં

કહે છે, રાગલવ પણ નિષેધ કરવા લાયક છે. આહા..હા..!

પછી ૧૭૦માં એમ લીધું છે કે '**અહીં, અર્હંતાદિની ભક્તિરૂપ પરસમયપ્રવૃત્તિ...**' છે. સ્વ-આત્માની પ્રવૃત્તિ નથી એ તો રાગની પ્રવૃત્તિ પરસમય અણાત્માની પ્રવૃત્તિ છે. આહા..હા..! હોય છે, પણ જ્યાં સુધી છે ત્યાં સુધી એ રાગ નુકસાનકારક છે. આહા..હા..! મૂળચંદભાઈ! મૂળચંદભાઈ સવારે પૂછતા હતા કે કુંભાર વિના ઘડો થાય? બાપુ! વીતરાગમાર્ગ તો એક એક આત્મા અને એક-એક પરમાણુ સમય-સમયમાં જે ઉત્પાદની પર્યાય થાય એ પોતાની જન્મક્ષણ છે, ઉત્પત્તિનો એ કાળ છે. પોતાથી ઉત્પન્ન થાય છે, પરથી બિલકુલ નહિ, કિંચિત્ નહિ. કથંચિત્ પરથી અને કથંચિત્ પોતાથી એમ છે નહિ. આહા..હા..! માર્ગ બાપુ! આહા..હા..! અહીં તો સાક્ષાત્ મોક્ષ હેતુ નથી. પછી ભાઈ કીધું ૭૦માં. '**છતાં પરંપરાએ મોક્ષહેતુપણાનો સદ્ભાવ દર્શાવ્યો છે.**' ત્યાં પરંપરા નાખી દીધી. કઈ અપેક્ષાએ પછી કહ્યું છે, એનો ખુલાસો કર્યો છે. '**પરંતુ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિરૂપ...**' એ શુભભાવમાં તો પુણ્ય બંધાશે, સ્વર્ગ મળે. ધૂળ. ક્લેશ... ક્લેશ... ક્લેશ... સ્વર્ગમાં. આ બધા પૈસાવાળાને ક્લેશ છે. પર તરફના રાગ અને ક્લેશ છે એકલું. આહા..હા..! દાહ-દાહ છે, દાહ છે. એઈ..! સુખી છેને? કોણ સુખી કહે છે તને?

**શ્રોતા :—** આખી દુનિયા કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દુનિયા આખી ગધેડા જેવી છે. આહા..હા..! ગધેડા ઘાસ ખાય છેને. મૂળ ઉખેડીને ખાય, પછી ઉગે નહિ અને ગાય ઘાસ ખાય છેને, ગોચર કહે છે. મુનિની ગોચરીને ગોચર કહે છે. ગો નામ ગાય. જેમ ઘાસ ઉપર હોય છે. પાછળ મૂળિયું છે તો પાછું વધશે; અને ગધેડો તો મૂળમાંથી ખેંચી જાય તો પાછું ઉગે નહિ. આહા..હા..! એમ જેને માટે ચોકા કરીને આહાર-પાણી લે એ તો ગધા-ગોચરી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** પંચમકાળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પંચમકાળ છે તે શું છે? શીરો બને છે પંચમકાળમાં તો લોટ, સાકર ને ઘી. પંચમઆરામાં ઘીને ઠેકાણે પેશાબ નાખે છે? સાકરને ઠેકાણે માટી નાખે છે? શીરો કહે છેને? હલવો-હલવો. એ તો ત્રણ વસ્તુથી જ બને છે. સમજાણું કાંઈ? લોટ, સાકર અને ઘી. ચોથો આરો હોય કે પાંચમો આરો હોય, ત્રણ ચીજ સિવાય હલવો નથી બનતો. એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—ત્રણ વિના મોક્ષનો માર્ગ કદી હોતો નથી. આહા..હા..! પંચમઆરો અત્યારે આરો ક્યાં છે. કાળ ક્યાં નડે છે એને. ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ. નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ પ્રભુ આત્મા. એની અંતરમાં સ્વભાવની નિર્વિકલ્પ વીતરાગદષ્ટિ કરવી એ જ સમ્યગ્દર્શન છે અને એ આત્મા શુદ્ધ ચૈતન્યઘનનું અંતર જ્ઞાનને સ્પર્શ કરીને જ્ઞાન કરવું એ આત્મજ્ઞાન છે અને સ્વરૂપ આનંદના નાથમાં રમણ કરવું, અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું, અતીન્દ્રિય આનંદનો કળ, કળ જે એક ઉપર બીજું કળ. આહા..હા..! જેમ શેરડીનો

રસ પીવે છે, ગટ... ગટ... ગટ... ગન્ના કહે છેને. શેરડી-શેરડી અમારે કહે છે.

એ દૃષ્ટાંત દીધું છે અમારે ભાઈએ, સોગાની. સોગાની છેને. દૃષ્ટાંત આપ્યો છે. બહુ આત્મજ્ઞાની. કલકત્તામાં. કલકત્તાને? પહેલા અજમેર રહેતા હતા. પછી કલકત્તા દુકાન મોટી. મોટા ગૃહસ્થ. અહીં આવ્યા. સમ્યગ્દર્શન પામ્યા છે. એક દિવસમાં, એક રાત્રીમાં. (સંવત) ૨૦૦૨ની સાલમાં આવ્યા અહીંયાં પહેલાંવહેલા. બહુ અભ્યાસ શાસ્ત્રનો, બાવાનો, જોગીનો, સાધુનો, જૈન દિગંબરનો બહુ પરિચય. નિવૃત્તિ ઘણી. પૈસા બહુ પૈસા. અહીં આવ્યા પછી એક શબ્દ કહ્યો, પ્રભુ! આ વિકલ્પ ઉઠે છે રાગ એનાથી ભગવાન તો ભિન્ન છે. એ રાગમાં આત્મા નહિ અને આત્મામાં રાગ નથી. એટલું કહ્યું ધૂન ચડી ગઈ. આપણે છેને એ સમિતિ. સમિતિ નહિ? રસોડામાં એના એક રૂમમાં સાંજથી સવાર સુધી (ભેદજ્ઞાન) કરતાં-કરતાં જ્યાં સવાર પડી પહેલાં સમ્યગ્દર્શન કરીને ઉઠી ગયા. એક રાત્રી. એક જ રાત. પ્યાલો ફાટી ગયો અંદર. ઓહો..! હું તો રાગના વિકલ્પથી ભિન્ન. શરીર-કર્મથી ભિન્ન એ તો સ્થુળ વાત છે. આહા..હા..! પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પંચપરમેષ્ઠીના વિકલ્પ જે છે એનાથી પણ મારી ચીજ તો ભિન્ન છે. એ તો ત્યાં સુધી કહેતા હતા, જરી ઝીણી વાત છે. દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ છેને? આપ્યું છે તમને? કૈલાસચંદજીને વાર છે હજી. બહેનને નથી આપ્યું. બહેનને આપ્યું છે? એમ? ક્યારે દીધું ખબર નથી. દ્રવ્યદૃષ્ટિપ્રકાશ છે. બહેન પાસે છે દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ? હશે ખબર નહિ મને. એમાં એમ લીધું છે કે શુભભાવ ભઠ્ઠી લાગે છે, ભાઈ! આહા..હા..! એ પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ આવે છે તો ભઠ્ઠી લાગે છે, કેમકે કષાય છે, અગ્નિ છે. આહા..હા..! ચીમનભાઈ! છેને? વાંચ્યું છે કે નહિ? આહા..હા..! એમાં શેઠિયા હતાને? દીપચંદજી શેઠિયા. સરદારનગર. પહેલાં બહુ વાંચ્યું. એ જોઈને એને થયું, આ શું કહે છે? એને એમ થઈ ગયું વળી બીજા જ્ઞાની ક્યાંથી આવ્યા? અરે ભાઈ! બાળક હોય તોપણ જ્ઞાન પામે. એમાં શું છે? આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શન પામે એમાં શું છે?

એમાં કહ્યું કે ભઠ્ઠી? ભઠ્ઠી લાગે છે એ કષાય તીવ્ર છે માટે ભઠ્ઠી લાગે છે. એમ કહે છે. શેઠ! ખોટી વાત છે. પોતાનો આનંદસ્વરૂપ પ્રભુ જ્યાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો, એની પાસે રાગ દુઃખરૂપ કષ્ટ દેખાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! સાકરના સ્વાદ આગળ અફીણનો સ્વાદ કડવો લાગે છે. કાળીજીરી હોય છેને? કાળીજીરી સમજો છો? કાળીજીરી ગાંધીની દુકાને મળે. કડવી હોય છે. કફને માટે ઉકાળીને પાય છે ચાને ઠેકાણે એ કડવી છે. એમ ભગવાન આત્મા અંતરમાં સમ્યગ્દર્શનમાં તો આનંદનો કંદ આનંદનો સ્વાદ આવે છે. એની સાથે જે રાગ આવે એ જેમ કડવાનો સ્વાદ એમ દુઃખનો સ્વાદ છે. આવી વાત છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ શુભરાગ છે, દુઃખ છે, આકુળતા છે. આહા..હા..! ષોડશકારણ ભાવના ભાયે તીર્થંકરપદ પાય.. આવતું નથી? પૂજામાં આવે છે. ખબર છેને એ તો બધી. એ તો રાગ આવે, પણ છે તો દુઃખરૂપ. જેને બંધન હોય એને ધર્મથી બંધન

થાય? એ તો અધર્મ છે, રાગ છે. સમાજણું કાંઈ?

**શ્રોતા :—** રાગ કહો તો ઠીક, અધર્મ કેમ કહો છો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો ધર્મ નહિ, એ તો અધર્મ. એ તો અમારે ૮૫ની સાલમાં. એમાં હતાને ૯૧ પહેલા બોટાદ સંપ્રદાયમાં મોટી સભા. અમારી પ્રતિષ્ઠા બહુ હતીને પહેલેથી. બહુ માણસો સભામાં. હજાર-બારસો અપાસરામાં અને બીજી ખાલી ગલીમાં સમાય નહિ એટલા માણસ. ૮૫ની વાત છે. ૧૫ અને ૩૨. ૫૦માં ૩ ઓછા. વ્યાખ્યાન ચાલતા ચાલતા એમ આવ્યું. મોટા લાખોપતિ બેઠા હતા. મોટા ગૃહસ્થ બધા ૫૦-૫૦ હજારની પેદાશવાળા. રાયચંદ ગાંધી મોઢા આગળ. એમ કહ્યું ધીમેથી, ભાઈ! કીધું. એ આ ગાંધીજી અમારે. એના કુટુંબી ગાંધી. લોઢાના વેપારી છે ત્યાં મુંબઈ. હસમુખ. એ ગાંધી કુટુંબના છે. એના કુળમાં .. રાયચંદ ગાંધી. એ કહ્યું, ભાઈ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ધર્મ નથી. ૮૫ના પોષ માસની વાત છે. મોટી સભા હતી, પણ પ્રતિષ્ઠા તો અમારી ઘણી હતીને તો સાંભળતા હતા. લોકોને સાંભળતા-સાંભળતા એવું થયું કે મહારાજની આસપાસ કેવળજ્ઞાન ફરે છે. એવી ધૂન ચડી જાયને કે લોકોને.. આ તો એ વખતે હોં. ૫૦માં ૩ વર્ષ ઓછા. મોટી સભા. બે વાત કરી હતી. ભાઈ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી, પુણ્ય છે અને સત્ય ભાષાએ કહીએ તો એ અધર્મ છે. આહા..હા..! ૪૭ વર્ષ પહેલા સ્થાનકવાસીમાં સભા ઢુંઢિયામાં બે વાત કરી હતી ધીમેથી; અને પંચમહાવ્રતના પરિણામ છે એ આસ્રવ છે, એ સંવર નથી, એ ધર્મ નથી.

**શ્રોતા :—** સંવરને આસ્રવ માન્યો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ આસ્રવને સંવર માને છે. પંચમહાવ્રતના પરિણામ આસ્રવ છે એને સંવર માને છે, એને ધર્મ થાય છે. માનનારો પણ પંચમહાવ્રત પાળનારા ધર્મી છે એમ માને છે, મૂઢ છે. સમજાણું કાંઈ? ૫૦માં ૩ ઓછા. એ વખતે સભામાં કહ્યું હતું. ખળભળાટ થોડો થઈ ગયો. સભા તો ખળભળાટ ન કરે, પણ અમારા ગુરુભાઈ હતા એક બેઠા હતા જોડે. એણે કહ્યું અરે..! વોસરે... વોસરે.. આ શ્રદ્ધા નહિ એમ કહ્યું. વોસરે-વોસરે ભાષા સ્થાનકવાસીની છે. વોસરે એટલે આ ન જોઈએ.. આ ન જોઈએ. મેં કીધું ભાઈ, સાંભળ તો ખરો. તમારું કીધું કોણ માને છે? તમે કીધું મને ખબર છે. વોસરે-વોસરે કહીને ઉઠી ગયા સભામાંથી. લોકોને કાંઈ નહોતું. તમારે બેસી રહેવું હતું. તમારું કોઈ માને છે? અમે મુહપત્તિમાં છીએને હજી તો. એય..! એ ઠેકાણા વિનાના કાંઈ ખબર ન મળે. આહા..હા..!

અહીં તો એ કહે છે કે પ્રભુ! પરની પર્યાયનો કર્તા તો તું છો નહિ. આહા..હા..! જે ભાવથી કર્મનું બંધન થાય એ ભાવ કર્મના બંધનનો કર્તા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ કહે છે. અહીં પણ એ આવ્યું જુઓ, **'દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે...'**

ભાઈ! પરંપરાની વ્યાખ્યા આ કરી. ઓલા કહે છેને હમણા જગનમોહનલાલજી. એ હવે બહાર કાઢી નાખ્યા. પરંપરા મોક્ષનું વ્યવહાર કારણ છે એમ કહો. કોને? તું માને છો કે આસ્રવથી મોક્ષ થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે, એને તો પરંપરા પણ નથી; અને સમ્યગ્દૃષ્ટિ છે એને પરંપરાનું કારણ શું? અહીંયાં જે રાગ થયો એનો સ્વર્ગમાં ક્લેશ ભોગવશે, ત્યાં સુખ નથી. વિષયનો ભોગ એ રાગ છે, ક્લેશ છે. આહા..હા..! એ કહ્યું જુઓ,

**'પરંતુ દેવલોકાદિ...'** એટલે દેવલોક અને ત્યાંથી નીકળીને મનુષ્ય થશે. પછી મોક્ષ જશે મનુષ્ય થઈને. જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી રાગનો ક્લેશ છે. આહા..હા..! **'દેવલોકાદિ...'** એટલે દેવલોક અને ત્યાંથી નીકળીને મનુષ્ય. એ પુણ્ય પરિણામથી ક્લેશ ભોગવશે. **'ક્લેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે.'** આહા..હા..! ક્લેશની પ્રાપ્તિ પછી એનો અભાવ કરીને મોક્ષ જશે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? શું આ બધું? તમને ક્લેશ છે એમ કહે છે. એય હસમુખભાઈ! આ બધા કરોડોપતિ છે. હવે આ એક કરોડપતિ નવા આવ્યા આજે અત્યારે. આ ભગવાનજીભાઈ એ મહાજન છે. કરોડપતિ છે ધૂળના. શું છે પણ? અરે નાથ! ત્રણલોકનો નાથ તારી પાસે લક્ષ્મી પડી છે.

**શ્રોતા :—** સાહેબ! એની હૂંફ કેવી આવે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂળમાંય હૂંફ નથી. માને અજ્ઞાની. આહા..હા..!

અહીં કહે છે કે શુભભાવ, સમ્યગ્દૃષ્ટિ જે શુભભાવથી ધર્મ માનતા નથી એવો શુભભાવ આવે છે, એને પણ શુભભાવ પરંપરા.. દેવલોકનો ક્લેશ અને શેઠાઈનો ક્લેશ ત્યાંથી મનુષ્ય થાયને દેવલોકમાંથી. એટલે શેઠાઈ. ગરીબ ઘરે ન અવતરે એ સમકિતી. રાજકુળમાં અવતરે, અબજોપતિમાં અવતરે, તો ત્યાં પણ ક્લેશ છે. પછી રાગનો અભાવ કરીને સ્થિરતા કરશે ચારિત્રની રમણતા ત્યારે એને મોક્ષ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ ગાથા બહુ સરસ. ૧૬૮, ૧૬૯, ૧૭૦. અહીંયાં કહે છે, ટીકા. ગાથા બોલી ગયાને? નથી બોલી.

> जोधेहिं कदे जुद्धे राएण कदं ति जंपदे लोगो।
> ववहारेण तह कदं णाणावरणादि जीवेण।।१०६।।
> **યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપકર્યું લોકો કહે,**
> **એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.**

**'ટીકા :—જેમ યુદ્ધપરિણામે પોતે પરિણમતા એવા યોદ્ધાઓ...'** યોદ્ધાઓ તો યુદ્ધના પરિણામે પરિણમે ને? **'યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં, યુદ્ધપરિણામે પોતે નહિ પરિણમતા એવા રાજા...'** રાજા કાંઈ યુદ્ધ પરિણામમાં જતા નથી અને એને યુદ્ધના પરિણામ હોતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'યુદ્ધપરિણામે પોતે પરિણમતા...'** જુઓ, પોતે પરિણમતા **'યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં, યુદ્ધપરિણામે પોતે**

**નહિ પરિણમતા એવા રાજા...**' રાજા કાંઈ યુદ્ધના પરિણામમાં પરિણમતા નથી. રાજા તો ઘેર બેઠા હોય. સમજ્યા? '**રાજાએ યુદ્ધ કર્યું એવો ઉપચાર છે,...**' ભાષા એમ કહે. રાજા લડે છે, રાજા યુદ્ધ કરે છે એમ બોલવામાં આવે છેને. યુદ્ધ રાજાના માણસો કરે છે. રાજા તો ઘરે બેઠો હોય. ઘરે બેઠા હોય. '**પરમાર્થ નથી;...**' રાજાએ યુદ્ધ કર્યું એમ કહેવામાં આવ્યું એ વ્યવહાર, ઉપચાર છે, પરમાર્થ નથી. પરમાર્થ તો યુદ્ધ કરનારો પરિણામ કરે છે. એ રાજા તો ઘરે બેઠો હોય.

'**તેમ...**' આ દૃષ્ટાંત. '**જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે પરિણમતા એવા પુદ્ગલદ્રવ્ય...**' આહા..હા..! આઠ કર્મની પર્યાય કર્મથી અંદર થાય છે. ઝીણી વાત, બાપુ! આહા..હા..! '**જ્ઞાનાવરણાદિ કર્મ કરવામાં આવતાં, જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે નહિ પરિણમતા એવા...**' અજ્ઞાની રાગરૂપે પરિણમે પણ કાંઈ જ્ઞાનાવરણીયપણે પરિણમતો નથી. આહા..હા..! '**આત્મા વિષે આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું એવો ઉપચાર છે,...**' વ્યવહાર છે. ખરેખર એવી ચીજ છે નહિ. આહા..હા..! જ્યારે આત્મા કર્મની પ્રકૃતિને બાંધી શકે નહિ, એ તો જડની પર્યાય છે, તો આત્મા બીજા શરીરનું, વાણીનું, દેશનું શું કરે? અમે બીજાનો ઉદ્ધાર કર્યો, ફલાણું કર્યું, ધૂળેય નથી. સાંભળ તો ખરો. એના વીતરાગપરિણામ વિના એને મોક્ષ ક્યાંથી થાય? તું શું ઉદ્ધાર કરી શકે?

**શ્રોતા :—** એ બરાબર છે. દેશની સેવા તો કરવી પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દેશની સેવા કોણ કરી શકે? તારો અસંખ્ય પ્રદેશી દેશ તો અહીં છે. એ દેશ તો પર છે. અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા એનો એ દેશ છે અને એમાં એનો કિંમતી માલ પડ્યો છે અંદર. અનંત જ્ઞાન-દર્શન-આનંદ એ પોતાના દેશમાં પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છેને એ 'હમ પરદેશી પંખી સાધુ આરે દેશ કે નાહિ રે, હમ પરદેશી પંખી સાધુ આરે દેશ કે નાહિ રે, અનુભવનો સ્વભાવ અનુભવ કરી જાશું સ્વદેશ રે.' પોતાના આનંદનો દેશ પોતામાં છે એ પરદેશ અમારો નથી. અમે તો પરદેશી આત્મા છીએ. કાઠિયાવાડ અને હિન્દુસ્તાન એ અમારું નહિ બાપા! એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? 'હમ પરદેશી પંખી સાધુ...' આહા..હા..! 'આરે દેશના નાહિ...' આ દેશ કાઠિયાવાડ ને હિન્દુસ્તાન, મરાઠી, ઢીકણા એ દેશના અમે નહિ. અમે તો અસંખ્ય પ્રદેશી આનંદઘન દેશના છીએ અને અનુભવ કરીને એકાદ ભવમાં અમે મુક્તિ પામીશું, અમારા સ્વદેશમાં જઈશું. સમજાણું કાંઈ? રાગમાં આવવું એ પરદેશ છે. આહા..હા..!

ભાવાર્થ. શું કહ્યું? યુદ્ધના પરિણામે પરિણમનારા યોદ્ધાઓ, યુદ્ધ કરે છે, તો રાજા યુદ્ધ કરે એમ કહેવું એ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ? રાજા કાંઈ યુદ્ધના પરિણામે પરિણમતો નથી. એમ કર્મપણે પરિણમે એ પુદ્ગલ છે, આત્મા એ કર્મપણે પરિણમતો નથી. આત્મા તો અજ્ઞાની રાગ-દ્વેષપણે પરિણમે છે. આત્માએ કર્મ કર્યું એમ ઉપચાર અને વ્યવહારથી કહેવામાં

આવે છે, પરમાર્થે એ છે નહિ. આહા..હા..! શું કહે છે? જે અજ્ઞાની રાગ-દ્વેષ કરે છે એ સમયે જે પ્રકૃતિ બંધાય છે એ આત્માથી નહિ, એ તો પુદ્ગલની પર્યાયથી સ્વકાળ બંધાવાનો કાળ છે. આહા..હા..! જ્યારે જે ભાવ કર્યો એ પ્રમાણે પ્રકૃતિ બંધાણી એને બાંધનારો આત્મા નથી, એ તો પરમાણુની પર્યાય છે; તો આ જગતમાં શરીરની ક્રિયા ને વાણી ને એ વેપાર અને ધંધા આત્મા કરી શકે.. કહો, ભગવાનજીભાઈ!

પ્લાસ્ટિકમાં આમ કરે. કરોડો રૂપિયા બે-ચાર લાખ મળે. ઓહો..હો..! ધૂળેય નથી, સાંભળને. પરની પરિણતિ કરે કોણ? અહીંયાં તો જે ભાવ કર્યો અજ્ઞાનપણે વિકારનો એને નિમિત્ત અને કર્મ પોતાથી બંધાય છે. પુદ્ગલની પર્યાય છે. તો એ પુદ્ગલની પર્યાય આત્માએ કરી એ તો નિમિત્તનો ઉપચાર છે, એ સાચી વાત છે નહિ. અજ્ઞાનીએ તો રાગ-દ્વેષ અને વિકાર કર્યો. બસ, એ વિકારથી કર્મમાં પડ્યો, કર્મને કારણે કર્મ બંધાણા એને નિમિત્ત કહેવામાં આવે છે, પણ નિમિત્તથી એણે કર્યું એમ કહેવું એ તો ઉપચાર-વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! છરીથી શાક કાપે છેને? તો કહે છે, છરીથી ટૂકડા થયા એ વાત સાચી નથી, એમ કહે છે. છરી કહે છેને? કેમકે છરીના પરમાણુની પર્યાય તો છરીમાં છે અને ટૂકડા થયા એ પરમાણુની પર્યાય બીજા પરમાણુમાં છે. આ પરમાણુએ એ પરમાણુના ટૂકડા કર્યા એવી વાત ત્રણકાળમાં છે નહિ. એય શેઠ! પંચમકાળમાં અજ્ઞાની કરી શકે અને ચોથે આરે જ્ઞાની ન કરે એમ કહે છે. માને અજ્ઞાની. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! લોટ હોય છેને લોટ. લોયા કહે છેને. મસળે છેને. એકદમ રોટલી ન બને. તો કહે છે કે એ મસળે છે આંગળીથી મસળે એ વાત સાચી નથી. એ પરમાણુની પર્યાય એમ મસળવાની ક્રિયા કરે છે. એય..!

**શ્રોતા :—** લોટ કોણ કેળવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** લોટ કેળવે લોટ—આટા, આત્મા કેળવી શકે નહિ, આંગળી કેળવી શકે નહિ. એ વાત તો અહીં સિદ્ધ કરવી છે. આહા..હા..! સત્યની વાત જ ગુમ થઈ ગઈ. બહારથી આ કરવું ને આ કરવું એમાં ધર્મ. જિંદગી ચાલી જાય. સત્ય મળે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દાંતથી રોટલીનો ટૂકડો થાય છે એ વાત પણ સાચી નથી, એમ કહે છે. રોટલીનો ટૂકડો જે થાય છે એ પોતાની પર્યાય પરિણમવાથી થાય છે. એ દાંતથી નહિ, દાંતનું પરિણમન ભિન્ન છે અને રોટલીના ટૂકડાનું પરિણમન ભિન્ન છે. આહા..હા..!

**શ્રોતા :—** પેટમાં દાંત નથી માટે દાંતેથી ચાવીને ખાવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કાંઈ ચાવીને નહિ. એ તો બધા અંગ્રેજી કહે છે અત્યારે. પેટમાં દાંત નથી માટે દાંતથી ચાવીને ખાય. કોણ ચાવે? દાંત જ તારા નથી અને દાંતની પર્યાય તારાથી થતી નથી. આહા..હા..! એ તો જડની માટી—ધૂળની છે. આહા..હા..! બહુ આકરું કામ, બાપા! દરબાર! આ હળથી ખેતર ખેડે છે.

**શ્રોતા :—** ... જોવામાં આવે પછી કહેવું જ પડેને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું કહે? અજ્ઞાની માને છે. અનાદિનો અજ્ઞાની. દૃષ્ટિ સંયોગથી જોવે છે. જ્ઞાની કહે છે કે એ ધૂળનું ખેતર આમ કરે એ એની પર્યાયના પરિણમનથી થાય છે, એ હળથી નહિ. આ વાત કોણ માને? ગળે ઉતરવી કઠણ જગતને વીતરાગની વાત બહુ બાપુ! સંયોગદૃષ્ટિ છે એને. આ હોઠ હાલે, જીભ હાલે એ પરમાણુની પર્યાય પરિણમે છે. આત્મા હોઠને હલાવી શકે નહિ. આત્મા જીભને હલાવી શકે નહિ. મોટી ગડબડ થઈ ગઈ છે. બે દ્રવ્યની એકતા છે જગતને. 'હું પરને કરું છું' તો પર અને સ્વ બે એક માન્યા છે. ભિન્ન માન્યા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અત્યંતાભાવ છે એકબીજામાં. એક પરમાણુ અને બીજા પરમાણુમાં અભાવ, એક આત્મામાં અને એક પરમાણુમાં અહીં અત્યંત અભાવ, આત્મામાં અને પરમાણુની પર્યાયમાં અત્યંતાભાવ અને એક પરમાણુ અને બીજી પરમાણુની પર્યાયમાં અન્યોન્યાભાવ. હવે અભાવ શું કરે? આહા..હા..! ગજબ વાત છે. અરે..! કદી સાંભળ્યું નથી તત્ત્વની ભિન્નતા. એ કરો, આમ કરો, આમ કરો. રાગનું કરવું મરવું છે. સમજાણું કાંઈ? ભગવાન તો જ્ઞાતા છે, એ તો જ્ઞાનસ્વભાવી આત્મા છે. એ રાગને શું કરે? અને રાગ પરની પર્યાય કેમ કરે? આહા..હા..! પરની પર્યાયનો કાળ એમાં છે તો એનાથી થાય છે. જ્ઞાનાવરણીય બાંધવાની પર્યાય કર્મમાં થાય છે એ પરમાણુ પરિણમે છે અને એ વખતે જ્ઞાનાવરણીયપણે થવું એ એનો જન્મકાળ છે. એ ઉત્પત્તિના કાળે પરમાણુમાં જ્ઞાનાવરણીય થયું. અહીં રાગ કર્યો તો આમ થયું એમ છે નહિ. ભારે વાતું, બાપુ! આહા..હા..!

'ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતળ ચિત્ત ભયો જિમ ચંદન.' રાગથી પણ હું ભિન્ન અને પરથી પણ ભિન્ન એવી દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિની હોય છે. 'શીતળ ચિત્ત ભયો જિમ ચંદન.' શાંત... શાંત.. હું કોઈનો કર્તા નથી. મને કોઈ મદદ કરી શકતું નથી. આહા..હા..! ગુરુથી અને કેવળીથી હું મારી ચીજને જાણી શકું એ મારી ચીજમાં નથી. આહા..હા..! હું તો મારા પોતાથી જાણી શકું છું. એમ શાંત... દિવાસળી ઘસે છે તો એને અડવાથી પ્રકાશ થયો એમ નથી. પોતાના પરિણમનથી પરમાણુ એ પ્રકાશરૂપ પરિણમ્યા છે. આ વાત આકરી, બાપા! વીતરાગમાર્ગ! અત્યારે એટલો ગોટો ઉઠ્યો છેને બધો. પરનું કરો... પરનું કરો... પરનું કરો... દેશનું કરો, કુટુંબનું કરો, નાતનું કરો. પહેલા કુટુંબનું કરો, પછી નાતનું કરો, પછી દેશનું કરો, પછી આખા લોકનું કરો. ધૂળનુંય કરી શકતો નથી. આહા..હા..! એ કહે છે.

'**ભાવાર્થ :—યોદ્ધાઓએ યુદ્ધ કર્યું હોવા છતાં 'રાજાએ યુદ્ધ કર્યું' એમ ઉપચારથી કહેવાય છે તેમ પુદ્‌ગલદ્રવ્યે જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું હોવા છતાં...**' આહા..હા..! આઠ કર્મ બંધાય છે એ પુદ્‌ગલકર્મથી બંધાય છે. આહા..હા..! આત્મા કર્મને બાંધતો નથી, આત્મા કર્મને છોડતો નથી. પરને શું બાંધે અને પરને શું છોડે? આહા..હા..! સમજાણું કાંઈ? એ

કર્મની પર્યાય પોતાથી થઈ છે અને છૂટવાની પર્યાય પણ એની પર્યાયને કારણે છૂટે છે, આત્મા એનો નાશ કરી શકે કર્મનો એમ છે નહિ. આહા..હા..! હવે અહીં નમો અરિહંતાણં કહેવું. અરિ નામ વિકારી, કર્મ અરિ છે એને હંતા નામ ભગવાને હણ્યા, એમ છે નહિ. વિકારીભાવ હતો એનો નાશ કર્યો અને સ્વભાવ પ્રગટ કર્યો. નાશ કર્યો એ પણ વ્યવહાર છે. પોતાના આનંદકંદમાં ગયો, શુદ્ધતા ઉત્પન્ન થઈ તો અશુદ્ધતા ઉત્પન્ન થઈ નહિ એને નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! કર્મનો નાશ તો નહિ. તત્ત્વની દૃષ્ટિ બહુ સૂક્ષ્મ, ભાઈ! બહુ ઝીણું. એ ૧૦૬ ગાથા થઈ.

'**હવે કહે છે કે ઉપરના હેતુથી આમ ઠર્યું :—**' ૧૦૭.

**उप्पादेदि करेदि य बंधदि परिणामएदि गिण्हदि य।**<br>
**आदा पोग्गलदव्वं ववहारणयस्स वत्तव्वं।।१०७।।**

**ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો, અને બાંધે, કરે**<br>
**પુદ્ગલદરવને આતમા—વ્યવહારનયવક્તવ્ય છે. ૧૦૭.**

જૂઠી દૃષ્ટિથી વ્યવહારનયે કહેવામાં આવે છે. આહા..હા..!

'**ટીકા :—આ આત્મા ખરેખર, વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે,...**' એટલે શું કહે છે? પરદ્રવ્ય વ્યાપ્ય અને આત્મા વ્યાપક અથવા પરદ્રવ્ય કાર્ય અને આત્મા કર્તા એવો અભાવ છે. ભાષા પણ આ તો શાસ્ત્રભાષા છેને. '**ખરેખર, વ્યાપ્ય...**' એટલે કાર્ય અને વ્યાપક એટલે દ્રવ્ય અથવા વ્યાપ્ય એટલે પર્યાય, વ્યાપક એટલે પદાર્થ. એ '**વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે,...**' આ શરીર ચાલે છે તો એ પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક એનો અભાવ છે. વ્યાપ્ય નામ પરિણામ અને વ્યાપક નામ પરિણામી દ્રવ્ય, એ પરની સાથે પરિણામ અને પરિણામીનો અભાવ છે. સમજાણું કાંઈ?

'**આત્મા ખરેખર,...**' વાસ્તવ નામ ખરેખર. વ્યાપ્ય નામ પર્યાય અને વ્યાપક નામ દ્રવ્ય એવા પરની સાથે '**વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે,...**' આહા..હા..! આત્મા વ્યાપક કર્તા થઈને કર્મની પર્યાય-કાર્ય થાય એનો તો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્ત્રીનો આત્મા એ રોટલીની પર્યાય થાય એનો આત્મા વ્યાપક કર્તા અને રોટલીની પર્યાય પરિણામ કાર્ય, એનો તો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોયુ કહે છે લોયુ. એટલું લે. કહે છે કે વેલણની પર્યાય વ્યાપક નામ કર્તા અને એ પર્યાય રોટલી આમ પહોળી થાય છે એ એનું વ્યાપ્ય, એ વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. સમજાણું કાંઈ? રોટલીની પર્યાય જે આમ પહોળી થાય છે એ વ્યાપ્ય છે. વ્યાપક એ પરમાણુ લોટના છે. આત્માને રાગ કર્તા-વ્યાપક અને રોટલીની પર્યાય એનું વ્યાપ્ય નામ કર્મ-પરિણામ એમ છે નહિ. આવી વાતું હવે. એય..! આહા..હા..!

આ લાકડી છે એના પરમાણુ છે એ કર્તા અને આ આમ થાય છે એ પર્યાય એનું

કાર્ય, પણ આંગળી કર્તા અને આ પર્યાય આનું કાર્ય એવું વ્યાપ્યવ્યાપક, પરિણામ-પરિણામીનો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? આ આંગળીથી ઊંચી થઈ એમ છે નહિ, એમ કહે છે. કેમકે આંગળીમાં અને એમાં પરિણામ અને પરિણામીનો અભાવ છે. એ પરિણામ અને પરિણામી આ આંગળી એવો અભાવ છે, પણ એ પરમાણુ છે એ પરિણામી અને આ પર્યાય આમ થાય એનું એ પરિણામ કાર્ય છે, આંગળીનું નહિ. આ તે ગાંડા જેવું. દેખાય એના વિના થાય નહિ? એક જણો કહેતો હતો, આ સોનગઢીયા કહે છે આ મોરપિંછી પડી એ એની મેળે ઊંચી થાય? એવું આવ્યું હતું. અરે પ્રભુ! સાંભળ તો ખરો, પ્રભુ! સાંભળ તો ખરો. એ આંગળી વ્યાપક નામ કર્તા અને એ ઊંચી થઈ એ એનું કર્મ—કાર્ય એ બેનો અભાવ છે. આંગળીની અને એની વચ્ચે અભાવ છે. આત્માનો તો અભાવ છે જ, આત્મા તો એનું કરી શકતો નથી, પણ આંગળી એનું કરી શકતી નથી. પ્રભુ! તને ખબર નથી. ભિન્ન-ભિન્ન પદાર્થ છે. ભિન્ન પદાર્થ કર્તા થઈને ભિન્ન પદાર્થના પરિણામ કરે, પર્યાય કરે એમ છે નહિ. આહા..હા..! ભારે આ નિશાળ કઈ જાતની આ? આ તો કોલેજ પણ વીતરાગની.

લોકોત્તર.. ભગવાનનો માર્ગ આ છે ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

પરમાર્થ નિશ્ચયથી તો આત્મા કર્તા અને વિકારી પરિણામ કર્મ એમ પરમાર્થથી છે નહિ. અજ્ઞાનથી આત્મા કર્તા અને વિકારી પરિણામ કર્મ એ અજ્ઞાનભાવથી છે. વ્યાપ્ય નામ પર્યાય અને વ્યાપક નામ કર્તા. એ આત્મા અને વિકાર વચ્ચે વ્યાપ્યવ્યાપક સમ્યગ્દર્શનની સ્થિતિમાં છે નહિ. આહા..હા..! સમ્યગ્દર્શનમાં જ્યાં 'જ્ઞાતા છું' એવું ભાન થયું, તો એ જ્ઞાતા આત્મા કર્તા અને દયા, દાન, મહાવ્રતના પરિણામ એનું કર્મ એમ પર્યાય વ્યાપ્ય, આત્મા કર્તા બે વચ્ચે વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. આ શું પણ આવું? સમજાણું કાંઈ? અહીંયાં તો પર સાથે વ્યાપ્યવ્યાપકનો અભાવ પહેલા બતાવે છે. અજ્ઞાનીના પરિણામ એણે રાગ કર્યો, પુણ્ય કર્યા, દયા, દાન, વ્રતના ભાવ કર્યા અજ્ઞાનીએ. એ સમયે કર્મની જે પર્યાય થઈ એ પરિણામ નામ વ્યાપ્ય અને આત્માએ વિકાર કર્યો એ વ્યાપક કર્તા, બે વચ્ચે અભાવ છે. એ પરમાણુ જે કર્મરૂપે થયા એ પર્યાય વ્યાપ્ય અને પરમાણુ વ્યાપક. એ પુદ્ગલ વ્યાપક થઈને કર્મની પર્યાય થઈ છે. આહા..હા..!

માટી વ્યાપક અને ઘટ વ્યાપ્ય. માટી વ્યાપક કર્તા અને ઘટ વ્યાપ્ય, પણ ઘટ કાર્ય અને કુંભાર કર્તા એમ બે વચ્ચે વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. આ ભાષા બધી વ્યાપ્યવ્યાપક કોઈ દિ' સાંભળી ન હોય. આ તો સિદ્ધાંતની ભાષા છે. સર્વજ્ઞ પરમેશ્વરના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિમાંથી બનેલું શાસ્ત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? હમણાં છાપામાં આવ્યું હતું. એક પરમાણુ ઉપર બીજા પરમાણુનો પ્રભાવ પડે છે. પણ પ્રભુ! પ્રભાવ પડે તો શું દ્રવ્ય એમાં ઘૂસી જાય છે? કે દ્રવ્યની પર્યાય એમાં જાય છે તો પ્રભાવ પડે છે? સમજાણું કાંઈ?

**શ્રોતા :—** આપનો પ્રભાવ ઘણો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, કહે છે લોકો મહારાજનો પ્રભાવ. બોલી શકે નહિ કેટલાક તો ..ને લઈને. ભિક્ષા માટે જતા હતાને. આ તો અત્યારે ૮૭ વર્ષ થયા. જ્યારે ૪૦ વર્ષની ઉંમર હતી ત્યારે ભિક્ષા લેવા જતા તો લાખોપતિ ગૃહસ્થ મોટા હતા રાયચંદ ગાંધી. એ બાઈ હતી. મોટા ગૃહસ્થ. ૫૦-૬૦ હજારની પેદાશ. ધ્રુજે. નાની ઉંમર, સુંદર શરીર અને અમારી ક્રિયા બહુ સખત હતી. બહુ સખત. અમારે માટે કર્યું હોય તે લઈએ નહિ, પણ એને માટે કર્યું હોય એમાં થોડું પણ જો એકેન્દ્રિય જીવ.. એ કાલે નહોતું કહ્યું કેરીના રસનું દૃષ્ટાંત? કેરીનો રસ બે મણ પડ્યો હોય. મહેમાન માટે કર્યો હોય, પણ અમે પૂછીએ કે એમાં ગોટલી... શું કહે છે? ગોટલી છે? મહારાજ! યાદ નથી. નહિ લઈએ અમે. ગોટલીમાં એકેન્દ્રિય જીવ છે. સખત અમારી ક્રિયા હતી. એ સમયે માની હતી સખત ક્રિયા. લોકો તો અમને આહાર દેતા ધ્રુજે. આહા..હા..! બોલશો નહિ, મહારાજ આવ્યા. કાંઈ હલચલ ન કરશો, વયા જશે. સહેજ પણ કાંઈક દોષ દેખાય તો ચાલ્યા જશે. એવી સખત ક્રિયા. માની હતી એ વખતે તો કરી હતી. પછી ખબર પડી કે આ તો રાગની ક્રિયા છે. સમજાણું કાંઈ? એમાં કોઈ ધર્મ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અમારે રાયચંદ ગાંધી હતા. દિવાળીબહેન હતાને રાયચંદભાઈની વહુ. એ તો બિચારા.. રાયચંદ ગાંધી તો શાંત દુકાનેથી આવે, ઊભા રહે, મહારાજ! આજે પધારોને. પછી સાથે આવે. અપાસરે ન આવી શકે. અપાસરે આવે તો અમે જઈએ નહિ. તેડવા જવાનું નહિ. બહાર અમે નીકળીએ તો ઊભા હોય. દુકાનેથી ઘરે જાય. મહારાજ! જઈએ. ત્યાં બાઈ, મહારાજ! પાત્ર મૂકોને નીચે. નહિતર અમારે ... નિર્દોષ આહાર-પાણી હોય અને એક લોટામાં કાચા પાણીનો એક બિંદુ હોય, બિંદું. લોટો સમજો છો? પડ્યું હોય અને સ્ત્રી દેવા માટે આવે તો એની સાડીનું કપડું અડે તો આહાર ન લઈએ. એ વખતે તો સખત ક્રિયા. કેમકે માન્યું હતુંને કે અમે સાધુ છીએ. પાણીનું એક બિંદુ. શું કહે છે? કડકાઈ એટલે બહુ કડકાઈ હતી અમારી તો.

**શ્રોતા :—** અત્યારે મિથ્યાત્વ ઉપર એવી જ રીતે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મિથ્યાત્વ ઉપર એટલી કડકાઈ છે હવે તો. કપડા લેવા જઈએ તો કપડા ૫૦ હજાર લાખના પડ્યા હોય. કપડા દેતા હતાને. .. લાગે. તલ છે તલ સમજો છો? એક તલનું હોય તો એકેન્દ્રિય જીવ છે એ અડે તો અમે લેતા નહિ. આ ગુવાર હોય છેને ગુવાર. લીલોતરી. શું કહે છે? ગુવારનું શાક નથી હોતું? ગુવારનું .. આમ કટકા કરીને શાક કરે છેને. કોઈ કટકી પડી હોય એટલી .. સ્ત્રી પાસેથી આહાર નહોતા લેતા અમે. એકેન્દ્રિય જીવ અસંખ્ય છે. એને તમે અડ્યા. હવે નહિ. સખત ક્રિયા હતી. લગભગ ૧૫ વર્ષ કરી. પછી ઢીલું પાડી દીધું.

**શ્રોતા :—** એવી ક્રિયા તો સારી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂળેય ક્રિયા સારી નહોતી. રાગની મંદતાનો ભાવ હતો અને તે કર્તાબુદ્ધિથી પાછી.

**શ્રોતા :—** આપનું જ્ઞાન તો જોર કરતું હતું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ જુદી વાત છે.

અહીંયાં તો કહે છે કે આહા..હા..! આહારનો રજકણ પણ આત્મા લઈ શકે અને આત્મા છોડી શકે એ ત્રણકાળમાં નથી. કેમકે આહારનો રજકણ છે એ પોતાની પર્યાયથી પરિણમે છે, પરમાણુ વ્યાપક છે અને એની પર્યાય વ્યાપ્ય છે, પણ આત્મા વ્યાપક કર્તા છે અને પરમાણુની પર્યાય વ્યાપ્ય છે એમ છે નહિ. આહા..હા..! ચીમનભાઈ! આવી વાતું છે, બાપુ! લ્યો, હવે તો દસલક્ષણી પૂરા થયા છે. આહા..હા..! એ કહે છે.

'**આત્મા ખરેખર, વ્યાપ્યવ્યાપકભાવના...**' વ્યાપ્ય નામ પર્યાય, વ્યાપ્ય નામ કર્મ-કાર્ય, વ્યાપક નામ કર્તા, વ્યાપક નામ દ્રવ્ય. પર્યાય અને દ્રવ્ય પરના ભાવનો અભાવ છે. પરની પર્યાય પોતાની વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ છે નહિ. સમજાણું કે નહિ? '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય-એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક (-પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ) કર્મને ગ્રહતો નથી,...**' આહા..હા..! ભગવાન આત્મા એ રજકણને ગ્રહતો નથી. આમ આવે છે કે નહિ? યોગથી પ્રકૃતિ, પ્રદેશ ગ્રહે અને કષાયથી સ્થિતિરસ પડે. દ્રવ્યસંગ્રહમાં આવે છે. એ અહીં ના પાડે છે. એ તો નિમિત્તનું કથન છે. આહા..હા..! પરના પરમાણુને આત્મા શું ગ્રહે? એ ગ્રહવાની પર્યાય છે એ તો પરમાણુથી થઈ છે. આત્મા ગ્રહે એવું તો એ પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક, આત્મા કર્તા અને એ પર્યાય વ્યાપ્ય એમ થયું, એમ છે નહિ. આહા..હા..! ઝીણી વાત, ભાઈ!

'**કર્મનો ગ્રહતો નથી,...**' જરી ઝીણું છે, ભાઈ! પ્રાપ્ય શું કહે છે? કે જે દ્રવ્યમાં જે સમયે પર્યાય થવાની છે એને પ્રાપ્ય કહે છે. એ પદાર્થ એને પ્રાપ્ત કરે છે, બીજા પદાર્થને પર્યાય પ્રાપ્ત કરે એમ છે નહિ. પ્રાપ્ય. પછી વિકાર્ય. બદલવું. પૂર્વ પર્યાયનું પલટવું. એ પણ પરમાણુ (પલટે છે). આત્મા જે પોતાની પર્યાય છે એ વિકાર છે, એ બીજાની પર્યાયને બીજો પલટાવી શકે એમ છે નહિ; અને નિર્વર્ત્ય—નીપજવું, ઊપજવું. નવી પર્યાયનું ઊપજવું. પહેલા ધ્રુવ છે એને પ્રાપ્ય કહે છે, પછી બદલીને થયું એને વિકાર્ય કહે છે અને થયું એને નિર્વર્ત્ય કહે છે. એકની એક પર્યાયના ત્રણ બોલ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! આ માર્ગ પ્રભુનો તો ભાઈ! આહા..હા..! માર્ગ તો આવો છે, ભાઈ!

કહે છે કે પરમાણુઓમાં, પુદ્‌ગલમાં જે સમયે જે પર્યાય થવાની છે એ થઈ એને પ્રાપ્ય કહ્યું અને પૂર્વથી બદલીને થઈ એને વિકાર્ય કહ્યું. છે તો પર્યાય એની એ. અને ઊપજી એ અપેક્ષાએ નિર્વર્ત્ય કહ્યું. તો દરેક પદાર્થમાં પ્રાપ્ય, વિકાર્ય પર્યાય પોતાથી થાય છે. આહા..હા..! બીજી પર્યાય, બીજા દ્રવ્યની પર્યાયને આત્મા પ્રાપ્ત કરીને ગ્રહણ કરે એમ છે નહિ. આહા..હા..!

પર જીવને બચાવે, પર જીવને બચાવે, જીવાડે, ભગવાન! એ પરદ્રવ્યની પર્યાય તારાથી કેમ થાય? આહા..! જીવવાની પર્યાય જે જીવે છે એ પર્યાય વ્યાપ્ય છે અને એનો જીવ છે એ વ્યાપક છે. એ વ્યાપ્ય તારું કાર્ય અને તું વ્યાપક છે એમ છે નહિ. ગજબ વાત છે, બાપુ! સમજાણું કાંઈ? લક્ષ્મી છે. શું કહેવાય તમારી? નોટ. નોટ-નોટ. પાંચ રૂપિયાની, પચ્ચીસની. એ નોટ આમ થઈ તો એ નોટના પરમાણુ વ્યાપક છે કર્તા અને આમ ગઈ એ એનું વ્યાપ્ય છે. આત્મા વ્યાપક થઈને એ પરમાણુ ત્યાં ક્ષેત્રાંતર કરી શકે એવું આત્મામાં છે નહિ. એય..! વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ